# કચ્છમાં શૈક્ષણિક પ્રવૃત્તિ વધારીએ

આરતી ગ્રૂપની પહેલથી નાના ભાડિયા ગામે આજથી પાંચ વર્ષ પહેલાં "તુલસી વિદ્યામંદિર"ના નામે માધ્યમિક શાળા શરૂ કરવામાં આવી. ધોરણ-૮ થી ૧૨ના અભ્યાસક્રમમાં ભાડિયા અને આજુબાજુના ગામોના ૪૨૫થી પણ વધુ વિદ્યાર્થીઓ નાતજાતના ભેદભાવ વગર એનો લાભ લઈ રહ્યા છે. નબળા વિદ્યાર્થીઓને ખાસ પ્રેફરન્સ આપી તેમને પણ પ્રવેશ આપવામાં આવે છે.

ગત વર્ષ દરમ્યાન ધોરણ-૧૦ તથા ધોરણ-૧૨ના પરિણામો નીચે મુજબ રહ્યા છે.

| | ધોરણ-૧૦ | ધોરણ-૧૨ |
|---|---|---|
| ■ ગુજરાત | ૬૦.૮૧ ટકા | ૮૫.૯૧ ટકા |
| ■ કચ્છ | ૬૬.૬૦ ટકા | ૮૫.૫૨ ટકા |
| ■ માંડવી | ૬૧.૬૪ ટકા | ૯૧.૩૯ ટકા |
| ■ નાના ભાડિયા | ૮૭.૧૭ ટકા | ૯૬.૮૭ ટકા |

તુલસી વિદ્યામંદિરનું પરિણામ ત્યાંના શિક્ષકોની ખંત અને મહેનતનું પરિણામ છે.

કચ્છમાં જ્યારે ઉદ્યોગોનો વિકાસ થતો રહેલ છે ત્યારે કચ્છના વિદ્યાર્થીનું ભાવિ કચ્છમાં જ ઉજ્જવળ બની રહેશે.

આજનો વિદ્યાર્થી આવતીકાલે કચ્છમાં જ આત્મનિર્ભર બની રહે એ માટે વધુમાં વધુ માધ્યમિક, ઉચ્ચ માધ્યમિક શાળાઓ, કોલેજો, ટેક્નિકલ અભ્યાસક્રમો કચ્છના ગામડે ગામડે શરૂ કરીએ.

**કચ્છને આત્મનિર્ભર બનાવીએ – નંદનવન બનાવીએ.**

**ચંદ્રકાંત ગોગરી (આરતી ગ્રૂપ)**
**રાજેન્દ્ર ગોગરી (આરતી ગ્રૂપ)**
**શ્રી ધનવલ્લભ ચેરિટેબલ ટ્રસ્ટ - મુંબઈ**

# કચ્છના મુખ્ય શહેરો વચ્ચે અંતર દર્શાવતો કોઠો

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ભુજ | ૦ | | | | | | | | | | | | |
| અંજાર | ૪૦ | ૦ | | | | | | | | | | | |
| ગાંધીધામ | ૬૦ | ૨૦ | ૦ | | | | | | | | | | |
| કંડલા પોર્ટ | ૭૫ | ૩૨ | ૧૨ | ૦ | | | | | | | | | |
| ભચાઉ | ૧૦૦ | ૫૮ | ૩૮ | ૫૦ | ૦ | | | | | | | | |
| રાપર | ૧૬૦ | ૧૨૦ | ૧૦૩ | ૧૧૫ | ૬૫ | ૦ | | | | | | | |
| ધોળાવીરા | ૨૫૦ | ૨૧૦ | ૧૯૦ | ૨૦૫ | ૧૫૫ | ૯૦ | ૦ | | | | | | |
| નખત્રાણા | ૫૦ | ૯૦ | ૧૧૦ | ૧૨૫ | ૧૫૦ | ૨૧૦ | ૩૦૦ | ૦ | | | | | |
| દયાપર | ૧૧૦ | ૧૫૦ | ૧૭૦ | ૧૮૫ | ૨૧૦ | ૨૭૦ | ૩૬૦ | ૬૦ | ૦ | | | | |
| લખપત | ૧૩૫ | ૧૭૫ | ૧૯૫ | ૨૧૦ | ૨૩૫ | ૨૯૫ | ૩૮૫ | ૮૫ | ૨૫ | ૦ | | | |
| નલિયા | ૧૦૦ | ૧૪૦ | ૧૬૦ | ૧૭૫ | ૨૦૦ | ૨૬૦ | ૩૫૦ | ૬૦ | ૭૦ | ૯૫ | ૦ | | |
| માંડવી | ૬૦ | ૧૭૦ | ૧૨૦ | ૧૩૦ | ૧૬૦ | ૨૨૦ | ૩૧૦ | ૭૦ | ૧૩૦ | ૧૫૫ | ૮૦ | ૦ | |
| મુન્દ્રા | ૬૦ | ૫૩ | ૬૮ | ૮૦ | ૧૦૫ | ૧૭૦ | ૨૬૦ | ૧૦૨ | ૧૬૦ | ૧૮૫ | ૧૩૨ | ૫૨ | ૦ |
| | ભુજ | અંજાર | ગાંધીધામ | કંડલા પોર્ટ | ભચાઉ | રાપર | ધોળાવીરા | નખત્રાણા | દયાપર | લખપત | નલિયા | માંડવી | મુન્દ્રા |

## ભુજથી અંતર

| | | |
|---|---|---|
| અમદાવાદ | ૪૧૦ | કિ.મી. |
| અજમેર | ૮૧૬ | કિ.મી. |
| અંબાજી | ૪૨૪ | કિ.મી. |
| બાડમેર | ૬૨૭ | કિ.મી. |
| ભાવનગર | ૩૯૨ | કિ.મી. |
| મુંબઈ | ૮૬૫ | કિ.મી. |
| ચાણસ્મા | ૩૧૧ | કિ.મી. |
| ચોટીલા | ૨૨૭ | કિ.મી. |
| ધ્રાંગધ્રા | ૧૮૯ | કિ.મી. |
| દિવ | ૪૬૫ | કિ.મી. |
| દ્વારકા | ૩૮૩ | કિ.મી. |
| ગઢડા | ૩૩૬ | કિ.મી. |
| ગાંધીનગર | ૪૨૧ | કિ.મી. |
| ગોંડલ | ૨૫૮ | કિ.મી. |
| હળવદ | ૧૬૨ | કિ.મી. |
| જેસલમેર | ૮૧૩ | કિ.મી. |
| જામનગર | ૨૫૨ | કિ.મી. |
| જોધપુર | ૮૦૯ | કિ.મી. |
| જૂનાગઢ | ૩૨૨ | કિ.મી. |
| લીંબડી | ૨૫૧ | કિ.મી. |
| મહેસાણા | ૩૪૪ | કિ.મી. |
| મોઢેરા | ૩૩૦ | કિ.મી. |
| મોરબી | ૧૫૨ | કિ.મી. |
| પાલનપુર | ૩૬૪ | કિ.મી. |
| પાલિતાણા | ૩૪૬ | કિ.મી. |
| પાનધ્રો | ૧૩૬ | કિ.મી. |
| પાવાગઢ | ૫૧૫ | કિ.મી. |

*ભવિષ્યની આપત્તિથી બચવા માટે ધનની બચત કરવી જોઈએ*

# રેલવે સમય પત્રક – ભુજ

| ટ્રેન નં. | ક્યાંથી ક્યાં સુધી | આવવાનો સમય | ઉપડવાનો સમય |
|---|---|---|---|
| ૯૦૩૨ | ભુજથી મુંબઇ, કચ્છ એક્સ. | – | ૧૮.૩૦ |
| ૯૦૩૧ | મુંબઈથી ભુજ, કચ્છ એક્સ. | ૧૦.૦૫ | – |
| ૯૧૧૬ | ભુજથી બાન્દ્રા, સયાજી એક્સ. | – | ૨૦.૩૦ |
| ૯૧૧૫ | બાન્દ્રાથી ભુજ, સયાજી એક્સ. | ૦૮.૧૫ | – |
| ૪૩૧૨ | ભુજથી બરેલી, આલાહઝરત (મંગળ, ગુરુ, શુક્ર, શનિ) | – | ૧૧.૦૫ |
| ૪૩૧૧ | બરેલીથી ભુજ (સોમ, બુધ, ગુરુ, શનિ) | ૧૪.૪૫ | – |
| ૧૦૯૧ | ભુજથી પુના (ગુરુ) | – | ૦૭.૧૦ |
| ૧૦૯૨ | પુના થી ભુજ (બુધ) | ૧૭.૫૦ | – |
| ૬૩૩૫ | ગાંધીધામથી નાગરકોઈલ (રવિ) | – | ૦૫.૨૦ |
| ૬૩૩૬ | નાગરકોઈલ થી ગાંધીધામ (શનિ) | ૧૪.૪૫ | – |
| ૬૫૦૫ | ગાંધીધામથી બેંગ્લોર (મંગળ) | – | ૦૮.૨૦ |
| ૬૫૦૪ | બેંગ્લોરથી ગાંધીધામ (સોમ) | ૧૪.૪૫ | – |
| ૪૫૮ | ગાંધીધામથી પાલનપુર | – | ૨૩.૦૦ |
| ૪૫૭ | પાલનપુરથી ગાંધીધામ | ૧૬.૦૦ | – |

# ભુજથી ગુજરાતના મુખ્ય શહેરોએ જતી એસ.ટી. બસોનું સમયપત્રક

| શહેર | ભુજથી ઉપડવાનો સમય | શહેરમાં જોવાલાયક સ્થળો |
|---|---|---|
| અમદાવાદ | ૫.૦૦, ૫.૩૦, ૭.૩૦ | જૂનું શહેર, કેલિકો મ્યુઝિયમ, શાહીબાગ |
| ભાવનગર | ૮.૧૫ અને ૨૦.૦૦ | ગાંધીસ્મૃતિ મ્યુઝિયમ, મરીન રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ |
| પાલિતાણા | ૧૯.૦૦ | જૈન મંદિરો |
| જામનગર | ૫.૦૦, ૮.૪૦, ૨૧.૧૫ | લખોટા પેલેસ મ્યુઝિયમ આયુર્વેદિક |
| પોરબંદર | ૬.૪૫ અને ૨૧.૧૫ | ગાંધી હાઉસ, સુદામાપુરી |
| રાજકોટ | ૫.૦૦ અને ૧૩.૦૦ | ગાંધી મ્યુઝિયમ |
| જૂનાગઢ | ૫.૦૦ અને ૨૦.૩૦ | જૂનો કિલ્લો, ગિરનાર, અશોકના શિલાલેખો પ્રાણી સંગ્રહાલય |
| ધ્રાંગધ્રા | ૫.૩૦ અને ૬.૩૦ | નાના રણમાં જંગલી ગધેડા |
| સોમનાથ | ૧૬.૩૫ | શિવમંદિર |
| વડોદરા | ૫.૩૦, ૧૬.૩૦, ૧૭.૪૫ | પિક્ચર ગેલેરી, મ્યુઝિયમ, ફતેહસિંહજી મ્યુઝિયમ પ્રાણી સંગ્રહાલય |
| રાધનપુર | ૫.૦૦, ૬.૩૦, ૧૮.૩૦ | જંક્શન |
| પાલનપુર | ૮.૫૦, ૧૧.૩૦, ૧૯.૩૦ | જંક્શન |

*જ્યાં આદર-સન્માન ના હોય, જ્યાં આજીવિકાનું સાધન ના મળે, ત્યાં રહેવું નહિં*

## કચ્છમાં પ્રવાસ અને ટ્રેકિંગના સ્થળો

સ્કૂલ પ્રવાસ અને ટ્રેકિંગ માટે કચ્છમાં ઘણી જગ્યાઓ આવેલ છે. જે જગ્યાએ પ્રકૃતિનો આનંદ સાથે નૈસર્ગિકતામાં વિદ્યાર્થીઓને પર્યાવરણ વિશેની સમજણ પણ આપી શકાય છે.

### સ્કૂલ પ્રવાસ માટેની જગ્યાઓ

- ★ ધીણોધર થાન
- ★ પાલરધુનો-પુંઅરેશ્વર
- ★ ગંગેશ્વર-માધાપર
- ★ સુતેશ્વર-લેર
- ★ કોડકી ગંગા-કોડકી
- ★ પાલારા-ભુજ
- ★ આશારમાતા-માંડવી
- ★ ધોળાવીરા-તા. રાપર
- ★ રોહા કિલ્લો-તા. નખત્રાણા
- ★ કાળો ડુંગર-ફ્રોબાણા
- ★ ટપકેશ્વરી-ભુજ
- ★ જંધરિયો ડુંગર-લાખોંદ
- ★ વિચેશ્વર મહાદેવ-માનકૂવા
- ★ જોગણીનાર-સંધડ
- ★ વિજયવિલાસ પેલેસ-માંડવી
- ★ કંથકોટ-તા. ભચાઉ
- ★ ભદ્રેશ્વર-તા. મુન્દ્રા
- ★ લેર-તા. ભુજ

*જેમ એક સુગંધિત વૃક્ષ આખા બગીચામાં ફોરમ ફેલાવે છે, તેમ એક સુપુત્ર આખા કુટુંબની શોભા વધારે છે.*

## કચ્છમાં ટ્રેકિંગ માટે

- ★ કચ્છનું મોટું રણ
- ★ લખપતથી ઘોરડો
- ★ ખાવડાથી હાજીપીર
- ★ ધોળાવીરાથી ભાંજડો
- ★ છીપ્પરિયો ડુંગર ખડીર
- ★ ભારાપરથી ટપકેશ્વરી ડુંગર
- ★ ગંગેશ્વરથી ટપકેશ્વરી

## કચ્છમાં કોસ્ટલ ટ્રેકિંગ માટે

- ★ માંડવીથી રાવળપીર
- ★ માંડવીથી આશારમાતા
- ★ માંડવીથી પીંગલેશ્વર

## રોક ક્લાઇમ્બિંગ માટે

- ★ પાલર ધુનો-પુંઅરેશ્વર

## આગામી કાર્યક્રમો

| | તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| ● | રવિવાર, તા. ૧૮-૭-૨૦૧૦ સવારના ૭.૪૫ વાગે | સ્વામિનારાયણ મંદિર, કાલુપુર | "સંકલ્પ" આયોજિત હેરિટેજ વૉક. |
| ● | રવિવાર, તા. ૨૫-૭-૨૦૧૦ બપોરના ૩.૦૦ વાગે | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી | 'સંકલ્પ' આયોજિત ફેન્સી ડ્રેસ કોમ્પિટિશન તથા મેજિક શો. |
| ● | રવિવાર, તા. ૧-૮-૨૦૧૦ બપોરના ૩.૦૦ થી ૬.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી | યુવા વિકાસ સમિતિ આયોજિત (૧) સુજાકો સંગીત હરીફાઈ (નૃત્ય), (૨) ગૂર્જર પરિવાર સંગીત હરીફાઈ (વાદ્ય) (૩) શ્રીમતી તરુબહેન નરેન્દ્ર છગનલાલ શાહ સંગીત હરીફાઈ (કંઠ્ય) |
| ● | રવિવાર, તા. ૧૫-૮-૨૦૧૦ સવારના ૯.૦૦ વાગે | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી | ધ્વજવંદન કાર્યક્રમ. |
| ● | રવિવાર, તા. ૧૫-૮-૨૦૧૦ સવારના ૯.૩૦ વાગે | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી | પુરસ્કાર સમિતિ આયોજિત સરસ્વતી સન્માન કાર્યક્રમ, (ધોરણ-૮થી ધોરણ-૧૨ અને કૉલેજ કક્ષાના વિદ્યાર્થીઓનું સરસ્વતી સન્માન) |
| ● | રવિવાર, તા. ૨૨-૮-૨૦૧૦ સવારના ૯.૩૦ વાગ્યાથી | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વાર્ષિક સામાન્ય સભા. |
| ● | રવિવાર, તા. ૨૬-૯-૨૦૧૦ સવારના ૯.૩૦ વાગે | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી | વિવિધ યોજનાઓના પુરસ્કારોનો ઈનામ વિતરણ સમારંભ તથા સ્વામિવાત્સલ્ય જમણવાર. |

*કામ સોંપો ત્યારે નોકરની, દુઃખમાં ભાઈ તથા મિત્રની અને ધન નાશ પામે ત્યારે પત્નીની સાચી ઓળખ થાય છે.*

છેલ્લા ૩૪ વર્ષથી દર મહિનાની
૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું
"શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર
**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**
**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchi_jainamd@hotmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રીમંડળ**
અશોક મહેતા (૯૮૨૫૩ ૨૨૬૮૯) – મુખ્યતંત્રી
મનુભાઈ શાહ (૯૮૨૫૦ ૩૧૫૨૮)
સૂરજલાલ મહેતા (૦૭૯-૨૬૬૧૨૦૮૯)

**વિવિધ વિભાગો**

**વલોવતન**
પોપટલાલ નેણશી ધરોડ (૦૭૯-૨૭૪૮૫૮૧૨)

**બાલુડેં જ્યું ગાલિયું**
ગુલાબચંદ ધારશી રાંભિયા (૦૭૯-૨૫૪૬૮૧૬૦)

**શબ્દ રમત**
સૂરજલાલ મોતીલાલ મહેતા (૦૭૯-૨૬૬૧૨૦૮૯)

**મંગલમંદિર – પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ**
ચંદ્રા મહેન્દ્ર શાહ

**ભારતમાં લવાજમ**

| | | |
|---|---|---|
| ૧ વર્ષના | : | રૂા. ૧૫૦/- |
| ૩ વર્ષના | : | રૂા. ૪૦૦/- |
| ૫ વર્ષના | : | રૂા. ૬૦૦/- |
| આજીવન (૧૫ વર્ષના) | : | રૂા. ૧,૫૦૦/- |

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના નામનો
ચેક (**Payable at AHMEDABAD**) /
ડ્રાફ્ટ મોકલવા વિનંતી.

**મુંબઈમાં લવાજમ/જાહેરાત સ્વીકારવાના સ્થળો**

૧. **રમણભાઈ એન. શેઠિયા**
વીરા શોપિંગ સેન્ટર, ત્રીજે માળે,
સ્ટેશનની સામે, ડોંબીવલી (ઈસ્ટ),
મહારાષ્ટ્ર-૪૨૧ ૨૦૧.
ફોન : ૦૨૫૧-૨૮૬૧૧૬૧

૨. **શેઠિયા ટુર્સ**
૨૫-ડી, ગ્રાઉન્ડ ફ્લોર,
કેશવજી નાયક રોડ, ફુવારાની સામે,
ભાતબજાર, મુંબઈ-૪૦૦ ૦૦૯.
ફોન : ૦૨૨-૨૩૭૭૩૬૬૩

૩. **રશ્મિન્ ખોના**
સી-૧૩, ઈન્દ્રદીપ સોસાયટી,
એલ.બી.એસ. રોડ,
ઘાટકોપર (વેસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૮૬.
ફોન : ૦૨૨-૨૫૧૧૭૯૩૦

# અનુક્રમણિકા

*લેખ* — *લેખક* — *પાના નં.*


- તંત્રી લેખ : અષાઢી બીજ – કચ્છી નૂતન વર્ષે સંકલ્પબદ્ધ થઈએ ...................... અશોક મહેતા ...... ૧૧

*લેખ વિભાગ :*

## કચ્છ

- કચ્છની ઉત્સવપ્રિયતાનું પર્વ – અષાઢી બીજ - કચ્છી નૂતન વર્ષ..... પ્રા.ડૉ. રામજીભાઈ સાવલિયા ...... ૧૭
- કચ્છમાં લોકજીવનમાં અષાઢી બીજ ........................ ઉમિયાશંકર અજાણી ...... ૧૯
- કચ્છડો કામણગારો ........................ બાબુલાલ ગોર - ભુજ ...... ૨૩
- અષાઢી બીજે અભિલાષા ........................ શશીકાંત ઠક્કર ...... ૨૫
- કચ્છના લોકો અને તેમની રહેણીકરણી ........................ પ્રમોદ જેઠી ...... ૨૭
- કચ્છની હસ્તકલા........................ ક્યુરેટર, કચ્છ મ્યુઝિયમ ...... ૨૯
- કચ્છના વન્ય પ્રાણી........................ પ્રમોદ જેઠી ...... ૩૦
- કચ્છમાં જૈન સંસ્કૃતિ એક દૃષ્ટિપાત (પ્રકરણ-૧૦)
  જૈન સાહિત્યના કેળવણીકાર અને પ્રચારકો ........................ ડૉ. નીતા ઠાકર ...... ૩૧
- ઝારાનો ભીષણ સંગ્રામ : ઝેરનો કટોરો (પ્રકરણ-૧૩) ..................... ઠાકરશી પુરુષોત્તમ કંસારા ...... ૩૩

## માહિતી

- ઈ-લર્નિંગ : નવનીત ગ્રૂપનું નવું સાહસ ........................ અશોક મહેતા ...... ૩૯
- મોટેરાંઓએ પણ માણવા અને જાણવા જેવી બે બાળ ફિલ્મો........................હંસરાજ કંસારા ...... ૪૩
- ૯૫૫૦ વર્ષનું લીલુંછમ વૃક્ષ............................ અનિલ સરસ્વતી, ભાવાનુવાદ : લાલ રાંભિયા ...... ૪૬
- શું આપ માની શકશો? કચ્છમાં એક રોજગારી ૧.૨૦ કરોડ રૂપિયામાં......... અશ્વિન ઝિંઝુવાડિયા ...... ૪૭
- કુદરતનો અણમોલ ઉપહાર - કચ્છનો અખાત ........................ અશ્વિન ઝિંઝુવાડિયા ...... ૪૯
- કચ્છના ભગ્ન મંદિરોમાં સચવાયેલો શિલ્પ સ્થાપત્યનો વારસો........................ નરેશ અંતાણી ...... ૫૩
- કચ્છનાં મુખ્ય ૬ શહેરો અને તેનો ઈતિહાસ........................ પ્રમોદ જેઠી ...... ૫૭
- કચ્છના જૈન યાત્રાધામો........................ ક્યુરેટર, કચ્છ મ્યુઝિયમ ...... ૫૯
- કચ્છના હિન્દુ યાત્રાધામો ........................ પ્રમોદ જેઠી ...... ૬૧
- કચ્છના અન્ય જોવાલાયક સ્થળો ........................ ક્યુરેટર, કચ્છ મ્યુઝિયમ ...... ૬૩
- કચ્છના અણજાણ્યા પ્રવાસધામો ........................ નરેશ અંતાણી ...... ૭૧
- ભારતના ગુજરાતી સમાજ (લેખાંક-૨) ........................ નરેશ પ્રદ્યુમનરાય અંતાણી ...... ૭૫
- ગાંધીનગર – ત્યારે અને અત્યારે ........................ પ્રા. પૃથ્વી શાહ ...... ૭૭
- જૂલાઈ માસ દરમ્યાન દેશ-વિદેશની વિશિષ્ટ વ્યક્તિઓની જન્મતારીખ .. ગુલાબચંદ ધારશી રાંભિયા ...... ૭૮

## ઇતિહાસ

- કચ્છનો પંદરમી સદી સુધીનો ટૂંક ઈતિહાસ ........................ પ્રમોદ જેઠી ...... ૭૯
- સમગ્ર વંશની માતા ........................ હરેશ ધોળકિયા ...... ૮૫

## વ્યક્તિ વિશેષ

- કચ્છના નવનિર્માણના નોંધપાત્ર નેત્રી : સુષમા આયંગર........................ રક્ષા મ. વ્યાસ ...... ૯૨

## જીવન ચરિત્ર

- કચ્છના એક અમર સંતવર્ય મેકણ દાદા ........................ પ્રા. સૂર્યકાંત ભટ્ટ - ભુજ ...... ૯૪
- જન્મ શતાબ્દી અવસર : આવકવેરા કમિશનર – કે.ડી. ધોળકિયા ........... ભરત'કુમાર' પ્રા. ઠાકર ...... ૯૫
- ભાવાંજલિ : જિતેન્દ્રભાઈ અંતાણી (જીતુભાઈ) સંદર્ભ સાહિત્યનો ભંડાર હતા........................ ૯૬

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા
ઘર : ૩૦૧૫ ૦૦૨૨, મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી કાંતિલાલ વેલજી સાવલા
ઘર : ૨૬૫૬૩૩૩૩/૨૬૪૪૯૯૪૪
મો. ૯૮૨૫૦ ૩૬૬૫૧

**ઉપપ્રમુખ-૨**
શ્રી નવીનચંદ્ર વેરશી હરિયા
ઘર : ૨૬૭૫ ૧૪૧૫, ઓ. ૨૭૫૭ ૩૩૬૬
મો. ૯૮૨૫૦ ૦૭૨૫૪

**માનદ્ મંત્રી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૨૬૪૦૫૦૪૭, ઓ. : ૨૬૪૦૧૭૩૫/૪૨
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
(ઘર) ૨૬૬૦૩૪૫૮, (ઓ) ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ (ઘર) ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે, સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## સાહિત્ય આચમન


- અષાઢસ્ય પ્રથમ દિવસે ........ ડૉ. ગિરીશ વીછીવોરા ...... ૯૭


## વિચાર વિમર્શ


- ભારતમાં લગ્નપ્રથા : પ્રાચીનથી અર્વાચીન સમય સુધી ........ મગનલાલ મોતીચંદ સંઘવી ...... ૯૯
- મીઠાશના બે બોલ ........ ગુલાબચંદ ધારશી રાંભિયા ... ૧૦૨
- આ પણ આપણો વારસો ........ કીર્તિચંદ્ર શાહ ... ૧૦૩


## તંદુરસ્તી


- સ્મૃતિ ભ્રંશ (DEMENTIA) ........ ડૉ. (પ્રો.) મણિલાલ ગડા, ડૉ. દીપ્તિ એસ. શાહ (ગડા) ... ૧૦૪


## હાસ્ય


- હળવાશની ક્ષણોમાં — 'શાલ' મુબારક – અષાઢી બીજે! ........ ચિત્રસેન શાહ ... ૧૦૭
- બાલુડેં જ્યું ગાલિયું ........ ગુલાબચંદ ધારશી રાંભિયા ... ૧૧૦


## નિયમિત વિભાગો


- આંજો કાગર ........ ૧૧૧
- અન્ય સંસ્થાઓના સમાચાર ........ ૧૧૮
- મંગલ મંદિર – પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ ........ સંકલન : ચંદ્રા મહેન્દ્ર શાહ ... ૧૨૦
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની લાઈબ્રેરીને ભેટ મળેલ પુસ્તકો - સાભાર સ્વીકાર ...... ૧૨૪
- 'મંગલ મંદિર' – પ્રાપ્ત થયેલાં લવાજમ ........ ૧૨૮
- જાણવા જેવું ........ સંકલન : સૂરજલાલ મહેતા ... ૧૨૯
- શબ્દ રમત-૫૦ ........ સંકલન : સૂરજલાલ મહેતા ... ૧૩૩
- સુડોકુ – ૧૦૦૭ ........ હરખચંદ સાવલા ... ૧૩૫
- વલોવતન ........ સંકલન : પોપટલાલ નેણશી ધરોડ ... ૧૩૭
- પુસ્તક સમીક્ષા : "તનકતારા" ........ રજનીકાંત પારેખ ... ૧૩૯
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની
  વાર્ષિક સામાન્ય સભાનો પરિપત્ર તથા ચૂંટણી અંગે ચૂંટણી પંચની જાહેરાત ........ ૧૪૩
- સમાજ દર્પણ ........ ૧૪૭
- પડકારોને પડકારે તે યુવાન ........ સલોની નવીનભાઈ લાલકા ... ૧૪૮
- સંસ્થા સમાચાર ........ ૧૪૯
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માસિક સમાચાર ........ ૧૬૪
- ઉડતી નજરે ........ ૧૬૬


Printed & Published by : **Mr. Ashok Mehta,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Ashish Offset**, 1 Ajay Industrial Estate, Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Ashok Mehta ● Yearly Subscription : Rs.150/-**

# તંત્રી લેખ

## અષાઢી બીજ – કચ્છી નૂતન વર્ષે સંકલ્પબદ્ધ થઈએ

*– અશોક મહેતા*

વિક્રમ સંવત ૨૦૬૬ - અષાઢ સુદ બીજ એટલે કે મંગળવાર તા. ૧૩ જુલાઇ, ૨૦૧૦ના કચ્છી નૂતન વર્ષના સહુને ખૂબ ખૂબ અભિનંદન. ખૂબ ખૂબ મુબારકબાદી.

કચ્છી નૂતન વર્ષે દરેક કચ્છીનું, દરેક ભારતીયનું સ્વાસ્થ્ય સારું રહે, દરેકની પ્રગતિ જળવાઇ રહે અને દરેક વ્યક્તિ નીતિમત્તાના ધોરણે ઉર્ધ્વગતિ પામે તેવી શુભેચ્છા.

નવા વર્ષે મીઠાઇ ખાઇ-ખવડાવી મોઢું ગળ્યું કરવાનું હોય, નવાં કપડાં પહેરી એકબીજાને મળી મુબારકબાદી પાઠવવાની હોય, પ્રભુ પ્રાર્થના કરી આવતું વર્ષ શુભ નીવડે તેવી અપેક્ષા સેવવાની હોય, પરંતુ આજે નવા વર્ષની ખુશી સાથે થોડું ગહન વિચારવાની મહેસૂસતા જણાય છે. નીતિમત્તા એ અતિ ઊભરી આવેલ પ્રશ્ન હોવાથી, નવા વર્ષે તેની વિચારણા કરી, સંકલ્પબદ્ધ થવાની ખાસ જરૂરત બની રહે છે.

ગહન વિચારવાની જરૂરિયાત એટલા માટે ઊભી થયેલ છે કે મોટા ભાગનો ભારતીય સમાજ નીતિમત્તામાં છેક તળિયે આવી ગયેલ દેખાય છે. મોટા ભાગનો સમાજ-શિક્ષિત કે અશિક્ષિત-સંપૂર્ણપણે સ્ખલિત થઇ ચૂકેલ છે. નીતિમત્તાનું ધોરણ જ નથી રહ્યું. નીતિમત્તાની વાત કરનાર જૂનવાણી ગણાય છે. લાંચ-રુશવત અને ભ્રષ્ટાચાર એ વ્યવહાર બની ચૂકેલ છે. ૪ ટકા વર્ગના હાથમાં દેશની ૯૨ ટકા સંપત્તિ આવી ચૂકેલ છે. દેશનો ૯૬ ટકામાંનો કેટલોક વર્ગ પોતાના બે પાસા પૂરા કરવામાં તનતોડ મહેનત કરે છે અથવા તો એ વર્ગના મોટાભાગના લોકો બે પાસા પૂરા પણ કરી શકતા નથી. કદાચ આપણે જાણે કે અજાણે નક્સેલાઇટ પ્રવૃત્તિ (તેઓની ભાષામાં ક્રાંતિ) તરફ ઢસડાઇ રહ્યા છીયે. નક્સેલાઇટ પ્રવૃત્તિઓનો વ્યાપ વધતો જવાના અનેક કારણો છે કે જેની આપણે સામાજિક રીતે વિચારણા કરવી જોઇએ.

### • સ્વિસ બેંકિંગ એસોસિએશન રિપોર્ટ :

વર્ષ ૨૦૦૬ના સ્વિસ બેન્કિંગ એસોસિએશનના રિપોર્ટ મુજબ ભારતીય નાગરિકો દ્વારા સ્વિસ બેંકમાં અસંખ્ય ખાતાઓમાં એસોસિએશનના એ રિપોર્ટના દિવસ સુધી ૧૪૫૬૦ લાખ ડોલર ગુપ્ત રીતે જમા થયેલ છે. સ્વિટઝરલેન્ડની જેમ ‘બહામા’ અને ‘સાયમન’ ટાપુઓમાં પણ કરવેરા મુક્તિનો કાયદો અમલમાં છે. આ પ્રકારના બધા જ કરમુક્ત દેશોનું સંયુક્તપણે વિચારીએ તો ભારતના પોતાના નાગરિકો દ્વારા, દેશની સરકારને કર ન આપવો પડે તે માટે અથવા તો અભદ્ર વ્યવહારથી એકત્રિત કરેલ મૂડી વિવિધ કરમુક્ત દેશોની બેન્કોમાં ૨૦,૦૦૦ લાખ ડોલર જેટલી રકમ જમા કરવામાં આવેલ છે. એક ગણના મુજબ માત્ર સ્વિસ દેશની બેન્કમાં મૂકાયેલી રકમની ગણતરી કરીએ તો તે રકમ આપણા સમગ્ર વિદેશી દેવા કરતાં ૧૩ ગણી વધારે થાય. પોતાના અભદ્ર વ્યવહારથી અથવા તો ખોટી રીતે કમાયેલા નાણાને વિદેશોમાં છૂપાવી રાખતા આ લોકો એટલે કે કેન્દ્ર તથા રાજ્યના પ્રધાનો, રાજકારણીઓ, ભૂતપૂર્વ શાસકો, કેન્દ્ર તથા રાજ્યોની સરકારના અધિકારીઓ, કૌભાંડકારો, દાણચોરો, વગેરે પ્રકારના લોકો છે. એક અહેવાલ મુજબ ભારત સરકાર પાસે જર્મનીએ આપેલ સહકારના કારણે સ્વીસ બેંકનાં ૫૦ જેટલાં ખાતાંનાં ભારતીયોનાં નામ છે, છતાં હજુ સુધી કેન્દ્ર સરકારે એ લોકો સામે કોઇ પણ પ્રકારનાં પગલાં લીધેલ હોય તેવું જાહેર થયેલ નથી. આ નાણા કૌભાંડો કરીને અથવા તો ગરીબ જનતાને અન્યાય કરીને એકત્રિત કરવામાં આવેલ છે.

### • સંયુક્ત પક્ષોની સરકારના પ્રધાનોનો વ્યવહાર :-

એનડીએ સરકારના સમયગાળામાં સંદેશ વ્યવહાર ખાતું સંભાળતા હિમાચલ પ્રદેશના સુખરામના ઘરમાંથી નોટો ભરેલ કોથળાઓ નીકળેલ હતા, પરંતુ તેની તપાસ કરી, તેમને કોઈ સજા થયેલ હોય તેવા સમાચાર નથી. યુ.પી.એ.ની પ્રથમ સરકારમાં બિહારના મુખ્ય પ્રધાન લાલુપ્રસાદ યાદવના ઘાસચારાના કૌભાંડ ગાજતા રહેલા હતા પરંતુ તે ગાજતા જ રહેવા પામ્યા. તેનાથી

*મનુષ્યના વહેવારથી તેના કુળનો પરિચય મળી જાય છે.*

વધુ કંઇ નહીં. ઝારખંડના શિબુ શોરેન અનેક રીતે ખૂબજ વિવાદમાં રહ્યા. પરંતુ તેને ઊની આંચ આવેલ નથી. યુપીએની દ્વિતીય સરકારના સમયે ઝારખંડના મુખ્ય પ્રધાન મધુ કોડાએ ટૂંક જ સમયમાં રૂા. ૪૦૦૦ કરોડ એકત્રિત કરવાની વાતો વર્તમાનપત્રોમાં દરરોજ ગૂંજતી રહી. પરિણામ તત્કાલીન સમય પૂરતી ખુરશી છોડવા સિવાય કંઇ જ નહીં. છેલ્લા કેટલાક સમયથી શરદ પવારનું નામ ગૂંજે છે. અનાજ અને ખાંડના ભાવો આસમાને ગયા તે શરદ પવારની બલિહારી ગણાય છે. આઈપીએલના કૌભાંડમાં શરદ પવારની સાથે સાથે શશી થરૂર, પ્રફુલ પટેલ, લલિત મોદી વગેરેના નામો ગાજતા રહ્યા છે. માત્ર ગાજતા જ રહ્યા. અફઝલ બેગને ફાંસી આપવાથી મુસ્લિમ વોટ બેંક હાથમાંથી સરકી જાય તેવી ભીતિ હોવાથી રાષ્ટ્રના મોટા ગુનેગારને સજા આપવામાં નથી આવતી એ હદે દેશદ્રોહ કરવામાં આવી રહેલ છે. દેશનું અને પ્રજાનું વિચારે છે જ કોણ? રાજ્યતંત્રમાં, વહીવટીતંત્રમાં, ન્યાયતંત્રમાં અને સેનામાં પણ ભ્રષ્ટાચાર વ્યાપક બન્યો છે. આમ આદમીનું કોણ? તે જાય ક્યાં?

આ સડો માત્ર રાજકારણીઓમાં કે સરકારી તંત્રમાં જ ફેલાયેલ છે તેવું નથી. અન્ય ક્ષેત્રો પણ નૈતિકતાની કસોટીમાંથી પાર ઉતરી શકેલ નથી.

- **વર્તમાનપત્રો :**

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને સિટે ૨૧ માર્ચ, ૨૦૧૦ના હાજર થવાના સમન્સ પાઠવ્યા છે તેવા અહેવાલો દેશભરના વર્તમાનપત્રોમાં પ્રસારિત થયા. શ્રી મોદીએ આ સામે ઇરાદાપૂર્વક મૌન સેવ્યું. ૨૧મી માર્ચે નરેન્દ્ર મોદી સિટની કચેરીમાં ન આવ્યા એટલે મોદીએ સમન્સનો અનાદર કર્યો છે એવી બૂમરાણ દેશના મોટા ભાગના વર્તમાનપત્રો તથા ટીવી ચેનલ્સે મચાવી દીધી. એ પછી મોદીએ દેશ બાંધવોને સંબોધીને એક જાહેર પત્ર છપાવ્યો, જેમાં સ્પષ્ટતા કરવામાં આવી કે સિટે ૨૧ માર્ચ હાજર થવાના કોઇ સમન્સ પાઠવ્યા જ નથી પરંતુ તેટલું જ નહીં, એ દિવસે તો રવિવાર હતો! આ ૨૧ માર્ચની વાત ક્યાંથી આવી અને કોણે કેવા ઇરાદાથી આવા અહેવાલો વહેતા કર્યા, એ હજુયે જાણી શકાયેલ નથી. વર્તમાનપત્રો કે ટીવી ચેનલ્સની નૈતિકતાનું ધોરણ ક્યાં રહ્યું!

ગોધરાના બનાવો બાદના રમખાણોની તપાસની કાર્યવાહી સિટ દ્વારા ગુજરાતમાં એ દિવસો દરમ્યાન કરવામાં આવી રહેલ હતી. સિટની કાર્યવાહી તદ્દન ખાનગી રીતે ચાલે છે. સિટની કાર્યવાહીની અમને માહિતી મળવી જોઇએ તેવી ગુજરાત સરકારની વિનંતી પણ સર્વોચ્ચ અદાલતે નામંજૂર કરેલ હતી. તો પણ, અને અધિકૃત આધાર ન હોવા છતાં સિટ દ્વારા પૂછવામાં આવેલ સંભવિત સવાલો દેશભરના તમામ વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધ થયા! આ છે આપણા વર્તમાનપત્રોની નીતિમત્તાનું ધોરણ!

- **સરકારી અધિકારીશ્રીઓની કાર્યવાહી :**

ગત ગુજરાત વિધાનસભામાં પ્રશ્નોત્તરીના સમયે વિપક્ષના નેતા શક્તિસિંહ ગોહિલે જણાવ્યું કે ગુજરાત પોલીસના આધુનિકીકરણની યોજના રજૂ કરવામાં તેમજ કેન્દ્ર સરકારે ફાળવેલી રકમને નિશ્ચિત સમય મર્યાદામાં ખર્ચવામાં ગુજરાત સરકારે અસહ્ય ઉદાસીનતા દાખવેલ છે. આ ઉપરાંત આંખે ઊડીને વળગે એવી ત્રુટી એ છે કે ગુજરાત પોલીસતંત્રમાં અત્યારે અંદાજે અઢાર હજાર જગ્યા ખાલી છે. વાહનો ઓછા છે. બંદુકની ગોળીઓ અને દારૂગોળો પર્યાપ્ત માત્રામાં નથી. આતંકવાદીઓના સંદેશા આંતરવા માટેના સંદેશ વ્યવહારના સાધન પણ અત્યાધુનિક નથી. એક તરફ ફાળવેલ રકમ વાપરવામાં આવતી નથી જ્યારે અન્ય તરફ પોલીસતંત્ર જેવા મહત્ત્વના ખાતાની ચીવટાઇથી માવજત થતી નથી. છાશવારે પગાર વધારા અને ભથ્થાની માંગણી કરતા સરકારી અધિકારીશ્રીઓની કાર્યવાહીનો આ છે નમૂનો! ક્યાં રહી કાર્ય પ્રત્યેની પ્રતિબદ્ધતા અને નીતિમત્તાના ધોરણો!

- **જૂના સમયના મહારાજાઓને પણ ભૂલાવી દે તેવી આજના સમયના રાજકારણીઓની જોહુકમી :**

અત્યારે મહારાષ્ટ્રના પ્રધાનમંડળમાં મહેસૂલખાતું સંભાળી રહેલા નારાયણ રાણે એક વખત ચેન્નાઇથી મુંબઇ આવતા હતા ત્યારે સશસ્ત્ર કમાંડો સાથે વિમાનમાં પેસી ગયેલા. પછી એરલાઇન્સના સ્ટાફે શસ્ત્રોની બાબતે વાંધો લીધો ત્યારે એ સહન ન થવાથી રાણેએ પોતાના હોદ્દાના પ્રભાવનો દુરુપયોગ કરીને એ અધિકારીને પાણીચું અપાવી દીધેલ. ખૂબીની વાત એ બનેલ કે આ ઘટનાના ચાર દિવસ અગાઉ જ પાણીચું આપવામાં આવેલ એ અધિકારીનું, ઉત્કૃષ્ટ કાર્યક્ષમતા દાખવવા બદલ સન્માન કરવામાં આવેલ!

*આજ્ઞાકારી પુત્ર તથા ઇચ્છા પ્રમાણે કાર્ય કરતી પત્ની મળે તેના માટે પૃથ્વી સ્વર્ગ સમાન છે.*

ગત વર્ષ દરમ્યાન આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી વાય.આર.એસ. રેડ્ડી કંટ્રોલ મથકની ચેતવણીને ગણકાર્યા વિના ધરાર ખરાબ વાતાવરણમાં હેલિકોપ્ટર દ્વારા અંતરિયાળ સ્થળે જવા નીકળ્યા અને હેલિકોપ્ટર તૂટી પડવાથી એમણે તો જાન ગુમાવ્યો પણ સાથે સાથે પાઇલોટને પણ જાન ગુમાવવો પડ્યો!

જૂના સમયના મહારાજાઓને પણ આંટી દે તેવી જોહુકમી આ નવા મહારાજાઓ દ્વારા આચરાઇ રહેલ છે! છે કોઇ પૂછવાવાળું?

- **કલા જગત :**

હિંદુ દેવ-દેવીઓનાં નગ્ન અને કેટલીક રીતે બીભત્સ-અશ્લીલ કહી શકાય એવા ચિત્રો દોરનાર મકબૂલ ફિદા હુસેને ઈસ્લામી પાત્રોને હંમેશાં અલગ રીતે રજૂ કરેલ છે. આ સામે ભારતના જાગૃત નાગરિક કોર્ટમાં ગયા ત્યારે ન્યાયની કોર્ટમાં, પરિસ્થિતિનો સામનો કરવાના બદલે 'ભારતમાં પોતાને ત્રાસ આપવામાં આવે છે અને કલાકાર તરીકે પોતાની કલા સ્વતંત્રતા પર તરાપ પડે છે, એથી પોતે દુઃખી ભાવે ભારતને અલવિદા કરવી પડે છે' એવું તેમણે જાહેર નિવેદનમાં કહ્યું છે. ભારતીય નાગરિકત્વ છોડીને 'કતાર' જેવા ટચૂકડા, પછાત અને અસહિષ્ણુ દેશનું નાગરિકત્વ સ્વીકારીને તેઓએ પોતાની માનસિકતાના દર્શન કરાવ્યા છે. શું તેઓને ત્યાં ઈસ્લામ વિરોધી ચિત્રો રજૂ કરવાની કલા-સ્વતંત્રતા મળી શકશે? ભારતીય નાગરિકની માનસિકતાનું ધોરણ કેટલી હદ સુધી કથળીને નીચું ગયું છે તેનું આ જ્વલંત ઉદાહરણ છે!

- **રમત-જગત :**

ગોવાની 'ચર્ચિલ બ્રધર્સ' નામની ફૂટબોલ ક્લબના ત્રણ ખેલાડીઓએ પણજીથી કલકત્તા જતી સ્પાઇસ જેટની ફ્લાઇટમાં એર હોસ્ટેસની છેડતી કરી. તેના કારણે ત્રેવીસે ત્રેવીસ ખેલાડી અને વ્યવસ્થાપકોને મુંબઇમાં ઉતારી દેવામાં આવ્યા. આ મુદ્દો દિવસો સુધી અખબારોમાં ગાજતો રહ્યો.

- **ખેડૂતો :**

ખેડૂતો પોતે વેચવા કાઢેલ જમીનના બે-ત્રણ અલગ અલગ પાર્ટી સાથે બાનાખત કરી ઠગાઇ કરતા હોય એ તો લગભગ નિયમિત પ્રક્રિયા બની ગયેલ છે અને આપણામાંના ઘણાએ તેનો અનુભવ કરેલ હશે અથવા તો એ વિશે સાંભળેલ હશે.

- **નાના અધિકારીઓ-આમ આદમી :**

કચ્છમાં જમીનો કે મકાનો મીલીભગતના કારણે રાતોરાત અન્યના નામે ચડાવી દેવામાં આવેલ હોય તેવા તો કેટલાયે બનાવો અખબારે ચડી ચૂકેલ છે. આપણામાંના અથવા તો આપણા સંબંધીઓમાંના કેટલાકોને તેનો અનુભવ પણ થઇ ચૂકેલ હશે!

- **માનવતાવાદીઓ :**

ગોધરાકાંડ પછીના બનાવો પર કાગારાળ મચાવતા બુદ્ધિજીવીઓએ આ બનાવો માટે સારાયે દેશમાં ગોકીરો ઊભો કરી દીધેલ છે. તેમને ગોધરાકાંડ માટે કશુંયે કહેવાનું નથી!

રાજસ્થાનના વેપારીઓ પાસે દાદાગીરીથી નાણા ઉઘરાવતા સોહરાબુદ્દીનના કથિત એન્કાઉન્ટર બદલ માનવતાવાદીઓ ઉકળી ઊઠ્યા છે! તેઓને સોહરાબુદ્દીનની પ્રવૃત્તિઓ માટે કોઇ જ ક્ષોભ નથી!

છત્તીસગઢના દંતેવાડામાં દેશના કેન્દ્રીય અનામત દળના ૭૬ જવાનોની નિર્મમ હત્યા કરનાર માઓવાદીઓનો બચાવ કરતાં કહેવામાં આવ્યું કે આ ઘટના બદલ ભારત સરકાર જવાબદાર છે. ઓપરેશન ગ્રીન હન્ટ આગળ ધપાવવાની સરકારની હઠનું આ પરિણામ છે. યુદ્ધ સરકારે શરૂ કર્યું છે અને યુદ્ધમાં તો તેનો પ્રતિકાર થવાનો જ છે. આ કથન દ્વારા 'પીપલ્સ યુનિયન ફોર ડેમોક્રેટિક રાઇટસ' નામની માનવવાદી સંસ્થાએ માઓવાદીઓનો સીધો બચાવ કર્યો છે. જવાનોની નિર્મમ હત્યા બદલ તેણે અફસોસ વ્યક્ત કરેલ નથી.

સાચો માનવતાવાદી એ કહેવાય કે જે 'નિષ્પક્ષ વાદ'ને અનુસરે!

*મીઠી મીઠી વાતો કરે, પણ પાછળ કામ બગાડે તે મિત્રનો ત્યાગ કરવો*

- **પોલીસ ડિપાર્ટમેન્ટ :**

આ એ ડિપાર્ટમેન્ટ છે કે જ્યાં અનુકૂળ બદલી (પૈસા કમાવાના સ્થળ માટે) ના સ્થળ માટે લાખો રૂપિયા, ઉપરના લૅવલે આપવા પડે છે.

આ એ ડિપાર્ટમેન્ટ છે કે જ્યાં સરેઆમ સેંકડો નાગરિકોની વચ્ચે ટ્રાફિકનો ભંગ કરનાર વાહનચાલક પાસેથી રુશવત લેવામાં આવે છે.

- **લશ્કર :**

કારગીલ જંગ વખતે સેનાના ઉચ્ચ અધિકારીઓએ હકીકત છૂપાવીને દેશને જે ખોટી માહિતી અને અહેવાલ આપ્યા તે શરમજનક અને ઘેરી ચિંતાપ્રદ બાબત બની રહેલ છે. આ બનાવ પરથી આમ આદમીનો સેના પરનો વિશ્વાસ ડગમગી રહેલ છે. આ તથા ભ્રષ્ટાચારના અન્ય અનેક બનાવો પ્રસિદ્ધિ પામેલ છે.

- **ન્યાયતંત્ર :**

ભોપાલ ગેસ કાંડનો ચુકાદો એ ન્યાયતંત્રની સ્ખલિતતાનો છેલ્લામાં છેલ્લો દાખલો! ચોરે ને ચૌટે ન્યાયાધીશો વેંચાઇ રહેલ છે. ન્યાય વેંચાઇ રહેલ છે. પૈસાની ભૂખની લંપટતામાં ન્યાયતંત્રના વરિષ્ઠો પણ સપડાઇ ચૂકેલ છે. સ્ખલિતતાના પાનાના પાનાઓ ભરાય તેટલા અહેવાલો વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધ થતા રહે છે. અરે! અનેક લોકો તે અનુભવી ચૂક્યા છે!

- **વિદ્યા ક્ષેત્ર :**

ડૉ. કેતન દેસાઇ તેનો તાજો જ દાખલો છે. કહેવાય છે કે તેમણે રૂા. ૨૫૦૦ કરોડ જેટલી મૂડી એકત્રિત કરેલ છે. સમગ્ર તંત્ર સંપૂર્ણપણે સડી ચૂકેલ છે!

- **સંતો-મહંતો :**

સાધુ-સંતોની કામવાસનાની લીલાના અનેક બનાવો વર્તમાનપત્રોમાં પ્રકાશિત થતા રહે છે. તેમની લીલાની તસવીરો પણ પ્રસિદ્ધિ પામતી રહે છે, તેઓની કામલીલાના સમયની સીડી પણ સમાજમાં ફરતી રહે છે. સ્વામી નિત્યાનંદ તેનો તાજેતરનો જ દાખલો છે! વડતાલ સંપ્રદાયના સાધુ જગતમાં મારામારી અને ખૂનના બનાવો પણ બની ચૂકેલ છે. અન્ય એક સમુદાયના સાધુ-સંતોના ઝઘડા વર્તમાનપત્રોમાં અવારનવાર ચમકતા રહે છે.

- **વિચાર-વિમર્શ :**

આ રીતે આપણે નજર કરીયે તો મોટાભાગે સારાયે ભારતીય સમાજની નૈતિકતાનું અવમૂલ્યન થઇ ચૂકેલ છે. શિક્ષિત વ્યક્તિ પણ ભ્રષ્ટાચારી બની ચૂકેલ છે. ભ્રષ્ટાચારી રાજકારણી તથા ભ્રષ્ટાચારી અમલદારો પાસે પોતાના જરૂરી કામ કરાવવા આમ જનતાને નાછૂટકે લાંચ આપવી પડે છે. તે સંપૂર્ણપણે હિંમત હારી ચૂકેલ છે. આમ આદમીને હવે કોઇના પર પણ વિશ્વાસ રહેલ નથી. તે બે પાંદડે થઇ શકતો નથી. પેટની ભૂખ તેને ગમે તેવા કામ કરવા પ્રેરે છે!

આ પરિસ્થિતિ હાલે ભારતીય સમાજની છે કે જે કોઇપણ સંજોગોમાં ઇચ્છવા યોગ્ય નથી. શિક્ષિત કે અશિક્ષિત, તેઓની નીતિમત્તા છેક તળિયે જઇને બેઠી છે. આમ આદમી કોસાય છે, ઠૂંઠવાય છે. ગુજરાત જેવા પ્રદેશની પરિસ્થિતિ તો હજુયે ઠીક છે, પરંતુ અન્ય કેટલાંક રાજ્યો માટે કંઇ પણ કહેવા જેવું રહ્યું નથી. આ પરિસ્થિતિમાં બદલાવ લાવવાનો ઇલાજ શો? ભારત દેશની આઝાદી અગાઉ, ભારતને આઝાદ કરાવવા માટે બે પ્રકારની લડત ચાલતી હતી. એક તરફ સુભાષચંદ્ર બોઝની સશસ્ત્ર કાર્યવાહી અથવા ભગતસિંહ જેવા દેશભક્તોની સરફરોશી, જ્યારે અન્ય તરફ મહાત્મા ગાંધીજીની અહિંસાની ચળવળ. એજ રીતે અત્યારની પરિસ્થિતિમાં પણ બે પ્રકારે વિચારી શકાય. એક તરફ નક્સેલાઇટ જેવી પ્રવૃત્તિઓ કે જે સરવાળે ક્રાંતિ તરફ દોરી જાય અને સમગ્ર દેશ અંધાધૂંધી તરફ ધકેલાઇ જાય, જ્યારે અન્ય તરફ દેશના બાળકો-યુવાનોને યોગ્ય શિક્ષણ દ્વારા નીતિમત્તાના પાઠો ભણાવી નીતિવાન બનાવવા કે જે કોઇપણ પ્રલોભનો સામે ચલાયમાન ન થાય.

*મનમાં વિચારેલી વાતને જાહેર કરવાને બદલે તેને કાર્યાન્વિત કરવી.*

જ્યારે બાળકો-યુવાનોને યોગ્ય શિક્ષણ દ્વારા નીતિવાન બનાવવાની વાત કરીએ ત્યારે અત્યારના ભારતીય પદ્ધતિના શિક્ષણ પર પણ એક સર્વગ્રાહી નજર કરી લઈએ.

- **અત્યારનું ભારતીય પદ્ધતિનું શિક્ષણ :**

કેન્દ્ર સરકારે બંધારણમાં એક મહત્ત્વનો અને ઐતિહાસિક સુધારો કરીને શિક્ષણને દેશના પ્રત્યેક નાગરિકનો મૂળભૂત અધિકાર ઘોષિત કરેલ છે. 'રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ'ના કારણે ભારતમાં ૬ થી ૧૪ વર્ષની વયજૂથના ૨૨ કરોડ બાળકો કે જેમાંના ૯૨ લાખ બાળકો હજુ સ્કૂલમાં જઈ શકતા નથી. તેમણે ફરજિયાત શિક્ષણ લેવું પડશે. આજે શિક્ષણનું મોટા ભાગે ખાનગીકરણ થઈ ગયેલ છે. સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં શિક્ષણ વિનામૂલ્યે આપવામાં આવતું હોવા છતાં વાલીઓ ફીના આકરા ખર્ચ કરીને પણ પોતાના બાળકોને ખાનગી શાળાઓમાં ભણવા મોકલે છે. આ શાળાઓ ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવાના બહાને વિદ્યાર્થીઓના વાલીઓ પાસેથી તગડું ડોનેશન વસૂલ તો કરે જ છે પરંતુ આકરી ફી પણ વસૂલ કરે છે. મોટા શહેરોની કેટલીક પૉશ સ્કૂલ કે કૉલેજોમાં મધ્યમ વર્ગના વાલીઓ પણ પોતાના બાળકો માટે પ્રવેશ મેળવી શકતા નથી. આજે સારી કહેવાતી સ્કૂલોના એક ક્લાસરૂમમાં ૫૦ થી ૬૦ વિદ્યાર્થીઓને ઘેટાં-બકરાંની જેમ ભરવામાં આવે છે, જેના કારણે બાળકો પર વ્યક્તિગત ધોરણે ધ્યાન આપી શકાતું નથી અને આ બાળકોએ ફરજિયાત ટ્યુશન લેવું પડે છે. 'રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ'ની એક કલમ કહે છે કે એકથી ચાર ધોરણમાં દર ૩૦ વિદ્યાર્થી દીઠ એક શિક્ષક હોવો જોઈએ, જ્યારે મોટાભાગની સ્કૂલોમાં લગભગ ૫૦ થી ૬૦ વિદ્યાર્થી દીઠ એક શિક્ષક હોય છે. જો વર્ગદીઠ વિદ્યાર્થીઓની સંખ્યા ઘટાડવી હોય તો અત્યારે છે તેના કરતાં ડબલ શિક્ષકોની જરૂરિયાત ઊભી થાય. આ રીતે સમગ્ર દેશમાં નવા લાખો શિક્ષકોની જરૂરિયાત ઊભી થવા પામે. પરંતુ આજના સમયમાં સંસ્કારી, ખાનદાન, નિષ્ઠાવાન અને સેવાભાવી શિક્ષકોની મોટી અછત વર્તાઈ રહેલ છે. જ્યાં સુધી શિક્ષકોની ગુણવત્તા આપણે ન સુધારી શકીએ ત્યાં સુધી શિક્ષણની ગુણવત્તા અને ઉપયોગિતા સુધરે તેવી આશા રાખી શકાય નહીં.

આજની આપણી સ્કૂલો અને કૉલેજો શિક્ષિત બેકારો પેદા કરતા કારખાના જેવા બની ગઈ છે. અભ્યાસક્રમમાં ગોખણપટ્ટીને જેટલું મહત્ત્વ આપવામાં આવે છે તેટલું મહત્ત્વ બાળકની સ્કીલને-હોશિયારીને-ચતુરાઈને આપવામાં આવતું નથી. તેના કારણે યુનિવર્સિટીના સ્નાતકો પણ કોઈ હુન્નર કરવા માટે અયોગ્ય બની જાય છે. આજના કોમર્સ ગ્રેજ્યુએટો પોતાનો નાનકડો ધંધો શરૂ કરવાની આવડત ધરાવતા નથી. સાયન્સ ગ્રેજ્યુએટ કોઈ સંશોધન કરવાનો ઉત્સાહ ધરાવતા નથી. આજના એમ.બી.એ. પોતાનો વ્યાપાર શરૂ કરવાના બદલે તૈયાર નોકરી જ શોધે છે. આવી આપણી શિક્ષણ વ્યવસ્થા છે. પ્રાથમિક શિક્ષણ ફરજિયાત અને મફત બનાવવું એ જરૂરી અને યોગ્ય છે પરંતુ તેનાથી શિક્ષણની હલકી ગુણવત્તા સુધરી જવાની નથી. આજની શિક્ષણ પદ્ધતિમાં નૈતિક કેળવણીનો બિલકુલ અભાવ છે. નૈતિક કેળવણીના અભાવના કારણે જાહેર જીવનમાં નૈતિક મૂલ્યોનું ધોવાણ થઈ ગયેલ છે અને ભ્રષ્ટાચાર એ શિષ્ટાચાર બની ગયેલ છે.

આજની શિક્ષણ પદ્ધતિથી ડૉક્ટર બનનાર નાગરિક ગરીબ દર્દીની સારવાર મફતમાં કરવા તૈયાર નથી પણ તેના ભોગે તે માલદાર બનવા માંગે છે. એમબીએ થનાર વિદ્યાર્થીને ધંધામાં નીતિમત્તાના ધોરણો જાળવવાના પાઠો ભણાવવામાં નથી આવતા, પરંતુ ગ્રાહકો સાથે ઠગાઈ કરીને કંપનીનું વેચાણ કેવી રીતે વધારવું તેની તરકીબો શીખવવામાં આવે છે. આજની કૉલેજોના સ્નાતકો વૃદ્ધ મા-બાપની સેવા કરવા તૈયાર નથી પણ તેમને વૃદ્ધાશ્રમમાં ધકેલી દે છે. આજની કોલેજોમાં ઈન્ફોર્મેશન ટેકનોલોજીનું શિક્ષણ લેતા વિદ્યાર્થીઓ સાઈબર ક્રાઈમ કરીને ધનવાન બનવાની કેળવણી પ્રાપ્ત કરે છે. મોટા ભાગના આર્થિક ગુનાઓ શિક્ષિત વર્ગ દ્વારા જ આચરવામાં આવે છે.

- **ઉપાય :**

હજુ પણ તેનો ઈલાજ થઈ શકે તેવા રસ્તા દેખાય છે. સમાજમાં મહાજન વર્ગ હજુ જીવિત રહેલ છે અને અનેક સ્થળે તે સારી સેવાભાવી સંસ્થાઓ ચલાવે છે. આ પ્રકારની સંસ્થાઓનું નામ અને કામ ઉચ્ચ ગુણવત્તાયુક્ત રહેવા પામેલ છે.

અગર આ પ્રકારની દરેક સેવાભાવી સંસ્થા (એન.જી.ઓ.) પોતાના કર્મભૂમિ કે જન્મભૂમિના પ્રદેશમાં એકેક બોર્ડિંગ સ્કૂલની સ્થાપના કરી, બાળકના દરેક પ્રકારના અભ્યાસક્રમો ચલાવી, પોતાના વિદ્યાર્થીઓને ઉચ્ચ નીતિમત્તાની તાલીમ આપી, તે વિદ્યાર્થી કોઈપણ પરિસ્થિતિમાં ચલાયમાન ન થાય તેવા નીતિવાન બનાવવાની જવાબદારી સ્વીકારે તો સમગ્ર ભારતીય સમાજની નીતિમત્તાનું

*નીચ વ્યક્તિ પાસે પણ કોઈ ગુણવિદ્યા હોય તો શીખી લેવી.*

ધોરણ સુધરી શકવાની પૂરેપૂરી શક્યતા બની રહે - પછી ચાહે તેને ૫-૧૦-૧૫-૨૦ કે તેથી વધુ વર્ષ લાગે.

આ સમયગાળા બાદ જે વિદ્યાર્થી વ્યવહારમાં આવશે તે વ્યક્તિ કોઈપણ પરિસ્થિતિમાં ચલિત નહીં થાય અને તેની અસર સમગ્ર સમાજ પર ખૂબજ ઊંડી પડશે.

આ માટે સમગ્ર ભારતના દરેક શહેરની સેવાભાવી સંસ્થાઓએ કમર કસવી પડશે અને આજની પરિસ્થિતિનો યોગ્ય રાહ તો જ બની શકશે.

આ માટેની શુભ શરૂઆત કોઈ એક સંસ્થાએ પોતાને ત્યાંથી કરવાની રહેશે.

- **શપથ :**

આવો, આજે નૂતન વર્ષે આપણે શપથ લઈએ કે ભારતમાં અવમૂલ્ય પામેલ જીવનધોરણ સુધારવા હું મારી સંસ્થા દ્વારા પૂરેપૂરી કોશિશ કરીશ. હું મારી સંસ્થા દ્વારા મારી કર્મભૂમિના પ્રદેશમાં કે મારી જન્મભૂમિના પ્રદેશમાં એક એવું બોર્ડિંગ સંકુલ ઊભું કરીશ કે જેના કારણે આ સંકુલમાંથી વ્યવહાર જગતમાં આવેલ કોઈપણ વિદ્યાર્થી તેની જિંદગીમાં કોઈપણ પ્રલોભનો સામે ચલિત નહીં થાય. તે હંમેશાં નીતિમત્તાના ધોરણોની રખેવાળી કરશે.

કચ્છી નૂતન વર્ષે અગર આપણે આ શપથ લઈ શકશું તો ભારત દેશનું ભાવિ જરૂરથી ઉજ્જવળ બનાવી શકશું.

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*ફોન : (ઘર) ૨૬૮૭૨૩૨૮ / ૪૦૦૦૮૨૧૦, મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯ / ૯૪૨૮૦ ૪૦૨૬૧*

*અહીં બધા એક ઘરમાં સાથે રહે છે પણ સાથે જીવતા નથી.*
*કેટલાક અપવાદરૂપ લોકો જુદા રહીને પણ સાથે જીવી જાય છે.*

*ખરાબ ચારિત્ર્યવાળા તથા વિના કારણ હાનિ પહોંચાડનારા સાથે મિત્રતા કરો તો નાશ જ પામો છો.*

કચ્છ

## કચ્છની ઉત્સવપ્રિયતાનું પર્વ

# અષાઢી બીજ - કચ્છી નૂતન વર્ષ

• પ્રા. ડૉ. રામજીભાઈ સાવલિયા •

વિકાસની ગતિ સાથે જીવન નિર્વાહ માટે માનવની ગતિ પણ વધી છે. આવી દોડધામ વચ્ચે વ્યવસાયથી પરવારી જનસમુદાય વિવિધ આનંદ-વિનોદ - ઉત્સવની પ્રવૃત્તિમાં ચિત્તને પરોવે છે. આવી પ્રવૃત્તિ કુદરતી રીતે સર્વને પ્રિય હોય છે. સમાજમાં સર્વને અનુકૂળતા થાય એવા આનંદ પ્રમોદના વ્રતો - ઉત્સવો શાસ્ત્રોએ નિયત કરેલા છે. નિર્દોષ આનંદ સાથે જ્ઞાન પ્રાપ્તિ અને જીવનના વિકાસક્રમમાં પ્રગતિ કરાવે તેવો તેનો મુખ્ય ઉદ્દેશ રહેલો છે. ઉચ્ચ, મધ્યમ અને ઈતરવર્ગ પરંપરાગત પદ્ધતિઓ મેળાઓ, ઉર્સો કે અન્ય ધાર્મિક કે જ્ઞાતિગત વ્રત - ઉત્સવો ઈત્યાદિ દ્વારા પોતાની ધાર્મિક, સામાજિક લાગણી વ્યક્ત કરે છે. આ વર્ગને દરરોજના વિનોદ તરીકે કથા, ભજન, તીર્થયાત્રા વગેરે સાધનો પણ હોય છે અને હાલના જમાનામાં સિનેમા, ટી.વી. પણ તેમની જરૂરિયાત પૂરી પાડે છે. મોટેભાગે આ વર્ગનો આનંદ ધર્મ-ઉત્સવ સાથે જ સંકળાયેલો રહે એ પદ્ધતિથી ચાલે છે. કેટલોક શ્રીમંત અને કેળવાયેલો વર્ગ વિનોદ ખાતર જ વિનોદ લેનારો અને તેથી યુરોપાદિ દેશોની ઢબના વિનોદ સ્થળોનો ઉપયોગ કરનારો છે.

પરંતુ જ્યારે સાર્વત્રિક વ્રત - ઉત્સવની વાત આવે ત્યારે સર્વ જનસમુદાય એક તાંતણે બંધાય ને પોતાની ઉત્સવપ્રિયતા વ્યક્ત કરે છે. આવા પરંપરાગત ઉત્સવો દ્વારા જ ભારતીય સંસ્કૃતિ - સંસ્કાર જળવાયેલા રહ્યા છે અને તેને લઈને રાષ્ટ્રીય અસ્મિતા વિશ્વસ્તરે ઈન્દ્રધનુષ રંગોમાં ઝળહળી રહેલી જોઈ શકાય છે.

પ્રાંતિક અસ્મિતાની વાત કરીએ તો ગુજરાતની અસ્મિતામાં કચ્છની ઉત્સવપ્રિયતા હંમેશાં આગવી ભાત પાડતી રહી છે. એમાં પણ અષાઢી બીજ - કચ્છી નૂતન વર્ષનું પર્વ તેની પ્રાંતિક વિશેષતા ધરાવે છે.

આપણા ખેતીપ્રધાન દેશમાં ઉદ્યોગોને હવે પ્રાધાન્ય મળતું જાય છે. છતાં દેશના મુખ્ય વ્યવસાય તરીકે ખેતી અને પશુપાલન ગણાતા આવ્યા છે. કચ્છમાં વરસાદની વિષમતાને કારણે ખેતી ઓછી અને પશુપાલન વધારે છે, છતાં વર્ષના બધા જ પ્રકારના ભારતીય પર્વો કચ્છમાં ઉજવાય છે. એમાં એની પ્રાદેશિક વિશિષ્ટતાઓ છે. પ્રાચીનકાળથી મેઘને રીઝવવા લોકો સપ્તાહો, સમૂહમેળા અને વર્ષાગાનનું આયોજન કરતા આવ્યા છે. સમ્રાટો અને સત્તાધીશો, ઋષિઓ અને આચાર્યો પાસે વર્ષા માટે યજ્ઞ કરાવતા આ દેશમાં મોટાભાગે અવકાશી ખેતી પર આધાર રાખનાર કૃષિકારોનો મોટો સમુદાય છે. જો મેઘ રૂઠે તો દુકાળ પડે, પ્રજા અને પશુઓ નાશ પામે, નદીનાળા સૂકાઈ જાય. આવા અકાળના વર્ષોની યાતનાના સ્પંદનો લોક કવિઓએ પોતાની કવિતામાં ઝીલ્યા અને ઝીલાવ્યા છે. મેઘ માટે લોકભાવ રજૂ કરતી કહેવતો પણ છે. **"મોત, મોઘું ને મેહ એનો કોઈ ન વરતે છેહ, વહુ ને વરસાદ એને કદી જશ નહિ. માનું ધાવણ અને મેહનું પાણી એના જેવું કોઈ નહીં."**

માનવ હૃદયમાં મેઘનો આવો નેહ છે.

વર્ષાઋતુનો પહેલો માસ અષાઢ છે. ખરી રીતે જોઈએ તો અષાઢ એ જ વર્ષનો મુખ્ય માસ છે. વર્ષા - વરસની શરૂઆત અષાઢથી જ થાય છે. કચ્છ, હાલાર, કાઠિયાવાડ, ઝાલાવાડમાં વરસનો પહેલો માસ અષાઢ ગણાય છે. તે સહેતુક છે. અષાઢ રૂડો જાય તો જ વર્ષ રૂડું જાય. અષાઢે ધરતી પ્રફુલ્લિત ન બને તો લોકોની દશા વસમી બની જાય છે. આ રીતે અષાઢ એ વરસના મેરુદંડ જેવો મહિનો છે. પ્રકૃતિ દેવી પણ અષાઢ બેસતાં નવપલ્લવિત બની અવનવા શણગાર સજે છે. વાયુ, મેઘ, વાદળ, મયૂર, જળાશયો, ધરતી બધા જ અષાઢ આવતા ગાંડાતૂર બની જાય છે. વનશ્રીની શોભા સોળે કળાએ વર્ષાઋતુમાં જ સુલભ બને છે. વળી વર્ષા કૃષિપ્રધાન દેશ માટે પ્રાણ સમાન છે.

લોકહૃદયની આવી આરઝુ પછી જ્યારે વરસાદની હેલી થાય છે ત્યારે જનસમુદાય આનંદથી નાચી ઊઠે છે. સંસ્કૃત સાહિત્યમાં પણ 'મેઘદૂત' જેવું કાવ્ય 'આષાઢસ્ય પ્રથમ દિવસે'થી મંડાયું છે. ઋગ્વેદનો કવિ પણ મેઘને જોઈ પ્રભાવિત થાય છે. લોક સાહિત્યમાં પણ અષાઢ માસ વિશે ઉમંગ અને વિરહના ગીતો જોવા મળે છે.

(૧)

*વરસ્યા રે કંઈ અષાઢીલા મેહ,*
*ખેડૂએ હળોતરાં જોતર્યા, મોરા રાજ!*

(૨)

*અષાઢે ઘન ઉલટ્યો, ગયો ગ્રીષ્મકાળ*
*આમ રાયણ ઓગળે, ફૂલી જાંબુની ડાળ;*
*ઘોર ઘટા ઘન ગાજતો, મધુર સ્વર મોર,*
*દાદુર બોલે કોકિલા, લાગે કર્ણ કઠોર.*
*માંડી વરસે મેવલો, નાવલિયો પરદેશ,*
*વેશ વગોવ્યો વિઠ્ઠલે, લટ લાંબા કેશ.*

*કચ્છી લોક સાહિત્યમાં પણ અષાઢ માસ વિશે કહ્યું છે :*

*પોખા! ઉથી પોખ, વતર વિઞેતી વલારમેં,*
*થીંધી સોકા સોક, તડેં હારી છંઢીને હથડા.*

ઓ ખેડૂત! તું ઊઠ અને વાવણી કરવા મંડી જા! વરસાદની ભીનાશ પાતાળમાં ઊંડી ઊંડી ઉતરતી જાય છે. ધરતી સૂકાઈ જશે તો તારે પછી હાથ ઘસવા પડશે.

*વિદ્યા વગરનો માણસ હંમેશાં ઉપેક્ષિત રહે છે.*

કચ્છમાં વરસાદ ઓછો અને કેટલીકવાર નહિવત્ વરસે છે. ક્યારેક ધોધમાર વરસાદ વરસીને અહીંના નદીનાળાં વહેતા થાય તો પણ અહીં ઉત્સવ જેવું વાતાવરણ બની જાય છે. શહેરને પાણીનો પુરવઠો પૂરો પાડનાર તળાવ પણ જ્યારે ઓગને એટલે કે છલકે ત્યારે પૂજા કરવાનો રિવાજ જળવાયેલો જોવા મળે છે. આ છે કચ્છીઓની ઉત્સવપ્રિયતા.

ગુજરાતમાં અષાઢી બીજનું વિશેષ મહત્ત્વ છે. અષાઢ શુક્લ બીજને દિવસે રથોત્સવ કે રથયાત્રાનો ઉત્સવ આવે છે. હાલમાં મોટા શહેરો અને ગામોમાં શ્રી જગન્નાથજી પ્રત્યેની આસ્થામાં રથયાત્રાનું પર્વ ઉજવવામાં આવે છે. જ્યારે કચ્છ કાઠિયાવાડમાં અષાઢી બીજથી નવું સંવત્સર શરૂ થતું હોવાથી તેની ઉજવણી કરવામાં આવતી. રજવાડાંઓના વખતમાં કચ્છ, હાલાર, જામનગર, રાજકોટ, ગોંડલ, ધ્રોળ વગેરેના ઠાકોરો આ સંવત્સર નિમિત્તે દરબાર ભરતા. તે સમયે આ સંવત્સરનું આર્થિક અને રાજકીય મહત્ત્વ હતું. આ પ્રથા ભારતનું એકીકરણ થવાથી બંધ થઈ.

ગુજરાતમાં મુખ્યત્વે વિક્રમ સંવત પ્રચલિત છે. એમાં કાર્તિકથી આશ્વિન સુધીનું વર્ષ ગણાય છે. કચ્છમાં સંવત તો એ જ ચાલે છે, પણ એ હાલારી અથવા કચ્છી સંવત તરીકે ઓળખાય છે. અને એમાં વર્ષ અષાઢથી જયેષ્ઠ સુધીનું ગણવામાં આવે છે. કચ્છમાં અષાઢી બીજનું પર્વ નૂતન વર્ષ તરીકે ધામધૂમથી ઉજવવામાં આવે છે. દરિયાકાંઠાના લોકો સાંજે દરિયાકિનારે જઈ સમૂહમાં હવન કરે છે. અને તેમાં નાળિયેર ને ઘી હોમે છે. વળી જેમના સ્વજન દરિયાપાર પરદેશ હોય, તેઓ તો ખાસ આ બીજ કરે છે.

આ દિવસે લોકો ચોપડામાં નવો સંવત લખે છે. આ પર્વમાં કેટલાક સાંજ સુધી ઉપવાસ કરી, સાંજે બીજનું દર્શન કરી, ચાંદીનો સિક્કો જોઈ ઉપવાસ પૂરા કરે છે. કચ્છ - કાઠિયાવાડ અને હાલારમાં સ્ત્રીઓ આ દિવસે ઉપવાસ કરી રાત્રે બીજનાં દર્શન કરી ઉજળું ધાન્ય એટલે કે દૂધપાક કે ખીરનું ભોજન કરે છે. જો પુષ્ય નક્ષત્ર હોય તો ઉત્તમ દિવસ ગણાય છે.

આમ, અષાઢી બીજનું પર્વ વિવિધ હેતુઓ જેવા કે મેઘને રીઝવવા, પોતાની જરૂરિયાત પૂરી પાડવા, ધાર્મિક, સામાજિક, આર્થિક, રાજકીય તાણાવાળા ગૂંથવા - જાળવવા, લાગણી વ્યક્ત કરવા અને પોતાની પરંપરા અને ઉત્સવપ્રિયતા જળવાઈ રહે એવા અનેક ઉદ્દેશોથી વ્રત - ઉત્સવ - પર્વની ઉજવણી કરવાની આ પ્રાચીન પરંપરા જળવાઈ રહે એવી શ્રદ્ધા સહ સર્વ કચ્છી જન સમુદાયને નૂતન વર્ષની શુભ કામના. ■

*કાર્યકારી નિયામક*
*ભો.જે. અધ્યયન-સંશોધન વિદ્યાભવન,*
*એચ.કે. કોલેજ કેમ્પસ,*
*આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૯.*
*મો. ૯૮૨૫૧ ૧૪૪૧૭*

*બુકસ્ટોલ અને લાઈબ્રેરી,*
*બેઉ વચ્ચે ફરક આટલો –*
*બુકસ્ટોલ* **SHOP WORK**
*અને*
*લાઈબ્રેરી* **WORKSHOP.**

*મદનકુમાર અંજારિયા 'ખ્વાબ'*

# કચ્છમાં લોકજીવનમાં અષાઢી બીજ

• ઉમિયાશંકર અજાણી •

ભારતમાં પ્રવર્તતી ઋતુઓનું મૂલ્યાંકન તે સમષ્ટિના કલ્યાણમાં કેવો અને કેટલો ભાગ ભજવે છે તેના પર અવલંબે છે. ઋતુઓના રંગપલટા સાથે પ્રકૃતિના રંગો પણ પલટાય છે. પ્રકૃતિના આવા પરિવર્તનની અસર સમગ્ર જીવસૃષ્ટિ પર થયા વગર રહેતી નથી. ભારતમાં તો બધી જ ઋતુઓનો પ્રકૃતિ પર આગવો પ્રભાવ રહ્યો છે. પછી એ શિશિર હોય કે વસંત, ગ્રીષ્મ હોય કે વર્ષા કે પછી શરદ હોય કે હેમંત.

પાનખર પછી કદરૂપી બનેલી વન્ય સૃષ્ટિને પ્રકૃતિના વૈભવ વડે વિવિધ રંગોથી નવપલ્લવિત કરતી વસંત પુષ્પ, મુકુલ અને પલ્લવોના પમરાટથી માનવીના ભાવજગતમાં આશાનો સંચાર કરીને એના જીવનને ચેતનવંતો બનાવી દે છે. વસંત ઋતુઓનો શણગાર છે પણ પ્રકૃતિના કેવળ રંગ વૈવિધ્યથી જીવન ટકતું નથી. જીવનની સાચી વસંત તો વર્ષાઋતુ છે. એના આગમન સાથે સચરાચર સૃષ્ટિમાં પ્રાણ પૂરાય છે. સમગ્ર જગતમાં નવું ચેતન પ્રગટાવનાર, બીજમાત્રમાં જીવન વિક્સાવનાર વર્ષા, ભારતની બધી જ ઋતુઓમાં અધિષ્ઠાત્રી અને કામદુગ્ધા છે.

જગતના વાઙમય સાહિત્યમાં સૌથી જૂના મનાયેલા ગ્રંથ ઋગ્વેદમાં વર્ષાના આગમનના ઓવારણા લેતા સુક્તો અને મંત્રો છે. વરસાદને લાવનાર વાયુ અને પર્જન્યની પ્રાર્થના છે. વર્ષાકાલીન મેઘ એવો અર્થ ધરાવનાર પર્જન્યનું મુખ્ય કામ વા, વાદળ અને વીજની ગર્જનાઓ સાથે પોતાના જળમય રથ પર સવાર થઈને જડ અને ચેતનમાં જીવ પુરવાનું છે. વૈદિક કાળે પણ વર્ષાના મહિમાના ગુણગાન થયા છે. ભારતીય સાહિત્યમાં વર્ષા અને વાદળને જે મહત્ત્વ અપાયું છે એવું મહત્ત્વ જગતના અન્ય ભાષાના સાહિત્યમાં ક્યાંય જોવા મળતું નથી. કવિ કાલીદાસે ઋતુસંહાર અને મેઘદૂત દ્વારા વર્ષાઋતુને અંજલિ આપી છે. બદલાતી જતી ઋતુઓની પાર્શ્વભૂમિકામાં જીવનના મુક્ત ઉલ્લાસને પ્રગટ કરતા મેઘદૂતના પ્રથમ શ્લોકમાં એના કથાનકની ભૂમિકા અષાઢના પ્રથમ દિવસથી બાંધે છે. અલકાપતિ કુબેરનો અનુચર યક્ષ પોતાના કર્તવ્યમાં પ્રમાદ કરવાને કારણે કુબેરનો શાપ પામીને કૈલાસની ગોદમાં વસેલી અલકા નગરીમાંથી બાર મહિના માટે હદપાર કરાયેલો તે દક્ષિણમાં આવેલ રામગિરિના નિર્જન પર્વત પર પત્નીથી વિખૂટો થઈને વસવાટ કરે છે. આઠ માસ તો જેમતેમ વીતી ગયા પણ અષાઢના પ્રથમ દિવસે જ આકાશમાં વાદળો ઘેરાતાં વ્યાકુળ બનેલો એ યક્ષ મેઘ સાથે પોતાની પ્રિયતમાને સંદેશો પાઠવે છે કે, એકલું સુખ કે એકલું દુઃખ કોઈના ભાગ્યમાં હોતું નથી. ચક્ર આરાની જેમ દુઃખ તો આવ્યા કરે છે. તેથી હે કલ્યાણી! તું થોડા સમય માટે ખમી જા. થોડા જ સમય પછી આવનાર શરદની રાત્રિઓ આપણા માટે દૂર નથી. તત્ત્વજ્ઞાનના ભાવ સાથે જીવનના ઉલ્લાસને પ્રગટ કરતો વિરહી યક્ષનો આ સંદેશો લઈને નીકળેલો મેઘ દક્ષિણની રામગિરિની પર્વતમાળા પાર કરીને ઉત્તરે હિમાલય તરફ જવા પ્રયાણ કરે છે ત્યારે એની નજરમાં કૈલાસની ગોદમાં વસેલી એકમાત્ર અલકાનગરી નથી. સમગ્ર ભારત એની નજરમાં છે. તેથી એ અલકાનગરી જતાં જતાં સમગ્ર ભારતને આકંઠ ભીંજવતો, એના નદી નાળાં, તળાવો અને સરોવરોને છલકાવતો, ગિરિમાળાઓની ઉપર નીચે આવેલા વન ઉપવન અને સમગ્ર સૃષ્ટિમાં ચેતન પ્રગટાવતો મેઘ કૈલાસની ગોદમાં વસેલી અલકાનગરી પહોંચવાની ઉતાવળમાં માર્ગમાં આવેલો કચ્છ જ એની નજર બહાર જ રહી ગયો! આ ખ્યાલ મેઘને આવે છે ત્યારે પવનદેવને સહારે પાછો કચ્છ જવા તૈયાર થાય છે પણ ત્યારે તો એ સાવ ખાલી થઈ ગયો હોય છે. આમ એકવાર મેઘની નજર બહાર રહી ગયેલા કચ્છને ભાગજોગે જ મેઘદર્શન થાય છે. બાકી મોટેભાગે તો એના નસીબમાં મેઘના જળ નહિ પણ આશ્વાસન આપતો યક્ષનો સંદેશો મળે છે કે :

કોને નિત્યે સુખ નભિ રહ્યું, એકલું દુઃખ કોને,
નીચે ઊંચો ફરી રહી દશા, ચક્રધારા પ્રમાણે.

સમગ્ર ભારતને પોતાના જળ વડે તૃપ્ત કરતો મેઘ છેલ્લે છેલ્લે કૈલાસની ગોદમાં વસેલી અલકાનગરીમાં ઠલવાઈને ખાલી થઈ જતાં વરસાદ વિહોણો રહી ગયેલો કચ્છ શિયાળામાં ઉત્તરના ફુંકાતા ઠંડા પવનોની અસરથી કાયમ ઠુંઠવાય છે.

આમ મેઘકૃપાથી વંચિત રહી ગયેલા કચ્છ પર પ્રકૃતિએ ખીજીને પણ પોતાના આશીર્વાદને પાત્ર બનાવ્યું છે. એના ઉત્તર અને પૂર્વ વિસ્તારના સીમાડે રણનું સર્જન કર્યું છે તો બીજી બાજુ પશ્ચિમ અને દક્ષિણ કંઠારને રત્નાકરના રાજીપાથી રીઝવી પણ છે. નીરવ સૂનકાર અને વેદનાસભર શાંતિને એક છેડે મૂકીને બીજે છેડે મૂક્યો પ્રવૃત્તિનો ધમધમાટ. આવા વિશિષ્ટ વિરોધાભાસી વૈભવ વચ્ચે વસતા કચ્છના લોકોને જીવનની યાતનાઓ અનેક છે. પોતાના અસ્તિત્વને ટકાવવા માટે એને સતત ઝુઝતા રહેવું પડે છે. યક્ષના સંદેશાને કચ્છીઓ નિયતિનો નિયમ માનીને બેસી નથી રહ્યા. એ સંદેશામાંથી એમણે સાર કાઢ્યો ને એમાંથી જ એને અષાઢનું મહત્ત્વ લાધ્યું કે અષાઢ એ જીવન છે. તેથી એને નવા વર્ષના રૂપમાં નિરખીને અષાઢી બીજને શ્રેષ્ઠ ગણીને સત્કારી.

કચ્છમાં અષાઢથી શરૂ થતા નવા વર્ષની શરૂઆત ક્યારથી થઈ

*પુરુષાર્થ કરવાવાળો કદાપિ ગરીબ રહેતો નથી*

એના વિશે જુદી જુદી માન્યતાઓ પ્રવર્તે છે. કોઈ કહે છે કે લાખો ફૂલાણી દેશવટેથી પાછો ફરે છે તે દિવસોમાં કચ્છની ધરતી હરિયાળી બની હતી. કચ્છની ધરતી પર આવી લીલી વનરાજી નિહાળીને કચ્છના રાજવી રા'લાખાનો આત્મા પ્રસન્ન થઈ ઉઠ્યો. અષાઢના પહેલા દિવસે એ પોતાની રાજધાનીમાં પહોંચ્યો અને બીજે દિવસે જ અષાઢી બીજ હતી. લોક જીવનમાં બીજનો મહિમા આદિકાળથી રહ્યો છે. તેથી અષાઢી બીજની ઉજવણી થઈ અને તે કચ્છ માટે નવા વર્ષના રૂપે સ્વીકારાઇ. તો કોઈએ વળી જામ લાખાને કચ્છના માલધારીઓએ વિક્રમની ૧૨મી સદીમાં પોતાનો મુખી બનાવ્યો તે દિવસથી કચ્છ એક સૂત્રે બંધાયું. આ દિવસ હતો અષાઢી બીજનો તેથી તેને કચ્છી નવા વર્ષના રૂપે ઉજવવાની શરૂઆત થઈ. એક માન્યતા પ્રમાણે રત્તા રાયધણના સમયમાં અષાઢી બીજને જ્યોતિષના સંદર્ભથી સાંકળીને તેને નવા વર્ષ તરીકે ઉજવવાની શરૂઆત કરવામાં આવી છે.

પરંતુ એથીય અગાઉ કચ્છી નવું વર્ષ અષાઢી બીજથી શરૂ થતું હતું. વિક્રમ સંવત કારતક સુદ-૧ થી શરૂ થાય છે અને તે ઇશુથી ૫૬ વર્ષ પૂર્વે શરૂ થાય છે. જ્યારે કચ્છી સંવત વિક્રમ સંવતથી ચાર મહિના આગળ એટલે અષાઢ મહિનાથી શરૂ થાય છે. હાલે વિક્રમ સંવત ૨૦૬૬ ચાલે છે. તે આસો મહિના સુધી ચાલુ રહી કારતક મહિનામાં તે ૨૦૬૭ થશે જ્યારે કચ્છી વર્ષ આ અષાઢ મહિનાથી જ ૨૦૬૭ થઈ જશે. આ રીતે કચ્છી વર્ષ વિક્રમના કાર્તિકાદિ વર્ષથી ચાર મહિના આગળ છે.

જૂના પંચાગોમાં અષાઢથી નવા વર્ષનો પ્રારંભ માત્ર કચ્છ અને સૌરાષ્ટ્રના હાલારમાં જ ઉલ્લેખાયેલો છે. હાલાર એટલે જામનગર. જામનગરનો જાડેજા વંશ કચ્છનો જ એક ફાંટો હતો. તેથી નવાનગર - જામનગરમાં જામ રાવળે પોતાની ગાદી સ્થાપી ત્યારે કચ્છી સંવતને હાલારી ગણીને ચાલુ રાખ્યો. જોકે અષાઢ મહિનાથી નવા વર્ષની શરૂઆત અગાઉના સૌરાષ્ટ્રમાં ચાલુ હતી તેવું કુમારપાળના સમયમાં વિ.સં. ૧૨૦૨ની સાલનો જે એક લેખ માંગરોળથી પ્રાપ્ત થયો છે તેમાં વિક્રમ સંવત ૧૨૦૨ની સાથે સિંહ સંવત ૩૨ આશ્વિન વદ ૧૩ સોમવારનો ઉલ્લેખ થયેલો છે. આ બંને સંવતો અષાઢાદિ છે તેવું પ્રાચીન લિપિમાલાના કર્તા ગૌરીશંકર હીરાચંદ ઓઝાએ નોંધ્યું છે તે જોતાં સૌરાષ્ટ્રમાં પણ ક્યાંક ક્યાંક કચ્છી સંવત પણ વિક્રમ સંવત તરીકે ગણાયું જણાય છે. વિક્રમ સંવતની શરૂઆત થયા અંગે એવી માન્યતા બતાવવામાં આવી છે કે, વિક્રમ સંવતની શરૂઆત સમ્રાટ ચંદ્રગુપ્ત બીજાએ પશ્ચિમ ભારતના શકો પર વિજય મેળવી ઉજ્જૈન જીતી લીધું ત્યારથી વિક્રમ સંવત શરૂ થયું છે. પરંતુ તે સમયગાળો જોતાં તે ચોથા સૈકાના અંતનો છે. જ્યારે વિક્રમ સંવત અને ઇ.સ. વચ્ચે ૫૬ વર્ષનો તફાવત છે. ઇ.સ.માંથી સંવત કરવા માટે ૫૬ ઉમેરવામાં આવે છે. આ હકીકતે વિક્રમ સંવતની શરૂઆત ઇ.સ. પૂર્વે ૫૬ વર્ષ પહેલાં થઈ છે. વિક્રમ સંવતની શરૂઆત કાર્તિક મહિનાથી થાય છે જ્યારે કચ્છી નવા વર્ષની શરૂઆત અષાઢથી થાય છે. એટલે કચ્છી નવું વર્ષ વિક્રમ સંવતથી પણ ચાર માસ જૂનું છે.

કચ્છી નવા વર્ષની શરૂઆત સંબંધમાં ઉપર જણાવ્યા પ્રમાણે જે જુદી જુદી દંતકથાઓ પ્રચલિત છે તે જે તે રાજાનું મહત્ત્વ દર્શાવવા માટે જોડી કઢાયેલી જણાય છે. પણ કચ્છી નવા વર્ષની ગણનામાં અષાઢને જ મહત્ત્વ આપવામાં આવ્યું છે.

અષાઢ માસ ભાવાત્મક રીતે લોકજીવન સાથે સંકળાયેલ છે અને ભારતીય મહિનાઓમાં નક્ષત્રનું મહત્ત્વ રહ્યું છે. રણ અને દરિયા સાથે સંકળાયેલા પ્રદેશ માટે અષાઢ એ આશાનો સંચાર છે. ગમે તેવી મુસીબતોને પાર કરવા માટે સતત સંઘર્ષ કરતા રહેતા લોકો માટે આકાશી નક્ષત્રોનો મહિમા – ચંદ્ર, તારા અને ગ્રહો સાથે રહ્યો છે. સમયની ગણતરી કરવા માટે જ્યારે કોઈ સાધન નહોતાં ત્યારે લોકજીવનમાં ચંદ્ર અને નક્ષત્રોને મહત્ત્વ અપાતું હતું. તેથી સમગ્ર સૃષ્ટિ માટે જીવન લઈને આવનાર વર્ષાના નક્ષત્ર આર્દ્રા અપવાદ સિવાય અષાઢમાં આવતો હોવાથી અષાઢને લોકજીવનમાં ખૂબ જ મહત્ત્વ અપાયું છે. આર્દ્રા નક્ષત્ર ૨૧મી જૂનની આગળ પાછળના એકાદ બે દિવસે શરૂ થઈ અને લગભગ પાંચમી જુલાઈના પૂરું થતું હોય છે. કચ્છમાં રણ અને દરિયાના કારણે ચંદ્રનો મહિમા રહ્યો છે. તેથી અષાઢી બીજના ચંદ્રને કચ્છે નવા વર્ષના રૂપે સ્વીકારેલ છે.

દરિયાની આખર શરૂ થઈ ગઈ હોય એટલે ખેપે ગયેલા ખારવાને નાખવા વળતિયા થઈને વતનમાં આવી ગયા હોય ને કાં તો આ સમયે આવું આવું થતા હોય, માઠા વરસે પોતાના માલને બચાવવા માટે માલ લઈને વતન છોડીને ગયેલા માલધારીઓ વરસાદના આગમનનાં વાવડ સાંભળતા જ વતન તરફ વળતિયા થાય. જૂના સમયમાં ચોમાસાની ઋતુમાં લશ્કરમાં કામ કરતા લડવૈયાઓને પણ એ ગાળામાં લડાઈ બંધ રખાતી તેથી એ પણ વતન તરફ પાછા ફરતા. આમ જીવન નિર્વાહ માટે ગયેલા મોભીઓનું આગમન કુટુંબીજનો માટે આનંદનો અવસર બની રહેતો. બીજ એ વિશ્વનો વૈભવ છે, કર્મનું પ્રતીક છે. બીજના ચંદ્રની કળા એ પૂર્ણ થાય ત્યાં સુધી સતત ચડતી રહે છે. તેથી લોક જીવનમાં તેનો મહિમા સ્વીકારાયો છે. આજે પણ ચંદ્ર દર્શન કરીને કૃતાર્થ થનારા ઘણા લોકો જોવા મળે છે. અષાઢી બીજના આથમતી સંધ્યા પછીના આભમાં આથમણે રૂપેરી કોરવાળો ચંદ્ર નજરે ચડતાં જ દર્શનાર્થીના બે હાથ આપોઆપ જોડાઈ જાય અને અંતર જાગી અરદાસ એના કંઠેથી પ્રગટી ઊઠે કે,

'બીજ માવડી, ચૂલે તાવડી, બે ગોધા ને એક ગાવડી.'

માત્ર એક સાંતી જેટલી ખેતીની જમીન, બે ગોધા (એટલે કે બળદ) અને દૂઝાણામાં એક ગાય. આટલી આમદાની હોય તો એને ચૂલે તાવડી ચડશે કે કેમ એની ચિંતા કુટુંબના મોભીને ક્યારે પણ સતાવે નહિ. એની અરદાસમાં ધાર્મિક આસ્થા તો છે જ પણ સાથે સાથે કુદરત પ્રત્યેનો અતૂટ વિશ્વાસ પણ વ્યક્ત થતો જોઈ શકાય છે. આવી આસ્થા જ એમના જીવનને ઉલ્લાસથી ભરી દેતી હતી. સમય પર વરસાદ વરસતા હતા અને વર્ષા સાચા અર્થમાં એમના જીવનમાં વસંત બનીને મહોરી ઊઠતી હતી. પણ યુગ પરિવર્તનના

*જેમ એક સૂકા વૃક્ષને આગ લાગતાં આખું જંગલ બળી જાય છે, તેમ એક મૂર્ખ પુત્ર આખા કુટુંબને નષ્ટ કરી નાખે છે.*

પ્રવાહમાં ઘણું બધું બદલાઈ ગયું છે અને તેથી જીવનના મૂલ્યો પણ બદલાઈ ગયા છે. કુદરતે પણ એનો ક્રમ બદલી નાખ્યો છે.

કૈલાસની ગોદમાં વસેલી અલકાનગરીમાં રહેતી યક્ષપત્નીને વિરહી યક્ષનો સંદેશો પહોંચાડવાની ધૂનમાં ને ધૂનમાં આગળ નીકળી ગયેલા મેઘના કારણે વરસાદ વિહોણા રહી ગયેલા કચ્છ માટે વરસાદનું આગમન આજે પણ ભગવાન પધાર્યા જેવું મનાય છે. અને તેથી જ તો એને વધવતાં ગાઈ ઊઠે છે કે 'મીં આયો માધો આયો.' (સાક્ષાત્ જાણે શ્રીકૃષ્ણ પધાર્યા.)

રાજાશાહીના સમયમાં રાજદરબારમાં અષાઢી બીજની ઉજવણી ભારે ઠાઠમાઠથી થતી. દરબાર કચેરી ભરાય તેમાં રાજા અને પ્રજાનું સ્નેહ મિલન થતું. એકબીજાને મંગળ કામનાઓની આપ-લે થતી. રાજાશાહી જતાં આ પરંપરા હવે લુપ્ત થઈ છે પણ બાકીની ઘણીખરી પરંપરાઓ હજી જળવાઈ રહી છે. નાળિયેર અને સાકરનો પડો લઈને વડીલોને પગે લાગવાની પ્રથા થોડેઘણે અંશે હજી ક્યાંક જળવાઈ રહી છે. દરિયાખેડુઓ દરિયાલાલની પૂજા કરે. દરિયાકાંઠે વસનારા લોકો પણ દરિયાલાલની પૂજા અર્ચના કરવા દરિયાકાંઠે જાય. ખારવા ને નાખવા પોતાના વહાણો શણગારે. વહાણો પર નવા વાવટા ચડાવે. એકબીજાને મીઠાઈઓ વહેંચાય. દરિયાકાંઠે મેળો ભરાય. આ દિવસે રાજપૂતો પોતાના શૂરાપૂરાના પાળિયાને સિંદૂરથી સ્નાન કરાવે, નૈવેદ્ય કરે. નખત્રાણા તાલુકાના વિથોણ ગામે આ દિવસે જલોત્સવની વિશિષ્ટ રીતે ઉજવણી થાય. ગામની નવોઢાઓ પાણીના ભરેલા બેડાં સાથે સંત ખેતાબાપાના સ્થાનકે જઈને સંતને અભિષેક કરે અને ત્યાંથી વળતા ગામના ચોરે એકત્ર થઈને બેઠેલા વડીલોને પણ પાણીનાં છાંટણાં કરે. ત્યાર પછી હોળીમાં ઉડાડાતા રંગોની જેમ નાનામોટા સૌ એકબીજા પર પાણી ઉડાડીને ભીંજવતાં જલોત્સવ મનાવે છે. આ ઉત્સવમાં માત્ર વિથોણ ગામના જ નહી, આજુબાજુના લોકો પણ ભાગ લેવા માટે આવે છે.

સમયના પરિવર્તન સાથે ઉજવણીની રીત રસમો બદલાઈ છે. તેથી ભાવમાં ઘસારો થયો છે. આજે હવે સમૂહનો આનંદ કલ્ચરના નામે ટૂંપાતો જાય છે. સમગ્ર ભારત પર નજર કરતાં નવા વર્ષની ઉજવણી કાં તો કારતકમાં ને કાં તો ચૈત્રમાં નવા વર્ષનું ધાન્ય ઘરમાં આવી જાય પછી થાય છે. પણ કચ્છ જ એક એવો પ્રદેશ છે કે જે પોતાના નવા વર્ષની ઉજવણી વર્ષાઋતુની શરૂઆત જે મહિનાથી થાય છે તે અષાઢી બીજથી કરે છે. કચ્છીઓ હંમેશાં આશાવાદી રહ્યા છે. જ્યાં આશા છે ત્યાં નિત્ય દિવાળી જ છે. અષાઢ કચ્છીઓના જીવનમાં નવી આશાનો સંચાર કરે છે.

કચ્છમાં અષાઢને જે ભાવ અને ઉમંગથી આવકારવામાં આવે છે તેવા જ ભાવ સાથે વિદાય પણ અપાય છે. પરંપરા પ્રમાણે ખાસ કરીને ભુજમાં અષાઢના છેલ્લા ત્રણ દિવસો ૧૩, ૧૪ અને અમાસના બહેનો ભુજમાં ઉપલી પાળ પર આવેલી રામવાડીમાં પાલર પાણીથી અને તે ન આવ્યો હોય તો કૂવાના પાણીથી પિતૃઓને તૃપ્ત કરીને અષાઢને એવા ભાવ સાથે વિદાય આપે છે કે ફરી પાછા સમય પર હર્યાભર્યા થઈને આવજો અને જગત આખાને હર્યું ભર્યું કરજો. લોકજીવનમાં અષાઢની આવી મહત્તા ભારતીય સંસ્કૃતિ સિવાય ક્યાંય જોવા મળતી નથી.

આ વર્ષે કચ્છ પર માલિકની મહેર થવાના લક્ષણ વૈશાખ મહિનામાં જ દેખાયા છે ત્યારે પર્જન્યને પ્રાર્થીએ કે સમગ્ર વિશ્વનું કલ્યાણ થાય એવી રીતે પિરિજન (લોકરક્ષણ કરનાર) બનીને જરૂર હોય એટલું જ વરસજો ને જ્યાં પણ વરસો ત્યાં ખમૈયા કરીને વરસજો કે જેથી ક્યાંય કાંઈ નુકસાન ન થાય.

'જત હકડો કચ્છી વસે ઉત ડિયાણી કચ્છ' કરીને વિશ્વની ધરતી પર જ્યાં પણ કચ્છીઓ વસતા હોય તેમને સર્વેને મંગલ મંદિર અને તેના પરિવાર સમા સર્વ કચ્છીઓના નવા વર્ષની શુભેચ્છાઓ સાથે સો સો સલામ!

*૧૪, હંસા, રેવન્યુ કોલોની,*
*ભુજ, કચ્છ.*

## ગુનો કદી અનાથ નથી હોતો

આ જગતમાં સદીઓથી ચાર શબ્દો હાથમાં હાથ નાખીને ચાલતા રહ્યા છે : ન્યાય, અન્યાય, ગરીબી અને ગુનો. અન્યાયના ઉકરડા પર ન્યાયની ધજા ફરકે છે અને ગરીબીની કૂખેથી ગુનો જન્મ પામતો હોય છે. ગુનો કદી અનાથ નથી હોતો.

*– ગુણવંત શાહ*

*જ્યાં પતિ-પત્ની વચ્ચે ઝઘડો થતો નથી, ત્યાં લક્ષ્મી આવીને વસે છે.*

# કચ્છડો કામણગારો

• બાબુલાલ ગોર - ભુજ •

કચ્છ એ ખંત અને ખમીરની ભૂમિ છે. કચ્છમાં જુરાસિક યુગથી માંડીને હડપ્પન સંસ્કૃતિ સુધીના અદ્‌ભુત અવશેષ મોજૂદ છે એ તો વર્ષોથી આપણે જાણીએ છીએ. કાચબા જેવા ભૂપૃષ્ઠ લક્ષણો ધરાવતા કચ્છનો દિલચશ્પ ઈતિહાસ છે. કચ્છ એ ભાતીગળ પ્રદેશ છે એ અંગે પુરાણોમાં તથા વિશ્વના જુદા જુદા અનેક ગ્રંથોમાં ઉલ્લેખ થયેલ છે.

પ્રાચીન સાહિત્યમાં - મલ્લીનાથીએ અમરકોષ પરના તેના ભાષ્ય સંજીવનીમાં કચ્છની નીચાણમાં આવેલા ભેજવાળા પ્રદેશ કે પડતર જમીન તરીકે વ્યાખ્યા કરી છે ભૌગોલિક લાક્ષણિકતાઓ અને કાચબાને મળતા ભૂપૃષ્ઠ લક્ષણોને કારણે તેનું નામ કચ્છ પડ્યું. પુરાણમાં જૂના વખતમાં આ દેશની મુલાકાત લેનાર વિદેશી પ્રવાસીઓની આ પ્રદેશ પરની જુદી-જુદી નોંધોમાં તેમજ શિલાલેખમાં, તામ્રપત્રોમાં અને જૂના લખાણો અને હસ્તપ્રતોમાં તેનો આ નામ (કચ્છ) તરીકે ઉલ્લેખ છે.

ખ્રિસ્તી યુગના પ્રારંભ અગાઉ સિંધ અને સૌરાષ્ટ્ર વચ્ચેના પ્રદેશને આભિર તરીકે વર્ણવેલો છે કે જે નામનો મહાભારતમાં પણ ઉલ્લેખ છે. ગ્રીક પ્રવાસી અને લશ્કરી સેનાપતિએ પણ ઈશુ ખ્રિસ્ત પહેલાંની બીજી સદી દરમ્યાન આભિરનાં મૂળ નામને અપભ્રંશ કરીને આ પ્રદેશનો આબીરિયા કે અબીર તરીકે ઉલ્લેખ કર્યો છે. ઈ.સ.ની ત્રીજી કે ચોથી સદી સુધી અને તે પછી પણ તેનો કચ્છ તેમજ આભિર એમ બન્ને નામો તરીકે ઉલ્લેખ છે. આ વિસ્તારમાં આભિરો વસતા હતા. તેના મૂળ નિવાસીઓ પરથી સૌ પ્રથમ આભિર તરીકે ઓળખાયો. તેની આસપાસ પાણી અને ખરાબાની જમીનથી ઘેરાયેલી અદ્વિતીય ભૌગોલિક પરિસ્થિતિને કારણે તે પાછળથી કચ્છ તરીકે ઓળખાયો. કચ્છની વહિવટી ભૂમિકા અસ્પષ્ટ લાગે છે. પ્રાચીનકાળથી ઉત્તર અને પૂર્વમાંથી આવેલી જુદી-જુદી જાતિઓએ આ ભૂમિ પર વસવાટ કરેલ છે. જાણવા મળતા ઈતિહાસના સમય દરમિયાન તે વખતોવખત સિંધ અને ગુજરાત પર સત્તા ભોગવનાર જુદા-જુદા રાજવંશોના આધિપત્ય હેઠળ રહેલું છે. તે એક વખત મૌર્ય સામ્રાજ્યનો ભાગ હતું. ત્યારબાદ તે શક, ક્ષત્રપ, ગુપ્ત, દૈદયોની સત્તા હેઠળ આવ્યો. પાછળથી તેના પર મૈત્રક, ગુર્જર, ચૌલુક્ય, ચાવડા, સોલંકી, કાઠી અને બીજા ગુજરાતનાં રાજાઓએ રાજ કર્યું. આમ, કચ્છને ગુજરાત સાથે ગાઢ સંપર્ક રહ્યો છે. જેના ઈતિહાસનાં પ્રવાહે આ પ્રદેશ પર ઘણી અસર કરી છે.

આમ કચ્છની ભૌગોલિક અને સાંસ્કૃતિક વિશિષ્ટતા અભ્યાસીઓને આકર્ષતી રહી છે. કવિ સ્વ. મહેન્દ્ર 'સમીર'એ પોતાના એક કાવ્યમાં લખ્યું છે-

*આતમના અસવારો*
*આંખમાં જોયો રંગ કસુંબલ,*
*જીવનનો ઝબકારો*
*આ કચ્છડો કામણગારો.*

આવા કામણગારા કચ્છમાં લોકકથાઓનો નાયક લાખોફૂલાણી, દાનવીર જગડુશા, સાધનાવીર ધોરમનાથ, વૈજ્ઞાનિક પંડિત જયકૃષ્ણ ઈન્દ્રજી, ક્રાંતિવીર શ્યામજી કૃષ્ણવર્મા, ગુજરાતી સાહિત્યના અઠંગ ઉપાસક હાજી મહમ્મદ અલ્લારખિયા, નવયુગના સૂત્રપાત સમા મહારાવ ખેંગારજી ત્રીજા, સાચા સમાજવાદી લોકનેતા યુસુફ મહેરઅલી, સંત મેકણદાદા, મહારાવશ્રી લખપતજી, રામસિંહ માલમ, ફતેહ મહમ્મદ જમાદાર, સુંદરજી સોદાગર વગેરે અનેક પ્રતાપી પૂર્વજોના સુકાર્યો અને વીરત્વની ઈતિહાસકારોએ નોંધ લીધી છે. ઈતિહાસના અભ્યાસી નરેન્દ્રકુમાર જોશી લખે છે :

"મહાકવિ કાલીદાસે મેઘદૂત કાવ્યમાં પૂર્વ મેઘના ૨૧માં શ્લોકમાં મેઘને અલકાપુરીનો માર્ગ દર્શાવતાં કચ્છનો નિર્દેશ કરી સંસ્કૃત સાહિત્યમાં કચ્છને સ્થાન આપ્યું છે :- कन्यभीस्वानुकच्छम પાણિનીના અષ્ટાધ્યાયીમાં કચ્છ શબ્દની ચર્ચા કરેલી છે. જૈન મહાગ્રંથ ભગવતીસૂત્ર વગેરે અનેક ગ્રંથોમાં કચ્છ સંદર્ભે નોંધ થયેલ છે. દા.ત. ઈ.સ. પૂર્વે ત્રીજા સૈકામાં થઈ ગયેલા મેગેસ્થિનીએ કચ્છ પ્રદેશને પાતાલદ્વીપ તરીકે ઓળખાવેલ છે. સિકંદર જ્યારે ભારત છોડીને પાછો ગ્રીસ જવા નીકળ્યો ત્યારે કચ્છના રણદ્વીપમાંથી તે પસાર થયો હતો. ઈ.સ. બીજા સૈકાનો ક્ષત્રપ રુદ્રદામાનો શિલાલેખ જૂનાગઢમાં મળી આવેલ છે. તેમાં કચ્છનો ઉલ્લેખ છે. મહાન જગતયાત્રી હ્યુએન ત્સંગે ઈ.સ. સાતમાં સૈકામાં તેણે કચ્છની મુલાકાત લીધી હતી. અને લખ્યું છે કે, કચ્છ એ સિંધના પાટનગરથી નૈઋત્યે ૨૬૭ માઈલ દૂર આવેલો પ્રદેશ છે. કચ્છમાં જૈનોના પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવજી અહિંસાનો સંદેશ લઈને ફર્યા હતા. ભદ્રેશ્વરનું મોટું દેરું તે સમયે એટલે કે લગભગ અઢી હજાર વર્ષો ઉપર બંધાયેલું હતું. નજીકના સૈકાઓમાં દષ્ટિ નાખીએ તો વૈષ્ણવ સંપ્રદાયના આચાર્ય શ્રી વલ્લભાચાર્યજી કચ્છમાં યાત્રાએ પધારેલા. તેમની સ્મૃતિમાં આજે પણ નારાયણ સરોવર વગેરે સ્થળોએ શ્રી મહાપ્રભુજીની બેઠકો છે. સ્વામિનારાયણ સંપ્રદાયના સંસ્થાપક શ્રી સહજાનંદ સ્વામીની તો કચ્છ ઉપર પૂર્ણ કૃપા હતી. ભુજનું મંદિર તેમના સ્મરણમાં બંધાયેલું છે. જગદ્‌ગુરુ આદિ શંકરાચાર્ય નારાયણ સરોવરની યાત્રાએ પધાર્યા હતા. પ્રકૃતિનો પ્રીતિપાત્ર અને પ્રકૃતિના પ્રેમનો માણીગર લાખો ફૂલાણી કહી ગયો છે :

***આ સંસારમાં ત્રણ વાતથી શાંતિ મળે છે : સારું સંતાન, પતિવ્રતા સ્ત્રી તથા સજ્જનનો સત્સંગ.***

*"ભલા ઘોડાં ગુણિયલ ત્રિયાં, વઠે કચ્છવણાં,.*
*ઈનીત્રીં થકાં અઘ્રયો વેને હિયાં"*

અર્થાત્ : ભલાં ઘોડાં, ગુણિયલ સ્ત્રીઓ અને વરસાદથી ભીની થયેલી વનરાજી — એ ત્રણેને જોતાં લાખાને ધરવ થતો જ નથી.

કચ્છનો ઊંચામાં ઊંચો પહાડ કાળો ડુંગર ૧૫૨૫ ફૂટ ઊંચો ખાવડા વિસ્તારમાં આવેલો છે. તેના ઉપર દત્તાત્રેયનાં પગલાં છે. જેને લોકો પચ્છમાઈ પીર કહીને પૂજે છે. મધ્યધારમાં આવેલો ધીણોધરનો ડુંગર ૧૪૬૮ ફૂટની ઊંચાઈનો છે અને તેના ઉપર સિદ્ધ ધોરમનાથની જગ્યા છે. આ બધા ડુંગરાઓ અને જમીનનું બંધારણ જોઈને ભૂસ્તર શાસ્ત્રીઓ એવું અનુમાન કરે છે કે, જ્વાલામુખી પહાડોના આ અવશેષો છે. કચ્છ પ્રદેશ ભૂકંપગ્રસ્ત વિસ્તાર છે. આ પ્રદેશ ભૂકંપની અસરવાળા બલૂચિસ્તાનથી સિંધ સુધીના વિસ્તાર સાથે સંકળાયેલો છે. અને તેથી અવારનવાર ભૂકંપના આંચકા અનુભવે છે. અનેક કુદરતી આફતોનો ભોગ બનતો કચ્છ પ્રદેશ ઈ.સ. ૨૦૦૧ના મહાવિનાશકારી ભૂકંપમાં તહસનહસ થઈ ગયો પરંતુ 'કચ્છી પ્રજાની ખુમારી અને ખમીરીએ વિકાસને ગતિ આપી છે. આપત્તિ સામે ઝઝુમવાના સંસ્કારોએ કચ્છને ભૂકંપ પછી બેઠું જ નથી કર્યું, આજે દોડતું કરી દીધું છે' આવા પ્રેરક મથાળા સાથે 'સંદેશ' અખબારે એક અહેવાલમાં વિશદ રીતે સરાહના કરતાં લખ્યું છે તે અક્ષરશઃ આ પ્રમાણે છે.

"ખોબા જેવડું ગામ વસાવવું હોય તો વર્ષો વીતી જાય અને વસેલું ગામ પાદર થઈ જાય તો તેને ફરી બેઠું કરવા અને લોકજીવનને ધબકતું કરવા સદી વીતી જાય. પરંતુ ભૂકંપની કારમી થપાટથી પાદર થઈ ગયેલા કચ્છ પ્રદેશને કચ્છની ખુમારી અને ખમીરીએ આંગળીના વેઢે ગણાય એટલા વર્ષોમાં ફરી વિકાસના પાટા ઉપર દોડતું કરી દીધું છે. કાળજાને થથરાવી મૂકે તેવા ભૂકંપમાં ભાગ્યે જ કોઈ વસ્તુ સલામત રહી હતી. વિકાસના પગથિયાં ચડવા શરૂ કરનાર કચ્છને કુદરતની એક થપાટે પગથિયાં નીચે ગબડાવી દીધું હતું. ૨૬મી જાન્યુઆરી, ૨૦૦૧ના ભૂકંપને પગલે પાષાણ હૃદયના માનવીઓ પણ હચમચી ઊઠે એવો ક્રૂર કેર કુદરતે વરસાવ્યો. ભલભલા માનવીઓને બેઠા થતાં દાયકાઓ લાગે. અમેરિકા જેવા સમૃદ્ધ દેશમાં એક આતંકી ઘટનામાં ટ્વીન ટાવર જમીન દોસ્ત થયો. તેની કળ વિશ્વની મહાસત્તા ગણાતા અમેરિકાને હજુ પણ વળી નથી. હજુપણ એ ઘટનાનાં માનસિક ઓથારો અમેરિકાને પીડી રહ્યા છે. જે જમીન ઉપર ટ્વીન ટાવર્સ હતા એ જમીન મેદાન બન્યાને વર્ષો વીતતા જાય છે. પરંતુ હજુ આંખે ઊડીને વળગે તેવું નવનિર્માણ એ જમીન ઉપર થયું નથી. મહાસત્તા ગણાતા દેશની માત્ર એક આતંકી ઘટના પછી આ સ્થિતિ હોય તો કચ્છમાં જ્યાં કુદરતે આતંક ફેલાવ્યો હોય, જ્યાં કુદરતે વિનાશ નોતર્યો હોય તેને બેઠો થતાં કેટલો સમય લાગે તેની કલ્પના કરો અને તેની સામે કચ્છનો આજે જે વિકાસ છે તેની સરખામણી કરો તો કોઈપણ માનવીને જરૂર આશ્ચર્ય થાય. પરંતુ હંમેશાં આપત્તિ અને આફતો સામે ઝઝુમતા રહીને લોકજીવનને સદાય ધબકતું રાખનારા સંસ્કારોથી લથબથ કચ્છી પ્રજાને સારી પેઠે ઓળખતા લોકોને કદાચ આશ્ચર્ય ન થાય.

કચ્છમાં ભૂકંપ પછી જે લોકોએ કચ્છની મુલાકાતે આવીને જે દૃશ્યો જોયા હતા એ દૃશ્ય જોનારાઓ આજે જો સામખિયાળીથી કચ્છના છેવાડાના ગામ સુધી એક લટાર મારે તો વિકાસની દરેક મિશાલ પર તેમને કચ્છી પ્રજાની ખુમારી અને ખમીરીના દર્શન થશે. વર્ષોની મહેનત પછી કોઈ ઔદ્યોગિક ઝોન વિકસ્યો હોય એટલા ઉદ્યોગો કચ્છમાં ધમધમી રહ્યા છે. નવી વસાહતો બાંધવા કે ઉદ્યોગોને વિકસાવવા સરકારી સહાયો કે બિનસરકારી સંગઠનો દ્વારા સહાયો જરૂર મળી હશે. પરંતુ લોકજીવનને ધબકતું અને પ્રાણવાન રાખવામાં માત્ર ઈંટ, ચૂનો, રેતી કામ નથી આવતાં. એ માટે તો જોઈએ ખમીરી અને ખુમારી. ભંગારના ઢગલાઓ વચ્ચે રહીને પણ એક નૂતન કચ્છનું નિર્માણ કરવાની સંકલ્પબદ્ધતાનું જો મૂલ્ય આંકવામાં આવે તો કચ્છની પ્રજાએ પોતાની માતૃભૂમિને માત્ર બેઠી જ નથી કરી પરંતુ નવશણગાર સજાવીને વિકાસના પાટા ઉપર આજે દોડતી કરી દીધી છે. આપત્તિ સામે ઝઝુમવાની કચ્છી પ્રજાના ગુણની સાથે સાથે તેની ઝિંદાદિલી અને શાંતિપ્રિયતાનો ગુણ પણ વણાયેલો છે. અહીં અમીર હોય કે ગરીબ, ઉદ્યોગપતિ હોય કે, કામદાર તમામ લોકો વિકાસની વાત હોય ત્યારે એક થઈ જાય છે. એજ કચ્છી માડુઓની સાચી ઓળખ છે."

સૌ સાથે મળીને આગળ વધે અને સાથે મળીને જીવે તેવા જીવનના સાદા સૂત્રને મુઠી ઊંચેરું બનાવીને કચ્છની પ્રજાએ જીવન જીવવાની એક નવી મિશાલ કાયમ કરી છે અને જીવનશૈલીનો આવો દીપ પ્રગટાવનારી કચ્છી પ્રજાના દીપકમાંથી આપણે સૌ એક એક જ્યોત જલાવીએ એવી નૂતન વર્ષ (કચ્છી માડુએ કેં ભા ભેનરેં કે) શુભકામના.

*૬૫, ભાનુશાળી નગર,*
*કર્મભૂમિ એપાર્ટમેન્ટની સામે,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૪૨૭૪ ૦૭૪૩૨*

## જીવનશૈલી

ઈતિહાસ બહુ ક્રૂર હોય છે. તે ભલભલી વિચારસરણીઓ (આઈડિયોલોજિકલ)નું કબ્રસ્તાન હોય છે. જેમાં જૂનો રૂઢિગત મૂડીવાદ, સામ્યવાદ, સમાજવાદ, નવમાનવવાદ, કેઈન્સવાદ, લોહિયાવાદી સમાજવાદ, સર્વોદયવાદ વગેરે અનેકવાદો ઈતિહાસના કબ્રસ્તાનમાં દફન થઈ ચૂક્યા છે.

મૂડીવાદ એ શોષણકાર અને અન્યાયી છે જ પરંતુ એનું સ્થાન ભવિષ્યમાં કઈ આઈડિયોલોજી લેશે તે આપણે જાણતા નથી. ઈતિહાસમાં ભવિષ્યકથન થઈ શકતું નથી. જગતના કયા જ્યોતિષીએ બે વિશ્વયુદ્ધો, બર્લિનની દીવાલનું પતન, સોવિયેટ રશિયાનું પતન, માહિતી વિસ્ફોટનો યુગ, ઈન્ટરનેટ તથા ચીન અને ભારતની અત્યારની કહેવાતી પ્રગતિનું ભવિષ્યકથન કર્યું હતું?

પણ છતાં એક વાત નક્કી છે કે જગત બુદ્ધવાદ, ઈશુવાદ, ગાંધીવાદની અહોભાવયુક્ત વાતો કરશે પરંતુ જગત ક્યારેય સૂતર - રેંટિયો - તકલી, દમનકારી ઉપવાસો, મૌન તથા પાણી-માટીના પ્રયોગોની જીવનશૈલી અપનાવશે નહીં.

*(વિચારબીજ - ધવલ મહેતા)*
*'નિરીક્ષક' તા. ૧-૪-૧૦ના આધારે, થોડા શબ્દફેર સાથે*
*પ્રેષક : શાંતિલાલ સંઘવી*

*જેમાં દયા અને મમતા ના હોય, તેવા ધર્મનો ત્યાગ કરવો.*

# અષાઢી બીજે અભિલાષા

• શશીકાંત ઠક્કર •

કચ્છી નવું વર્ષ.... અષાઢી બીજ, વાદળને વીજ... આવ રે વરસાદ, ઢેબરિયો પ્રસાદ, ઉની ઉની રોટલી ને કારેલાનું શાક.

કચ્છના ગામેગામ આતુર નયને અષાઢી બીજના વરસાદનું આગમન થાય તેની રાહ જોવાય. દર દસ વર્ષમાં માત્ર ત્રણ વર્ષ લોકોની આશા ફળે. બાકીના સાત વર્ષ કાં તો દુષ્કાળ હોય અને કાં તો કરવરું વર્ષ હોય. કચ્છના લલાટે લખાયેલા આ લેખ નિયમિત રીતે સૌ અનુભવે છે.

કચ્છની ધરતી અને ખાસ કરીને વાગડની ધરતી તો એવી છે કે જો થોડુંક પણ પાણી મળી જાય તો સોનું પકાવે. અહીં તો વર્ષ દરમ્યાન ફક્ત દસ ઇંચ જેટલો વરસાદ બે-ત્રણ કટકે આવી જાય તો ભયો ભયો. સોરઠ જેવા પ્રદેશોની ધરતીમાં તો ૨૦થી ૨૫ ઇંચ વરસાદ થાય. તો પણ કરવરું ગણાય જ્યારે અહીં તો આઠ દસ ઇંચ વરસાદમાં વર્ષ સોળ આની થાય અને ખેડૂતોના આનંદની અવધિ ન રહે. આમ છતાં અહીં જમીનની વિપુલતા અને સસ્તા ભાવોના કારણે કચ્છમાં જમીનની કોઈ કિંમત બે-પાંચ વર્ષ અગાઉના સમય સુધી હતી જ નહીં એમ કહીએ તો ચાલે.

ઉદ્યોગોના આગમન થતા કચ્છની ખેતીની જમીનના ભાવોએ ભારે ઉછાળા માર્યા. પરિણામે ખેડૂતોને સારા એવા નાણા મળ્યા. જે સમાજ વ્યવહાર અને મોજશોખમાં વપરાયા. પરંતુ ખેતી ભાંગી ગઈ. બે રીતે. એક તો ખેત ઉપયોગમાં જમીનનો ઘટાડો સારા એવા પ્રમાણમાં થયો અને બીજું ઉદ્યોગોએ ભૂગર્ભના પાણી અમર્યાદિત રીતે ઉલેચવા માંડતા પીયત વિસ્તારોમાં પણ પાણીનો આવરો અને ગુણવત્તા બંને મોટા પ્રમાણમાં ઘટ્યા.

પીયત વિસ્તારોમાં પણ ખેતી માટે માત્ર ભૂગર્ભનું પાણી જ ઉપલબ્ધ. નર્મદા આવશે... આવશે... ના સ્વપ્ન જોતાં જોતાં ખેડૂતોની એક પેઢી તો કાળની ગર્તામાં ખોવાઈ ગઈ... બીજી પેઢીને આ જળ પોતાના ખેતરોમાં વાળવાનું સૌભાગ્ય પ્રાપ્ત થશે કે કેમ તે ભાવિના ગર્ભમાં છૂપાયેલું છે.

ધરતીકંપે કચ્છની પ્રજામાં જાનમાલની હાનિ તો કરી પણ સૌથી વધુ હાનિ નૈતિકતાના ધોરણોની કરી છે. ધરતીકંપના લાભો મેળવવામાં તો જે થયું તે, પણ છેલ્લા પાંચ સાત વર્ષથી ખેતીની જમીનના ઊંચકાયેલા ભાવોએ લોકોનો કૌટુંબિક અને સામાજિક જીવનમાં નીતિમત્તાનો ભયંકર ઘાણ કાઢ્યો છે. ભાઈ, ભાઈની જમીન દબાવે છે. કાકો કુટુંબના વડીલના નાતે વ્યવહાર કરતો હોવાના કારણે મિલકતના કબજાનો લાભ લઈ ભત્રીજાઓના હક્કોને ડૂબાડવામાં નાનપ અનુભવતો નથી. બેનડીઓ હોંશે હોંશે ભાઈઓની તરફેણમાં હક્ક જતા કર્યા પછી આજે વારસાઈ હક્ક મેળવવા કોર્ટ કચેરી કરતી થઈ છે. વચેટિયાઓએ પરદેશ વસતા માલિકોના નામના ખોટા પાવરનામા બનાવી અથવા આલિયાને બદલે માલિયાને આલિયા તરીકે ખપાવી ખોટા દસ્તાવેજો બનાવવામાં કોઈ મણા રાખી નથી. સરકારી તંત્રમાં બેઠેલાઓએ આવા બોગસ વ્યવહારો કરનારાઓને સહકાર આપી સરકારી દફ્તરમાં બોગસ નોંધો કરવા કરાવવામાં પાછું વાળીને જોયું નથી. અને આવા કિસ્સાઓ બહાર આવ્યા પછી પણ ઉચ્ચ કક્ષાના અધિકારીઓએ પણ આવા દેખીતા બોગસ વ્યવહારોને માન્યતા આપવાના હુકમો કરવામાં પણ શરમ અનુભવી નથી. આના પરિણામે અનેક કિસ્સાઓમાં ફોજદારી ફરિયાદો થઈ છે અને કેટલીય ફરિયાદો પોલીસ પણ પોતાના ચોપડે ચડાવવામાં ગલ્લાંતલ્લાં કરી રહી છે તેવો તદ્દન અનૈતિક અને ભયંકર સ્વાર્થભર્યો માહોલ સમગ્ર કચ્છમાં આજે પ્રવર્તી રહ્યો છે.

કચ્છી પ્રજાની સાદગી અને સમયાનુસાર ઉપલબ્ધ સામગ્રીથી જીવન ચલાવવાનો ઉપક્રમ આ પ્રમાણે છે :

*શિયાળે શીરો ભલો, ને ઉનાળે ભલી છાસ,*
*ચોમાસે ભજિયા ભલા, ને ખીચડી બારેમાસ.*

મોટા ભાગની નવી પેઢીમાંથી છાસ અને ખીચડીએ વિદાય લીધી છે. તેનું સ્થાન પેપ્સી, કોલા અને મેગી જેવા જંક ફુડ્સે લીધું છે. ધૂમની સ્ટાઈલમાં હોન્ડા અને ચતુષ્ચક્રીઓ ચલાવવામાં હરદિન ક્યાંક ને ક્યાંક મોતનો માતમ છવાયેલો રહે છે.

સરકારી તંત્ર કેમ કામ કરે છે તેનો નમૂનો એક કવિના શબ્દોમાં આ મુજબ છે.

*કર્યા મૂલ્યાંકનો ખોટા, અધૂરી યોજનાઓ છે,*
*રૂપાળા આંકડા કેરી, બનાવી ઈન્દ્રજાળ છે;*
*તમારા મુખના ભાવો તમે કૃત્રિમ બનાવ્યા છે,*
*તમે પોતે બની જઈને, અમોને કાં બનાવો છો?*

ભ્રષ્ટાચારના ભવાડા બહાર ન આવતા હોય તેવો એકપણ દિવસ ઊગતો નથી કે આથમતો નથી. ઉચ્ચત્તમ ન્યાયતંત્રને પણ ભ્રષ્ટ કરવામાં કોઈ પાછું વળી જોવા તૈયાર નથી. શિક્ષણ જેવા પવિત્ર કાર્યને પણ વ્યવસાયનું સાધન બનાવાયું છે. અગાઉ કરશનદાસ માણેકના સમયમાં તો કેટલાક પ્રસંગોએ ભગવાનની આંખોમાં આંસુ આવતા હતા પરંતુ આજે તો ભગવાનના આંસુ પણ સૂકાઈ ગયા છે અને તેને પણ પસ્તાવાનો પાર નથી. તે એક કવિના શબ્દોમાં....

*હાય હું પસ્તાઉં છું, માનવીને મેં બુદ્ધિ આપી*
*જગનિયંત્રણની લગામ, માનવોએ નાખી કાપી;*

(અનુસંધાન : જુઓ પાના નં.-૨૮ ઉપર)

*સોનાની ચાર કસોટી છે : ઘસવાનું, કાપવાનું, તપાસવાનું તથા કૂટવાનું. એમ મનુષ્યની પણ ચાર કસોટી છે - સજ્જનતા, ગુણ, આચાર અને વ્યવહાર.*

# કચ્છના લોકો અને તેમની રહેણીકરણી

• પ્રમોદ જેઠી •

ભારત દેશની પશ્ચિમ દિશાએ આવેલ કચ્છપ્રદેશ અનોખો છે. આ પ્રદેશની બોલી, રહનસહન, પહેરવેશ, રીતભાત વગેરે અલગ છે. આમ જોઇએ તો ભારતભરમાં પોતાની વિશિષ્ટ છાપ ઊભી કરાવતા કચ્છ પ્રદેશના લોકો અને તેમની રહેણીકરણી વિશે થોડી જાણકારી મેળવીએ.

કચ્છની ધીંગીધરા અને તાકાતવર પાણી પીનાર કચ્છીએ ભારતમાં જ નહિ પરંતુ વિદેશમાં પોતાની શાખ કાઢેલ છે. કચ્છી ભાષામાં તાકાત છે. ટૂંકી છતાં સચોટ વાત કહેતી આ ભાષા ભારતનાં અન્ય રાજ્યની ભાષાથી અલગ તરી આવે છે.

**કચ્છ એ અર્વાચીન કાળમાં ટાપુ હતો. આ પ્રદેશમાં રહેનાર લોકો ભારતના અન્ય ભાગ સાથે બહુજ ઓછા સંપર્કમાં હતા.** આમ છતાં કચ્છ દક્ષિણે આવેલ દરિયાના હિસાબે વિદેશનાં આફ્રિકા, મલેશિયા, જંગબાર, એડન, ચીન સાથે વહાણો દ્વારા વેપાર અર્થે જોડાયેલ હતો. આથી કચ્છી વિદેશના ખૂણે ખૂણાનો જાણકાર અને સાહસિકવૃત્તિવાળો થયો. કચ્છની ઉત્તર બાજુએ રણ આવેલ છે. આથી રણમાં વસતાં લોકોની રીતભાત અલગ રહી છે. મોટેભાગે મુસ્લિમ પ્રજા જેમાં નોડે, રાયસીપોત્રા, મુતવા, બંભા, હાલેપોત્રા, રાયમા, જત વગેરે તથા હરિજન આ પ્રદેશમાં વસે છે. આ બધા પોતપોતાની આગવી શૈલીમાં જીવન વીતાવે છે. આ રણકાંઠાની વસતિના બે ભાગ છે — બન્ની અને પચ્છમ. સ્ત્રીઓ પહેરવેશમાં ઇજાર, કંજરી અને માથે ઓઢણી પહેરે છે. જ્યારે પુરુષ પોત તથા ખમીસ પહેરે છે. આ રણમાં ગરમી અતિશય રહેતી હોઇ કપડાં ખૂલતાં અને માથાને ગરમીથી રક્ષણ માટે ફાળિયું કે ફેંટો બાંધે છે. **પાણીની તંગી હોવાથી કપડાંના રંગ મેલખાઉ હોય છે.** રણની ગરમી અને કાંટાળા વિસ્તારમાં ચાલવાનું હોતાં પુરુષોના જોડા મજબૂત અને ચાંચવાળા જ્યારે સ્ત્રીઓ મજબૂત સપાટ (ચંપલ) પહેરે છે. રણમાં બીજા રંગ ઓછા જોવા મળે છે. જેથી તેઓ પોતાના પહેરવેશમાં ભડકીલા રંગ (લાલ-પીળો-લીલો) તથા કાચનાં આભલાંનો ઉપયોગ વિશેષ કરે છે.

**અહીંનું ભરતકામ વખણાય છે. લગ્ન પ્રસંગે દહેજ માટે આ ભરતકામની આપલે થાય છે.** સ્ત્રીઓ શણગારમાં ચાંદી તથા સોનાનાં દાગીનાં પહેરે છે. હાથમાં બલૈયા તથા પગમાં કાંબીઓ જ્યારે બંગડીઓ ચાંદીની પહેરે છે. અહીંનાં લોકોની જાતિ તેના પહેરવેશ પરથી ઓળખાય છે. હરિજનો આ લોકોની સાથે રહેતાં હોઇ તેમનું રહન સહન મુસ્લિમ લોકો જેવુંજ લાગે છે. પરંતુ સ્ત્રીઓનાં દાગીનાં જેવાં કે નાકમાં પહેરવાનો વીંઢો અને કાનનાં લટકણીયા પરથી જાતિ તફાવત જણાઇ આવે છે. મુસ્લિમ લોકોનો મુખ્ય વ્યવસાય પશુપાલન રહ્યો છે. જ્યારે સ્ત્રીઓ ઘરકામ ઉપરાંત ઉચ્ચ પ્રકારનું ભરતકામ પેચવર્ક જાણે છે. હરિજન પુરુષો લાકડા પર સારું એવું કોતરકામ તથા ચામડાની ચંપલો, બુટ, મોજડીઓ જેવી વસ્તુઓ બનાવે છે. પશુપાલકો ગાય ભેંસના દૂધ તથા ઘીનો વેપાર કરે છે. **અહીં વસતાં લોકોમાં શિક્ષણનું પ્રમાણ નહિવત છે પરંતુ દિલના દિલાવર છે.** તેઓના રહેવાના મકાન (ભુંગા) રણમાં ઊડતી રેતી તેમજ પવનથી બચવા નાના બનાવે છે. આ ભુંગા રણમાં જ ઊગતું એક પ્રકારનું ઘાસ (લાણીયારી) માંથી બનાવે છે. જે ટાઢ, તડકો ને વરસાદથી બચાવે છે. ભુંગાની અંદરની બાજુએ આરિસાના ટુકડાથી સુશોભિત લીંપણકામ, અનાજ રાખવાના કોઠલા, કપડાં તથા ગોદડાં રાખવા માટેના મંજૂસ પર માટીકામ કરી શણગારે છે. શરીરે છૂંદણા છૂંદાવી આહીર સ્ત્રીઓ સૌંદર્યમાં વધારો કરે છે. રોજબરોજ વપરાશમાં આવતી શીશી, ડબ્બાઓ, સિગરેટની પાકિટો, ફેંકી ન દેતાં ઘરનાં સુશોભનમાં ઉપયોગ કરે છે. આંગણા ચોખ્ખા અને લીંપણકામવાળા હોય છે. ખોરાક સાદો ઘઉં તથા બાજરાના રોટલા, રોટલી શાકભાજીમાં બટાટા, કાંદા, લીલાં મરચાં, મીઠું વગેરેનો ઉપયોગ કરે છે. અહીં શાકાહારી તથા માંસાહારી બન્ને જાતનો ખોરાક લેવાય છે. દૂધનો વધુ ઉપયોગ થાય છે.

**પાવર પટ્ટીમાં વસતી આહીર કોમની સ્ત્રીઓનો પોષાક રંગ રંગીલો છે.** ઘાઘરો, ચોલી અને ઓઢણીમાં લાલ રંગનો વધુ ઉપયોગ કરે છે. પુરુષો સફેદ ઇજાર (ચોયણો) તથા સફેદ કેડિયું કે ખમીસ, માથામાં મરૂન કે સફેદ રંગનો માફો (કપડાનો ટુકડો) બાંધે છે. આ લોકોનો મુખ્ય વ્યવસાય ખેતીનો છે. ખેતરમાં પિયત તથા વરસાદી પાક લે છે તેઓ ગાય ભેંસ પાળે છે. ઘી-દૂધનો વિશેષ ઉપયોગ કરે છે. અહીંના લોકો આળસુ તથા પ્રમાદિ છે. સ્ત્રી/પુરુષ બન્ને ખડતલ હોય છે. સ્ત્રીઓ સારું ભરતકામ કરે છે. થેલો, ઘાઘરા, તોરણિયા, પોપટ, બારસાંગિયા, તકિયાના કવર વગેરે બનાવે છે. નાની ઉંમરમાં લગ્ન થઇ જાય છે. જો કે છોકરી મોટી થાય પછી જ સાસરે વળાવે છે. ખોરાકમાં ઘઉં બાજરીના રોટલા/રોટલી શાકભાજી અને ખીચડી મુખ્ય હોય છે. પાકા મકાનમાં રહે છે. સાહસિક અને અશિક્ષિત છે. હાલમાં ટ્રાન્સપોર્ટના વ્યવસાયમાં વધુને વધુ જણા જોડાતા જાય છે.

**કચ્છના પૂર્વ વિભાગમાં વસતા લોકોમાં આહીર, રબારી, પટેલ, કોલી, પરાધિ, ગરાસિયા, દરબાર, (વાઘેલા) છે.** અહીંના પુરુષોના પહેરવેશમાં ઇજાર, પાટલુન, ખમીસ જ્યારે સ્ત્રીઓ, ઘાઘરો, ચોલી ને સાડી પહેરે છે. હાથ પગમાં કડલા, કાંબી તથા

*સાફ વાત કરવાવાળો ધોખેબાજ નથી હોતો.*

દાગીના અને હાથપગમાં છૂંદણાં છૂંદાવે છે. ખોરાકમાં બાજરાનો વિશેષ ઉપયોગ કરે છે. ઘી, છાસ, માખણ, દૂધનો વધુ ઉપયોગ કરે છે. ખેતીવાડી તથા ઘેટાં બકરાંનો ઉછેર કરે છે. કોલી, પરાધિઓ જંગલમાંથી મધ તથા ગુંદ એકઠું કરી વેચાણ કરી પોતાનું ગુજરાન ચલાવે છે.

**કચ્છના દક્ષિણ વિભાગમાં વસતા લોકોમાં જૈન, રબારી, ખત્રી, ખારવા, ભાટિયા, ગઢવી વગેરે છે.** જૈન લોકોનો પહેરવેશ આધુનિક હોય છે કારણકે તેઓ મોટેભાગે ધંધા અર્થે શહેરોમાં રહેતા હોય છે. જ્યારે રબારી લોકો પોતાનો પારંપારિક પહેરવેશ પહેરે છે. તેઓ કાચા મકાનમાં રહે છે. ઊંટ, ઘેટાં બકરાંનો ઉછેર તથા ઊનનો વેપાર કરે છે. સ્ત્રીઓ સારું ભરતકામ કરે છે. ખત્રી લોકો રંગાટનું કામ, બાંધણી, લુંગી, અજરખ વગેરે છપાઈનું કામ કરે છે. જ્યારે ખારવા વહાણો પર ખલાસીનો ધંધો કરે છે. તેઓ પરદેશમાં વેપાર ઘણા વર્ષોથી કરે છે. આફ્રિકા તથા આરબ દેશોમાં વેપાર તથા ધંધા અર્થે ઘણા જણા છે. આ વિસ્તારમાં પાણી છે. તેથી વાડીઓમાં ચીકુ, આંબા, સંતરા, કપાસ, સૂરજમુખી વગેરે પાક થાય છે. જૈન લોકોનું મોટામાં મોટું તીર્થધામ કોડાયમાં બૌંતેર જિનાલય તથા ભદ્રેશ્વર આ વિસ્તારમાં આવેલ છે. આ વિસ્તાર કંઠીપટ તરીકે જાણીતો છે.

**કચ્છના પશ્ચિમ વિભાગમાં ભણસારી, જૈન, જાડેજા, રાજપૂત, પાટીદાર તથા જત લોકો વસવાટ કરે છે.** ભણસારી (ભાનુસાળી) નો મુખ્ય વ્યવસાય વેપાર તથા ખેતીવાડી છે. પાટીદાર પટેલ ભારતના ખૂણે ખૂણે બેન્સાના વેપાર અર્થે ફેલાયેલા છે. જાડેજાઓ ખેતીવાડી કરે છે. પુરુષોના પોશાકમાં સુરવાલ, ખમીસ, માથે પાઘડી જ્યારે સ્ત્રીઓ ઓજલમાં રહે છે. જત મુસ્લિમ ધર્મ પાળે છે. નાકમાં સોનાનો વીંઢો પહેરે છે. આ લોકો ઊંટ ચારવાનો ધંધો કરે છે. ખેતરમાં મુલી કે રસ્તા પર મજૂર તરીકે પણ કામ કરતા હોય છે. આ વિસ્તારમાં નારાયણસરોવર, કોટેશ્વર, માતાનો મઢ, રામવાડા, ઉમિયામાતાજી, જૈન મંદિરો અંબા માતાજીના મંદિર જેવા યાત્રાધામો આવેલ છે. હિન્દુ તથા મુસ્લિમની એકતાના પ્રતીકસમા હાજીપીર વલ્લીની દરગાહ પણ અહીં આવેલ છે. આ વિસ્તારમાં ખોરાક તરીકે બાજરો, દાળ, ભાત શાકભાજી હોય છે.

- **ઉપસંહાર :**

આમ કચ્છી લોકો કચ્છમાં અલગ અલગ વિસ્તારમાં રહેતા હોવાથી તેમના પહેરવેશ પણ અલગ હોય છે. **આમ છતાં વાગડ સિવાય તેમની બોલી કચ્છી રહી છે.** વાગડમાં તથા આહીર રબારી લોકો ગુજરાતી બોલે છે. અહીં વસેલ તમામ કોમ બહારથી આવીને વસી છે. જેમ કે રાજપૂતો, લોહાણા, ભાટિયા, સિંધથી આવેલ છે તો રબારી બલુચિસ્તાનથી, આહીર મથુરાથી, હરિજન મારવાડથી અને બ્રાહ્મણો ગુજરાતથી આવેલા છે. દરેક કોમમાં કંઈને કંઈ વિવિધતા છે. કચ્છનો મુખ્ય વ્યવસાય ખેતીનો છે. આ ખેતી વરસાદ આધારિત છે. ભૂગર્ભનાં પાણીનાં તળ રોજ નીચાં જતાં રહે છે. **કચ્છમાં કુલ વસ્તી ૧૨ લાખની છે. જ્યારે બૃહદકચ્છ અને વિદેશમાં વસતા કચ્છીઓની સંખ્યા ૩૦ લાખ જેવી છે.** આમ કહી શકાય કે કચ્છીઓ કચ્છ કરતાં બહાર વિશેષ વસે છે. અહીં દરેક વાર તહેવારો નાતજાતનાં ભેદભાવ વિના ઉમંગથી ઉજવાય છે અને એ જ કચ્છની અસ્મિતા છે. ■

## અષાઢી બીજે અભિલાષા

(અનુસંધાન : પાના નં.-૨૫ ઉપરથી ચાલુ)

*માનવતા મરી પરવારી, નીતિતણું નામ નહીં,*
*ધર્મ ધરતી ગળી ગઈ, દયા જરાય રહી નહીં.*
*બનાવ્યા અણુબૉંબ, માનવ સંહારના કારણે,*
*હજુ કંઈ કંઈ બનાવશે, જગનીયંતાને બારણે;*
*નિયંત્રણ ગયું મારું, હવે હું પસ્તાઉં છું*
*જગતનો નાથ હું આજે અનાથ બની પસ્તાઉં છું.*

કચ્છની પ્રજાનો આ હારાકીરીમાંથી નવા વર્ષે ઉદ્ધાર થવાના દ્વાર ખૂલે એવી અપેક્ષા અને અભિલાષા સાથે કચ્છના તમામ અબાલવૃદ્ધોને નવા કચ્છી વર્ષની મુબારકબાદી.

*દિનમાન, જૂના વાસ, માધાપર,*
*તા. ભુજ, કચ્છ-૩૭૦ ૦૨૦.*
*ફોન : ૦૨૮૩૨-૨૪૦૧૩૮,*
*મો. ૯૮૨૫૪ ૫૩૯૫૧*

## ભારતીય સંસ્કૃતિની ઉદાત્તતા

જલિયાવાલાં બાગમાં જનરલ ડાયરે અચાનક અણધાર્યો ગોળીબાર કરીને કેટલાય નિર્દોષ ભારતીયજનોની હત્યા કરી હતી તે બાબતને ધ્યાનમાં રાખીને ભારતીય ક્રાંતિકારી ઉધમસિંહે ઘણા વર્ષો બાદ જનરલ ડાયરને લંડન ખાતે રિવોલ્વરથી ઠાર કરીને વેરનો બદલો વાળ્યો.

લંડનની અદાલતમાં આનો કેસ ચાલ્યો. બ્રિટિશ ન્યાયાધીશની સામે આ ભારતીય ક્રાંતિકારી યુવાન જ્યારે ગભરાટ વિના અનોખી અદાથી ઊભો હતો. એ દરમ્યાન લોકોની ભીડ ચીરતી એક આંગ્લ યુવતી દોડતી આવી અને ઉધમસિંહ સમક્ષ ઊભી રહીને પૂછવા લાગી, ‘તારી રિવોલ્વરમાં ત્રણ ગોળીઓ હતી. એમાંથી એક ગોળી ચલાવીને તેં જનરલ ડાયરની હત્યા કરી. તો બાકીની ગોળી તેં મારા પર શા માટે ન ચલાવી? અરે તારી પાસે છરી પણ હતી. તો એ છરીથી તેં મારી હત્યા શા માટે ન કરી?’ ઉધમસિંહ નજર ખેંચીને તે યુવતીને જોવા લાગ્યો. તો તેને ખબર પડી કે આ એજ યુવતી હતી કે જેણે પોતાને પોલીસના હવાલે કરી દીધો હતો!

ઉધમસિંહ બોલ્યો, ‘હું એક ભારતીય છું. ભારતીય સંસ્કૃતિ મારી રગેરગમાં વ્યાપેલી છે. ભારતીય સંસ્કૃતિ કોઈપણ નારી પર હાથ ઉઠાવવાની મના ફરમાવે છે. જો હું તમારા પર હાથ ઉઠાવું તો ભારતીય સંસ્કૃતિનો મેં દ્રોહ કર્યો કહેવાય. અને તે સાથે ભારતીય સંસ્કૃતિને કલંક લાગે. ભારતીય સંસ્કૃતિની નારી પ્રત્યેની આવી ઉદાત્ત ભાવનાથી હત્યા કોઈ સાચો ભારતીય કદી કરી શકે નહિ. આ કારણથી મેં તમારા પર ન તો ગોળી ચલાવી કે ન તો તમને છરી ભોંકી.’

આખી અદાલત ભારતીય સંસ્કૃતિની જીવંત મૂર્તિ સમાન આ યુવાનને જોઈ જ રહી.

***પ્રેષક : દિનેશચંદ્ર જે. શાહ - અમદાવાદ***

## ગરીબ

★ ગામડાંમાં, નગરમાં કે મહાનગરમાં જે લોકો ભૂખમરો, માંદગીમરો, ગંદકીમરો અને અપમાનમરો વેઠે એને ‘ગરીબ’ કહેવાય.

***— ગુણવંત શાહ***

*જ્ઞાનથી મોટું કોઈ સુખ નથી.*

# કચ્છની હસ્તકલા

• ક્યુરેટર, કચ્છ મ્યુઝિયમ •

કચ્છ એક જમાનામાં સમૃદ્ધ હતું. કચ્છમાં કલાના વિકાસમાં કચ્છના રાજવી રસ લેતા હતા. **કચ્છમાં કલાનો વિકાસ થયેલ છે તેને માટે મહારાવશ્રી લખપતજીનો ફાળો વિશેષ છે. ઉપરાંત મહારાવ શ્રી દેશળજી પણ કલામાં રસ દાખવતા હતા.** આમ કચ્છના રાજવી પોતાના અંગત શોખને પોષવા માટે હજારો કારીગરોને પોષતા હતા. રાજાશાહીના અંતથી આ બધા કારીગરોના ધંધામાં મંદી આવી ગઈ. અમુક કલાનો નાશ પણ થઈ ગયો જેવી કે, મીનાકામ, કમાંગરી ચિત્રકલા, આરીભરત, ચાંદીપર ઍબ્રૉઇડરીકામ વગેરે. જ્યારે અન્ય કલાઓ જેવી કે, બન્ની ભરતકામ, ચર્મકામ, બાંધણી, આહીર, રબારી, જત, જાતિનું ભરતકામ એ જનજીવન સાથે પારંપરિક રીતે વણાયેલ છે. લગ્નમાં લેતીદેતીના પ્રસંગે આવી અમૂલ્ય કલાનો ઉપયોગ થતો અને **આ કલાકારીગરીના કારીગરના હૃદયના ભાવ રજૂ થતા જેથી કલાના નમૂના અમૂલ્ય બનતા હતા.** આ હસ્તકલા ગ્રામ્ય જીવન પૂરતી જ સીમિત હતી. જે હવે બદલાવ આવ્યો છે. **છેલ્લા ૨૫ થી ૩૦ વરસથી કચ્છની આ ગ્રામ્ય કલાને વિદેશમાં પ્રખ્યાત કરવા માટે જેમનો મુખ્ય ફાળો રહ્યો છે તેમાં સર્વશ્રી મિસિસ પોસ્ટન, મિસિસ વેસપાલ, મિસિસ વીકી એલસન, મિસિસ હોરકો, મિસિસ નોરાફીશર, શ્રીમતી સુમતિબહેન મોરારજી, શ્રીમતી ચંદાબહેન શ્રોફ, શ્રીમતી પ્રભાબહેન શાહ, શ્રીમતી વિજયાબહેન કોટક, મિસિસ લોતીકા વધરાજન અને સ્વ. રામસિંહજીભાઇ રાઠોડ છે.** આ લેખકોએ કચ્છની કલાના ફોટોગ્રાફ લઇ પુસ્તકોના માધ્યમ દ્વારા દેશ વિદેશમાં પ્રખ્યાત કરી. અને આથી કચ્છની હસ્તકલામાં એક નવો વેગ આવ્યો. કચ્છની કલા અને કારીગરોને પોતાની નજરે જોવા માટે કચ્છમાં આવવાનો પ્રવાહ શરૂ થયો. સાથે ટીવી નેટવર્ક અને દૂરદર્શન તરફથી પણ આ કલાને કંડારવા કચ્છમાં ધામા નાખવાના શરૂ થયા અને તેને કારણે દેશ વિદેશમાં કચ્છની કલા પ્રખ્યાત થતી ગઈ. કચ્છની કલા સમૃદ્ધ છે અને જેના માટે દરેક કચ્છી ગૌરવ લઈ શકે તેમ છે. જે હસ્તકલાઓ લુપ્ત થવાના આરે છે તેના માટે દરેક કચ્છી પ્રયાસ કરે એવી અપેક્ષા રાખું છું.

## કચ્છની વિવિધ હસ્તકલાઓ

- ❖ આરીભરત (મોચીભરત)
- ❖ મીનાકામ ચાંદીકામ કચ્છ વર્ક
- ❖ કમાંગર ચિત્ર શૈલી
- ❖ કાષ્ટકલા
- ❖ માટીકામ
- ❖ ચર્મકામ
- ❖ લાખકામ
- ❖ ઘંટડી (ખરકી) કામ
- ❖ નમદાકામ
- ❖ રોગાનકામ
- ❖ બાંધણી, અજરખ, બાટીક કામ
- ❖ હાથ વણાટકામ
- ❖ બન્ની ભરતકામ
- ❖ આહીર ભરતકામ
- ❖ રબારી ભરતકામ
- ❖ સૂફ ભરતકામ

# સાચી સમજ

શ્રી રમણ મહર્ષિના સમયની આ વાત છે. એક વખત એસ્યમાલ નામના એક ભક્ત બહેને શ્રી રમણ મહર્ષિની છબીને એક લાખ બીલીપત્ર ચડાવીને પૂજા કરવાનો નિયમ લીધો અને પૂજા આરંભી પણ દીધી. પણ બન્યું એવું કે અડધા બીલીપત્ર ચડાવી દીધા પછી ઋતુ પરિવર્તનને કારણે બીલીપત્ર મળવા મુશ્કેલ બન્યા. હવે આ લાખ બીલીપત્રનો નિયમ પૂરો કરવા જાય તો ઘણા બધા મહિના પૂજા લંબાય. અંતે ભક્તે શ્રી રમણ મહર્ષિ સમક્ષ પોતાની મુશ્કેલી રજૂ કરી.

મહર્ષિએ જવાબ આપ્યો, 'પૂજા અધૂરી રહી અને બીલીપત્રો મળતા નથી કેમ? એક કામ કર, કેટલા બાકી છે?'

'ભગવાન, પચાસ હજાર.'

તો પછી વૃક્ષ ઉપરથી બીલીપત્રની માફક તારા શરીર પર એટલી ચૂંટીઓ ખણીને તારી અપૂર્ણ પૂજા પૂર્ણ કેમ નથી કરતી? કોઈ તારા શરીરે ચૂંટી ખણે તો દુઃખ થાય કે ન થાય કહે જોઈએ? એજ રીતે બીલીપત્ર ઝાડ પરથી લઈએ તો એને પણ શરીરે પીડા થાય કે ન થાય?

તો ભગવાન, પૂજાના આરંભે મને આ સમજણ આપે કેમ ન આપી?

અરે શું એટલી સમજણ આપવી પડે? ચૂંટી ખણવાથી જે રીતે માણસને દુઃખ થાય તેવી જ રીતે વૃક્ષને દુઃખ થતું હોય છે. એટલી સરળ વસ્તુ પણ મારે તને સમજાવવાની હોય? આવી સમજ તો આત્મસાત્ હોવી જ જોઈએ.

*ગુલાબચંદ ધારશી રાંભિયા*

*ચેકબુક એ ચોપડી નથી, પણ*
*ચોપડી 'ચેકબુક' છે;*
*અલબત્ત **cheque book** નહીં*
*પણ **CHECK BOOK.***

*મદનકુમાર અંજારિયા 'ખ્વાબ'*

*પુસ્તકોમાં પડેલી વિદ્યા તથા બીજા પાસે પડેલું ધન શા કામનું!*

# કચ્છના વન્ય પ્રાણી

● પ્રમોદ જેઠી ●

કચ્છમાં જોવાં મળતાં વન્યપ્રાણીઓમાં ખાસ સુરખાબ અને જંગલી ગધેડા (ઘૂડખર)ના આકર્ષણથી દેશ વિદેશના પ્રવાસી કચ્છમાં આવે છે.

## ● સુરખાબ :




કચ્છમાં સુરખાબ પક્ષી માળા બાંધે છે અને બચ્ચાંઓનો ઉછેર કરે છે. એ બાબતની સૌ પ્રથમ શોધનો યશ કચ્છના મહારાવશ્રી ખેંગારજી ત્રીજાને ફાળે જાય છે. ઇ.સ. ૧૯૦૪માં મહારાવશ્રીએ આ સુરખાબ પક્ષીઓના બનેલા માળાની તસવીર સોસાયટીના જર્નલમાં પ્રસિદ્ધ કરાવી હતી. બાદમાં ઇ.સ. ૧૯૩૬, ૧૯૩૯ બોમ્બે નેચરલ હિસ્ટરી સોસાયટીના ચાર્લ્સ મેડકેન જાતે કચ્છના મોટા રણમાં જઇ સુરખાબ અંગે માહિતી સભર લેખ જર્નલમાં પ્રકાશિત કરાવેલ હતો.

કચ્છના મહારાવ શ્રી વિજયરાજજી પ્રકૃતિપ્રેમી તથા પક્ષીપ્રેમી હતા. તેઓએ પક્ષીવિદ ડૉ. સલીમઅલીને કચ્છમાં સુરખાબના પ્રજનન વિશે માહિતી આપી બોલાવેલ તે વખતે ડૉ. સલીમઅલીએ રણની મુલાકાત લીધી અને તેણે એક લાખ ચોરસવારમાં સુરખાબના માળાઓ જોયા હતા. જેમાં અંદાજે ૨,૦૯,૫૧૬ મોટાં પક્ષીઓ અને ૬૯૦૦૦ નાની વયનાં બચ્ચાં જોયા હતા. આખા વિસ્તારમાં અંદાજે પાંચ લાખ સુરખાબ પક્ષીઓ હતાં. આ મુલાકાત વખતે સુરખાબ નગરની દક્ષિણ બાજુએ ઊલટી ચાંચ નામના (AV-OCET) જળચર પક્ષીની સંખ્યા પણ સારી એવી જોવા મળેલ હતી. આ એક નવી શોધ હતી. કારણકે એવું માનવામાં આવતું હતું કે આ પક્ષી ફક્ત શિયાળાની ઋતુમાં ભારત આવતું હતું પણ પ્રજનન અન્યત્ર કરતું હતું.

ઇ.સ. ૧૯૬૦માં ડૉ. સલીમઅલી બીજીવાર કચ્છનું રણ જોવા આવ્યા ત્યારે વાઇટ અથવા રોઝી પેલીકેન (ગુલાબી પેણ) ને ઇંડાં તથા બચ્ચાં સાથે જોયાં હતાં. ઇ.સ. ૧૯૭૪માં ડૉ. સલીમઅલીની ત્રીજી મુલાકાત હતી. આ વખતે તેમની સાથે શ્રી શિવરાજકુમાર ખાચર, શ્રી રામસિંહજી રાઠોડ રહ્યા હતા. તેઓએ હંજબેટ પર નાનાં સુરખાબને ઇંડાં સાથે બચ્ચાં પણ જોયાં હતાં. આ અંગે બર્ડસ ઓફ કચ્છ નામનું (અંગ્રેજીમાં) પુસ્તક ડૉ. સલીમઅલીએ પ્રસિદ્ધ કરેલું છે. આ સુરખાબના માળા રણનું પાણી છીછરું થાય ત્યારે હંજબેટની ચીકણી ભીંની માટીથી બનાવવામાં આવે છે. જૂના માળાને પણ દુરસ્ત કરીને પણ તૈયાર કરે છે. આ સુરખાબ ગારા તથા પાણીમાંથી ખોરાક મેળવે છે. વરસાદનું પાણી અને દરિયાનું ખારું પાણી ભેગું થતાં તેમાં 'જીંગા' નામની વિશિષ્ટ પ્રકારની માછલી થાય છે. જે સુરખાબનો પ્રિય ખોરાક છે. આ સુરખાબ ઇરાનથી આવે છે. કચ્છના મોટા રણ તથા નાના રણમાં આ સુરખાબ જોવા મળે છે. ક્યારેક માંડવીના દરિયાકિનારે તથા માંડવીના ટોપણસરમાં કંડલાની ખાડીમાં, જખૌ બંદરે છૂટા છવાયા જોવા મળે છે. આ સુરખાબ સામાન્ય રીતે જુલાઇ ઓગસ્ટથી સપ્ટેમ્બર ઓક્ટોબર સુધી માળા બનાવવા શરૂ કરે છે.

આ ઉપરાંત મોટી સંખ્યામાં રીવર્ટન, વા બગલીઓ, પાન બગલીઓ, ડેઝર્ટક્રાસર, ઇન્ડિયન ક્રોર્સર, બટેર, તેજપર, ખલીલી ગડેરા, જળહર, ધોમડા, સપર્ણગ્રવા, હેરોન, ચમચા, વિવિધ જાતના બગલા, ભગતડા, પેલીકેન્સ, જળમુરઘા, ગજપાંઉ, ઊલટીચાંચ જેવી **અંદાજે ૩૦૦ જેટલી વિવિધ જાતનાં પક્ષીઓ કચ્છના નાના રણમાં જોવા મળે છે.** આ સાથે વિવિધ જાતનાં બાજ શિકારી પક્ષીઓ, રણ ચીબરી, ઘુવડ, સમડી, ગીધ રાજગીધ, ગરૂડ, સાંઢા, સાપ સરિસૃપો પણ દેખાય છે. ઉપરાંત લપાઇને ફરતાં જાનવરોમાં ડેઝર્ટ કેટ, ડેઝર્ટ ફોકસ, લોંકડી, શિયાળ, નાર, છીંકારા, કાળિયાર, નીલગાય, જંગલી સુવર, સાંયળી, શેળા, નોળિયા, જેવા વન્ય પ્રાણીઓ નાના રણમાં પોતાનું જીવન વ્યતિત કરે છે.

## ● ઘૂડખર :



**આ વિશિષ્ટ પ્રકારનું પ્રાણી, નહીં ગધેડો અને નહીં ઘોડો એવું આ મિશ્ર પ્રાણી ઘૂડખર કહેવાય છે. આ પ્રાણી ભારતમાં બે જ જગ્યાએ જોવા મળે છે. એક લડાખ અને બીજું કચ્છના નાના રણમાં.** આ નાના રણમાં જ્યાં દૃષ્ટિ પહોંચે ત્યાં સુધી સપાટ ખારા પાટ દેખાય છે. ઉનાળામાં સૂસવાટ મારતી રેતીની ડમરી અને દૂર દૂર દેખાતાં મૃગજળ, ચોમાસામાં પાણીનાં હિલોળા લેતો છીછરો દરિયો. આ નાના રણમાં શિયાળામાં પક્ષીઓનો મેળો ભરાય છે. કચ્છનું નાનું રણ ભારતની પશ્ચિમ સરહદે

(અનુસંધાન : જુઓ પાના નં.-૩૫ ઉપર)

*જે ધન પ્રત્યે આસક્તિ રાખે છે, તે સત્ય બોલી શકતો નથી.*

(પ્રકરણ-૧૦) કચ્છમાં જૈન સંસ્કૃતિ એક દૃષ્ટિપાત

# જૈન સાહિત્યના કેળવણીકાર અને પ્રચારકો

• ડૉ. નીતા ઠાકર •

## (૧) પ્રો. રવજી દેવરાજ :-

કચ્છનાં જૈન પંડિત રત્નોમાં પ્રો. રવજી દેવરાજ વિશેષ ઉલ્લેખનીય છે. તેઓ કોડાયના હતા અને પ્રખ્યાત શાહ સોદાગર શા. કલ્યાણજી ધનજીના નાના થાય. તેઓ હેમરાજભાઈના હાથ નીચે સદાગમ પ્રવૃત્તિ સંસ્થામાં તૈયાર થયેલા અને વધુ અભ્યાસ અર્થે કાશી પણ ગયેલા. **તેમણે જૈન આગમ 'આચારાંગ સૂત્ર'નો ગુજરાતી અનુવાદ કર્યો હતો.** જે ઈ.સ. ૧૯૦૨માં છપાયો હતો. આ ગ્રંથની બે આવૃત્તિ તે સમયે જ થઇ હતી. એ હકીકત આ ગ્રંથની ઉપયોગિતાની સૂચક છે. **સંસ્કૃત શિક્ષણ માટે તેમણે પાઠ્યપુસ્તિકાઓ તૈયાર કરી હતી.** સંસ્કૃતમાં કાવ્યરચનાઓ પણ કરેલી જે અપ્રગટ જ રહી જવા પામી છે. 'શતપદી ભાષાંતર', 'સદ્‌ગુણ પ્રશંસા' વગેરે પુસ્તકો એમણે લખ્યાં છે.

## (૨) શ્રી ભીમશી માણેક :-

૧૯મી સદી દરમ્યાન કચ્છનાં એક સપૂતે પોતાનું સમગ્ર જીવન, ધર્મ અને તત્વજ્ઞાનની પ્રાચીન હસ્તપ્રતોની જાળવણી, સંપાદન, મુદ્રણ અને પ્રકાશનમાં સમર્પી દીધું. તે હતા કચ્છના અબડાસા વિભાગના મંજલ ગામના શ્રાવક ભીમશી માણેક. જ્યારે ભારતમાં મુદ્રણકળાનો હજી બાલ્યકાળ હતો ત્યારે દીર્ઘદૃષ્ટા ભીમશી માણેક મુદ્રણનું મહત્ત્વ સમજતા હતા. **તેમણે જો તે વખતે ધર્મના પવિત્ર સમૃદ્ધ સાહિત્યને વ્યવસ્થિત રીતે, યોગ્ય સંપાદન કરી પ્રકાશિત ન કર્યું હોત તો કોણ જાણે કેટલું બધું વિરલ સાહિત્ય ક્યાંય વિલિન થઇ જાત!** એમણે આ ભગીરથ કાર્ય પાછળ પોતાની જાત ઘસી નાખી.

ઈ.સ. ૧૮૬૫માં ભીમશીભાઈએ મુન્દ્રાના પોતાના મિત્ર કલ્યાણજીને પોતાની સાથે લીધા. કલ્યાણજીભાઈને જૈન ધર્મની મહત્ત્વની હસ્તપ્રતો એકઠી કરવાનું કામ સોંપ્યું. અંધકારમાં પડેલા એ અમૂલ્ય ખજાનાની શોધમાં કલ્યાણજીભાઈએ ગુજરાત, રાજસ્થાન અને વારાણસીનો પ્રવાસ કર્યો. તે વખતે દશ હજાર રૂપિયા જેવી માતબર રકમ ચૂકવી ઘણી હસ્તપ્રતો અને ગ્રંથો લાવ્યાં. **એમ માનવામાં આવે છે કે ધર્મના પવિત્ર શાસ્ત્રોનું પ્રકાશન કરનાર ગુજરાતભરમાં ભીમશી માણેક પ્રથમ હતા.** સૌપ્રથમ એમણે 'પ્રકરણ રત્નાકર'ના ચાર ભાગના પ્રકાશન માટે રૂપિયા એક લાખનો ખર્ચ કર્યો હતો. જેનો પ્રથમ ભાગ મુંબઈના ખ્યાતનામ નિર્ણયસાગર પ્રેસમાં છપાયો હતો અને ઈ.સ. ૧૮૭૬માં પ્રકાશિત થયો હતો. એ ગ્રંથની પ્રસ્તાવનામાં જ્ઞાનપિપાસુ શ્રાવક ભીમશી માણેક લખે છે : 'પ્રિન્ટિંગ પ્રેસનું મૂલ્ય ઓછું ન આંકવું જોઈએ. પ્રાચીન વિદ્વાનો તથા આચાર્યોના સમૃદ્ધ વારસાની જાળવણી, પ્રચાર અને પ્રસાર મુદ્રણ દ્વારા જ શક્ય બનશે. જેઓ આ પ્રવૃત્તિનો વિરોધ કરે છે. તેઓ અજ્ઞાન અથવા મૂર્ખ છે.' તે સમયમાં જૂનવાણી સંકુચિત મનોવૃત્તિવાળા રૂઢિવાદીઓ અને સ્થાપિત વ્યવસ્થાઓ તરફથી આવી પ્રવૃત્તિનો વિરોધ થાય તે સ્વાભાવિક હતું.

ઈ.સ. ૧૮૭૭માં એમણે 'પ્રકરણ રત્નાકર'નો બીજો ભાગ, ઈ.સ. ૧૮૭૮માં ત્રીજો ભાગ અને ઈ.સ. ૧૮૮૧માં ચોથો ભાગ પ્રસિદ્ધ કર્યો હતો. ચારે ભાગનું સંપાદન ભીમશી માણેકે પોતે કર્યું હતું અને મુંબઈના નિર્ણયસાગર પ્રેસમાં છપાયા હતા. આ ગંજાવર કામની સાથોસાથ એમણે 'પાંડવ ચરિત્રનું બાલવબોધ', 'સાર્થ પ્રતિક્રમણ સૂત્ર', 'વિવિધ પૂજા સંગ્રહ', 'સુયદંગાસૂત્ર' વગેરે પુસ્તકોનું પ્રકાશન પણ કર્યું હતું. **ધર્મના પવિત્ર શાસ્ત્રો અને ગ્રંથોનું પ્રકાશન ન કરવા માટે જૂનવાણીઓ તરફથી ભીમશી માણેક ઉપર દબાણ થયું પણ એમણે એકલે હાથે આવી ઉમદા પ્રવૃત્તિ કરવા કમ્મર કસી હતી.** આવા ધૂરંધર શ્રાવક ભીમશી માણેકે લગભગ ૩૦૦ જેટલાં પુસ્તકોનું પ્રકાશન કર્યું હતું. ઈ.સ. ૧૮૯૧માં એમનું દેહાવસાન થયું પરંતુ જૈન સાહિત્યના એક જાળવણીકાર તરીકે હંમેશને માટે તેમનું સ્થાન વિશિષ્ટ રહેશે.

## (૩) શા મેઘજી હીરજી :-

જખૌ (તા. અબડાસા) ના કચ્છી દશા ઓસવાળ શા મેઘજી હીરજીએ પણ જૈન સાહિત્યના પ્રચાર અને પ્રસાર માટે અદ્‌ભુત કાર્ય કરેલ છે. સંવત ૧૯૬૧ (ઈ.સ. ૧૯૦૫)માં તેમણે મુંબઈમાં મેઘજી જૈન પુસ્તક ભંડારની સ્થાપના કરી. તે પહેલાં તેઓ દહેરાસરના ઓટલે બેસીને પુસ્તકો વેચતા હતા. ઈ.સ. ૧૯૦૫માં ગોડીજી જૈન દહેરાસરના દ્વારના મકાનમાં આ હેતુ માટે તેમને જગ્યા આપવામાં આવેલ. તેમના વ્યવસાય સંદર્ભે તેમની અટક બુકસેલર તરીકે સ્થાપિત થઇ હતી. તેમના પછી તેમનો પુત્ર અને ભાણેજ આ સંસ્થા ચલાવે છે. **પુત્ર મણશી ગુજરી જતા હવે ૧૦૦ વર્ષથી ચાલતી આ સંસ્થા કેતન મણશી ચલાવે છે.** પુસ્તક ઉપરાંત પૂજાને લગતા સાધન પણ અહીં વેચાય છે. આમ જૈન ધર્મના પ્રચારાર્થે અને લોકોને જૈન સાહિત્યમાં રસ લેતા કરવા માટે ઉત્તમ કાર્ય શા મેઘજી હીરજીએ કર્યું છે. તેની આ પ્રશંસનીય કામગીરીનું 'કચ્છ મિત્ર' વર્તમાનપત્રમાં 'મુંબઈજી ગાલ' કોલમમાં શ્રી કનૈયાલાલ જોષીએ યોગ્ય મૂલ્યાંકન કર્યું છે.

આ સંસ્થાને ૧૯૯૭માં આચાર્ય શ્રી ભદ્રગુપ્તસૂરિ મહારાજ સાહેબના પુસ્તકનું સૌથી વધુ વેચાણ કરવા માટે વિશ્વકલ્યાણ પ્રકાશન ટ્રસ્ટ - મહેસાણા તરફથી સુવર્ણચંદ્રક અપાયો હતો. જે નોંધનીય છે.

*બુદ્ધિમાન વર્તમાન સમય પ્રમાણે જ કામ કરે છે.*

● **જૈન ધર્મના આંતરરાષ્ટ્રીય પ્રચારક શ્રી ફતેહચંદ લાલન :-**

મૂળ જામનગરનાં પણ કચ્છ માંડવીમાં વસવાટ કરતા વીસા ઓસવાળ જૈન કુટુંબમાં ફતેહચંદનો જન્મ તા. ૧-૪-૧૮૫૭ ના રોજ માંડવી મુકામે થયો હતો. પિતા કપૂરચંદ જેરામ અને માતા લાધીબાઇ હતા. ફતેહચંદના ધર્મપત્નીનું નામ મોંઘીબાઇ અને પુત્રનું નામ ઉજમ હતું. (શ્રી આત્માનંદજી દ્વારા લખાયેલ અને સંપાદિત થયેલ અને શ્રી સત્શ્રુત સેવા સાધના કેન્દ્ર કોબા દ્વારા પ્રકાશિત 'અર્વાચીન જૈન જ્યોતિર્ધરો' નામના પુસ્તકમાં ફતેહચંદ લાલન વિશેની વિગતો આપવામાં આવેલ છે તેમાં તેમની માતાનું નામ મોંઘીબાઇ જણાવેલ છે. અને પત્ની જે જેઠાભાઇ હંસરાજની પુત્રી - તેનું નામ પણ મોંઘીબાઇ દર્શાવેલ છે. અને તેમને એક દીકરી જન્મેલ જેનું નામ ઊજમ રાખેલ જેને શિહોરમાં પરણાવેલ પણ થોડાજ સમયમાં તેનું અવસાન થયેલ.) **પંડિત ફતેહચંદે પોતાની કારકિર્દીની શરૂઆત મુંબઇમાં ધર્મશિક્ષક તરીકે કરી હતી અને શિકાગોની વિશ્વધર્મ પરિષદમાં ભાગ લીધો હતો. અમેરિકામાં સાડા ચાર વર્ષ રહી જૈનધર્મ વિશે સુંદર પ્રવચનો આપ્યાં હતાં.**

પંડિત લાલને 'મહાવીર બ્રધર હૂડ' નામે અમેરિકામાં સંસ્થા સ્થાપી. જેના પ્રમુખ હરબર્ટ વૉરન હતા અને મંત્રી એલેક્ઝાંડર ગોરડન હતા. અને ત્રીજા શ્રી જે.એલ. જૈની હતા. ઇ.સ. ૧૯૦૧માં લાલન ભારત પાછા આવ્યા અને ઇ.સ. ૧૯૩૬માં ફરી તેઓ આચાર્ય વિજયવલ્લભસૂરીશ્વરજીની પ્રેરણાથી વિશ્વધર્મ પરિષદમાં ભાગ લેવા ઇંગ્લેન્ડ ગયા. ત્યાં સાત માસ રહી જૈન ધર્મના સિદ્ધાંતો સમજાવ્યા હતા.

અનેક ભાષાઓના જાણકાર અને તત્ત્વચિંતક તરીકે પંડિત ફતેહચંદ લાલને દેશ પરદેશમાં પ્રખ્યાતી મેળવી હતી. એમનું પુસ્તક 'ગો સ્પલ ઓફ મેન' ખૂબ પ્રસિદ્ધ પામ્યું હતું. એમણે ૨૬ પુસ્તકો લખ્યાં છે. (૨૪ પુસ્તકો ગુજરાતીમાં અને ૨ પુસ્તક અંગ્રેજીમાં) જેમાં 'દિવ્યજ્યોતિ દર્શન', 'માનવગીતા', 'સમાધિશતક' વગેરેનો સમાવેશ થાય છે. 'સમાધિશતક'નું અંગ્રેજી ભાષાંતર હરબર્ટ વૉરને ઇ.સ. ૧૯૧૪માં પ્રસિદ્ધ કર્યું હતું. 'ભાષણકાર' એ શીર્ષકનું વક્તૃત્વકળા વિશેનું ત્રણખંડમાં વહેંચાયેલું એમનું પુસ્તક એમના અધ્યયનની ગહનતાનો પરિચય આપે છે.

**પંડિત લાલન પોતાના જ્ઞાનને લીધે પોતાના સમય કરતાં ઘણા આગળ હતા. તેથી રૂઢિચુસ્તો સાથે એમને ભારે સંઘર્ષમાં આવવું પડેલું. એમને સંઘ બહાર કાઢવાની હીલચાલ પણ થયેલી.** પાતંજલ અને જૈનયોગનો સમન્વય એ એમના ચિંતનનો મુખ્ય વિષય હતો. તા. ૭-૧૨-૧૯૫૩ ના રોજ ૯૬ વર્ષની વયે પંડિત ફતેહચંદ લાલન જામનગર મુકામે સ્વર્ગવાસી થયાં. કચ્છના ગૌરવ સમાન પંડિત ફતેહચંદ લાલનનું એક વિશિષ્ટ વ્યક્તિ તરીકે હંમેશને માટે ઇતિહાસમાં સ્થાન રહેશે.

કચ્છમાં શ્રેષ્ઠીઓએ પ્રજાકલ્યાણ અર્થે જે દાન કર્યું છે તે યોગ્યદિશામાં વપરાય એ માટે જૈનમુનિઓ તેમના પથદર્શક બન્યાં છે. જેમકે માંડવીમાં મુંબઇથી શ્રી મેઘજી શેઠ પોતાના મોટા પુત્ર શિવરાજભાઇની યાદગીરીરૂપે કંઇક કરવા માંગતા હતાં. તેને મુનિશ્રી કલ્યાણચંદ્રજીએ માર્ગદર્શન આપતા કહ્યું કે, **'આખા કચ્છમાં કોઇપણ જૈન સંસ્કૃત પાઠશાળા નથી. માટે જો એક જૈન પાઠશાળા ખોલવામાં આવે તો તે અનેક રીતે ઉપયોગી થઇ શકે.** તમામ દાનોમાં જ્ઞાનદાન વિશિષ્ટ છે. વળી આ વખતે તો આપણા સંપ્રદાયમાં પણ દસ બાર સાધુઓ અભ્યાસ કરવા તૈયાર છે. ઉપરાંત બીજા પણ ઘણા વિદ્યાર્થીઓ આ સંસ્થાનો લાભ લેશે.' શ્રી મેઘજીશેઠે મુનિશ્રીની વાત સ્વીકારી પોતાના મકાનમાં પાઠશાળા શરૂ કરી. અને કાલાવડવાળા લક્ષ્મીશંકર શાસ્ત્રીને બોલાવ્યાં. પણ તેમના પુત્રને કચ્છમાં ન ફાવતા તેઓ પાછા જતા રહ્યા. તેથી બનારસથી પંડિતને બોલાવ્યા અને ૮૦/- રૂપિયા પગાર આપવાનું નક્કી કરી તેના જ્ઞાનનો લાભ લીધો હતો. જે નોંધનીય છે.

● **પત્રી (કચ્છ)નાં વિકાસમાં શ્રી ટોકરશી લાલજી કાપડિયાનું પ્રદાન :-**

કચ્છનાં કંઠી વિસ્તારના પત્રી ગામે વીસા ઓસવાળ જૈન કુટુંબમાં ૧૯મી જાન્યુ. ૧૯૧૬ના રોજ જન્મેલા શ્રી ટોકરશી લાલજી કાપડિયા (ધરોડ) નો ફાળો પણ મહત્ત્વનો રહ્યો છે. વિદ્યાર્થીજીવન દરમ્યાન પત્રીના પુસ્તકાલય, રાત્રિ - પાઠશાળા અને હરિજન સેવાના સત્કાર્યોમાં તન-મનથી જોડાઇ ગયા હતા. પછી તેઓ મુંબઇ અને ત્યાંથી વ્યવસાય અર્થે બર્મા ગયા. ત્યાં આર્થિક ભંડોળ એકઠું કરી પત્રીમાં 'હરિજનશાળા' માટે મોકલ્યું હતું. **ખાદીના તો તે ચુસ્ત આગ્રહી હતા.** બીજા વિશ્વયુદ્ધ સમયે ઇ.સ. ૧૯૪૨માં બર્મા છોડીને તેઓ પત્રી આવ્યા. અહીં તેમણે ખાદી પ્રવૃત્તિ શરૂ કરી. **આ ઉપરાંત પત્રી ગામમાં 'જૈનહિતવર્ધક સમાજ'ને 'પત્રી સર્વોદય સમાજ'માં પરિવર્તિત કરી એની સેવા દરેક કોમ સુધી ખાસ કરીને હરિજન લોકો સુધી પહોંચાડી. પત્રીમાં ગાંધી વિદ્યાલયનું પણ નિર્માણ કર્યું. પત્રીના વિકાસ માટે બાગ, કૂવો અને ખેલકૂદ માટેની વ્યવસ્થા, બાલમંદિર, કન્યાશાળા, વાંચનાલય, બસ સ્ટેશન ઇત્યાદિની સુવિધા ઊભી કરી. ખૂટતી કડીરૂપ સીવણ વર્ગ અને દવાખાનાઓનું નવસર્જન કર્યું.** થોડા વર્ષો બાદ તેઓ હૈદ્રાબાદ ગયા. ત્યાં પણ તેમની સેવાપ્રવૃત્તિ પ્રશંસનીય રહી હતી. ૧૬મી માર્ચ ઇ.સ. ૧૯૯૬માં હૈદ્રાબાદ મુકામે તેમનું અવસાન થયું. ખરેખર કચ્છનાં જૈનોનો વતનપ્રેમ ઉત્કૃષ્ટ જણાય છે.

*(ક્રમશઃ)*

(પ્રકરણ-૧૩)

ઝારાનો ભીષણ સંગ્રામ

# ઝેરનો કટોરો

• ઠાકરશી પુરુષોત્તમ કંસારા •

મોથાળામાં શ્રીરાધા-કૃષ્ણના મંદિરના આંગણાના ચોગાનમાં કેટલીક સ્ત્રીઓ તથા બાળાઓ ભેગી થઇ હતી. થોડીક ઓટલા પર બેઠી હતી. કોઇક મંદિરના અંદરના ખંડમાં આવજા કરતી હતી. સાંજ ટાણું થવા આવ્યું હતું, પણ ઠાકોરજીની સંધ્યા-આરતી થવાને હજી વાર હતી. આજે અગિયારસ હતી. મોથાળા ગામની બ્રાહ્મણ, વૈષ્ણવ, વણિક, લોહાણા તથા બીજી ઉચ્ચ કોમની સ્ત્રીઓ તેમજ ખેડૂત વર્ગની સ્ત્રીઓ તથા બાળાઓ આરતી થયા પહેલાં રાસ-ગરબા ગાવા માટે મંદિરના ચોગાનમાં ભેગી થઇ હતી. થોડાં નાનાં બાળક પણ હતાં. મંદિર ગામની વચ્ચે આવેલ હતું. પૂજારી મંદિરના વિશાળ ચોકની એક બાજુએ આવેલ એક ઓરડીમાં રહેતો હતો. એ નિજ-મંદિરમાં આરતી પહેલાંના વિધિમાં રોકાયો હતો.

થોડાંક બૈરાં તથા મોટી ઉંમરની કન્યાઓની વચ્ચે ઓટલા પર સોના બેઠી હતી. એણે સાદાં કપડાં પહેર્યા હતાં, પણ એનું લાવણ્ય ઓછું થયું ન હતું અને ગોરી તથા બીજી સ્ત્રીઓથી જુદી તરી આવતી દેખાતી હતી. પહેલાં એણે થોડી છોકરીઓ પાસે બેસીને એમને થોડાક ગરબા શીખવ્યા અને પછી વધુ બૈરાં આવ્યાં ત્યારે મંદિરના ચોકમાં રાસ-ગરબા ગાવાનું ચાલુ થયું. સોનાનો સાદ પણ મીઠો હતો. ગળું મધુર હોવાથી એ જે રાસડા ગાતી તેના સૂર ચોખ્ખા તથા હલક-ભરેલા મનોરંજક તથા આહલાદક હતા. એણે પહેલો રાસડો ઉપાડ્યો :

*'કરસનજી વનમાં ચારે ધેન, વગાડે રૂડી વાંસળી રે લોલ...!'*

બીજી સ્ત્રીઓએ તથા છોકરીઓએ રાસડામાં સૂરો પુરાવ્યા અને લગભગ એક ઘડી સુધી એ રાસડાના સૂર હવામાં ગુંજી રહ્યા. ત્યાર પછી એણે 'ગોકુળ આવજોને, માવા!' 'ઓધવજી! કહો, હરિ કેમ ના'વ્યા' તથા 'ઓધવજી! સંદેશા કહેજો શ્યામને' વગેરે ગોપિકાગીતો ગાયાં, જેના સૂર સૌ સ્ત્રીઓએ ઝીલીને રંગત જમાવી. થોડી વારે મંદિરમાં આરતી ચાલુ થઇ. સંધ્યા-આરતી પૂરી થયા બાદ થોડાંક માણસ આવ્યાં હતાં તેઓ આરતીની આશકા લઇને બહાર ગયા અને કેટલીક સ્ત્રીઓ મંદિરમાં થોડી વાર કીર્તન કરવા માટે રોકાઇ. થોડી વારે કીર્તન પૂરાં થયાં એટલે સૌ સ્ત્રીઓ પોતપોતાને ઘેર જવા માટે નીકળી. સોના પણ એક બે સ્ત્રીઓ સાથે ગામને એક છેડે આવેલ ફળિયામાંના પોતાના ઘર તરફ જવા વળી. અંધારી અગિયારસ હતી તેથી રસ્તા પર તથા ફળિયામાં અંધારું હતું. સોના ઘર પાસે પહોંચી ત્યારે હજી એકાદ સ્ત્રી એની પાછળ હતી. એટલામાં બુકાનીધારી બે આદમી ફળિયામાં આવ્યા. **સોના ઘરને વાસેલ તાળું ખોલીને ઘરની અંદર પ્રવેશવા જતી હતી તે વખતે ઓચિંતાં એક જણે એના પર હૂમલો કર્યો.** એક જણે એના બે હાથ પકડી રાખીને એના મોંમાં ડૂચો ખોસી દીધો અને એને રાડો પાડતી અટકાવી. બીજા જણે એને કેડથી પકડી અને બંને જણે એને ઘસડીને શેરીને નાકે એક ઘોડો બાંધેલ હતો તેના પર નાખી. એક જણ એ ઘોડા પર ચડી બેઠો અને સોનાને મજબૂત રીતે પકડી રાખીને ઘોડો ત્યાંથી દોડાવીને પૂર્વ તરફ નાઠો. બીજો જણ થોડે છેટે ઘોડો બાંધ્યો હતો તે પર બેસીને નાઠો. સોનાની પાછળ આવતી સ્ત્રીઓએ આ જોયું અને રાડો પાડવા લાગી, પણ નજીકમાં કોઇ માણસ ન હતું. હરામખોરો અંધારામાં નાસી ગયા.

થોડી વારે ગામના કેટલાક પુરુષ ત્યાં પહોંચી આવ્યા અને મંદિર પાસે તથા આજુબાજુ ગામના પાદર સુધી તપાસ કરી આવ્યા. એકાદ જણે ખબર આપ્યા કે બે ઘોડાઓને અંધારામાં ઉગમણી તરફ સવાર સાથે દોડી જતા દૂરથી જોયા અને એઓ સોનાનું અપહરણ કરી ગયા. ગામમાં કેટલાકે સાંભળેલ કે સોના એક વખત પૂંજા શેઠની રખાત હતી. ગામમાં બીજે ક્યાંયથી લૂંટ થઇ ન હતી અને સોના પાસે કાંઇ બહુ મિલકત હોય એમ લાગતું ન હતું તેથી પૂંજા શેઠનો કોઇ દુશ્મન સોનાનું અપહરણ કરીને ભુજ તરફ નાઠો હશે એમ કેટલાકે અનુમાન કર્યું. મોથાળા-જાગીરદારને પણ ખબર અપાયા. મોથાળા-જાગીરદારે ભુજ પૂંજા શેઠને ખબર દેવા માટે બીજે દિવસે સવારે એક ઊંટ સવારને ભુજ મોકલ્યો.

**રાતના દસેક વાગ્યા વખતે સોનાને ભુજમાં એક મકાનમાં લાવવામાં આવી.** એ અર્ધબેહોશ હાલતમાં હતી. એને મોથાળેથી ઉઠાવી લાવનાર બે જણમાંથી એક મહારાવનો માનીતો અમીરબેગ હતો, બીજો એનો નોકર હતો. અમીરબેગે સોના પર ત્યાં અત્યાચાર ગુજાર્યો અને મોડી રાતે મધરાત વખતે એને પૂંજા શેઠને જ્યાં પૂરવામાં આવ્યો હતો ત્યાં એ બંદીખાનામાં લાવવામાં આવી.

માણસના ચિત્તનો કોઇ વાર શેતાન કબજો કરી લેતો હોય એમ લાગે છે. બહુ સારો માણસ પણ કોઇ વાર કઠોર હૃદયનો બને છે, એટલું જ નહિ, પણ કોઇ વાર કોઇ માણસ પિશાચ જેવું વર્તન પણ કરે છે. એની હિંસક વૃત્તિ અથવા વેરની લાલસા અથવા કોઇ વાર કંઇ વેર ન હોય તો પણ આસુરીવૃત્તિ-નિર્દયપણું જોર કરી આવતા હોય છે. માણસ આવેશમય બને છે, એટલું જ નહિ, પણ ઘોર કૃત્ય કરતો હોય અને એ

*જે વ્યક્તિ અવસર પ્રમાણે, પોતાની ગરિમા પ્રમાણે બોલે છે, - તે જ વ્યક્તિ મહાન છે.*

વખતે એની કાયામાં બીજા કોઇ જીવે પ્રવેશ કર્યો હોય એવું લાગે. આવેશમાં કોઇ અદૃશ્ય શક્તિનો પ્રેર્યો એ હિંસક અથવા બીભત્સ કૃત્ય કરતો હોય એવું લાગે. માણસ કોઇ વાર નિર્દોષ વ્યક્તિ પર અત્યાચાર કરતો હોય છે અને આખી જિંદગી સુધી અત્યાચારો તથા બીજા પાપ કરતો રહે છે. કોઇ અભાગી વ્યક્તિ નિષ્પાપ હોવા છતાંયે જીવન પર્યંત અત્યાચારો અથવા તકલીફોનો ભોગ બન્યા કરે છે ત્યારે ભગવાન અથવા આ જગતનો સર્જનહાર તથા કહેવાતો સર્વશક્તિમાન જે હોય તે જાણે અંધ બહેરો અને અપંગ બની ગયો હોય એવું લાગે. આનું કારણ રહસ્ય સમજાતું નથી. ભગવાનની અકળ લીલા સમજી માણસ હાય પોકારી બેસી રહે છે, એ ખરેખર વિચિત્ર છે, અત્યંત કરુણાજનક છે, પણ એનો ખુલાસો-રહસ્ય કદાચ અત્યાર સુધી કોઇ પામી શકેલ નથી એ ખરેખર કમનસીબી છે, મનુષ્યની લાચારી છે.

**રાજાએ ક્રૂર બનીને ઓચિંતી ભયંકર સજા ફરમાવી તેથી પૂંજો શેઠ હેબતાઇ ગયો, અવાક્ બન્યો.** નિવારણનો કોઇ ઉપાય ન હતો. એની સહાયે કોઇ આવી પહોંચે એવી આશા બહુ ઓછી હતી, કેમકે દેવચંદ શેઠ હાજર ન હતા અને એમને રાજાએ કે બીજા કોઇએ કંઇ ખબર આપ્યા નહિ કે જેથી એ પોતે કાંઇ પ્રયત્ન કરી શકે. પૂંજા શેઠને ખૂબ ગ્લાનિ ઊપજી. રાજાઓનો કદી ભરોસો ન થાય અને એઓ અવિચારીપણે કોઇ પણ પ્રકારનું ભયંકર કૃત્ય કરતાં અચકાય નહિ એવું પૂંજો શેઠ જાણતો હતો. ગોવર્ધન મહેતાની હત્યામાં પોતે કારણભૂત બન્યો હતો. શંકા ઊપજવાને લીધે મહારાવ લખપતજીએ એની હત્યા કરાવી હતી તેમાં પોતાનો દોષ હતો એમ અત્યારે એને સમજાયું અને તેથી ખૂબ અફસોસ કરવા લાગ્યો, પણ હવે શું થાય?

બંદીખાનામાં એને પહેલા ત્રણ ચાર દિવસ સુધી જે કાંઇ ખાવાનું આપવામાં આવતું તે એણે જેમ તેમ કરીને ગળે ઉતાર્યું. એ એવા વિશ્વાસથી કે એ દરમ્યાન કદાચ રાજાને સુબુદ્ધિ સૂઝે અથવા કંઇ માર્ગ મળી આવે યા તો પોતાના થોડા એક શુભેચ્છકો અથવા દેવચંદ શેઠ જેવા તાબાના માણસોને ખબર પડે અને એઓ મુક્ત કરાવવાનો કાંઇ ઇલાજ કરે. રાજાઓની ભવિષ્યમાં કોઇ વાર નોકરી નહિ કરવાનો અને પોતે બચી જાય તો કચ્છ પણ છોડી જવાનો તેમ ફરી વાર અહીં કદી પગ પણ નહિ મૂકવાનો એણે મનમાં નિશ્ચય કર્યો. પણ ભગવાને શું ધાર્યું હતું-નિર્માણ કર્યું હતું એની કલ્પના અત્યારે થઇ શકે એમ ન હતું.

પાંચ સાત દિવસ નીકળી ગયા, પણ ક્યાંયથી એના છૂટકારા માટે કોઇ પ્રયત્ન કરતું હોય કે પોતે છૂટી શકે એવો કોઇ રસ્તો હોય એવું એને દેખાયું નહિ. એને ખાવાનું આપવા આવનાર માણસો અજાણ્યા મુસલમાન જેવા હતા. પાણી પણ એઓ રાખી જતા. શૌચની વ્યવસ્થા અંદરની એક બીજી નાની ઓરડીમાં હતી. એને આપઘાત કરવાનો એક બે વખત વિચાર આવ્યો, પણ અણીનો ચૂક્યો સો વરસ જીવે એમ સમજી, છૂટવાની આશામાં દિવસો પસાર કરતો હતો. ખાવાનું આપવા આવનારને એણે એક બે વખત બોલાવવાનો પ્રયત્ન કર્યો, પણ પેલાએ કાંઇ દાદ દીધી નહિ. એકાદ વખત ખાવાનું આપવા આવનાર માણસને પકડીને ત્યાં જ એને પૂરો કરવાની અને અંધારામાં બંદી-ખાનામાંથી છૂટીને નાસી જવાની વૃત્તિ થઇ, પણ આવનાર માણસ સશક્ત હતો એમ લાગ્યું. વળી એ જમૈયાથી સજ્જ થઇને આવતો તથા એની સાથે એક બે માણસ આવતા તેમજ સશસ્ત્ર ચોકીદાર બંદીખાનાની બહાર ખડા હતા. પૂંજા શેઠે એકાદ વખત એની પાસે ખાવાનું લઇ આવનાર માણસને જો એ મહારાવશ્રીને ત્યાં લઇ આવવાની વ્યવસ્થા કરે અથવા પોતે બીમાર છે એમ જણાવી વૈદ્ય સાથે મહારાવને બંદીખાનામાં લઇ આવવાની ગોઠવણ કરે તો પોતે છૂટે ત્યારે એને ન્યાલ કરશે એવી લાલચ આપી, પણ મહારાવ કે વૈદ્ય કોઇ પણ બંદીખાનામાં એની પાસે આવ્યું નહિ.

આઠ દિવસ પસાર થઇ ગયા અને નવમો દિવસ ઊગ્યો. પૂંજો શેઠ ઓચિંતો અદૃશ્ય થયો હતો અને કોઇ એના સમાચાર આપતું ન હતું. **દેવચંદ શેઠ મહારાવને પૂછવાની હિંમત ન કરી શક્યા અને મહારાવે જ એને બંદીખાનામાં હડસેલ્યો હતો એવી એમને કલ્પના પણ ન થઇ.** એમણે રાણીવાસમાં તપાસ કરાવી, પણ કોઇને કાંઇ ખબર ન હતી. ભુજ શહેરમાં તપાસ કરાવી, પણ ક્યાંયથી પત્તો ન લાગ્યો. પૂંજા શેઠના કુટુંબમાં એનાં પત્ની વગેરેને પૂંજો શેઠ ઘેર પાછો ન ફર્યો અને ગૂમ થયો તે દિવસથી ચિંતા થવા લાગી અને ગભરાઇ ગયાં. દેવચંદ શેઠને ત્યાં તપાસ કરાવી તથા પોતાની ડેલીના ચોકીદારો મારફતે ઘણે ઠેકાણે તપાસ કરાવી, પણ પત્તો મળ્યો નહિ. કદાચ મોથાળા ગયા હોય એવી શંકા બે ત્રણ દિવસ બાદ ઊપજી ત્યારે ત્યાં તપાસ કરાવવાનું એમનાં પત્ની વિચારતાં હતાં, પણ કોઇ વિશ્વાસુ માણસ મળ્યો નહિ તેથી છોકરાઓ સાથે પોતે મોથાળા જવાનું વિચારતાં હતાં. એમાં થોડાક દિવસ પસાર થયા.

મહારાવ અમીરબેગ મારફતે પૂંજા શેઠની દરરોજ પૂછા કરાવતા હતા. આઠ દિવસ નીકળી ગયા ત્યારે એમને વિચાર આવ્યો કે હવે પૂંજા શેઠને પૂરતી સજા થઇ છે અને તેથી એને મુક્ત કરીને થોડા માણસો સાથે કચ્છની બહાર મૂકી દેવો. અમીરબેગ એમનો સલાહકાર હતો. દેવચંદ શેઠની સલાહ એઓ આવી બાબતમાં લેતા ન હતા, પણ પૂંજા શેઠને કેદ કર્યા પછી રાજયકારભારની વ્યવસ્થા દિવસો દિવસ કથળતી ચાલી. દિવાન હોય તો જ સુવ્યવસ્થા રહે એમ હતું. રાણીવાસમાંથી મહારાણી તથા રાજમાતા પૂંજા શેઠની વિરુદ્ધ હતાં તથા દેવચંદ શેઠની તરફેણ કરતા હતા. પૂંજા શેઠને દૂર કરીને દેવચંદ શેઠને દીવાન બનાવવાની અંદરખાનેથી હિલચાલ થતી હતી, પણ મહારાવને કોઇ સીધી રીતે કહેતું નહિ. દેવચંદ શેઠની શક્તિનાં તથા રાજભક્તિનાં સૌ વખાણ કરતા.

દસમે દિવસે રાજાને એમ થયું કે પૂંજા શેઠને કેદખાનામાંથી બહાર કાઢીને એને છૂટો મૂકવાનું પણ જોખમ-ભરેલ હતું. અમીરબેગે મહારાવને પૂંજા શેઠનું તુરંગમાં જ ખૂન થાય

*સજ્જન વ્યક્તિ નિર્ધન થઈ જવા છતાં સજ્જનતા નથી છોડતા.*

એવી સલાહ આપી. રાજાને પૂંજા શેઠ પર અભાવ ઉત્પન્ન થયો હતો અને હવે થોડી બીક પણ લાગી કે છૂટો થયેલ પૂંજો શેઠ બહુ ખતરનાક થશે. એનું બંદીખાનામાં ખૂન થાય એમાં પણ પોતા પર અપયશ આવે અને કદાચ વિરોધ જાગે એવો સંભવ દેખાયો તેથી એણે આપઘાત કર્યો હતો એવું લોકોમાં બોલાય એ રીતે એનું મૃત્યુ થાય એવી કોઇ યોજના થાય તો એનો અમલ કરવા એઓ તૈયાર હતા. પણ પૂંજા શેઠે આપઘાત કર્યો નહિ અને એણે આપઘાત કર્યો હતો એવું એના ખોરાકમાં ઝેર ભેળવીને ખોરાક એને આપ્યા બાદ લોકોમાં જાહેર કરી શકાય નહિ. **બહુ વિચારને અંતે મહારાવે બહુ ભયંકર માર્ગ લીધો. એમના દિલમાં જાણે શેતાને વાસ કર્યો હોય એમ એમને પૂંજા શેઠ વિરુદ્ધ ઘૃણા છૂટી હતી અને એનું ખૂન કરવા માટે એઓ તલસી રહ્યા હતા. અમીરબેગની અવળી શિખામણે એમના મનમાં ભૂત ભરાવ્યું હતું.**

આજે સવારે અમીરબેગ મોથાળા ગયો હતો અને બપોરે ત્યાં પહોંચ્યો હતો. મોથાળામાં સોના રહેતી તે જગ્યાની ભાળ મેળવીને એ ત્યાંથી એનું અપહરણ કરી લાવ્યો હતો. સોના પર એણે અત્યાચાર ગુજાર્યો હતો. પૂંજા શેઠ પાસે સોનાને પણ બંદીખાનામાં લાવવી અને ત્યાં એના પર મહારાવ પોતે બળાત્કાર ગુજારે અને ત્યારબાદ પૂંજા શેઠનું એઓ અથવા પોતે ખૂન કરે એવી અમીરબેગની દુષ્ટ ઇચ્છા હતી. સોના અત્યાચારથી ત્રાસ પામીને લગભગ બેહોશ સ્થિતિમાં હતી તેને બંદીખાનામાં પૂંજા શેઠની સામે લાવવામાં આવી. પૂંજો શેઠ પોતે દસ દિવસ થયાં બંદીખાનામાં ગોંધાઇ રહીને પારાવાર યાતના સહન કરતો હતો. એના પગમાં પાછળથી બેડીઓ જડવામાં આવી હતી. તેથી એ વધુ અશક્ત બન્યો હતો તથા પીડા અનુભવતો હતો. સોનાને જોઇને એ છળી ઊઠ્યો. એણે મહારાવ તથા અમીરબેગને ભાંડવા માંડી. પોતાનો વાંક હતો તો ભલે સજા કરી, પણ સોના નિર્દોષ હતી તેના પર અત્યાચારો કરી શા માટે જુલમ ગુજારવામાં આવતો હતો એમ એણે મહારાવ જ્યારે મધરાત પછી બંદીખાનામાં ઓચિંતા આવ્યા ત્યારે ઊંચા સાદે આરોપ મૂકતો હોય એ રીતે એમને પૂછ્યું. મહારાવ કંઇક નિશ્ચય કરીને મોડી રાતે બંદીખાનામાં આવ્યા હતા.

સોનાને ત્યાં દેખીને મહારાવ પણ ચોંકી ઊઠ્યા. એમને થયું કે સોનાએ પહેરેગીરોને લાંચ આપીને, તુરંગમાં પેસીને પૂંજા શેઠને છોડાવવાની કોશિશ કરેલ છે. અમીરબેગે એમને જ્યારે પૂરી હકીકત સમજાવી ત્યારે એમને સોનાની દુર્દશા માટે ખેદ થયો, પણ એઓ અમીરબેગને ઠપકો આપી શકે એમ ન હતા અને સોનાને તુરંગમાંથી જલદી વિદાય કરી દેવા માગતા હતા. એઓ સોના પર બળાત્કાર કરવા ઇચ્છતા ન હતા અને એને તરત તુરંગમાંથી બહાર છોડી મૂકવાનો એમણે હુકમ કર્યો. એઓ પોતાની સાથે ઝેરનો ભરેલ કટોરો નોકર સાથે લેવડાવી આવ્યા હતા. પૂંજા શેઠનો પડછાયો પણ જોવો પડે નહિ અને એનાથી સંપૂર્ણપણે મુક્ત થઇ શકાય એવો ઇલાજ એમણે એ ઝેરના કટોરામાં જોયો **અને એમણે પૂંજા શેઠને એ ઝેર ભરેલ કટોરો પી જવાની ફરજ પાડી.** પૂંજો શેઠ સમજી ગયો. બીજો કોઇ ઉપાય રહ્યો ન હતો. યાતના લાંબા સમય સુધી સહન કરી હતી અને હજી કેટલી લંબાય એની ખબર ન હતી. એના કરતાં એકદમ છૂટી શકાય એમાં એણે પોતાનું હિત જોયું, યાતનામાંથી મુક્તિ જોઇ. **માણસ પોતાની માતૃભૂમિને બંધનમાંથી છોડાવવા પ્રયાસો કરે-કુરબાન થાય, એને બદલે પોતે માતૃભૂમિને પરદેશીને હાથે બંધનમાં લેવડાવવાનું તથા એના પર અત્યાચારો કરાવવાનું કૃત્ય કરેલ હતું. એના મહાપાપની સજા એ કટોરામાં એણે જોઇ.** એણે કટોરો હાથમાં લીધો. થોડી પળો સુધી એના તરફ જોયા કર્યું. ત્યારપછી એ ઓચિંતો ખડખડાટ હસવા લાગ્યો, ખવીસની જેમ અટ્ટહાસ્ય કર્યું. એનો ચહેરો ભયાનક બન્યો. મહારાવને એણે કડવા શબ્દોમાં સંભળાવ્યું : 'મારા ઉપકારનો આ શિરપાવ કે? ખરું છે : રાજા કોઇના નથી. એ નરાધમ હોય છે. વારુ, હું તો આ ઝેરનો કટોરો પી જઉં છું, પણ તમારી તો હવે આખી જિંદગી ઝેરમય બની જશે એ જાણી લેજો. જય...શંભો!' પૂંજો શેઠ કટોરો હોઠે ધરીને ઝેર ગટગટાવી ગયો.

થોડી વારે એ બેશુદ્ધ થઇને ભોંયે પડ્યો, હાથ પગ ખેંચાવા લાગ્યા, એના મોઢામાંથી ફીણ છૂટ્યાં, એના પ્રાણ ઊડી ગયા. સોના આ દૃશ્ય જોઇને ત્રાસી ઊઠી. આંખો આડે હાથ દઇને એ ધ્રૂસકાભેર રડી પડી.

એ રાત્રે જ સોનાને મહારાવના હુકમથી બંદીખાનામાંથી છૂટી કરવામાં આવી. એ આક્રંદ કરતી બહાર નીકળી.

*(ક્રમશઃ)*

## કચ્છના વન્ય પ્રાણી

**(અનુસંધાન : પાના નં.-૩૦ ઉપરથી ચાલુ)**

અને ગુજરાત રાજ્યની ઉત્તર પશ્ચિમ દિશામાં આવેલ છે. ૨૨.૫૫ અક્ષાંશ અને ૨૪.૩૫ ઉ અક્ષાંશ અને રેખાંશ ૭૦.૩૦, ૭૧.૪૫ પર આવેલ છે. આ રણને પશ્ચિમ કચ્છનો અખાત સ્પર્શે છે. ૩૫૬૯ ચો. કિ.મી.માં પથરાયેલ રણમાં વીસ જેવા નાના બેટ છે. રણની આબોહવા શૂન્યથી ૪૮ સેલ્સિયસ સુધી રહેતી હોય છે. તો વરસાદ પણ ઓછો પડે છે. સાથે સાથે દરિયાઇ પાણી ભરતીથી ઠલવાય છે. આ રણ વિસ્તારમાં વિશિષ્ટ પ્રાણી વસે છે 'ઘૂડખર'. ઇ.સ. ૧૯૯૦ની વસતિ ગણતરી પ્રમાણે ૨૦૭૨ ઘૂડખરની સંખ્યા હતી. જે ઇ.સ. ૧૯૪૬માં ડૉ. સલીમઅલીએ ૫૦૦૦ નોંધેલ હતી. આમ ઘૂડખરની સંખ્યા ઘટી છે. ચેપી રોગચાળાને કારણે આમ બનવા પામેલ છે. આ વિસ્તારને સરકારશ્રી તરફથી અભયારણ્ય જાહેર કરવામાં આવેલ છે (ઇ.સ. ૧૯૭૩). આ વિસ્તારમાં થતી વનસ્પતિમાં ખીજડો, પીલુ, ગુંદી, ગોરડ, કડવાણો, મોરડ વગેરે ઘૂડખરનો ખોરાક છે. આ ઘૂડખરની દોડવાની ઝડપ એક કલાકનાં ૬૦ થી ૭૦ માઇલની છે. તેની શરીરની ચામડી સુંવાળી અને ચમકદાર તેમજ બદામી રંગની હોય છે. તે મોટે ભાગે સમૂહમાં રહે છે. તેની ઊંચાઇ ૧૧૦ થી ૨૨૦ સે.મી., લંબાઇ ૨૧૦ સે.મી. ને વજન ૨૦૦ થી ૨૫૦ કિલોનું હોય છે. સરેરાશ આયુષ્ય ૨૦ વર્ષનું હોય છે. ચોમાસામાં સંવનનનો કાળ હોય છે. ૧૧ માસે બચ્ચાંને જન્મ આપે છે. ઘૂડખરને જોવા એ એક અલભ્ય લહાવો છે. ■

*મનુષ્યને સારા ગુણોથી શ્રેષ્ઠતા મળે છે - ઊંચા આસનથી નહીં.*

માહિતી

# ઈ-લર્નિંગ
# નવનીત ગ્રૂપનું નવીન સાહસ

• અશોક મહેતા •

પાંચથી પંદર વર્ષની ઉંમરના બાળકો જ્યારે શાળાએ અભ્યાસ અર્થે ભણવા જાય ત્યારે હંમેશાં એવું નથી બનતું કે બાળકો અભ્યાસમાં તલ્લીન રહે અને રસપૂર્વક અભ્યાસ કરે. તેઓનું અભ્યાસમાં ધ્યાન ઓછું અને રમતમાં ધ્યાન વધુ રહે છે. અભ્યાસ પ્રત્યે એકાગ્રતા કોઈ પણ કારણસર નથી કેળવી શકાતી. પરીક્ષામાં સારા પરિણામો મેળવવાં ઘેર અલગથી અભ્યાસ કરાવવો પડે અથવા ટ્યુશન રાખવા પડે છે. ખાસ કરીને તરુણ અવસ્થામાં બાળકો માટે અભ્યાસમાં રસ - રુચિ કેળવીને પરીક્ષામાં સારા પરિણામો મેળવવા એ જરૂરિયાત હોવાથી દરેક પ્રશ્નોના જવાબો ગોખાવવામાં આવતા હોય છે. ગોખેલા જ્ઞાનથી બાળક પરીક્ષામાં માર્કસ તો સારા મેળવી લાવે, પરંતુ તેનું મગજ જરૂરિયાત મુજબ વિકસી શકેલ હોતું નથી. જ્યારે એ બાળક વાસ્તવિક દુનિયામાં આવે ત્યારે કંઈક નવું ક્રિએશન કરવું કે નવા વિચારો અમલમાં મૂકવાની સાહસિકતાનો અભાવ જણાય છે. બાળકની માનસિકતાનો એટલો વિકાસ શક્ય ન બન્યો હોય પરિણામે એવું પણ બને કે સમાજને માત્ર 'ક્લાર્ક' પ્રકારની વ્યક્તિઓ મળી રહે અથવા 'સફેદ કોલર મજૂર' મળી રહે.

પરંતુ આ જ બાળક જો વિકસિત દેશમાં અભ્યાસ કરતો હોય તો તેની વિચારશીલતા ખીલી ઊઠે છે. યુરોપિયન કે અમેરિકન દેશમાં અનેક ભારતીયોએ અનેક ક્ષેત્રો સર કર્યા છે તે આપણામાંના ઘણાંએ અનુભવ્યું હશે અથવા તો જાણ્યું પણ હશે.

**આવું શા માટે બને છે?**

**આપણા શિક્ષણ ક્ષેત્રમાં કોઈ પરિવર્તન જરૂરી જણાય છે?**

આ માટે આપણે નીચેના દૃષ્ટાંત પર નજર દોડાવીએ.

દસ વર્ષના બાબાને તેની મમ્મી જમવા બોલાવતી હતી.

બાબાનો જવાબ હતો, 'હમણાં જ આવું છું.'

બાબો ન આવતા ફરી મમ્મીએ બૂમ પાડી. ફરી તે જ જવાબ.

બાબો 'કાર્ટૂન નેટવર્ક' કાર્યક્રમ જોવામાં એટલો તલ્લીન હતો - તેને એટલો રસ પડતો હતો કે તેને ભૂખની કે જમવાની પડી જ ન હતી. ટીવી સામે બેસી આ પ્રકારનો કાર્યક્રમ નિહાળવાની તેને ખૂબ જ મજા પડતી. દિવસમાં કલાકો સુધી આ પ્રકારના કાર્યક્રમો તે રસપૂર્વક નિહાળતો.

આ દૃષ્ટાંતમાં તારવણ એ નીકળે કે ઍનિમેશન પદ્ધતિની રજૂઆતથી બાળક તેમાં તલ્લીન થઈ જાય છે. તે તેને ખૂબ જ ગમે છે. જો શાળામાં આ પદ્ધતિથી અભ્યાસ કરાવવામાં આવે તો બાળક તે હોંશેહોંશે ભણે. તેના મગજમાં દરેક વાત સરળતાથી ઊતરી જાય. તેની મગજશક્તિ પણ ખીલી ઊઠે.

નીતનવાં સાહસો અમલમાં મૂકવા સદાયે તત્પર રહેતા **નવનીત ગ્રૂપે** આ વિચાર પ્રક્રિયાની તક ઝડપી લીધી. તેઓએ વિચાર્યું કે જો આ પ્રકારની પદ્ધતિથી બાળકોને શાળામાં ભણાવવામાં આવે, તો જરૂરથી તેઓને હોંશેહોંશે ભણાવી શકાય. તેમને સરળતાથી દરેક વિષય સમજાવી શકાય. તેમના મગજમાં તે વિષય સહજતાથી ઉતારી શકાય. સૌરમંડળ, ચંદ્રની કળા, ધબકતું હૃદય, પર્યાવરણ વગેરે મૌખિક રીતે સમજાવવાથી અથવા બ્લેકબોર્ડ પર ચોક વડે ચિત્ર દ્વારા સમજાવવાથી તેના મગજમાં તે વિષય જે રીતે ઉતારી શકાય તેના કરતાં એનિમેશન પદ્ધતિથી તે વિષયો પ્રત્યક્ષ સ્ક્રીન પર બતાવી શીખવવામાં આવે તો તે તેના મગજમાં સરળતાથી ઉતારી શકાય. આ પદ્ધતિથી ભણવામાં તેને રસ પડવાથી અભ્યાસમાં તે જાતે તલ્લીન બની જાય. તેની વિચારવાની પ્રક્રિયા પણ ખીલી ઊઠે. **નવનીત ગ્રૂપે** આગળ વધીને મોટા મૂડી રોકાણવાળી આ અત્યાધુનિક પદ્ધતિનો અમલ કરવાનું સ્વીકારી લીધું.


**"નવનીત પબ્લિકેશન્સ (ઈન્ડિયા) પ્રા.લિ."** એક એવી સંસ્થા છે કે જે છેલ્લા ૫૦ વર્ષોથી બાળકોના અભ્યાસ ક્ષેત્રે કાર્યરત છે. નીતનીત કંઈક નવીનતાનો અમલ કરવા સદાયે ઉત્સુક રહે છે. શરૂમાં તેઓ માર્ગદર્શિકાઓ બહાર પાડતા. ત્યારબાદ પરીક્ષામાં પૂછાતા સંભવિત પ્રશ્નપત્રો અને તેના જવાબો પ્રગટ કરતા. ત્યારબાદ બાળકોને તેના વિકાસમાં તથા અભ્યાસમાં કામ લાગે તેવા પ્રકારની ડ્રોઇંગ બુક, ચિત્ર બુક, વાર્તાઓ, આરોગ્ય, સૌંદર્ય તેમજ મહિલાઓ માટે વાનગીનાં પુસ્તકો પ્રગટ કર્યા. આગળ જતાં અભ્યાસમાં કામ લાગે તે પ્રકારની સ્ટેશનરી વગેરેના નિર્માણ ક્ષેત્રે પણ તેઓ આગળ વધ્યા છે અને હવે આ ગ્રૂપે **'ઇ-લર્નિંગ'**નો વિષય હાથ પર લીધો છે. બાળકોના અભ્યાસમાં આવતા ઇતિહાસ, ભૂગોળ, વિજ્ઞાન વગેરે વિષયના એનિમેશન પદ્ધતિએ સોફ્ટવેર બનાવ્યા છે. આ પ્રકારના સોફ્ટવેર દ્વારા 'આકાશમાં ભ્રમણ કરતા ગ્રહો', 'રોકેટ દ્વારા છોડવામાં આવતા અવકાશયાનો', 'માણસનું ધબકતું હૃદય' કે 'ગુરુની પ્રતિમા સ્થાપીને અજોડ બાણાવળી બનવા પ્રયાસ કરતો એકલવ્ય' વગેરે સ્ક્રીન પર દાખવવામાં આવે કે જેને બાળક રસપૂર્વક અને સંપૂર્ણ એકાગ્રતાથી નિહાળવામાં તલ્લીન બની જાય. દૃશ્ય માધ્યમ દ્વારા વિજ્ઞાન જેવા વિષયના અઘરા ઉદાહરણ અને પાઠો પણ સહજ રીતે તથા સરળતાથી તેના મગજમાં ઉતરી જાય.

*મનુષ્ય જેવું ધન કમાય છે, તેવું જ સંતાન જન્મે છે.*

પરંતુ આ પ્રકારના 'સોફ્ટવેર'નો ઉપયોગ કરવા ક્લાસરૂમમાં લૅપટોપ, એલ.સી.ડી., પ્રોજેક્ટર, સ્ક્રીન અને સ્પીકર્સ પ્રકારનાં ઈલેક્ટ્રોનિક સાધનો જોઈએ. ઈલેક્ટ્રિક સપ્લાય ઓચિંતા બંધ થઈ જાય તો યુ.પી.એસ. સિસ્ટમ પણ જોઈએ કે જેનાથી ચાલુ ક્લાસે ખલેલ ના પહોંચે. આ પ્રકારના ક્લાસરૂમને 'ડિજિટલ ક્લાસરૂમ' કહી શકાય.


અગર કોઈ શાળા પોતાના ક્લાસરૂમને 'ડિજિટલ ક્લાસરૂમ'માં ફેરવવા માંગતી હોય તો દરેક ક્લાસરૂમને 'ડિજિટલ ક્લાસરૂમ'માં ફેરવવા પડે. દરેક ધોરણના અને દરેક વિષયના 'સોફ્ટવેર' પણ વસાવવા પડે. કોઈ શાળાને આ પદ્ધતિ ખર્ચાળ પણ જણાય. પરંતુ 'નવનીત' ગ્રૂપે તેનો પણ વિચાર કર્યો છે. શાળાને જોઈતાં ઈલેક્ટ્રોનિક સાધનો કોઈપણ જાતના એડવાન્સ ચાર્જ લીધા વગર શરૂમાં આપવામાં આવે અને ત્યારબાદ પાંચ વર્ષના સરખા હપ્તાથી તે રકમની વસૂલાત કરવામાં આવે. શાળાની જરૂરિયાત મુજબના 'સોફ્ટવેર' અને 'હાર્ડવેર' આ પદ્ધતિથી આપવામાં આવે.

આ નવીન પ્રકારના પ્રોજેક્ટ માટે **'ઈ-સેન્સ લર્નિંગ પ્રા.લિ.'** નામની એક અન્ય કંપનીની રચના કરવામાં આવી છે કે જેમાં મુંબઈ ખાતે શ્રી જીતુભાઈ ગાલા, શ્રી સુનિલભાઈ ગાલા તથા શ્રી અમિતભાઈ ગાલા અને અમદાવાદ ખાતે શ્રી રાજુભાઈ ગાલા તથા શ્રી તેજસભાઈ શાહ ફુલટાઈમ ડાયરેક્ટર તરીકે કાર્યરત છે અને તેમના હાથ નીચે લગભગ ૨૫૦ની સંખ્યામાં 'હાર્ડવેર' તથા 'સોફ્ટવેર' ડિઝાઈનર તથા એન્જિનિયર, ટેક્નિકલ તથા નોન-ટેક્નિકલ તેમજ અન્ય અનુભવી સ્ટાફ કાર્યરત છે.








શ્રી જિતુભાઈ ગાલા


શ્રી સુનિલ ગાલા


શ્રી રાજુભાઈ ગાલા


શ્રી અમિત ગાલા


શ્રી તેજસ શાહ

હાલ તેઓએ વિવિધ અભ્યાસક્રમ માટે નીચે મુજબના 'સોફ્ટવેર' વિક્સાવેલ છે.

### ગુજરાતી માધ્યમ :

ધોરણ-૧ તથા ૨ માટે : ગુજરાતી તથા ગણિત

ધોરણ-૩ તથા ૪ માટે : ગુજરાતી, ગણિત તથા પર્યાવરણ

ધોરણ-૫થી ૧૦ માટે : ગણિત, વિજ્ઞાન તથા ટેકનોલોજી અને સામાજિક વિજ્ઞાન.

### અંગ્રેજી માધ્યમ :

ધોરણ-૫ થી ૧૦ માટે : Mathematics, Science & Technology, Social Science

તેઓના જણાવ્યા મુજબ નિષ્ણાતોની સલાહ અનુસાર અન્ય વિષયના 'સોફ્ટવેર' પણ જરૂરિયાત મુજબ વિક્સાવવાની પ્રક્રિયા ચાલુ રાખવામાં આવેલ છે.

ગુજરાત અને મહારાષ્ટ્રમાં શહેરી તથા ગ્રામ્ય વિસ્તારોમાં અનેક

*જે બીજાના ભેદ પ્રગટ કરે છે, તે નષ્ટ થઈ જાય છે.*

શાળાઓ આ પ્રકારના 'ડિજિટલ ક્લાસરૂમ' પોતાને ત્યાં શરૂ કરાવવા આગળ આવી રહી છે.

ગુજરાત સરકારે પણ આ પ્રકારની **'ઈ-લર્નિંગ'** પ્રક્રિયામાં રસ દાખવી 'મલ્ટીમિડિયા સોફ્ટવેર'ને પોતાની શાળાઓમાં દાખલ કરવાનું શરૂ કર્યું છે. તેમણે છેલ્લાં બે વર્ષમાં દરેક માધ્યમિક શાળાઓને ૪૨" એલ.સી.ડી. ટી.વી., સર્વર, સ્પીકર્સ તથા તેના માટે જરૂરી ફર્નિચર પણ પૂરું પાડેલ છે. કેન્દ્ર સરકારે પણ **'ઇ-લર્નિંગ'**ના અભ્યાસ માટે અસરકારક પગલાં ભરેલ છે. સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવતા બજેટ દ્વારા **'કન્ટેન્ટ પ્રોવાઈડર'** કંપનીઓને પણ સારું એવું કામ અને વળતર મળી રહેવાની પૂરેપૂરી શક્યતા છે.

આ સમગ્ર પ્રક્રિયાની વિશિષ્ટ વાત એ છે કે જો કોઈ પણ શાળા આ પ્રકારના 'ડિજિટલ ક્લાસરૂમ' પોતાને ત્યાં શરૂ કરે તો તે અંગેનો ખર્ચ પ્રતિ વિદ્યાર્થી / પ્રતિ દિન માત્ર રૂા. ૨/- જેટલો એટલે કે માસિક રૂા. ૫૦/- જેટલો જ આવશે. શાળા પોતાના 'હાર્ડવેર' અને 'સોફ્ટવેર'ની જરૂરિયાત મુજબ આ ખર્ચમાં વધારો કે ઘટાડો પણ કરી શકે છે. શાળા તે ખર્ચ ઈચ્છે તો પોતાના ભંડોળમાંથી કરે અથવા તો જે તે વિદ્યાર્થી પાસેથી અલગ ફી સ્વરૂપે વસૂલ કરી શકે.

બાળક શાળામાં તો આ પ્રકારના અભ્યાસક્રમની જાણકારી મેળવી શકે, પરંતુ તેણે પોતાના ઘેર રહીને 'ઈ-લર્નિંગ' પદ્ધતિથી અભ્યાસ ચાલુ રાખવો હોય, તો તે માટે **'ટોપસ્કોરર'** નામના 'સોફ્ટવેર' પણ તૈયાર કરવામાં આવેલ છે કે જેની પ્રત્યેકની કિંમત રૂા. ૪૦૦/-થી વધુ રાખવામાં આવેલ નથી.

'ડિજિટલ ક્લાસરૂમ'ના 'હાર્ડવેર' તથા 'સોફ્ટવેર'ના વપરાશ માટે શિક્ષકોને ટ્રેઈનિંગ આપવાની પ્રક્રિયા વિચારાયેલ છે અને તે મુજબ તેઓને ટ્રેઈનિંગ આપવાની વ્યવસ્થા પણ ચાલુ કરી દેવામાં આવેલ છે. કોઈપણ ઈલેક્ટ્રોનિક સાધન બગડી જાય ત્યારે તેને તાત્કાલિક રિપેરિંગ કરાવવા અંગેનું નેટવર્ક પણ આ ગ્રૂપ દ્વારા ગોઠવવામાં આવેલ છે.

ટૂંકમાં, દરેક પ્રકારના પરિપ્રેક્ષ્યથી વિચારતાં સમગ્ર પ્રક્રિયાને કાર્યાન્વિત કરવાનું અભિયાન **'નવનીત ગ્રૂપે'** તેમની કંપની **'ઈ-સેન્સ લર્નિંગ પ્રા.લિ.'** દ્વારા સંપૂર્ણપણે સજ્જ થઈને શરૂ કરી દીધેલ છે. **'નવનીત ગ્રૂપ'**ના આધુનિક જમાના સાથે રહી કદમ મિલાવવાના અભિગમને આપણે આવકારીએ અને તેમના આ નવીન સાહસને અનેરી સફળતા પ્રાપ્ત થાય તેવી શુભેચ્છા વ્યક્ત કરીએ. ■

## સંસાર અસાર

"ટી.વી., મોબાઈલ, ફ્રિજ, એરકન્ડિશનર, સ્કૂટર, કેબલ, વીડિયો, હવાઈ મુસાફરી આ બધું અમે રોજેરોજ વધુને વધુ સસ્તું કરતા રહીશું કે જેથી આ દેશનો પ્રત્યેક પ્રજાજન 'જલસા'નું જીવન જીવી શકે.

પણ સબૂર! શાકભાજી, ખાંડ, ગોળ, ઘી, તેલ, અનાજ આ બધું અમે રોજેરોજ વધુને વધુ મોંઘું બનાવતા રહેશું કે જેથી આ દેશના પ્રત્યેક પ્રજાજનને 'સંસાર અસાર છે'ની અનુભૂતિ બરાબર થતી રહે."

***આચાર્યશ્રી વિજયરત્નસુંદરસૂરિ***

***પ્રેષક : શાંતિલાલ સંઘવી***

# મોટેરાંઓએ પણ માણવા અને જાણવા જેવી બે બાળ ફિલ્મો

• હંસરાજ કંસારા •

અમદાવાદના અપ્સરા થિયેટરમાં તા. ૧૧-૭-૨૦૧૦ના રોજ સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ દરમ્યાન બે બાળ ફિલ્મો પ્રદર્શિત થશે. અહીં વસતા કચ્છી પરિવારોને કચ્છી નવ વર્ષ અષાઢી બીજ, નિમિત્તે શુભેચ્છા પાઠવવા, શ્રી કચ્છી સમાજ અમદાવાદ, આ નજરાણું પેશ કરે છે.

કચકડે કંડારેલી 'કચ્છીયત'નો પ્રેરક અહેસાસ કરાવતી આ બન્ને ફિલ્મોનો પરિવેશ કચ્છી છે. મુખ્ય બાળ કલાકારો કચ્છી છે. એક ફિલ્મ, (હેંડા હૂડાં) ના સંગીતકાર કચ્છી છે. અને, આ ફિલ્મોના નિર્માતા-નિર્દેશક વિનોદ ગણાત્રા પણ કચ્છી છે. બાળ ફિલ્મ ક્ષેત્રે એમણે પોતાની આગવી વૈશ્વિક ઓળખ પ્રસ્થાપિત કરી છે.

ફિલ્મ 'હેડાં હૂડાં' આજથી છ વર્ષ પહેલાં, ૨૦ જૂન ૨૦૦૪ને રોજ, અહીં પ્રદર્શિત થઇ હતી. એને પ્રેક્ષકોની ભરપૂર પ્રશંસા મળી હતી. ફિલ્મ 'હારૂન-અરૂન' ગત વર્ષે બની છે. આ ફિલ્મોનો કથા સંક્ષેપ (Synopsis), વાંચકોની જાણ માટે અત્રે પ્રસ્તુત છે.

## હેડાં હૂડાં

૮૪ મિનિટની આ ફિલ્મ હિન્દી ભાષામાં છે. કચ્છના સરહદી ગામ ધ્રંગના એક માલધારીનો દીકરો સોનુ, એક દિવસ, એની બહેન સાથે, એમના ત્રણ ઊંટો ચરાવવા સીમમાં જાય છે. ઊંટોને સીમમાં ખૂલ્લા ચરતા મુકી, ભાઇ બહેન એમની રમતમાં મશગૂલ થઇ જાય છે. દરમ્યાનમાં ત્રણે ઊંટ ચરતા ચરતા, પરહદમાં ઘૂસી જાય છે. સોનુ એની બહેનને ઘેર મોકલી દે છે અને પોતે ઊંટોને શોધવા જાય છે. ઊંટોનું પગેરું લેતો, સોનુ પણ પરહદે, પાકિસ્તાનના એક ગામમાં પહોંચી જાય છે.

સોનુને અહીં એક બુઝુર્ગ મુસ્લિમ માલધારી મળે છે, જે એને એની નેસમાં લઇ આવે છે. એની વીતક સાંભળે છે. ભૂલથી પાકિસ્તાનની સરહદ, પરવાનગી વિના પાર કરી, આવી ગયેલા આ હિન્દુ બાળકને સરહદી કાનૂનને લીધે કોઇ મુશ્કેલી ન થાય તે માટે, એ બુઝુર્ગ એને છૂપો આશ્રય આપે છે. એને રાતોરાત, સખત ચોકી પહેરાથી છૂપાવી, સરહદ પાર, એના ગામની વાટે હેમખેમ પહોંચાડી દે છે. બીજે દિવસે, એ બાળકના ત્રાણેય ઊંટોને પણ બુઝુર્ગ સરહદ ચોકી મુકી આવે છે. સરહદી કાયદાઓ અને રીત રસમનું ચુસ્ત પાલન કરી, સરહદના સંત્રીઓ, ત્રાણે ઊંટો, એના માલિકને સુપરત કરે છે ત્યારે, સરહદોની કોઇ શેહ ન માનતા, પક્ષીઓ, બેરોકટોક, બન્ને દેશના ગગનમાં વિહાર કરતા દેખાય છે.

### બાળ ફિલ્મોના સફળ સર્જક કચ્છી માડુ વિનોદ ગણાત્રા



૪૦૦ ડોક્યુમેન્ટરી અને ન્યુઝ-રીલ્સ, ૨૫૦ જેટલા બાળકો માટેના ટી.વી. કાર્યક્રમો અને ત્રણ સફળ બાળ ફિલ્મોના સર્જક શ્રી વિનોદ ગણાત્રા છેલ્લા ૩૦ વર્ષથી ફિલ્મ ક્ષેત્રે કાર્યરત છે. તેઓશ્રી બાળકો માટેની ફિલ્મોના આંતરરાષ્ટ્રીય કેન્દ્રના સભ્ય છે. કેટલીક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ફિલ્મ સમારોહો માટે તેઓશ્રીએ જ્યુરી તરીકે સેવાઓ આપી છે.

શ્રી ગણાત્રાની પ્રથમ બાળ ફિલ્મ 'હેડાં હૂડાં' અનેક આંતરરાષ્ટ્રીય ફિલ્મ સમારોહોમાં દર્શાવાઇ હતી અને ઘણાં ઈનામો મેળવ્યાં હતાં. એમની બીજી ફિલ્મ 'Hide and Seek'નું ફિલ્માંકન લડાખના અધિકતમ અલ્ટિટ્યુડ પર થયું હતું, જેની લીમકા બુક ઓફ રેકોર્ડસે નોંધ લીધી છે. આ ફિલ્મ પણ ૨૧ જેટલા આંતરરાષ્ટ્રીય ફિલ્મ સમારોહોમાં દર્શાવાઇ હતી.

૨૦૦૯માં ૨૬મા શિકાગો ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં એમના દ્વારા નિર્દેશિત ગુજરાતી ફિલ્મ 'હારૂન-અરૂન' માટે, એમને પ્રતિષ્ઠિત 'ઉલ્મન શાંતિ પુરસ્કાર' મળ્યો છે. આ ફિલ્મ, ૨૦૧૦માં ઢાકા ઈન્ટરનેશનલ ફેસ્ટિવલની બાળ ફિલ્મ શ્રેણીમાં ઓડિયન્સ વોટ દ્વારા શ્રેષ્ઠ બાળ ફિલ્મ જાહેર થઇ હતી. શ્રીલંકા બુદ્ધિસ્ટ ફિલ્મ ફેસ્ટિવલમાં પણ આ ફિલ્મને સ્પેશિયલ જ્યુરી ઍવૉર્ડ જાહેર થયો છે. આ ઍવૉર્ડ શ્રી વિનોદ ગણાત્રાને શ્રીલંકાના પ્રમુખ શ્રી મહિન્દ્રા રાજાકસેનાના વરદહસ્તે આગામી ૨૨ જૂનને રોજ અપાશે.

શ્રી ગણાત્રા મૂળ કચ્છ તેરા (વિંઝાણ) ના વતની છે. એમનો જન્મ, ઉછેર, અભ્યાસ તેમજ કારકિર્દી સ્થળ મુંબઇ છે. બાળકો સાથે કામ કરવાના બહોળા અનુભવની ફળશ્રુતિ રૂપે એમણે મુંબઇમાં ચિલ્ડ્રન્સ વિઝયુઅલ એજ્યુકેશન ફાઉન્ડેશન (AVEF)ની સ્થાપના કરી છે. બાળકો અને તરુણો માટે મનોરંજક અને પ્રેરણાદાયક ફિલ્મોનું પ્રદર્શન અને કાર્યશાળાઓનું આયોજન આ સંસ્થાની મુખ્ય પ્રવૃત્તિ છે.

*વ્યક્તિને દરેક સ્થાનેથી કાંઇકને કાંઇક શીખવા મળે છે.*

નટખટ બાળકની બેફિકર મસ્તી અને સાહસવૃત્તિ, બુઝુર્ગ મુસ્લિમની હામ અને હમમર્દી, સોનુનો પરહદ પ્રવેશ અને વતન-વાપસીનો રહસ્ય-સભર પ્રવાસ. આ પ્રસંગોના રોમાંચક દશ્યોની ગૂંથણી કલાપૂર્ણ છે. વિખ્યાત કચ્છી સંગીતકાર, વનરાજ ભાટિયાનું પાર્શ્વ-સંગીત સતત 'રણનો રણકાર' રેલાવે છે. ફિલ્મમાં વચ્ચે વચ્ચે, સ્થાનિક પરિવેશ સાથે સુસંગત, કચ્છી ભાષાના ટહુકા છે.

બુઝુર્ગ માલધારીના રોલમાં પરીક્ષિત સહાની અને એની પત્નીના રોલમાં સુહાસિની મુલેનો મંજાયેલો અભિનય, સંબંધિત પાત્રોના મનોભાવોની જીવંત છબી ઉપસાવે છે. આ ફિલ્મના નવ બાળ કલાકારોએ પણ, એમના કિરદાર બખૂબી નિભાવ્યા છે.

## હારૂન-અરૂન

(નોંધ : આ ફિલ્મનો સંક્ષેપ કચ્છના દૈનિક 'કચ્છ મિત્ર'માં પ્રકાશિત સમાચાર આધારિત છે.)

આ ફિલ્મ ગુજરાતી ભાષામાં છે. એનો મુખ્ય બાળ-નાયક, હારૂન, પાકિસ્તાનની કચ્છને લગતી સરહદના એક ગામમાં, એના દાદા, રશીદ સુલેમાન સાથે રહે છે. દાદાને એની જનમ-ભોમકા, કચ્છના લખપત ગામમાં ફરવા જવું છે. એમના બાળપણના જિગરી દોસ્ત અને બીજા સગાંવહાલાંને મળવું છે. હારૂનને પણ, એનું પુસ્તેની (પોતાના) વતન, કચ્છ જોવાની ઉત્કંઠા અને ઉતાવળ છે. એમને કાયદેસરની પરવાનગી મેળવવાની લાંબી પળોજણમાં નથી પડવું એટલે બન્ને જણ ચોરી છૂપીથી સરહદમાં પેસી જવાના ઇરાદે નીકળે છે. સંયોગવશ કચ્છની સરહદ પાર કરતાં, બન્ને છૂટા પડી જાય છે. દાદા ખોવાઇ જાય છે. એકલો અટૂલો હારૂન કચ્છના એક સરહદી ગામમાં પહોંચી જાય છે.

હારૂન સ્વભાવે વિનોદી અને કલાબાજ છે. એને હિન્દી ફિલ્મોના ગીતો ગણગણવાનો શોખ છે. આ ગામમાં એક હિન્દુ પરિવારના ત્રણ બાળકો સાથે એની મૈત્રી થાય છે. હારૂનની વીતક સાંભળી, બાળ-સુલભ લાગણી-વશ બાળકો એને પોતાને ઘેર આશરો આપે છે. બાળકોએ આ વાત એમની મા વાલબાઇથી પણ છૂપાવી છે, એટલે થોડી લુક્કા-છુપી થાય છે. પણ અંતે એની માને ખબર પડી જાય છે. અને માને ખબર પડે છે કે આગંતુક બાળક મુસ્લિમ જાતિનો છે, રૂઢિચુસ્ત સમાજ ભીરૂ વાલબાઇ ત્યારે, એને ઘરમાં રાખવાનો વિરોધ કરે છે. પરંતુ બાળકોના અત્યાગ્રહે, છેવટે વાલબાઇ (વાલ = વ્હાલ) કેટલું સૂચક નામ! નું દિલ પીગળે છે. જાતિ અંગેની પોતાની રૂઢિગત માન્યતાઓ ની ઉપરવટ, વાલબાઇ નિરાશ્રિત પરદેશી મુસ્લિમ બાળકને માનું હેત અને વાત્સલ્ય વરસાવી, પોતાનો કરી લે છે.

હારૂન-અરૂનનું પાત્ર બખૂબી ભજવનાર બાળ કલાકાર, હેમંત ગોર, કચ્છના મસ્કા ગામનો વતની છે. અન્ય બાળ કલાકારો, મીત ઠાકર, રીતુ ગોર અને ધૈર્ય ગોર પણ કચ્છના જ વતની છે. પ્રથમ વાર કેમેરા સન્મુખ થવા છતાં, એમણે એમના રોલ નિષ્ઠાપૂર્વક ભજવ્યા છે.

- **વિષય વસ્તુ :**

આ બન્ને ફિલ્મો બાળકોને દષ્ટિ સમક્ષ રાખીને બનાવવામાં આવી છે. એટલે, સ્વાભાવિક રીતે જ, એ હલકી ફૂલકી અને સરળતાથી વહેતી બાનીમાં પ્રસ્તુત થઇ છે. ભારતના વિભાજનને કારણે થયેલા સામાજિક વિઘટન જેવી ગંભીર સમસ્યા, આ ફિલ્મોની પૃષ્ઠભૂમિમાં છે, પરંતુ, એનું કેન્દ્રબિન્દુ તો છે, પ્રેમ. સનાતન પ્રેમ, જેને આબાલ વૃદ્ધ સહુ કોઇ સમજી શકે છે, અનુભવી શકે છે. બાળ-માનસ આવા સરળ પ્રેમની છબી સુપેરે ઝીલી શકે છે, અને જીવનભાર જાળવી શકે છે.

- **ભાઇ બહેનનો પ્રેમ :**

'હેડાં હૂડાં' ફિલ્મનો બાળક સોનુ અને એની બહેન લખમી. આ ભાઇ બહેનનો મીઠડો પ્રેમ, એમની બાળ-સુલભ રમતોમાં સહજ રીતે વ્યક્ત થયો છે. એનું એક પ્રભાવી દશ્ય છે, 'સોનુ ઝાડ પર ટાયર બાંધી, એમાં પગ ભરાવી, ઊંધે માથે લટકે છે. લખમી એને ઝૂલાવે છે. સોનુને બધું ઊલટું પુલટું દેખાય છે. ઉપર ધરતી નીચે આભ. જોડકણું છે,' 'ઊલટા કુત્તા, ઊલટી બિલ્લી, ઊલટા મોર, સબ કુછ ઊલટા સુલટા....' લખમી સોનુને નીચે ઉતરી જવા સમજાવે છે, 'પેડ પે તુ લટકા ઊલટા, સીધા હો જા, સબ હૈ સુલટા.' સોનુ બહેનની વાત માની નીચે ઉતરી જાય છે અને કહે છે, 'ભેણ મુંજી શાણી, આય ઘરજી રાણી.' ત્યારે બહેન જવાબ આપે છે, 'ભા મુંજો મીઠો, જાણે ચાંધા મામા ડીઠો.'

- **મિત્ર પ્રેમ :**

'હારૂન અરૂન' ફિલ્મનો પ્રધાન સૂર નિર્દોષ અને નિઃસ્વાર્થ મૈત્રી છે. ત્રણ ગ્રામ્ય બાળકો લાગણીથી હારૂનને તેમનો મિત્ર માને છે, એને પોતાના ઘરમાં આશ્રય આપે છે, માતાથી છૂપાવીને પોતાના ભોજનમાંથી એને ખવડાવે છે, એના માટે માતાને સમજાવે છે. આ બધા પ્રસંગોમાં ગ્રામ્ય બાળકોનો નિર્દોષ નિસ્વાર્થ અને સમર્પિત મૈત્રી ભાવ અસરકારક રીતે વ્યક્ત થયો છે.

- **વતન પ્રેમ :**

આ બન્ને ફિલ્મોમાં વતન પ્રેમ સહજ અને સરળ રીતે વ્યક્ત થયો છે. 'હેડાં હૂડાં'નો પાકિસ્તાની બુઝુર્ગ માલધારી અને એની પત્ની મુળ કચ્છના વતની છે. સોનુ એમને મળે છે અને પોતાની વીતક કહે છે. બુઝુર્ગ દંપતીને એમના મૂળ વતનની મીટ્ટીની ખુશબૂનો ત્યારે અહેસાસ થાય છે. કચ્છની રણ-કાંધીએ સરહદી વિસ્તાર, જે હવે એમના માટે 'પર'દેશ છે, ત્યાં એમનો જન્મ થયો હતો. બાળપણ વીત્યું હતું. એ ભોમકાની મીઠી યાદ દાયકાઓથી એમના જહનમાં જડાયેલી છે. અને, એટલે જ, ત્યાંથી આવેલો બાળક પરજાતિનો હોવા છતાં, એમને પોતીકો લાગે છે. બુઝુર્ગ દંપતી એને પ્રેમથી ખવડાવે છે. એની વાતો (જેમાં દંપતીનો પણ સૂર છે) સાંભળે છે. બુઝુર્ગ માલધારી સરહદની સખત ચોકી પહેરાની પરવા કર્યા વિના, જાનના જોખમે, સોનુને રાતના અંધારામાં, એના વતનની વાટે હેમખેમ પહોંચાડી દે છે.

ઉત્કટ વતન પ્રેમની એવીજ બીજી મિશાલ, 'હારૂન-અરૂન' ફિલ્મમાં પણ જોવા મળે છે. હારૂનના દાદા રશીદ સુલેમાન મૂળ કચ્છનો વતની છે. છેલ્લી ત્રણ પેઢીથી એ પાકિસ્તાનના સરહદી ગામમાં વસેલો છે. એ

*આવનાર વિપત્તિનો વિચાર કરી તેનો સામનો કરવા તૈયાર રહેનાર સુખી થાય છે.*

વૃદ્ધ મુસ્લિમને એની જનમ ભોમકાનો ઝુરાપો છે. કચ્છમાં વસતા એના જિગરી દોસ્તનો વિયોગ છે. એના સગાંવહાલાંની ખેરખબર લેવાનો અભરખો છે અને એટલેજ વૃદ્ધ હોવા છતાં, એના સાહસિક પૌત્ર હારૂન સાથે ચોરીછૂપી સરહદ પાર કરી એના ગામમાં જવા પ્રેરાય છે.

● **માતૃપ્રેમ (વાત્સલ્ય) :**

ઉત્કટ અને પ્રકૃતિ-દત્ત માતૃપ્રેમની એક ઝલક 'હેડાંહૂડાં'માં છે. પાક માલધારી બુઝુર્ગની પત્ની (સુહાસિની મૂલે) એને ત્યાં આવેલા સોનુને હેતથી ખવડાવે છે ત્યારે નિશ્છલ, નિર્મલ માતૃભાવનાં દર્શન થાય છે.

બીજી ફિલ્મ 'હારૂન અરૂન'ની કથાનું તો કેન્દ્રબિન્દુ જ 'માતૃભાવ' છે. આ ફિલ્મને શિકાગો બાળ ફિલ્મ મહોત્સવમાં ઉલ્મન શાંતિ પુરસ્કાર અને ઢાકા ફિલ્મ મહોત્સવમાં મળેલો ઓડિયન્સ (બાળકોના જ્યુરી પદે) પુરસ્કાર એ સૂચિત કરે છે કે, આ ફિલ્મમાં પ્રદર્શિત વૈશ્વિક માતૃપ્રેમ ભાવનાને લીધે જ એ પુરસ્કૃત થઇ છે. એક પરદેશી અને પરધર્મી બાળક જેને સરહદી કાયદા અનુસાર રાખી પણ ન શકાય, એને એક ભારતીય રૂઢિચુસ્ત જાત-પાતની માન્યતા ધરાવતી, મહિલા, માતૃપ્રેમ વશ સ્વીકારે છે. એમાં કરુણા છે, પ્રેમ છે અને વિશ્વ બંધુત્વ ભાવનાની પ્રગતિશીલ અભિવ્યક્તિ છે.

● **ફિલ્મેતર વાત :**

હવે એક છેલ્લી મહત્ત્વની વાત, જેને માત્ર આ બે ફિલ્મો સાથે સીધો સંબંધ ભલે નથી પરંતુ આ ફિલ્મોના નિર્માતા નિર્દેશક વિનોદ ગણાત્રાના ફિલ્મ-નિર્માણ-પ્રદર્શન ક્ષેત્રે-બહોળા અનુભવ અને એમણે સ્થાપેલી મુંબઇ સ્થિત, સંસ્થા, બાળ ફિલ્મ પ્રદર્શન અને એને લગતા વિચાર વિનિમય માટે વર્કશોપ સાથે અવશ્ય છે. આ વાતનું અનુસંધાન, હાલ પૂરતું બૃહદ અમદાવાદમાં વસતા આપણા કચ્છી પરિવારો સંદર્ભે છે.

ભારતમાં બાળ ફિલ્મો બહુ ઓછી બને છે. જે ફિલ્મો બને છે તે પણ લક્ષિત ઓડિયન્સ સુધી પહોંચી શકે તેવું કોઇ વ્યાપક નેટવર્ક નથી. પરિણામે બાળકો પાસે, ટીવી અને મેઇનસ્ટ્રીમ સિનેમા થકી પ્રસારિત કાર્યક્રમો, ફિલ્મો, આદિ પર નિર્ભર રહેવા સિવાય બીજો કોઇ વિકલ્પ નથી અને આ માધ્યમો કેવો સ્ટફ (કમર્શિયલ ધ્યેય હોતાં) આપે છે, એ સર્વવિદિત છે. પરિણામે આમ બાળકોને મહદઅંશે હેતુલક્ષી મનોરંજક સામગ્રીનો લાભ મળતો નથી. 'તારે જમીં પર' જેવી ફિલ્મો, માત્ર આકસ્મિક અપવાદો જ રહે છે.

બૃહદ અમદાવાદમાં પાંચેક હજાર કચ્છી પરિવારો છે. એમના વ્યવસ્થિત અને સમૃદ્ધ જ્ઞાતિ સંગઠનો છે. એમના પરિવારો વચ્ચે પરસ્પર માહિતી પ્રદાન માટે અને સંવાદ જાળવવા જ્ઞાતિ-વિશેષ સામયિકો પણ નિયમિત પ્રકાશિત થાય છે. આ જ્ઞાતિ સમાજોના નેજા હેઠળ, યુવા અને મહિલા સમૂહો પણ સક્રિય છે, જેઓ મોટે ભાગે કન્વેન્શનલ પ્રવૃત્તિઓનું આયોજન કરે છે. **તદુપરાંત બૃહદ અમદાવાદની વિશેષતા એ છે કે અહીં નાત-જાતના ભેદ વિનાનો એક કચ્છી સમાજ પણ છે.** અમદાવાદ બેઇઝડ કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ પણ છે.

આપણા અહીંના સમાજો પુરતી જ માત્ર વાત કરીએ તો, એના ઉત્સાહી યુવા કાર્યકરો, સમાજના બાળકો માટે, ફિલ્મ-બેઇઝડ કાર્યક્રમો નિયમિત અને સંસ્થાકીય માળખામાં રહીને આપી શકે. આપણા યુથ ફોરમ આવા કોઇ કાર્યક્રમો વિચારશે તો, સમાજના વડીલોનો સાથ એમને અવશ્ય મળશે તેવો મને વિશ્વાસ છે. આ માટે સર્વપ્રથમ આપણે વિશ્વ શ્રેષ્ઠ ફિલ્મો આદિની માહિતી એકત્રિત કરવી પડે, એને મેળવવાના સ્રોતો અને સિસ્ટમ સમજવી પડે. એના સ્ક્રીનીંગની વ્યવસ્થા વિચારવી પડે. શ્રી વિનોદભાઇએ મુંબઇમાં આવી સંસ્થા સ્થાપી છે.

આપણે એમના માર્ગદર્શનનો લાભ લઇ શકીએ. વાંચકોની જાણ માટે, શ્રી વિનોદભાઇનો આછેરા પરિચય પણ અત્રે પ્રસ્તુત છે. આશા છે, મંગલ મંદિરના સુજ્ઞ વાચકો આ વિષય પર એમના પ્રતિભાવ પાઠવશે. નવ વર્ષ શુભેચ્છા અને અષાઢી બીજ હાર્દિક અભિનંદન સહ... અસ્તુ. ■

## 'જાત સાથે ગુફ્તેગુ'

વિખ્યાત રશિયન કવિ વાલિડિવારને એક વ્યસન હતું. રોજ રાત્રે સૂતા પહેલાં પોતાની સાથે વાત કરે અને દિવસભરમાં પોતે કેટલાનાં મન દૂભવ્યા અને કેટલાને રાજી કર્યા તેનો વિચાર કરે. બીજે દિવસે કોઇને નારાજ કર્યાના સ્કોર કરતાં કોઇને ખુશ કર્યાનો સ્કોર મોટો થવો જોઇએ તેવો સંકલ્પ કરતા અને પછી તેમને સરસ સુભાષિતો મળી આવતાં. તે સુભાષિતોને તેમણે 'વ્હિસ્પરિંગ ઑફ સેલ્ફ' પોતાની જાત સાથે વાતચીત એવું નામ આપ્યું હતું.

છેલ્લે વાલિડિવારનું જે સુભાષિત ટાંક્યું છે તે હાલના ભોગપ્રધાન સમાજને કામ લાગે તેવું છે.

'Happiness is hard to acquire and easy to loose, if it consists of Many things'

જો તમારા સુખ માટે ઉપભોગની ઘણી ચીજો અનિવાર્ય હોય તો તેવું સુખ મળવાનું નથી. એવું સુખ મુશ્કેલીથી મળે અને સહેલાઇથી ગુમાવી દેવાય. સુંદર બંગલો, સુંદર સ્ત્રી, સલામત ધંધો, નિયમિત નફો, વફાદાર નોકર અને આજ્ઞાંકિત બાળકો — એ બધું હોય તો જ તમે તમને સુખી ગણવાના હો, તો તે કલ્પના છોડી દેજો. સુખ એ તો દુઃખની સાથે જ આવે છે. જીવનમાં સુખ અને દુઃખ અરસપરસ છે. એને નોખાં પાડી ન શકાય.

*સાભાર : 'પરિત્રાણ'*

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)*

*होते हैं कातिल कंटक*
*गुलाबों की आसपास,*
*होते हैं सुलगते सवाल*
*जवाबों की आसपास*
*बस, इक बात इसमें*
*राहत दिलाती है–*
*होते हैं अच्छे लोग*
*किताबों की आसपास!*

*મદનકુમાર અંજારિયા 'ખ્વાબ'*

*જે લોકો સંસારમાં ફક્ત ધનની ઇચ્છા રાખે છે તે અધમ છે, જે ધન તથા સન્માન એ બન્નેની આશા રાખે છે તે મધ્યમ છે, પણ ઉત્તમ મનુષ્યો ફક્ત સન્માનની જ ઇચ્છા રાખે છે.*

# ૯૫૫૦ વર્ષનું લીલુંછમ વૃક્ષ

● અનિલ સરસ્વતી ●

સ્વીડનની પર્વતમાળા. બરફનાં તોફાનો અને પવનની થપાટો ઝેલતું અડીખમ ઊભું છે 'એ!' અનેકાનેક ઋતુઓ, સૂર્યોદય, સૂર્યાસ્તનો એ સાક્ષી છે. ૨૩૦૦ વર્ષ પહેલાં સમ્રાટ અશોક સંપૂર્ણ ભારત પર વિજય પતાકા લહેરાવવા નીકળ્યા ત્યારે પણ એ અહીં જ લહેરાતો હતો; ૨૪૦૦ વર્ષ અગાઉ સિકંદરનો જન્મ થયો ત્યારે પણ એ અહીં જ જીવતો હતો; ૩૦૦૦ વર્ષ પૂર્વે ઇજિપ્તમાં પિરામિડ બનતા હતા ત્યારે પણ એ અહીં અડીખમ ઊભો હતો. ૬૦૦૦ વર્ષ જૂની ઇજિપ્ત, ભારત, ચીનની સંસ્કૃતિ, ૯૦૦૦ વર્ષ પૂર્વે આદિ માનવનું મનુષ્યમાં રૂપાંતરણ, ખેતીવાડી, પશુપાલનની શરૂઆત, નાની નાની વસાહતોની સ્થાપના, આ ઉત્ક્રાંતિનો એ સાક્ષી છે.

● **પણ 'એ' છે કોણ?**

પ્રોફેસર લીફ કુલમૈન પોતાના સાથીઓ સાથે સ્વીડનના ડાલાની પ્રદેશના ફૂલુ પર્વત પરની વનસ્પતિ પર સંશોધન કરી રહ્યા હતા. વર્ષ ૨૦૦૪માં કુલમૈનને આ પર્વત પર એક વૃક્ષ નજરે ચડ્યું. પ્રથમ દષ્ટિએ આ વૃક્ષ ખૂબ જૂનું લાગતું હતું. અમેરિકાના ફ્લોરીડા રાજ્યની એક પ્રયોગશાળામાં આ વૃક્ષના અમુક ભાગની 'કાર્બન ડેટિંગ' પ્રક્રિયાથી તપાસ કરતાં આશ્ચર્યજનક તથ્ય સામે આવ્યું. આ વૃક્ષનું આયુષ્ય હતું ૯૫૫૦ વર્ષ! કૉનિકર પ્રજાતિના આ વૃક્ષને દુનિયા ક્રિસમસ ટ્રી ના નામે ઓળખે છે. લાખો કૉનિકર વૃક્ષોની જેમ આ વૃક્ષ ૯૫૫૦ વર્ષથી પૃથ્વી પરના જીવનને સંતુલિત રાખવામાં પોતાનું યોગદાન આપી રહ્યું છે.

● **ઝાડ એ જ જીવન :**

લગભગ ૪૬૫૦ વર્ષ અગાઉ ધરતી પર ઝાડપાન જન્મ્યા અને વિસ્તરવા લાગ્યા. એ પૂર્વે પણ 'કાંઈ' દરિયાઈ વનસ્પતિરૂપે એ દરિયામાં જીવી રહ્યા હતા. આ વૃક્ષોને કારણે જ વિવિધ જીવોનું જન્મ અને જીવન સંભવ બન્યું. વાતાવરણમાંના અંગારવાયુને પોતાનામાં શોષી લઈ જીવસૃષ્ટિને ટકી રહેવા જરૂરી પ્રાણવાયુ આ વૃક્ષો આપવા લાગ્યા; હરિયાળી વડે પૃથ્વીના તાપમાનને પણ સંતુલિત કર્યું. પરિણામે અનેક નવા જીવો અવતરવા લાગ્યા. જીવનની ત્રણ મૂળભુત જરૂરિયાતો – હવા, પાણી, ખોરાક આ વૃક્ષો જ સંતોષે છે. ક્લોરોફિલ વડે સૂર્યની ઊર્જાને શોષી, પર્યાવરણમાંના અંગારવાયુ અને પાણીને પોતા તરફ આકર્ષે છે. આ પ્રક્રિયાથી પ્રાણવાયુ, ગ્લુકોઝ અને પાણી ઉત્પન્ન કરી આપણને આપે છે. એમની પ્રત્યેક પ્રક્રિયા, પ્રત્યેક અંગ આપણને જીવન અને સુરક્ષા બક્ષે છે. છતાં વૃક્ષ સંહારનું પાપ કરતાં આપણે અચકાતા નથી! વૃક્ષોનો નાશ એટલે આપણો નાશ એ હકીકત જાણતા હોવા છતાં આપણે આ બાબતે આંખ આડા કાન કરીએ છીએ.

એક નજર વૃક્ષ, વનરાઈ દ્વારા જગતને મળતા ઉપહાર પર!

● **આહાર :**

ધરતી પરનો કોઈપણ જીવ – શાકાહારી કે માંસાહારી, આહાર માટે વૃક્ષો પર નિર્ભર છે. અનાજ, કઠોળ, શાકભાજી, ફળ દ્વારા જ આપણે કાર્બોહાઈડ્રેટ્સ, વિટામિન્સ, મિનરલ્સ, પ્રોટીન ઇત્યાદિ મેળવીએ છીએ.

● **પર્યાવરણ સંતુલન :**

મનુષ્ય સહિત તમામ જીવોએ ઉચ્છવાસ દ્વારા બહાર ફેંકેલ અંગારવાયુ જો વાતાવરણમાં જમા થતો જાય તો જીવન અસંભવ બની જાય. માત્ર વૃક્ષો જ એવો જીવ છે જેનો ખોરાક અંગારવાયુ છે અને બદલામાં આપણને પ્રાણવાયુ આપે છે. પણ આપણને એની કિંમત નથી સમજાઈ! દુનિયાભરના ઉચ્છવાસ, ઉદ્યોગો તથા વિવિધ ક્રિયાકાંડો દ્વારા દર વર્ષે આપણે ૧,૨૦,૦૦૦ ટન અંગારવાયુ ઑકી રહ્યા છીએ. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO)ના આંકડા મુજબ દર વર્ષે ૨૫,૦૦,૦૦૦ લોકો વાયુ પ્રદૂષણથી મરે છે. જીવસૃષ્ટિની અનેક જાતિ પ્રજાતિઓ પ્રદૂષણને કારણે લુપ્ત થતી જાય છે. આપણો વારો આવે એ પહેલાં જાગી જઈએ તો સારું!

● **રૂપિયા ઝાડ પર ઊગે છે!**

ડૉલર, યુરો, રૂપિયા, પાઉન્ડ.... તમામ દેશોના ચલણ જે કાગળમાંથી બને છે એ વૃક્ષોની જ દેન છે. કપડાં-લત્તા, બારીબારણાં, રાચરચીલું, પુસ્તકો, સ્ટેશનરી, રંગરસાયણ, બળતણ, અત્તર... આ બધું વૃક્ષો થકી જ! એટલું જ નહીં, આ ઉદ્યોગો સાથે સંકળાયેલા કરોડો કારીગરો માટે વૃક્ષ જીવાદોરી સમાન છે.

● **વનૌષધિ :**

પ્રાચીનકાળથી મનુષ્ય વિવિધ વનસ્પતિ, બીજ, ફળફૂલ, પાન, છાલ, રસનો ઉપયોગ જાતજાતની બીમારીઓને નાથવાની ઔષધિ તરીકે કરી રહ્યો છે. ભારતમાં લીમડો, તુલસી, હરડે, હળદર, આંબળા, લીંબુ, ઇત્યાદિ હજારો વનૌષધિઓનો આયુર્વેદ માધ્યમે અસરકારક ચલણ છે. હવે તો ઍલોપથી દવાઓમાં પણ એનો ઉપયોગ વધી રહ્યો છે.

● **આપણે શું કરી શકીએ?**

મોર્નિંગ, ઇવનિંગ વૉક કે હરવાફરવા માટે આપણે બાગબગીચા કે વૃક્ષાચ્છાદિત રસ્તા જ પસંદ કરીએ છીએ. પ્રદૂષણ યુક્ત સડકો કે સિમેન્ટ કોંક્રીટના જંગલો નહીં!

આપણી નજરે ચડતા તમામ વૃક્ષોની આપણે જાળવણી તો કરીએ જ, સાથે આસપાસ

(અનુસંધાન : જુઓ પાના નં.-૪૮ ઉપર)

*આ સંસારમાં લક્ષ્મી, જીવન, યૌવન, સર્વ નાશવંત છે, ફક્ત ધર્મ સ્થિર છે.*

## શું આપ માની શકશો?

# કચ્છમાં એક રોજગારી ૧.૨૦ કરોડ રૂપિયામાં

• અશ્વિન ઝિંઝુવાડિયા •

કચ્છમાં કાર્યરત થઇ ચૂકેલા ઉદ્યોગો, પોતાનું એકમ ખડું કરી રહેલા ઉદ્યોગો અને નજીકના ભવિષ્યમાં આવનારા ઉદ્યોગો કુલ કેટલા કરોડના મૂડીરોકાણ પછી કુલ કેટલી રોજગારીની તકો પૂરી પાડશે? તેનો જવાબ છે.... એક રોજગારી પાછળ રૂ. ૧ કરોડ ૧૯ લાખ ને ૭૫ હજારનું મૂડીરોકાણ! હા... આટલી રકમના મૂડીરોકાણ બાદ ૧ વ્યક્તિને રોજગારી આપી શકાશે. **કુલ ૪૩૭ ઉદ્યોગો પાછળ રૂ. ૧,૮૮,૨૦૮ કરોડ રૂપિયાનું મૂડીરોકાણ થયું છે/થશે. પરિણામે ૧,૫૭,૧૬૪ વ્યક્તિ રોજગારી મેળવી શકશે. જેમાં પ્રાંતીય અને પરપ્રાંતીય વ્યક્તિઓનો સમાવેશ થઇ જાય છે.**

ભૂકંપ પહેલાં અને બાદમાં આવેલા ઉદ્યોગોથી સરહદી એવા કચ્છ જિલ્લાને ફાયદો થયો છે કે નુકસાન? આ પ્રશ્ન છેલ્લાં કેટલાંક વર્ષોથી ગામના ચોરે પગરખાં ઉતારીને પલાંઠી મારી બેઠેલા મહેનતકશ કિસાનો, કારીગરો, માલધારીઓ, માછીમારો અને શ્રમિકોમાં ચર્ચાઇ રહ્યો છે. તો બીજી તરફ ટાઇ-શૂટમાં એર કન્ડિશન ઓફિસોમાં બેઠેલા જે તે ખાનગી કંપનીના અધિકારીઓ કરોડોના પ્રોજેક્ટ રિપોર્ટની ચર્ચા કરી રહ્યા છે. **એક તરફ ભૂતળનાં જળ, ઉદ્યોગો દ્વારા ઉલેચાઇ રહ્યાં છે. ગૌચર સહિતની જમીનો ઉદ્યોગોને અપાઇ રહી છે.** પરપ્રાંતીય શ્રમિકોના કારણે સંખ્યાબંધ પ્રશ્નો ઊભા થાય છે, તો કરરાહતની તગડી રકમ ખિસ્સામાં સેરવી લીધા બાદ સામાજિક જવાબદારીમાંથી હાથ ઊંચા કરી નાખવાની તથા સમગ્ર પર્યાવરણને જફા પહોંચી હોવાની વ્યાપક ફરિયાદોનો નકારાત્મક સૂર રોષ સાથે સાંભળવા મળે છે, તો સામા પક્ષે કરોડ રૂપિયાના મૂડીરોકાણ સાથે રાષ્ટ્રીય આવકમાં નોંધપાત્ર વધારો, ૨૧મી સદીમાં ઉદ્યોગોના માધ્યમ દ્વારા વૈશ્વિક હરીફાઇમાં રાષ્ટ્રને ટકાવી રાખવાના પ્લાન અને રોજગારીની નવી તકોના તજજ્ઞો દ્વારા થતા આયોજનના વૈજ્ઞાનિક ઢબે તૈયાર થયેલા અહેવાલોના હકારાત્મક અભિગમની દલીલો સાંભળવા મળે છે.

ઔદ્યોગિકીકરણથી જ વિકાસને શક્ય બનાવી શકાય એમ માનનારો પણ એક ચોક્કસ વર્ગ છે. પણ સત્ય આ બે અંતિમોની વચ્ચે છૂપાયેલું છે. સમયાંતરે એવી દલીલ પણ સાંભળવા મળે છે કે, કંઇક મેળવવા કશુંક ગુમાવવું પડે... સામાન્ય જનમાનસ માટે આ તરત ગળે ઊતરી જાય એવી દલીલ છે પણ અભ્યાસના અંતે સ્પષ્ટ કરી શકાય કે આ દલીલ એક ફરેબ છે, ધોખાબાજી છે, આયોજનપૂર્વકની છેતરપિંડી છે. કારણ કે, ગુમાવનારો વિશાળ આમવર્ગ છે, જ્યારે મેળવનારો ખાનગી સીમિત વર્ગ છે.

ઔદ્યોગિકીકરણ ફાયદો કે નુકસાન? આ પ્રશ્નનો સીધો રોકડો જવાબ 'હા' કે 'ના' માં ન આપી શકાય. ઔદ્યોગિકીકરણને ક્યા દૃષ્ટિકોણથી જોવામાં આવે છે એ મહત્ત્વનો મુદ્દો છે. તેમ છતાં દાયકા... અરે કહો કે સૈકાઓથી વિકાસથી વંચિત રહી ગયેલો સરહદી કચ્છ જિલ્લો છેલ્લાં કેટલાંક વર્ષોથી વિકાસના વાયરાથી કરવટ બદલી રહ્યો છે. ગ્રામ્ય વિસ્તારના અદના માનવીને રાષ્ટ્રીય આવક કરતાં ગામના કેટલા બેકાર જણને ગામને પાદરે લાગેલી ફેક્ટરીમાં કામ મળ્યું ? - તેવા પ્રશ્નમાં રસ હોય તે સ્વાભાવિક છે. ઉદ્યોગોએ કેટલી વ્યક્તિને કામ, રોજગાર અપાવ્યો એ ગ્રામ્ય વિસ્તારના લોકોનું ચિંતન હોય છે. બેરોજગારી-પ્રચ્છન્ન બેરોજગારીની સમસ્યા ઔદ્યોગિકીરણથી ઉકેલાઇ છે? માત્ર આટલા મુદ્દાનો જવાબ 'ના'માં આવે છે. જે રોજગારી આપી શકાઇ છે એની ખૂબ મોટી કિંમત વિવિધ દૃષ્ટિકોણથી ચૂકવવી પડી છે... ચૂકવાઇ રહી છે.

તાજેતરમાં ટી. પાર્થ સારથિ (ફીશ માર્ક) અને ભરત કે. પટેલ (માછીમાર સંઘર્ષ અધિકાર સંગઠન) અને તેની ટીમે કચ્છનો દરિયાકાંઠો, લોકો, પર્યાવરણ અને આજીવિકાનું સ્થળ, ખાનગી કંપનીના રિપોર્ટ, ઇન્ટરનેટ અને કંપનીના એમ.ઓ.યુ. સહિતની જવાબદાર માહિતી સ્રોતનો ભારે જહેમત ઉઠાવીને ૫૦ પાનાંનો અભ્યાસ અહેવાલ તૈયાર કર્યો છે. અભ્યાસમાં કચ્છના દરિયાકાંઠે આવેલા ઉદ્યોગોને જ આવરી લેવાયા છે. અભ્યાસ અહેવાલના આંકડાઓને ફેંદતાં ફેંદતાં ન ગમતી ચોંકાવનારી વિગત એ સ્પષ્ટ બને છે કે, **ઔદ્યોગિકીકરણે ઊભી કરેલી ૧ વ્યક્તિની રોજગારી રૂ. ૧ કરોડ ૨૦ લાખ રૂપિયામાં પડી.** બીજી રીતે જોઇએ તો કુલ રૂ. ૧,૧૯,૭૫,૨૬૧ ના ખર્ચ સામે કે મૂડીરોકાણ સામે માત્ર ૧ બેરોજગારને કે વ્યક્તિને રોજગારી મળી છે અથવા મળશે.

મુખ્યત્વે ભૂકંપ પછી કચ્છમાં ઔદ્યોગિકીકરણનો પગપેસારો થયો. **ચેરાવાડી (સૂરજબારી) થી લખપત સુધીના ૪૦૫ કિ.મી. સુધીના દરિયાકાંઠે કે નજીકમાં ૪૩૭ વિવિધ ઔદ્યોગિક એકમો શરૂ થઇ ગયાં છે તો કેટલાક કાર્યરત થઇ રહ્યાં છે. કેટલાકના એમ.ઓ.યુ. થયા છે.** ટૂંકમાં જે ખાનગી ઔદ્યોગિક એકમો શરૂ થઇ ગયાં છે, શરૂ થઇ રહ્યાં છે અને શરૂ થવાનાં છે તેની આંકડાકીય માહિતી ઇન્ડસ્ટ્રીયલ કમિશન, ઇન્ડેક્ષ-બી તથા ખાનગી કંપનીઓના ઇ.આઇ.એ. રિપોર્ટના આધારે તૈયાર કરવામાં આવી છે. અંદાજો વૈજ્ઞાનિક ઢબે અને શક્ય એટલા સત્યની નજીકના મૂકવામાં આવ્યા છે.

હવે વિગતે વાત કરીએ તો ★ ઝોન-

*"સર્વ દુઃખોથી મુક્તિ શી રીતે થાય" એ જાણવા માટે જ આ જીવન જીવવાનું છે.*

૧ ભચાઉથી ગાંધીધામ ઔદ્યોગિક એકમોની સંખ્યા ૩૫૭, કુલ મૂડીરોકાણ રૂ. ૧૧,૨૨૧ (કરોડ)માં અને રોજગારી ૮૪,૩૬૯ એટલે કે ૧ રોજગારી પાછળ રૂ. ૧૩ લાખ ૨૯ હજારનું મૂડીરોકાણ થાય છે. ★ ઝોન-૨ અંજારથી મુંદરામાં ઔ. એકમોની સંખ્યા ૪૪, કુલ મૂડીરોકાણ ૧,૪૧,૯૦૯ (રૂ. કરોડમાં), રોજગારી ૫૦,૯૧૪ એટલે કે ૧ રોજગારી પાછળ ૨ કરોડ ૭૮ લાખનું મૂડીરોકાણ. ★ ઝોન-૩ માંડવીથી જખૌ ઔ. એકમોની સંખ્યા ૪, કુલ મૂડીરોકાણ રૂ. ૧૩,૩૮૯ (રૂ. કરોડમાં) અને રોજગારી ૨૩૪૯ એટલે કે ૧ રોજગારી પાછળ ૫ કરોડ ૬૯ લાખનું મૂડીરોકાણ. ★ ઝોન-૪ અબડાસાથી લખપત ઔ. એકમોની સંખ્યા ૩૨, કુલ મૂડીરોકાણ રૂ. ૨૧,૬૮૯ (કરોડમાં) અને રોજગારી ૧૯૬૩૧ એટલે કે ૧ રોજગારી માટે રૂ. ૧ કરોડ ૧૧ લાખનું મૂડીરોકાણ.... **ટૂંકમાં ભચાઉથી લખપત સુધીના ચારેય ઝોનમાં ઔદ્યોગિક એકમોની સંખ્યા ૪૩૭, કુલ મૂડીરોકાણ રૂ. ૧,૮૮,૨૦૮ (કરોડમાં), કુલ રોજગારી ૧,૫૭,૧૬૪ એટલે કે ૧ રોજગારી પાછળનું મૂડીરોકાણ રૂ. ૧ કરોડ ૧૯ લાખ થાય છે.**

સૌથી વધુ ઉદ્યોગો ઝોન-૧ ભચાઉ-ગાંધીધામ (૩૫૭) અને સૌથી ઓછા ઝોન-૩ માંડવી જખૌમાં (૪) છે. જ્યારે સૌથી વધુ મૂડીરોકાણ અંજાર-મુંદરામાં રૂ. ૧,૪૧,૯૦૯ (રૂપિયા કરોડમાં) અને સૌથી ઓછું માંડવી-જખૌમાં રૂ. ૧૩,૩૮૯ (રૂપિયા કરોડમાં)નું. રોજગારી પાછળ સૌથી વધુ ખર્ચ કે મૂડીરોકાણ ઝોન-૩ (રૂા. ૫ કરોડ ૬૯ લાખ) અને સૌથી ઓછું મૂડીરોકાણ ઝોન-૧માં (રૂા. ૧૩ લાખ ૨૯ હજાર) થયો છે. અન્ય નોંધપાત્ર વિગત એ પણ છે કે, ઝોન ૧ અને ૩ની સરખામણી કરીએ તો ઝોન-૧ના મૂડીરોકાણ કરતાં ઝોન-૨નું મૂડીરોકાણ વધુ છે પણ રોજગારીની તકો ઝોન-૧માં વધુ છે. ઔદ્યોગિક એકમોની સંખ્યા અને રોજગારીના દૃષ્ટિકોણથી 'પછાત' વિસ્તાર ઝોન-૩ છે. **ભચાઉ-ગાંધીધામ, અંજાર અને મુંદરા (ઝોન ૧ અને ૨)માં ૯૨ ટકા ઉદ્યોગો આવેલા છે. જ્યારે માંડવી-જખૌ, અબડાસા અને લખપત (ઝોન ૩ અને ૪)માં માત્ર બાકીના ૮ ટકા ઉદ્યોગો આવેલા છે.** ટૂંકમાં, ઔદ્યોગિકીકરણના વિસ્તારની દૃષ્ટિએ અસમતુલા બહુ મોટી છે. બીજી રીતે આ જ મુદ્દાને મૂલવીએ તો **કચ્છની દરિયાઇ કાંઠાળપટ્ટીના** ૧૭૦ કિ.મી. વિસ્તારમાં ૯૨ ટકા અને ૨૩૫ કિ.મી.ના વિસ્તારમાં ૮ ટકા ઉદ્યોગોનો પથારો પથરાયેલો છે. **મૂડીરોકાણના સંદર્ભમાં** ચર્ચા જો આગળ ધપાવીએ તો ચારેય ઝોનના કુલ મૂડીરોકાણમાં ઝોન ૧-૨માં ૮૧ ટકા મૂડીરોકાણ થયું છે. જ્યારે બાકીના ઝોન ૩-૪માં ૧૯ ટકા મૂડીરોકાણ થયું છે. રોજગારીના દૃષ્ટિકોણથી ઝોન ૧-૨માં ૮૬ ટકા રોજગારીની સામે ઝોન ૩-૪ માં માત્ર ૧૪ ટકા રોજગારીનું પ્રમાણ હોવાનું આંકડાઓના વ્યાયામથી ફલિત થાય છે. કુલ ચારેય ઝોનમાં રૂ. ૧,૮૮,૨૦૮ કરોડના મૂડીરોકાણ સામે ૧૫૭૧૬૪ ની રોજગારી ઊભી થઇ છે. **ખેતી સાથે ઉપરોક્ત ચર્ચાને સરખાવીએ તો રાપર તા. ના લાકડાવાંઢ ડેમમાંથી ડીઝલ એન્જિનની મદદથી પાણી મેળવીને ૬ હજાર કિસાનોએ ૧૫૦ કરોડ રૂ.નું ખાદ્ય જીરું પકવ્યું, એ પણ ૧૨૦ દિવસમાં....!** રાજ્ય સરકારે ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટે દર વર્ષે સેલ્સ ટેક્સ, એક્સાઇઝ કર સહિતના ૭ થી ૮ સો કરોડ મળી ભૂકંપ બાદ અત્યાર સુધી અંદાજે પંચાવનસો કરોડ રૂ. કરના માફ કર્યા છે કે જતા કર્યા છે.

સમગ્ર વિગતમાં જ્યાં 'રોજગારી'નો ઉલ્લેખ થયો છે ત્યાં માત્ર સ્થાનિક લોકોને રોજગારી સમજવું નહીં. અત્યારે કાર્યરત રોજગારોમાં જો સ્થાનિક (એટલે કે સમગ્ર ગુજરાતના) લોકોની રોજગારીના આંકડા અલગ કરવામાં આવે તો કચ્છમાં ઉદ્યોગોને કારણે રોજગારીની વિપુલ તકો ઊભી થઇ છે, તેવા ભ્રામક પ્રચારના ફુગ્ગામાંથી હવા જ નીકળી જાય. **ખેતીમાં રોજગારીની તકોનો મહત્ત્વનો મુદ્દો એ છે કે, રોજગારી જાળવવાની સાથે સાથે ખેડૂત ઉત્પાદિત માલનો સીધો માલિક બને છે.**

અંતમાં એટલું જ કહેવાનું કે ઉદ્યોગ એ પહેલા વેતરનું ઢોર ને ખેતી એ સાતમા વેતરનું ડોબું હોય એવો વ્યવહાર સરવાળે નુકસાન પહોંચાડશે. આ મુદ્દે પર્યાવરણની જાળવણીની સામે પ્રદૂષણ, માલિક અને મજૂર પરંપરાગત અને પરાયું, સ્વાવલંબી અને ઓશિયાળા સહિતના પ્રશ્નો પણ છણાવટ માગે છે. **જે અભ્યાસ અહેવાલ તૈયાર થયો છે તેને આર્થિક સહયોગ સર દોરાબજી ટાટા ટ્રસ્ટે આપ્યો છે અને ફીશમાર્ક તથા કચ્છ નવનિર્માણ અભિયાનના સંયુક્ત ઉપક્રમે તૈયાર કરવામાં આવ્યો છે. ઉપરાંત ફાઉન્ડેશન ફોર ઇકોલોજિકલ સિક્યુરિટીનો સહયોગ સાંપડ્યો છે.**

***પ્રેષક : પન્નાલાલ ખીમજી છેડા***

## ૯૫૫૦ વર્ષનું લીલુંછમ વૃક્ષ

**(અનુસંધાન : પાના નં.-૪૬ ઉપરથી ચાલુ)**

જ્યાં જ્યાં શક્ય હોય ત્યાં વધુને વધુ વૃક્ષો ઉગાડીએ અને જ્યાં સુધી એ છોડ, વૃક્ષ સ્વરૂપધારી પગભર ન થાય ત્યાં સુધી એનો નાના બાળકની જેમ ઉછેર કરીએ. પડોશીઓ, સ્વજનો, મિત્રોને પણ આ શુભ કાર્યમાં જોડીએ. આવનાર ચોમાસાને હરિયાળું બનાવી દેવાનો સંકલ્પ કરીએ... અને યાદ રહે... આ સમાજસેવા નથી, સ્વસેવા છે કારણકે આપણું જીવન વૃક્ષો પર જ નિર્ભર છે.

***('યશ ઓશો'માંથી સાભાર)***

***ભાવાનુવાદ : લાલ રાંભિયા***
*બંગલો નં.-૬૩, સન સિટી,*
*પ્રમુખસ્વામીનગર ચોકડીથી મિરજાપર રોડ,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૫૩૭૦ ૪૦૬૨૩*

*વન વેરાન ત પાં હેરાન*
*વન રાજી ત પાં રાંજી.*
*– કવિ 'તેજ'*

# કુદરતનો અણમોલ ઉપહાર - કચ્છનો અખાત

• અશ્વિન ઝિંઝુવાડિયા •

સમગ્ર રાષ્ટ્રમાં સૌથી લાંબો દરિયા કિનારો ધરાવતો જિલ્લો કચ્છ છે. જ્યારે દરિયાઇ જીવન અને વનસ્પતિ સૃષ્ટિમાં એશિયાનો સૌથી સમૃદ્ધ વિસ્તાર કચ્છનો અખાત છે. સમગ્ર દેશનો ટાપુઓ સાથેનો દરિયા કિનારાનો વિસ્તાર ૮૦૪૭ કિ.મી. છે. જ્યારે ટાપુઓને બાદ કરતા સળંગ દરિયા કિનારો ૬૦૦૦ કિ.મી.ના પટ્ટામાં પથરાયેલો છે. આ પૈકી ગુજરાત રાજ્યનો દરિયા કિનારો ૧૬૬૩ કિ.મી.નો છે. 'ગલ્ફ ઑફ કચ્છ' તરીકે નકશામાં ઉલ્લેખ પામેલા કચ્છના અખાતનો કચ્છ જિલ્લા તરફનો એટલે કે લખપતથી સુરજબારી સુધીનો કિનારો ૪૦૫ કિ.મી. લાંબો છે. જ્યારે નીચેનો સૌરાષ્ટ્ર બાજુનો એટલે કે ઓખાથી સુરજબારીનો કાંઠો ૧૭૦ કિ.મી. મળી સમગ્ર રીતે લખપતથી ઓખા - વાયા સુરજબારી સુધીનો દરિયા કિનારો ૫૭૫ કિ.મી. સુધી ફેલાયેલો છે. બીજી દૃષ્ટિએ જોતાં કચ્છના અખાતના બન્ને કાંઠાનો દરિયા કિનારો રાષ્ટ્રના કુલ દરિયા કિનારાનો ૯.૫૮ ટકા અને ગુજરાત રાજ્યના કુલ દરિયાકાંઠાનો ૩૪.૫૭ ટકાનો વ્યૂહાત્મક સરહદી દરિયા કિનારો આવેલો છે. જ્યારે કચ્છ તરફનો (ઉપરનો) કાંઠો રાષ્ટ્રનો ૬.૭૫ અને રાજ્યનો ૨૪.૩૫ ટકા દરિયા કિનારો ધરાવે છે. કચ્છના અખાતનું મુખ (લગભગ માંડવી સામે ઓખા) ૭૫ કિ.મી. પહોળું છે. અને ખાડીનો સમગ્ર વિસ્તાર ૭૫૦૦ સ્કવેર કિ.મી. નો વિશાળ વિસ્તાર ધરાવે છે કચ્છના અખાતને ૪ જિલ્લા સ્પર્શે છે. મુખ્યત્વે કચ્છ ઉપરાંત જામનગર રાજકોટ અને થોડો ભાગ સુરેન્દ્રનગરનો...

"અલખ નિરંજન"ની ધૂણી ધૂખાવીને બેઠેલા કોઇ અવધૂત જોગીને સંસારિક બાબતોની પડી ન હોય એમ ગલ્ફ ઓફ કચ્છની સમૃદ્ધ લાજવાબ અને વિપુલ વનસ્પતિ અને જીવસૃષ્ટિને માનવ સભ્યતાની ગતિવિધિની ફિકર - ચિંતા ન હોય એ સ્વાભાવિક છે. અનંતકાળથી મહેરામણે આ સમુદ્રી સ્થાનને લાડ લડાવ્યા છે. તો સમયાંતરે ભૂ-કંપવાના ઝટકાની વઢ પણ ખાધી છે. મહેરામણનો કાંઠો ક્યાંક વાંઝિયાપણાની ચાડી ખાતો તદ્દન રેતાળ છે તો ક્યાંક કીચડયુક્ત કિનારો ચેરના હર્યાભર્યા લીલાછમ ગીચ જંગલોથી નવવધૂની જેમ સોળે કળાએ ખીલેલો છે. ક્યાંક દિવસે પણ ભૂલભલામણીમાં નાખી દેતી અટપટી ક્રીકોના જાળાનો વણ ઉકેલાયેલો કોયડો બની રહે છે તો ક્યાંક કાયમ ગુસ્સામાં રહેતો અને મોજાના પ્રહારો કરી ફોગટ રોષ

## ચેર - કોઇ એક રાષ્ટ્રની નહીં, માનવજાતની મૂડી છે



મુંદરાની ડબલ એસ (S) આકારની ક્રીકમાંથી પસાર થતી વખતે ચેર (મેન્ગ્રુસ)ના ગીચ લીલાછમ અને વિવિધતાસભર જંગલો જોવા મળે ... ૨ ફૂટથી માંડીને ૧૫ - ૧૭ ફૂટ ઊંચા ચેરના જંગલો એવેસેનિયા (મરિના) પ્રકારના છે. ભરતી ઓટની પાકી ગણતરી વગર જો ચેરના જંગલમાં ઘુસી ગયા તો ફસાઇ જવાય... કીચડ એટલો કે પગે ચાલી જ ન શકાય તે પાણી ઓછું હોવાથી બોટ આગળ વધી જ ન શકે. મજા લેવી હોય તો ચેરના જંગલોની સામે ખુલ્લા દરિયામાં લંગર નાખીને હોડીને ઊભા રાખી દો.. ભરતીની રાહ જુઓ... અને આપણી નજર સામે જ ખુલ્લા દરિયાનું પાણી ચેરના જંગલો ઉપર જાણે આક્રમણ કરવા જઇ રહ્યું હોય તેમ ધસમસતું ધસી આવે.. અફડાતફડી શરૂ થાય અને જોતજોતામાં તમારી નજર સામે દેખાતું ચેરનું જંગલ નખશિખ પાણીમાં ડૂબી જાય.. અલોપ થઇ જાય... ચેરના વૃક્ષનું સૌથી ઉપરનું એક પાંદડું પણ ન દેખાય ... મહેરામણે જંગલ ઉપર સંપૂર્ણ આધિપત્ય જમાવી દીધું.. અને ઓટ થતાંની સાથે મકરાકર નો મેધરસ વિજયી સેનાના ઉન્માદે ચડેલા સૈનિકોની જેમ બેરેકમાં પરત જાય છે. ક્રમશઃ ચેરના લીલાછમ જંગલો પુનઃ દૃશ્યમાન થાય... ફીણોટા ખારાઉસ સમુદ્ર દ્વારા ત્યજી દેવાયેલા બાળકની જેમ ચેરના વૃક્ષોને બાથ ભરેલા જ્યાં ત્યાં જોવા મળે. અનેક ઉપકારી ચેરના જંગલો એ કોઇ એક રાષ્ટ્રની નહીં પણ સમગ્ર માનવજાતની મૂડી છે. આ અને આવી તો સંખ્યાબંધ કુદરતી સંપત્તિઓ આપણને વારસામાં મળી નથી પણ આપણા ભાવિ પેઢીના બાળકો પાસેથી ઉછીની લીધેલી મૂડી છે. કમનસીબે આપણે એ મૂડીને વેડફી રહ્યા છીએ. ભાવિ પેઢીને જવાબ શું આપશું?

*તમને દુઃખ કોણ દે છે? તમારાં ક્રોધ, માન, માયા, લોભ — એમાં કુદરતનો શો દોષ?*

વ્યક્ત કરતો દાદાજી પણ લાગે છે. એવા આ મહેરામણની મોજ મસ્તી અને મિજાજનું માપ મુકવું મુશ્કેલ છે.

કચ્છના અખાતના દરિયાના પાણીમાં ઑક્સિજનનું પ્રમાણ જાળવવામાં તથા ક્ષાર આક્રમણ સામે અભેદ દીવાલ બનેલા ચૅરનાં જંગલોનો વિસ્તાર ૫૭૨૨ હેક્ટર છે. ૨૧૦ પ્રકારની દરિયાઇ શેવાળ સમુદ્રી સૂક્ષ્મ જીવોનું પાલનહાર છે. આ શેવાળના કારણે દરિયાઇ પર્યાવરણ જળવાઇ રહ્યું છે. ચેરના જંગલો ઉપર આવતા પક્ષીઓની ચરક-ચેરના ખરતા પાનથી પાણીમાં થતો જમેલો અને મુખ્યત્વે નદીના કાંપયુક્ત પાણી કિનારે ઠલવાતા એક એવું કીચડયુક્ત પરિસર તૈયાર થાય છે જે સમગ્ર જીવન અને વનસ્પતિ સૃષ્ટિની સમગ્ર "સાઈકલ"નું મહત્ત્વનું ચાલક બળ બની રહે છે. ચેરિયા અને કોરલ એ કચ્છના અખાતને કુદરત તરફથી મળેલા બેનમૂન નજરાણા છે. જાણે ધરતીમાએ જાકારો આપ્યા બાદ દાદાજી મહેરામણે રડતા બાળકને વધુ લાડ સાથે ગોદમાં લીધો ન હોય?

કચ્છના અખાતમાં ૪૫૮ કિ.મી.નો વિસ્તાર દરિયાઇ ઉધાન અને ૧૬૩ કિ.મી. વિસ્તાર નેશનલ મરીન પાર્ક તરીકે રક્ષિત જાહેર કરવામાં આવ્યો છે. ભારતના સુંદરવનના જંગલોને બાદ કરતાં બીજા નંબરના ચૅરના ગીચ જંગલો કચ્છના અખાતમાં છે જે ૩ ફુટથી ૨૫ ફીટની ઊંચાઇ ધરાવતા અને મોટા ભાગના એવેસેનિયા - (મરિના) પ્રકારના ચૅરના વૃક્ષો છે. અખાતમાં કુલ ૪૨ પરવાળા ટાપુઓ આવેલા છે. જે પૈકી ૩૪ જેટલા ટાપુ જામનગર જિલ્લામાં આવેલા છે. જૂના સલાયા (જિ. જામનગર) વિસ્તારમાં ૫૨૪૦ વર્ષ જૂના અને ઓખા વિસ્તારમાં ૪૫ હજાર વર્ષ પુરાણા પરવાળાના ટાપુઓ એ કોઇ એક દેશની નહીં પરંતુ સમગ્ર માનવ જાતની મૂડી સમાન છે.

ઇ.સ. ૧૯૭૮ના સંશોધન અહેવાલ મુજબ ૨૮૧૦૦ ટન જીવંત પરવાળા (પરવાળા એટલે કોરલ - સમજવા માટે સૂક્ષ્મ જીવ) ૨૫ જેટલા ટાપુઓ ઉપર આવેલા છે. જ્યારે મૃત હાલતમાં ૬ લાખ ૯ હજાર ટન પરવાળા છે. દર વર્ષે ૨૦ ટન જેટલા પરવાળા નાશ પામે છે. કુલ ૩૯ પરવાળાની જાતિઓમાંથી ૨૪ પ્રકારના પરવાળા જીવંત છે. જો કે તે લગભગ મૃતઃપ્રાય જેવા છે. નોંધપાત્ર વિગત એ છે કે ઇ.સ. ૧૯૭૫માં પરવાળાનો વિસ્તાર ૨૧૭ ચો.કિ.મી. હતો જે ઘટીને ૧૯૮૫માં ૧૧૮ ચો.કિ.મી. રહેવા પામ્યો છે. ઇ.સ. ૧૯૮૬માં ૧૨૩ ચો.કિ.મી. માંથી ૯૪ ચો.કિ.મી. નાશ પામ્યા. ટૂંકમાં ૨૯ ચો.કિ.મી. જેટલો પરવાળા વિસ્તાર અત્યારે સમ ખાવા માટે બચ્યો છે.

પરવાળા નાશ પામવાનું મુખ્ય કારણ ઓઇલ પ્રદૂષણ કિનારા નજીકના વિસ્તારમાં ધંધાકીય પ્રવૃત્તિઓ-ઓઇલ અને કેમિકલનો ઘન કચરો દરિયામાં નાખવાની બેલગામ ચાલતી પ્રવૃત્તિઓ- રેતીની ઉઠાંતરી - સિમેન્ટ કંપનીઓનું વધતું પ્રમાણ અને અન્ય કારણો જવાબદાર છે.

કચ્છના અખાતમાં ૨૦૦ જાતની વિવિધ પ્રકારની માછલીઓ - ૨૭ જેટલી જીંગાની પ્રજાતિઓ તથા ખૂબ મોટા જથ્થામાં (ટનોમાં) ઓઇલસ્ટર આવેલી છે. કચ્છના અખાતના બન્ને છેડે કિનારા તરફ ૬ કિ.મી.ના વિસ્તારમાં ખારાશનું પ્રાણ વધ્યું છે. જ્યારે દરિયાઇ પાણીમાં પેટ્રોલિયમ હાઇડ્રો કાર્બનનું પ્રમાણ વધ્યું છે. ઓઇલ અને ક્રૂડનું પ્રમાણ પાણીમાં વધતા માછલી, ચેરિયા અને સૂક્ષ્મ દરિયાઇ જીવો ઉપર માઠી અસર પડી છે. કચ્છના અખાતના દરિયા કિનારે ૧૦ હજાર સ્મોલ સ્કેલ ઇન્ડસ્ટ્રીઝ આવેલી છે. ૪૬ મોટા ઔદ્યોગિક એકમોથી સૌથી વધુ પ્રદૂષણ થાય છે. દર વર્ષે સ્ટીમરોના ટ્રાફિકમાં ૨૦ ટકાનો વધારો થાય છે. અત્યારે પ્રતિવર્ષ ૧૬ હજાર સ્ટીમરો કચ્છના અખાતમાં આવ-જા કરે છે.

રાષ્ટ્રના કુલ મીઠાના ઉત્પાદનમાં ૭૦ ટકા મીઠું ગુજરાતના દરિયા કિનારે તૈયાર થાય છે. ૨૧ મીઠાના ઔદ્યોગિક એકમો અનિયત જંગલ અને મહેસૂલી વિભાગની હદમાં આવેલા છે, જે ૧૦૩ ચો.કિ.મી.માં પથરાયેલા છે. કચ્છના નાના રણ વિસ્તારના ૧૩૧ ચો.કિ.મી. માં ૮૨ મિલિયન ટન મીઠાનું ઉત્પાદન થાય છે. સમગ્ર રીતે કુલ ૫૩૫ ચો.કિ.મી.માં મીઠાના અગરો આવેલા છે.

કચ્છના અખાતની મુખ્ય ખાસિયતોના ત્રણ મુદ્દા ગણાવી શકાય : (૧) લાંબો આંતર ભરતી વિસ્તાર (ઇન્ટર ટાઇડલ ઝોન)... ભરતી ઓટ વચ્ચેનો વિસ્તાર સામાન્ય રીતે ૨૦થી ૫૦ મીટરનો હોય છે. જ્યારે કચ્છના અખાતમાં આ વિસ્તાર સરાસરી ૫ કિ.મી. થી ૭ કિ.મી.નો છે. એમાંય કેટલોક વિસ્તાર તો ૫ થી ૨૦ કિ.મી. નો આંતર ભરતી વિસ્તાર આવેલો છે (૨) ક્રીકોનું અદ્‌ભુત જાળું... અટપટી અસંખ્ય નાની મોટી ક્રીક અને વણોટી કિનારાના પર્યાવરણને જીવંત ધબકતું રાખે છે. પૂનમ-અમાસ અને સાતમ આઠમની લાંબી ટૂંકી ભરતી ઓટ સમગ્ર ક્રીક પરિસરનું મહત્ત્વનું પરિબળ છે. વરસાદી પાણી જ્યાં જ્યાં દરિયામાં ઠલવાય છે તે પાણી ફળદ્રુપ કાંપ પણ સાથે લાવે છે. પરિણામે કીચડયુક્ત કિનારો જૈવિક વિવિધતા અને વિપુલતાને પાંગરવા દે છે. ચેરિયાનો વિકાસ થઇ શકે તેવો વિસ્તાર ઇ.સ. ૧૯૭૫માં ૭૩૪ કિ.મી. હતો જે ૧૯૮૨ના આંકડા મુજબ ૧૭૭ ચો.કિ.મી.નો રહેવા પામ્યો છે. ચિંતાજનક મુદ્દો તો એ છે કે ૧૯૮૨ પછીની પરિસ્થિતિ તો અત્યંત બદથી બદતર બની ચૂકી છે. ઔદ્યોગિકીકરણે ઐતિહાસિક ચેર નિકંદન કાઢી નાખ્યા બાદ ક્રીક પુરણની પ્રવૃત્તિઓ કિનારાની ભૂગોળને જ બદલી નાખી છે ચેરના જંગલો વેન્ટીલેટર ઉપર છે. (૩) પરવાળાના ટાપુ... જેની ચર્ચા ઉપર થઇ... પરવાળાના ટાપુના કોફીન ઉપર નજીકના જ ભવિષ્યમાં છેલ્લા ખિલ્લા ઠોકાઇ જશે.

કચ્છનો અખાત આટલો હર્યોભર્યો - સમૃદ્ધ હોવાનું અતિ મહત્ત્વનું કારણ - મોટા ભાગના છીછરા દરિયા કિનારાના કારણે સૂર્ય પ્રકાશ સમુદ્રના તળ સુધી પહોંચી શકે છે. સૂર્ય કિરણો જળને વિંધીને તળિયાને સ્પર્શતા હોવાથી સમુદ્રી વનસ્પતિ અને જીવ, સૂક્ષ્મ જીવના જીવનને જીવંત રાખતું મહત્ત્વનું પરિબળ છે... ઉપરાંત ક્રીકનું જાળું - ચેરિયા - પરવાળાનું એક એવું "યુનિક" બનવા પામ્યું છે જે માત્ર અદ્‌ભુત જ નહીં પણ રાષ્ટ્રીય

*આપણને કિંચિત્‌માત્ર દુઃખ થાય છે, તે આપણે દીધેલા આઘાતનાં પ્રત્યાઘાત છે. માટે અનુકૂળ આવે તે કરજો.*

## ડોલ્ફીન - માણસ પછીનું બુદ્ધિશાળી પ્રાણી...



સાગર ખેડૂઓ જેને "ગલ્ફ ઑફ કચ્છ" તરીકે ઓળખે છે એ કચ્છના અખાતની જીવ અને વનસ્પતિની લાજવાબ બેનમૂન અને આશ્ચર્યમાં મૂકી દે એવી દુનિયાને ખરેખર માણવી હોય તો નાની બોટમાં ખોરાક - પાણીના પૂરતા જથ્થાને બોટમાં નાખી, નીકળી પડો મહેરામણની સફરે...

સમયાંતરે કરેલી ચેરના જંગલોની રઝળપાટ દરમ્યાન થ્રીલ ખડું કરી દે એવું દ્રશ્ય એ જોવા મળ્યું હતું કે એક ૩૦થી ૪૦ જેટલી ડોલ્ફીનનું ટોળું સાવ જ નજીકથી જોયું. માણસ પછીનું સૌથી વધુ બુદ્ધિશાળી પ્રાણી જો કોઇ હોય તો તે આ ડોલ્ફીન છે. હોડીને તદ્દન અડીને પાણીમાં હોડીને સમાંતર ડોલ્ફીન ઉપર સરળતાથી હોડીમાં બેઠા બેઠા હાથ ફેરવી શકાય.. તેના ચીકણા - લીસા- સુંવાળા શરીરને પંપાળે રાખો... ડોલ્ફીનને મોજ આવશે ત્યાં સુધી એ તમારી હોડીની સમાંતર ચાલશે. બાદમાં બાય.. બાય... કરીને રજા લેશે... નર - માદાને પાણીની બહાર ઉછળીને ગેલ કરતી જોવી એ એક અર્થમાં જીવનનો લહાવો છે. ઘેર મહેમાન આવ્યા હોય એવો આનંદ તમારી આસપાસ ચક્કર મારતી ડોલ્ફીન વ્યક્ત કરતી હોય છે ... નિષ્ણાતોનું માનવું છે કે એક ડોલ્ફીન બીજી ડોલ્ફીનને નામથી બોલાવતી હોય છે. મોસમ દરમ્યાન મુંદ્રા બંદરની જેટી ઉપર ઊભા ઊભા પણ ડોલ્ફીનને પ્રત્યક્ષ નિહાળી શકાય છે. પણ લક બાય ચાન્સ... સિમેન્ટના જંગલોમાં રહીને આપણે આવી તો સંખ્યાબંધ અદ્ભુત જીવ સૃષ્ટિમાં ડોકિયું કરવાની ફુરસદ પણ ક્યાં છે? સર્જનહારે બધા પશુ- પક્ષીને આડા બનાવ્યા અને માણસને સીધો બનાવ્યો પણ સૌથી "આડો" એ જ હાલે છે ને?

ગૌરવ સમાન છે.

પૃથ્વીની ઉત્પત્તિ બાદ થયેલા અનેક ભૂપરિવર્તનોએ કિનારાના નકશાને કાળક્રમે બદલતા રહ્યા છે. છેલ્લા મહત્ત્વના પરિવર્તનની ઘટના ૨૦૦૧નો ભૂકંપ ગણાવી શકાય. આ ઘટનાએ દરિયાના તળિયાને ઑડ-ઇવન (એક અર્થમાં અસમથળ) બનાવ્યું. કોઇક કિનારે ભરતીનું પાણી વધ્યું કે ઘટ્યું છે અને હજારો વર્ષથી સ્થિર થયેલી પરવાળા જીવસૃષ્ટિને નોંધપાત્ર ખલેલ પહોંચતાં સંભવતઃ તેનું "મહાભિનિષ્ક્રમણ" શરૂ થયું છે. મહેરામણના તળમાંથી ભૂકંપ સમયે જે ઊર્જા વિસ્ફોટ થયા એની અસરો જીવ અને વનસ્પતિ ઉપર પડી છે કે કેમ? આ મુદ્દે તો દાયકાઓનો અભ્યાસ કર્યા બાદ સ્પષ્ટતા થઇ શકે.

સંક્ષિપ્તમાં એમ કહી શકાય કે - ગલ્ફ ઓફ કચ્છ — કચ્છનો અખાત ભવ્ય ભૂતકાળ - ચિંતાનજક વર્તમાન અને અંધકારમય ભવિષ્ય તરફ જઇ રહ્યો છે. કચ્છના અખાતના બન્ને કાંઠે મળીને કુલ ૬૩૪ ઉદ્યોગો કાર્યરત છે, ૩૦૨ ઉદ્યોગોનું કામ ચાલુ છે અને ૬૬ ઉદ્યોગોના કરાર થઇ ચૂક્યા છે. ■

## ભીષ્મ પ્રતિજ્ઞા

એક સરસ કથા છે. મહાભારતના યુદ્ધમાં શરૂમાં ભીષ્મ પાંડવો પ્રત્યે પક્ષપાત કરે છે અને ઘોર યુદ્ધ કરતા નથી એવો આક્ષેપ દુર્યોધને કર્યો. ભીષ્મને ક્રોધ આવ્યો અને તેણે દુર્યોધનને કહ્યું કે 'કાલ સાંજ સુધીમાં એક પણ પાંડવ જીવિત નહીં રહે - આ મારી પ્રતિજ્ઞા છે.'

પાંડવ છાવણીમાં આ સમાચાર પહોંચ્યા. ભીષ્મની શક્તિ અને ભીષ્મની પ્રતિજ્ઞા એટલે શું એ સૌ પાંડવો જાણતા હતા. એટલે હવે ભીષ્મથી બચવું કેમ તેની ચિંતામાં પડ્યા. પહોંચ્યા કૃષ્ણ પાસે. કૃષ્ણે પણ ગંભીરતા જાણી.

કૃષ્ણે દ્રૌપદીને બોલાવી. સાવ સાદા વસ્ત્રોમાં પગથી માથા સુધી એકપણ આભૂષણ વગર તૈયાર થવા કહ્યું. આ રીતે ઘુંઘટ કાઢી કૃષ્ણ અને દ્રૌપદી તે રાત્રે જ ભીષ્મની શિબિરમાં તેમના તંબુમાં પહોંચ્યા. દ્રૌપદી એકલી જ ઘુંઘટમાં અંદર ગઈ ને ભીષ્મના ચરણસ્પર્શ કર્યા. ભીષ્મે આશીર્વાદ આપ્યા, 'અખંડ સૌભાગ્યવતી ભવઃ'

અને દ્રૌપદી પાછી વળતી હતી ત્યાં ભીષ્મ બોલ્યા, 'બેટા, મેં તને ઓળખી લીધી છે. મારી પ્રતિજ્ઞા તૂટી ચૂકી છે. પણ તને આ શીખવાડીને અત્રે મોકલનાર કૃષ્ણ ક્યાં છે?'

બહાર ઊભેલા કૃષ્ણ અંદર આવ્યા અને તેમણે ભીષ્મને પ્રણામ કર્યા.

***પ્રેષક : શાંતિલાલ સંઘવી***

*પચાવી ન પાડે, પચાવી ન શકે,*
*અન્ન પચે એને, જે ચાવી શકે;*
*વાંચનનું પાચન પણ એને થશે,*
*જે વાંચી શકે' ને વંચાવી શકે.*

***મદનકુમાર અંજારીયા 'ખ્વાબ'***

# કચ્છના ભગ્ન મંદિરોમાં સચવાયેલો શિલ્પ સ્થાપત્યનો વારસો

• નરેશ અંતાણી •

ભારતીય સસંકૃતિના પુરાતત્ત્વ, સંસ્કૃતિ, શિલ્પ અને સ્થાપત્યના વિકાસમાં કચ્છનું પ્રદાન અદકેરું છે. આપણા અતીતની ગવાહી આપતા અનેક પ્રમાણો કચ્છમાંથી ઠેરઠેર પ્રાપ્ત થાય છે. ઇતિહાસના પાના વાંચતા જાણવા મળે છે કે, હંમેશ યાયાવર ટોળાંઓ અને નિર્વાસિતોએ કચ્છને પોતાનું આશ્રય સ્થાન બનાવ્યું છે. છેક પ્રાગૈતિહાસિક કાળથી અર્વાચીનકાળ સુધી આ પ્રક્રિયા ચાલુ રહેવા પામી છે. જેને કારણે કચ્છ પ્રદેશમાં એક અનોખી સંસ્કૃતિનું નિર્માણ થયેલું જોવા મળે છે. કેટલીય સંસ્કૃતિઓનો સુમેળ કચ્છમાં થયેલો છે. કચ્છમાં પણિઓ, અંધકો, ભોજ, નાગો, મૌર્યો, ક્ષત્રપો, આભિરો, સેન્દ્રકો, ચાવડાઓ, સોલંકીઓ અને છેલ્લે સમાવંશના જાડેજાઓએ રાજ કર્યું છે. અનેક ધર્મ અને સંપ્રદાયો માટે કચ્છમાં સાનુકૂળ વાતાવરણ રહેલું છે. આજ કારણે કચ્છમાં અનેક જાતિઓ, જનજાતિઓ આવીને કાયમ માટે સ્થાયી થઇ ગઇ છે. આજ રીતે સાહસિક એવા કચ્છના સાહસિક સાગર ખેડૂઓએ મુલકનો કોઇપણ પ્રદેશ જોવામાં બાકી રાખ્યો નથી. કચ્છી બાંધણીવાળા વહાણોની માંગ છેક અરબસ્તાન, ઇરાક અને યુરોપના બંદરો સુધી રહેતી. પણિઓએ કચ્છમાં શીખેલો વહાણવટાનો ધંધો લેબેનોનમાં સ્થાપ્યો હોવાનું કહેવાય છે.

વિવિધ પ્રજાઓના વસવાટને કારણે કચ્છમાં શિલ્પ અને સ્થાપત્યની કળાનો વિકાસ ખૂબ સુંદર થયો હતો. તો કચ્છના વેપારીઓ કારીગરો દક્ષિણના જાવા, સુમાત્રા કે કંબોજ જેવા સ્થળમાં જતા ત્યાંના શિલ્પ સભર મંદિરો તેઓએ જોયા પછી આ કલા કચ્છમાં પણ વિકાસ પામી હશે અને તેથી જ કચ્છના મંદિરોના શિલ્પમાં દક્ષિણ તથા મહારાષ્ટ્રના મંદિરોની કલાના દર્શન થાય છે. કચ્છમાં ઠેરઠેર ભગ્નાવસ્થામાં રહેલા મંદિરોમાં કચ્છની બેનમૂન શિલ્પ સ્થાપત્ય કળા આજે સચવાયેલી જોવા મળે છે. જો કે કાળની થપાટો અને માનવીય ક્ષતિઓને કારણે તે નષ્ટ થઇ રહેલા છે ત્યારે તેમના રક્ષણ અને જતનની આપણા પર મોટી જવાબદારી છે.

કચ્છના કારીગરોએ આ મંદિરોમાં અતિ બારીકાઇથી સુંદર શણગાર સર્જ્યા છે. કોટાયના હાલે ઊભેલા મંદિરની કલાકૃતિઓ બેજોડ છે. કચ્છમાં ઠેર ઠેર શિલ્પ સ્થાપત્યના દર્શન થાય છે. ખાવડા પાસે દિનારા ગામના કબ્રસ્તાનમાં એક તૂટેલા મંદિરના શિલ્પથી ભરપૂર અવશેષો જોવા મળે છે. આશરે દસેક સૈકા જૂનું આ મંદિર હોવાનું તથા આ મંદિર કાઠીઓએ બનાવ્યું હોવાનું અનુમાન છે કેમકે અગાઉ આ સ્થળે કાઠીઓ રહેતા હતા. લોકોને ખૂબ જ ત્રાસ આપતા. આ કાઠીઓને લાખા ફૂલાણીએ કાઢી મુક્યા હતા. તેમ છતાં આ કાઠીઓએ કચ્છમાં ઠેર ઠેર તળાવો બાંધ્યાં હતાં. તેથી માનવાને કારણ છે કે તેઓએ મંદિરો પણ બનાવ્યા હશે. કોટાયનું લુપ્ત મંદિર આ કાઠીઓએ બંધાવ્યાનું કહેવાય છે. આ કાઠીઓની વસાહતો ભુજના પાવરપટ્ટી વિસ્તારમાં તથા વાગડમાં કંથકોટ પાસે હતી.

કચ્છમાં બીજાથી ચોથા સૈકા દરમ્યાન ક્ષત્રપોનું શાસન હતું. આ સમય દરમ્યાન એક શિલ્પસભર મસ્તક લખપત તાલુકાના દોલતપર ગામથી મળેલું છે. હાલે તે કચ્છ મ્યુઝિયમમાં છે. પહોળી આંખો, મોટા કાન, લંબગોળ મોઢું, શિર પર ટોપી ઘાટનો સુંદર કોતરણી વાળો મુકુટ, કાનમાં આભૂષણ આમ આ મસ્તક કચ્છની ક્ષત્રપ કાલીન શિલ્પ કળાને છતી કરે છે. ભુજ - નખત્રાણાના માર્ગ ઉપર મંજલથી એકાદ કિલોમીટર દૂર પુંઅરોગઢ પુંઅરેશ્વર મહાદેવના નામથી ઓળખાતું પ્રાચીન શિવ મંદિર આવેલું છે.

પુંઅરાગઢ પાસે વડીમેડી તરીકે જાણીતું લાલ પથ્થરની મોટી શિલાઓથી બનેલું બે મજલાનું સ્થળ આવેલું છે. તેની અંદર દાખલ થતાં તે શિવ મઠ અથવા ખાખી બાવાઓનો અખાડો હોય તેમ જણાય છે. જો કે તે બૌદ્ધમઠ હોવાનું પણ અનુમાન વિદ્વાનો કરે છે. વડીમેડીની અંદર નાના મંદિરોના ગર્ભગૃહોમાં હોય છે એવા પથ્થરના દ્વારો છે. જે દરેક સુંદર શિલ્પાંકન જોવા મળે છે. દક્ષિણ દિશાના દ્વારમાં પહોળા લાંબા પથ્થર પર પોતાની ડાબી જાંઘ પર પત્નીને બેસાડેલ ગણપતિની સુંદર મૂર્તિ આવેલ છે. બાજુમાં લંગોટબંધ જટાધારી બાવાઓનું શિલ્પ છે. તેને ત્રિભંગ નૃત્ય કરતા પણ બતાવાયા છે. વડીમેડીના બીજા દ્વારો પણ સુંદર શિલ્પાંકન ધરાવે છે. મંદિરમાં દાખલ થવાના ભાગે ઓટલાઓ પરની છીપર સુંદર કીર્તિ મુખો અને ચૈત્ય બારીઓથી અલંકૃત છે. તો કેટલાંક દ્વારો પર તોરણો પણ બનાવાયા છે. આ સ્થળ દસમી સદીનું છે.

પુંઅરાગઢની બહાર રસ્તા ઉપર પુંઅરેશ્વર મહાદેવના નામે જાણીતું ભગ્ન શિવ મંદિર છે. મજબૂત પીળા અને લાલ પથ્થરનું બનેલું આ મંદિર પણ દસમી સદીનું જ છે. અહીં મહાકાય કીચકો, તોરણો અને ચૈત્ય બારીઓ સુંદર રીતે અલંકૃત કરવામાં આવ્યા છે. ધરતીકંપ જેવા કારણોસર આ મંદિર પડી ગયું હતું અને પાછળથી ઊભું કરવામાં આવેલું છે. પણ મંદિરની આસપાસ છૂટા પડી ગયેલા પથ્થરો પરનું શિલ્પ, મંદિરની ભવ્યતા સૂચિત કરે છે. તેની સામે પુંઅરાગઢ છે. ઇતિહાસવિદ સ્વ. કંચનપ્રસાદ છાયા આ મંદિરને જામ પુંઅરાથી અગાઉના સમયનું એટલે કે આઠમી સદીનું માને છે. આ મંદિર કચ્છમાં શિવ સંપ્રદાયનું પ્રાબલ્ય સૂચવે છે. ગુજરાત પહેલાં ચાવડાઓ કચ્છના શાસકો હતા. આ ચાવડા શૈવધર્મી હતા. તેથી સંભવ છે કે, તેમના સમયમાં આવા બીજા મંદિરો પણ હશે.

ભુજ તાલુકાના કોટાય ગામ પાસે આવેલ અણગોરગઢની ગોદમાં આજથી સવાસો વર્ષ પહેલાં ચાર શિલ્પ સભર મંદિરો

*જેમ વકીલ થવાની દરેકને છૂટ છે તેમ ભગવાન થવાની પણ દરેકને છૂટ છે. જે ભગવત્ ગુણો પ્રાપ્ત કરે, તે ભગવાન થાય.*

હોવાનું જેમ્સ બર્જને ૧૭૬૪ના પોતાના પુરાતત્ત્વીય સર્વેક્ષણ અહેવાલમાં નોંધ્યું છે. પરંતુ તે પૈકી આજે તો ફક્ત એક જ મંદિર ભગ્ન હાલતમાં છે. ભગવાન કોટયર્ક (સૂર્ય જે સ્થળે બરાબર કાટખૂણે આવે છે તે કર્કવૃત્ત) એટલે સૂર્યનું મંદિર આ સ્થળે હતું. આ સૂર્ય મંદિર આજે તો કાળનો ઘસારો ખાઇ નામશેષ ભંગાર બની ગયું છે. આ મંદિર પરથી જ ગામનું નામ કોટાય પડ્યું. હાલમાં જે એક મંદિર પશ્ચિમાભિમુખ ઊભેલું છે તે મંદિરમાં ક્યા દેવની સ્થાપના હતી તે કહી શકાતું નથી. જો કે તેને સ્વ. રામસિંહજીભાઇ શિવ મંદિર ગણાવે છે. જ્યારે કંચનપ્રસાદભાઇ તે મંદિર કોઇ દેવીનું હોવાનું અનુમાન કરે છે. પોતાની આ માન્યતાનો આધાર આપતાં તેઓ જણાવે છે કે, ગર્ભ મંદિરની અંદર શંકરની જળાધારીના કોઇ નિશાન નથી તેમ શિવ નિર્માલ્ય પસાર કરવાનું કોઇ સાધન દેખાતું નથી. મંદિરના દેવ-દેવીઓના શિલ્પમાં ખાસ કરીને દેવીઓને લગતા શિલ્પો વધારે છે. ગર્ભગૃહની બહાર અંદર અને છતના કીચકોમાં સ્ત્રી કીચકોની સંખ્યા વધારે છે, તેમજ છતમાં રાસમંડળી અને નૃત્ય મંડળી છે. તેમાં પણ બધેથી સ્ત્રીઓ જ બતાવવામાં આવેલ છે. ગર્ભગૃહમાં કોઇ મૂર્તિ નથી. સંભવ છે કે, મંદિર ભગ્ન થયા પછી તેમાંથી ઉપાડી લેવાઇ હોય. જો આ મંદિર શિવનું હોય તો તેમાં કોઇ નિશાન અવશ્ય હોય જ.

આ મંદિરમાં બને પડખે એક એક ઝરૂખા બારી છે. સળંગ પથ્થરમાંથી કંડરાયેલી આ બારી આજે તૂટી ગઇ છે. સભામંડપ વિશિષ્ટ ઘાટની બે ઝરૂખાવાળી સળંગ દીવાલથી બંધ કરાયેલો છે. સભામંડપની વચ્ચેના વિશિષ્ટ એવા ચાર સ્તંભો અને દીવાલ સાથે જડેલા બીજા સ્તંભોમાં આકારોની એકતાનતા સાચવી તેને વિવિધ સુંદર શિલ્પથી સજાવેલા છે. અંદરના શિલ્પમાં કેટલીક નૃત્ય મૂર્તિઓ તથા જલલહર કે પદ્મપૂજાનું શિલ્પ સુંદર છે. મંદિરની છત અંદરથી ચૈત્ય ઢબે બંને બાજુથી ત્રણ ત્રણ ગોળ કમાનોથી ઉપસાવીને ગોળાકાર ઉંચકાવેલી છે. અને સ્તંભો પર સિંહ મુખોને કીચક આકારો મુકી તે ઉપર છતને ટકાવીને આધાર અપાયેલો છે. છતમાં રાસમંડળી અને પાંખડીઓ બતાવી ઉપસાવેલા કમળોનું શિલ્પાંકન મનોહર છે. મંદિરની બહારના ભાગમાં દ્વાર પર કેટલીક ભવ્ય પ્રતિમાઓ છે, તો ભોંય તળિયેથી શિખર સુધી મંદિરનું સ્થાપત્ય શિલ્પ પ્રચુર છે. પંકજ, પુષ્પો, પ્રાણીઓ, સુંદર અંગમરોડમાં લાવણ્યની રૂપસુંદરીઓ અને અનેક પ્રસન્ન દેવ મૂર્તિઓ ઘસાઇને તૂટી ગઇ હોવા છતાં તેની ભવ્યતા ડોકાયા વિના રહેતી નથી.

ભુજ તાલુકાના કેરા (કપીલકોટ)માં પણ એકસુંદર શિલ્પસભર ભગ્ન મંદિર ઊભું છે. સંવત ૧૭૬૫ના ધરતીકંપે આ મંદિરને તોડી પાડ્યું છે. અહીંના આ શિવાલયને લાખેશ્વરના નામથી ઓળખવામાં આવે છે. શિવાલયને રા'લાખાએ બંધાવ્યું હોવાનું મનાય છે. પણ સ્વ. રામસિંહ રાઠોડ અને સ્વ.કંચનપ્રસાદભાઇ છાયાના મતે મંદિરનું સ્થાપત્ય રચના મંદિરને લાખાની પહેલાના સમયકાળમાં મૂકે છે. શક્ય છે કે રા'લાખાએ તેનો જીર્ણોદ્ધાર કર્યા હોય. ધરતીકંપમાં મંદિરનો ઘણોખરો ભાગ જમીનદોસ્ત થઇ ગયો પણ ગર્ભાગારના શિખર વગેરેનો ભાગ બચવા પામ્યો છે તે તેનો શિલ્પ સ્થાપત્યની ઉત્કૃષ્ટતાનો ખ્યાલ આપે છે. મંદિરની ઘસાયેલી અને ક્ષીણ થયેલી કૃતિઓમાંથી પણ લાવણ્ય તરી આવે છે.

કેરાના આ મંદિરના ગર્ભાગારના શિખરની પશ્ચિમ અને દક્ષિણ એમ બે બાજુ હજી ઊભી છે. મંદિરનું શિખર આકાશમાં ઊંચું છે. શિખરને ગોથીક સ્થાપત્યની રીતે પીરામિડ પ્રકારની ઢળતી છત બનાવવામાં આવી છે. અહીંની દીવાલોમાં મૈથુન શિલ્પો પણ દેખાય છે.

અંજારનું ભડેશ્વર અથવા ભરેશ્વરનું મંદિર પણ દસમી, અગિયારમી સદીનું છે. અહીં પૂજા ચાલુ હોઇ તેને ભગ્ન મંદિરોની વ્યાખ્યામાં મુકાય તેમ નથી પણ આ મંદિરનું શિલ્પ ખૂબ જ સુંદર છે. કોટા-કેરા પછીની શિલ્પની કક્ષામાં આ મંદિરને મુકવામાં આવે છે. મંદિરની યોગ્ય માવજત જરૂરી છે. નહિતર તે ભગ્ન બની જશે. અહીંનું શિલ્પ ચાલુક્ય કાળનું દેખાય છે.

પૂર્વ કચ્છમાં ભચાઉ તાલુકાના કંથકોટમાં બે મંદિરો ભગ્ન દશામાં ઊભેલા હતા. પરંતુ સન ૨૦૦૧ના ધરતીકંપમા આ બન્ને મંદિરો સંપૂર્ણ ધ્વસ્ત થઇ ગયા હતા. જેના પુનઃ નિર્માણનું કાર્ય રાજ્યના પુરાતત્ત્વ વિભાગ દ્વારા હાથ ધરાયું છે. જ્યારે આ મંદિરો દર્શનીય હતા ત્યારના સમયના શિલ્પાંકનનું અહીં વર્ણન કરવું જરૂરી છે. કેમ કે તેનાથી અહીંના શિલ્પાંકનથી માહિતગાર રહી શકાય. એક મંદિર હતું જૈનોના ચોવીસમા તીર્થકર મહાવીર સ્વામીનું. આ દેરાસરમાંથી મળેલ શિલાલેખ મુજબ તે વિક્રમ સંવત ૧૩૪૯માં બંધાયેલ હતું. આ સમય જગડુશાનો છે.

કંથકોટ ઉપર બીજું મંદિર સૂર્યમંદિર હતું. જેમાં સૂર્ય ભગવાનની ભગ્ન મૂર્તિ પ્રતિષ્ઠિત કરાઇ હતી. આ મંદિરને સૂર્ય મંદિર તરીકે જ ઓળખવામાં આવે છે. પરંતુ તેનાં ગર્ભગૃહના દ્વારની પેનલમાં સાત જિન મૂર્તિઓ કંડારેલી હતી. સ્વ. કંચનપ્રસાદભાઇના મતે આ મંદિર પણ જૈન મંદિર જ છે. વળી આ કોતરાયેલ લેખમાં પણ દેવનાગરી શબ્દોમાં ॥ જયતુ મહાપ્રભુ દેવશ્રી ત્રિલોકે ॥ એ સ્તુતિ વારંવાર આવતી હોઇ આ મંદિર પણ કોઇ તીર્થંકરનું હોવાનું અનુમાન કરાય છે.

રાપર તાલુકાના ગેડી ગામે પણ શિલ્પ સમૃદ્ધ ભગવાન લક્ષ્મીનારાયણનું પ્રાચીન મંદિર છે. આ મંદિર સંવત ૧૭૬૫ના ધરતીકંપમાં પડી ગયેલું અને તેનો જીર્ણોદ્ધાર સંવત ૧૭૮૬માં થયેલો. મૂળ શ્રી લક્ષ્મીનારાયણની ખંડિત પ્રતિમા મંદિરના ચોકમાં પડી છે. અહીં પ્રાચીનકાળમાં વિષ્ણુના દશાવતારવાળી સૂર્યની પૂજા થતી હતી. અત્યારે ત્યાં ચતુર્ભુજ પ્રતિમા પડેલી છે. જેનું શિલ્પ ખૂબ જ સુંદર છે. જેથી જણાય છે કે અહીં પ્રથમ સૂર્ય અને પછી વિષ્ણુની પૂજા થતી હતી.

આ સિવાય કચ્છના વાગડ વિસ્તારના ખાંડેક અને માખેલ ગામોમાં સુંદર શિલ્પસભરસૂર્ય પ્રતિમાઓ નાના ઘર જેવા કે મંદિરોમાં બેસાડેલ છે. સંભવ છે કે, અગાઉ અહીં સુંદર નાના મંદિરો નિર્માણ પામ્યા હશે.

આમ સમગ્ર કચ્છમાં ફેલાયેલા સુંદર શિલ્પસભર ભગ્ન મંદિરો જોતા એક કાળમાં કચ્છની જાહોજલાલી કેવી હશે તેની પ્રતીતિ થાય છે. ઇશાની બીજી સદીથી કચ્છની શિલ્પકળા ખીલેલી દેખાય છે. ઉત્તર ગુજરાતના મંદિરોની તુલનામાં કચ્છના મંદિરો વધુ શિલ્પસભર છે.

*ભૂમા નિકેતન,*
*૨૨-બી, શિવમ્ પાર્ક, નાના યક્ષ મંદિર પાસે,*
*માધાપર રિંગ રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*

*'ભૂલ' ભાંગે, તે 'ભગવાન.'*

# કચ્છનાં મુખ્ય ૬ શહેરો અને તેનો ઇતિહાસ

● પ્રમોદ જેઠી ●

**● ભુજ :**

કચ્છ જિલ્લાનું પાટનગર ભુજ છે. ભુજિયા ડુંગર કે રાઓશ્રી ખેંગારજીના પુત્ર ભોજરાજજી પરથી આ શહેરનું નામ ભુજ પડેલ છે. અક્ષાંશ ૨૩.૧૫ અને રેખાંશ ૬૯.૪૦ પર આવેલ અને લાવારસથી ઠરી ગયેલા અગ્નિકૃત ખડકો પર વસેલું છે. ભુજિયા ડુંગરની ઊંચાઇ ૮૩૦ ફૂટ છે. જેના પર ૮ કિ.મી. વિસ્તારમાં કિલ્લો બંધાયેલ છે. આ ડુંગર પાસે ઇ.સ. ૧૭૨૯માં અમદાવાદના શેરબુલંદખાન સાથે લડાઇ થયેલ જેમાં કચ્છ રાજ્યનો વિજય થયેલો આથી વિજય સરઘસ કાઢવામાં આવેલ જે પ્રથા દર વર્ષે કાયમ યાદ રહે એ હેતુથી શ્રાવણ સુદ ૫ ની નાગપંચમીની અસવારીના રૂપમાં ભુજમાં દર વર્ષે અસવારી કાઢવામાં આવતી હતી. જે ઇ.સ. ૧૯૪૮ સુધી જળવાઇ રહી હતી. આઝાદી બાદ આ અસવારી બંધ થઇ પણ કચ્છના મહારાવે ભુજિયાના કિલ્લા પર આવેલ નાગ મંદિરના દર્શન માટે આજે પણ જવાનું ચાલુ રાખ્યું છે.

ભુજ શહેરને ફરતો મજબૂત આલપન્નાહગઢ ઇ.સ. ૧૭૩૦માં રાવશ્રી દેશળજીના સમયમાં બંધાયેલ છે. આ ગઢ ૫ કિ.મી.ની લંબાઇ વાળો ૩૫ ફૂટ ઊંચો તથા ૪ ફૂટ પહોળી દીવાલવાળો છે. આ ગઢના કોઠા પર ૫૧ તોપ સુસજ્જ રહેતી હતી. શહેરને પાંચ નાકા અને છઠ્ઠીબારી હતી. આ ઉપરાંત હમીરસર તળાવમાં પ્રવેશ માટે રૂઘનાથજીનો આરો, ભોંયવાળો આરો, જિન્દાપીરનો આરો, પાવડી વગેરે આવેલા છે. ભુજની આબોહવા વિષમ છે. ઉનાળો અત્યંત ગરમ અને શિયાળો ઠંડો હોય છે. ઉનાળામાં (મે-જૂન-જુલાઇ) સરેરાશ તાપમાન ૩૮.૩ જેવું હોય છે. જ્યારે શિયાળામાં ઉષ્ણતામાન ૧૧.૨ જેવું રહે છે. ચોમાસામાં વરસાદ ઓછો પડે છે. ભુજમાં મુખ્ય બે તળાવ છે : દેશલસર અને હમીરસર. ભુજ શહેરમાં પચરંગી પ્રજા વસે છે. ઇ.સ. ૧૯૯૧ની વસતિ ગણતરી પ્રમાણે ૧૦૨૧૭૫ની વસતિ હતી. જે ઇ.સ. ૧૯૯૮માં વધીને ૧,૨૦,૦૦૦ થયેલ. આમ ભુજ શહેરનો વિસ્તાર તેમજ વસતિ દિવસે દિવસે વધે છે. ભુજમાં જમીનોનાં ભાવ પણ અન્ય રાજ્યની સરખામણીમાં ઘણાં ઊંચાં છે. જૂના મકાનોની જગ્યાએ બહુમાળી મકાનો બંધાતા જતા હતા. પરંતુ ૨૦૦૧ના ધરતીકંપ બાદ માત્ર બે માળ સુધી જ પરવાનગી આપવામાં આવે છે.

**● અંજાર :**

કચ્છના રાવશ્રી ખેંગારજી પહેલાએ સંવત ૧૬૦૨ના માગશર વદ ૮ ને રવિવારના દિવસે અંજાર શહેરનું તોરણ બાંધેલ છે. અજેપાળના નામ પરથી અંજાર ગામનું નામ પડેલ છે. પરદેશી આક્રમણો સામે લડનાર ચૌહાણ અજેપાળ અજમેરથી કચ્છમાં આવેલ. સંવત ૭૪૧ની લડાઇમાં તેઓ વીરગતિ પામેલ. જેથી લોકો તેને પીર તરીકે પૂજે છે. આજે પણ અજેપાળના મંદિરે શ્રાવણ વદ ૮નાં મોટો મેળો ભરાય છે.

શક્તિ સંપ્રદાયમાં જે ઘટનાનું માહાત્મ્ય અનેરું છે તેવા ધણીબાવા નકલંકની જ્યોતનો જ્યાં મહિમા છે તે જેસલ-તોરલની સમાધિનું તીર્થધામ અંજાર છે. અંજારમાં આવેલ અંબા ભવાનીના મંદિર વિશે કહેવાય છે કે, ભદ્રેશ્વરવાળી દેવી ભદ્રકાળી સાગરગરજીને સ્વપ્નમાં આવેલ અને મૂર્તિ પ્રતિષ્ઠા અંજારમાં કરવાની આજ્ઞા આપી. આથી સાગરગરજીએ આ વાત દરબારને જણાવી. દરબારે પરચો જોવાની ઇચ્છા સાથે પરવાનગી આપી. પીર ભદ્રેશ્વર જઇ ત્યાંથી વેલમાં ભદ્રમાની મૂર્તિને પધરાવવા અંજાર લાવ્યા. જ્યારે અંજારનું પાદર આવ્યું ત્યારે વેલના બળદને છોડી મૂક્યા અને પોતે આગળ ચાલવા લાગ્યા. ત્યારે વિના બળદે વેલ તેની પાછળ ચાલવા લાગી અને ગંગા નાકા પાસે આવતાં પીરને શંકા જતાં તેણે પાછળ જોયું અને વેલ ત્યાં જ અટકી ગઇ. અંબા ભવાનીનો આવો પરચો જોઇ રાઓશ્રી તરફથી વેલ વિના બળદે ચાલી તેટલી જગ્યા જમીન મંદિરના નિભાવ માટે ધર્માદા કાઢી આપી. આજ પણ આ વેલ મઠની અંદરની ડેલીમાં સચવાયેલી છે.

**● માંડવી :**

કચ્છનું ૪૫૦ વર્ષ જૂનું મહત્ત્વનું બંદર માંડવી ભારતના બંદરો તથા એશિયા આફ્રિકાના ઘણાં બંદરો સાથે સેંકડો વર્ષ સુધી વ્યાપારી સંબંધ ધરાવતું હતું. એક વખતે આ બંદરમાં ચોર્યાસી દેશના જહાજો લાંગરતાં હતાં. દક્ષિણે વિશાળ સમુદ્ર તથા જહાજો, રૂકમાવતીનો સંગમ અને પ્રાચીન પુલ અદ્ભુત દૃશ્ય સર્જે છે.

માંડવીથી પાંચ કિ.મી. દૂર આવેલ રાયણ ગામ એ પુરાતન વિખ્યાત સમુદ્રીબંદર હતું. આ રાયણ બંદર ધોરમનાથ દાદાના શ્રાપથી દટ્ટણ સો પટ્ટણ થઇ ગયું. આજપણ આ જગ્યાએ પુરાતત્ત્વીય અવશેષો પ્રાપ્ત થાય છે. માંડવીમાં આવેલ જહાજવાડામાં મોટા મોટા જહાજો બાંધવામાં આવે છે. આ બંદરની સ્થાપના રાવશ્રી ખેંગારજી પહેલાએ કરેલ અને રાણેશ્વરનું ભવ્ય મંદિર બંધાવેલ છે. આ મંદિર રાવશ્રી રાયધણજી બીજાનાં સમયમાં ખંડિત કરવા પ્રયાસ થયેલો. માંડવીમાં શ્રાવણ સુદ ૯ના લોહાણાની રવાડી તથા શ્રાવણ સુદ ૧૦ના ખારવાની મોટી રવાડી નીકળે છે.

ભારતની આઝાદી માટે વિદેશી ધરતી પર પ્રથમ ચળવળ શરૂ કરનાર પં. શ્યામજી કૃષ્ણવર્માનું નિવાસ સ્થાન અહીં આવેલ છે. તેમજ ગુજરાતનાં પ્રથમ કચ્છી મુખ્ય પ્રધાન

*જે માણસ પારકાને 'સિન્સિયર' રહેતો નથી, તે પોતાની જાતને 'સિન્સિયર' રહેતો નથી!*

તરીકે રહેલ માનનીય શ્રી સુરેશભાઇ મહેતા પણ માંડવીના છે. જૂની હવેલીઓ તેમજ સુંદર કાષ્ટકામની કોતરણીવાળા મકાનો માંડવીમાં આજે પણ તેની જહોજલાલીની સાક્ષી આપે છે.

- **મુંદ્રા :**

કચ્છનું પેરિસ ગણાતા મુંદ્રા બંદરે ૧૭મી સદીની શરૂઆતમાં રાવશ્રી ભોજરાજજીના સમયમાં તેના કારભારી વર્ધમાન શાહએ મોહનરાયનું મંદિર બંધાવેલ છે. આ મોહનરાયજીના નામ પરથી મુંદ્રા નામ પડ્યું છે એમ કહેવાય છે. મુંદ્રાના ખારવા લોકો કુશળ વહાણવટી છે. મુંદ્રામાં આવેલ 'નવલખો બંગલો' અદ્‌ભુત કલાકારીગરીવાળો છે, તો શાહ બુખારીપીરની દરગાહ પથ્થરની બેનમૂન કોતરણીથી ભરપૂર છે. આ દરગાહ હિન્દુ તથા મુસ્લિમ એકતાનું સ્થાન છે. અહીં દરિયામાં સફર કરતા વહાણોની ખબર મેળવવા માટે નાવિકો આસ્થાથી આવતા અને તેમના મનનું સમાધાન પણ થતું. શાહમૃગના ઇંડાંને સોનેરી તથા રૂપેરી રંગથી કલાત્મક રીતે ઝુમ્મરની જગ્યાએ છત પર ટાંગેલ છે. મુંદ્રા ગામ બાંધણી, બ્લોક પ્રિન્ટ તથા નમદકામ માટે જાણીતું છે. મન્સુરી કારીગરો જે કપાસ પીંજવાનું કામ કરે છે તેઓ નમદા બનાવવામાં કુશળ કારીગરો છે. અન્ય જોવાલાયક સ્થળોમાં બહુચરાજી માતાજીનું મંદિર તથા શીતલનાથ જિનાલય છે.

- **રાપર :**

રાપર એ પૂર્વ કચ્છનું વ્યાપારી કેન્દ્ર છે. કચ્છનો પૂર્વ વિભાગ વાગડ તરીકે જાણીતો છે. ગુજરાત રાજ્યનાં નાણાંમંત્રી તથા નાયબ મુખ્ય પ્રધાન તરીકે મહત્ત્વનો હોદ્દો ધરાવનાર માનનીય શ્રી બાબુભાઇ શાહ તથા ગુજરાત રાજ્યનાં અધ્યક્ષ તરીકે રહી ચૂકેલ શ્રી ધીરુભાઇ શાહ રાપરના છે. કચ્છના રાવ શ્રી ખેંગારજી પહેલાએ મહંમદ બેગડાની જાન બચાવી તેથી મહંમદ બેગડાએ ખેંગારજીને 'રાવ' નો ઇલકાબ અને લશ્કર આપેલું. આ લશ્કર સાથે ખેંગારજીએ પ્રથમ મોરબી કબજે કર્યું અને ત્યાંથી સાપર (રાપર) માં પોતાની રાજધાની રાખેલ. આમ કચ્છની પહેલી રાજધાની રાપર હતી. રાપર વિસ્તાર તેની રહેણી કરણી અને બોલીથી કચ્છથી અલગ પડી જાય છે. અહીંના લોકો ગુજરાતી ભાષા બોલે છે. કચ્છ રાજ્યનાં વખતમાં આધોઇ ગામ મોરબી રાજ્યની હકૂમત હેઠળ હતું. આથી અહીં વસતા લોકો આજે પણ પોતાને કચ્છ બહાર વસે છે એવું માને છે. જૈન, પટેલ, દરબાર, વાઘેલા, આહીર, કોલી વગેરે જાતિનાં લોકો અહીં વસે છે. તેમનો મુખ્ય વ્યવસાય ખેતીવાડીનો છે. વ્યાપારી લોકોનો મુખ્ય વ્યવહાર અમદાવાદ સાથે રહ્યો છે.

- **લખપત :**

કચ્છનાં પશ્ચિમ છેવાડાનું ગામ લખપત એક સમયે જાહોજલાલીવાળું બંદર હતું. આ બંદરે જહાજો લાંગરતાં હતાં. આ ગામને ફરતે ગઢ જમાદાર ફતેહમામદે ઇ.સ. ૧૮૦૧માં બંધાવેલ છે. કિલ્લાની પહોળાઇ એટલી છે કે, તેના પરથી ગાડું ચાલી શકે છે. આ કિલ્લો ૭ કિ.મી.ના ઘેરાવામાં છે. ચાર નાકાં અને બે બારી, કાંઠાવાળું નાકું, ભુજવાળું નાકું, ગેબનશાપીરવાળું નાકું તથા પાણીવાળી બારી અને ટપાલવાળી બારી તરીકે ઓળખાય છે. કિલ્લાની દીવાલ અમુક જગ્યાએથી તૂટી ગયેલ છે. આ કિલ્લામાં ૨૪ કોઠાઓ છે. એ કોઠાઓ તોપથી સુસજ્જ રહેતા. એક સમયે લખપતમાં દસ હજાર લોકોની વસતિ હતી. આજ વેરાન ભાસે છે. આજે ૪૨ ઘર મુસલમાન, ૩ ઘર ગુંસાઇ, ૧ બ્રાહ્મણ, ૧ નાગર તથા ૩ ઘર લોહાણાના મળી કુલ ૨૦૦ જણાની વસતિ છે. આ ગામની લાખો કોરીની ઊપજ હતી. જેને લઇને તેનું નામ લખપત પડેલ છે. ઇ.સ. ૧૮૧૯માં થયેલ ધરતીકંપને લઇને સિંધુ નદીની પ્રશાખા કોરી નદીનું પાણી આવતું બંધ થયું અને આ બંદરની પડતી શરૂ થઇ. અહીં મહંમદઘોષનો કૂબો તથા ગુરુદ્વારો દર્શનીય છે. ■

## એક આચરવા જેવી બાબત

દુનિયાભરના સમાચારો જોતાં એ જણાય છે કે પ્રકૃતિની પ્રાકૃતતા ઉપર થતા અતિક્રમણને લીધે વાતાવરણમાં ઓઝોનના પળોમાં ગાબડું પડ્યું છે. ગરમી, ઠંડી, વરસાદે ચારેબાજુ માઝા મૂકી છે. આવે સમયે જો આપણે કુદરતની જાળવણી કરીશું તો કુદરત આપણી જાળવણી કરશે.

બને એટલો પાણીનો બગાડ ઓછો કરીએ. શક્ય તેટલું ડિટરજન્ટ સાબુ ઓછો વાપરીએ. બને એટલો પ્લાસ્ટિકનો વપરાશ ઓછો કરીએ. વૃક્ષોના પાંદડાંને બાળીએ નહીં. તેનો સંગ્રહ કરી તેનું જ ખાતર કરીએ. ભોજન બગાડીએ નહીં. આવશ્યક્તા પૂરતું જ ખાઈએ. વિવાહ લગ્નસરામાં રોશની - માઈક વગેરેના ઘોંઘાટ ઓછા કરીએ. શક્ય તેટલું ચાલીએ, શક્ય હોય ત્યાં સુધી એરકંડિશનર્સ અને હીટર ઓછા વાપરીએ. બને તેટલા સુતરાઉ ખાદી, રેશમી કે ઊની વસ્ત્રોનો જ વપરાશ કરીએ. તમામ સિન્થેટિક અને મેક-અપ સામગ્રીમાં કેમિકલ્સનો ત્યાગ કરીએ. જો આપણે આંગણે થોડી પણ જમીન હોય તો વૃક્ષો ઉછેરીએ. નાનો રસોડા પૂરતો કીચન ગાર્ડન કરીએ. તેમાં ધાણા, મરચા, ફુદીનો, મેથી, પાલક, ભીંડા, ગુવાર, રીંગણ, દૂધી, ચોળી, મોગરી, પાપડી, પપૈયા, લીંબુ, સરગવો તો ઉગાડી જ શકાય. મીઠો અને કડવો લીમડો તેમજ તુલસી અને અરડુસી તો ઘરઆંગણાના જ ઔષધ છે. સ્નાનઘર અને રસોડાના પાણીને બગીચામાં વાળી શકાય. અને તેથી બારમાસી, જાસુદ, મોગરો, રાતરાણી વગેરે છોડ ખૂબ જ સહેલાઈથી ઉછેરી શકાય. આ આપણા આંગણાની શોભા નહીં પણ પૃથ્વી અને પર્યાવરણ પ્રત્યેનું આપણું વિષદ્ કર્તવ્ય હશે.

*ગુલાબચંદ ધારશી રાંભિયા*

*सच अगर बनना है खुशी के ख्वाब को*
*तो दोस्त, तुजे अपनाना पड़ेगा किताब को*

*મદનકુમાર અંજારીયા 'ખ્વાબ'*

# કચ્છના જૈન યાત્રાધામો

• ક્યુરેટર, કચ્છ મ્યુઝિયમ •

## • ભદ્રેશ્વર :

તા. મુન્દ્રાથી ૩૦ કિ.મી., ભુજથી ૭૫ કિ.મી.

કચ્છી સ્થાપત્ય અને નકશીકામથી સભર ગુજરાતભરમાં જૈન લોકોનું જાણીતું તીર્થધામ એટલે વસઇ તીર્થ (ભદ્રેશ્વર). આજથી ૧૬૦૪ વર્ષ પૂર્વ સંવત ૪૪૮માં પુરાણ પ્રસિદ્ધ અને સમૃદ્ધ ભદ્રાવતી નગરી હતી. ભગવાન મહાવીરના નિર્વાણ બાદ ૨૨ વર્ષ એટલે કે ૨૪૯૪ વર્ષ પહેલાં ભદ્રાવતીના રાજા સિદ્ધસેનની સહાનુભૂતિ અને સહાયથી દેવેન્દ્ર નામક શ્રાવકે આ જૈન મંદિર બંધાવ્યું હતું. આ તીર્થધામનો નવ વખત જીર્ણોદ્ધાર થયેલ છે. મહારાજા કુમારપાળે પણ આ મંદિરનો જીર્ણોદ્ધાર કર્યાનો ઉલ્લેખ જોવા મળે છે. આ ભદ્રાવતી નગરને ફરતે કિલ્લો હતો. જેનાં અવશેષો આજે પણ જોવા મળે છે.

આ જિનાલયની રચના ભવ્ય અને ખૂબી ભરેલી છે. મંદિરની અંદરની પરસાળમાં આરસ પર મહાવીર સ્વામીનાં જીવન ચરિત્રના સુંદર કોતરકામ કરેલાં ચિત્રો કંડારેલ છે. બાવન તીર્થંકરોનાં દહેરાં અને ૨૧૮ સ્તંભ પર ચણાયેલ આ મંદિર જૈન સમાજના સહકારથી ખૂબ વિકાસ પામેલ છે. મંદિરની બાજુમાં ડુડાશાની પુરાણી ચાર મજલાની સેલોરવાવ તથા શાહ જગડૂશાહનો મહેલ પુરાતત્ત્વીય રીતે સમૃદ્ધ છે. આ બન્ને જગ્યાએ જો ખોદકામ થાય તો ઇતિહાસની ખૂટતી કડી મળવા સંભવ છે. વસઇ તીર્થમાં રહેવા તથા જમવાની સગવડ છે. અહીંથી ૫ કિ.મી. દૂર ચોખંડા મહાદેવ અને તેની બાજુનો દરિયો જોવાલાયક છે. ચોખંડા મંદિરના પ્રાંગણમાં સોલંકીકાળનો એક શિલાલેખ ઐતિહાસિક મહત્ત્વ ધરાવે છે. વર્ષ ૨૦૦૧ના ભૂકંપમાં આ મંદિર ક્ષતિગ્રસ્ત થતાં નવું મંદિર નિર્માણ થઇ ગયેલ છે.

## • વાંકી

તા. મુન્દ્રાથી ૧૯ કિ.મી., ભુજથી ૪૫ કિ.મી.

વાંકી ગામમાં આવેલ 'ચિંતામણી પાર્શ્વનાથ' દેરાસરની સ્થાપના ઇ.સ. ૧૮૬૫માં કરવામાં આવેલ છે. ગામની મધ્યે પટેલ ફળિયામાં જૈન મહાજનવાડી અને જ્ઞાનભંડાર આવેલાં છે. રાવ શ્રી ખેંગારજી પહેલાના ભાઇ સાહેબજીને આ ગામ ગરાસમાં મળેલ હતું.

## • પત્રી :

મુન્દ્રાથી ૨૦ કિ.મી., ભુજથી ૪૫ કિ.મી.

પત્રી ગામ જૈન મુનિ શ્રી ચારિત્ર્ય વિજયજી મહારાજ સાહેબની જન્મભૂમિ છે. સંવત ૧૨૯૭માં જેસર શાખાના ઠાકોર જેસાજીએ આ ગામ વસાવેલ છે. કચ્છના મહારાવ શ્રી રાયધણજી બીજાએ ધર્મ પરિવર્તન માટે સામે સેના મોકલેલ જેમાં પત્રીના ઠાકોર ભારોજી અને જીયોજી કામ આવેલ. તેમની છતરડી પત્રીના દરબારગઢમાં આવેલ છે. પત્રીના દરબારગઢમાં ઠાકોર સાહેબની હવેલીમાં ઉચ્ચ કોટીનું શિલ્પ સ્થાપત્ય જોવા મળે છે. પત્રીનો સ્થાનકવાસી સંઘ કચ્છભરમાં સૌથી મોટો મનાય છે. ગામમાં જિન ચોવીસીનાં ૮મા તીર્થંકર શ્રી ચંદ્રપ્રભ પ્રભુજીનું કલાત્મક બાંધણીવાળું દેરાસર ઇ.સ. ૧૮૬૫માં બંધાયેલ છે.

## • બૌતેર જિનાલય : કોડાય

તા. માંડવીથી ૧૦ કિ.મી., ભુજથી ૫૦ કિ.મી.

ભુજથી માંડવી જતાં કોડાય પુલ પાસે ૮૦ એકરની વિશાળ જમીન પર આચાર્ય શ્રી ગુણોદયસાગર સૂરિજીની પ્રેરણાથી શ્રેષ્ઠી શ્રી શામજી જખુભાઇ ગાલાના હસ્તે સંવત ૨૦૩૯ના કારતક વદ ૫ના રોજ બૌતેર જિનાલયનું ભૂમિપૂજન થયું હતું અને ભવ્ય સંકુલનું ઉદ્‌ઘાટન રાષ્ટ્રપતિ ઝૈલસિંહજીના હસ્તે થયેલ. (ઇ.સ. ૧૯૮૭) આ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા એપ્રિલ '૯૬માં થયેલ. મંદિરનું કોતરકામ ભવ્ય છે. ધ્રાંગધ્રાના સોમપુરાના હસ્તે આરસમાં કોતરકામ કરવામાં આવેલ છે. અહીં રહેવા તથા જમવાની સારી સગવડ છે. જૈન લોકોનું મોટામાં મોટું તીર્થધામ છે.

## • નલિયા

તા. અબડાસા. ભુજથી ૧૦૦ કિ.મી.

કચ્છમાં આવેલ જૈન પંચતીર્થીનું ધામ નલિયામાં આવેલ છે. આ જૈન દેરાસર ભવ્ય અને કલાત્મક બાંધણીવાળું છે. આ જિનાલય સંવત ૧૮૯૭ના મહા સુદ ૫ ના રોજ બંધાયેલ છે. સોળ વિશાળ શિખરો અને ચૌદ મંડપવાળું જેના પથ્થર પર સોનેરી રંગ ચડાવવામાં આવેલ છે.

## • જખૌ :

તા. અબડાસા. નલિયાથી ૧૫ કિ.મી., ભુજથી ૧૧૫ કિ.મી.

અરબી સમુદ્રના કિનારે આવેલ જખૌ બંદરમાં જૈન દેરાસર આવેલ છે. સંવત ૧૯૦૫ના માગસર સુદ ૫ ના બંધાયેલ છે. નવ શિખરબંધ ટુંકોથી સુશોભિત આ જિનમંદિરનો ઝરૂખો 'રત્નટુંક' તરીકે ઓળખાય છે.

## • સુથરી :

તા. અબડાસા. નલિયાથી ૩૦ કિ.મી., ભુજથી ૧૧૦ કિ.મી.

સુથરી પંચતીર્થીના નામે પ્રસિદ્ધ છે. જે સંવત ૧૭૨૯માં શ્રી મેઘજી ઉડિયાએ પાર્શ્વનાથ

*'સિન્સિયર' રહેવાથી સંસારમાં કોઈ પણ પ્રકારનો ભય ના આવે ને મોક્ષે લઈ જાય!*

પ્રભુજીની ઉજવણી પ્રસંગે ધાર્યા કરતાં વધારે સંખ્યા થઈ જતાં તેમણે શ્રાવક શૈલી અનુસાર ઘીના પાત્રમાં પાર્શ્વનાથની પ્રતિભા તરીકે મૂકીને સ્વામિવાત્સલ્યમાં પોતાની લાજ રાખવા વિનંતી કરતાં ચમત્કારે રસોઇ અખૂટ રહી. ઘીના ઠામમાંથી સતત ઘી નીકળતું રહ્યું. ઘીના કિલ્લોલથી સંઘને આનંદ કરાવ્યો તેથી તે મૂર્તિ ધૃતકિલ્લોલ પાર્શ્વનાથ તરીકે ઓળખાય છે. આ જિનાલયમાં ૯૭ જિનમૂર્તિઓ અને ૧૦૯ સિદ્ધચક્રો છે. મંદિરની બાંધણી મનમોહક છે. ગામથી ૩ કિ.મી. દૂર ગુજરાતના મુખ્ય પ્રધાન સ્વ. બળવંતરાય મહેતાના પ્લેનનું અકસ્માત થતાં તે જગ્યાએ તેની સમાધિ બનાવી છે.

- **કોઠારા**

તા. અબડાસા. નલિયાથી ૨૦ કિ.મી., ભુજથી ૮૩ કિ.મી.

કોઠારા દહેરાસરનું બાંધકામ સંવત ૧૯૧૪માં થયેલ. સંવત ૧૯૧૮નાં મહા સુદ ૧૩ના મૂળનાયક શાંતિનાથ પ્રભુજીની પ્રતિમાની પ્રતિષ્ઠા થયેલ છે. આ મંદિરનું કોતરકામ અતિ બારીક છે. કોઠારાના દહેરાસરનાં ઝુમખાને 'કલ્યાણ ટુક' કહેવાય છે. જે આઠ ટુંક ધરાવે છે. આ મંદિર માટે ૧૬ લાખ કોરી ખર્ચ થયેલ છે. આ મંદિરમાં દેરાણી જેઠાણીના ગોખલા તથા ૨૦૦ કિલો વજનનો ઘંટ વિશિષ્ટ આકર્ષણ છે. કોઠારા ગામની મધ્યે ભીંત પર તામ્રપત્ર જડેલ છે. કચ્છમાં જોવા મળતાં ત્રણ જાણીતા તામ્રપત્રમાંનું આ એક છે.

- **તેરા જિનાલય**

તા. અબડાસા. નલિયાથી ૧૩ કિ.મી., ભુજથી ૮૫ કિ.મી.

તેરા ગામમાં બે જિનમંદિરો આવેલ છે. (૧) જીરાવલ્લા પાર્શ્વનાથ, (૨) શામળિયા પાર્શ્વનાથ. જેમાં શામળિયા પાર્શ્વનાથ દેરાસર પ્રાચીન છે. જીરાવલ્લા પાર્શ્વનાથ ૧૩૩ વર્ષ જૂનું છે. ૧૧૦ જિનમૂર્તિઓ અને ૭૪ સિદ્ધચક્રોવાળું તેમનું આ દેરાસર શિલ્પોથી ભરપૂર છે. જેમાં કાચનું નકશીકામ ખાસ ધ્યાન ખેંચે છે. જેના છત્રમાં બનાવેલ રાસમંડળ બેનમૂન છે. શામળિયા પાર્શ્વનાથ દેરાસર ૧૭૦ વર્ષ પહેલાં પુનિત શેખર અને તેમના શિષ્ય ભક્તિ શેખરે બંધાવેલ છે. તેરા ગામ મહારાવ શ્રી પ્રાગમલજી બીજાના નાનાભાઇ ગગુભા (હમીરજી) ને ગરાસમાં મળેલ. જેઓ મહારાવ શ્રી દેશળજી બીજાના લાડકા પુત્ર હતા તેથી ભુજ જેવો જ દરબારગઢ ત્યાં બંધાવેલ છે. દરબારગઢમાં આવેલ મોલાતમાં રામાયણનાં સુંદર કમાંગરી શૈલીનાં ચિત્રો આવેલ છે. આ ચિત્રોની નકલ ભારતીય સંસ્કૃતિ દર્શન-કચ્છ સંગ્રહાલયમાં ભાવનગરના પ્રો. ખોડીદાસ પરમારે બનાવેલ છે. તેરા ગામમાં ત્રણ તળાવો છે. માતા મોઢેશ્વરીનું પ્રાચીન મંદિરનું મોઢ બ્રાહ્મણોએ જીર્ણોદ્ધાર કરાવેલ છે.

- **ખાસ જૈનો માટે :**

કંથકોટ તા. ભચાઉમાં અતિ પ્રાચીન જૈન મંદિર આવેલ છે. તેની દશા પડું પડું થઈ રહી છે. પરંતુ તેનું બાંધકામ જોતાં એક જમાનામાં સમૃદ્ધ શહેર હશે તેમ કહી શકાય. આ મંદિરનો ગર્ભારો અને મંડપની છતનાં ઘણાંખરાં ઘુમ્મટો અને સ્તંભો પડી ગયેલા છે. મંદિરની ઘસાઇ ગયેલી અસ્પષ્ટ શિલ્પ સમૃદ્ધિમાં પણ આપણને ઉત્કૃષ્ટ કારીગરી દેખાય છે. આ દેરાસરના સ્તંભ પર ઘસાઇ ગયેલી હાલતમાં પાંચ શિલાલેખો જોવા મળે છે. જેમાં સંવત ૧૩૩૦નો લેખ છે. તેમાં આમદેવનાથ સુત લાખુ તથા પાસીલે તે બંધાવ્યું એમ લખે છે. બીજા એક સ્તંભ પર સંવત ૧૩૨૪નાં શ્રાવણ સુદ ૫ અને કંથકોટમાં આ મહાવીર મંદિર બંધાવનાર જૈન એક જ શ્રીમાળ વંશનો હતો. કંથકોટના આ મંદિરનો જીર્ણોદ્ધાર કરવાનો જગડૂચરિતમાં ઉલ્લેખ જોવા મળતો નથી. કચ્છમાં આવતા જૈન યાત્રાળુઓએ નાની અને મોટી પંચતીર્થી કર્યા બાદ કંથકોટ ખાતેનું આ અતિ પ્રાચીન જિન મંદિર પણ જોવું જોઇએ. ■

## ભારતના ગુજરાતી સમાજ

**(અનુસંધાન : પાના નં.-૭૬ ઉપરથી ચાલુ)**

માધ્યમિક તથા ઉચ્ચ માધ્યમિક વિદ્યાલય, રામજીભાઈ હંસરાજ કામાણી પુસ્તકાલય પણ ચલાવવામાં આવે છે.

ઉત્તર ભારત, રાજસ્થાન, અજમેર તથા પુષ્કરની યાત્રાએ આવતા ગુજરાતી પરિવારોની આવાસ સુવિધા માટે મહામંડળ દ્વારા સરદાર પટેલ અતિથિ ગૃહનું સંચાલન કરવામાં આવે છે. આ અતિથિ ગૃહમાં જુદા જુદા વીસ ખંડોની સાથે બે ડોરમેટરી હોલ તથા એક વિશાળ જનરલ હોલ પણ છે. અહીં બે પથારી ધરાવતા ભોંયતળિયે આવેલા ખંડનું ભાડું રૂા. ૧૮૦/- છે. જ્યારે પ્રથમ માળે આવેલા આવા જ ખંડનું ભાડું રૂા. ૧૩૦/- છે. દસ પથારીવાળા ખંડનું ભાડું રૂા. ૫૦૦/- છે. ચાર પથારીવાળા રૂમનું ભાડું રૂા. ૨૪૦/- છે જ્યારે ત્રણ પથારીવાળા ખંડનું ભાડું રૂા. ૧૮૦/- છે. માત્ર એક પથારી ધરાવતા રૂમનું ભાડું રૂા. ૭૫/- છે. ડોરમેટરી નં.-૧ માં પ્રતિ વ્યક્તિના રૂા. ૪૫/- તથા ડોરમેટરી નં.-૨ માં પ્રતિ વ્યક્તિ રૂા. ૫૫/- લેવામાં આવે છે. જ્યારે જનરલ હોલમાં એક વ્યક્તિના રૂા. ૩૦/- લેવામાં આવે છે. અતિથિ ગૃહ રેલવે સ્ટેશનથી દોઢ કિલોમીટર તથા બસ સ્ટેશનથી એક કિલોમીટરના અંતરે છે. અહીંથી અજમેર શરીફ દરગાહ ૧ કિલોમીટર તથા તીર્થરાજ પુષ્કર ૧૨ કિલોમીટરના અંતરે છે. અતિથિ ગૃહમાં વાહન પાર્કિંગની સુંદર સગવડ છે. હજુ અહીં ભોજન કે નાસ્તાની સુવિધા ઉપલબ્ધ કરાઈ નથી.

ગુજરાતી મહામંડળ અજમેર :
સંચાલિત સરદાર પટેલ અતિથિગૃહ,
હાથી ભાટા, અજમેર (રાજસ્થાન)
ફોન : (૦૧૪૫) ૨૬૨૨૩૧૫.

વધુ વિગતો માટે યશવંતરાય સોનેજીનો સંપર્ક કરવો. ■

# કચ્છના હિન્દુ યાત્રાધામો

• પ્રમોદ જેઠી •

## • નારાયણ સરોવર

તા. લખપત. ભુજથી ૧૬૦ કિ.મી., લખપતથી ૩૦ કિ.મી.

ભારતનાં પાંચ પવિત્ર સરોવરો, ઉત્તરે કૈલાસમાં માનસરોવર, દક્ષિણમાં પંપા સરોવર, મધ્યમાં અજમેરમાં પુષ્કર સરોવર, સિદ્ધપુર પાટણમાં બિન્દુ સરોવર અને પશ્ચિમે નારાયણ સરોવર છે. નારાયણ સરોવરમાં સ્નાન કર્યા વિના ભારતનાં અન્ય તીર્થધામોની યાત્રા અધૂરી ગણાય છે. પુરાણોમાં પણ આ સરોવરનો મહિમા આપેલ છે. કચ્છનાં મહારાઓશ્રી દેશળજી (પહેલા)ના મહારાણી મહાકુંવર રાજબા સંવત ૧૭૯૦માં દ્વારકાની યાત્રાએ ગયેલાં ત્યારે ત્યાંના પંડાઓના કડવા અનુભવથી કચ્છને આંગણે જ દ્વારકાધીશનું બીજું ધામ ઊભું કરવાનું નક્કી કર્યું અને દ્વારકાનાં મંદિરો જેવાં જ સાત મંદિરો અહીં ચણાવ્યાં. તેમાં શ્રી ત્રિકમરાય, રણછોડરાય, આદિનારાયણ, ગોવર્ધનનાથ, દ્વારકાનાથ અને લક્ષ્મીજીની મૂર્તિઓ પધરાવી. આ મંદિરનાં રક્ષણ માટે ફરતે ગઢ બંધાવ્યો અને મંદિરના નિભાવ માટે ગરાસ કાઢી આપ્યો હતો.

ત્રિકમરાયના મંદિરના દક્ષિણ બાજુએ નારાયણ સરોવરમાં ઉતરવા માટેના પગથિયાં છે. આ પગથિયાં તરફ જવાની બારી ‘સ્વર્ગબારી’ કહેવાય છે. વૈષ્ણવ સંપ્રદાયની મહાપ્રભુજીની ૮૪ બેઠકમાંની ૬૩મી બેઠક અહીં આવેલ છે. આ ઉપરાંત અહીં કલ્યાણરાય, રામગુફા, લક્ષ્મણ ગુફા, સીતાવાડી, રામકૂવો, ખાખચોક વગેરે આવેલાં છે. કારતક સુદ ૧૧ અને દેવ દિવાળીના તુલસી વિવાહનો પ્રસંગ બહુ જ ધામધૂમથી ઉજવાય છે. કાર્તિકી પૂર્ણિમાનો મોટો મેળો ભરાય છે. રહેવા જમવાની સારી સગવડ ટ્રસ્ટ તરફથી રાખવામાં આવેલ છે.

## • કોટેશ્વર

નારાયણ સરોવરથી ૨ કિ.મી.

દરિયા કિનારે પુરાણ પ્રસિદ્ધ કોટેશ્વર મહાદેવનું મંદિર આવેલ છે. કોટેશ્વર મંદિર પૌરાણિક કથા પ્રમાણે શિવભક્ત રાવણ કૈલાસમાં તપ કરી ભોલેનાથને પ્રસન્ન કરી દિવ્ય શિવલીંગ પ્રાપ્ત કરે છે અને લંકામાં લઇ જવા આજ્ઞા માંગે છે ત્યારે ભાલેનાથે એ શરત મૂકી કે, આ લીંગ જમીન પર મૂકવાનું નથી. અને જો ભૂલેચૂકે જમીનનો સ્પર્શ થઇ જશે તો ત્યાં જ સ્થાપિત થઇ જશે. રાવણે વાત કબૂલી. લીંગ લઇ જવા નીકળ્યો. આથી દેવતાઓ મૂંઝાયા અને બ્રહ્મા પાસે ગયા. ગમે તે હિસાબે શિવલીંગ લંકા પહોંચે નહીં તે માટે બ્રહ્માજીએ વિનંતી કરતાં તેમણે ગાયનું સ્વરૂપ ધારણ કરી, નારાયણ સરોવર પાસેના ખાડામાં પડી ડૂબવા લાગ્યા. આકાશ માર્ગે લીંગને લઇ જતાં ગૌભક્ત રાવણે આ દૃશ્ય જોયું અને તે તરત જ નીચે આવ્યો. લીંગને ભૂલથી જમીન પર મૂકી ગાયને બહાર કાઢી. લીંગ જમીન પર રહેતાં કોટી લીંગ થઇ ગયા. રાવણને પોતાની ભૂલ સમજાઇ તેથી આ કોટી લીંગની પૂજા પ્રતિષ્ઠા કરી જે આજનું કોટેશ્વર. આ મંદિરનો જીર્ણોદ્ધાર સુંદરજી સોદાગર તથા મહારાવશ્રી દેશળજી બીજાએ કરાવેલ છે. જે જગ્યાએ ગાય ખાડામાં પડી ગઇ હતી તે જગ્યા ‘બ્રહ્મકુંડ’ તરીકે ઓળખાય છે.

## • માતાનો મઢ

તા. નખત્રાણા. ભુજથી ૧૦૦ કિ.મી., નારાયણ સરોવરથી ૬૦ કિ.મી.

કચ્છના રાજવંશની ઇષ્ટદેવી મા આશાપુરાનું સ્થાનક એટલે માતાનો મઢ. છેલ્લા સાડા ચારસો વર્ષથી નવરાત્રિમાં કચ્છના રાજવી પરિવારના સભ્ય માતાજીને ચામર ઢોળવા આવે છે. ત્યારે પ્રથમ ચાચરાકુંડમાં સ્નાન કરી ત્યાંથી પગે ચાલતાં મા આશાપુરાના મંદિરે આવે અને ત્યાં પોતાની પછેડી ફેલાવી માતાજી પાસે આશિષ માંગે તેને પતરી લેવાની વિધિ કહે છે. આ પ્રસંગે કચ્છ તેમજ કચ્છ બહારથી હજારોની સંખ્યામાં યાત્રાળુઓ આવે છે. આ મંદિર પુરાણ પ્રસિદ્ધ છે. સુંદરજી સોદાગર તથા મહારાવશ્રી ભારમલજી બીજાના કામદાર લક્ષ્મીદાસ કામદારે આ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવેલ છે. મા આશાપુરાજી સ્વયંભૂ છે. સિંધના મીર ગુલામશાહ કલોરા તરફથી ભેટ મળેલ ૪૦૦ કિલોનો ઘંટ પણ અહીં મંદિરમાં મોજૂદ છે. આ મંદિરના અધ્યક્ષને રાજાબાવા કહેવાય છે. માતાના મઢમાં આવેલ અન્ય મંદિરોમાં હિંગલાજનું મંદિર, ખાટલા ભવાનીનું મંદિર, જાગોરાનું મંદિર દર્શનીય છે. ચૈત્ર તથા આસો નવરાત્રિના શુભ દિવસે અહીં હોમહવન થાય છે. ભાવિકો આ સ્થળના દર્શન માટે પગપાળા આવી માનો પ્રસાદ મેળવી ધન્ય બને છે. આ પવિત્ર સ્થળે ધૂપ નીકળે છે. જે આશાપુરા ધૂપ તરીકે ઓળખાય છે. અહીં રહેવા તથા જમવાની સારી સગવડ છે.

## • જેસલ તોરલ : અંજાર

કચ્છના જાડેજા વંશના પ્રથમ રાજવી જામ લાખો અને તેના પછી રત્તો રાયધણ થયો. તેના ચાર કુંવરોમાં મોટા દેદાનાં વંશમાં જેસર પહેલો થયો. તેના વંશજ જેસર કહેવાયા. ગરાસની બાબતમાં જેસર (જેસલ) બહારવટીએ ચડ્યો હતો. તેણે કચ્છ અને સૌરાષ્ટ્રમાં કાળો કેર વર્તાવેલ હતો. કાઠિયાવાડમાં કાઠી સાંસતિયા પાસે પાણીદાર ઘોડી તોરલ હતી અને તેમની પત્નીનું નામ પણ તોરલ હતું. જેસલ તોરલ ઘોડી ચોરવા માટે જાય છે ત્યારે ગમાણમાં ઘોડી ખીલો છોડાવી બહાર નીકળી ગયેલ. આથી રખેવાળે ઘોડીને પકડી ફરીથી ખીલો ખોડતી વખતે ઘાસની ગંજીમાં છૂપાયેલા જેસલની હથેળી પર

*જે પોતે સુધરેલો હોય તે જ બીજાને સુધારી શકે.*

ખોડી દીધો. પરંતુ હિંમતવાન જવાંમર્દ જેસલે મોઢામાંથી હરફ સુદ્ધાં કર્યો નહીં. અહીં ભજન થઇ રહ્યાં હતાં અને ભજન પૂરાં થતાં એક જણનો પ્રસાદ વધી પડતાં તપાસ કરતાં ઘોડીના ખીલામાં ખોડાયેલ જેસલ જોવા મળ્યો. તેનાં આવવાનું કારણ પૂછતાં સાંસતિયા કાઠી દરબારે તોરલ ઘોડી, પોતાની તોરી તલવાર અને તોરી રાણી એમ ત્રણે તેની માંગણી મુજબ જવાંમાર્દ જેસલને સોંપી દીધા.

તોરલ રાણીને લઇને નીકળેલ જેસલને મધદરિયે તોફાન નડ્યું ત્યારે તોરલ સતીએ જેસલને તેના પાપનો એકરાર કરવાનું કહેતાં જેસલે તમામ પાપનો એકરાર કર્યો અને તેનું વહાણ સહીસલામત કિનારે પહોંચ્યું. આમ જેસલનાં હૃદયનો પલટો તોરલ સતીએ કરાવ્યો. જેસલ બહારવટીઓ મટી સંત બની ગયો. અંજાર મધ્યે આ મહાન સંત જેસલ તોરલની સમાધિ આવે છે. ચૈત્ર સુદ ૧૪ અને પૂનમનાં મેળો ભરાય છે.

● **જોગણીનાર :**

તા. અંજાર. ગાંધીધામથી ૨૮ કિ.મી., ભુજથી ૬૬ કિ.મી.

અંજાર તાલુકાના સંઘડ ગામ નજીક માં જોગણીનારનું પવિત્ર પ્રાચીન મંદિર આવેલ છે. દંતકથા મુજબ ચારણ કુળમાં થયેલ માતા વરૂડીએ જૂનાગઢના રા'નવઘણને સંકટ સમયે સહાય કરેલ હતી. રા' નવઘણે પોતાની બહેન જાહલને બચાવવા સિંધના હમીર સુમરા પર ચડાઇ કરી ત્યારે તેની મદદે માતા વરૂડી આવ્યાં હતાં. અને જોગણીનાર પાસે વિસામો લીધેલ તે જગ્યાએ માતા જોગણીનારની સ્થાપના થતાં જાણીતું બન્યું. મંદિરની વિશિષ્ટતા એ છે કે, તેના બે અલગ અલગ કુંડમાં દુષ્કાળ સમયમાં પણ મીઠું પાણી ભરેલું રહે છે. મંદિરના પાછલા ભાગમાં દરિયાની ભરતી ઓટ જોવા મળે છે. જેને ત્રિવેણી સંગમ તરીકે લોકો પૂજે છે. આ સ્થળે પિતૃ તર્પણ અને અસ્થિ વિસર્જનનો પણ મહિમા છે. પાણીના કુંડ પાસે ચમત્કારિક હનુમાનજીનું મંદિર આવેલ છે. આ ઉપરાંત ગેબીદાદા તથા વણેશ્વર મહાદેવનું મંદિર પણ જોવાલાયક છે.

મા જોગણીનારનું મંદિર કચ્છ રાજવી દેશળજીનાં માતુશ્રી બાઇ રાજબાએ અંજારના મોતીચંદ ગુરુજીની આજ્ઞાથી સંવત ૧૮૯૭માં બંધાવેલ છે. ભાદરવા વદ ૧૪ અને અમાસનાં એમ બે દિવસ અહીં મેળો ભરાય છે. નવરાત્રિનાં ધાર્મિક કાર્યક્રમો પણ થાય છે. રહેવા તથા જમવાની વ્યવસ્થા થઇ શકે છે.

● **રવેચી**

તા. રાપર. રાપરથી ૧૫ કિ.મી., ભુજથી ૧૭૫ કિ.મી.

માતા રવેચીનું સ્થાન અતિ પ્રાચીન છે. આ મંદિરમાં મોમાયમાતા, ખોડિયાર, આશાપુરાજી, અંબાજી અને રવેચીમાતા એમ પંચશક્તિના દર્શન થાય છે. આ ઉપરાંત નકલંકની અશ્વ પ્રતિમા સ્થાપિત કરેલ છે. કહેવાય છે કે, મહાભારતના સમયમાં પાંડવોએ નવ શિખરો અને વિશાળ ઘુમ્મટવાળું કલાત્મક ભવ્ય મંદિર બંધાવેલ હતું. આ મંદિરનો જીર્ણોદ્ધાર માતા સામબાઇએ સંવત ૧૮૭૮ના ચોવીસ હજાર કોરી ખર્ચ કરી કરેલ છે. અહીં અન્નક્ષેત્ર પણ ચાલુ છે.

આ મંદિરના પ્રાંગણમાં વાઘેલા રાજા અર્જુનદેવ (સન ૧૨૬૨) ના રાજયમાં માલદેવ મહાઅમાત્યપદે હતા. ત્યારે રવેચીના નામ સાથે એક વાવની નોંધ દર્શાવતો પાળિયો આવેલ છે. આ મંદિરની આજુબાજુનાં ચાર ગામમાં રવ, ડાવરી, ત્રંબો અને જેસડામાં કહેવાય છે કે, માતાજીની કૃપાથી શિયાળુ પવન વાતો નથી. ગરાસિયા, રાજપૂત, ભાડકા, રબારી, નરા ગઢવી, પુજારા, લોહાણા, આહિર, બ્રાહ્મણો વગેરેના કુળદેવી રવેચી માતા છે. દર વરસે ચૈત્ર મહિનામાં ભુજથી પદયાત્રા સંઘ પણ જાય છે. જેમાં હજારો યાત્રાળુ ભાગ લે છે. ભાદરવા સુદ ૮ના અહીં બે દિવસ લોકમેળાનું આયોજન થાય છે જેમાં કચ્છની ગ્રામ્ય સંસ્કૃતિનાં દર્શન થાય છે.

● **મોમાયમોરા :**

તા. રાપર

આડેસર ફતેહગઢ માર્ગ પરના મોરા ગામ સામેથી ફતેહગઢ રોડ નં.-૨ તરફ મોમાયમોરા જવાનો રસ્તો આવે છે. સૌરાષ્ટ્ર-કચ્છમાં મોમાયા માતાજીનું મુખ્ય સ્થાનક મોમાયમોરા ગણાય છે. દંતકથા મુજબ સૌરાષ્ટ્રના ચંદ્રવંશી જાડેજાનાં કેટલાંક કુટુંબો સ્થળાંતર કરી કચ્છ તરફ આવવા નીકળ્યાં હતાં. નાના રણમાં પાણીના અભાવે તરસથી તડફડવા લાગ્યા. આ વખતે સાંઢણી સવારનાં રૂપમાં માતાજીએ સહાય કરી અને જાડેજાઓને ઉગારી લીધા. માતાજીએ આપેલા સંકેત મુજબ સાંઢણીના પગ નિશાન જે દિશામાં પ્રયાણ કરતાં મોરા ગામે એક ટીંબો આવ્યો. ટીંબા પર માતાજીની મૂર્તિ, ચુંદડી, શ્રીફળ, કંકુ, ત્રિશૂળ આદિ શક્તિના પ્રતીકો જોતાં જાડેજાનાં કુટુંબીજનોએ અહીં માતાજીની દેરી બંધાવેલ તે સ્થળ મહામાયા દેવી 'મોમાય'ના નામ પરથી મોમાયમોરા તરીકે ઓળખાય છે.

● **જોગમાયાનું મંદિર : નેત્રા**

તા. નખત્રાણાથી ૨૫ કિ.મી., ભુજથી ૭૫ કિ.મી.

નખત્રાણાથી લખપત જતાં મથલ પછી ચાર કિ.મી. બાદ ટોડિયાવાળા રસ્તે નેત્રા આવે છે. આ નેત્રા ગામે માતાજી જોગમાયાનું મંદિર છે. કચ્છમાં માતાજીના મંદિરોમાં જોગણીનાર, રૂદ્રમાતા, રવેચીમાતા, આશાપુરા માતા, ગઢશીસાવાળા અંબા માતાજી, ઉમિયા માતાજી અને નેત્રાવાળા માતાજી જોગમાયાનું યાત્રિકોમાં મહત્ત્વનું સ્થાન છે. કહેવાય છે કે માતાના મઢમાં મહિષાસુર નામના રાક્ષસનો ત્રાસ વધતાં મા આશાપુરા તેનો સંહાર કરવા તેની પાછળ પડ્યા. મહિષાસુર નેત્રા ગામની સીમમાં આવેલ તળાવમાં છૂપાઇ ગયો. તેને બહાર કાઢવા ટેકરી પર માતાજીએ 'યોગ' શક્તિથી રાક્ષસનો નાશ કર્યો. આ મંદિરની પૂજા અર્ચના વાણંદ (રાઠોડ) નુખના ભાઇઓ પાસે હતી. જે કાળક્રમે શિવજી રાજા કાપડી પાસે આવી. આજ પણ તેમના વારસદારો સંભાળે છે. આ નેત્રા માતાજીનું મંદિર ઊંચી ટેકરી પર આવેલ છે. જેના પરથી નેત્રા ગામનું દર્શન અતિ રમણીય લાગે છે.

● **અંબાજીનું મંદિર : (પૂ. ચંદુમા) ગઢશીશા**

તા. માંડવી. ભુજથી ૫૦ કિ.મી., માંડવીથી ૩૮ કિ.મી.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૭૩ ઉપર)**

*આ દુનિયામાં ત્રણનો ઉપકાર જિંદગીમાં ભૂલાય તેમ નથી : 'ફાધર', 'મધર' ને 'ગુરુ' કે જેમણે આપણને રસ્તે ચઢાવ્યા હોય.*

# કચ્છના અન્ય જોવાલાયક સ્થળો

● ક્યુરેટર, કચ્છ મ્યુઝિયમ ●

### ★ રામકુંડ : ભુજ

ભુજના કચ્છ મ્યુઝિયમ સામે આવેલ રામધૂન પાસેની ગલીમાં જતાં રામકુંડ આવે છે. આ કુંડના કલાત્મક પગથિયાં તથા દીવા માટેના ગોખલા, દશાવતારની સુંદર કોતરેલ પેનલ જોવા જેવી છે. હમીરસરમાં પાણીની આવ શરૂ થાય ત્યારે હમીરસરની સપાટી જેટલું જ પાણી આ કુંડમાં રહે છે. આ કુંડની સંભાળ પુરાતત્ત્વ ખાતું કચ્છ સર્કલ કરે છે.

### ★ છતરડી : ભુજ

ભુજના મહાદેવનાકા બહાર હમીરસર તળાવની દક્ષિણ બાજુએ બિહારીલાલ મહાદેવના મંદિર પાસે કચ્છનાં રાજકુટુંબોના સભ્યોની સ્મશાન ભૂમિ છતરડી તરીકે જાણીતી છે. અહીં આવેલ છતરડીઓ ઇ.સ. ૧૮૧૯ના ધરતીકંપમાં મોટે ભાગે ધરાશયી થયેલી છે. તેમ છતાં ઊભેલી છતરડીઓમાં મહારાવ શ્રી લખપતજીની છતરડી કલા અને શિલ્પ સ્થાપત્યમાં ઉત્તમ છે. આ છતરડીના મધ્ય ભાગમાં મહારાવ શ્રી લખપતજી ઘોડેસવાર અને તેની આજુબાજુ પંદર સતીના પાળિયા આવેલ છે. આ છતરડીનું બાંધકામ કારીગર રામસિંહ માલમે કરેલ છે. છતરડીનાં પગથિયાં ચડતા સામે જ સસલો કૂતરા સામે હૂમલો કરતો દર્શાવાયો છે. આ શિલ્પ ભુજ શહેરની સ્થાપનાનો ઇતિહાસ કહે છે. રાવ શ્રી ખેંગારજી પહેલાએ સંવત ૧૬૦૫માં ભુજ શહેરને તોરણ બાંધેલ, તે પહેલાં ભુજિયાના કિલ્લા પાસે સસલાને કૂતરા સામે થતાં જોયો હતો. જેથી આ ભૂમિ પ્રતાપી છે એમ સમજીને ભુજ શહેરને પોતાનું પાટનગર બનાવેલ. છતરડીને ફરતે આવેલ શિલ્પોમાં રાગરાગિની, દશા અવતાર, અપ્સરાઓ, કિન્નરીઓ, ગ્રહો તેમજ હાથીની સાઠમારી, મલ્લયુદ્ધો અને પ્રાણીઓના બેનમૂન ખંડિત થયેલા શિલ્પો જોઇ તે સમયની શિલ્પ સમૃદ્ધિની ઝાંખી થાય છે. આ છતરડીની બાજુમાં રાવ શ્રી દેશળજી, રાવ શ્રી ખેંગારજી ત્રીજા, રાવશ્રી પ્રાગમલજી બીજા તથા અન્ય રાજકુટુંબના રાજા તથા રાણીઓની છતરડી તથા પગલાં જોવા મળે છે. સાથે સાથે રાજ પરિવારમાં રાણીઓની વડારણો અને રાજાઓના હજૂરીઆના પણ ઓટા આવેલા છે. રૂપાળીબાની છતરડી કલાત્મક છે. રાવ શ્રી ભારમલજી પહેલાના પુત્ર જિયાજીના સગપણ મેડતાના (રાજસ્થાન) સજણકુંવરબા સાથે થયેલા અને ખાંડુ જ્યારે પાછું આવી રહ્યું હતું ત્યારે કુમાર જિયાજી અકસ્માતે મૃત્યુ પામતા તેની જાણ તેની રાણીને મળતા તેઓ અહીં સતી થયા. સાથે આવેલ સામંતોએ પણ તેની સાથે પોતાનું બલિદાન આપ્યું. આ બધાની યાદમાં અહીં છતરડીઓ તથા કબરો બનેલ છે.

### ★ સ્વામિનારાયણ મંદિર : ભુજ

ભુજના પારેશ્વરચોકમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનનું જૂનું મંદિર આવેલ છે. સંવત ૧૯૭૯માં ભગવાન શ્રી સ્વામિનારાયણ કચ્છની મુલાકાતે આવેલ જે સ્થળે સાધુ સંતોનું મિલન અને જ્ઞાનચર્ચા થયેલ તે પવિત્ર સ્થળે શ્રી વૈશ્યાનંદજીએ આ મંદિરનું નિર્માણ કરેલ છે. આ મંદિરમાં નરનારાયણ દેવની પ્રતિમા શ્રીજી મહારાજના સ્વહસ્તે પધરાવેલ ત્યારે જયેષ્ઠીમલ્લ ગંગારામ સાથે રહેલા. અન્ય પ્રતિમાઓ રાધાકૃષ્ણ તથા ઘનશ્યામ મહારાજની પૂર્ણ કદની બનાવેલ છે. આ મંદિરના પ્રદક્ષિણા પથ પર શ્રીજી મહારાજનાં જીવનલીલાના દર્શન કરાવતું પ્રદર્શન ગોઠવેલ છે. જેમાં શ્રીજી મહારાજ હસ્તે લખાયેલ શિક્ષાપત્રી, માળા, ચાખડી, કપડાં, થાળી, વાટકા અન્ય વસ્તુઓ કે, જે વસ્તુઓનો ઉપયોગ શ્રીજી મહારાજે કરેલ હતો આ તમામ વસ્તુઓ કાચનાં શોકેસમાં સાચવીને રખાયેલ છે. જેને અક્ષરભુવન કહે છે. આ મંદિરની દ્વિશતાબ્દી પ્રસંગે ગાયત્રીના મંદિર પાસે નવા મંદિરનું નિર્માણ કરવામાં આવેલ છે. આ મંદિરમાં આરસના પથ્થર પર કોતરેલ શ્રી સ્વામિનારાયણ ભગવાનની લીલાના દશ્યો તથા ગુજરાતમાં અન્ય સ્થળે આવેલ સ્વામિનારાયણનાં મંદિરનાં ચિત્રો દોરવામાં આવેલ છે.

**ભુજમાં શ્રીજી મહારાજના પ્રસાદીનાં સ્થળો**

૧. નારાયણ બાગ : પાટવાડીનાકા બહાર
૨. જેઠી ગંગારામમલ્લનું મકાન : મિનારા મસ્જિદવાળી શેરી
૩. મલ્લવાડી જૂના રેલવે સ્ટેશન પાસે પેરેડાઇઝ હોટલની જગ્યા.
૪. સુતાર સુંદરજી હીરજીભાઇનું મકાન - મૌઢ શેરી.
૫. લાધીબાઇનું મકાન - નાગર ચકલો, કાયસ્થ શેરી.
૬. સલાટવાળો, દાંડી હનુમાન પાછળ, ભીડનાકા.
૭. હમીરસર, દેશલસર, શિવરામંડપ, રામકુંડ, ખાખચોક, જણસારીનું મંદિર, જેઠી જ્ઞાતિની વંડી, મચ્છીપીઠ

આ ઉપરાતં નવું અબજીબાપાનું મંદિર દરબારગઢ ચોકમાં, બોચાસણવાળાનું મંદિર ભાનુશાળીનગર તથા જાદવજી નગરમાં આવેલ છે.

### ★ કોટાય

ભુજથી ૩૫ કિ.મી.

ભુજથી ખાવડા જવાના રસ્તે ૧૩ કિ.મી. પછી મોટી રૂદ્રાણી આવે અને ત્યાંથી થોડું આગળ ચાલતાં ઢોરી ગામ બાજુ જવાના રસ્તે જતાં કોટાય બાજુનો રસ્તો આવે છે. બીજો રસ્તો ભુજથી સુરલભીટ્ટવાળા રસ્તે નાગોર, હબાય, ધ્રંગ, લોડાઇ થઇને કોટાય

*બીજાને અનુકૂળ થતાં આવડે એને કોઈ દુઃખ જ ન હોય; માટે 'એડજસ્ટ એવરીવ્હેર.'*

જવાય. બન્ને બાજુએથી જતાં ૩૫ કિ.મી.નું અંતર થાય છે. કચ્છમાં સિંધથી આવેલ મોડ મનાઈ શરૂઆતમાં તેના મામા વાઘમ ચાવડાને મારી પાટગઢમાં રાજધાની બનાવી. ત્યાંથી મોડે વાગડનો કંથકોટ ધરણ વાઘેલા પાસેથી મેળવી ત્યાં કિલ્લો બાંધવાનો શરૂ કરેલ. તે પૂર્ણ કરી શક્યો નહીં. તેથી તેના પુત્ર સાડે આ કિલ્લો પૂર્ણ કર્યો. સાડનો પુત્ર ફુલ જ્યારે ત્રણ વરસનો હતો ત્યારે તેના મામા ધરણે સાડનું ખૂન કરી ફુલકુમારને મારવા આવ્યો. પણ તેની વફાદાર દાસી ઝીકડી ફરાક ફૂલને લઈને સિંધ પહોંચી ગઈ. બાદમાં ફૂલકુમારે મોટા થઈ પિતાનું વેર લેવા કંથકોટ પર હુમલો કર્યો. ત્યારે ધરણ વાઘેલાને મારી કંથકોટ પર કબજો લીધો. ત્યારબાદ તેણે પોતાની રાજધાની અણગોર ગઢમાં રાખી. આ ગઢની અંદર કોટાયનું મંદિર આવેલ છે. આ જગ્યાએ અન્ય મંદિરો આવેલ હતાં પણ કાળક્રમે નાશ પામેલ છે. આ મંદિર અંગે વિવિધ મતો છે. ઘણા શિવમંદિર, સૂર્યમંદિર કે સૂર્યાણી મંદિર તરીકે ઓળખાવે છે. મંદિરની બાંધણી તથા શિલ્પો ખજુરાહોની યાદ અપાવે છે. મંદિરમાં આવેલ રાસમંડળ અને કમળની પાંખડીનું શિલ્પ મનમોહક છે. આ મંદિરની બાંધણી જોતા સોલંકી યુગમાં (૯મી સદી) બન્યું હોય તેવું અનુમાન છે.

## ★ કેરા

ભુજથી ૨૨ કિ.મી.

જામ ફૂલનો પુત્ર જામ લાખો ફૂલાણીએ પોતાની રાજધાની અણગોર ગઢથી ખસેડી કેરામાં વસાવી ને કેરા શહેરને ફરતો ગઢ બાંધ્યો. અહીં કપીલ મુનિનો આશ્રમ હોવાને લઈને આ જગ્યા કપીલકોટ તરીકે પણ ઓળખાય છે. લાખો ફૂલાણી મૂળરાજ સોલંકીનો સમકાલીન હતો. તે મહાપ્રતાપી અને દાનવીર હોવાને લઈને તેની પ્રખ્યાતિ દેશ દેશાવર સુધી પ્રસરેલ હતી રાજસ્થાનના ફુલરા ગામ તથા અન્ય પાંચ ગામો તેણે વસાવ્યા છે. આજે પણ રાજસ્થાનમાં લાખા ફૂલાણીનાં ગીતો માનથી ગવાય છે. લાખા ફૂલાણીનો મિત્ર ગ્રહરિપુ, કે જે ધુમલીનો રાજા હતો તેની સામે મૂળરાજ સોલંકી યુદ્ધ કરવા આવ્યો ત્યારે ગ્રહરિપુ પક્ષે લાખો ફૂલાણી લડ્યો અને આ ધીંગાણામાં મૃત્યુ થયેલ (ઇ.સ. ૯૪૯). આજે પણ આટકોટમાં લાખા ફૂલાણીના પાળિયા પાસે કસૂંબો પીવાય છે. કેરામાં આવેલ શિવમંદિર પૂર્વાભિમુખ છે. આ મંદિર મહાગુર્જર શૈલીનું છે. જેવા કોટાયનાં શિલ્પો છે તેવાં જ શિલ્પોનું અહીં દર્શન થાય છે. ગુજરાતમાં આવેલ અન્ય મંદિરોમાં આ મંદિર ઉત્તમ મનાય છે. કેરામાં બંધાવેલ લાખા ફૂલાણીનો કોટ નાશ પામેલ છે. હાલે જે કોટ દેખાય છે તે ૨૦૦ વર્ષ જૂનો હોય તેવું અનુમાન છે. કેરા શિવમંદિરની આજુબાજુમાં પુરાતત્ત્વ ખાતા તરફથી ખોદકામ કરતાં મૂળ મંદિરનો પરસાળ નીકળેલ છે. અનુમાન છે કે, હાલે જે મંદિર દેખાય છે તે પાછળથી બંધાયેલ છે. મૂળ મંદિર મોટું હશે. આજ મંદિરની બહારની બાજુએ પડેલ શિવલીંગ (લીંગ) તે મૂળ મંદિરમાંનું છે.

## ★ ધ્રંગ

ભુજથી ૩૩ કિ.મી.

કચ્છના મોટા રણને કિનારે આવેલ સંત મેકરણદાદાની સમાધિ ધ્રંગ મુકામે આવેલ છે. સંત મેકરણ લક્ષ્મણજીનો અવતાર મનાય છે. તેમના પ્રિય પ્રાણીઓ લાલિયો (ગધેડો) તથા મોતિયો (કૂતરો) તેની સમાધિ પણ અહીં જોવા મળે છે. દાદા મેકરણ કચ્છના રણમાં ભૂલા

## કચ્છના અન્ય જોવાલાયક સ્થળો

★ પુરાતત્ત્વીય, ❑ ઐતિહાસિક, 卐 ધાર્મિક

### ભુજ તાલુકો
- રામકુંડ ★
- છતરડી ★
- સ્વામિનારાયણ મંદિર 卐
- કોટાય ★
- કેરા ★
- ધ્રંગ ❑ 卐
- કાળો ડુંગર 卐
- શિવપારસ 卐

### અંજાર તાલુકો
- ભરેશ્વર મહાદેવ ★ ❑
- અંબાજી મંદિર 卐
- કેપ્ટન મેકમર્ડો ★
- બંગલો ★
- ભુવડેશ્વર મહાદેવ - ભુવડ ★ ❑

### ભચાઉ તાલુકો
- કંથકોટ ★ ❑ 卐
- ધોળાવીરા ★

### રાપર તાલુકો
- ગેડી ★ ❑
- વ્રજવાણી ❑

### મુંદ્રા તાલુકો
- સોનલધામ ઝરપરા 卐
- રતાડિયા ગણેશ મંદિર ❑ 卐

### માંડવી તાલુકો
- વિજય વિલાસ પેલેસ ❑
- રાવળપીર ❑ 卐
- દાદા ધોરમનાથ, રાયણ ❑
- મેગાલેથિક અવશેષ ❑
- દાદાસોદેવજી - બાયઠ ❑

### નખત્રાણા તાલુકો
- જખ બોતેંરા ❑ 卐
- વશિષ્ઠ વૃક્ષમંદિર - મથલ 卐

### અબડાસા તાલુકો
- યોગેશ્વર મંદિર 卐
- પઢાપીર ❑ 卐
- અબડા પીર ❑ 卐
- મણિયારો ગઢ ★
- રામવાડા ❑ 卐
- હરિસાહેબ 卐
- હિંગરીયા 卐

### લખપત તાલુકો
- પીર ઘોષ મહમદનો કુબો 卐
- ગુરુદ્વારો ❑
- લખપતિ મસ્જિદ (ખીલજી મસ્જિદ) 卐
- કટેશ્વર ★ ❑

*પોતાની ભૂલો દેખે એ પરમાત્મા થઈ શકે!*

ભટકયાને રોટલા પાણીની વ્યવસ્થા તેમનાં પ્રિય પ્રાણીઓ દ્વારા પહોંચાડતા હતા. દાદા મેકરણનું લોક સાહિત્યમાં અમૂલ્ય પ્રદાન છે. તેઓએ અંધવિશ્વાસ, પ્રજાને માટે ચાબખા મારતા દોહરા - સાખી રચેલ છે. 'માનવ સેવા પ્રભુ સેવા' એમનો જીવનમંત્ર હતો.

દાદા મેકરણે શરૂઆતમાં બિલખા (જૂનાગઢ) માં અખાડો સ્થાપેલ. બાદમાં કચ્છમાં જંગી મુકામે શરૂ કરેલ. જયાં ગરીબ લોકોને તેમજ સાધુ સંતોને ભોજનની વ્યવસ્થા કરતા. જંગી પછી લોડાય ગામે અને બાદમાં ધ્રંગ ગામે પોતાનો અખાડો સ્થાપેલ છે. આ જગ્યાએ સંવત ૧૭૮૬માં જીવતે દાદાએ સમાધિ લીધેલ છે. દાદા મહાન સમાજ સુધારક સંત હતા. તેમના ભાઈ પંતગશાપીરની દરગાહ પણ અહીં આવેલ છે. આ જગ્યાએ કૂવામાં પથ્થર તરતો હતો પરંતુ છેલ્લા અમુક વરસથી કૂવાનું પાણી સૂકાઇ જતાં આ પથ્થર દેખાતો નથી. આ જગ્યાના મહંત કાનજી રાજા કાપડી હતા. જેમણે જગ્યાનો સારો એવો વિકાસ કરેલ છે. અહીં અન્નક્ષેત્ર પણ ચાલે છે. રહેવાની વ્યવસ્થા પણ છે. મહા શિવરાત્રીના મેળો ભરાય છે. તે વખતે મલ્લાખડો, ઊંટદોડ, રેંકડાદોડનું આયોજન થાય છે.

### ★ કાળો ડુંગર : ધ્રોબાણા

ભુજથી ૯૦ કિ.મી.

ભુજથી ખાવડા થઇ ધ્રોબાણા જવાય. ત્યાંથી ૭ કિ.મી. દૂર આવેલ કચ્છનો ઊંચામાં ઊંચો (૧૫૧૫ ફૂટ) ડુંગર "કાળાડુંગર" તરીકે ઓળખાય છે. આ ડુંગરની ટોચ પર ગુરુ દત્તાત્રેયના પગલાં છે. જે પછમાઈપીર તરીકે જાણીતાં છે. આ જગ્યાએથી સૂર્યોદય અને સૂર્યાસ્ત જોવાનો લહાવો લેવા જેવો છે. ડુંગરની ટોચ પરથી કચ્છનું મોટું રણ દેખાય છે. અહીં પ્રસાદ લેવા શિયાળ આવે છે જેને "લોગ" કહે છે. રાત્રી રોકાણની સગવડ છે. જમવાની વ્યવસ્થા છે.

### ★ શિવપારસ

ભુજથી ૮ કિ.મી.

આ જગ્યાએ ભીડભંજન શિવમંદિર તથા પારસનાથ જૈનમંદિર આવેલ છે. બહુ ઓછી જગ્યાએ જોવા મળતાં શિવ-જૈન મંદિરમાંનું એક છે. આ મંદિરની પ્રેરણા શિવભક્ત મુંબઇના શાંતિલાલભાઇને આવી અને મે ૧૯૮૮માં આ જગ્યાએ મંદિરનું નિર્માણ થયું. આ મંદિરમાં જૈન સાધુ સાધ્વી માટે ઉપાશ્રયો, વ્યાખ્યાન હોલ, ભોજનશાળા તથા તરણ હોજ આવેલા છે. આ જગ્યાનું સંચાલન શિવપારસ કલ્યાણ ટ્રસ્ટ કરે છે. પાટોત્સવ : વૈશાખ સુદ બારસ-તેરસ

### ★ ભરેશ્વર મહાદેવ મંદિર : અંજાર

ભય-હરેશ્વર મહાદેવનું મંદિર દસમી સદીમાં બનેલ છે. આ મંદિરનું શિલ્પ સ્થાપત્ય બેનમૂન છે. આ મંદિર દેવળિયાના નાકે આવેલ છે

### ★ અંબાજી મંદિર : અંજાર

ગંગા નાકે આવેલ આ પ્રાચીન અંબાજીનું મંદિર છે. સાગરપીર પાછળ વિના બળદે આવેલી વેલ પણ આ જગ્યાએ સચવાયેલ છે. દર ગુરુ પૂર્ણિમાના દિવસે દશનામ ગોસ્વામીઓનો મેળાવડો યોજાય છે. અત્યારના પૂજારી ભીખાલાલ જયશંકર ભટ્ટ છે.

### ★ કેપ્ટન મેકમર્ડોનો બંગલો : અંજાર

કચ્છમાં કેપ્ટન મેકમર્ડો ભુરિયાબાવા તરીકે જાણીતો હતો. તે બ્રિટિશ ઇસ્ટ ઇન્ડિયા કંપનીનો એજન્ટ હતો. જયારે અંગ્રેજોએ અંજાર પર કબજો મેળવેલ ત્યારે અંજારનાં પ્રથમ કલેક્ટર તરીકે તે રહ્યો હતો. તેના નિવાસ સ્થાનમાં કચ્છી કમાંગરી શૈલીનાં રામાયણનાં સુંદર ચિત્રો દોરેલ જોવા મળે છે. તે મરકીના રોગમાં આડેસર પાસે આવેલ વરણુ ગામે મૃત્યુ પામેલ. જેની ખાંભી આજે પણ વરણુમાં જોવા મળે છે.

### ★ ભુવડેશ્વર શિવમંદિર : ભુવડ

અંજારથી ૧૯ કિ.મી.

અંજારના સવાશેરના નાકા સામેથી જતાં મુંદ્રા રસ્તે ભુવડ ગામ આવે છે. આ જગ્યાએ કનકસેન ચાવડાનો પુત્ર અકકડ અને તેનો પુત્ર ભુવડ ગાદીએ આવ્યો. ભુવડ એક શૂરો શાસક હતો. તેના નામ પરથી ગામનું નામ ભુવડ પડેલ છે. ગામમાં બ્રાહ્મણો, કણબી, ઘાંચી, બારોટ, સોની, જૈન, મુસ્લિમ મળી કુલ ૨૪૦૦ ખોરડાં છે. આ પંથક ભુવડ ચોવીસીના નામે પ્રખ્યાત છે. આ ગામમાં ભુવડેશ્વર શિવમંદિર ભગ્ન હાલતમાં જોવા મળે છે. ૩૪ સ્તંભો અને ૪ થંભીઓ પર ઊભેલ આ મંદિર શિલ્પ સ્થાપત્યનો ઉત્કૃષ્ટ નમૂનો છે. ઇતિહાસકારો અને સંશોધકોએ આ જગ્યાની ખાસ મુલાકાત લેવા જેવી છે. ભુવડ ચાવડો લાખા ફૂલાણીના હાથે મરાયો હતો એવું કહેવાય છે.

### ★ કંથકોટ : તા. ભચાઉ

ભચાઉથી ૨૫ કિ.મી.

દાદા કંથડનાથનું સ્થાન કંથકોટના નામથી જાણીતું છે. આ જગ્યાએ કાનફટા નાથ સંપ્રદાયના આદ્યગુરુ કંથડનાથે તપશ્ચર્યા કરી હતી. કંથકોટ કિલ્લાનું નામ પણ દાદા કંથનાથના નામ પરથી પડે છે. સિંધથી આવેલ મોડ મનાઈ શરૂઆતમાં તેના મામા વાઘમ ચાવડાના પાટગઢ પાસે મેલાણ કરેલ અને મામાનું ખૂન કરી મોડે વાગડ બાજુ ધરણ વાઘેલાની દોસ્તી કરી. જેમાં તેને કંથકોટ ભેટ મળ્યો. આ ડુંગર પર ફરતે કિલ્લો બાંધવાનું શરૂ કરતાં કિલ્લાની દીવાલ ડુંગરના ખૂણા પર દાદા કંથડનાથની ધૂણી પાસેથી બનતી હતી. જેથી દાદાને બીજે જગ્યાએ ખસવાનું કહેતા દાદાએ હટવાની ના પાડતાં આ કિલ્લો ચણવામાં મોડ સફળ થયો નહીં. દિવસ દરમ્યાન ચણાયેલ કિલ્લો રાતના ધસી પડતો હતો. તેનું કારણ જાણવા મળ્યું કે દાદા કંથડનાથ દિવસ દરમ્યાન ગોદડી સીવતા અને રાત્રે ગોદડીના ટાંકા છોડી નાખતા. જેથી ચણેલો કિલ્લો ધસી પડતો હતો. મોડે આથી કિલ્લાનું કામ બંધ રખાવ્યું. મોડ બાદ તેનો પુત્ર સાડ ગાદીએ આવ્યો. સાડે દાદા કંથડનાથના શિષ્ય ભસ્મનાથની સહાય લીધી અને કિલ્લો બાંધવામાં સફળ થયો.

આ કિલ્લામાં સૂર્યમંદિર અને જૈનમંદિર આવેલાં છે. જાડેજાઓની સત્તા કચ્છમાં આવી તે પહેલાં કાઠી દરબારોની વસતિ કચ્છમાં હતી. કાઠી દરબારો સૂર્યપૂજક હતા અને જેને લઇને અહીં સૂર્યમંદિર બંધાવેલ છે. કંથકોટમાં ઓસવાલ જૈનોની વસતિ હતી. જેને લઇને અહીં જૈન મંદિર જોવા મળે છે. આ મંદિર

*સામાને ખરાબ કહેવાથી કે ખરાબ જોવાથી પોતે જ ખરાબ થઈ જાય છે. લોકો સારા દેખાશે ત્યારે પોતે સારા થશે.*

કચ્છનું જૂનામાં જૂનું જૈન મંદિર છે. કિલ્લાની અંદરના ભાગમાં મોડકૂવો અને સાડબારી બનાવવામાં આવેલ છે. કંથડનાથનાં શિષ્યોની સમાધિઓ અહીં આવેલ છે. આ કંથકોટમાં પહોંચવા બે રસ્તા છે. આગળની બાજુએ ગાડું ચડી શકે તેવો રસ્તો અને પાછળની બાજુએ પગથિયાં છે. મુખ્ય પ્રવેશદ્વાર અકબંધ આજે પણ ઊભો છે. અંદર દાખલ થતાં પાળિયાની હારમાળા આવે છે. પાળિયાઓ મંદિરોના ભગ્ન પથ્થરનાં અવશેષોમાંથી બનાવેલા નજરે પડે છે.

### ★ ધોળાવીરા : તા. ભચાઉ

રાપરથી ૯૦ કિ.મી., ભુજથી ૨૫૦ કિ.મી.

આજથી ૫૦૦૦ વર્ષ પહેલાં આ ધોળાવીરા એક આદર્શ નગર હતું. અહીંના નગરનું આયોજન, વ્યવસ્થિત સ્થાપત્યકલા, અને જળસંગ્રહ વ્યવસ્થા અતિ ઉત્તમ હતી. એવું અનુમાન છે કે, આ જગ્યાએ સિંધુ ખીણ તરફથી વિકાસશીલ લોકો આવ્યા હશે. તેઓએ કિલ્લેબંધીની વસાહત બનાવી તેમાં વસવાટ શરૂ કર્યો હશે. તેઓ તાંબાનું કામ, માટીનાં વાસણો બનાવવામાં, પથ્થર ઘડવામાં અને નિશ્ચિત માપની ઇંટો બનાવવામાં પૂરેપૂરી જાણકારી રાખતા હતા. આ લોકોની સંસ્કૃતિને હડપ્પીય સંસ્કૃતિ તરીકે ઓળખવામાં આવે છે. આ જાતની સંસ્કૃતિનાં મળતાં અવશેષોમાં મોહે જો દડો (સિંધ પાકિસ્તાન), હડપ્પા (પંજાબ પાકિસ્તાન) અને રાખીગઢી (હરિયાણા) મુખ્ય છે. અહીંથી મળતાં અવશેષો જોતાં જણાય છે કે, શહેર મજબૂત દીવાલથી રક્ષિત હતું. તેમજ શહેરની વ્યવસ્થા જોતાં આ નગર ત્રણ વિભાગમાં વહેંચાયેલું જણાય છે : ભદ્ર કિલ્લો, મધ્યમ વર્ગના લોકોને માટે વસાહત અને નીચલી કક્ષાના લોકોને માટેની વસાહતો. ઋગ્વેદમાં ઉલ્લેખ છે કે, પરમ મધ્યમ, અવમ ભદ્ અને મધ્ય શહેરની ઊંચી અને મજબૂત જાડી દીવાલો ભવ્ય કલાત્મક પ્રવેશ દ્વારથી શણગારેલ છે. કિલ્લાની દીવાલો પર અને મકાનોની છત પર ને આંગણામાં પડતાં વરસાદી પાણીને એક સુંદર નાલી દ્વારા એક સુરક્ષિત જગ્યાએ એકઠું કરવામાં આવતું હતું. ધોળાવીરા હસ્તકલા કારીગરી, વેપાર અને વાણિજયનું મુખ્ય કેન્દ્ર રહ્યું હતું. આ સંસ્કૃતિની પડતી બાદ થોડા સમયે ફરીને હડપ્પીય લોકોએ જૂના પડી ગયેલાં મકાનોમાં થોડો ફેરફાર કરી પોતાની વસાહત વસાવી હશે. આ વસાહતે અંદાજે ૧ સદી સુધી રહ્યા બાદ અન્ય વસાહત આવી. તેમણે ભુંગા બનાવી રહેઠાણ બનાવ્યા. કાલાંતરે તેઓ પણ અહીંથી જતાં રહ્યાં પછી આજદિન લગી ધોળાવીરા ઉજ્જડ રહ્યું.

આ જગ્યાએ પુરાતત્ત્વખાતા દિલ્હી તરફથી ઉત્ખનન કાર્ય ચાલુ કરેલ. જેમાં આ સ્થળથી પ્રાપ્ત થયેલ અવશેષો, માટીનાં વાસણો, કલાકારીગરીવાળા પથ્થરો તેમજ ખૂબજ અગત્યના લખાણવાળું બોર્ડ અહીંથી મળેલ છે. જેની લિપિનો ઉકેલ મળેલ નથી. તેમ છતાં આ લખાણ મહત્ત્વનું સાબિત થશે કારણકે અન્ય જગ્યાએથી આવું લખાણ મળેલ નથી. આ ધોળાવીરાના ઉત્ખનન બાદ વિશ્વના પ્રવાસન નકશામાં નામ જાણીતું થયું અને ઘણા અભ્યાસીઓ, પુરાતત્ત્વવિદો, ઇતિહાસકારો આવતા થયા છે. આ જગ્યાના વિકાસ માટે સરકારશ્રી તરફથી પ્રયાસો હાથ ધરાયા છે. જેથી ભવિષ્યમાં અહીં રહેવા માટે આવાસો તથા જમવાની હોટલો નિર્માણ થશે. સ્થળ પર સાઇટ મ્યુઝિયમ બનાવવાની પણ કાર્યવાહી ચાલુમાં છે. ભુજથી ખાવડા ૬૦ કિ.મી. થાય છે અને ખાવડાથી જામકુનરિયા થઇ ધોળાવીરા જતાં બીજા ૩૫ થી ૪૦ કિ.મી. થાય આ રસ્તો પણ બનાવવાનો શરૂ થયેલ છે. જેથી ટૂંક સમયમાં ધોળાવીરા પહોંચવા માટે ૧૦૦ કિ.મી.નું અંતર થશે. જેથી પ્રવાસીઓની સગવડ પણ વધશે. હાલે રાપર મધ્યે રોકાણ થઇ શકે છે. રાપરથી ધોળાવીરા બસ દ્વારા કે ખાનગી બસો દ્વારા જઇ શકાય છે.

### ★ ગેડી : તા. રાપર

ભુજથી ૧૭૪ કિ.મી., રાપરથી ૨૪ કિ.મી.

કચ્છમાં વાઘેલાઓની રાજધાની ગેડીમાં હતી. આ ગેડી નગરનો ઉલ્લેખ મહાભારતમાં થયેલ છે. પાંડવો અજ્ઞાતવાસ દરમ્યાન ગેડી ગામે રોકાયા હતા. અર્જુન વ્યંઢળનો વેશ લઇને અહીં રહેલ ત્યારે આ ગામની ગાયો કૌરવો હાંકી જતાં પોતાના ગાંડિવ ધનુષ્યની શક્તિથી ગાયો પાછી વાળેલ. આ ઉપરાંત ભીમસેને કીંચકને અહીં જ મારેલ. તે સમયે આ જગ્યા વિરાટનગરી તરીકે જાણીતી હતી એવું મનાય છે. પાંડવોએ “દશાવતાર”નું ભવ્ય મંદિરનું નિર્માણ કરેલ અને ઉત્તરાની સ્મૃતિમાં બંધાવેલ ઉત્તરેશ્વર મહાદેવનું મંદિર પણ અહીં આવેલ છે. આ મંદિરમાં પ્રાંગણમાં દશાવતારની આરસની કલાત્મક મૂર્તિ આજ પણ ખંડિત હાલમાં ઊભી જોવા મળે છે.

આ ગેડીનું નામ ધૃતપદી પણ હતું. તેના વિશે એક દંતકથા પ્રસિદ્ધ છે. ગેડી ગામમાં માલવ ઠક્કર નામનો ઘીનો વેપારી હતો. એક વખતે તેની દુકાને એક રબારણ બાઇ ઘીનો ઘડો લઇ વેચાણ કરવા આવી. માલવ દુકાનની ઘરાકીમાં હતો. તેથી તેણીએ ઘીનો ઘડો ઇંઢોણી પર મૂકી, પછી આવું છું એમ કહીને ગઇ. ઘરાકીમાં ફુરસદ મળતાં માલવ ઠક્કરે એ ઘડાના પાત્રમાંથી ઘી કાઢી અને ખાલી પાત્ર ઇંઢોણી પર મૂક્યું. પણ થોડા સમયમાં ઘીનું પાત્ર પાછું ઘીથી ભરાઇ ગયું. આ ઇંઢોણીની ચમત્કારિક કરામતનો ખ્યાલ માલવ ઠક્કરને આવી ગયો. તેથી તેણે ઇંઢોણી બદલાવી નાખી. આ ચમત્કારિક ઇંઢોણીથી તે ઘણું ધન કમાયો અને તેણે તે નાણાંનો સદ્ઉપયોગ કર્યો. આ નાણાંમાંથી જૈનમંદિર, માલવવાવ, માલાસર તળાવ વગેરે બંધાવ્યા જે આજે પણ જોઇ શકાય છે. આ ગામમાં ઘણા કલાત્મક અને ઐતિહાસિક પાળિયાઓ ઊભા છે. જે સદીઓની કથા કહેવા આતુર છે. નગરનું પ્રાચીન લક્ષ્મીનારાયણનું મંદિર કાળની અનેક થપાટો ખાઈ ચૂક્યું છે જે તેના અનેકવાર કરાવાયેલા જીર્ણોદ્ધારના લેખો પરથી જણાય છે. સુવ્રત સ્વામીનું જિનાલય, થોડે દૂર આવેલ રેતિયોગઢ વગેરે આ નગરના ઇતિહાસને વર્ણવે છે. હાલે જે ગેડી ગામ છે તે નવું વસેલું છે. પણ આજ ગામની જમીનમાં જૂના ગેડીના અવશેષો પ્રાપ્ત થાય છે જેના ગામવાસીઓ સાક્ષી છે.

### ★ વ્રજવાણી : તા. રાપર

રાપરથી ૫૦ કિ.મી., ગેડીથી ૨૫ કિ.મી.

યદુવંશી આહીરો જ્યારે મથુરાથી દ્વારકા જવા માટે કૃષ્ણની સાથે નીકળ્યા ત્યારે તેમનાં

*આ દુનિયામાં જેટલા સેવ્ય બનેલા, એ સેવક પદમાંથી જ બનેલા.*

અમુક કુટુંબો કચ્છના રણમાં વસવાટ કરવા રોકાઇ ગયાં અને મથુરા પાસેના વ્રજની યાદમાં ગામ વસાવી તેનું નામ વ્રજવાણી રાખ્યું. આ ગામમાં આહીરોની ઘણી વસતિ છે. જે પ્રાંથડિયા આહીર તરીકે ઓળખાય છે. આ ગામની ઐતિહાસિક કથા એવી છે કે, ઢોલીનાં તાલ પર રાસ રમતી ૧૨૦ આહીરાણીઓ પોતાના સમયનું ભાન ભૂલી રાસમાં તલ્લીન થઇ ગઇ. જેથી આહીર ભાઇઓ તપાસ કરતા આવ્યા અને તેઓએ જોયું તો એક ઢોલીએ ઢોલની દાંડીના તાલમાં આહીરાણીઓને ઘેલી બનાવેલ છે. આથી આહીરોએ અદેખાઇથી ઉશ્કેરાઇ ઢોલીને ડાંગથી મારી નાખ્યો. તાલ બંધ થતા આહીરાણીઓને સત ચડ્યું અને તમામ ૧૨૦ જણી ઢોલી પાછળ સતી થઇ ગઇ. આજ પણ આ જગ્યાએ ઢોલીનો પાળિયો અને ૧૨૦ આહીરાણીના પાળિયા વેરવિખેર હાલતમાં ઇતિહાસની સાક્ષી આપતા ઊભા છે. આ પાળિયા પર સંવત ૧૫૧૧ વંચાય છે. જૂનું વ્રજવાણી નાશ પામેલ છે. બાદ નવું ગામ વસેલ છે. આહીરો આ ગામનું પાણી પીતા નથી. હાલમાં આ ગામમાં બ્રાહ્મણો, પટેલ અને મીરોની વસતિ છે. આહીરોના એક પણ કુટુંબ નથી. મોસમનો પહેલો વરસાદ થાય પછી ઢોલીથરના પાળિયાને નાળિયેર વધેરી પછી જ વાવણીનું કામ શરૂ કરવાની પ્રથા આજે પણ અહીનાં લોકોએ જાળવી રાખી છે.

### ★ સોનલધામ ઝરપરા : તા. મુન્દ્રા

ભુજથી ૪૫ કિ.મી., મુન્દ્રાથી ૭ કિ.મી.

મુન્દ્રા અને ભુજપુર ગામ વચ્ચે આવેલ ઝરપરા ગામમાં ચારણ સમાજનાં આઇશ્રી સોનલમાતાનું સ્થાન આવેલ છે. સંવત ૧૯૮૦ના પોષ સુદ બીજ મંગળવારે જૂનાગઢ જિલ્લાનાં કેશોદ તાલુકાના મઢડા ગામે તુંબેલ ગૌત્રની મોડશાખાનાં ગઢવી હમીર માણસુરના ઘેર માતા રાણબાઇની કુખે આઇ શ્રી સોનલ માતાજીનો જન્મ થયો હતો. આઇ શ્રી કચ્છમાં ૧૪ વખત આવી ગયા અને તેમના પ્રતાપે માંડવીમાં ચારણ બોર્ડિંગની સ્થાપના થઇ. ૨૯મી જાન્યુ., ૧૯૫૭ના ઝરપરાની ભૂમિ પર આઇશ્રીનાં પગલાં પડ્યાં હતાં. ભારતમાં ચારણોનું સૌથી મોટું ધામ ઝરપરા ગણાય છે. સોનલબીજ (પોષ સુદ ૨) ધામધૂમથી ઉજવણી થાય છે. ઝરપરાની વાડીઓમાં થતી ખારેક (કચ્છી મેવો) વખણાય છે. હમણાં માર્ચ'૯૮ના થયેલાં વાવાઝોડામાં આ ગામની વાડીમાં ઊભેલા નાળિયેર, ખારેક તથા ચીકુનાં ઝાડોને ઘણું નુકસાન થયેલ છે.

### ★ ગણેશમંદિર : તા. મુન્દ્રા

રતાડિયા તા. મુન્દ્રા

મુન્દ્રા તાલુકાના ગુંદાલા અને કુંદરોડી ગામ વચ્ચે આવેલ ગામ રતાડિયા ગણેશવાળા તરીકે જાણીતું છે. આ ગામને ગણેશવાલા કહેવા પાછળ એક દંતકથા છે. કચ્છના રાવ શ્રી દેશળજીના ભાઇ જીવણજી રતાડિયા ગામે સંવત ૧૭૭૫ના આવેલ. તેઓને સ્વપ્નમાં લુણી ગામની ગણેશમૂર્તિ આવેલ. આ મૂર્તિનું સ્થાપન લુણીથી રતાડિયા ગામે કરવાનું સૂચન કરેલ. આથી કુંવર ભોજરાજજી ગાડું લઇને લુણી ગામે ગયા. મૂર્તિને ગાડામાં પધરાવી રતાડિયા તરફ આવવા નીકળ્યા ત્યારે લુણીના હાલાદરબારોએ અટકાવ્યા. મૂર્તિ પાછી લઇ જવાની કોશિશ કરી પણ મૂર્તિનું વજન વધી જવાથી તેઓ મૂર્તિ ઉપાડી શક્યા નહીં. આ મૂર્તિ સંવત ૧૮૦૦માં રતાડિયા ગામે ગણેશ મંદિરમાં પધારાવેલ છે. આથી રતાડિયા ગણેશવાલા તરીકે ઓળખાય છે. આ ગામને ગણેશગઢ તથા ખેતરો પણ ગણેશયા ખેતર તરીકે ઓળખાય છે. લોહાણા જ્ઞાતિના મૂલાણી નુખના તેમજ કચ્છના રાબડિયા નુખના પટેલો પણ આ જગ્યાને માને છે તથા ઝંડા પણ અહીં ઉતારે છે. ચૈત્ર સુદ ૪ (ગણેશ ચતુર્થી) ના મેળો ભરાય છે.

### ★ વિજય વિલાસ પેલેસ : માંડવી

માંડવીથી ૮ કિ.મી., ભુજથી ૬૮ કિ.મી.

કાઠડા ગામે કચ્છના મહારાવ શ્રી વિજયરાજજીએ ઇ.સ. ૧૯૨૯માં હવાફેર માટે મહેલ બનાવ્યો છે. આ મહેલ શિલ્પ સ્થાપત્યની દૃષ્ટિએ ઉત્તમ છે. રાજસ્થાનના પીળા પથ્થર તેમજ ઉપરનાં ગુંબજની કોતરણી ખરેખર અતિ સુંદર છે. અંદરના ભાગમાં આરસનાં ફરસ તથા દીવાલો પર વેલબુટ્ટાનું કામ અદ્‌ભુત છે. આ મહેલમાં દીવાનખંડ, ડાઇનિંગ રૂમ, ગેસ્ટ માટેના રૂમો લાઇબ્રેરી રૂમ વગેરે આવેલ છે. ડાઇનિંગ રૂમમાં પિત્તળના પાઇપનો ઘંટ આવેલ છે. જેના મધુરનાદથી ભોજન માટે રાજકુટુંબના સદસ્યોને બોલાવવામાં આવતાં. ઇટાલી તથા ફ્રાન્સથી આયાત કરેલ અદ્‌ભુત ફર્નિચર્સ અહીં જોવા મળે છે. મહેલ ઉપરથી દેખાતો દરિયો રમણીય લાગે છે. દરિયામાં નાહવા માટે પેલેસની પાછળનો ભાગ સારો છે.

### ★ સંત રાવળપીર : માંડવી

માંડવીથી ૪ કિ.મી.

માંડવીથી મસ્કા જવાને રસ્તે ગુંદિયાલી પાસેથી રાવળપીર જવાનો કાચો રસ્તો આવે છે. તેનો ઇતિહાસ એવો છે કે, "રાવળપીરનો જન્મ દેવલમાતાના પેટે થયેલ. દેવલમાતા ચારણબાઇ હતા. તેઓ ધોરમનાથ દાદાની સેવાપૂજા કરતાં હતાં. તેથી તેમણે દાદા પાસે શેર માટીની ખોટ પૂરી કરવા વંદના કરી. દાદાએ યોગવિદ્યાથી જોયું તો માતાને સંતાન પ્રાપ્તિ શક્ય ન હતી. પંરતુ માતાએ દાદાની સેવા કરેલ. તેથી દાદાએ વચન આપ્યું કે, પોતે આપના પુત્ર તરીકે જન્મ લેશે અને દાદાના આશીર્વાદથી માતાને સંતાન પ્રાતિ થઇ. આ રાવળનું સગપણ ગુંદલ નામની કન્યા સાથે થયેલ. પરંતુ નાનપણથી જ રાવળને સંસાર પ્રત્યે માયાબંધન ગમતા ન હતા. જેથી જ્યારે તેમની વાગ્દતા ગુંદલ દેવી મળવા આવે છે એવા સમાચાર મળતા તેમણે વલસરા પાસે દરિયા કિનારે જીવતા સમાધિ લીધી. ગુંદલદેવીને આ બાબતની જાણ થતાં તેણીએ પણ સમાધિ ગુંદિયાલી ખાતે લીધી. રાવળપીરે જે જગ્યાએ સમાધિ લીધી તે જગ્યાએ કુબો બનાવવામાં આવેલ છે. તેની બાજુમાં જ મીઠા પાણીનો કૂવો આવેલ છે. આ એક ચમત્કાર છે, કારણ કે કૂવાની બાજુમાં દરિયો લહેરાય છે. રાવળપીરની જગ્યાનો જીર્ણોદ્ધાર સુંદરજી સોદાગરે સંવત ૧૮૧૨માં કરેલ અને શિખરબંધ મંદિર બંધાવી આપેલ છે. ધલ રાજપૂત સેવાપૂજા કરે છે. ચૈત્ર સુદ ૧૪ ના મેળો ભરાય છે.

### ★ દાદા ધોરમનાથ, રાયણ : તા. માંડવી

માંડવીથી ૧૦ કિ.મી., કોડાય ચાર

*જેને લાલચ ના રહે તે બ્રહ્માંડનો સ્વામી છે!*

રસ્તાથી ૫ કિ.મી.

રાયણ ગામે દાદા ધોરમનાથનું કિલ્લેબંધી મંદિર આવેલ છે. દાદા ધોરમનાથે રાયણ ગામે ધૂણી ધખાવી ૧૨ વર્ષ તપ કરેલ હતું. આ તપ દરમ્યાન પોતાના શિષ્ય ગરીબનાથને ભિક્ષા મેળવવામાં ગામ લોકોએ જે મુશ્કેલી ઊભી કરેલ તે વાતની દાદાને જાણ થતાં તેઓએ ગુસ્સે થઇ ખપ્પર ઉપાડ્યું અને બોલ્યાં, ''પટ્ટણ સો દટ્ટણ'' માયા સબ માટી. આ જાતનો શ્રાપ મળતાં આ કિનારની સમૃદ્ધિનો નાશ થયો. દાદાએ અહીંથી નીકળી ધીણોધર ડુંગર પર ૧૨ વર્ષ સોપારી પર ઊંધા માથે ઉગ્ર તપસ્યા કરી હતી. આ રિયાણ ગામ અતિ પ્રાચીન છે. રિયાણ એક સમયનું સમૃદ્ધ બંદર હતું. માંડવી આજે છે, તે પહેલાં રાયણ મુખ્ય બંદર હતુ. રાયણ ગામમાં પુરાતત્ત્વીય ઘણાં અવશેષો મળે છે. દાદા ધોરમનાથનો મેળો ચૈત્ર સુદ ૧૧ ના થાય છે.

### ★ માંડવી તાલુકામાં આવેલ મેગાલિથીક અવશેષો

માંડવી તાલુકાનાં ગાંધીગ્રામ ગામમાં તેમજ ગોણિયાસર ગામે મેગાલિથીક અવશેષો જોવા મળે છે. ૨ ફૂટથી ૮ ફૂટ વ્યાસવાળી ગોળાકાર કબરો તેમજ કબ્રસ્તાનની વચમાં ૮ ઊંચા પથ્થરો ખોડેલ જોવા મળે છે. જેની ''મેનહિર'' તરીકે ઓળખ આપવામાં આવે છે. આ જગ્યાએથી પાષાણ યુગના માનવીના ઓજારો પણ મળે છે. પુરાતત્ત્વ અને ઇતિહાસમાં રસ લેતા ડૉ. પુલિન વસાએ આ બાબતમાં ઘણું સંશોધન કરેલ છે. તેઓએ આ વિસ્તારમાંથી મળેલ વસ્તુઓને જતનથી સાચવી છે. માંડવીમાં શાક મારકીટ પાસે તેઓની ડિસ્પેન્સરી આવેલ છે. સંશોધકો તથા અભ્યાસુઓએ તેમની મુલાકાત લેવા જેવી છે.

### ★ દાદાશ્રી સોદેવજી, બાયઠ : તા. માંડવી

માંડવીથી ૨૨ કિ.મી.

માંડવીથી નલિયા જતાં બાયઠ ગામે દાદા સોદેવજીનું સ્થાનક આવેલ છે. રાઠોડ કુળમાં જન્મેલ ખારી ખાવડ (જોધપુર મારવાડ) ના દાદા સોદેવજી ઇ.સ. ૧૪૫૦ની આસપાસ બાયઠ ગામે આવેલ એવું કહેવાય છે. તે વખતે બાયઠ ગામે જાડેજા કલોજી મોડેની સત્તા હતી. તેમણે દાદાશ્રીને સ્થાન આપ્યું અને પોતાની પુત્રી દાદાશ્રીના પુત્ર વેરે આપી. દાદાએ આ જગ્યાએ સમાધિ લીધેલ છે. દાદાની માનતા લેનારને બેલડા સંતાનનું સુખ પ્રાપ્ત થાય છે. ભાનુશાળી, બ્રહ્મક્ષત્રીય, તેમજ માનતા ફળેલ લોકો અહીં આવે છે. આ જગ્યાએ હંસરાજ ગઢવી, કલોજી મોડના પાળિયા છે. હાલના પૂજારી ગગુભા કલ્યાણજી રાઠોડ સેવાપૂજા સંભાળે છે.

### ★ જખ બૌતેરા (મોટાયક્ષ) : તા. નખત્રાણા

ભુજથી ૩૭ કિ.મી.

ભુજથી નખત્રાણા જતાં રસ્તા વચ્ચે કકડભીટ્ટ ટેકરી પર આવેલ બૌતેર જખનું સ્થાન પૂજનીય છે. કચ્છના પ્રખ્યાત રાજા લાખા ફૂલાણીનો ભત્રીજો જામ પુંઅરો કેરાકોટની ઉદ્‌ઘાટન વિધિમાં ગયેલ. (૯મી સદી) તેણે આ કેરાકોટની સુંદર રચના જોઇ ભૂલ બતાવી. તેની કાકીથી સહન થયું નહીં અને મહેણું માર્યું : લાખે ખરચી લખ, કેરેકોટ અડાયો; ગઠમે હવે ગરદ, ત પદ્ધર અડાય પુંઅરા. આથી પુંઅરાએ પોતાના ગામ આવી પદ્ધરગઢ ચણાવવાનું શરૂ કર્યું. થોડા સમયમાં કેરાકોટથી પણ સુંદર એવા ગઢનું નિર્માણ કર્યું. આ ગઢના શિલ્પીઓ પોતાના ગઢથી સુંદર ગઢ બીજાઓ ન બનાવે એવી ભાવનાથી તેણે શિલ્પીઓના હાથનાં કાંડા કપાવી નાંખ્યાં. તેથી શિલ્પીની પત્ની શાપ આપી સતી થઇ ગઇ. આ શાપથી પદ્ધરગઢ થોડા સમયમાં ખંડેર થઇ ગયું. જામ પુંઅરો થરપારકરના રાણા ચાંદની પુત્રી રાજૈ સાથે પરણ્યો હતો. તેણી થરપારકર (સિંધ)થી પોતાના લગ્ન પ્રસંગે મહાદેવનું મંદિર કચ્છમાં લઇ આવેલ એવી લોકવાયકા છે. હકીકતમાં એ મંદિર કચ્છમાં જ બનેલ છે. આ જગ્યાએ ઇરાનથી આવેલ ઋષિઓ જખૌ બંદરે ઉતર્યા હતા. તેઓ દવાદારૂનો ધંધો કરતા હતા. તેમજ ગામડાંના ગરીબ લોકોની સેવા કરતા. તેથી લોકોમાં તેઓનું સ્થાન પૂજનીય હતું. જામ પુંઅરાની રાણી રાજૈ આ ઋષિ પાસે પોતાને સંતાન થાય તેવી દવાની માંગણી કરી. આ ઋષિ જ્યોતિષ વિદ્યા પણ જાણતા હતા. તેઓએ જ્યોતિષના આધારે જણાવ્યું કે રાણીને સંતાન સુખ નથી. આ વાતની ખબર જામ પુંઅરાને પડી. તેથી તે જખો પર ગુસ્સે થયો. તેમને પકડી ઘાણીમાં જોડી દીધા. આ ઋષિમાંથી એક ઋષિને વાણંદે છોડાવ્યો. જે બહાર નીકળી પોતાના ઇષ્ટદેવની આરાધના કરી. જેથી ૭૨ જખો જખૌ બંદરે ઉતર્યા અને તેઓએ પુંઅરાનો અંત આણ્યો. સંધાર લોકોને ત્રાસમુક્ત કર્યા. આથી આ જખોનું સ્થાન પૂજનીય રહ્યું છે. આ જખના સ્થળે ભાદરવાના બીજા સોમવારે સૌથી મોટો મેળો ભરાય છે. આ જખના સ્થાનકની બાજુમાં પુંઅરાનો મહેલ વડીમેડી, નિંઢીમેડી તેમજ ભિખુભીટ્ટ પણ આવેલ છે.

### ★ ધીણોધર થાન : તા. નખત્રાણા

નખત્રાણાથી ૧૫ કિ.મી., ભુજથી ૬૦ કિ.મી.

નખત્રાણાથી વિરાણીવાળા રસ્તે જતાં અરલ ગામ આવે છે. ત્યાંથી ધીણોધર ડુંગર પર ચડવાનાં પગથિયાં આવે છે. આ ડુંગરની ઊંચાઇ ૧૨૬૭ ફૂટ છે. ડુંગર પર દાદા ધોરમનાથે સોપારી પર ઊંધા માથે ૧૨ વર્ષ તપસ્યા કરેલ છે. આ ડુંગર કચ્છનો જૂનામાં જૂનો ડુંગર છે. અહીં ડુંગરની કોતરો તથા વન્યજીવન જોવાનો લહાવો લેવા જેવો છે. સ્કૂલના પ્રવાસ માટે આ જગ્યા અતિ ઉત્તમ છે. રહેવા જમવાની વ્યવસ્થા થઇ શકે છે. ધીણોધર ડુંગરની બખોલમાં ત્રણથી ચાર દીપડા વસે છે. જેથી રાત્રી રોકાણ દરમ્યાન ડુંગર પર આવેલ પાણીના ઝરા પર પાણી પીવા આવતા દીપડાને જોવાનો રોમાંચ અનુભવવા જેવો છે. આ ધીણોધર જાગીરનો વહીવટ કાનફટા સાધુ હસ્તક છે. ધીણોધર ડુંગરની તળેટીને થાન કહેવાય છે. આ જગ્યાએ દાદા ધોરમનાથનું મંદિર આવેલ છે. તેમજ ૧૮મી સદીની શિલ્પ સ્થાપત્યની અનુપમ દર્શન કરાવતી ધર્મશાળાઓ જે જોતાં એક જમાનામાં આ જગ્યા કેટલી સમૃદ્ધ હતી તેનો ખ્યાલ આવે છે. થાનમાં ચાર દેગો (ગંગા, જમના, સરસ્વતી, ગોદાવરી) આવેલ છે. જેના માટે કહેવાય છે કે, એક સમયે થાનમાં મોટો ભંડારો યોજાયો હતો. આ ભંડારામાં સાધુઓને જમાડવા માટે આકાશમાર્ગે જતી આ દેગો દાદા ધોરમનાથના શિષ્યે પોતાની યોગવિદ્યાથી

*લાલચ દીનતા કરાવડાવે અને દીનતા થાય એટલે મનુષ્યપણું ખોઈ બેસે!*

નીચે ઉતારેલ અને તેમાંથી સાધુસંતોને પ્રસાદ આપેલ હતો. જાગીરના મહંતશ્રીની જાગીરશાખા હસ્તક છે. અહીં રહેવા તથા જમવાની વ્યવસ્થા વિના મૂલ્યે પૂરી પાડવામાં આવે છે.

### ★ વશિષ્ઠ વૃક્ષમંદિર, મંથલ : તા. નખત્રાણા

ભુજથી ૬૩ કિ.મી., નખત્રાણાથી ૧૩ કિ.મી.

નખત્રાણાથી માતાને મઢ જવાના રસ્તે આવતા મથલ ગામે યોગેશ્વર સત્સંગ પરિવાર તરફથી પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રીના શુભ હસ્તે આ વશિષ્ઠ વૃક્ષમંદિર શરૂ કરવામાં આવેલ છે. જેમાં પાંચ હજાર વૃક્ષો વાવવામાં આવ્યા છે. આ વૃક્ષોની સંભાળ તથા દેખરેખ સત્સંગ પરિવારના ભાઈ-બહેનો કરે છે. સામાન્ય રીતે દેવ મંદિરોનાં દર્શન કરવા માટે હિંદુ ધર્મનાં લોકો જતા જ હોય છે. આ સાક્ષાત (વૃક્ષ) એ દેવ છે. જે મનુષ્યને જીવન અર્પે છે. તેની રક્ષા કરવી દરેક મનુષ્યની ફરજ બને છે. આ વૃક્ષોની સેવા કરવાથી પુણ્ય મળે છે. કચ્છમાં આવા ઉપવનો બિદડા સર્વોદય ટ્રસ્ટે બિદડામાં (તા. માંડવી) ૭૦૦૦ લીમડાંના વૃક્ષો વાવેલ છે. જયારે ભુજના પડદાભીટ્ટ હનુમાનજીના મંદિરના પ્રાંગણમાં પણ આવો જ પ્રયોગ થયેલ છે. આવા સ્થળોની મુલાકાત લેવાથી પરમ સુખ પ્રાપ્ત થાય છે.

### ★ યોગેશ્વર મંદિર તત્ત્વ ભાવના, નલિયા : તા. અબડાસા.

નલિયાથી ૨ કિ.મી.

પૂજ્ય દાદાશ્રી પાંડુરંગ શાસ્ત્રી દ્વારા ૧૯મી ઓક્ટોબર, ૧૯૬૨નાં રોજ ‘તત્ત્વભાવના’નું ખાતમુહૂર્ત કરેલ છે. અહીં કૃષ્ણ તથા શિવજી એક સાથે મંદિરમાં જોવા મળે છે. દર વર્ષે ફાગણ મહિનાની ૧૧મી તારીખે પાટોત્સવ ઉજવાય છે. આ પ્રસંગે કૃષ્ણ ભગવાનનાં જીવનનાં યાદગાર પ્રસંગો ‘મટકી ફોડ’, ‘માખણ વૃષ્ટિ’ ઉજવવામાં આવે છે. સાથે સાથે શોભાયાત્રાનું આયોજન પણ થાય છે. સાંજના પટાંગણમાં હસ્તકળાનાં પ્રદર્શનો તથા ધાર્મિક સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન પણ થાય છે.

### ★ પદ્માપીરની સમાધિ, ભેદી : તા. અબડાસા.

કોઠારાથી ૩ કિ.મી., ભુજથી ૮૬ કિ.મી.

કોઠારા ગામથી ૩ કિ.મી. દૂર આવેલ ભેદી ગામે પદ્માપીર ઉર્ફે ગોપીચંદ રાજાની સમાધિ આવેલ છે. ગોપીચંદ રાયનાથની સમાધિ ઉપર મહમદબીન કાસમે તુરબત બનાવી અને પદ્માપીર નામ આપ્યું. પદ્માપીરની બાજુમાં જ “જી આ” નામના ભરવાડની તુરબત આવેલ છે. પદ્માપીરની મૂળ જગ્યા કરાંચી જિલ્લાના ઘોડાબારી તાલુકાના નગરઠઠ્ઠા પાસે પીરપટ્ટા ગામે આવેલ છે. અગાઉ સવર્ણ હિંદુ હરિજનો મુસલમાનો સૌ સંઘ કાઢતા. જે ભેદીથી સિંધ સુધી જતા હતા. શ્રી સમરાજી સંગ્રામજી ધલે પાકિસ્તાનમાં પદ્માપીરના મૂળ સ્થાને જઈને પીરને પ્રસન્ન કર્યા અને નિશાન (નેજો) અને નગારાંની જોડ સાથે ભેદી ગામે લાવ્યા. (સંવત ૧૯૦૫) અને ભેદીમાં કુબો ચણાવ્યો હોવાનું કહેવાય છે. આ પીરના પૂજારી પાસે પથ્થર પર લખાયેલ શિલાલેખ છે. જે કચ્છના ઇતિહાસમાં રસ લેતા સંશોધકો અને અભ્યાસુઓએ ખાસ જોવો જોઈએ. અહીં વૈશાખ વદ એકમ, બીજ અને ત્રીજ એમ ત્રણ દિવસીય મેળો યોજાય છે.

### ★ અબડાપીર : તા. અબડાસા

ભુજથી ૧૧૫ કિ.મી.

અબડાસા તાલુકાનું ગામ અબડા અડબંગ પરથી પડેલ છે. કચ્છના અબડાસા તાલુકાના રામપર ગામમાં જામ અબડો થઈ ગયો. જામ રાયધણના વંશમાં ત્રીજી પેઢીએ જામ અબડાજી થયા. જામ અબડાજીને ત્રણ પુત્રો હતા : કુડધરજી, જખરોજી અને સબડજી. મોટા પુત્ર કુડધરજી ધાર્મિક વૃત્તિવાળા હોતા જામ જખરાજીને બાપની ગાદી મળી. પિતાના નામ પરથી અબડો અબડાણી કહેવાયા. અબડાજી દયાળુ, દાતાર અને શૂરવીર હતા. કોઈથી ગાંજ્યા જાય તેવા ન હતા. તેથી તે અડભંગ નામે કચ્છમાં જાણીતા થયા છે. આ અબડા અડભંગને વડસરની ગાદી મળી.

આ સમયે સિંધમાં ઉમરકોટમાં ભુંગળ સુમરો રાજ કરતો હતો. તેના બે પુત્રો ધોધો અને ચનેસર. ચનેસર ટીલાત હોતાં તે ગાદી વારસ થાય. પરંતુ ભાયાતોએ ધોધાને રાજગાદી પર બેસાડ્યો. તેથી ચનેસર નારાજ થઈ દિલ્હીના અલ્લાઉદ્દીન ખીલજીની સહાય માંગવા દિલ્હી ગયો. ત્યાં ખીલજીને સુમરીઓ સાથે પરણાવવાની લાલચ આપી ઉમરકોટ પર ચડાઈ કરવા લઈ આવ્યો. ઉમરકોટમાં ધોધો બહાદુરીથી લડ્યો પણ તે શહીદ થતાં પહેલાં સુમરીઓને બે શૂરવીરો સાથે કચ્છના જામ અબડા પાસે આશરો આપવા મોકલી આપી. અલ્લાઉદ્દીને આ વાતની જાણ થતાં તેણે તેનો પીછો પકડ્યો. કચ્છમાં આવી જામ અબડાને સુમરીઓ પાછી સોંપી દેવા કહેણ મોકલ્યું. લાલચ આપી પણ જામ અબડાએ શરણે આવેલ સુમરીઓના રક્ષણ કાજે યુદ્ધનું એલાન કર્યું. જેમાં ૭૨ દિવસ યુદ્ધ ચાલ્યું અને તેમાં અબડો અડભંગ વીરગતિ પામ્યા. આથી સુમરીઓ અહીંથી નીકળી રોહા ગામે આવી અને ધરતી માતાને વિનંતી કરતા ધરતીએ જગ્યા કરી આપી અને તેમાં ગરક થઈ ગઈ એમ કહેવાય છે. આજ આ ગામ રોહા સુમરીવાળું તરીકે ઓળખાય છે. જે જગ્યાએ અબડા અડભંગ વીરગતિ પામેલ તે ગામ રામપર નલિયાથી માતાને મઢ જતા રસ્તામાં આવે છે. આ જગ્યાએ સમાધિ સ્થળ આવેલ છે. ફાગણ વદ બીજનાં અહીં મેળો ભરાય છે. જેમાં અબડા અડભંગનું શાસ્ત્રોક્ત વિધિથી પૂજન અર્ચન થાય છે.

### ★ મણિયારો ગઢ, મોટીબેર : તા. અબડાસા

કચ્છના પુરાણિક કિલ્લાઓમાં પાટગઢ, પદ્ધરગઢ, બોલાડીગઢ, અણગોરગઢ, કેરાકોટ, કંથકોટ અને મણિયારો ગઢનું નામ આવે છે. આ બધા કચ્છની સમૃદ્ધિની ગાથા ગાતા ખંડેર અવસ્થામાં ઊભા છે. સિંધથી આવેલ મોડ અને મનાઈ શરૂઆતમાં લખપત તાલુકાના પાટગઢ ખાતે પોતાની રાજધાની રાખેલ હતી. ત્યાંથી મોડ કંથકોટ આવી ધરણ વાઘેલાને મારી કંથકોટ કબજે કર્યું. તેના પુત્ર સાડે કંથકોટને ફરતે કિલ્લો બંધાવ્યો. જામ સાડનો

*કુસંગનો ચેપ તો ટી.બી. કરતાંય ખરાબ કહેવાય. ટી.બી. તો એક જ અવતાર મારે. આ તો અનંત અવતાર બગાડે!*

પુત્ર ફૂલે હબાય પાસે બોલાડીગઢ તથા અણગોર બંધાવ્યા. ફૂલના પુત્ર લાખો ફુલાણીએ કેરાકોટ અને તેનો ભત્રીજો પુંઅરાએ પદ્ધરગઢ બંધાવેલ છે. જ્યારે મનાઈનો પુત્ર ઓઢો જામ હોથલ પદમણીના પ્રેમમાં પડતાં મણિયારો ગઢ બનાવીને રહ્યો. અબડાસા તાલુકાના મોટી બેર ગામની બાજુમાં ૩ કિ.મી. દૂર ઊંચી ટેકરી પર આવેલ આ મણિયારો ગઢ ૪ એકર જમીનમાં પથરાયેલો છે. ગઢની દીવાલો ચૂનાના પથ્થરની બનેલી છે અને દરેક પથ્થર પર દરિયાઈ જીવોના અશ્મિ જોવા મળે છે. આ ઉપરાંત આ ગઢ હાલે ખંડેર અવસ્થામાં છે. તેની બહારની બાજુએ આવેલ કબ્રસ્તાનમાં આવેલ પથ્થરો પણ અશ્મિઓનો ખજાનો છે. આ ગઢમાં સંશોધન કરવા જેવું છે. એવું કહેવાય છે કે આ જગ્યાએ એક મોટો નાગ રહે છે. જેના ફૂંફાડા મોટી બેર ગામ સુધી સંભળાય છે.

### ★ રામવાડા : તા. અબડાસા

નલિયાથી ૩૯ કિ.મી., ભુજથી ૧૪૦ કિ.મી.

રામવાડા એટલે રામારણ્ય. પુરાતન સમયમાં આ જગ્યાએ ગાઢ જંગલ હતું. ભગવાન શ્રી રામચંદ્રજી ચૌદ વર્ષના વનવાસ સમયે આ જગ્યાએ આશ્રમ બનાવીને રહ્યા હતા તેમ મનાય છે. નલિયાથી નારાયણ સરોવર જતાં વચ્ચે આવતું આ સ્થાન રમણીય છે. અહીં મંદિરમાં શ્રી રામ લક્ષ્મણ સીતાજીની મૂર્તિઓ આવેલ છે. ઉપર ભાગમાં રૂક્ષ્મણી સત્યભામા અને જાંબુવતી તથા દક્ષિણ બાજુએ દ્વારકાધીશ, રણછોડરાયની મૂર્તિઓ આવેલી છે. રામવાડાની પાછળની બાજુએ "રામાસરની વાવ" તથા "રામઝરૂખો" આવેલ છે. આ ઉપરાંત સૂરજકુંડ, રામકુંડ, સીતાકુંડ, લક્ષ્મણકુંડ, ધનુષ્યકુંડમાં પાણીના ઝરા સતત વહેતા જોવા મળે છે. રામ નવમી ચૈત્ર સુદ-૯ ના અહીં મેળો ભરાય છે. અહીં યાત્રાળુઓ માટે ઉતારાની વ્યવસ્થા છે.

### ★ હરિસાહેબ આશ્રમ, હિંગરિયા : તા. અબડાસા

નલિયાથી ૩૫ કિ.મી.

હરિસાહેબનો જન્મ સંવત ૧૮૮૬માં અષાઢ સુદ-૨ ના થયો હતો. નાની ઉંમરથી ભક્તિ રંગમાં રંગાયેલા હતા. તેઓશ્રીએ હિંગરિયા મધ્યે રવિભાણ સંપ્રદાયનો આશ્રમ સ્થાપ્યો અને સંવત ૧૯૪૦ના શિવમંદિર તથા રામ લક્ષ્મણ જાનકીનાં મંદિરની સ્થાપના કરી. તેઓશ્રી સંવત ૧૯૮૯ના પોષ સુદ-૮ ના બ્રહ્મલીન થયા. આ જગ્યાએ પોષ સુદ-૮ ના ભરાતા મેળામાં રાજપૂત, ભાનુશાળી, લોહાણા તથા અન્ય ભાવિકો મોટી સંખ્યામાં આવે છે. અહીં આવતા ભાવિકો માટે રહેવા તથા જમવાની વ્યવસ્થા આશ્રમ તરફથી કરી આપવામાં આવે છે. હિંગરિયા ગામમાં વસતિ ક્ષત્રિયોની છે. હાલમાં આ જગ્યાના મહંત શ્રી કલ્યાણદાસજી બાપુ છે. જે એક અચ્છા ભજનિક પણ છે.

### ★ પીર ઘોષ મહંમદનો કુબો : લખપત

પીર ઘોશ મહંમદ સુન્ની સંપ્રદાયનાં સૈયદ ઓલિયા હતા. તેઓએ ૧૨ વર્ષની ઉંમરે ફકીરી લીધી. આ કુબાના બાંધકામની શરૂઆત સને ૧૮૫૫માં થયેલ છે. જે તેર વર્ષ સુધી બાંધકામ ચાલેલ. કુબામાં ચાર દિશાએ ચાર દરવાજા છે. કુબાના પથ્થરો પર બેનમૂન કોતરકામ છે. આ કુબાની બાજુમાં કુંડ આવેલ છે. જેના પાણીથી ચામડીનાં દર્દ મટે છે એવી માન્યતા છે. આ કુબાના પીર મામદશા જહાંગીરશા પાંચમી પેઢીના મુજાવર છે. ઘોષ મહંમદ એક સૂફી કવિ હતા.

### ★ ગુરુદ્વારો : લખપત

ગુરુનાનક સાહેબ બે વખત લખપત આવી ગયેલ છે અને ત્રણ દિવસ રોકાયેલ છે. જે જગ્યાએ ઉદાસીન સંપ્રદાયનો ગુરુદ્વારો બનેલ છે. મુખ્ય નિજગૃહમાં ગ્રંથ સાહેબનું સુખાસન છે. જેમાં ગ્રંથ સાહેબની પૂજા થાય છે. બાજુમાં કાચના શોકેસમાં ગુરુનાનક સાહેબની ચાખડી, શેખ, આશામાલી, ગાદી, તકિયો સાચવીને રાખવામાં આવેલ છે. અહીં વર્ષમાં ત્રણ વખત (વસંત પંચમી ગુરુગોવિંદસિંહની જન્મજયંતી અને હોળી)ના પાઠ થાય છે. જ્યારે નાનક જયંતીના અખંડ પાઠ થાય છે.

### ★ લખપતિ મસ્જિદ (શાહ બુતારાનો કુબો)

લખપત ગામનાં પશ્ચિમ છેવાડે આ કુબો આવેલો છે. આ મસ્જિદમાં નવ ગુંબજો આવેલાં છે. મસ્જિદની બાંધણી અતિ નકશીદાર પથ્થરોથી બનેલ છે. શિલ્પ સ્થાપત્યનો અજોડ નમૂનો છે.

### ★ કટેશ્વર (સિયોત) : બૌદ્ધ ગુફાઓ

કચ્છમાં બીજી અને ત્રીજી સદીમાં બૌદ્ધ ધર્મ હતો. તેના પુરાવા કટેશ્વરમાં આવેલી બૌદ્ધ ગુફાઓ જોતા લાગે છે. ચીની મુસાફર હ્યુ એન ત્સાંગની ભારતની યાત્રા દરમ્યાન કચ્છના પશ્ચિમ કિનારે આવેલ કટેશ્વરનો ઉલ્લેખ જોવા મળે છે. તેની નોંધ મુજબ ૫૦૦૦ બૌદ્ધ ભિક્ષુઓના મઠો નજરે પડેલા. ઘણા લેખકો અને ઈતિહાસકારો કોટેશ્વરનો ઉલ્લેખ કરે છે. પરંતુ હકીકતમાં કટેશ્વર (સિયોત) આ બાબતનાં પુરાવા રજૂ કરે છે. આ ગુફાની આજુબાજુના વિસ્તારમાંથી બૌદ્ધ સિલો પણ મળેલ છે. જે કચ્છ મ્યુઝિયમમાં રખાયેલ છે. આ જગ્યાએ સંશોધન થાય તો ઘણા પુરાવા મળવાની સંભાવના છે.

દયાપર લખપતના માર્ગે જતાં ધ્રુલી ગુનેરીના રસ્તેથી સિયોત જવાય છે. અહીં કટેશ્વર મહાદેવનું તથા કાલિકા માતાજીનું મંદિર આવેલ છે. આ જગ્યાએ પાટગઢનાં અવશેષો જોવા મળે છે. એક સમયનું સમૃદ્ધ નગર પાટગઢ આ જગ્યાએ આવેલું હતું. સિંધથી આવેલ મોડ મનાઈ તેના મામા વાઘમ ચાવડા પાસે આશરો લીધો. આ વાઘમ ચાવડો કટેશ્વર મહાદેવ અને કાલિકા માતાજીનો ભક્ત હતો. જેનો દગાથી મોડ અને મનાઈએ વધ કર્યો. જે જગ્યાએ વધ થયેલ તે જગ્યા "વાઘમકુંડ" તરીકે આજે પણ ઓળખાય છે. શ્રાવણી માસની અમાસના કટેશ્વર અને આસો સુદ-૧૩ના કાલિકા માતાનો મેળો ભરાય છે. અહીં રસોઈ બનાવવાની સગવડ છે. વાસણો મળી રહે છે. હાલના પૂજારી મહંત શ્રી નિર્મલગિરિજી ગુરુ પ્રેમાનંદગિરિજી છે.

*પ્રમોદ જેઠી*
*ક્યુરેટર - આઈના મહેલ,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*

*સત્સંગમાં ગમે તેટલાં કષ્ટ પડે તે સારાં, પણ કુસંગમાં ગમે તેટલું સુખ નકામું.*

# કચ્છના અણજાણ્યા પ્રવાસધામો

• નરેશ અંતાણી •

ભારતના ખાસ કરીને ગુજરાતના ઈતિહાસ, પુરાતત્ત્વ, કલા, સંસ્કૃતિ, શિલ્પ અને સ્થાપત્યના સંવર્ધનમાં કચ્છનું પ્રદાન મુઠ્ઠી ઊંચેરું રહ્યું છે. આપણા પ્રાચીન ઈતિહાસના પાનાઓ પર તેના અનેક પ્રમાણો મળી આવે છે. વિશ્વસફરના અનેક પ્રવાસીઓ અને યાયાવર પ્રજાએ કચ્છને કાયમ પોતાનું આશ્રય સ્થાન બનાવ્યું છે, જેના પ્રમાણો છેક પ્રાગઐતિહાસિક કાળ સુધી આપણને લઈ જાય છે અને આ પ્રક્રિયાના ફળ સ્વરૂપે કચ્છ પ્રદેશમાં વિભરની સંસ્કૃતિઓનો સુમેળ આપણે જોઇ શકીએ છીએ. કચ્છ પ્રદેશ ઉપર છેક પણિઓ અને અંધકોથી લઈને છેલ્લે સમાવંશના જાડેજા સુધીના સત્તાધીશોએ રાજ કર્યું છે અને આના પરિણામે અનેક જનજાતિઓ કચ્છમાં વસી છે. અનેક પંથો અને સંપ્રદાયો માટે કચ્છમાં અનુકૂળ વાતાવરણ રહ્યું છે.

કચ્છમાં હવામાન, પ્રાકૃતિક વૈવિધ્ય, રણ, સમુદ્ર વગેરેની વિવિધતા જોવા મળે છે. આ પ્રદેશ હજારો વર્ષથી બૌદ્ધિક સમૃદ્ધિથી છલકાતો રહ્યો છે. પરિણામે સદીઓથી સમગ્ર જગતને કચ્છમાં આવવાનું, માણવાનું આકર્ષણ રહ્યું છે. પૃથ્વી ઉપરની અનેક ઊથલપાથલનો ભોગ કચ્છ અનેકવાર બન્યું છે. ચાર ચાર વાર દરિયામાં જઈને પાછું ઉપર આવ્યું છે. ભારતના એક વિશિષ્ટ ખૂણામાં આવેલા આ પ્રદેશમાં રાજાઓની, સૈન્યોની અને અનેક પ્રવાસીઓની અવર જવર થતી રહી છે. જેને કારણે અનેક પ્રકારના સામાજિક, ધાર્મિક અને સાંસ્કૃતિક પરિવર્તનોનો આ પ્રદેશ સાક્ષી છે અને અનેક જાતિ પ્રજાતિઓના સાંસ્કૃતિક સુમેળને કારણે અહીંની પ્રજાના પહેરવેશ અને આભૂષણોમાં પણ વૈવિધ્યતા જોવા મળે છે. વિશાળ અને આશરે ૪૩૦૦૦ ચોરસ કિલોમીટરનો ભૂ વિસ્તાર ધરાવતા ભાતીગળ કચ્છ પ્રદેશમાં અનેક પ્રવાસધામો અને પ્રાકૃતિક સૌંદર્ય ધરાવતા પર્યટનધામો આવ્યા છે. નારાયણ સરોવર-કોટેશ્વર, માતાનો મઢ, ધીણોધર, કાળો ડુંગર, ધ્રંગ, જેસલ તોરલ, ભદ્રેશ્વર, હાજીપીર કે ધોળાવીરા જેવા કેટલાય જાણીતા પ્રવાસન મથકો વિશે આખું વિશ્વ જાણે છે પરંતુ એવા કેટલાય મથકો પણ આ વિસ્તારમાં છે જેની જાણ દરેક કચ્છીને પણ હોવાની સંભાવના ઓછી છે. અહીં આવા અણજાણ્યા ધાર્મિક મહત્ત્વ ધરાવતા પ્રવાસધામો અને પ્રાકૃતિક સૌંદર્ય ધરાવતા પર્યટનધામો વિશે ટૂંકમાં વિગત તપાસવાનો પ્રયાસ કર્યો છે. સંભવ છે કે જેમાં કેટલાય પ્રવાસધામો ચૂકી પણ જવાયા હોય. આ પ્રવાસધામોને વિકસાવવા માટે પ્રામાણિક પ્રયાસો કરવામાં આવે તો જ કચ્છનું પ્રવાસન ક્ષેત્ર સાચા અર્થમાં વિકસી શકે તેમ છે.

કચ્છનો વાગડ પ્રદેશ મોટે ભાગે પ્રવાસનના ક્ષેત્રથી અજાણ્યો રહ્યો છે, જો કે રવેચીને બાદ કરતાં ધોળાવીરાના ઉત્ખનન પછી તે પ્રકાશમાં તો આવ્યો, પણ તે માત્ર ધોળાવીરા પૂરતો જ. અન્ય ક્ષેત્રો તો અજાણ્યા જ રહી જવા પામ્યા. આવા અજાણ્યા પ્રવાસન મથકો વિશે વાગડથી જ જાણવાનો આરંભ કરીએ.

## • આડેસર :

વાગડ અને કચ્છનું મહત્ત્વનું સ્થળ આડેસર રેલવે તથા બસ માર્ગે કચ્છ, ગુજરાત અને સૌરાષ્ટ્રના પ્રમુખ શહેરોથી જોડાયેલું છે. કચ્છની રોહા જાગીર પછીના પાંચ સૈકાથી પણ જૂના આ સ્થળને આડિસર તરીકે પણ જાણવામાં આવે છે. આદિનાથ ઋષભદેવના જૈન મંદિરને કારણે પણ તેને આ નામથી જાણવામાં આવે છે તેવું કહેવાય છે. પૌરાણિક સમયમાં આ મથક કોઈ મોટું શહેર હોઈ 'આદિ શહર' ઉપરથી આડેસર કહેવાયું હોવાનું પણ કહેવાય છે. અઢારમા સૈકામાં નિર્માણ પામેલું ઋષભદેવનું જિનાલય, પાંચ સૈકા જૂનું આદેર મહાદેવનું મંદિર, પ્રાચીન ફૂલીવાવ તથા નગરનો ગઢ આ શહેરના ભવ્ય ઈતિહાસના સાક્ષી છે અને એક કાળે તે જાહોજલાલી ધરાવતું હશે તેના પુરાવાઓ આપે છે. ભુજ અને માંડવીથી પણ પૂરાણું આ નગર એક સમયે સિંધ, ગુજરાત અને છેક ઈજિપ્ત સાથે ગાઢ વ્યાપારી સંબંધો ધરાવતું હતું. નગરને યોગ્ય માવજત થકી પ્રવાસન સ્થળ તરીકે વિકસાવી શકાય તેમ છે.

## • ગેડી :

રાપર તાલુકાનું ગેડી પણ પૌરાણિક નગર છે. તેને વિરાટ નગરી કે ધૃતઘટી તરીકે ઓળખવામાં આવે છે. પાંડવોએ અહીં અજ્ઞાતવાસ ભોગવ્યો હોવાની પણ લોકવાયકા છે. એક સમયે ચાવડા, સોલંકી અને વાઘેલાઓની હકુમત નીચે રહી ચૂકેલા આ નગરની પાદરે અનેક શૌર્યકથાઓ કહેતા પાળિયાઓ જોવા મળે છે. નગરનું પ્રાચીન લક્ષ્મીનારાયણનું મંદિર કાળની અનેક થપાટો ખાઈ ચૂક્યું છે જે તેના અનેકવાર કરાવાયેલા જીર્ણોદ્ધારના લેખો પરથી જણાય છે. સુવ્રત સ્વામીનું જિનાલય, નગરથી થોડે દૂર આવેલો 'રેતિયો ગઢ', અને શિલ્પાંકૃત પાળિયાઓ, માલણવાવ વગેરે આ નગરના ઈતિહાસને વર્ણવે છે.

## • રવેચી :

ગેડી પછી આ વિસ્તારનું નોંધપાત્ર સ્થળ રવેચી છે. અહીં કચ્છના ચાર શક્તિપીઠો પૈકીનું રવેચી માતાનું પૌરાણિક સ્થાનક આવ્યું છે. રાપરથી રવેચી તરફ જતાં નંદાસર અને રવ મોટી એમ બે જોડિયા ગામો આવે છે. રાપરથી રવ ૧૩ કિલોમીટર દૂર છે. રવેચી અને રવ એક કાળે ઘૃતઘટી પંથકના તાબામાં હતા. કચ્છના રાજવી પરિવારને આ શક્તિ

*ગુરુની એક ખોડ કાઢે તો જ્ઞાન આવતું બંધ થઈ જાય. શિષ્ય તો ગુરુનો પ્રશંસક હોય, ગુરુની પૂંઠે પૂંઠે ચાલ્યો જાય.*

મંદિર પર અપાર શ્રદ્ધા હતી. આથી રાજપૂરા સંભાળ્યા પછી રવેચી માતાના દર્શને અચૂક આવતા. આ મંદિરનું નિર્માણ પાંડવોએ કર્યાની લોક વાયકા છે પરંતુ હાલનું મંદિર સંવત ૧૩૨૮માં પાટણના રાજાના પ્રતિનિધિ માલદેવના સમયમાં બન્યું છે. અને સંવત ૧૮૭૮માં તેનો જીર્ણોદ્ધાર કરાયો છે. પચાસેક ફૂટની ઊંચાઇના ચારેક ફીટ ઊંચા પડથાર પર બાંધવામાં આવેલા આ શિખરબંધ મંદિરની મધ્યમાં આદ્યશક્તિ રવેચી બિરાજમાન છે. મંદિરમાં જુદા જુદા ચાર શિલાલેખો પણ જોવા મળે છે જે મંદિરના નિર્માણ અને જીર્ણોદ્ધારની ગાથા કહે છે. આ સિવાય અનેક પાળિયાઓ પણ અહીં છે. અફાટ રણને રોકી ઊભેલા રવેચીના સ્થાનકે ભાદરવા મહિનામાં મોટો મેળો ભરાય છે. કચ્છીઓ સિવાય બહુ ઓછા જાણીતા આ સ્થળે હવે અન્નક્ષેત્ર અને રહેવાની સુવિધાઓ પણ ઉપલબ્ધ છે.

- **કંથકોટ :**

જૂની તવારીખોમાં ટોલેમીએ રણની કંઠારે આવેલા દુર્ગનો ઉલ્લેખ કર્યો છે એ કંથકોટ આઠમી સદીમાં કાઠીઓની રાજધાની હતું. સિંધથી કચ્છમાં આવેલા કાઠીઓ કચ્છ છોડતાં પહેલાં અહીં પોતાની સત્તાના પ્રમાણો છોડતા ગયા છે. કંથકોટ પહાડી કિલ્લો છે. એક સાંકડી અને પાંચેકસો ફૂટ સીધા ચડાણવાળી કેડીમાં થઇને ઉપર કિલ્લામાં પ્રવેશી શકાય છે. મધ્યકાલીન અનેક સંભારણાઓ સાચવતો આ કિલ્લો સમથળ ટોચવાળો અને ઝાડીઓ ઝાંખરાઓથી છવાયેલો છે. ઊંચા નીચા ડુંગરો અને વચ્ચે વચ્ચે હરિયાળી ખીણો તેની વિશિષ્ટતાનો ખ્યાલ આપે છે. કિલ્લાના પથ્થરોમાં સીસું ધરબેલું છે. કિલ્લાના દ્વાર પર નગારખાનું, દોઢી, મેડી, ઝરૂખા, ચોકીઓ અને દ્વારપાલની બેઠકો આજે પણ જોઇ શકાય છે. કાઠીઓએ અહીં પોતાના આરાધ્ય સૂર્ય દેવના વિશાળ મંદિરનું નિર્માણ કરેલું તે મંદિર, સોળ થાંભલાઓવાળું વિશાળ જૈન દેરાસર, નવલખો, ઘોડાર વગેરે કાળની નેક થપાટો ખાઇને જમીનદોસ્ત થઇ ગયા છે, જેના ભગ્નાવશેષો આજે નિહાળી શકાય છે. જો કે રાજ્યના પુરાતત્ત્વ વિભાગ દ્વારા સૂર્ય મંદિર અને જૈન દેરાસરની નવરચનાનું ભગીરથ કહી શકાય તેવું કાર્ય આરંભાયું છે. પ્રાકૃતિક સૌંદર્યથી ભરપૂર આ સ્થળને પ્રવાસન મથક તરીકે વિકસાવવાનું કેમ વિચારાતું નથી એ જ મોટો સવાલ છે.

- **કચ્છનું નાનું રણ :**

કચ્છનું નાનું રણ એ ઉજ્જડ અને ખારો પ્રદેશ છે જેનું ક્ષેત્રફળ ૧૪૭૪ ચોરસ માઇલ છે. આ રણનો પશ્ચિમ છેડો કંડલા બંદરની હંસસ્થલ ખાડીને મળે છે. પૂર્વ-પશ્ચિમ ફેલાયેલાં આ રણની દક્ષિણે સૌરાષ્ટ્રના માળિયા, બજાણા અને પૂર્વમાં ખારાઘોડા, ઝીંઝુવાડા અને રાધનપુર તથા ઉત્તરમાં સાંતલપુર અને પશ્ચિમે કચ્છ આવેલું છે.

ઉત્તર-પશ્ચિમ ખૂણામાં નાનું રણ મોટાં રણને બે માઇલના ગાળાથી મળે છે. આ ગાળા ઉપરથી દિલ્હી તરફનો રેલ માર્ગ અને સામખિયાળી-પાલનપુર રાષ્ટ્રીય ધોરીમાર્ગ પસાર થાય છે.

કચ્છનું નાનું રણ પૂર્વ પશ્ચિમ ૧૨૮ કિ.મી. લાંબું અને ઉત્તર-દક્ષિણ ૧૬ થી ૬૪ કિ.મી. પહોળું છે. એના પશ્ચિમ છેડાની ઓછામાં ઓછી પહોળાઇ ૯.૫ માઇલની છે. આ રણ પ્રદેશ પણ કચ્છના પ્રવાસની એક આગવી ઓળખ છે જેની આછેરી ઝલક પણ રોમાંચિત કરે છે.

- **નાના રણમાં પડતી નદીઓ :**

કચ્છના રણમાં દક્ષિણમાં મચ્છુ, બ્રાહ્મણી, કનકાવતી, ફૂલકા અને ચંદ્રભાગા તથા પૂર્વ તથા ઇશાનમાંથી બનાસ, સરસ્વતી, અને રૂપેણ આટલી નદીઓ પોતાના પાણી ઠાલવે છે. આથી ચોમાસામાં નાનું રણ જળબંબાકાર બની જાય છે.

- **કચ્છના નાના રણના બેટો :**

કચ્છના નાના રણમાં પુંગ, ધુતારીમાતા, નાંદા, મરડક, કેશમારી અને ભાંગટના ટાપુઓ આવેલા છે. આ બેટો પર સાધારણ ઘાસ ઊગે છે. ચોમાસામાં આ બેટની જમીન પાણીની સપાટીથી થોડી ઊંચી રહે છે.

મોટા રણ અને નાના રણની વચ્ચે એક સ્થળે માત્ર પંદર જ માઇલની પટ્ટીથી વાગડ વિસ્તારને જોડે છે. સંભવ છે કે, એ પણ એક બેટ હોય. જો એ સ્વીકારીએ તો એ પરિપ્લસે સૂચવેલો છઠ્ઠો બેટ અને બાકીનું કચ્છ એ સાતમો બેટ ગણી શકાય. આ બેટો પણ પ્રવાસની દૃષ્ટિએ મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

બન્ની વિસ્તારની દક્ષિણ-પશ્ચિમ સરહદને અડતો ધીણોધર ડુંગરની પાસે જવાળામુખી કે ધરતીકંપ જેવા કારણોસર અક્સ્માતને કારણે અહીંનો સમુદ્ર સૂકાઇ ગયો હોવાની અનુશ્રુતિ છે. એની બાજુમાં આવેલા નિરોણાને પણ બંદર કહેવાયું છે. આથી આગળ પૂર્વમાં જતા ધ્રંગ અને લોડાઇ વિસ્તારમાંથી આજે પણ સમુદ્ર હોવાના ખ્યાલ આપે છે. કહેવાય છે કે એક સમયે અહીંથી સમુદ્રના પાણી જમીન ચીરીને બહાર નીકળતાં અને ચીરઇ સુધી વહેતાં હતા. ચીરઇ ગામનું નામ પણ આ ઘટનાની સંદર્ભમાં સૂચક છે. આ સમુદ્રના પાણી ચોબારીથી કડોલ, ખારોઇ, નેર, બંધડી, લતાડા ડુંગર અને લુણવા પાસેથી થઇને ઉત્તરે સમુદ્રમાં મળતાં હતાં. તે આ અનુમાનને પુષ્ટિ આપે છે.

- **વરણુ (વરુણેર) :**

રાપરથી ૫૦ કિ.મી., તાલુકાના આડેસરથી ૧૫ કિ.મી. તથા પાટનગર ભુજથી ૧૭૦ કિ.મી.ના અંતરે વરણુ (વરુણેર)નું સ્થાન આવ્યું છે. ગુજરાતના મેઘાવી કવિ ઝવેરચંદ મેઘાણીએ ઉલ્લેખ કર્યો છે તેવા વરુણેરના ઐતિહાસિક સ્થાનના નિર્માણ પાછળ રહેલી કથા મુજબ મધ્ય પ્રદેશના ઉજ્જૈનના વર્ણવોજી ગાયોની રક્ષા કરતાં કરતાં છેક આ સ્થાન સુધી આવી ગયા અને અહીં ગોધનની રક્ષા કાજે શહીદી વહોરી હોવાની વાયકા છે. તેમની સમાધિ આ સ્થાનકે આવી છે વરણુજીની સાથે તેમના ભાઇ તથા સતી થયેલ બહેનની પણ સમાધિ છે. આખા દેશમાં આ એક માત્ર સ્થળ એવું છે કે જે જ્યાં ભાઇ પાછળ સતી થઇ ગયેલ બહેન પૂજાય છે. અહીંના મહાદેવના મંદિરને વરુણેર તરીકે પૂજવામાં આવે છે. મહાસુદ ૧-૨ ના અહીં મેળો પણ ભરાય છે. તેમાં વાગડ વિસ્તારના અનેક લોકો હાજરી આપે છે. કચ્છ રાજ્યના અંગ્રેજોના પ્રથમ રાજકીય પ્રતિનિધિ કેપ્ટન મૅકમર્ડો કચ્છના રણમાં પ્રવાસે હતા તે દરમ્યાન તેને કોલેરાનો રોગ લાગુ પડતાં આજ વરણુ

*પરસ્પર ઉપકાર કરવાનો, આટલો જ મનુષ્ય જીવનનો લહાવો છે!*

ગામે ૨૮મી એપ્રિલ, ૧૮૨૦ના રોજ તેનું અવસાન થતાં તેની કબર પણ અહીં જ મંદિરના બહારના ભાગે આવેલી છે. આમ આ ઐતિહાસિક સ્થાનક બબ્બે ઘટનાઓનું સાક્ષી હોઇ કચ્છના ઇતિહાસમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. મંદિર પરિસરમાં વિશાળ જગ્યામાં અનેક સુવિધાઓ વિકસાવવામાં આવે તો રણમાં મીઠી વિરડી સમાન એક સુંદર પ્રવાસધામ બની શકે તેમ છે.

● **એકલ માતાજી :**

ભુજથી ૧૦૫ કિલોમીટરના અંતરે અગોચર રણમાં મીઠી વીરડી સમાન એકલ વાઢના સ્થાને આવેલું એકલ માતાનું મંદિર પણ વાગડ પ્રદેશનું એક સુંદર વિકસી શકે તેવું પ્રવાસન મથક છે. ચૈત્રી પૂનમે અહીં મેળો ભરાય છે. જેમાં વાગડ અને સમગ્ર કચ્છમાંથી ભાવિકો મોટા પ્રમાણમાં અહીં ઉમટી પડે છે.

● **ભુઅડ :**

અંજારથી ખેડોઇ થઇને કે મુંદ્રા છસરાથી રૂપારેલ નદીના કાંઠે વસેલા કચ્છના એક સમયના પ્રાચીન ધામ ભુઅડ કે ભુવડ જઇ શકાય છે. અંજારથી તે નવથી દસ કિલોમીટર દૂર આવ્યું છે. અહીં ભુવડેશ્વરનું ભવ્ય પ્રાચીન જર્જરિત શિવાલય આવ્યું છે. ૩૪ સ્તંભો અને ચાર સ્તંભીઓથી શોભતાં આ શિવાલયનો ઉપરનો ઘુમ્મટનો ભાગ ધ્વસ્ત થયેલો છે તે જ્યારે હશે ત્યારે કેટલું શોભતું હશે તેની કલ્પના જ કરવી રહી. ૩૦થી ૪૦ ફૂટનો મંડપ છે. સ્તંભો નીચેથી સમચોરસ, મોટા નિજ મંદિરમાં ચતુર્ભુજ આકૃતિઓ છે. મંદિરના ભૂંસાઇ ગયેલા લેખમાં સંવત ૧૩૪૬ની સાલ વાંચી શકાય છે. લાખા ફુલાણીના સમયના આ ધ્વસ્ત મંદિરનો પુનરોદ્ધાર કરવામાં આવે તો તેને એક સુંદર તીર્થધામ તરીકે વિકસાવી શકાય તેમ છે.

● **ભેદી (કોઠારા) પઠાપીર :**

અબડાસાના કોઠારા કરતાં પણ પ્રાચીન સ્થાન તરીકે જાણીતું સ્થાન 'ભેદી પઠાપીર' કોઠારાથી ત્રણેક કિલોમીટર દૂર સ્થિત આ સ્થળ નાથ સંપ્રદાયના નામાંકિત યોગી ગોપીચંદનાથના સ્થળ તરીકે જાણીતું છે. ગૌડ બંગાળના રાજવી એવા ગોપીચંદ રાજપાટ અને સાંસારિક માયાનો ત્યાગ કરી પોતાનો દેશ છોડી સેંકડો કિલોમીટર દૂર કચ્છમાં તપશ્ચર્યા માટે આવ્યા અને કચ્છમાં જ રહી ગયા. કચ્છમાં તે પઠાપીર તરીકે જાણીતા થયા. ગોપીચંદનું 'ભેદી' ગામનું સ્થળ હિંદુ અને મુસ્લિમ બન્ને સંપ્રદાય માટે આસ્થાનું સ્થાન મનાય છે. બહુ ઓછું જાણીતું એવું આ સ્થાન પણ વિકાસ માગે છે.

● **રુકનશા પીર :**

માંડવીથી મુંદ્રા તરફ જતાં માર્ગમાં તલવાણા ગામ નજીક રુકનશાપીરનું સ્થાનક આવ્યું છે જે પાટનગર ભુજથી ૫૫ કિલોમીટર દૂર છે. અહીં ચૈત્ર સુદ ૧૦ તથા ૧૧ મોટો મેળો ભરાય છે. અગાઉના પરંપરાગત મેળાને જો કે હવે આધુનિકતાનો રંગ લાગ્યો છે. સિંધના મહિયારી ગામના રુકનુદીન આજથી અંદાજે ૩૨૫ વર્ષ અગાઉ કચ્છમાં આવી વસ્યા અને માંડવી બંદરેથી હજ પઢવા જતા બિરાદરોને માંડવી આવતાં પહેલાં માર્ગમાં લૂંટારુઓ સાથેના ધિંગાણામાં રુકનુદીન માર્યા ગયા ત્યારથી તેઓ અહીં અને આસપાસના પ્રદેશમાં રુકનશાહપીર તરીકે પૂજાવા લાગ્યા. ગુજરાત, સૌરાષ્ટ્ર અને છેક રાજસ્થાનથી મુસ્લિમ બિરાદરો અહીં આસ્થાપૂર્વક માથું ટેકવવા આવે છે અને પોતાની લીધેલી માન્યતા ઉતારે છે.

● **રાવળપીર - ધ્રબુડી :**

માંડવીના દરિયાકિનારે આશરે સાતેક કિલોમીટર દૂર રાવળપીરનું સ્થાનક આવ્યું છે. કચ્છના સિદ્ધ પુરુષ દાદા ધોરમનાથના વંશજ મનાતા રાવળપીરને આ પ્રદેશના લોકો આસ્થા પૂર્વક પૂજે છે. સુંદરજી સોદાગરે અહીં સુંદર વિશાળ મંદિરનું નિર્માણ કરાવી આપ્યું છે. જેનો વિશાળ શિલાલેખ આજે પણ જોઇ શકાય છે. પાસે જ ધ્રબ નામના ઋષિએ તપશ્ચર્યા કરેલી તે સ્થાન ધ્રબુડી આવેલું છે. આ બન્ને સ્થાનકનું આ વિસ્તારમાં મહત્ત્વ છે. અહીં રહેવા તથા જમવાની સુંદર વ્યવસ્થા કરી આપવામાં આવે છે. આમ આ સ્થાન પણ દરિયાકિનારાના સુંદર પ્રવાસધામ તરીકે વિકાસ પામી શકે છે.

*ભૂમા નિકેતન,*
*૨૨-બી, શિવમ્ પાર્ક, નાના યક્ષમંદિર પાસે,*
*માધાપર રિંગ રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*

## કચ્છના હિંદુ યાત્રાધામો

**(અનુસંધાન : પાના નં.-૬૨ ઉપરથી ચાલુ)**

ભુજથી વાંઢાય અને વાંઢાયથી લુડવા રસ્તે ગઢશીશા જવાય છે. બીજી રીતે ભુજથી માંડવી જતા દહીંસરા પાસેથી સરલીવાળા રસ્તે રામપર વેકરા થઇને પણ જવાય છે.

ગઢશીશા (સિંહશીર્ષા ગઢ) ઐતિહાસિક તેમજ ધાર્મિક દૃષ્ટિએ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. આ ગામ કચ્છના મહારાવશ્રી રાયધણજી પહેલા (ઇ.સ. ૧૬૬૬-૧૬૯૮) ના પાંચમા કુંવર દુદાજીએ વસાવ્યું.

ડુંગર પર આવેલ કિલ્લો સં. ૧૮૫૦ની આસપાસ ભાઇજીબાવાનાં રાણીબા શ્રી પુરાંબાએ બંધાવેલ છે.

આ કિલ્લામાં આવેલ મા અંબાનું મંદિર ૪૫૦ વર્ષ જૂનું છે એમ કહેવાય છે. જેની પૂજા ચીનુભા નારણજી જાડેજા કરે છે. કિલ્લાની નીચેની બાજુએ ગામ વસેલ છે જ્યાં શ્રી રાજબાઇ માતાજીનું સ્થાનક છે. ૩૦ વર્ષ પહેલાં બનાવવામાં આવેલ છે. અહીં દર માસની બીજ તથા નોમના ભાવિકો પોતાના દુઃખ દરદ મટાડવા ભક્તિભાવે આવે છે.

ત્રીજુ અંબા માતાજીનું મંદિર જે પૂ. ચંદુમાવાળા અંબાજી તરીકે જાણીતું છે. સં. ૨૦૩૨માં અંબા માતાજીની મૂર્તિ પ્રતિષ્ઠા કરેલ છે અને તેઓજ આ મંદિરની પૂજા અર્ચના ભક્તિભાવથી કરે છે. સાચા દિલથી ભક્તિ રાખતા ભાવિકોની મનોકામના મા અંબા પૂર્ણ કરે છે. અહીંનું ખાસ આકર્ષણ ૧૦૮ જ્યોતની આરતી છે. દર મંગળવારે રાત્રે ૧૦ વાગે આ જ્યોત આરતી થાય છે ત્યારે ભક્તોની ભીડ જામે છે. આ પ્રસંગે ભુજથી ખાસ બસનું આયોજન પણ હોય છે. આ મંદિરમાં મંગળા આરતી સવારે ૫.૩૦, શણગાર આરતી સવારે ૮ વાગે, થાળ આરતી સવારે ૧૧ તથા શયન આરતી બપોરે ૧૨થી ૩. જ્યારે સાંય આરતી રાત્રે ૮ થી ૯ વાગે કરવામાં આવે છે. અહીં પ્રસાદ તેમજ રહેવાની વ્યવસ્થા ટ્રસ્ટ દ્વારા કરી આપવામાં આવેલ છે. દર વરસે મંદિરની જયંતી તેમજ પૂ. ચંદુમાના જન્મદિનની ઉજવણી ધામધૂમથી કરવામાં આવે છે.

ગઢશીશાની નજીકમાં પંચગંગાજી તથા બિલેશ્વર મહાદેવના દર્શન કરવાથી ધન્ય બની જવાય છે. ગઢશીશા ચરખામઢીમાં ખાદી કેન્દ્ર ચાલે છે. ■

*પોતાનો ને પોતાના 'રીલેટિવ્સ' માટે કોઈ સ્વાર્થ ના હોય ને પારકા માટે જ બધી વૃત્તિઓ વહેતી હોય તો સિદ્ધિ ઉત્પન્ન થાય.*

# ભારતના ગુજરાતી સમાજ

(લેખાંક-૨)

• નરેશ પ્રધુમનરાય અંતાણી •

## ઉત્તર ભારત (૨)

### ૬. ગુજરાતી સમાજ, અલ્હાબાદ (પ્રયાગ)

અલ્હાબાદમાં વસતા ગુજરાતી પરિવારોએ ઈ.સ. ૧૯૫૯ના વર્ષમાં ગુજરાતી મંડળની સ્થાપના કરી. આરંભમાં આ મંડળની પ્રવૃત્તિઓ મર્યાદિત રહી હતી. આ પછી ૧૯૬૧માં મંડળની પ્રવૃત્તિઓને વિસ્તારીને અલ્હાબાદ ગુજરાતી સમાજની સ્થાપના કરવામાં આવી. પ્રયાગ ત્રિવેણી સંગમની યાત્રાએ આવતા ગુજરાતી પરિવારોને આવાસની પડતી અગવડનો વિચાર કરી અતિથિ ભવનની સ્થાપના કરવાનો વિચાર એ સમયના અલ્હાબાદ સ્થિત આગેવાનોને આવતાં આ માટેનો પ્રસ્તાવ અલ્હાબાદના પૂર્વ રાજવી પરિવારના રાજમાતા રાજેન્દ્રકુમારી સમક્ષ મૂકવામાં આવ્યો. આથી તુરત એમણે ભવન નિર્માણ માટે જમીન દાનમાં આપી. તે જમીન પર એક મજલાનું ભવન નિર્માણ કરાયું. જેનું ઉદ્‌ઘાટન ૧૯૭૩ના મે મહિનામાં કરાયું. આ પછી ૧૯૭૫ તથા ૧૯૭૭માં બીજા તથા ત્રીજા માળનું પણ નિર્માણ કરી ભવનનો વિસ્તાર કરવામાં આવ્યો અને આજે ગુજરાતી સમાજ પાસે ત્રણ મજલાનું વિશાળ અદ્યતન ભવન મોજૂદ છે. જેમાં ૨૭ ખંડો તથા બે વિશાળ હોલનો સમાવેશ થાય છે. આ ખંડોમાં કેટલાક ખંડો એટેચ્ડ છે. સમાજમાં વોટર કૂલર તથા ભોજનાલયની સુવિધા પણ છે. સમાજના રૂમોનો લાભ લેતા પરિવારો પાસેથી કોઈ નિયત ચાર્જ લેવામાં આવતો નથી. પણ ગુજરાતી યાત્રિકો ઈચ્છે તે દાન આપી શકે છે. કચ્છના મુંદ્રા તાલુકાના રામાણિયાના ભાણજીભાઈ સાવલા આ સમાજના આદ્યસ્થાપક છે.

### ૭. ગુજરાતી સમાજ - મથુરા

સુરતવાળું અતિથિ ભવન, મથુરા

ગોકુળ, મથુરા અને વૃંદાવનની યાત્રાએ આવતા ગુજરાતી પરિવારો માટે ગુજરાતી સમાજ દ્વારા સંચાલિત સુરતવાળા અતિથિ ભવન તરીકે જાણીતા આ ભવનમાં ગુજરાતીઓ માટે સુંદર આવાસ સુવિધા છે. મથુરા જંકશનથી ત્રણ કિલોમીટર, નવા બસ સ્ટેશનથી અઢી કિલોમીટર તથા જૂના બસ સ્ટેશનથી દોઢ કિલોમીટર દૂર આ ભવન છે. આ સમાજમાં કોઈ પણ હિંદુ ગુજરાતી પરિવારોને રહેવા આપવામાં આવે છે. અહીં આઠ, ચાર અને બે પથારીની સુવિધા ધરાવતા ૨૫ રૂમોની સગવડ છે. આ તમામ રૂમો એટેચ્ડ અને એર કુલરની સગવડ ધરાવે છે. ગરમ, ઠંડા પાણીની ચોવીસ કલાક સેવા આપવામાં આવે છે. શુદ્ધ ગુજરાતી ભોજનની સગવડ પણ છે. અગાઉથી આરક્ષણ કરી આપવાની પણ સુવિધા છે.

મથુરા ગુજરાતી સમાજ, સુરતવાળું અતિથિ ભવન, યમુનાજીને કિનારે, શ્રી દ્વારકાધીશ મંદિર પાસે, મથુરા (ઉત્તર પ્રદેશ)-૨૮૧ ૦૦૧. ફોન : (૦૫૬૫) ૨૪૦૬૬૨૮

## મધ્ય ભારત

### ૮. ભોપાલ ગુજરાતી સમાજ

મધ્ય પ્રદેશના પાટનગર ભોપાલ શહેરના ગુજરાતી સમાજ દ્વારા શહેરમાં વસતા તમામ ગુજરાતી પરિવારો માટે તમામ પર્વો નવરાત્રિ, દિવાળી, શરદ પૂનમ જેવા તહેવારો અને મહોત્સવો એક સાથે મળીને ઉજવવામાં આવે છે. ગુજરાત રાજ્યના સ્થાપના દિન, સ્વર્ણિમ ગુજરાતની ઉજવણી પણ સમાજ દ્વારા મોટેપાયે કરવામાં આવી હતી. આ અવસરે કચ્છના ધારાસભ્ય ડૉ. નીમાબહેન આચાર્યે રાજ્યના પ્રતિનિધિ તરીકે ખાસ હાજરી આપી હતી. ગુજરાતી પરિવારોના બાળકોને પ્રાથમિક તથા માધ્યમિક શિક્ષણ મળી રહે તે માટે શાળાનું વિશાળ સંકુલ સમાજ પાસે છે. જેમાં શિક્ષણની અદ્યતન સુવિધા ઉપલબ્ધ છે. બાળ મંદિરથી ઉચ્ચ માધ્યમિક સુધીનું શિક્ષણ અહીં હિંદી માધ્યમમાં આપવામાં આવે છે. અત્યાર સુધી સમાજ પાસે શહેરમાં વસતા ગુજરાતી પરિવારોના લગ્ન જેવા પ્રસંગો સુપેરે પાર પાડી શકાય તેવી લગ્નવાડી જ માત્ર હતી પરંતુ ગયા વર્ષે વિશાળ શહેરના પ્રવાસે આવતા ગુજરાતી પરિવારો માટે આવાસની ઉત્તમ સુવિધા ધરાવતું અતિથિ ગૃહનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે. આ વિશાળ અતિથિ ગૃહમાં બે પથારીવાળા વીસ રૂમો, ૩૦૦૦ ચોરસ ફૂટનું માપ ધરાવતા બે વિશાળ હોલ છે. જે પૈકી પાંચ રૂમો તથા એક હોલ વાતાનુકૂલિત સુવિધા ધરાવે છે. આ રૂમોનું ભાડું રૂા. ૫૦૦થી ૮૦૦ સુધીનું છે. જોકે ગુજરાતી પરિવારોને તેમાં ૫૦ ટકા વળતર આપવામાં આવે છે. ભવનમાં લિફ્ટની સુવિધા પણ છે. રેલવે સ્ટેશનથી સમાજનું અતિથિ ગૃહ છ કિલોમીટર દૂર છે. વિશાળ પ્રાંગણ હોઈ વાહન પાર્ક કરવાની પણ સુવિધા છે. ભોજન કે નાસ્તાની સુવિધા હજુ ઉપલબ્ધ કરાવાઈ નથી. સંઘ કે મોટા સમૂહમાં જતા ગુજરાતી પરિવારોને રસોઈ કરવા માટે વાસણો, ચૂલા વગેરે ઓછા દરે ભાડે આપવામાં આવે છે.

ભોપાલ ગુજરાતી સમાજ, ટી.ટી. નગર, આનંદ વિહાર સ્કૂલની સામે, ગુજરાતી સમાજ માર્ગ, ભોપાલ-૪૬૨ ૦૦૩. ફોન : (૦૭૫૫) ૨૫૫૮૧૭૯ તથા ૦૯૪૨૫૩ ૭૫૫૯૩. વધુ વિગતો માટે ભૂપેન્દ્રભાઈ પટેલ તથા અતુલભાઈ પટેલનો સંપર્ક કરવો.

*મોક્ષે જનારો પોતાની ભૂલો જોયા કરે ને પારકાની ભૂલો જોનારો સંસારમાં ભટક્યા કરે.*

## ૯. ઇંદોર ગુજરાતી સમાજ

ઇંદોર ગુજરાતી સમાજ સંચાલિત રાવજીભાઈ રામજીભાઈ કોન્ટ્રાક્ટર અતિથિ ગૃહ, ઇંદોર.

મધ્ય પ્રદેશના એક મહત્ત્વના શહેર ઇંદોર ગુજરાતી સમાજ દ્વારા શહેરમાં વસતા તમામ ગુજરાતી પરિવારો માટે તમામ પર્વો અને મહોત્સવો એકસાથે મળીને ઉજવવામાં આવે છે. ગુજરાતી પરિવારોના બાળકોને પ્રાથમિક તથા માધ્યમિક શિક્ષણ મળી રહે તે માટે શાળાનું વિશાળ સંકુલ સમાજ પાસે છે. જેમાં શિક્ષણની અદ્યતન સુવિધા ઉપલબ્ધ છે. શહેરના પ્રવાસે આવતા ગુજરાતી પરિવારો માટે આવાસની ઉત્તમ સુવિધા ધરાવતું આર.આર. કોન્ટ્રાક્ટર અતિથિ ગૃહનું સંચાલન સમાજ દ્વારા કરવામાં આવે છે.

રેલવે સ્ટેશનથી એક મિનિટના અંતરે તથા બસ સ્ટેશનથી પાંચ મિનિટના અંતરે આ અતિથિ ગૃહમાં દેશના કોઈ પણ ખૂણેથી આવતા ગુજરાતી પરિવારોને આવાસની સુવિધા પૂરી પાડવામાં આવે છે. અહીં જુદા જુદા પ્રકારના ૧૨ ખંડો છે. જેમાં છ પથારીની સુવિધા ધરાવતા સાત ખંડો છે. જેનું પ્રત્યેકનું ભાડું રૂા. ૨૪૦/- છે. બે પથારી ધરાવતા બે ખંડો છે. જેનું પ્રત્યેકનું ભાડું રૂા. ૧૫૦/- છે. જ્યારે એક પથારીની સુવિધા ધરાવતા ત્રણ ખંડો છે. જેનું પ્રત્યેકનું ભાડું રૂા. ૧૦૦/- છે. અહીં અગાઉથી આરક્ષણ મેળવવાની પણ સગવડ છે.

ઇંદોર ગુજરાતી સમાજ
સંચાલિત રાવજીભાઈ રામજીભાઈ કોન્ટ્રાક્ટર અતિથિ ગૃહ, મહારાણી રોડ, શાસ્ત્રી ચોક પાસે, ઇલોરા સિનેમા નજીક, ઇંદોર-૪૫૨ ૦૦૭. ફોન : (૦૭૩૧) ૨૫૪૨૭૫૭, ૨૫૪૯૩૦૯. વધુ વિગતો માટે પંકજભાઈ સંઘવીનો સંપર્ક કરવો.

## ૧૦. ઉજ્જૈન ગુજરાતી સમાજ

દ્વાદશ જ્યોતિર્લિંગ પૈકીના મહાકાલેશ્વર તથા અન્ય મંદિરોથી વિખ્યાત ધાર્મિક યાત્રાના મહત્ત્વના શહેર ઉજ્જૈનમાં ગુજરાતી સમાજનું અતિથિ ગૃહ શહેરના મધ્ય ભાગમાં છે. અહીં જુદા જુદા પ્રકારના ૪૧ ખંડો છે. ચાર મોટા હોલ પણ છે. એટેચ્ડ રૂમનું ભાડું પ્રતિ વ્યક્તિ રૂા. ૮૦/- લેવામાં આવે છે. એક રૂમમાં બે, ત્રણ કે ચાર વ્યક્તિઓ રહી શકે તેવા ખંડો છે. સાદા રૂમમાં પ્રતિ વ્યક્તિ રૂા. ૫૦/- છે. જ્યારે હોલમાં પ્રત્યેક વ્યક્તિ દીઠ રૂા. ૩૦/- છે. અગાઉથી અહીં આરક્ષણ મેળવવાની સગવડ પણ છે. અહીં વયસ્ક અને અસહાય પ્રવાસીઓ માટે જ લિફ્ટની સગવડ આપવામાં આવે છે.

ઉજ્જૈન ગુજરાતી સમાજ.
ન્યુ રોડ, ગુજરાતી સમાજ માર્ગ,
ઉજ્જૈન-૪૫૬ ૦૦૧.
ફોન : (૦૭૩૪) ૨૫૫૦૬૮૩,
૩૦૯૯૬૩૨

## રાજસ્થાન

## ૧૧. મુક્તજીવન સ્વામીબાપા સેવાશ્રમ - માઉન્ટ આબુ

રાજસ્થાનના ગિરિમથક માઉન્ટ આબુમાં શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન ટ્રસ્ટ દ્વારા સંચાલિત આ સેવાશ્રમ રાજસ્થાન સરકિટ હાઉસની પાસે જ આવ્યું છે. નખી તળાવથી માત્ર અડધા કિલોમીટરના અંતરે આવ્યું છે. આ અતિથિ ગૃહમાં બે, ત્રણ તથા ચાર પથારીની સુવિધા ધરાવતા ૨૭ રૂમો છે. જેનું ભાડું રૂા. ૨૦૦થી ૫૦૦ સુધી લેવામાં આવે છે. ગરમ તથા ઠંડા પાણીની સુવિધા પણ અહીં આપવામાં આવે છે. ચા, નાસ્તા તથા ભોજનની પણ સારી સગવડ આપવામાં આવે છે. એસ.ટી.ડી. ફોન તથા ફરવા જવા માટે રાજસ્થાન ટૂરિઝમની બસોની સગવડ પણ કરી આપવામાં આવે છે.

શ્રી મુક્તજીવન ગાદી સંસ્થાન ટ્રસ્ટ સંચાલિત મુક્તજીવન સ્વામીબાપા સેવાશ્રમ, રાજસ્થાન સરકિટ હાઉસ પાસે, માઉન્ટ આબુ-૩૦૭ ૫૦૧.
ફોન : (૦૨૯૭૪) ૨૩૮૬૧૧, ૨૩૭૩૧૦

## ૧૨. શેઠશ્રી રઘુનાથ પરિહાર ઈન, માઉન્ટ આબુ

રાજસ્થાનના ગિરિમથક માઉન્ટ આબુમાં મોંઘાભાવની અનેક હોટલની ભરમાર વચ્ચે ગુજરાતી પરિવારોને આવાસની વાજબી ભાવની સગવડ પણ મળી રહે છે. રાજસ્થાનમાં સામાજિક સેવાના પચાસ વર્ષો પૂર્ણ કરાયાની સ્મૃતિમાં શેઠ રઘુનાથદાસ પરિહાર ટ્રસ્ટ દ્વારા ઈ.સ. ૨૦૦૩માં યાત્રિકો માટે આ સુવિધા ઊભી કરાઈ છે. જોધપુરમાં પણ આ પ્રકારની જ સુવિધા છે. અહીં સ્ટાન્ડર્ડ રૂમનું ભાડું ૩૫૦, ડીલક્ષ રૂમનું ભાડું ૪૨૫ તથા સ્યૂટનું ભાડું ૫૦૦ લેવામાં આવે છે. આ ભવનમાં ૩૪ સ્ટાન્ડર્ડ રૂમ અને ૪ સ્યૂટ છે. તમામ ખંડો એટેચ્ડ બાથની સુવિધા ધરાવે છે. પીવાના પાણી માટે આર.ઓ. પ્લાન્ટ છે. દરેક રૂમમાં ગરમ તથા ઠંડા પાણીની સુવિધા તથા ટેલિફોનની સગવડ છે. પાર્કિંગની સારી સગવડ ધરાવતાં આ પરિસરમાં ટ્રાવેલ એજન્ટ, ડૉક્ટરની પણ સુવિધા ઉપલબ્ધ કરાવાય છે.

શેઠશ્રી રઘુનાથ પરિહાર ઈન, માઉન્ટ આબુ, પેટ્રોલ પંપ પાછળ, શિખર હોટલ રોડ, માઉન્ટ આબુ (રાજસ્થાન)
ફોન : (૦૨૯૭૪) ૨૩૫૭૨૪, ૨૩૭૩૨૪ મો. ૯૪૧૪૮ ૪૩૪૦૦
વેબસાઈટ : www.srpinn.com
ઈ-મેઈલ : info@srpinn.com

વધુ વિગતો માટે રાજેશભાઈનો સંપર્ક કરવો.

## ૧૩. ગુજરાતી મહામંડળ અજમેર.

ગુજરાતી મહામંડળ - અજમેર સંચાલિત સરદાર પટેલ અતિથિ ગૃહ, અજમેર.

ઉત્તર ભારતના પ્રવેશદ્વાર સમાન રાજસ્થાનના અજમેર શહેરના ગુજરાતી મહામંડળ દ્વારા શહેરમાં વસતા ગુજરાતી પરિવારોને સાથે રાખીને નવરાત્રિ, શરદપૂનમ, દિવાળીના પર્વો, સરસ્વતી સન્માન જેવા કાર્યક્રમો યોજાય છે. આ ઉપરાંત શહેરમાં વસતા ગુજરાતી પરિવારના બાળકો માટે ડાહ્યાભાઈ પટેલ બાલ મંદિર, ગુજરાતી

(અનુસંધાન : જુઓ પાના નં.-૬૦ ઉપર)

*છેલ્લા પ્રકારની જાગૃતિ કઈ? તો કે આ જગતમાં કોઈ દોષિત જ ના દેખાય.*

# ગાંધીનગર – ત્યારે અને અત્યારે

● પ્રા. પૃથ્વી શાહ ●

૧૯૭૦ની છઠ્ઠી જૂને સચિવાલય અને તેને સંલગ્ન કચેરીઓનું કામકાજ વિધિવત રીતે ગાંધીનગર ખાતેથી આરંભાયું. રાજયનું નવું પાટનગર અસ્તિત્વમાં આવ્યું. અમદાવાદના વિવિધ વિસ્તારમાંથી સરકારી કર્મચારીઓ ગાંધીનગરમાં તેમને ફાળવવામાં આવેલ સરકારી રહેણાંકમાં રહેવા આવ્યા. એ ગાંધીનગરમાં આમ જોઇએ તો ઘણી ત્રુટીઓ હતી. સાંકડા રસ્તાવાળું અને ધૂળિયું ગાંધીનગર હતું. મહદઅંશે ખેતરોથી ઘેરાયેલું હતું. આંતરિક રસ્તા મર્યાદિત પ્રમાણમાં હતા અને તે ઈંટોના બનેલા હતા. ઘણી જગ્યાએ ખેતરાઉ જમીનમાંથી જવું પડતું હોવાથી પહેલા ચોમાસામાં જ પગ ખૂંપવાથી કેટલાકને ઇજાઓ પણ થઇ હતી. શહેરમાં સરકાર તરફથી મુકાયેલ માત્ર ચાર રિક્ષાઓ હતી. **બસ સેવાનો લાભ સેક્ટરોની અંદર મળતો ન હતો તેથી લોકોએ ઘ-રોડ ઉપર ઉતરી સામાન ઊંચકી ચાલતા ઘેર જવું પડતું. ગાંધીનગરમાં હોટલો ન હતી. લોકો પાસે સ્કૂટર ભાગ્યે જ હતા. સાયકલ મુખ્ય વાહન હતું. ટી.વી. તો હતા જ નહિં. ટેલિફોન પણ મર્યાદિત સંખ્યામાં હતા.** ટેલિફોનના ઉપયોગ માટે વિવિધ સેક્ટરમાં સરકાર તરફથી બનાવાયેલ ઇન્ક્વાયરી ઓફિસ પર આધાર રાખવો પડતો. ઘરમાં ગેસ વસાવવા બેંક તરફથી ખાસ લોન આપવાની જાહેરાત કરવી પડતી હતી. સુખ સગવડોનો સંપૂર્ણ અભાવ હતો. અહીં મોટાભાગે સરકારી કર્મચારીઓ અને તેમના કુટુંબીજનો વસવાટ કરતા હતા. કોઇ કોઇનું સગું ન હતું છતાં એકલતાની, બિનસલામતીની ભાવના કોઇને સતાવતી ન હતી. માણસના મન સંકુચિતતા અને મનની ગરીબીથી ભરેલા ન હતા. આપસી સંબંધની અમીરી અહીં છલકતી હતી. માણસ પોતીકો અને વહાલો લાગતો હતો. મુશ્કેલીના સમયમાં કેટકેટલા અજાણ્યા લોકોનો પ્રેમ ઘરના દરવાજા શોધી ઘરમાં દાખલ થતો હતો. હૂંફ આપતો હતો. ગભરાતા નહિ- કોઇ વાતે ચિંતા કરતા નહિ એમ કહી ખભે હાથ રાખી આશ્વાસન આપનારના શબ્દો માનવીને ચિંતામુક્ત બનાવી દેતા. માણસ માણસના સથવારે મુસીબત, કપરો કાળ અને દુઃખ જીરવી જતો. **એ ગાંધીનગરમાં માનવી કેન્દ્રસ્થાને હતો. ગણતરીની ભાષાને સ્થાન ન હતું. ત્રાજવે તોળી સંબંધ રખાતો ન હતો. સંબંધની જરૂરિયાતપણા સાથે સરખામણી થતી ન હતી. દરેક માણસ આંખથી બીજા માણસની આંખમાં ડોકાતા દર્દને વાંચી શકતો હતો. એ દર્દમાં ભાગીદાર બની દર્દની દવા બની શકતો હતો. સંબંધ સહજ હતો. સંબંધની શ્રીમંતાઇ હતી. પરિણામે દિવસો ભર્યા-ભર્યા લાગતા હતા.**

એ સમયે ગાંધીનગર એટલે મારું ગામ એવી સૌના દિલમાં ભાવના હતી. કર્મચારીઓ માટે કાયમી સરનામાનું સ્થાન હતું. ભવિષ્યમાં વતનના સરનામા તરીકે ગાંધીનગર પ્રત્યે જોવાતું હતું. માતાને સંતાન માટે હોય, ખેડૂતને ધરતી માટે હોય એવી મમત્વની લાગણી આ શહેર સાથે બંધાવાની સૌને ઉમ્મીદ હતી. તેથી તો સરકાર તરફથી ફાળવાયેલ રહેણાંકમાં અન્ય ઘણા અભાવો અને ત્રુટીઓ વચ્ચે પણ માનવી સુખી હતો. સંતોષી હતો. ફૂટપાથ વગરના, ઈંટોના બનેલા એ આંતરિક રસ્તાઓ વચ્ચેથી પસાર થતો માનવી રાજધાની તરીકે ઉભરી રહેલ ગાંધીનગરમાં માનવીના ધબકાર સાંભળી શકતો હતો. ભૌતિકવાદથી માણસ પર હતો. સંબંધોની સંતાકૂકડીથી અલિપ્ત હતો. આંખમાં માણસાઇ સાથે જીવતો હતો.

સમયની સાથે ગાંધીનગર વિકસતું ગયું, વિસ્તરતું ગયું. રસ્તા પહોળા થતા ગયા. સેક્ટરોમાં ડામર રોડ અને ફૂટપાથ બનતા ગયા. સરકારી રહેણાંકની જગ્યાએ પોતાની માલિકીના મકાન બનતા ગયા. મકાન આધુનિક સુખ-સગવડોથી છલકાતા ગયા. મકાનોની અંદર સુંદર ફર્નિચર, ગાલીચા અને દીવાલ પર ચિત્રો તેમજ બારી પર આધુનિક પડદા આવતા ગયા પરંતુ અસંતોષને લીધે પડોશીના મકાનને જોઇ વારંવાર સુધારા કરાતા જાય છે. શહેર હોટલો અને સિનેમાગૃહોથી ઊભરાવા લાગ્યું. **જમીનના ભાવ બોલાવા લાગ્યા. પૈસો સતત બોલતો થયો પરંતુ આપસી આત્મિયતા, સમર્પિતતા, સહજતા, સરળતા ખોવાવા લાગ્યા. સુખી અને સમૃદ્ધ થવાની દોડમાં કદાચ માનવી માનસિક સુખ-સંતોષથી દૂર થતો ગયો. વસતિ વધતી ગઇ પણ માણસ સાથેનો સંબંધ વિલાતો ગયો.**

૧૯૭૦માં સિવિલ હોસ્પિટલમાં દર્દીના સગા માટે ચા-પાણીની વ્યવસ્થા ન હતી. આસપાસના વસાહતીઓ આવી સવલત હોંશથી પૂરી પાડતા. શહેરમાં આવેલ લક્ષ્મી બેકરી તરફથી જરૂરિયાતવાળા દર્દીને બ્રેડ-બિસ્કીટની સવલત વિનામૂલ્યે પૂરી પડાતી. માણસ માંદો પણ ભાગ્યે પડતો. હવે પરિસ્થિતિ બદલાઇ છે. દરરોજ સરેરાશ એક હજાર દર્દીઓ સિવિલ હોસ્પિટલમાં સારવાર લેવા આવે છે. મહિને સાતસો જેટલા ઓપરેશન થાય છે. હોસ્પિટલમાં વિવિધ પ્રકારે ફી ચૂકવવી પડે છે.

ગાંધીનગર એક નમૂનેદાર શહેર તરીકે

**(અનુસંધાન : જુઓ પાના નં.-૯૧ ઉપર)**

*આપણી ટીકા કરવાનો લોકોને અધિકાર છે. આપણને કોઈની ટીકા કરવાનો અધિકાર નથી.*

# જુલાઈ માસ દરમ્યાન દેશ-વિદેશની વિશિષ્ટ વ્યક્તિઓની જન્મ તારીખ

| *તારીખ* | *વર્ષ* | *વિશિષ્ટ વ્યક્તિનું નામ* |
|---|---|---|
| ૧ | ૧૯૩૮ | હરિપ્રસાદ ચૌરસિયા |
| ૨ | ૧૮૭૭ | હરમાન હેસ (જર્મની) |
| ૩ | ૧૮૯૭ | હંસાબહેન મહેતા |
| ૪ | ૧૮૦૭ | ગીયુસેપ ગેરીબાલ્ડી (ઈટાલી) |
| ૪ | ૧૮૯૯ | વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી |
| ૫ | ૧૯૨૭ | પ્રબોધ ના. ચોક્સી |
| ૬ | ૧૮૩૭ | રામકૃષ્ણ ભંડારકર |
| ૬ | ૧૯૪૩ | મનોજ ખંડેરિયા |
| ૭ | ૧૮૨૧ | એલેકઝાંડર ફાર્બસ |
| ૭ | ૧૮૭૨ | હરગોવિંદ પ્રે. ત્રિવેદી |
| ૧૦ | ૧૮૮૮ | તોયાહિકો કાગાવા (જાપાન) |
| ૧૦ | ૧૯૪૯ | સુનીલ ગવાસ્કર |
| ૧૨ | ૧૮૧૭ | હેન્રી ડેવીડ થોરો (યુ.સ્ટે.) |
| ૧૨ | ૧૮૮૫ | કલ્યાણરાય ન. જોશી |
| ૧૨ | ૧૮૯૫ | બેકમિન્સ્ટર ફૂલર (યુ.સ્ટે.) |
| ૧૨ | ૧૯૦૪ | પાબ્લો નેરુદા (ચિલી) |
| ૧૨ | ૧૯૦૯ | બિમલ રોય |
| ૧૨ | ૧૯૧૫ | કૃષ્ણવીર દીક્ષિત |
| ૧૩ | ૧૮૮૫ | છોટુભાઈ પુરાણી |
| ૧૩ | ૧૮૯૩ | કેસરબાઈ કેરકર |
| ૧૩ | ૧૮૯૯ | બટુભાઈ ઉમરવાડિયા |
| ૧૪ | ૧૯૨૩ | મધુસુદન હી. પારેખ |
| ૧૬ | ૧૮૪૪ | હરગોવિંદદાસ કાંટાવાળા |
| ૧૬ | ૧૮૭૨ | રોઆલ્ડ આમુંડસન (નોર્વે) |
| ૧૭ | ૧૮૮૮ | શ્મુએલ એગ્નોન (ઈઝરાયેલ) |
| ૧૭ | ૧૮૮૯ | અર્લ સ્ટેનલી ગાર્ડનર (યુ.સ્ટે.) |
| ૧૭ | ૧૯૨૫ | વાસુદેવ સ્માર્ત |
| ૧૮ | ૧૯૧૩ | છોટુભાઈ ર. નાયક |
| ૧૯ | ૧૯૩૮ | જયંત નારળીકર |
| ૧૯ | ૧૯૪૨ | મધુ રાય |
| ૨૦ | ૧૯૧૯ | એડમંડ હિલેરી (ન્યુઝીલેન્ડ) |
| ૨૧ | ૧૮૭૫ | આર્થર મી (બ્રિટન) |
| ૨૧ | ૧૮૯૯ | અરનેસ્ટ હેમિંગ્વે (યુ.સ્ટે.) |
| ૨૧ | ૧૯૧૧ | ઉમાશંકર જોશી |
| ૨૧ | ૧૯૧૧ | અવિનાશ વ્યાસ |
| ૨૨ | ૧૮૨૩ | ભોળાનાથ સા. દિવેટિયા |
| ૨૨ | ૧૯૦૫ | ચંદ્રવદન યુ. શાહ |
| ૨૨ | ૧૯૧૦ | દલસુખ ડા. માલવણિયા |
| ૨૨ | ૧૯૩૬ | અશ્વિની હ. ભટ્ટ |
| ૨૩ | ૧૮૫૬ | બાળ ગંગાધર ટીળક |
| ૨૩ | ૧૯૦૬ | ચંદ્રશેખર 'આઝાદ' |
| ૨૪ | ૧૭૮૩ | સાઈમન બોલીવાર (વેનેઝુએલા) |
| ૨૪ | ૧૮૦૨ | એલેકઝાંડર ડ્યુમા (ફ્રાંસ) |
| ૨૫ | ૧૮૭૫ | જિમ કોરબેટ (બ્રિટન) |
| ૨૬ | ૧૮૫૬ | જ્યોર્જ બર્નાર્ડ શૉ (બ્રિટન) |
| ૨૬ | ૧૯૧૪ | મનુભાઈ ત્રિવેદી 'સરોદ' |
| ૨૬ | ૧૯૩૪ | જગદીશ ભગવતી |
| ૨૭ | ૧૯૧૪ | પિંગળશી મે. ગઢવી |
| ૨૮ | ૧૯૦૫ | કેશવરામ કા. શાસ્ત્રી |
| ૨૮ | ૧૯૪૦ | અનિલ ર. જોશી |
| ૨૯ | ૧૯૦૪ | જહાંગીર ર. (જે.આર.ડી.) તાતા |
| ૩૦ | ૧૮૬૩ | હેન્રી ફોર્ડ (યુ.સ્ટે.) |
| ૩૦ | ૧૯૨૧ | ઉપેન્દ્રરાય જ. સાંડેસરા |
| ૩૦ | ૧૯૨૨ | રમણલાલ હિં. પાઠક |
| ૩૧ | ૧૮૮૦ | પ્રેમચંદ |
| ૩૧ | ૧૯૦૨ | શંકર પિલ્લે |
| ૩૧ | ૧૯૩૦ | ખોડીદાસ પરમાર |

***સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા***

## પ્રશંસાપાત્ર

સંસ્કૃતમાં એક અદ્‌ભુત શ્લોક છે. તેનો અર્થ નીચે મુજબ છેઃ

'હે લંગડા માણસ! તું વંદન કરવા યોગ્ય છે કારણકે પારકાને ઘેર તું માંગવા જતો નથી.

હે આંધળા માણસ! તું વંદન કરવા યોગ્ય છે કારણકે ધનથી ઉન્મત્ત બનેલા અને ઘમંડી માણસો તારે જોવા પડતા નથી.

હે મૂંગા માણસ! તું પ્રશંસાને પાત્ર છે કારણકે તારે કંજૂસ માણસ પાસેથી ધન મેળવવાની આશાથી તેની પ્રશંસા કરવી પડતી નથી.

અને હે બહેરા માણસ! તું પ્રશંસાને પાત્ર છે કારણકે તારે દુર્જનોના ખરાબ વચનો સાંભળવા પડતા નથી."

***રણજિત પટેલ 'અનામી', પ્રબુદ્ધ જીવન, મે-૨૦૧૦માંથી***
***પ્રેષક : શાંતિલાલ સંઘવી***

*પોતાની વાતનું રક્ષણ કરવું, તે જ મોટામાં મોટી હિંસા છે. પોતાની વાત સાચી જ છે તેવું ઠરાવવા જાય તે જ હિંસા છે.*

ઇતિહાસ

# કચ્છનો પંદરમી સદી સુધીનો ટૂંક ઇતિહાસ

• પ્રમોદ જેઠી •

કચ્છ! આ અઢી અક્ષરવાળો પ્રદેશ પોતાના ગર્ભમાં સભ્યતા, સંસ્કારિતા અને અસ્મિતાને સમાવતો કેટલાય યુગોથી અસ્ખલિત, અવિરત, કાળની સાક્ષી આપતો રહ્યો છે.

કચ્છનો ઉલ્લેખ કચ્છપ તરીકે પુરાણોમાં થયેલ છે. કચ્છપ એટલે 'કાચબો' આમ કચ્છનો અર્થ કાચબો થાય છે. કચ્છના નક્શાને ઊંધો રાખી ઝીણવટથી જોતાં તેનો આકાર કાચબા જેવો લાગે છે અને આથી 'કચ્છ' નામ પડ્યું હશે!

કચ્છ પ્રદેશનો ઉલ્લેખ મહાભારત તથા રામાયણમાં પણ જોવા મળે છે. તાજેતરમાં ધોળાવીરા ખાતે થયેલ ઉત્ખનનમાં સિંધુ નદીના તટે વસેલ આજથી ૫૦૦૦ વર્ષ પહેલાંની હડપ્પીય સંસ્કૃતિના પ્રમાણ આપતાં અવશેષો બહાર આવેલ છે.

નારાયણ સરોવરના પ્રદેશમાં દસ પ્રચેતાઓની તપશ્ચર્યા, રાવણ દ્વારા કૈલાસ પર્વતમાં મહાદેવને પ્રસન્ન કરી શિવલીંગ લંકા લઇ જતાં કોટેશ્વર પાસે કોટિલીંગની સ્થાપના, રામવાડામાં રામ ભગવાનનો ઉલ્લેખ, ગેડીમાં પાંડવોનો અજ્ઞાતવાસ વગેરે પ્રસંગો કચ્છ સાથે જોડાયેલ છે તો જ્યુરાસિક સમયગાળા દરમ્યાન કચ્છ પ્રદેશમાં વસતાં મહાકાય જંગલી પ્રાણીઓ (ડાયનાસોર)નાં ફૂટપ્રિન્ટ પણ અહીં જોવા મળેલ છે. એ સમયે કચ્છમાં વિપુલ જંગલો હતાં તેનો પુરાવો પાનધ્રોમાંથી મળતો લિગ્નાઇટનો જથ્થો છે. પ્રાચીન સમયમાં વસતિનું પ્રમાણ ઘણું જ ઓછું હતું. બન્ની વિસ્તારમાં ઉત્તમ પ્રકારનું ઘાસ ઊગતું હતું. આથી પશુપાલકો પોતાના પશુઓ માટે અહીં આવવા શરૂ થયા. હિન્દુસ્તાનની મૂળભૂમિ સાથે કચ્છનો નીકટનો સંબંધ પ્રાચીનકાળથી લઇને ઇ.સ. ૧૦૦૦ સુધી હતો જેનાં પ્રમાણો વિશેષ મળે છે.

ઇ.સ. પૂ. ૫૨૧-૪૮૫માં પારસના પરાક્રમી રાજા હિસ્ટાસ્પર્સનાં દીકરા દારાએ જ્યારે ઇરાની સામ્રાજ્યનો ૨૦મો પ્રાંત સિંધુ નદીની ખીણવાળો પ્રદેશ જીતી લઇ પોતાના રાજ્ય સાથે જોડી દીધો ત્યારે તે ભાગો ઉપર રાજ્ય ચલાવવા માટે કુદરતી બંદરોની સુંદર સગવડવાળા કચ્છ પ્રદેશની તેમને ખૂબ જ મહત્તા સમજાઇ હતી.

મહાન સિકંદર પંજાબને રસ્તે ઇ.સ.પૂ. ૩૨૫માં જ્યારે સિંધુ નદીના મુખ સુધી પહોંચી આવ્યો ત્યારે સિંધ, કાઠિયાવાડ અને ગુજરાતના દરિયાકાંઠા ઉપર સારી સંખ્યામાં નાનાં નાનાં સ્વતંત્ર રાજ્યો ઊભાં થયાં હતાં. તેમાં કચ્છ એ સમયે સ્વતંત્ર રાજ્ય હતું. કચ્છનો વેપાર હિન્દુસ્તાનના બીજા ભાગો સાથે તેમજ પશ્ચિમના દેશો સાથે ચાલુ હતો.

ઇ.સ.પૂ. ૩૧૬માં મૌર્યવંશના રાજા ચંદ્રગુપ્તના સમયમાં ગુજરાતની જે સમૃદ્ધિ હતી તેનો કચ્છને લાભ મળતો હતો. કચ્છનો પ્રદેશ અશોકના સમયમાં તેના વર્ચસ્વ નીચ હશે એવું મનાય છે. મૌર્ય સામ્રાજ્ય ભાંગતા બેક્ટેરિયાથી આવેલ ગ્રીકોએ ગુજરાત-કચ્છ અને સિંધ ઉપર હકૂમત જમાવી. ગ્રીક બાદશાહ મિનેન્દરના સામ્રાજ્યનો એક ભાગ કચ્છ બન્યો હતો. એ સમ્રાટે ઇ.સ.પૂ. ૧૭૫માં હિન્દુસ્તાન પર ચડાઇ કરી સિંધુનો ત્રિકોણ પ્રદેશ, કાઠિયાવાડ અને બીજો કેટલોક ભાગ જીતી લીધો અને તેથી કેટલીક વસાહતો પણ ઊભી થઇ જેમાંની ચોક્કસ વસાહતો વિશે કચ્છના ઇતિહાસમાં ઉલ્લેખ થયેલો જોવા મળે છે.

ઇ.સ.પૂ. ૬૬-૨૪માં સ્ટ્રેબોએ અહીં બેક્ટેરિયન મંદિરોનાં ખંડેરો, મૂર્તિઓ, કિલ્લેબંધીવાળી છાવણીઓ અને પાકી બાંધણીવાળા મોટા મોટા કૂવાઓના અવશેષો જોયાં હોવાનું લખ્યું છે (સંભવ છે કે તેણે ધોળાવીરાની વસાહત જોઇ હોય). તેણે કચ્છને તાજરાષ્ટ્ર જેની રાજધાની તેજ (તાહિજ) હતી એમ લખ્યું છે. જ્યારે ઇ.સ. ૧૫૮૨માં અબ્દુલફઝલે પણ કચ્છના પાટનગરને તેજ (ભુજ) નામથી સંબોધ્યું છે.

ઇ.સ. પહેલી સદીમાં શક લોકોએ હુમલા કરી ગુજરાત-કાઠિયાવાડ અને કચ્છ ઉપરની હકૂમત બેક્ટેરિયનો પાસેથી ઝૂંટવી લીધી અને રાજ્ય ચલાવવા સૂબાઓની વંશ પરંપરાની પદ્ધતિ દાખલ કરી. જે આશરે ૩૦૦ વરસ સુધી ચાલુ હતી. આ હૂમલાખોરો સામે પ્રતાપી રાજા વિક્રમાદિત્યે સામનો કરેલ હતો અને જેની સ્મૃતિ ટકાવવા માટે ઇ.સ.પૂ. ૫૬ની સાલથી વિક્રમ સંવત શરૂ કરવામાં આવી છે. આ શક સૂબાઓએ પોતાનું સામ્રાજ્ય વધારવાની કોશિશ કરેલ. જેમાં શક સૂબો નાહપણને (ઇ.સ. ૧૧૯-૧૨૫) આંધ્રનો પ્રખ્યાત રાજવંશી સતવાહનોનો વંશજ ગોમતીપુત્ર સતકરમીએ હરાવેલ પણ શક સૂબાની મદદે અન્ય સૂબાઓ આવી જતાં સતવાહનોને હાંકી કાઢવામાં સફળતા મેળવી શક્યા હતા.

શક રાજા રૂદ્રદામન મહાપ્રતાપી હતા. ઇ.સ. ૧૫૦માં ગિરનાર પર્વત ઉપર તેણે સ્થાપિત કરેલાં શિલાલેખો ઉપરથી જણાય છે કે, કચ્છમાંથી થઇ સિંધુ સુધીના મુલકો તેણે જીતી લીધા હતા. ઇ.સ.પૂ. ૨૦૦માં કચ્છ પર પર્શિયન સરદારોની હકૂમત હતી. આજે પણ ઘણા ઇન્ડોપર્શિયન કાળના જૂના સિક્કાઓ મળે છે.

શક રાજા રૂદ્રદામન સંસ્કારી તેમજ શૂરવીર હતો. વેપાર, રોજગાર, વહાણવટું, શહેરી ઢબની વ્યવસ્થા વગેરે તેના શાસનકાળમાં બરાબર ચાલતી હતી. જે તેના

*"ભોગવે તેની ભૂલ." જે ભૂલના પરિણામ ભોગવે, તેની ભૂલ છે.*

સમયનાં મળતાં શિલાલેખો પરથી જાણી શકાય છે. આવા મહાશક્તિશાળી શકો સામે સતવાહનના વંશજો અવારનવાર હૂમલા કરતા હતા. ધીમે ધીમે શક રાજાઓની સત્તા ઓસરતી ગઇ અને ઇ.સ. ૪થા સૈકામાં સમુદ્રગુપ્તને ખંડણી આપવાની ફરજ પડી હતી. ધીમે ધીમે શક સામ્રાજયનો અંત આવ્યો અને કચ્છ ગુપ્તવંશના સામ્રાજયનો એક ભાગ બન્યું.

ચીની ભિક્ષુએ (ઇ.સ. ૩૯૯થી ૪૧૪) માં જણાવેલ છે કે, કચ્છ એ કલ્યાણકારી રાજયતંત્ર નીચે આબાદી ભોગવતું હતું. આ સમયમાં ઉત્તમ પ્રકારની હસ્તકળાઓનો વિકાસ થયેલ હતો. ગુપ્ત સામ્રાજ્યની પડતી બાદ મૈત્રક નામના સરદારોએ કચ્છ ઉપર રાજ્ય ચલાવ્યું હતું.

ચીનના વિશ્વપ્રવાસી હ્યુ.એન. સાંગે ઇ.સ. ૬૩૦-૬૪૪માં પોતાની હિન્દુસ્તાનની મુસાફરી દરમ્યાન કચ્છને સિંધના ભાગ તરીકે વર્ણવ્યું છે અને નોંધ કરી છે કે, પૈસે ટકે સમૃદ્ધ તથા ગીચ વસતિવાળું, આબોહવા તથા રીત રિવાજોમાં માલવાને મળતું આવતું છે. તેણે કોટેશ્વર પાસે ૫૦૦૦ બૌદ્ધ ભિક્ષુઓને જોયેલ હતા તેવો પણ ઉલ્લેખ છે. આ પરથી જાણી શકાય છે કે, કચ્છમાં છઠ્ઠી સદીમાં પણ બૌદ્ધ ધર્મનો પ્રભાવ હતો. કચ્છનાં કોટેશ્વર બંદરે થતા વેપારમાં આફ્રિકાથી હાથીદાંતની આયાત મોટા પ્રમાણમાં થતી હતી. આ સદીમાં આરબોનાં આક્રમણો વધતાં જતાં હતાં. કાઠી લોકો સિંધ છોડી કચ્છ તરફ આવવા લાગ્યા અને તેઓએ મધ્ય કચ્છ તથા દક્ષિણ કચ્છ વિસ્તારમાં પોતાનો કબજો જમાવ્યો હતો. આરબોએ હુમલા કરી મકરાણ જીતી લીધું. સિંધ રાજ્ય સામે ઇરાકના ગવર્નર અલહજા જેણે અતિ કાબેલ સરદાર કાસમની સરદારી તળે સિંધ કાંઠા પર હુમલા કરવા વિશાળ સૈન્ય મોકલ્યું. (ઇ.સ. ૭૦૮) આ લડાઇમાં સિંધનો રાજા ડામર માર્યો ગયો હતો. સિંધમાં ઘણા સરદારોએ મુસ્લિમ ધર્મ અંગીકાર કર્યો. જેની અસર કચ્છ પર પણ પડી હતી.

ગુજરાતમાં રાજ્ય કરતા ગુર્જર અને ચાલુક્ય વંશના રાજાઓનો સામનો કરવો મુશ્કેલ હતો. તેથી આરબોને સિંધ પાછા જવું પડ્યું હતું. આરબો દરિયાઇ યુદ્ધમાં કુશળ ન હતાં આથી રાજપૂત રાજાઓને હરાવવામાં ફાવી શક્યા નહીં. આ સમયે ગુજરાતમાં પાટણ ચાવડાવંશની રાજધાની હતી. આ ચાવડાવંશના રાજપૂતોએ કચ્છનાં પૂર્વભાગમાં જમાવટ કરી. કાઠી લોકો પણ મધ્ય ભાગમાંથી પૂર્વ ભાગમાં આવેલ કંથકોટ શહેરમાં પોતાની રાજધાની રાખેલ જેની પાસેથી ચાવડાઓએ ઝૂંટવી લીધી. (૮મી સદી) ગુજરાતનાં અણહિલવાડ પાટણને ચાલુક્યવંશનાં સોલંકી સરદારોએ જીતી લીધું છતાં કચ્છના વાગડ પ્રદેશમાં ચાવડાઓની સત્તા કાયમ રહી હતી. પણ સોલંકીઓએ કચ્છના વાગડ પ્રદેશને જીતવા લડાઇઓ ચાલુ રાખી જેને લઇને ઘણા સોલંકી કુટુંબો કચ્છમાં આવીને વસ્યા. તેમની સાથે વાઘેલા પણ આવ્યા. ધીમે ધીમે આ વાગડ પ્રદેશ પર વાઘેલા તથા સોલંકીઓના હુમલા થવાથી ચાવડાઓ પશ્ચિમ કચ્છ બાજુ નીકળી ગયા. આમ ગુજરાતનાં રાજપૂતો વચ્ચે કચ્છની સત્તા વહેંચાઇ ગઇ.

આ બાજુ સિંધ આરબની હકૂમત નીચે આવી જતાં ઘણા સમા રાજપૂતોએ મુસ્લિમ ધર્મ અંગીકાર કર્યો અને જે સમાઓએ હિન્દુ ધર્મ ન છોડ્યો તેમણે કચ્છ બાજુ પ્રયાણ કર્યું. આ રાજપૂતોએ ચાવડા, સોલંકી, વાઘેલા, રાજપૂતો સાથે લગ્ન સંબંધ બાંધવાના શરૂ કર્યા.

નવમી સદીમાં હિન્દુ સમા રાજપૂતમાં સૌથી બળવાન સરદાર લાખિયાર ભડનો પુત્ર લાખો ધુરારો હતો. તેણે કચ્છ પ્રદેશમાંથી બે લગ્ન કર્યા હતા. એક પાટગઢના ચાવડા વાઘમની કુંવરી બોધી અને બીજી પાલિતાણા ગોહિલ સરદારની કુંવરી ચંદ્રકુંવર (ગોડરાણી) હતી. આ ગોડરાણીનો પુત્ર ઉન્નડ ગાદીએ આવ્યો. પરંતુ તેના ભાઇઓ મોડ અને મનાઇએ કાવતરું કરી તેનું કાસળ કાઢી નાંખ્યું. અને તે બન્ને ભાઇઓ કચ્છમાં તેમના મામા વાઘમ ચાવડા પાસે પાટગઢ ચાલ્યા આવ્યા. અહીં મામા પાસે થોડો સમય રહીને દગાથી મામાને મારી નાખી તેનું રાજ્ય પચાવી પાટગઢમાં રહેવા લાગ્યા.

વાઘમ ચાવડો ગુંતલીના વાઘેલા સાત ભાઇઓ (સાત સાંધ) નો ખંડણી રાજા હતો. જેથી મોડ અને મનાઇ પાટગઢમાં બેઠા ત્યારે આ સાત સાંધે તેમને ધમકીઓ આપી. આથી મોડ મનાઇએ ખંડણીનાં સાત ગાડાંને બદલે ચૌદ ગાડાં આપવાનું કબૂલ કરી સાત સાંધનો વિશ્વાસ સંપન્ન કર્યો. પોતાની સારી ચાલ ચલગત દેખાડવા મનાઇને ગુંતલીમાં રહેવાની ફરજ પડી. અહીં મનાઇ સાત સાંધના શહેરમાં અંદરની વાતોથી વાકેફ થયો. મોકો મળતાં તેણે તેના ભાઇ મોડને સંદેશો મોકલી ખંડણી તરીકે મોકલવામાં આવતા ચૌદ ગાડાંમાં સિપાઇઓને છૂપાવવાનું કહેણ મોકલ્યું અને ઓચિંતો છાપો મારી સાત સાંધનો વધ કરાવી નાખ્યો અને તેઓ પશ્ચિમ કચ્છનાં સ્વતંત્ર ધણી થઇ ગયા.

બાદમાં મોડે પૂર્વ કચ્છ તરફ નજર દોડાવી. પૂર્વ કચ્છમાં (વાગડ) ધરણ વાઘેલા રાજ કરતો હતો. તેની સાથે મિત્રતા બાંધી અને પોતાના પુત્ર સાડનાં લગ્ન ધારણ વાઘેલાની બહેન સાથે કર્યા. ધરણ વાઘેલાએ પોતાની બહેનને કાપડામાં કંથકોટનો ડુંગર આપ્યો. જેમાં મોડે કિલ્લો બંધાવવાનું શરૂ કર્યું પણ કંથડનાથની અવગણના કરતાં તે કિલ્લો બંધાવી શક્યો નહીં. મોડના મૃત્યુ બાદ તેનો પુત્ર સાડ કંથડનાથના ચેલા પાસેથી ગુરુને ખુશ કરવાની રીત જાણી કંથકોટને ફરતો કિલ્લો ચણાવ્યો. જેમાં કંથડનાથ દાદાની દહેરી, મોડકૂવો અને સાડ બારી ચણાવી.

સાડની કીર્તિ આ વિસ્તારમાં ફેલાતી ગઇ જેથી ધરણ વાઘેલાને ડર અને ઈર્ષા થતાં તેણે સાડનું ખૂન કરાવી નાખ્યું. તે વખતે સાડનો પુત્ર ફૂલ છ માસનો હતો. આ ફૂલને તેની દાસી ઝીંકડી કંથકોટથી છૂપા રસ્તે સિંધ બાજુ લઇ નીકળી ગઇ. ધરણ વાઘેલાને ખબર પડતાં તેણે કુંવરને મારવા મારાઓ પાછળ મોકલ્યા પણ ચાલાક અને વિશ્વાસુ દાસીએ પોતાના પુત્રનાં કપડાં ફૂલને પહેરાવ્યાં અને ફૂલનાં કપડાં પોતાના પુત્રને પહેરાવતાં મારાઓ રસ્તામાં મળ્યા ત્યારે ફૂલના કપડાં પહેરેલ ઝીંકડીના પુત્રને ફૂલ સમજી તે જ ક્ષણે મારી નાખ્યો. આમ રાજભક્તિવાળી દાસીએ પોતાના પ્રાણપ્રિય પુત્રનું બલિદાન આપી ફૂલને

*ધર્મ કોને કહેવાય? પરિણામ પામે તે ધર્મ. જે ધર્મથી ક્રોધ, માન, માયા, લોભ ઓછા થતાં થતાં નિર્મૂળ થાય, તે ધર્મ.*

સિંધના બાંભણસરનાં બાદશાહ દુલારા પાસે લઇ આવી. અહીં તેનો ઉછેર થવા લાગ્યો. ફૂલ તેના કાકા તથા દાદા (મોડ અને મનાઇ) જેવો જ શૂરવીર બન્યો. ઉંમર લાયક થતાં તે પિતાના ખૂનનો બદલો લેવા સિંધથી લશ્કરની મદદ મેળવી કંથકોટમાં રહેતાં ધરણ વાઘેલાને ખબરદાર કર્યો. ધરણ વાઘેલાએ સમય અને પરિસ્થિતિ સમજી ફૂલ સાથે સમજૂતી કરી અને પોતાની પુત્રી ફૂલ સાથે પરણાવી ને કંથકોટનો કિલ્લો પણ પાછો આપ્યો.

થોડો સમય પસાર કર્યો છતાં ફૂલના હૃદયમાં બાપના ખૂનનો બદલો લેવાની ભાવના ભૂલાતી ન હતી. એક સમયે ધરણ વાઘેલો કાકેશ્વર મહાદેવની પૂજા કરવા પોતાનો ઘોડો રત્નાકર લઇ જતો હતો ત્યારે ફૂલે રસ્તામાં ઉઠાણે આવેલ ઘોડીઓ ઊભી રાખતાં રત્નાકર ઘોડો ભડક્યો અને ધરણને જમીન પર પછાડ્યો. આ સમયનો લાગ જોઇ ફૂલે ધરણનું માથું ધડથી અલગ કરી દીધું. એ માથાને લઇને પોતાના કિલ્લે કંથકોટ લઇ આવ્યો. આ કિલ્લામાં તે તેની પત્ની સાથે દરરોજ ચોપાટ ખેલતો હતો. તે જગ્યાએ ધરણનું માથું આસન નીચે સંતાડી દીધું અને જાણે કંઇ બન્યું ન હોય તેમ તેની પત્નીને બોલાવી ચોપાટ ખેલવા કહ્યું. પત્ની પોતાના પિતાના થયેલ ખૂન વિશે અજાણ હતી. તે રમવા બેઠી અને રોજની જેમ બોલી, 'પાસા ઢળ જેમ ધરણના ઢળ્યા' આ સાંભળીને ફૂલને ગુસ્સો આવ્યો. આસન હટાવી ધરણનું માથું બતાવ્યું. આ જોઇને તેની પત્ની કે જે સગર્ભા હતી તે આઘાત પામી અને ખંજરથી પોતાના પેટમાં રહેલ ગર્ભને બહાર કાઢી મૃત્યુ પામી. ફૂલ તો દંગ થઇ ગયો અને અફસોસ પણ કરવા લાગ્યો પણ ઘણું મોડું થઇ ગયું હતું. તેને કંથકોટમાં ચેન પડતું ન હતું તેથી તે તેના પુત્ર ધાઓને લઇ કોટાય પાસે અણગોર ગઢ બનાવી રહેવા લાગ્યો.

એક સમયે અણગોર ગઢના બોલાડી કિલ્લા પર ફૂલ બેઠો હતો ત્યારે તેણે એક અદ્ભુત દૃશ્ય જોયું. ૧૪ વર્ષીય કન્યા માથા પર પાણીનું બેડું લઇ બન્ને હાથથી બે વછેરાને દોરી જતી હતી ત્યાં સામેથી તોફાની ઘોડો આવતાં તેણીએ વછેરાની દોરી પોતાના પગ નીચે દબાવી ઘોડાને એક ઝાપટ મારતાં ઘોડો સીધોદોર થઇ ગયો. આ દૃશ્ય જોઇને ફૂલ વિચારવા લાગ્યો કે, આ કન્યામાં કેટલી તાકાત! જો આ કન્યા સાથે લગ્ન કરું અને તેનાથી જે સંતાન થાય તે અતિ તાકાતવાન થશે. આથી ફૂલે કન્યા વિશે તપાસ કરાવી, તો જાણવા મળ્યું કે, આ કન્યાને રબારી પાળીપોસી મોટી કરેલ છે. તેણીનું નામ સોનલ છે. ફૂલે આ કન્યા સાથે લગ્ન કર્યા અને તેણીથી તેને લાખા નામનો પુત્ર જનમ્યો જે લાખા ફૂલાણી તરીકે કચ્છના ઇતિહાસમાં પ્રખ્યાત થયો છે.

આ લાખાને બાપ સાથે અણબનાવ થતાં તે અણહિલવાડના રાજવી ચાવડાનાં દરબારમાં પોતાનું નસીબ અજમાવવા નીકળી પડ્યો. ત્યાં તેણે પોતાની શૂરવીરતા અને બહાદુરીથી ચાવડા રાજવીનું દિલ જીતી લીધું. આ સમયે ચાવડા તથા સોલંકીની દુશ્મનાવટ ચાલતી હતી. મૂળરાજ સોલંકી સામંતસિંહ ચાવડાનો ભાણેજ થતો હતો. તેણે પોતાના મામા સામંતસિંહને મારી ચાવડા વંશનો અંત આણ્યો અને અણહિલવાડ પાટણ જીતી ગુજરાતમાં સોલંકી (ચાલુક્ય) વંશની સ્થાપના કરી.

ગુજરાતમાં ચાવડા રાજવીઓની હકૂમત હતી તે હવે મૂળરાજ સોલંકીના હાથમાં આવતાં લાખો ફૂલાણી મૂળરાજનો ખંડિયો રાજા બન્યો. મૂળરાજ સોલંકીનો પિતા રાજે પોતાની પ્રથમ પત્ની લીલાવતીના મૃત્યુ બાદ લાખાની બહેન રાયાજી સાથે લગ્ન કર્યા હતા. આમ રાયાજી મૂળરાજની સાવકી મા થાય. રાયાજીને રાખાઇત નામનો પુત્ર થયો જે લાખાનો સગો ભાણેજ થાય. તે મોટો થતાં તેને રાજ્યમાં યોગ્ય સ્થાન ન મળતાં લાખાએ તેના બનેવી રાજને તથા તેનાં સોલંકી સામંતોને મારી નાખ્યા. આથી મૂળરાજ પોતાના પિતાના ખૂનનો બદલો લેવા થનગની રહ્યો હતો.

લાખાએ કેરાને રાજધાની બનાવી. તેનો વિકાસ કર્યો. તેણે સુંદર શિવમંદિરનું નિર્માણ કર્યું. લાખાની કીર્તિ વધવાથી મૂળરાજે બદલો લેવા પ્રયત્ન કર્યો. આમેય લાખો તેનો ખંડિયો રાજા હોવા છતાં તેને ગાંઠતો ન હતો. મૂળરાજને જૂનાગઢનાં ચૂડાસમા વંશના ગ્રહરિપુ સાથે દુશ્મનાવટ હતી. આ ગ્રહરિપુ સોમનાથ મંદિર આવતા યાત્રાળુઓ પાસેથી કર વસૂલ કરતો હતો. ગ્રહરિપુ નાસ્તિક હતો. આથી મૂળરાજે ગ્રહરિપુને ઠીક કરવા ચડાઇ કરી. આથી ગ્રહરિપુની મદદ માટે લાખો ફૂલાણી મિત્ર ભાવે ગયો અને ભીષણ યુદ્ધમાં તે મરાયો. ઘણા ઇતિહાસકાર જણાવે છે કે, મારવાડના રાજવી સિયાજી દ્વારકા દર્શન કરવા ગયેલા જે પાછા વળતાં આ ધીંગાણામાં મૂળરાજ પક્ષે રહ્યા અને તેના હાથે લાખાનું મૃત્યુ થયું. રાજકોટની બાજુમાં આટકોટ ગામ પાસે લાખા ફૂલાણીનો પાળિયો આવેલ છે. જેના પર ઇ.સ. ૯૭૯ લખેલ છે. જનરલ ટોડનો 'રાજસ્થાનનો ઇતિહાસ'માં સિયોજીની સાલવારી આપેલ છે. તેની સાથે લાખાની સાલવારીમાં ૩૦૦ વર્ષનો ફરક જણાય છે. આમ લાખાના મૃત્યુ અંગે ઇતિહાસમાં ભિન્ન ભિન્ન મતો જોવા મળે છે પણ એ હકીકત છે કે લાખો મૂળરાજ સાથેના યુદ્ધમાં આટકોટ પાસે મરાયો છે.

કચ્છના ઇતિહાસમાં લાખાને શિવભક્ત દર્શાવેલ છે. પરંતુ તે બૌદ્ધિષ્ટ હતો. ગ્રહરિપુ પણ બૌદ્ધિષ્ટ હતો. જેથી આ નાતે તે તેની મદદ માટે ગયો હતો. કેરામાં આવેલ શિવમંદિર લાખાએ બંધાવ્યું હોય તેમ નથી જણાતું કારણ કે, હાલમાં શિવ મંદિરની બાજુમાં ખોદકામ થતાં મંદિરની નીચે અન્ય મોટા મંદિરના અવશેષો જોવા મળે છે. આથી સાબિત થાય છે કે હાલે જે મંદિર દેખાય છે તેના પહેલાં પણ અહીં ભવ્ય મંદિર હશે.

લાખાના મૃત્યુ બાદ તેનો ભત્રીજો પુંઅરો (ધાઓનો પુત્ર) ગાદીએ આવ્યો. તેણે પોતાની રાજધાની કેરાથી ખસેડી પદ્ધરગઢ સ્થાપી. આ પુંઅરા વિશે ઇતિહાસમાં કહેવાયું છે કે તે ઘાતકી હતો. પદ્ધરગઢ બનાવનાર શિલ્પીઓનાં કાંડાં કપાવી નાખ્યાં હતાં. પ્રજાને ત્રાસ આપતો હતો. આ સમયે આ પ્રદેશમાં ઋષિઓ તપ કરવા આવ્યા હતા. તેઓ જ્યોતિષનું જ્ઞાન ધરાવતા હતા. ગ્રામ્ય લોકો શ્રદ્ધાથી આ ઋષિઓની સેવા પૂજા કરતા હતા. આથી પુંઅરો આ ઋષિઓને કેદ કરી ત્રાસ આપવા લાગ્યો. જેમાંથી એક ઋષિએ છટકીને પોતાના ઇષ્ટદેવની પ્રાર્થના કરી. ત્યારે ૭૨ જખો જખૌ

*સંસાર નથી નડતો, તમારી 'આડોડાઈ' ને 'અજ્ઞાનતા' જ નડે છે.*

બંદરે ઉતરી ઋષિઓની મદદે આવ્યા. તેઓએ પુંઅરાનો વધ કરી ત્યાંની પ્રજાને ત્રાસ મુક્ત કરી. આથી ૭૨ જખની યાદમાં પદ્ધરગઢની બાજુમાં સ્થાનક બનાવેલ છે. જેમાં ઘોડાપર અસવાર બેઠા છે. પીઠ પર તીરનું ભાંથુ લટકે છે. હાથમાં પેટી (ચોપડી) જેવું પકડ્યું છે. પુંઅરાએ પોતાના રહેઠાણ માટે વડીમેડી તથા નંઢી મેડી ચણાવેલ. જેના અવશેષ આજે પણ જોવા મળે છે. પરંતુ આ પથ્થરોના અવશેષ જોતા જણાય છે કે, તે બૌદ્ધ લોકોના વિહાર હોય. સંભવ છે કે પદ્ધરગઢવાળો વિસ્તાર મોટી વિદ્યાપીઠ હોય જેનો પુંઅરાએ પાછળથી નાશ કરી શિવમંદિર બંધાવ્યું હોય. આ બૌદ્ધ લોકો પાંચમી કે છઠ્ઠી સદીમાં કચ્છમાં હતા. જો કે પુરાતત્ત્વવિદોએ આ વિશે કોઇ ચોક્કસ પ્રમાણ આપેલ નથી. આ જગ્યાએ ઉત્ખનન થાય તો ખરી હકીકત બહાર આવે તેમ છે. કચ્છમાં ઘણી જગ્યાએ જખના થડા જોવા મળે છે. એટલે એ વાત નક્કી છે કે કચ્છના લોકો જખને દેવતા તરીકે માનતા હશે. આ જખ લોકો કોણ હતા, ક્યાંથી આવ્યા અને કચ્છમાં ક્યારે આવ્યા તેના કોઇ ચોક્કસ પ્રમાણ પ્રાપ્ત થતાં નથી જે સંશોધનનો વિષય રહ્યો છે.

પુંઅરાને સંતાન ન હતું. તેથી પુંઅરાના મૃત્યુ પછી ચાવડા રાજપૂતોએ આ જગ્યાનો કબજો મેળવેલ. પુંઅરાના મૃત્યુથી સમાવંશનો અંત આવ્યો. લગભગ ૧૫૦ વર્ષ બાદ સિંધમાંથી ઉન્નડનાં વંશમાંથી ઉતરી આવેલ લાખો અને લાખિયાર કચ્છમાં આવ્યા. જેમણે ચાવડાઓને હટાવી લાખિયાર વીરામાં પોતાની રાજધાની સ્થાપી. આ લાખા લાખિયારનાં વંશમાં રત્તો રાયધણ થયો. તેને જત લોકો ત્રાસ આપતા હતા. ધીણોધર ખાતે ગુરુ ધોરમનાથના શિષ્ય ગરીબનાથ જ્યારે તપ કરતા હતા ત્યારે જતનાં છોકરાઓ હેરાન કરતા હતા. આથી ગરીબનાથે પોતાની શક્તિ રત્તા રાયધણને આપતાં જત લોકોને મારી હટાવવામાં રત્તો રાયધણ સફળ થયો. અને તેણે ધીણોધર જાગીર કાનફટ્ટા પીરોને બક્ષિસમાં આપી. આ રત્તા રાયધણનું મૃત્યુ ઈ.સ. ૧૨૧૫ની આસપાસ થયું. તેના મૃત્યુ બાદ તેનાં ચાર કુંવરોને રાજ્યની વહેંચણી કરવામાં મામૈદેવે સહાય કરી. સૌથી મોટા કુંવર દેદાને કંથકોટ અને વાગડનો વિસ્તાર, બીજા નંબરનાં કુંવર ઓઢાને લાખિયાર વીરા, ત્રીજા કુંવર ગજણને તેરા નજીક બારા ગામ અને સૌથી નાના કુંવર હોથીને પુનડી નજીકના બાર ગામની જાગીર આપવામાં આવી. ઓઢાને પાટવી કુંવર બનાવતાં બીજા ભાઈઓ નારાજ થયા. અને તેઓમાં અંદરો અંદર વેરનાં બીજ રોપવાના શરૂ થયા.

૧૫મી સદીમાં (ઇ.સ. ૧૪૫૮-૧૫૧૧) બાદશાહ સુલતાન મહમદ બેગડો થયો. તેણે ગુજરાતની સત્તાના વિકાસ માટે કચ્છ પ્રદેશમાં રહેતા જાડેજા રાજવીઓ તરફ સહિષ્ણુતાવાળો વર્તાવ રાખ્યો હતો.

કચ્છમાં ઓઢાના વંશજો અને ગજણનાં વંશજો વચ્ચે હરીફાઇ ચાલતી હતી. ગજણજીનાં વંશમાં આઠમો જાડેજા લાખો થયો જે પ્રખ્યાત યૌદ્ધો હતો. તેને મહમદ બેગડાએ કાઠિયાવાડની આમરણ અને ગોંડલની જાગીરો ભેટમાં આપી હતી. લાખાએ નવી જાગીરોનો કબજો લઇ પોતાના બારા જાગીરના આદિપુરુષ ગજણ પછીના હાલાજી જાડેજાના નામથી આ પ્રદેશને 'હાલાર' તરીકે જાહેર કરી કાઠિયાવાડમાં જાડેજા રાજ્ય સ્થાપ્યું.

આ લાખાએ પોતાના વડીલોની જાગીર બારા પાછા આવવાનો વિચાર કર્યો. જ્યારે તેણે હબાય ડુંગર પાસે સંગારોની વાંઢમાં ઉતારો કર્યો ત્યારે કેટલાક ઝનૂની માણસો કે જેઓ હાલારથી તેનો પીછો કરતા આવ્યા હતા તેઓએ લાખાને મારી નાખ્યો. આથી લાખાના પુત્ર રાવળે લાખિયાર વીરાના ઓઢાવંશના હમીરજીને જવાબદાર ગણ્યા.

આ જામ હમીરજી પોતાના પિતા ભીમજી પછી લાખિયાર વીરાની ગાદીએ આવ્યા હતા. (ઇ.સ. ૧૪૭૨) તેઓ આશાપુરા માતાજીના પરમ ભક્ત હતા. પોતે માતાને મઢ દેવીના દર્શન કરવા ગયેલા ત્યારે પૂજારીને પુષ્કળ જમીન તથા ગામડાંઓ બક્ષિસમાં આપેલ અને ત્યાંનાં પૂજારીને 'રાજા'નો ઇલકાબ આપેલ તેમજ તેના વંશજો રાજગાદીએ બેસે ત્યારે માતાજીના દર્શન કરવા માતાને મઢ આવશે એવી ખાતરી પણ આપેલ. જે આજ પર્યંત પરંપરા જાળવવામાં આવે છે.

જામ રાવળ જામ હમીરજીને મારવા માટે કંથકોટના દેદા ભાયાતો સાથે સંબંધ વધારી હમીરજી વિરુદ્ધ ઉશ્કેરણી કરવા લાગ્યો. બાદમાં પોતે વેરઝેરનું સમાધાન કરવા ઇચ્છે છે તેવું જણાવી જામ હમીરજીને પોતાને ત્યાં જમવા બોલાવી દગાથી તેનું ખૂન કરી નાખ્યું. આ જામ હમીરજીની કલાત્મક છતરડી આજ પણ તેરા અને બારા ગામ વચ્ચે ઇતિહાસની સાક્ષી આપતી ઊભી છે.

જામ રાવળે જામ હમીરજીને મારી તેના વંશનો પણ નાશ કરવાના ઇરાદાથી જામ હમીરજીના પુત્રો ખેંગારજી, સાહેબજી અને રાયબજીને મારવા પાછળ પડ્યો. પરંતુ જ્યારે જામ હમીરજીનું ખૂન થયું ત્યારે તેની સાથે તેનો સ્વામીભક્ત છછર બુટ્ટો પણ સાથે હતો. તે તરત જ વિંઝાણ આવ્યો કારણ કે ખેંગારજી તથા સાહેબજી તેમના મોસાળમાં હતા. ત્યાંથી તેમને લઇ વાગડ બાજુ નીકળી ગયો પણ જામ રાવળને ખબર મળતા તેણે તેમનો પીછો કર્યો. છછર બુટ્ટોએ પહેલા કંથકોટના દેદાના વંશજો પાસે આશરો માંગ્યો પણ તેઓ જામ રાવળ સાથે ભળેલા હતા તેથી જાકારો આપ્યો. આથી રેલડી ગામે મનાઇના વંશજ ભીંયા કક્કલ પાસે આવ્યો. અહીં ઘાસની ગંજીમાં આ બે રાજકુમારોને સંતાડી દીધા. આ બાજુ જામ રાવળ પીછો કરતો કરતો પહોંચી આવ્યો. તેણે ભિંયા કક્કલને પૂછતાછ કરી અને ધાકધમકી તેમજ લાલચ પણ આપી. છતાં ભિંયા કક્કલે પોતે કંઇ જાણતો નથી એમ જ કહ્યું. આથી જામ રાવળે તેના છ પુત્રોને તેની સામે જ કાપી નાખ્યાં. આમ છતાં ભિંયા કક્કલ તથા તેની ઘરવાળી મલણી પોતાની વાતમાં મક્કમ રહ્યા. આખરે જામ રાવળ કંટાળી ત્યાંથી ચાલ્યો ગયો.

જામ રાવળના ચાલ્યા ગયા બાદ ઘાસની ગંજીમાંથી કુંવરો કાઢી છછર બુટ્ટો નાનું રણ ઓળંગી ધ્રાંગધ્રાના ચરાવડા ગામે આવ્યો. અહીં ઝાડ નીચે આરામ કરતા હતા, ત્યાં એક જૈન સાધુ ત્યાંથી પસાર થયા. તેણે આ તેજસ્વી કુમારોને જોતાં જ કહ્યું કે આ બાળક ચક્રવર્તી રાજ્ય ભોગવશે અને તેઓને પોતાની પોશાળમાં તેડી ગયા. આ જૈન સાધુનું નામ

*'જ્ઞાની પુરુષ' પાસે બધાં ધર્મોનો સાર હોય.*

માણેકમેરજી હતું. આ સાધુએ પોતાના પાસેની માતાજીની ચમત્કારિક સાંગ કુમાર ખેંગારજીને આપી અને કહ્યું કે તમો અમદાવાદ જાઓ. રસ્તામાં કાળો ઘોડો તથા સફેદ ખોરાકનાં દર્શન થશે એવા આશીર્વાદ પણ આપ્યા.

છછર બુટ્ટો કુંવરોને લઇ મોરબીના દહીંસરા ગામે આવ્યો. બજારમાં એક સુતારણ બાઇ કે જે કચ્છની હતી તે મળી અને તેણીએ આ કુંવરોને ઓળખી લીધા અને પોતાના ઘરે તેડી ગઇ. જમવામાં સફેદ રાબ અને બાદમાં પોતાનો કાળો ઘોડો આપ્યો. જે મળતા જૈન મુનિના આશીર્વાદ યાદ આવ્યા. ત્યાંથી તેઓ અમદાવાદ પહોંચ્યાં. અમદાવાદમાં તેમના ભાઇ અલીયોજી મહંમદ બેગડાના રાજમાં નોકરી કરતાં ત્યાં તેમની પાસે પહોંચ્યાં. અહીં રહીને બન્ને ભાઇઓએ પટ્ટાબાજી તથા નિશાનબાજીની તાલીમ લીધી અને એક સમયે જ્યારે મહંમદ બેગડો શિકાર માટે જંગલમાં ગયેલ ત્યારે સિંહે અચાનક હુમલો કરતાં તે વખતે શિકારમાં સાથે ગયેલાં ખેંગારજીએ ચપળતાથી પોતાને માણેક મેરજીએ આપેલ સાંગથી સિંહનો શિકાર કરી મહંમદ બેગડાની જાન બચાવી. આથી મહંમદ બેગડો ખુશ થયો અને તેણે 'રાઓ'નો ઇલકાબ આપ્યો અને ખેંગારજીને ખોયેલું રાજ્ય પાછું મેળવવા માટે લશ્કરની સહાય આપી. જ્યારે કુમાર ખેંગારજી મોરબી આવ્યાં અને ત્યાંથી કચ્છમાં લશ્કર લઇને આવે છે એવા સમાચાર જામ રાવળને મળતાં તે પોતાના સાતસો સૈનિકો સાથે લઇ કચ્છને છેલ્લા સલામ કરી કાઠિયાવાડ બાજુ નીકળી ગયો.

રાઓશ્રી ખેંગારજી પહેલાં રાપરમાં ટીલે બેઠા. ત્યારબાદ બીજીવાર સંવત ૧૬૦૨માં અંજાર શહેર અને પછી માગશર વદ ૫ સંવત ૧૬૦૫માં ભુજ શહેરને તોરણ બાંધ્યું. રાઓશ્રી ખેંગારજીએ કાબુલના મિર્ઝા હુસેનની ફોજને ઝારા ડુંગર પાસે શિકસ્ત આપી હતી. તેઓ પરાક્રમી અને બહાદુર રાજવી હતા. તેઓ ૭૬ વર્ષ કચ્છની રાજગાદી ભોગવી (ઇ.સ. ૧૫૧૦-૧૫૮૬) તેમના મૃત્યુ બાદ તેમના પુત્ર રાઓશ્રી ભારમલ્લજી ગાદીએ બેઠા ત્યારે કચ્છી કહેવત પ્રચલિત થઇ, 'ખટયો ખેંગાર ને ભોગવે ભારો' એટલે કે ખેંગારજીએ સારી જિંદગી એકઠું કર્યું અને ભારમલજીએ ભોગવ્યું.

**કચ્છના જાડેજા વંશના રાજવીઓની વંશાવળી**

૧. રાઓશ્રી ખેંગારજી પહેલા
ઇ.સ. ૧૫૧૦-૧૫૮૬

૨. રાઓશ્રી ભારમલજી પહેલા
ઇ.સ. ૧૫૮૬-૧૬૩૨

૩. રાઓશ્રી ભોજરાજજી
ઇ.સ. ૧૬૩૩-૧૬૪૫

૪. રાઓશ્રી ખેંગારજી બીજા
ઇ.સ. ૧૬૪૫-૧૬૫૪

૫. રાઓશ્રી તમાચીજી
ઇ.સ. ૧૬૫૫-૧૬૬૬

૬. રાઓશ્રી રાયધણજી પહેલા
ઇ.સ. ૧૬૬૬-૧૬૯૮

૭. મહારાઓશ્રી પ્રાગમલજી પહેલા
ઇ.સ. ૧૬૯૮-૧૭૧૫

૮. મહારાઓશ્રી ગોડજી પહેલા
ઇ.સ. ૧૭૧૫-૧૭૧૮

૯. મહારાઓશ્રી દેશળજી પહેલા
ઇ.સ. ૧૭૧૯-૧૭૫૨

૧૦. મહારાઓશ્રી લખપતજી
ઇ.સ. ૧૭૫૨-૧૭૬૧

૧૧. મહારાઓશ્રી ગોડજી બીજા
ઇ.સ. ૧૭૬૧-૧૭૭૯

૧૨. મહારાઓશ્રી રાયધણજી બીજા
ઇ.સ. ૧૭૭૯-૧૮૧૪

૧૩. મહારાઓશ્રી ભારમલજી બીજા
ઇ.સ. ૧૮૧૪-૧૮૧૯

૧૪. મહારાઓશ્રી દેશળજી બીજા
ઇ.સ. ૧૮૧૯-૧૮૬૦

૧૫. મહારાઓશ્રી પ્રાગમલજી બીજા
ઇ.સ. ૧૮૬૦-૧૮૭૫

૧૬. મહારાઓશ્રી ખેંગારજી ત્રીજા
ઇ.સ. ૧૮૭૬-૧૯૪૨

૧૭. મહારાઓશ્રી વિજયરાજજી
ઇ.સ. ૧૯૪૨-૧૯૪૮

૧૮. મહારાઓશ્રી મદનસિંહજી સાહેબ
૪થી માર્ચ ૧૯૪૮ થી
૧લી જૂન, ૧૯૪૮ સુધી
(૮૯ દિવસ)

## કચ્છમાં માંડવી નામે રૂડું શહેર છે

ગુજરાતમાં થોડા દિવસોમાં મેરીટાઈમને લગતી આંતરરાષ્ટ્રીય બેઠક મળવાની છે. આંતરારષ્ટ્રીય સ્તરની બેઠક માટે માંડવી પર કળશ ઢોળાયો છે, તે ગુજરાતના દરિયાકાંઠાના વૈભવની ઝાંખીને તાજા કરતી ઘટના છે. માંડવી એ ગુજરાતનાં ઔદ્યોગિક બંદરોમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. માંડવી રુકમાવતી નદી અને કચ્છના અખાતના મિલનસ્થાને આવેલું છે. ભુજથી ૫૬ કિ.મી. દૂર છે.

- માંડવીની સ્થાપના ૧૬મી સદીમાં કચ્છના જાડેજા વંશના રાઓ ખેંગારજીએ કરી હતી.
- ૧૮મી સદીમાં માંડવીએ જહાજોથી ધગધગતું બંદર હતું. ૪૦૦થી વધુ જહાજો તેના દરિયાકાંઠે લાંગરવામાં આવતા હતા. દક્ષિણ આફ્રિકા, મલબાર કોસ્ટ અને પર્શિયાના અખાતમાં માલ-સામાનની હેરફેર માટે જહાજોનો ઉપયોગ કરવામાં આવતો હતો.
- માંડવીનો કિલ્લો એક સમયે ખૂબ પ્રખ્યાત હતો. આજે પણ છે, પરંતુ હવે તો તેનો નાક-નકશો બદલાઈ ગયા છે.
- એક સમયે માંડવી વિવિધ વસ્તુઓની નિકાસ દ્વારા આયાતની સરખામણીમાં ચાર ગણો વધુ નફો મેળવતું હતું.
- એક જમાનામાં તે કચ્છનું સૌથી ધનાઢ્ય અને ઔદ્યોગિક ક્ષેત્રે ચડિયાતું શહેર માનવામાં આવતું હતું.
- ભારતમાં મોટાભાગના બંદરોની દેખરેખ અને હકૂમત પોર્ટુગીઝોના હાથમાં હતી, છતાં પણ મુગલોએ માંડવીનો ઈજારો પોતાની પાસે રાખ્યો હતો કારણકે માંડવી આયાત-નિકાસના માધ્યમની સાથે મક્કાની યાત્રા માટે પણ ઘણું મહત્ત્વનું સ્થળ માનવામાં આવતું હતું.

*गम खाना आँसु पीना सीखलाती हैं,*
*अच्छी किताबें जीना सीखलाती है।*
*મદનકુમાર અંજારીયા 'ખ્વાબ'*

*'અક્રમ વિજ્ઞાન' એટલે સીધી સમજ, વિપરીત સમજનો અંત.*

# સમગ્ર વંશની માતા!

• હરેશ ધોળકિયા •

*ઇતિહાસને વાર્તા સ્વરૂપે રજૂ કરી, લેખકશ્રીએ પોતાની કલ્પના શક્તિનો પરિચય આપણને સહુને કરાવડાવી દીધેલ છે. 'અષાઢી બીજ વિશેષાંક' ના સમયે કચ્છના ઇતિહાસને હળવા સ્વરૂપે વાંચવાનું સહુને ગમશે.*

*– મુખ્ય તંત્રી*

રાણીએ બારી બહાર નજર કરી. થોડે દૂર નાની બજાર દેખાતી હતી. નાની નાની દુકાનો-હાટડાં-હારબંધ હતા. થોડી દુકાનો બાદ બજાર પૂરી થઇ જતી હતી. બસ, પછી સપાટ મેદાન હતું. મેદાનમાં નાનાં છોકરાંઓ દોડાદોડ કરતા હતાં ને રમતાં હતાં. મેદાનની પાછળ ભુજિયો દેખાતો હતો. મેદાનની ડાબી બાજુ નાનાં ઘરો હતાં. રાજ્યના નોકરોનાં ઘર હતાં. સામે ગોરજીનું મકાન દેખાતું હતું. તેની પાછળ દિવાન અને તેની કચેરીના લોકોનાં ઘર હતાં. મોટા ભાગે વિસનગરાનાં ઘરો હતાં. એ બે વચ્ચે રાજગોરોનાં અને મુસલમાનોનાં નાનાં ઘરો હતાં. એ બધાનાં છાપરાં દેખાતાં હતાં.

રાણીએ ઉપર નજર કરી આકાશ સામે જોયું. પૂર્વ દિશા હતી એટલે સૂર્ય તો દેખાતો ન હતો, પણ તેનાં આથમતાં કિરણોનો પ્રકાશ દેખાતો હતો. આકાશમાં ઘેરી લાલાશ આવી ગઇ હતી. સામેની નાની તળાવડીમાં આ લાલાશ હિલોળા લેતી હતી. પક્ષીઓ પોતાનાં માળામાં પાછાં ફરતાં હતાં.

થોડી ક્ષણોમાં લાલાશ ઘટવા લાગી. ધીમે ધીમે આકાશ ઝાંખું થવા લાગ્યું. સામેનું મેદાન હવે ઝાંખું થતું જતું હતું. વાતાવરણમાં શાંતિ વધતી જતી હતી.

રાણી બારી પાસેથી ખસી અને પીઠ ફેરવી. રાણીવાસમાં પણ હવે દીવા થતા હતા. ખંડના ચારે ખૂણાઓમાં દાસીઓ દીવડા પ્રગટાવતી હતી. એક ક્ષણ દાસીનું શરીર અર્ધ અંધકારમાં છાયાચિત્ર જેવું લાગે, પણ જેવો દીવો પ્રગટે, તરત તેનું શરીર પણ પ્રકાશિત થાય. પહેલાં તેનાં ઝાંઝરનો અવાજ સંભળાય, પછી ઝાંઝરવાળી પણ દેખાય.

-મહારાજ આવવા જ જોઇએ, રાણીના મનમાં વિચાર ઝબક્યો. -આમ તો થોડા મોડા છે આજે. મોટા ભાગે તો સૂરજ ઢળવો શરૂ થાય એટલે તરત જ આવી પહોંચે. ગમે તેમ કરીને તે પહેલાં કામો પૂરાં કરી નાખે. પ્રયત્નપૂર્વક પહોંચવાનો પ્રયાસ કરે. લગભગ તો નિયમિત જ હોય. પોતે હસીને તેનું કારણ પૂછે, તો તે પણ હસીને જવાબ આપે, 'થાક ઉતારવા સુંદર ચહેરો તો જોવો પડેને!'

'પણ તે તો રાતે પણ દેખાય', પોતે હસીને કહે.

'ના, રાતે ઝાંખો દેખાય. અજવાળામાં જ તેનું સૌંદર્ય પકડી શકાય.'

પોતે હસી પડે.

'અને,' મહારાજ આગળ કહે, 'રાણી, રાતે તો ચહેરો જ નહીં....!' બોલીને પોતાનો હાથ પકડી લે.

રાણી ધન્યતા અનુભવે.

**મહારાજ ખેંગાર. પોતાનો તો ખેંગાર જ. અમદાવાદમાં મહંમદ બેગડાના લશ્કરમાં તાલીમ લેતા. ત્યારે જ અચાનક ભેટો થઇ ગયેલો.** પોતાના પિતા પણ લશ્કરમાં જ. થોડો મોટો હોદ્દો ધરાવે. તાલીમ સાથે જ સંકળાયેલા. એક દિવસ વહેલી સવારે તે લશ્કરની તાલીમનું નિરીક્ષણ કરવા જતા હતા. તે પણ તે દિવસે તૈયાર થઇ ગયેલી. તેણે પોતાને સાથે લઇ જવાની હઠ કરી. 'બાપુ, મને પણ લઇ જાવ ને.'

બાપે હસીને કહ્યું, 'બેટી, તું તો ત્યાં ડરી જઇશ.'

'કેમ?'

'બેટી, ત્યાં તો તલવારના ખણખણાટ જ સંભળાય. બે તલવારો ભટકાય ત્યારે તેમાંથી તણખા ઝરશે. તને બીક લાગશે.'

'બાપુ, મને તો મજા આવશે તે જોવાની.'

બાપ તેના સામે નવાઇથી જોઇ રહ્યા, 'મજા?' તેમણે પૂછ્યું.

'કેમ બાપુ, તમારી દીકરી છું. રજપૂતની બેટી છું. તલવારના ખણખણાટથી તો પરિચિત છું.' ભીંત પર લટકતી તલવાર બતાવી બોલી.

પિતા હસી પડ્યા. 'તું તો જબરી છે,' બોલ્યા. પછી સાથે તેડી ગયેલા.

મહેલની પાછળ આવેલ મેદાનમાં લશ્કરની છાવણીમાં બધા સિપાહીઓ તાલીમ લેતા હતા. ત્યાં ગયા. જુદા જુદા જૂથોમાં યુવાન સિપાહીઓ તલવારબાજી વગેરે શીખતા હતા અને તેનો મહાવરો કરતા હતા.

પોતે રસથી જોતી હતી. પિતા ફરતાં ફરતાં સૂચના આપતા હતા.

પોતાની નજર એક ખૂણામાં લગભગ પોતા જેવડા જ બે છોકરાઓ પર પડી. તે બન્ને ભાલો ફેંકવાનો મહાવરો કરતા હતા. દૂર ઊભા રહી સામે રાખેલ પુતળાં પર ભાલો ઘા કરતા હતા. **તેમાંનો એક તો એવી રીતે ભાલો ફેંકતો હતો કે અચૂક પુતળાંની છાતીમાં તે ઘૂસી જતો હતો.**

તેની નજર તે તરુણ પર સ્થિર થઇ. તે મધ્યમ ઊંચાઈનો હતો. શરીર ખૂબ કસાયેલું હતું. શરીરનો ઉપલો ભાગ ખુલ્લો હોવાથી તેનાં ચુસ્ત બાવડાં દેખાતાં હતાં. ચહેરો ખૂબ સુંદર હતો. નાક અણિયાળું હતું. આંખો તગતગતી હતી. અને ભાલાનું નિશાન લે ત્યારે તો તે જાણે અર્જુનની આંખો બની જતી હતી. શરીર મૂર્તિની જેમ સ્થિર થઇ જતું હતું. અચાનક હાથ પાછળ ખસે અને પછી જોરથી ભાલો ફેંકે. 'ખચ્ચાક' કરતો ભાલો ખૂપી જાય.

તે તેને એકાગ્રતાથી જોઇ રહી. આહા! કેવું પૌરુષત્વ પ્રગટ થતું હતું તેનાં સમગ્ર વ્યક્તિત્વમાંથી. એક પળમાં ખેંચી લે તેવું. **તેને એવું લાગવા મંડ્યું કે તેના શરીરમાં વીજળી જેવી ઝણઝણાટી થતી હતી. શરીરમાં એક ન સમજાય તેવો રોમાંચ થતો હતો. મનમાં તેને જોઇ વિચિત્ર આનંદ અનુભવાતો હતો.** તે પણ સ્થિર થઇ ગઇ હતી.

'શું જુવે છે, બેટી?' અચાનક પિતાનો અવાજ સંભળાયો. તે ચમકી ગઇ. નજર ફેરવીને જોયું તો સામે પિતા ઊભા હતા. તેના સામે એકાગ્રતાથી જોતા હતા.

તે શરમાઇ ગઇ. મો નીચું કરી નાખ્યું.

પિતા નજીક આવ્યા. પેલા બે સામે આંગળી ચીંધી પૂછ્યું, 'પેલા બે છોકરાઓને જોતી હતી?'

તેણે મો નીચું રાખીને જ ડોકું હલાવ્યું.

**'બેટી, એ બે છોકરાઓ કચ્છથી આવ્યા છે. તું જેને જોતી હતી ને, તેનું નામ ખેંગાર છે. સાથે તેનો મોટો ભાઇ સાહેબજી છે. ત્યાંના રાજાના દીકરાઓ છે. વખાના માર્યા અહીં આવ્યા છે.'**

'બાપુ,' તે હિંમત કરીને બોલી, 'જુવો તો ખરા, ભાલાનું નિશાન કેવું લે છે!'

'અરે! એ તો અચ્છો નિશાનબાજ છે. બાદશાહ તેના પર ફિદા છે.'

'કેમ?'

'અરે! હમણાં બાદશાહ શિકારે ગયા હતા. ત્યારે અચાનક ઝાડીમાંથી બહાર નીકળી સિંહે તેમના પર હુમલો કરવા કૂદકો માર્યો.'

'એ મા! પછી શું થયું?'

'પછી શું? બધા તો ગભરાઇ ગયા. બધાને ધ્રાસ્કો પડ્યો કે બાદશાહ સલામત ગયા. બધા ડરના માર્યા દૂર ખસી ગયા. બાદશાહ પણ વિહવળ નજરે પોતાનું મોત આવતું જોઇ રહ્યા.'

પોતાનો શ્વાસ અદ્ધર થઇ ગયેલો. તે પિતાને વળગી પડેલ. 'પછી?'

**'આ છોકરો ખેંગાર પણ રસાલા સાથે આવ્યો હતો. તે પણ ભાલો પકડી પાછળ ચાલતો હતો. તેણે આ દૃશ્ય જોયું. એક જ પળમાં તેણે પોતાનો ભાલો ઊંચો કરી સિંહ સામે ફેંક્યો. અને આહા! ભાલો સિંહના પેટમાં ઘૂસી ગયો. સિંહ લથડિયું ખાઇ ગયો અને જમીન પર પડી ગયો.'**

હવે પોતાનો શ્વાસ હેઠે બેઠો. 'પછી?'

'પછી તો આસપાસના બધા દોડી આવ્યા અને સિંહ પર ભાલા-તલવારના ઘા કરવા માંડ્યા. સિંહ તરફડતો મરી ગયો. છોકરો તો ચૂપચાપ પાછળ સરકી ગયો.'

'બાદશાહને ખબર પડી?'

'ત્યારે તો બાદશાહના હોશકોશ ઊડી ગયા હતા. ઝડપથી બધા પાછા વળ્યા અને મહેલમાં પાછા આવ્યા. પણ હા, બીજા દિવસે બાદશાહે દરબારમાં પૂછ્યું કે પોતાનો જીવ કોણે બચાવ્યો. પોતે તેને ઇનામ આપવા માગે છે. પણ...'

'પણ શું.....?' પોતે જિજ્ઞાસાથી પૂછેલ.

'છોકરો આગળ ન આવ્યો. બાદશાહ સામે આવવાની તેની હિંમત ન હતી. બાદશાહે બીજી વાર જાહેરાત કરી. છતાં ન આવ્યો. બાદશાહે ફરી જાહેરાત કરી કે તે છોકરાને કોઇએ જોયો હતો?' બેટી, મેં આ દૃશ્ય જોયું હતું. હું છોકરાને ઓળખતો પણ હતો. મેં કુરનીશ બજાવીને કહ્યું, 'બાદશાહ સલામત, તે આપણા સિપાહી, સાહેબજીનો ભાઇ છે.''

'પછી?'

'બાદશાહે ઊંચા અવાજે બૂમ મારી-' 'સાહેબજી, ખેંગાર ક્યાં છે?'

'પછી?'

સાહેબજીએ પોતાની પાછળ છૂપાયેલ ખેંગારને પકડી બાદશાહ સામે ઊભો કરી દીધો. ખેંગારે નમી નમીને બાદશાહને કુરનીશ કરી. બાદશાહ તો એ છોકરાને જોઇ રહ્યા. 'આટલા નાનકડા છોકરાએ મારો જીવ બચાવ્યો?' પૂછ્યું. મેં હકારમાં જવાબ આપ્યો. 'બાદશાહ સલામત, આ છોકરો ભાલાના નિશાનમાં અચૂક નિશાનબાજ છે.'

'હા, તે તો છે જ.' બોલી પિતાએ તેને બૂમ મારી. ખેંગાર નજીક આવ્યો. સલામ ભરી ઊભો રહ્યો. બાપુએ તેને સૂચનાઓ આપી. પછી પોતાનો પરિચય આપ્યો. ખેંગાર પોતા સામે જોઇ રહ્યો હતો. પોતે પણ એક બાજુ તેના પરથી નજર ખસેડી શકતી ન હતી અને પિતાની હાજરીમાં આમ જોવું યોગ્ય પણ ન હતું. પોતે માથું ઢાળી દીધેલ અને પગથી નખ ખોતરવા લાગી ગઇ હતી. ખેંગાર પણ તેની સામે સ્થિરતાથી જોતો હતો.

ચતુર પિતા પોતાની લાગણી સમજી ગયા હતા. ત્યારે તો ચૂપ રહ્યા. પછી રાતે પોતાની માતા સાથે વાતો કરતા હતા, ત્યારે બોલ્યા હતા, 'આપણી દીકરી મોટી થઇ ગઇ છે, હોં.'

'કેમ?' માતાએ પૂછેલ.

'ખેંગાર સામે જે રીતે જોતી હતી, તે પુખ્ત છોકરીની નજર હતી.' કહી બધી વાત કરી.

'ખેંગાર કેવો છે?' માએ જિજ્ઞાસાથી પૂછેલ.

'ખૂબ સરસ છોકરો છે. તને ગમે તેવો.'

'તો તમે શું વિચારો છો?'

'મને પણ તે ગમે છે.'

તો પૂછી જુવોને તેને.

**પોતે બીજા ખૂણામાં ઊભી સાંભળતી હતી. પોતાની આંખો તો આનંદથી છલકાઇ ગઇ. દોડીને બહાર ચાલી ગયેલ. નાચવા જ માંડેલ.**

પિતાએ ખેંગારને પૂછેલ. ખેંગારે મૂંગી હા પાડેલ. પણ કહેલ કે કચ્છનું રાજ્ય પાછું ન મેળવે ત્યાં સુધી લગ્ન નહીં કરે. પિતા

*લઘુત્તમ ભાવમાં રહેવું અને અભેદ દૃષ્ટિ રાખવી, એ આ 'અક્રમ વિજ્ઞાન'નું 'ફાઉન્ડેશન' છે.*

માની ગયેલ.

અને બન્નેનો સંબંધ બંધાયો. પછી તો ખેંગારે બાદશાહનાં લશ્કરની મદદથી કચ્છ તરફ પ્રયાણ કર્યું. મોરબી, સાપર, પછી અંજાર અને છેલ્લે ભુજનો પણ કબજો કર્યો. તેને પાટનગર બનાવી ગાદી પર બેસી ગયો. રાજા બની ગયો. પછી ધામધૂમથી પોતા સાથે લગ્ન કર્યા. આહા! કેવો પ્રેમાળ! ભરપૂર પ્રેમ કરે. નવો નવો રાજા એટલે કામ તો ખૂબ રહે. અનેક તકલીફોનો સામનો કરવો પડે. પણ સાંજે તો પોતા પાસે અચૂક આવી જ જાય. પોતાને ભીંજવી નાખે. આજે તો લગ્નને પંદર વીસ વર્ષ થઇ ગયાં હતાં, છતાં એક પળ પણ તેનો પ્રેમ ઓછો થયો ન હતો. દીકરો ભારો પણ મોટો થઇ ગયો હતો, છતાં પ્રેમ તો એવોને એવો તાજો જ હતો. રાજા હોવા છતાં બીજી કોઇ સામે નજર કરી ન હતી.

વિચાર માત્રથી રાણીનાં સમગ્ર શરીરમાં આનંદનું લખલખું પસાર થઇ ગયું.

અચાનક તે ચમકી. આજુબાજુ જોવા લાગી. હવે તો બહાર તદ્દન અંધકાર છવાઇ ગયો હતો. ગામમાં ક્યાંક ટમટમિયાં દેખાતાં હતાં. બજાર પણ બંધ થઇ ગઇ હતી. રાણીવાસમાં ચારે તરફ દીવડાઓનો પ્રકાશ પથરાયો હતો.

પણ ખેંગાર કેમ ન આવ્યો? તે ચિંતામાં પડી ગઇ. કંઇ બનાવ તો નહીં બન્યો હોય ને?

તેને સવાર યાદ આવી ગઇ. આજે ખેંગારનો જન્મ દિવસ હતો. સવારે તે દરબારમાં દબદબાભર્યો ઉજવાયો હતો. આખા ભુજની પ્રજા આવી હતી અને નાની મોટી ભેટો આપી હતી. પોતે પણ તેને સવારે અભિનંદન આપ્યા હતા.

ત્યારે ખેંગારે હસીને કહેલ, 'રાણી, માથાં પરનો ધોળો વાળ નથી દેખાતો?'

પોતે હસીને જવાબ આપેલ, 'વાળ ભલેને ધોળો હોય. મારો ખેંગાર તો હજી આખોને આખો કાળો છે, હોં! એવો જ! પાકો નિશાનબાજ!'

**ખેંગારે કાન નજીક હોઠ લાવીને કહેલ, 'જન્મ દિવસે તો મારી નિશાનબાજી વધારે તીક્ષ્ણ થઇ જાય છે હોં, રાણી.'**

'જા, જા, બુઢ્ઢા!' કહી છણકો મારી, ગાલ પર ટપલી મારી તેને દૂર ખસેડેલ.

'તો રાણી, જોઇ લેજે આજે રાતે બુઢ્ઢાની તાકાત!' તેણે જોરથી હસીને કહેલ.

અને આટલું અંધારું થવા છતાં હજી પાછો આવ્યો ન હતો. બપોરે મંત્રણાઓ હતી, પણ તે પણ હવે તો પતી ગઇ હશે.

રાણી અસ્વસ્થ થઇ ગઇ. શું કરવું તે ન સૂઝ્યું.

ત્યાં મહારાજનો નોકર દરવાજા પાસે ડોકાયો.

'રાણીબા', તેણે અવાજ દીધો.

રાણી ફૂદરડી ફરી ગઇ. 'હા, બોલ,' ચિંતાથી બોલી.

'મહારાજ આપને પોતાના ખંડમાં બોલાવે છે.'

'મને? તેમના ખંડમાં? અત્યારે? પણ તે તો અહીં આવે છે.'

નોકરે નીચું માથું કરી જવાબ આપ્યો, 'મને મહારાજે આ સંદેશો આપવા કહ્યું છે.'

'ભલે જા. આવું છું.'

નોકર ચાલ્યો ગયો.

રાણી તો વધુ ચિંતામાં પડી ગઇ. શું હશે કે અહીં નહીં આવ્યા હોય? કોઇ એવું કામ આવી પડ્યું હશે? તેમની તબિયત બગડી હશે? કચ્છ પર નવી કોઇ તકલીફ આવી પડી હશે? છે શું એવું કે અહીં ન આવી શકે? ગમે તે હોય, પણ અહીં તો આવે જ. સમાચાર પણ મને તો આપે જ.

રાણી ઝડપથી રાણીવાસમાંથી બહાર નીકળી. મહેલના સામે છેડે આવેલ મહારાજના ખંડ તરફ જવા લાગી. તેની પાછળ બે દાસીઓ ચાલવા લાગી. માર્ગમાં ઊભેલ નોકરો તે પસાર થતી હતી ત્યારે કુરનીશ બજાવતા હતા.

**મહારાજના ખંડ તરફ વળાંક લીધો કે અચાનક કોઇ ઝડપથી તેના સામે આવ્યું. રાણી ખચકાઇને ઊભી રહી. પેલો સલામ ભરીને ચાલ્યો ગયો. રાણી આગળ ચાલવા માંડી.**

કોણ હતું એ?- વિચારવા લાગી. મહારાજના ખંડમાંથી જ આવતો હતો. ચહેરો જાણીતો હતો.

અચાનક યાદ આવ્યું. અરે, આ તો છચ્છર બુટો હતો. મહારાજનો ખાસ અને વફાદાર સેવક. પણ તેનો ચહેરો ઢીલો કેમ હતો? આમ તો પસાર થાય, તો ઊભો રહી જરૂર બોલાવે. આજે કેમ ન બોલાવી?

**રાણીની ચિંતા હવે વધવા લાગી. કશુંક અમંગળ થયાનો ભાસ થયો. તેના પગ વધારે ઝડપથી ચાલવા લાગ્યા.**

તે મહારાજના ખંડમાં પ્રવેશી. આ ખેંગારનો ખાનગી ખંડ હતો. રાજકાજ વિશે વિચારવું હોય કે ચર્ચાઓ કરવી હોય કે આરામ કરવો હોય, તો આ ખંડમાં તે બેસતા. પણ અત્યારે તે આ ખંડમાં ન હોય! શું હશે?

તેનું અચાનક ધ્યાન ગયું કે ખંડમાં પૂરતો પ્રકાશ ન હતો. ખંડ લગભગ અંધારો હતો. બારણાં પાછળ એક જ દીવો ટમટમતો હતો. બાકીના દીવડા પ્રગટાવ્યા જ ન હતા. આમ કેમ? નોકરોએ આમ કેમ કર્યું હતું? પોતાની ફરજ ભૂલી ગયા હતા? બને તો નહીં. પણ મહારાજનો અનાદર તો હતો જ.

રાણીને ગુસ્સો આવ્યો. તેણે જોરથી તાળી પાડી. બહારથી બે-ત્રણ નોકરો દોડી આવ્યા.

'અરે, દીવડાઓ કેમ નથી પ્રગટાવ્યા?' તેણે પૂછ્યું.

બધા ચૂપ રહ્યા.

'પણ મહારાજનો આવો અનાદર શા માટે?' તેનો અવાજ ઊંચો થયો.

એ જ મૌન.

'રાણી,' -અચાનક ધીમો અવાજ આવ્યો.

અરે! આ તો મહારાજનો અવાજ. રાણીએ અવાજ તરફ જોયું.

'જી,' તે બોલી.

'મેં નોકરોને એવું કરવા કહેલ છે,' ફરી

*બુદ્ધિથી મારેલાનું પાપ, તલવારથી માર્યા કરતાં વધારે છે.*

તે અવાજ બોલ્યો.

રાણીએ હાથના ઈશારાથી બધાને બહાર જવા કહ્યું. બધા ચાલ્યા ગયા.

રાણી અવાજની દિશામાં ગઇ. તેણે જોયું કે ખૂણામાંના ઢોલિયા પર ટેકો દઇ મહારાજ બેઠા હતા. તેમનું મોં નીચું હતું. જાણે સંકોચાઇને બેઠા હતા.

રાણી જે દીવડો પ્રગટાવેલ હતો તે લઇ આવી અને ઢોલિયા પાસે મૂક્યો. તેનું અજવાળું મહારાજ પર પડ્યું. મહારાજ ઢીલા થઇને બેઠા હતા. તેમની આંખો ભીની હોય તેમ લાગ્યું. જાણે કોઇ લાગણી દબાવતા હોય તેવું તેમની આંખો અને શરીર સૂચવતાં હતાં.

રાણીને ધ્રાસ્કો પડ્યો. એવું શું બન્યું છે કે મહારાજ જેવા પહાડી માણસ આમ ઢીલાઢફ થઇને બેઠા છે?

તે ઝડપથી નજીક જઇ ઢોલિયા પર બેસી ગઇ અને મહારાજનો હાથ પકડી લીધો. મહારાજે પણ તેનો હાથ સજ્જડ રીતે પકડી લીધો.

'શું છે, મહારાજ?' રાણીએ પૂછ્યું.

'રાણી...,' મહારાજ વાક્ય પૂરું ન કરી શક્યા.

'હા, ખેંગાર?'

'રાણી, આજે તો ગજબ થઇ ગયો.'

'શું ગજબ થયો? આજે તો ખુશાલીનો દિવસ છે.'

'હા, પણ તે માતમમાં ફેરવાઇ ગયો.'

'પણ થયું શું તે તો બોલ?' રાણીનું હૃદય શંકાથી ધડકવા માંડ્યું.

અચાનક તે બોલી, 'ખેંગાર, ભારાને તો કંઇ....?'

'ના, ના, ભારો તો બરાબર છે.'

'તો?'

**'રાણી, મારી મા મરી ગઇ આજે.'**

મા? ખેંગારની માને મર્યે તો ઘણાં વર્ષ થઇ ગયાં હતાં.

'હું સમજી નહીં. તારાં મા તો....?' તે ગુંચવાઇને બોલી.

'મારી બે મા હતી, રાણી'

'બે મા? કંઇ સમજાય તેવું તો બોલ.'

'રાણી, તારા સામે આજે જીવતો બેઠો છું ને, તે મને જીવતો રાખનાર તે મા હતી.'

રાણી ફરી ગુંચવાઇ. આ શું બોલે છે? કોણે તેને જીવતો રાખ્યો હતો?

અચાનક તેને મનમાં ઝબકારો થયો. 'શું તું....?'

'બરાબર છે તારી કલ્પના. મારી એ મા ગઇ.'

**રાણીને યાદ આવ્યું. ખેંગાર ભીંયા કકલની વહુને પણ મા જ કહેતો. તેના તરફ તેને ખૂબ જ ભાવ હતો. અલબત્ત, તે તેના વિશે બહુ ચર્ચા ન કરતો.**

હવે તેને છછર બુટો કેમ આવ્યો હશે તેનો ખ્યાલ આવી ગયો. તો છછર બુટો જ આ સમાચાર લાવ્યો હશે. તેની આંખમાં પણ એટલે જ આંસુ હશે.

રાણીને હવે શું બોલવું તે ન સૂઝ્યું. તેને ખ્યાલ આવી ગયો કે ખેંગારના મનમાં ડૂમો ભરાઇને બેઠો છે. બહાર નથી નીકળતો. ગમે તેમ કરીને તેની લાગણીઓને બહાર કાઢવી જ પડશે.

તે બોલી, 'મા અચાનક કેમ મરી ગયાં?'

'અચાનક તો ન કહેવાય. છેલ્લા ઘણા સમયથી તે માંદાં હતાં. કાલે રાતે તેણે છેલ્લો શ્વાસ લીધો.'

'છછર બુટાને જોયો હતો. તે એટલે જ આવ્યો હતો?'

'હા. તેણે જ મને આ સમાચાર આપ્યા.'

રાણીએ ખેંગારની લાગણીને વધારે ઉશ્કેરી. 'ખેંગાર, થોડી વાત તો તેં મને કરી છે. પણ મૂળ હકીકત તેં મને ક્યારેય નથી કહી. તેણે તારો જીવ બચાવેલ તે વાતની તો મને ખબર છે. પણ તેમાં આટલો ભાવ કાં? અને આજ સુધી? રાજાનો જીવ બચાવવાની તો તેની ફરજ હતી.'

ખેંગાર થોડો ટટ્ટાર થયો. તકિયાનો ટેકો લીધો. રાણી પણ વધારે નજીક બેઠી. તેનો હાથ પંપાળ્યે રાખ્યો.

'રાણી, ભીંયા કકલની વહુ મારી મા હતી એમ કહીશ તો તે અધૂરું જ છે. તે તો મારા માટે ભગવાન જ હતી. તેણે મારા માટે જે ભોગ આપ્યો, તેનો આજે પણ વિચાર કરું છું, તો આજે પણ થથરી જાઉં છું. એ દશ્યો આજે પણ મારી આંખમાં ભોંકાય છે.'

'કેમ?' રાણીએ તેના વિચારને ધક્કો માર્યો.

અને ખેંગારે એ વાત શરૂ કરી.....

રાણી, તને તો ખબર છે કે મારા પિતા હમીરજી એક સારા રાજા હતા. પણ રાવળને તેના સાથે બનતું ન હતું. તેના વિરુદ્ધ ખટપટો કર્યા કરતા હતા. એક વાર તેને ભોળવીને પોતાને ત્યાં બોલાવ્યા અને તેમની હત્યા કરી નાખી. અમે ત્યારે અમારા મોસાળે ગયા હતા. તેથી બચી ગયા. રાવળને તો અમને પણ મારી નાખવાનો જ ઈરાદો હતો. સદનસીબે છછરને તેની શંકા આવી ગઇ અને, તે પકડાય તે પહેલાં, નાસી ગયો અને અમારે ત્યાં આવ્યો. અમને બન્ને ભાઇઓને લઇ કચ્છ બહાર જવા ઉપડ્યો. રાવળના મારાઓ અમારી પાછળ પડ્યા. અમે તેનાથી થોડા જ આગળ હતા. અમે ભાગતા ભાગતા સાપર પહોંચ્યા. ત્યાં છછર, ભીંયા કકલને ઓળખતો હતો. તેના ઝૂંપડે પહોંચ્યા. તેણે તેને વિનંતી કરી કે મારાઓ ખૂબ જ નજીક છે. તે આગળ નીકળે ત્યાં સુધી તે અમને છૂપાવે. **ભીંયાએ પોતાના ઘાસ ભરેલ ગાડામાંનાં ઘાસમાં અમને બન્નેને છૂપાવી દીધા. અમને ખૂબ ગુંગળામણ થતી હતી, પણ એટલા ડરી ગયા હતા કે ચૂપચાપ બેસી રહ્યા.**

રાણીએ હોંકારો ભર્યો.....

શ્વાસ લઇ ખેંગાર આગળ બોલ્યો.....

પગીઓની મદદથી મારાઓ અમારા સુધી પહોંચી આવ્યા. ઠેઠ ભીંયાનાં ઝૂંપડાં સુધી પહોંચી આવ્યા. ત્યાં અમારાં પગલાં અટકતાં જોયાં. નાગી તલવારો સાથે તેઓ ઝૂંપડા સામે ઊભા રહ્યા. અમે તો છૂપાયેલા હતા. અમને તો માત્ર અવાજો સંભળાતા હતા.

'એય......., તારું નામ શું?' કોઇ

*'અક્કલ' તો તેનું નામ કહેવાય, જે 'મતભેદ' ટાળે.*

એકે કહ્યું.

'જી, ભીંયા કકલ,' ભીંયાનો અવાજ સંભળાયો.

'તારે ત્યાં કુંવરો આવ્યા છે?' બીજો અવાજ સંભળાયો.

'કુંવરો? મારે ત્યાં? તમે મારી મશ્કરી કરો છો?'

'લપલપ નહીં. બોલ, આવ્યા છે કે નહીં ?' ત્રીજો અવાજ સંભળાયો.

'મારા જેવા ગરીબનાં આ તૂટેલાં ઝૂંપડામાં કૂતરુંય ન આવે, ત્યાં કુંવર ક્યાં આવે?'

સટાક! જોરથી અવાજ આવ્યો. લાગ્યું કે કોઇએ ભીંયાને થપ્પડ મારી હતી.

'સાચું બોલ.'

'આ રહી ઝૂંપડી. જોઇ લોને તમે.'

થોડી વાર શાંતિ રહી. હરવા ફરવાના અવાજો સંભળાતા હતા. થોડી વાર પછી તે અટકી ગયા. ફરી વાતચીત શરૂ થઇ. પેલા ત્રણ જ વાત કરતા હતા.

'ઝૂંપડીમાં તો કોઇ નથી દેખાતું.'

'પણ પગલાં તો અહીં જ અટકે છે તે.'

'તો આગળ ભાગી ગયા હશે?'

'ના, તો તો આગળ પગલાં દેખાય ને? પગી ના પાડે છે.'

વળી શાંતિ થઇ ગઇ.

'એ બાઇ, અહીં આવ. આ ઝૂંપડીમાં સૂતા છે તે તારા છોરા છે?' કોઇ બોલ્યું.

'હા,' કકલની વહુનો અવાજ સંભળાયો.

'બહાર લઇ આવ.'

વળી શાંતિ થઇ. બધા બહાર આવ્યા હોય તેમ લાગ્યું.

એક બોલ્યો, 'બોલ બાઇ, કુંવરો ક્યાં છે?'

'મારા વીરા, મને શું ખબર?'

**તલવાર ઘૂમાવવાનો અવાજ આવ્યો. કોઇના પડવાનો અવાજ પણ આવ્યો.**

સાથે જ બાઈની ચીસ સંભળાઇ.

'જોયું બાઇ, ખોટું બોલવા બદલ તારા દીકરાને મારી નાખ્યો છે, હોં. હવે સાચું બોલ, વેલી.'

રડતે રડતે તે બોલી, 'પણ મને કંઇ ખબર નથી.'

ફરી બીજાને મારી નાખ્યો.

-રાણી, અમે તો ગંજીમાં એવા ધ્રૂજતા હતા કે વાત નહીં. માંડ માંડ અમને રોકી શકતા હતા. થતું હતું કે અમને માત્ર અવાજથી જો પીડા થાય છે, તો માને કેટલી પીડા થતી હશે?

**પેલા ફરી પૂછે. બાઇ ના જ પાડે. વળી એક દીકરાને મારી નાખે. અમને કમકમાં છૂટતાં હતાં.**

**છ દીકરાને મારી નાખ્યા.**

**પણ આ બન્ને તો ના જ પાડ્યા કરે.**

લાગ્યું કે પેલા પણ મૂંઝાઇ ગયા. છ છ દીકરા મરવા છતાં આ બાઇ હા પાડતી જ ન હતી. હવે તેમને પણ શંકા ગઇ કે કુંવર અહીં ન જ હતા.

અચાનક ભીંયાંનો રડવાનો અને કરગરવાનો અવાજ આવ્યો. 'મારા બાપ, મારા નિર્દોષ છોકરાઓને કાં મારો છો? અમને કુંવરોની કંઇ જ ખબર નથી. મહેરબાની કરીને એક દીકરો તો રહેવા દો.'

થોડી વાર શાંતિ રહી.

અચાનક એક બોલ્યો, 'મને લાગે છે કે કુંવરો અહીં નથી લાગતા. ભાગી જ ગયા લાગે છે.'

'મને પણ હવે તો એમ જ લાગે છે. છ છ છોકરાઓને મરતા જોવા છતાં આ વર વહુ ના જ પાડે છે, એનો અર્થ કે નહીં જ હોય. એક દીકરાને મારો તો પણ મા તો ઢીલી જ થઇ જાય. આ બાઇ તો છ છ મોત જોયા પછી પણ ના જ પાડે છે.'

'સાચી વાત છે. ચાલો, આગળ તપાસ કરીએ.'

અચાનક એક બોલ્યો, 'એક ભીંયાં, આ ઘાસમાં તો નથી છૂપાવ્યોને?'

અને રાણી, અમે એવા તો થથરી ગયા કે બસ, હવે આપણી જિંદગી પૂરી થઇ. હમણાં જાહેર થઇ જશું

ભીંયાનો અવાજ આવ્યો, 'બાપા, ઘાસમાં ઘાસ સિવાય શું હોય?'

'પણ એમાં તો નથી છૂપાવ્યા ને?'

'જોઇ લોને બાપા, તમને ખાતરી થઇ જાય.'

એક મારાનો અવાજ સંભળાયો, 'ઘાસમાં ક્યાંથી છૂપાય? તો તો ગુંગળાઇ જાય.'

'છતાં ખાતરી તો કરવી જ પડે.'

'તો અંદર ભાલો ખોસીને ખાતરી કરી લેને. હશે તો ભાલામાં લોહી આવશે.'

અમે હબકી ગયા. હવે?

**અચાનક ઘાસમાં ભાલો પ્રવેશ્યો. રાણી, મારા ડાબા પડખે તે ખોસાયો. ભગવાનનો આભાર કે અણી જ ખોસાઇ અને અટકી ગયો. પછી બહાર નીકળવા લાગ્યો. જોયું તો તેના પર થોડું લોહી હતું. સાહેબજીએ ઝડપથી પોતાની બાંયથી તેને લૂછી નાખ્યું. ભાલાને કોરો કરી નાખ્યો. ભાલો બહાર ચાલ્યો ગયો.**

તેમણે કોરો ભાલો જોયો હશે. એક બોલ્યો, 'અલ્યા, ભાલો તો સાફ છે. નથી લાગતા અંદર પણ.'

કોઇ એકને ગુસ્સો ચડ્યો બોલ્યો, 'સાલા, કકલીયા, બાળી નાખો આ બધું ઘાસ.'

ભીંયા કકલ કરગર્યો, 'ભાઇઓ, આ ઘાસ તો જનાવરો માટે છે. દુકાળ છે. ઘાસ બાળી નાખશો તો ભૂખે મરી જશે બધાં જાનવરો.'

ખબર નહીં, એમને દયા આવી હશે કે જીવદયાની વાત સાંભળી અટકી ગયા હશે પણ ઘાસ બાળ્યું નહીં. અમે નિરાંતનો શ્વાસ લીધો.

ફરી ચાર પાંચ થપ્પડ મારવાના અવાજો આવ્યા. લાગ્યું કે નિષ્ફળતા મળવાને કારણે ભીંયાને ગુસ્સામાં મારી લીધું લાગે છે. ભીંયો ચૂપ રહ્યો.

*સામાની કાળજી રાખવી, તેનું નામ મનુષ્યપણું!*

ફરી પગલાંના અવાજો આવ્યા. જતા હોય તેમ લાગ્યું. થોડી વારે ઘોડાઓના હણહણવાના અને પછી ડાબલાઓના અવાજ આવ્યા. થોડી વારે શાંતિ થઇ ગઇ. બધા ચાલ્યા ગયા.

અને હવે ભીંયાની વહુનો પોક મૂકવાનો અવાજ આવ્યો. અત્યાર સુધી પકડી રાખેલ રડવું છૂટી ગયું.

ત્યાં ઘાસ ખસેડવાનો અવાજ આવ્યો. ભીંયાએ અમને બહાર કાઢ્યા. અમે કપડાં ખંખેરતા બહાર નીકળ્યા.

**બહારનું દ્દશ્ય જોઇને તો અમે અવાક જ થઇ ગયા. છ છોકરાઓનાં માથાં કપાયેલ ધડ જમીન પર પડ્યાં હતાં. છ ડોકાં લોહીથી લથબથ હતાં. વચ્ચે કકલની વહુ બેસી પોક મૂકતી હતી અને છાતી કૂટતી હતી.**

હું તો જોઇ જ ન શક્યો. મેં મો ફેરવી લીધું અને હું પણ રડવા લાગ્યો.

...ખેંગારનો અવાજ ફરી તૂટી પડ્યો. તે ડૂસકું ભરી ગયો. રાણીએ તેના મસ્તક પર હાથ ફેરવ્યો. તેની આંખ પણ ભીની થઇ ગઇ.

'પછી?' તેણે તેને સ્વસ્થ રાખવા આગળ પ્રશ્ન પૂછ્યો.

ખોંખારો ખાઇને ખેંગાર આગળ બોલ્યો.....

થોડીવારમાં છચ્છર બુટો પણ દોડતો આવી પહોંચ્યો. તે ગામ બહાર છૂપાઇ ગયો હતો. વહુની પોક સાંભળી પાસેનાં ઝૂંપડામાં રહેતા લોકો પણ આવી પહોંચ્યા. તેઓ પણ આ ભયાનક દ્દશ્ય જોઇ હબકી ગયા. વહુ તો છાતી કૂટીને જોરથી રડતી હતી.

મારો મોટો ભાઇ આગળ વધ્યો અને ભીંયાનો હાથ પકડી બોલ્યો, 'ભીંયાં, તેં તો ભારે કરી. અમારા બેના જાન બચાવવા તેં તારા છ છ છોકરાઓનો ભોગ આપી દીધો.'

ભીંયા મોં નીચું કરી ચૂપચાપ રડતો હતો. તે જવાબ ન આપી શક્યો.

હું અને સાહેબજી ભીંયાની વહુ પાસે ગયા. તેને પગે લાગ્યા. તેને ઊભી કરી અને તેના ખભા પર માથું રાખીને રડવા લાગ્યા. 'મા, અમને માફ કર. અમે તારા ગુનેગાર છીએ.'

તે રડતી અટકી ગઇ. અમારા બન્નેના માથા હાથમાં લઇ પોતાની છાતીમાં દબાવ્યાં. 'કુંવરો, રડો નહીં.'

'પણ મા,' સાહેબજી બોલ્યો, 'અમારા જેવા નાચીઝ માટે તેં તારા છ છ દીકરાને મરવા દીધા.'

તે બોલી, ઓહો, આજે પણ મને તે વાક્ય અને તેનો ચહેરો યાદ છે- 'કુંવર, અમને તો કૂતરાં જેમ છોકરાં આવે છે. અમારાં ગરીબનાં છોકરાં જીવે કે મરે, તેનાથી કંઇ ફરક ન પડે. કુંવર, તમારે તો રાજ કરવાનું છે.'

'પણ......,' સાહેબજી આગળ બોલવા જતો હતો. તેને અટકાવી તે બોલી, 'જો કુંવર, હું અભણ બાઇ છું. મને બોલતાં નહીં આવડે. પણ મારા આ છોકરા જીવત તો પણ કંઇ ઉકાળવાના ન હતા. ગરીબીમાં જ સબડત અને મરી જાત. આમ મરીને તો પુણ્ય મેળવ્યું છે તેમણે.'

અમે તો સ્તબ્ધ થઇ તેને સાંભળતા હતા.

**'કુંવરો, તમે પણ મારા જ દીકરાઓ છો. અને તમે તો રાજબીજ છો. તમારે કચ્છનું રક્ષણ કરવાનું છે. તમે બચશો, તો કચ્છ બચશે. આ ક્રૂર લોકોને તમે જ કાઢી શકશો. તો જ અમે શાંતિથી રહી શકશું. પોતાનો જાન આપીને આ છોકરાઓએ કચ્છને બચાવ્યું છે.'**

અમે તેનાથી અળગા થયા.

હવે ભીંયો પણ નજીક આવ્યો. 'હા, કુંવરો, અમારી કોઇ કિંમત નથી. અમે તો હોઇએ કે ન હોઇએ, કશો ફરક નથી પડવાનો. પણ તમે હશો, તો કચ્છને જરૂર ફાયદો થશે. કુંવરો, રડો નહીં. પશ્ચાતાપ પણ ન કરો. અમને અમારા દીકરાઓ કરતાં પણ તમે વધુ વહાલા છો.'

પછી છચ્છર બુટા તરફ ફરી બોલ્યો, 'છચ્છર, હવે ભાગો. હજી પણ તું અને આ બે કુંવરો સલામત નથી. આ બધા વધારે ઝનૂની બન્યા હશે. ઝડપથી મોરબી પહોંચો. ધ્યાન રાખીને જજો. પકડાતા નહીં.'

છચ્છર બુટો ભીંયા પાસે આવીને તેને ભેટ્યો. બોલ્યો, 'અલ્યા ભીંયા, તે અને તારી વહુએ આજે જે કામ કર્યું છે, તે તો અજોડ છે. તારો ભોગ જોઇને ખુદા પણ ઢીલા પડી ગયા હશે.'

આજુબાજુનાએ 'સાચી વાત' કહીને સૂર પુરાવ્યો.

**બુટો આગળ બોલ્યો, 'ભીંયાં, તને તો હજાર વાર નમું છું. તું તો ઇતિહાસમાં અમર થઇ જઇશ. કાલે આ ભાઇઓ જો રાજા બન્યા, તો તેનું કારણ માત્ર તમે બન્ને જ હશો.' કહી તે પણ જોરથી રડી પડ્યો.**

વાતાવરણમાં ફરી કરુણતા છવાઇ ગઇ.

ભીંયો અને તેની વહુએ તેને શાંત કર્યો. ભીંયો બોલ્યો, 'છચ્છર, રોવાનો આ સમય નથી. ભાગો હવે.'

વહુ બોલી, 'પણ આ છોકરા ભૂખ્યા હશે.'

અમે માથું હલાવી ના પાડી. પણ તે દોડી અને ઝૂંપડીમાંથી એક રોટલો લઇ આવી. 'કુમારો, આનાથી વધારે તો નથી. તમે એવા અચાનક આવ્યા કે અમારા ગરીબ પાસે તરત તો કંઇ ન હોય. આ છોકરાઓ પણ હજી જમ્યા ન હતા.' બોલી તે ફરી રડી પડી.

હાજર બધા રડી પડ્યા.

એક બે બહેનો પોતાના ઝૂંપડામાંથી થોડું ખાવાનું લઇ આવી. અમને આપ્યું. પણ અમારામાં ખાવાની હિંમત ન હતી.

ભીંયાએ એક ફાટેલાં કપડામાં રોટલા બાંધી આપ્યા અને છચ્છરને તે કપડું આપ્યું. 'બુટા, રસ્તામાં ભૂખ લાગે તો ખાઇ લેજો. હવે ભાગો.'

બે-ચાર જણા પાણી લઇ આવ્યા. અમે પાણી પીધું, ફરી ભીંયા અને તેની વહુને પગે લાગ્યા અને ભાગ્યા.

'........રાણી, આવી મહાન હતી મારી આ મા.' ખેંગાર જોરથી ડૂસકું ભરી

*દુ:ખમાં સમતા ધરવી, એનું નામ તપ.*

ગયો.

રાણીને પણ રડવું આવી ગયું. તે પણ આ વર્ણનનાં દૃશ્યોની કલ્પનાથી ભરાઇ ગઇ હતી. પેલો ભાલો સીધો ખેંગારનાં હૈયામાં જ વાગ્યો હોત તો? તે ધ્રુજી ગઇ.

પણ તરત સ્વસ્થ થઇ ગઇ. બોલી, 'પણ ખેંગાર, તું રાજા થયા પછી તેને ભુજમાં કાં ન લઇ આવ્યો?'

'મને એ વિચાર શું નહીં આવ્યો હોય? અરે, સાપર જીત્યું, ત્યારે જ તે ત્રણેને મારી સાથે આવવા કહ્યું. ત્રણેએ ના પાડી. ભુજમાં સ્થિર થયા પછી એક વાર રૂબરૂ સાપર ગયો હતો અને ખૂબ વિનંતી કરી હતી કે મારા સાથે જ રહો હવે. મારે ઋણ ઉતારવું હતું.'

'પણ કાં ન માન્યાં?'

ભીંયાએ કહ્યું,' રાજકુમાર, અમે તો ગરીબ માણસો છીએ. અમે આ ખૂણામાં જ બરાબર છીએ. અમે ત્યાં ન શોભીએ.'

'મેં કહ્યું, 'પણ તમે મારા સાથે જ રહો. હું તમારા કારણે જ શોભું છું.''

'બેટા, 'ભીંયાની વહુ-મા-બોલી,' અહીં અમારા છ દીકરાની યાદ છે. અમે અહીં જ બરાબર છીએ.'

'મા, તમારું ઋણ મારે ચૂકવવું છે.'

**'અમે એવું કશું નથી કર્યું કે ઋણ ચૂકવે. અમને તો ખુદાએ સૂઝાડયું તે કર્યું. શાંતિથી જા. અમારી દુવા તારી સાથે છે, બેટા.'**

'રાણી, હું તેમને ખૂબ પગે લાગ્યો, કરગર્યો. આજુબાજુ વાળાએ પણ તેમને સમજાવ્યાં. પણ બન્ને ન જ માન્યાં. છેવટે તેનો જે દીકરો બચ્યો હતો, તેને ત્યાં સારા પગારથી સિપાહી બનાવી દીધો જેથી તેમની સ્થિતિ તો સારી થાય. નવું ખોરડું પણ બાંધી દીધું.'

થોડી વાર ખેંગાર શાંત રહ્યો. પછી ફરી બોલ્યો, 'પછી ભીંયો તો બહુ ન જીવ્યો. તેને પોતાના છ છોકરાનો જબરો આઘાત લાગ્યો હતો. મનમાંને મનમાં તે રીબાતો હતો. પરિણામે શરીર બગડતું ગયું. હું તેને મળ્યો પછી થોડો જ સમય તે જીવ્યો. પછી મરી ગયો. વળી મેં છછર બુટાને મારી મા પાસે મોકલ્યો અને માને ભુજ આવી જવા કહેવડાવ્યું. પણ તે ન જ માની. અલબત્ત, તક મળતી ત્યારે હું તેના પાસે જઇ આવતો. તેના ખબર પણ મેળવ્યા કરતો. આ છછર જ તેનું ધ્યાન રાખતો. **અને, રાણી, આજે એ મારી મા પણ મરી ગઇ. મને જીવતો રાખવા પોતાના છ છ છોકરાઓનાં બલિદાન આપનાર આ મહાન બાઇ મરી ગઇ. હું તદ્દન અનાથ થઇ ગયો, રાણી.'**

ખેંગાર જોરથી રડી પડ્યો. તેનું શરીર ધ્રૂજવા લાગ્યું. તે પોતાની જાતને નિયંત્રણમાં રાખી શકતો ન હતો. વારંવાર 'મા....મા....' બોલતો હતો. 'તું મને અનાથ કરી ગઇ' બોલતો હતો. તે રાણીને ભેટીને રડતો હતો.

રાણીએ તેનાં મસ્તક પર હાથ ફેરવ્યા કર્યો.

થોડી વારે તે માંડ શાંત થયો. સ્વસ્થ થઇ બેઠો.

બોલ્યો, 'રાણી, મને થાય છે કે મારે તેનું કંઇક સ્મારક બનાવવું જોઇએ. તારો શું અભિપ્રાય છે?'

રાણીએ હળવેથી જવાબ આપ્યો, 'ખેંગાર, તેને નહીં ગમે. તેને જો પ્રસિદ્ધિ પસંદ હોત, તો તો અહીં આવીને તારો ખૂબ લાભ લીધો હોત. તે અને ભીંયો અજ્ઞાતમાં જ રહેવા માંગતાં હતાં.'

'તો મારે શું કરવું તેમની સ્મૃતિ જાળવવા?'

'તે માટે તારે એવા સારા રાજા થવું કે બધા તને યાદ કરે. બધાને આ પ્રસંગની તો થોડી થોડી ખબર હશે જ. આ વાતને તું પણ જાહેરમાં કહે અને તેની પ્રશંસા કર. એટલે વાત ફેલાઇ જશે. અને પછી તું સરસ રીતે રાજ કરીશ, તો બધા કહેશે કે ભીંયા અને તેની વહુનો ત્યાગ વ્યર્થ ન ગયો. મને લાગે છે કે આ જ તેની કદર છે. હા, તેમના ત્યાગની કીર્તિ કથા બધાએ જાણવા જોઇએ.'

**'સાચી વાત છે, રાણી. મારું સારા બનવું એ જ તેમની સાચી અંજલિ થશે. મારા પછીનો જેટલો પણ વંશ આ ગાદી પર રાજ કરશે, તે બધાને સતત કહેવાશે કે તેઓ ગાદી ભોગવે છે તેની પાછળ આઠ ગરીબોનો ફાળો છે. છ યુવાન છોકરાઓએ પોતાનો જીવ આપ્યો ત્યારે તે બધા મજા કરે છે. રાણી, આજે મારા જન્મ દિવસે, મને સાચી રીતે જન્મ આપનાર અને મને જીવતો રાખનાર આ મહાન બાઇને હું લાખ લાખ વંદન કરું છું.'**

રાણીએ પણ આકાશ તરફ હાથ ઉઠાવી વંદન કર્યાં.

બારીમાંથી પૂર્ણિમાનો ચંદ્ર દેખાવો શરૂ થયો. ■

## ગાંધીનગર – ત્યારે અને અત્યારે

**(અનુસંધાન : પાના નં.-૭૭ ઉપરથી ચાલુ)**

નામના મેળવવાની ક્ષમતા ધરાવતું હતું. પણ હવે અહીં નવા પોલીસ સ્ટેશન સ્થાપવાની માંગ કરવી પડે છે. વૃદ્ધાશ્રમો ઊભા થઇ રહ્યા છે. પડોશીઓ વચ્ચે તકરારના બનાવો પોલીસ સ્ટેશને નોંધાય છે. યુવાન પતિને પત્ની જ ઘરમાં પૂરી રાખે એવુંય બને છે. બંગલા મોટા થતા ગયા પરંતુ મન સાંકડા થતા ગયા અને ઘરની દિવાલો સંબંધમાં ય દીવાલરૂપ બનવા લાગી. હવે પહેલાંની જેમ બીજાના આંખની વેદના ભાગ્યે જોવાય છે.

આ વાત માત્ર ગાંધીનગરની જ નથી. આપણા ગામમાં પણ કદાચ આવી પરિસ્થિતિનું નિર્માણ થયું હશે. **આવો, અષાઢી બીજના પવિત્ર દિવસે એક સંકલ્પ કરીએ. એ આત્મિયતા, લાગણી અને હૂંફનું વાતાવરણ ગામમાં ફરી સર્જીએ. ધર્મના સંસ્કારો ફેલાવીએ, સાથે મળી લોક કલ્યાણની પ્રવૃત્તિઓ વિકસાવીએ અને કદી ન ભૂલાય, ન ભુંસાય એવું પ્રેરણાદાયી વાતાવરણ નવી પેઢી માટે પ્રસ્થાપિત કરી જઇએ.** આપણા જીવનની સાર્થકતા આપણે અનુભવીએ અને આવનાર પેઢી આપણા સ્થાપિત માર્ગને ગુરુદક્ષિણા માની એ માર્ગે આગળ ધપતી રહે.

*પ્લૉટ ૫૭૨/૧/બી, સેક્ટર-૩૦,*
*ગાંધીનગર-૩૮૨ ૦૩૦.*
*ફોન : (૦૭૯) ૨૩૨૬૧૫૭૫*

*આ જગતમાં કોઈ ચીજ મફત ના હોય. તમારું જ છે, તે તમારી સામે આવે છે.*

વ્યક્તિ વિશેષ

# કચ્છના નવનિર્માણના નોંધપાત્ર નેત્રી : સુષમા આયંગર

• રક્ષા મ. વ્યાસ •

કચ્છની મહિલાઓના વિકાસ અને સશક્તીકરણ માટે સમર્પિત સમાજસેવિકા સુષ્મા આયંગરનો જન્મ ૯ જુલાઇ, ૧૯૬૩માં વડોદરા ખાતે થયો હતો. વડોદરા યુનિવર્સિટીમાંથી અંગ્રેજી વિષય સાથે ૧૯૮૩માં સ્નાતક થઇને તેમણે અંગ્રેજી અને તુલનાત્મક સાહિત્યમાં ૧૯૮૫માં અનુસ્નાતક પદવી મેળવી. વધુ અભ્યાસાર્થે અમેરિકા જઇ ત્યાંની કોર્નેલ યુનિવર્સિટીમાંથી મહિલાઓના સંદર્ભમાં 'ડેવલપમેન્ટ કોમ્યુનિકેશન' અંગે 'માસ્ટર ઑફ પ્રોફેશનલ સ્ટડીઝ'ની પદવી પ્રાપ્ત કરી. આ પદવી અભ્યાસમાં તેમણે સંશોધન નિબંધ માટે 'ખેતીમાં કામ કરતી ભારતીય મહિલાઓની પ્રત્યાયન અને માહિતીની જરૂરતો' વિષય પસંદ કર્યો હતો.

અભ્યાસકાળ પછી કારકિર્દીના આરંભે મહિલા સેવાની તીવ્ર આંતરિક ઇચ્છાશક્તિથી પ્રેરાઇને તેમણે સામાજિક ક્ષેત્રે કામની શરૂઆત કરી. પછાત અને ગ્રામ્ય વિસ્તારની બહેનો સાથે કામ કરવા તેમણે કચ્છ જિલ્લો પસંદ કર્યો. કચ્છમાં ભુજને કેન્દ્ર બનાવી તેમણે 'કચ્છ મહિલા વિકાસ સંગઠન' નામની સંસ્થા ઊભી કરી. જેનો હેતુ ગ્રામીણ મહિલાઓને સક્રિય અને સંગઠિત કરીને તાલીમ આપવાનો હતો. અહીં તેમની સાથે ગુજરાત રાજ્ય હસ્તકલા નિગમ દ્વારા ચાલતી 'જનવિકાસ' સંસ્થા જોડાઇ અને તેથી કામોમાં વેગ આવ્યો. 'સંગઠન, સ્વાશ્રય અને સેવા'નું સૂત્ર અપનાવી સાક્ષરતા, હસ્તકલા, ઘરઆંગણાનો બગીચો (કિચન ગાર્ડન), પાણીની પરબો, જળસંચય તેમજ બચત-ધિરાણ કાર્યક્રમો દ્વારા તેમણે ગ્રામીણ અને અભણ મહિલાઓમાં નવજીવનનો સંચાર કર્યો. ગજબના આત્મવિશ્વાસ સાથે તેમણે આ બહેનોને વિવિધ કામો માટે તૈયાર કરી. તેમાં મશીન રિપેરિંગથી માંડી કૂવા-ખોદાઇ જેવાં વિવિધ કામો આવરી લેવાતાં. તદુપરાંત પર્યાવરણ જાળવણી, જમીન માલિકીના હક, ગ્રામ પંચાયતના મહિલા સભ્યોનું સશક્તીકરણ અને તાલીમ જેવા અનેક કાર્યોનું કુશળતાપૂર્વકનું સંચાલન તેમાં સામેલ છે. નખત્રાણા, મુંદ્રા, અબડાસા અને લખપતમાં મહિલા સ્વાસ્થ્ય કાર્યક્રમો દ્વારા સ્વચ્છતા અંગેની નવી સૂઝ પૂરી પાડી. મહિલાઓને આર્થિક સ્વાવલંબનના આશયથી નાના ઉદ્યોગોમાં કાર્યરત બનાવી, કાયદો, શિક્ષણ અને પર્યાવરણ અંગેની સભાનતા પૂરી પાડી. મહિલા સશક્તીકરણની આ પ્રવૃત્તિઓને કારણે ૧૯૯૫નો ચંપાબહેન ગોંધિયા ઍવૉર્ડ તેમને એનાયત થયો. આજે ૨૦૧૦માં આ સંગઠન ૧૪૦૦૦ મહિલાઓને નેતૃત્વ પૂરું પાડે છે. સુષમા આયંગર હાલમાં તેના માર્ગદર્શક તરીકે કામ કરે છે.

કચ્છમાં ૧૯૯૮-૯૯માં બે વાવાઝોડાં આવ્યાં. ૨૦૦૧માં તીવ્ર ભૂકંપ આવ્યો. તેને કારણે ત્યાં ભારે નુકસાન થયું. ગ્રામ્ય પ્રજાજીવન તો અકલ્પ્ય મુશ્કેલીમાં હતું. આ સંદર્ભમાં રાહત અને નવનિર્માણનું કામ કરવા કચ્છની વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા 'કચ્છ નવનિર્માણ અભિયાન' નામે એક નેટવર્ક ઊભું કરવામાં આવ્યું. જેમાં 'કચ્છ મહિલા વિકાસ સંગઠન' જોડાઇ ગયું. તેમાં સુષમાબહેને ૧૯૯૮-૨૦૦૪ દરમિયાન સંસ્થાના મંત્રી રહી તેને વિકસાવવામાં અને તેને દૃષ્ટિસંપન્ન (વિઝન પૂરું પાડવાનું) કરવાનું ભગીરથ કામ કર્યું. ધરતીકંપ અને તે પછીના કપરા સંજોગોમાં ભારે દોડધામ કરી તેમણે વિશ્વભરની વિવિધ સંસ્થાઓનો વિશ્વાસ સંપાદન કરી અનન્ય કામગીરી બજાવી. દિવસ-રાત જોયા વિના, મેલાઘેલાં કપડાં સાથે કચ્છનાં છેવાડાનાં ગામોનો સંપર્ક કરી તેમણે લોકોની જરૂરિયાત જાણી, તે માટેના પ્રોજેક્ટ તૈયાર કર્યા. જરૂરિયાતોના અંદાજ ઘડ્યા અને ચોક્કસ આયોજન સાથે નાના-મોટાં ગામોનો હાથ ઝાલી તેમને બેઠા થવામાં અસીમ સહાય પૂરી પાડી. ભારે પરિશ્રમ માંગી લેતું આ કામ એટલું તો પરિપૂર્ણ હતું કે વિશ્વભરની રાહત સંસ્થાઓએ તેમની સહાયના તમામ સ્રોતો સુષમાબહેન માટે ખુલ્લા મૂકી દીધા. તેમના વડપણ હેઠળ તાતા રિલીફ કમિટી, રેડક્રોસ, સેવ ચિલ્ડ્રન જેવી માતબર સંસ્થાઓએ તાલમેલ સાધ્યો. કશાયે ભેદભાવ વિના તેમણે રાહતસામગ્રીના વિતરણ માટેની વ્યવસ્થા ઊભી કરી અને ધરતીકંપ પછીના કચ્છના નવનિર્માણમાં અડીખમ આધાર બની સતત સેવાકાર્ય કરતાં રહ્યાં.

આ વેળા તેમણે 'કચ્છ નવનિર્માણ અભિયાન'ના કાર્યોને માર્ગદર્શન પૂરું પાડી વિકસાવ્યાં. 'કચ્છ નવનિર્માણ અભિયાન' થકી ગુજરાત સરકાર, ભારત સરકાર, યુનો તેમજ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સાથે સહયોગ સાધી રાહત અને નવનિર્માણના વિવિધ કદમ ઉઠાવ્યા. ૨૦૦૨માં ભારત સરકારના ગ્રામ વિકાસ ખાતા અને યુ.એન.ડી.પી. સાથે મળી દુષ્કાળ સંચાલન સંદર્ભે કામ કર્યું. ૨૦૦૧માં ભૂકંપ પછી ૧૫ થી ૨૦ જેટલાં ગામોનો સમૂહ રચી તેને આવશ્યક એવી બધી માહિતી પૂરી પાડવા તેમજ વિકાસ કામોમાં મદદરૂપ થવા 'કચ્છ નવનિર્માણ અભિયાન' હેઠળ અઢાર 'સેતુ કેન્દ્રો' શરૂ કર્યાં. તેમાં સો જેટલા સામાજિક કાર્યકરો અને વ્યવસાયીઓ (પ્રોફેશનલો) કામ કરે છે. આથી લોકપ્રયાસોને બળ મળે છે અને સ્થાનિક ગ્રામ પંચાયતો સશક્ત બને છે. વિકાસકાર્યોને વધુ ગતિશીલ બનાવવા ૨૦૦૩માં ઇન્ફર્મેશન ટેકનોલોજીની મદદથી 'કે-લીન્ક' કેન્દ્ર પણ 'કચ્છ નવનિર્માણ અભિયાન' હેઠળ શરૂ કર્યું. ૨૦૦૪માં હસ્તકળાના ક્ષેત્રે કામ કરતા કચ્છી કારીગરોને વિવિધ સહાય પૂરી પાડવા 'ખમીર' નામ

*ભગવાન કોના પર રાજી રહે? જે બધાના દુઃખો લઈ લે ને સામાને સુખ આપે, તેના પર.*

ધરાવતું હસ્તકળા સંશાધન કેન્દ્ર શરૂ કર્યું. તેઓ આ સંસ્થાના પ્રમુખ છે.

'કચ્છ મહિલા વિકાસ સંગઠન' અને 'કચ્છ નવનિર્માણ અભિયાન'ના કાર્યોના વ્યાપ સાથે તેમનો કાર્યપ્રદેશ સતત વિકસતો રહ્યો છે. દેશ-વિદેશની ઘણી સંસ્થાઓ સાથે તેઓ પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે સંકળાયેલા રહ્યા છે. તેમાંની કેટલીક સંસ્થાઓમાં તેમની કામગીરી આ મુજબ છે : તેઓ સાંસદોને વિકાસના સંદર્ભે જરૂરી માહિતી પૂરી પાડતી દિલ્હી સ્થિત સંસ્થા 'ડેમોક્રેસી કનેક્ટ'ના પ્રમુખ છે. સજીવ ખેતી પર કામ કરતી કચ્છની જ્ઞાન આધારિત સંસ્થા 'સાત્વિક'ના સંચાલન મંડળના તેઓ સભ્ય છે. 'ધ હ્યુમન એન્ડ ઇન્સ્ટિટ્યૂશનલ ડેવલપમેન્ટ ફોરમ' નામની બેંગ્લોરની સંસ્થાના તેઓ પ્રમુખ છે. આ સંસ્થા વિવિધ રાજ્યોમાં પાયાના સ્તરે નેતૃત્વ અને સંસ્થાકીય સશક્તીકરણનું કામ કરે છે. અમદાવાદમાં કાર્ય કરતી 'જનવિકાસ'ના સંચાલન મંડળના સભ્ય અને ઉપપ્રમુખ છે. ભારતના આયોજનપંચની અગિયારમી પંચવર્ષીય યોજનામાં હસ્તકળા ક્ષેત્રમાંના આયોજનની સમીક્ષા સમિતિના સભ્ય છે. ભારત સરકારના ગ્રામ વિકાસ ખાતાની પેટા સંસ્થા 'નેશનલ મિશન ફોર સસ્ટેનીબિલિટી ઑફ ડ્રિંકિંગ વોટર રિસોર્સીસ'ની સ્ટીયરિંગ કમિટીના તેઓ સભ્ય છે. 'એસ.આર.સી. કચ્છ-ફેબ-ઇન્ડિયા'ના નોનવર્કિંગ નિયામક છે. 'નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સી'માં ડેવલપમેન્ટ ઑફ નેશનલ ગાઇડલાઇન્સ ફોર પોસ્ટ રિકન્સ્ટ્રક્શનના કોર ગ્રૂપના તેઓ સભ્ય છે.

તેઓ ૧૯૯૫માં બીજિંગમાં યોજાયેલી ચોથી મહિલા કોન્ફરન્સની 'ડ્રાફ્ટ પ્લાન ઑફ એક્શન'ની ટીમમાં ભારત સરકારની લોબી ટીમના સભ્ય છે. ગુજરાતમાં 'મહિલા સમાજ અભિયાન'ના પહેલા નેટવર્કના તેઓ સ્થાપક સભ્ય છે. ૧૯૯૮-૨૦૦૩ દરમિયાન ઝુરીચની ઇન્સ્ટિટ્યૂટ ઑફ ડેવલપમેન્ટ સ્ટડીઝના તેઓ મુલાકાતી પ્રાધ્યાપક હતા. ૨૦૦૧થી કચ્છમાંની તેમની પ્રવૃત્તિઓની ઝાંખી આપણે કરી છે. જમ્મુ-કાશ્મીરમાં ઓક્ટોબર ૨૦૦૫ના ભૂકંપમાં ભારત-પાક સરહદ પર પુનઃવસવાટના કામમાં યુ.એન.ડી.પી. સાથે રહી તેમણે માર્ગદર્શન કર્યું. ૨૦૦૮-૦૯ માં વિવિધ રાહતકામોની શક્તિ વધારવા અન્ય સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે સંકલન કરી તેઓ તેમાં સક્રિય માર્ગદર્શન પૂરું પાડે છે.

સુષમાબહેનની આ પ્રવૃત્તિઓના ઘટાટોપે તેમને મજબૂત નેત્રી તરીકે સ્થાપ્યા છે. તેમનાં કાર્યો અંગે તેમને વિવિધ સન્માનો પણ એનાયત થયાં છે. સામાજિક કાર્યો અંગેના ગોંધિયા ઍવૉર્ડનો આપણે અગાઉ ઉલ્લેખ કર્યો છે. તદુપરાંત ૨૦૦૦માં ચંદ્રકાંત અંજારિયા ટ્રસ્ટનો ઍવૉર્ડ, ૨૦૦૧માં 'ડેવલપમેન્ટ કાર્યકર'નો ઍવૉર્ડ તેમને મળ્યા છે. ૨૦૦૫માં 'ઇન્ડિયા ટુડે' દ્વારા દેશની ૩૦ પ્રભાવશાળી મહિલાઓની યાદીમાં તેઓ એક પ્રભાવશાળી મહિલા તરીકે સ્થાન પામ્યા છે. ૨૦૦૭માં સી.એન.એન.-આઈ.બી.એન. દ્વારા જાહેર સેવામાં 'ઇન્ડિયન ઑફ ધ યર'માં પાંચ ઉત્તમ ભારતીયોમાંના તેઓ એક ઉત્તમ ભારતીય પુરવાર થયેલા.

ધરાતલ કક્ષાની આવી કામગીરી દ્વારા તેમણે મહિલા સશક્તીકરણને નવા આયામો પૂરા પાડ્યા છે. મહિલાઓને બેનમૂન નેતૃત્વની દિશામાં પ્રવૃત્ત કરી વંચિત મહિલાઓમાં નવચેતનનો સંચાર કર્યો છે. આ કાર્યો દ્વારા તેમણે મહિલાઓને તેમની શક્તિઓની આગવી અને સાચી ઓળખ પૂરી પાડી છે.

*'સંકેત', સી-૧, પ્રયાગરાજ ફ્લેટ્સ,*
*૨૧, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,*
*એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.*

*(નોંધ :- ગત વર્ષ દરમ્યાન બિહારની કોશી નદીમાં આવેલ પૂરના કારણે ત્યાંના જનજીવનમાં જે ખાનાખરાબી ઉત્પન્ન થઇ તેના નિવારણ અર્થે હાલે તેઓશ્રી પૂરબહારમાં કાર્ય કરી રહ્યા છે અને સ્થાનિક પેદાશો આધારિત ત્યાંના અનેક ગામડાંઓમાં મકાનો ઊભા કરવાના ક્ષેત્રે તથા અન્ય સામાજિક જરૂરિયાતો પૂરી પાડવાના ક્ષેત્રે, તેમના જેવાજ નિષ્ઠાવાન અન્ય અનેક કાર્યકરોની સહાયથી કાર્યરત રહે છે....... – મુખ્ય તંત્રી)*

## જીવન બે નંબરનું

આજના કાળે ચલણમાં માત્ર પૈસા જ બે નંબરના છે એવું નથી, આપણું જીવન પણ બે નંબરનું છે. અસલી જીવન પ્રકાશમાં આવતું જ નથી જે આવે છે એ નકલી જીવન જ આવે છે.

મુખ પરના હાવભાવ - વાણી દ્વારા થતા ઉચ્ચારણો - વ્યક્તિઓ સાથેના વ્યવહારો, શરીર પર દેખાતી ચેષ્ટાઓ, મિત્રો સાથે થતી વાતચીતો — આ બધાય પ્રાયઃ કરીને નકલી છે! બજારમાં જેમ બે નંબરનો પૈસો વધુ ફરે છે અને વધુ ફાવે છે તેમ આજના કાળમાં બે નંબરનું જીવન બાહ્યક્ષેત્રમાં વધુ ફરે છે, વધુ ફાવે છે. બે નંબરના પૈસાનું ચલણ કેટલું નુકસાનકારી છે એની વાત તો પછી કરીશું પણ બે નંબરનું જીવન કેટલું ભયંકર પરિણામ લાવી શકે છે એને તો સતત નજર સામે જ રાખવા જેવું છે. દંભ એ સંસારનો કઠોર સ્તંભ છે. બે નંબરનું જીવન એટલે દંભનું જીવન છે. જ્યાં આવી જીવન પદ્ધતિ છે ત્યાં સંસાર પરિભ્રમણ નિશ્ચિત છે.

એક વાતનો ખ્યાલ રાખજો કે આવા દંભી જીવનથી દુનિયામાં કદાચ ગુણિયલ તરીકે જાહેર થઈ જઈએ - સમાજમાં પ્રતિષ્ઠા મેળવવામાં કદાચ ફાવી જઈએ, સંપત્તિ ઢેરના ઢેર એકઠાં કરવામાં કદાચ સરળ બની જઈએ - તોય એ જીવન શાંતિનો અનુભવ તો નહીં જ કરાવે. પ્રેમ, ક્ષમા, નમ્રતા, સરળતા, સહૃદયતા વગેરે ઉદાત્ત ગુણોના પોષણમાં કેવા ચમત્કાર છે એની ક્યારેય પ્રતીતિ પણ નહિં થવા દે! મોત વખતની સમાધિને લાખો યોજન દૂર ઠેલી દેશે અને પરલોકની સદ્‌ગતિને તો અસંભવિત પ્રાયઃ બનાવી દેશે!

બચવું છે આ સંભવિત પાપોથી તો બે નંબરના દંભી જીવનને છોડીને એક નંબરના સરળ જીવનને દિલથી અપનાવીએ તો બેડો પાર છે.

***સાભાર : 'જૈન પ્રકાશન'***
***પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)***

*ધનપ્રેમીને ગમે છે સોનામહોર,*
*વાંચનપ્રેમીને ગમે ગુલમહોર!*
***મદનકુમાર અંજારીયા 'ખ્વાબ'***

*અજ્ઞાનથી મુક્તિ થઈ, તેનું નામ મોક્ષ.*

જીવન ચરિત્ર

# કચ્છના એક અમર સંતવર્ય મેકણ દાદા

• પ્રા. સૂર્યકાંત ભટ્ટ - ભુજ •

કચ્છ સંતસભર પુણ્યભૂમિ છે. કચ્છના કાવડિયા સંત તરીકે દાદા મેકણ સુવિખ્યાત છે. તેઓશ્રીની તપશ્ચર્યા અને અનેકવિધ ઐશ્વર્યોની વાતો આજે પણ લોકોના હૈયામાં ધરબાયેલી છે. સામાન્ય રીતે સંતોનું અવતરણ લોક હિતાર્થે થતું હોય છે. મેકણ દાદા માનવ સેવાને પ્રભુ સેવા જ માનતા. કચ્છમાં નાની ખોંભળી ગામે તેમનો જન્મ માતા ફાયાબાઈની કૂખે થયો. પિતાનું નામ હળદોરજી. માતાએ પુત્રનું નામ મેકોજી રાખ્યું. મેકોજી લગભગ બાર વર્ષના થયા ત્યારે પિતાએ તેમને ગાયોને ચરાવવાનું કાર્ય સોંપ્યું. બીજી તરફ પોતાના મકાનને રિપેર કરવા જ્યારે મજૂરો દ્વારા ખોદકામ કરાવી રહ્યા હતા ત્યારે જમીનમાંથી વસ્તુઓ ભરેલી એક પોટલી મળી. આ પોટલીમાં તુંબડી, પતર, ચાખડી, પાવડી, ટોપી, ચુંદડીને જોઈ હળદોરજી આશ્ચર્ય પામ્યા. તેમણે આ બધીજ વસ્તુઓ કોઈ સંતને આપી દેવા વિચાર્યું. પરંતુ જ્યારે મેકોજીએ આ ચીજવસ્તુઓ નિહાળી ત્યારે તે તમામ વસ્તુઓ પોતાની જ છે એવો દાવો કર્યો.

બાલ્યાવસ્થાથી જ તેમનો સ્વભાવ વૈરાગ્યવાન હતો. બાળપણથી જ ભજન ભક્તિ કરવાનું તેમનું સવિશેષ અંગ હતું. તેઓએ કચ્છીમાં અનેકાનેક ઉત્કૃષ્ટ પદોની રચના કરી છે તેઓ લખે છે કે -

*'પીર પીર કુરો કર્યો તા, નાંય પીરેંજી ખાણ,*
*પંજ ઈન્દ્રીયું વસ કર્યો ત પીર થીઆં પાણ'.*

પીર જન્મતા નથી, પીરોની કોઈ ખાણ નથી કે જેમાંથી પીર નીકળે પરંતુ કોઈપણ માનવી પોતાની પાંચ ઈન્દ્રિયોને વશમાં રાખે તો પીર કે પછી યોગી બની શકે.

તેમણે સાંસારિક જીવનનો ત્યાગ કરી કચ્છના માતાના મઢના મહંત કાપડી સાદુ ગંગા રાજા પાસે દીક્ષા લીધી. ત્યારબાદ તેઓ સિંધમાં તથા ખાસ તો સૌરાષ્ટ્રમાં તીર્થ સ્થાનોમાં ઘૂમ્યા. ગિરનારમાં બાર વર્ષ ઉગ્ર તપશ્ચર્યા આદરી. માત્ર કંદમૂળ અને ઝરણાના પાણી પર દેહ નિભાવ કરતા. ગિરનારની પરિક્રમા સમયે તેમને ગુરુ દત્તાત્રયે એક કાવડ આપી. ભૂખ્યાને અન્ન અને તરસ્યાને પાણી આપતા રહે તેવા આશીર્વાદ આપ્યા. તેમને કાવડવાળા કાપડીની ઉપમા મળી. સૌરાષ્ટ્રમાં બિલખા મધ્યે પણ તપ કર્યું. ત્યારબાદ કચ્છ વાગડમાં જંગી અને પાવર પટ્ટીના લોડાઈ ગામે પધાર્યા. ત્યારે તેમને સંત નિર્મલગીરીનો ભેટો થયો. આખરે ધ્રંગ ગામે પધાર્યા. સંત મેકણ દાદાની જીવનકાર્યની કર્મભૂમિ તે ધ્રંગ. ભુજ તાલુકાનું આ ગામ ભુજથી ૪૦ કિ.મી.ના અંતરે છે.

ધ્રંગ આવતી વખતે દશનામી સંતશ્રી માયાગીરીજી સ્વામી તથા માતાજી વીરબાઈમાનો પરિચય થયો. કચ્છના રાજવી મહારાવશ્રી દેશળજીએ દાદામેકણનું ગુરુપદ સ્વીકારેલું. 'જીનામ-જીનામ'નો આલેખ જગાવનાર કચ્છના કબીરનું ઉપનામ દાદાને મળેલું છે. તેઓની સાત્વિક પદાવલી માનવતાની શીખ આપે છે-

*"જીયો ત ઝેર ન થીયો, સક્કર થીયો મુંજા સેણ*
*મરી વેંધા માડુઆ પણ રોંધા ભલેંજા વેણ."*

તેઓએ જીવનમાં સાકર જેવા મીઠા શબ્દો બોલીને સદ્‌વર્તન કરવાનું જણાવ્યું. મીઠા શબ્દોથી મનુષ્યના સંબંધો વિકસતા જ રહે છે. માનવી આ ફાની દુનિયા છોડી જાય ત્યારે તેણે વદેલા સારા શબ્દોને લોકો વાગોળતા રહે છે. આ ધ્રંગની ઉત્તરે અફાટ રણ આવેલું છે. આ રણમાં ભૂલો પડેલો માનવી ભૂખ તરસથી મૃત્યુ ન પામે તે સદ્‌ભાવથી સંત મેકણે મોતિયો નામે કૂતરો અને લાલિયો નામે ગધેડો, આ બન્નેને સેવાર્થે તૈયાર કર્યા. ગધેડાની પીઠ પર જે છાંટો બાંધતા તેમાં એક તરફ પાણીનું માટલું રહેતું તો બીજી તરફ બાજરાના રોટલા રાખતા. મોતિયો ભૂલા પડેલા વટેમાર્ગુઓને શોધી કાઢતો. લાલિયો તેની સાથેજ રહેતો- પ્રવાસીઓ કે ભૂલ્યા ભટકયાના જીવ બચી જતા. તેઓ આ પ્રાણીઓ માટે કહેતા કે-

*"લાલિયો મુંજો લખણવંતો ને મોતિયો જેડો ભા,*
*મૂછારા પર ઘોરે ફગાઈયાં, ઈનીજી પૂછ મથાં."*

આ મારો લાલિયો લખણવંતો છે તો મોતિયો ક્યાં ઓછો છે. આ બન્ને ભિન્ન ભિન્ન જાતિમાં જન્મ્યા છે. છતાં પણ બન્ને ભાઈઓ જેવા જ છે. ક્યારેક મને થાય છે કે મરદ મૂછાળાઓને પણ આ બન્નેના કાર્યો જોતાં એમના પૂંછ પરથી જાણે ઓળઘોળ કરી મૂકું! કચ્છના આ અમર સંતે સંવત ૧૭૮૬ના આસો વદ-૧૪ના ધ્રંગ ગામે સમાધિ લઈ જીવનલીલા સંકેલી લીધી. દાદાની સમાધિની સામે તેમના ભાઈ જેમણે મુસ્લિમ ધર્મ સ્વીકારેલો તે પીર પતંગશાહનો કૂબો છે. દાદાની સાથે સમાધિ લેનાર સાથીઓમાં આહિરાણી લીરબાઈ, સાધુ સુંદરદાસ, જોશી પ્રેમજી મહારાજ, ઠકરાણા પ્રેમાબા, કંથળ સુથાર, આહિર વીઘો, પ્રેમાબા જાડા, ખોઅચજી રાજપૂત, તુવર વાઘોજી, રામદે પોત્રા, મોકાના રાજપૂત, દશનામી સંત માયાગીરીજીએ એમની સામે જીવતે સમાધિ લીધેલી. દાદાના અખાડાની બહાર લાલિયા-મોતિયાની પણ સમાધિ આવેલી છે. આવા ભક્તિધામના દર્શને હિંદુ મુસ્લિમ સૌ કોઈ આવે છે.

*૬ એ લીમડા લાઇન, સંસ્કારનગર, ભુજ (કચ્છ)*
*મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

*કેફ ના ચઢે તેનું નામ જ્ઞાન.*

જન્મ શતાબ્દી અવસર (૧૯૧૦-૨૦૧૦)

# આવકવેરા કમિશનર : કે.ડી. ધોળકિયા

• ભરત'કુમાર' પ્રા. ઠાકર •

**જન્મ : ૬ઠ્ઠી જુલાઇ, ૧૯૧૦**

**નિધન : ૧૮મી ડિસેમ્બર, ૨૦૦૧**

### • પ્રાસ્તાવિક :

આઝાદી પૂર્વ અને પશ્ચાત્ આવકવેરા અમલદાર તરીકે દેશભરમાં નવ જેટલાં સ્થળોએ કામગીરી બજાવનાર અને મૂળ કચ્છના વડનગરા નાગર એવા કે. ડી. ધોળકિયા ઉર્ફે કનૈયાલાલ દેવશંકર ધોળકિયા (૧૯૧૦-૨૦૦૧) નું આ 'જન્મ શતાબ્દી વર્ષ' છે. ચાલુ મહિને (જુલાઇ, ૨૦૧૦)માં એમની ૧૦૦મી જન્મજયંતીના અવસરે આ કેન્દ્રીય વેરા અધિકારીનું અત્રે આછેરું જીવન-કવન 'શતાબ્દી સ્મરણાંજલિ' રૂપ બની રહેશે.

### • પ્રારંભથી જ તેજસ્વી પ્રતિભા :

સામાજિક અને સરકારી વર્તુળોમાં જે સંબોધનથી વિશેષ જાણીતા હતા એવા 'ધોળકિયા સાહેબ'નો જન્મ આજથી બરાબર એકસો વર્ષ પહેલાં ૬ઠ્ઠી જુલાઇ, ૧૯૧૦ના ભુજ ખાતે થયો હતો. કિશોરાવસ્થામાં માતાપિતાની છત્રછાયા ગુમાવનાર કનૈયાલાલ અભ્યાસમાં પહેલેથી જ હોંશિયાર હતા. મેટ્રિકની પરીક્ષા સારા ગુણાંકે પસાર કરતાં એમને ભાવનગરની શામળદાસ કૉલેજની શિષ્યવૃત્તિ મળી.

ભાવનગરના તત્કાલીન રાજવી કૃષ્ણકુમારસિંહજી, રાજ્યના દીવાન તથા કવિ એવા પ્રભાશંકર દલપતરામ પટ્ટણી અને તેમના પુત્ર અનંતરાય પટ્ટણીનો પ્રેમ સંપાદન કર્યો હતો. રાજકુમારને સાથ આપી શકે તેવા તેજસ્વી વિદ્યાર્થી તરીકે એમની પસંદગી થયેલી! અહીંના ઉચ્ચ અભ્યાસમાં તેઓ ગણિતશાસ્ત્રમાં આગળ વધ્યા. કૉલેજકાળ દરમ્યાન ટેનિસ, બોટિંગ આદિમાં પણ કુશળતા દાખવી. ભાવનગરમાં મહારાવકુમાર, પટ્ટણીસાહેબ ઉપરાંત ઘણા સજ્જનોના પ્રીતિપાત્ર બનેલા.

સ્નાતક થયા બાદ તેમને વધુ અભ્યાસાર્થે ભાવનગર રાજ્ય તરફથી વિલાયત જવાની શિષ્યવૃત્તિ મળતાં ધોળકિયાજી ૧૯૩૩માં ઈંગ્લેન્ડ ગયા. જહાજી સફર માટે તેઓ મુંબઇ પહોંચ્યા. તે વખતની ક્ષણો યાદ કરતાં તેઓ કહેતા કે કચ્છના વિખ્યાત અર્થશાસ્ત્રી અને રિઝર્વ બેન્ક ઑફ ઇન્ડિયાના ડેપ્યુટી ગવર્નર પદે રહેલા પ્રૉ. જે. જે. અંજારિયાએ મને ત્યાંનાં રીતભાત, શિસ્ત, શિષ્ટાચાર (મેનર્સ, ડિસિપ્લિન, એટિકેટ) વગેરે બાબતે મને માર્ગદર્શન આપેલું. ત્યાં કેમ્બ્રિજમાં ભણ્યા અને ગણિત વિષયમાં 'રેન્ગલર ડિગ્રી' પ્રાપ્ત કરી પાછા ફર્યા.

### • આવકવેરા વહીવટમાં નિષ્ણાત :

દરમ્યાન પાટણના નાગર અને ગાયકવાડ રાજ્યના નાયબ સૂબા રામશંકર ત્રિવેદીની પુત્રી સરોજ સાથે લગ્ન થયાં. (એમના સાળા નંદકિશોર ત્રિવેદી કેમ્બ્રિજમાં એમના સહાધ્યાયી હોતાં પરિચય સંબંધમાં પરિણમ્યો.) લગ્ન બાદ દોઢેક વર્ષ ભાવનગરમાં અધ્યાપન કાર્ય કર્યું. ફરી રાજ્ય તરફથી મુંબઇમાં આવકવેરા વહીવટનું શિક્ષણ લઇ આવ્યા બાદ 'એકાઉન્ટન્ટ જનરલ' પદે નિમાયા. રાજ્યમાં આવકવેરો-વેચાણવેરો નાખવા અને ઉઘરાવવાની તમામ વ્યવસ્થાનો ભાર તેમનો સોંપાયો હતો.

કચ્છના તત્કાલીન મહારાવ ખેંગારજી-ત્રીજા ઈંગ્લેન્ડ ગયેલા ત્યારે એમણે ધોળકિયાને ભણ્યા પછી કચ્છમાં નોકરીએ લાગવાનું આમંત્રણ આપેલું, પરંતુ પોતે શિષ્યવૃત્તિ શરતને આધીન હોવાથી તે સવિનય નકારેલું. તેથી કચ્છાધિપતિએ ભાવનગર નરેશને વાત કરતાં તેઓ ૧૯૪૩-૪૪માં મહારાવ વિજયરાજજીનાં વખતમાં એક વર્ષ માટે કચ્છમાં રહ્યા હતા.

૧૯૪૭માં આઝાદી બાદ કે.ડી.ધોળકિયા કેન્દ્ર સરકારના આવકવેરા અને વેચાણવેરાના મદદનીશ આયુક્ત તરીકે ૧૯૪૮-૫૨ સુધી રાજકોટમાં રહ્યા. અહીં એમણે કરવેરા માળખું વ્યવસ્થિત કર્યું. ૧૯૫૩માં બેલગામ, ૧૯૫૪માં પુના, ૧૯૫૭માં શિલોંગ અને ૧૯૫૮માં પુનઃ પુનામાં નિમણૂક પામ્યા. તે પછી તેઓ બેંગ્લોર, હૈદ્રાબાદ અને છેલ્લે દિલ્હી ખાતે નિમાયા, જ્યાંથી તેઓ ૧૯૭૦માં કમિશનર ઑફ ઇન્કમટેક્સના હોદ્દા પરથી નિવૃત્ત થયા. નિવૃત્તિ બાદ સરકારે તેમની 'એપેલેટ ટ્રિબ્યુનલ ઑફ ડાયરેક્ટ ટેક્સીસ'ના હિસાબી સભ્ય પદે નિયુક્તિ કરી હતી.

### • સામાજિક સંબંધોના પરિપ્રેક્ષ્યમાં:

૧૯૭૦-૯૩ સુધી એમણે દિલ્હી અને ભાવનગર ખાતે નિવૃત્ત જીવન ગાળ્યું હતું. ૧૯૯૪થી તેઓ અમદાવાદ સ્થાયી થયેલા. ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યપ્રધાન ઘનશ્યામભાઈ છોટાલાલ ઓઝાના તેઓ અંગત મિત્ર હતા. યુવાકાળે ટેનિસ-બોટિંગની જેમ જીવનમાં બે બાબતો વૉકિંગ અને બ્રિજની રમતના પણ ખાસ શોખીન રહ્યા હતા.

કચ્છના રાજાશાહી વખતના કેળવણી અધિકારી વસંતરાય નિર્ભયશંકર પટ્ટણી એમના બનેવી થતા હતા. તો કચ્છના પ્રથમ મહિલા ધારાસભ્ય ત્રિલોચનાબહેન ઉષાકાંત ધોળકિયાના તેઓ મામા થતા હતા. ધોળકિયા સાહેબનાં ચાર સંતાનોમાં મોટા પુત્ર શિશિરભાઈ સુપ્રીમ કોર્ટમાં ઍડવોકેટ છે. તે પછીના સુધા નિખિલ મહેતા યુનિવર્સિટી પ્રાધ્યાપક હતા અને અમદાવાદમાં રહે છે. ત્રીજા ક્રમના મીના મૌલીન દેસાઈ (કોલોરાડો)

(અનુસંધાન : જુઓ પાના નં.-૧૦૬ ઉપર)

*જે મળે તેનાથી ચલાવી લેવું, તેનું નામ ત્યાગ.*

## ભાવાંજલિ

# જિતેન્દ્રભાઈ અંતાણી (જીતુભાઈ) સંદર્ભ સાહિત્યનો ભંડાર હતા



કચ્છના જાણીતા શિક્ષણવિદ્ અને મંગલ મંદિર પરિવારના લેખક પ્રા. જિતેન્દ્ર નાનાલાલ અંતાણીનું ભુજ ખાતે ગત બીજી જૂનના ટૂંકી માંદગી બાદ અવસાન થતાં કચ્છના શિક્ષણ અને સાહિત્ય જગતમાં ઊંડા શોકની લાગણી ફેલાઈ હતી. તેમની ઉંમર ૬૯ વર્ષની હતી. ભુજની જે.બી. ઠક્કર કોમર્સ કૉલેજમાં અર્થશાસ્ત્ર વિષયના પ્રાધ્યાપક તરીકે તેમણે લાંબા સમય સુધી કાર્યરત રહી વિદ્યાર્થી આલમમાં સારી લોકચાહના મેળવી હતી. તેઓ પોતાના સમાજ અને મિત્ર વર્તુળમાં જીતુભાઈના નામથી જાણીતા હતા.

તેઓએ ભુજના દૈનિક "કચ્છમિત્ર"માં છેલ્લા પંદર વર્ષથી વિદ્યાર્થીઓને કારકિર્દી માર્ગદર્શન આપતી કટાર 'તે થાવ સાબદા....'નું સંપાદન કરી રહ્યા હતા અને તે દ્વારા સમગ્ર કચ્છના વિદ્યાર્થીઓમાં લોકપ્રિય બન્યા હતા. આ ઉપરાંત તેઓ 'કચ્છમિત્ર'માં જ છેલ્લા સાડા પાંચ વર્ષથી શ્રી નરેશભાઈ અંતાણી સાથે 'જ્ઞાતિ ગંગા કચ્છની' કટાર અંતર્ગત કચ્છની જ્ઞાતિઓનો પરિચય પણ કરાવી રહ્યા હતા. જે પૈકી કેટલીક જ્ઞાતિઓનો પરિચય 'મંગલ મંદિર'માં પણ કરાવાયો હતો. આજ રીતે સ્વ. જીતુભાઈથી 'મંગલ મંદિર'ના વાચકો પણ પરિચિત છે જ. તેઓ મંગલ મંદિરના પ્રત્યેક અંકમાં કંઈક ને કંઈક નવું પીરસવા તત્પર રહેતા.

સદ્ગતની ઈચ્છા અનુસાર તેમના ચક્ષુઓ તથા દેહનું દાન કરવામાં આવ્યું હતું. ત્યારે તેમના પરિવારજનો ઉપરાંત ગુજરાત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ અને સ્વ. જીતુભાઈ સાથે અત્યંત નીકટનો સંબંધ ધરાવતા કુંદનભાઈ ધોળકિયા, કચ્છમિત્રના તંત્રી કીર્તિભાઈ ખત્રી તથા અનેક મહાનુભાવો જેઓ એમના સંપર્કમાં હતા તથા અનેક સ્નેહીજનોએ સ્વર્ગસ્થને ભાવભરી અંજલિ આપી હતી.

મંગલ મંદિરના તંત્રીમંડળ અને શ્રી કચ્છી જૈન સેવા સમાજને પણ એક સારા લેખકની ખોટ પડી છે. સ્વર્ગસ્થના આત્માને પ્રભુ શાશ્વત શાંતિ અર્પે એ જ પ્રાર્થના. ■

સાહિત્ય આચમન

# અષાઢસ્ય પ્રથમ દિવસે....

• ડૉ. ગિરીશ વીછીવોરા •

લાંબી ખેપ, હજારો કિલોમીટરનો પ્રવાસ, પાછો ભાતીગળ એવો કે 'હું તો કોને ભૂલું ને કોને સંભારું' જેવું થાય. છએક મહિનાથી તડામાર તૈયારી કરતો જ રહું, મારા ઉગમસ્થાનની તો હવે સૌને ખબર છે, છતાં કહું છું કે પૂર્વમાં અફાટ દરિયા વચ્ચે પેસિફિક મહાસાગરમાં ઓસ્ટ્રેલિયાથી પશ્ચિમે ને વેસ્ટ ઇન્ડિઝથી જરાક પૂર્વે 'અલ નીનો' કરીને એક વિસ્તાર છે. જરા વિચિત્ર ખરી. પેલા બર્મ્યુડા ટ્રાએંગલની જેમ 'અલનીનો' વિશે પણ થોડીક વાયકાઓ વહે છે ખરી. ખરું કહું તો એવું કંઈ નથી. મૂળમાં તો આ બધી કુદરતી કરામત છે. એકાએક મારા વિસ્તારમાં પાણીની હૂંફ વધે, ઊથલપાથલ થાય, વહેણ વહેતું રહે, દિશા દરિયા ખેડૂઓની જેમ બંધાયેલી જ હોય. નીકળી પડું, રસ્તો ભૂલવાની જરાય ફિકર નથી. અમારા હોકાયંત્રો ક્યારેય દગો દે નહિં. વહેલું મોડું થાય તે ખરું, પણ આજકાલ શું સમય પ્રમાણે થાય છે? છતાં જરા મોડો પડું તો તમે તો તરત જ કહી બેસો. આ વરસાદ રાજકારણીઓને શરમાવે એવો હરામખોર થઈ ગયો છે! સાંભળી લઉં. આટલા જળજથ્થાનું વહન કરનારને છોટા હૈયાના થવું કેમ પાલવે? વિમાન ઊડાણ પટ્ટી પર સરકતું દોડતું દોડતું છેવટે અફર ઉપડે તેવું જ મારું થાય. વાદળાં બંધાય ને વિહંગમાં વિહરતો થાઉં. લાંબી મજલ, પવનના સહારે વિહરવાનું, વધારામાં તમ લોકોની લોભામણી હરકતો એટલે જરા વહેલો મોડો થાઉં. હા, તમે તો પેલો કવિ કાલીદાસ લખી ગયો 'અષાઢસ્ય પ્રથમ દિવસે...' એટલે એ જ પૂંછડું પકડી લીધું. ભઈ, જરા ખમૈયા કરવાના હોય!

આખરે હું પણ આદમી તો ખરો જ ને. જરાકશી મોજમજા અહીં તહીં ભમતા કરી લઉં તો એમાં શું ખોટું? એમ તો મારું જાસૂસી તંત્ર પણ કાર્યરત હોય જ છે. આગળની વાટની બધી માહિતી મળતી રહે છે ને તે પ્રમાણે મારા પ્રયાણના પ્રોગ્રામને, અપડેટ કરતો રહું છું. સમય સાથે કદમ મિલાવવા જ પડે ને! જાસૂસો કહે કે તમતમારે જલસા કરતા રહો, જેટલા મોડા આવશો એટલા મહાન ગણાશો. તો કહો, હું એવું શું કામ ન કરું? આજકાલ કોને ભાવ જોઈતો નથી?

'અલનીનો'થી નીસરું કે શરૂઆતની મારી વાટ જરાક કંટાળાભરેલી ખરી. અફાટ દરિયા વચ્ચે ક્યાંય જમીન નહિ. વરસું તોયે શું કામનું? બે જણ વાહવાહ કહે તો જરા પોરસ ચડેને! માલદીવ ટાપુ દેખા દે કે હું જરા ચંચળ થઈ જાઉં. ભૈ ત્યાંનું વાતાવરણ જ રમતીલું. ત્યાંની છોડીઓ હરખપદુડી થઈ, કમરે જરાકશી પોતડી ને છાતી પર મોટાં ફૂલોની માળાથી જ પોતાના પયોધરને પંપાળતી મને ઘેરી લે. ભલા, આખર ઇન્સાન તો ખરો ને! સુંદર કપડાં, સાફો ને ઉપર કલગી, ભેટે તલવાર, મૂછને તાવ દેતો, મોજડીઓ મચમચાવતો જરાકશો છોડીઓ સાથે ફેરફૂદરડી ફરી લઉં તો શું ખોટું?

વરુમ, વરુમ, વડકમ, વાંગો જેવા સત્કારસૂચક શબ્દોથી ગગન ગાજી રહે. કેરાલીઓ તો રીતસર એમની લાંબી તીર જેવી નૌકાઓથી સામૈયું કાઢે. હારતોરા પહેરાવે. ઘરમાં પધરાવે ને સંગીત ને કથકલ્લી નૃત્યની રમઝટ બોલાવે. પેણે તામિલનાડુમાં ભરતનાટ્યમ થા થા થૈ થૈ થઈ રહે. હવે જરા શરમાઈ, નેત્રોની સંતાકૂકડી કરી લઉં તો શું બગડ્યું! નીકળી પડું ને થોડી વારમાં તો બરી, બરી, આવો, આવોના ઉચ્ચારો કન્નડ પટ્ટાને પુથીઓ વદતા વદતા અહીં તહીં દોડાદોડી કરતા રહે - સાવ નાગા. ખાંગો થઈ જાઉં ને દોડતા બાળકોને નવડાવી દઉં. ત્યાં તો અદ્‌ભુત સંસ્કાર સ્વભીનીઓની સોડમાં ભરાતો સંગીત નૃત્યને શિલ્પને માણતો અનરાધાર વરસી પડું. અતિ વર્જયતેની ખબર ખરી, પણ ભાઈસાહેબ આવા અતિ સ્વાગતથી અડવાણી જેવા ખંધા ખુંધા રાજકારણીએ પણ ખત્તા ખાધા તો હું કઈ વાડીનો મૂળો! તાતડીથી બીજો પુરવઠો મંગાવી લઉં.

ખંઈ ગેલો'તો! આમી વાટ ભગું કંટાળલો! ગોવાની રમણીઓ તો મને પહેલા જ ફેણી પાઈ ફેણ ફુલાવતો કરી દે. નાગનું ડંશવાનું દાંત જ તમે કાઢી લો. પછી એ શું કરે? બળદ બની શ્રીકાર વર્ષી ગોવાનું ગોવર્ધન કરી દઉં.

કોંકણની લાલ માટી ને કોંકણી બહેનોની કસકસતી સાડી મને બહુ ગમે. મસ્તીમાં આવી જઈ ક્યારેક કુલા પર જરા ટપલી પણ મારી લઉં. હરખાતી માનુની વદી ઊઠે, મેલ્યા પાઉસ. લઈ આગાઉપણા કરતો. દાંત કાઢે ને મારા બંધ છૂટે. ગોવા, કોંકણ, કેરાલા કે કર્ણાટક હરિયાળી હરિયાળી હસું હસું થતી બોલાવતી રહે ને તમે જ કહો, હું હરખપદૂડો શું કામ ન થાઉં? ઉમંગમાં જ અવનીની સાવ સમીપે થઈ જાઉં, લીલાંછમ ડુંગરો ને ટેકરીઓ પર આળોટતો રહું. તરુવર મારાથી તરબોળ થાવ ને ખાટલા જેવા કોંકણના ખેતરોમાં લાવણી કરતી શેતકરીન બહેનોના ભાતીગળ ચિત્રને જોતો રહું.

મુંબઈની વાત મૂકો. 'હું તો કોને ભૂલું ને કોને સંભારું, મારા નેણમાં સમાયા નંદલાલ રે, મારી મટુકડીમાં જમનાનાં નીર!' બહાવરો થઈ જાઉં. આખું ભારત જ જ્યાં ભેગું થયું છે, ઢોલ, તાંસા ને શરણાઈ, નોબત ને સોબત, જુવાન છોકરડાઓ જે ધીંગા મસ્તી ને ધકધકથી ધરા ધ્રુજાવે તે જોઈ હર્ષોલ્લાસમાં ગરજી ઊઠું. મારી ગર્જનાનો જ પડઘો પાડતા હોય તેમ પંડિતવર્ય ભીમસેન જોશી ગાઈ બેસે,

*જેનું મન ના બગડે, તેનું કોઈ કાર્ય ના બગડે.*

'બરસત, ગરજત, આઈ બદરીયા...' બસ થઈ રહ્યું. રાજીનો રેડ થઈ જાઉં. મારા અંગત સેક્રેટરીને આગળના પ્રોગ્રામમાં ફેરફાર કરવાની સૂચના આપી દઉં. અંગત સેક્રેટરી ટાઈમ બાઉન્ડની વાત ઉપાડે કે ગયો. લાલ આંખે લચકાતો લતા મંગેશકરને લહેરથી માણતો રહું.

પાવનો આવ્યા કે એ ક્યારે જશે તેની ખાતરી કરી લેવામાં મુંબઈગરો મેડલ લઈ શકે. એ પ્રમાણે પોતાનું સમયપત્રક બનાવે. મને વસવસો આવ્યો સમજી બે દિવસ જરૂર હરખાય. હું પડ્યો જ રહું કે મુંબઈગરા વિમાસણમાં પડે. વાહન વ્યવહારને રોજિંદુ કામ ખોટકાય તે કેમ પાલવે? ત્યારે જ મોઢું ફેરવી લે. સંભળાય પણ ખરું, 'ભઈ ત્યાં સરોવરોમાં વરસ. પાણીકાપથી છૂટીએ. કામ કરનારી બહેનો તો સંભળાઈ દે, મેલ્યા પાઉસ, પાય પસરુન બસલા તે નીગાયચા નાવ પણ ઘેત નાંહી. હું ઉપડું.

'આવ રે વરસાદ, ઘેબરિયો પરસાદ, ઊની ઊની રોટલી ને કારેલાનું શાક.' ગરવી ગુજરાતણો મને અક્ષતે વધાવે. ઓવારણા લે ને રાસડાની રમઝટ એવી તો બોલાવે, પાણી પાણી થઈ જાઉં. જળબંબાકાર કરી દઉં. લોકમાતાઓ હિલોળે ચડે. બે કાંઠે છલકે. અતિ ઉત્સાહમાં ક્યારેક તો નુકસાન પણ કરી બેસું. શું થાય? આખરે મને પણ લાગણીઓ તો ખરી જ ને. એનો પડઘો. સામો આવકારે તો કેમ ન પાડું. સૌરાષ્ટ્રમાં વરસું તો ખરો, બાજરાનો રોટલો ને ભીંડાનું શાક ઉમંગથી આરોગું પણ અહીં પહોંચ્યો ત્યાં સુધીમાં તો મારી ખરચી ખૂટી જાય ને તિજોરીનું તળિયું દેખાતું થાય. છતાં કહેવું પડે. લોકો બહુ ઉમરાવ દિલના. થોડોક વરસું તોયે વધામણા કરે ને વધાવી પણ લે.

'મીં આયો, માંધો આયો, ધડકી ઊંઢી લાડો આયો' કચ્છડામાં પહોંચું ત્યાં સુધીમાં તો હું ખોડંગાતો થઈ જાઉં. એટલે તો મારું નામ જ 'મંઢો મીં' પાડી દીધું છે. વધ્યોસધ્યો, થોડો પણ વરસ્યો તો લોકો રાજીના રેડ થઈ જાય. નદીમાં પૂર આવ્યું, તળાવ ઓગનાયું. તો તો વારી જાય. હમીરસર તળાવ ઓગનાય એટલે ભુજવાળા ભજિયાં ખાય. લોકોનો આવો ઉત્સાહ મને પોરસ ચડાવે. અહીંતહીંનું બધું ઉંસેટી વરસી પડું. પાણી વહી નીકળે, નદીનાળાં છલકાય ને ખેતર મલકાય. આવું જોઈ લોકહૈયાં હિલોળે ચડે. ધીંગામસ્તી ને ધોલધપાટ થાય. ભલે વરસ્યો. તળાવમાં પાલર પાણી આવે. બહેનો હાંડા ગાગરની હેલ લઈ ઉપડે પાણી ભરવા. એ દૃશ્ય જોઈ જરાક થંભી જાઉં. ગાગર હાંડાની આંખમિચોલી જોતાં યુવાની યાદ આવે. હાંડાને ગાગરની આંખ લડે. મારા બેટા, આમ આંખ ભટકાવે ને દેખાડો એવો કરે જાણે ઝઘડતાં હોય. હાંડો અલમસ્ત ગોધા જેવો તો ગાગર ગામડાંની ગોરી. હાંડા પર ચડી બેસે તે હાંડાને કેમ ગમે? ભુરાયો સાંઢ થાય. ગાગરની છેડછાડ પણ કરે. ગાગર મચક ન દે ને ઓઢણીનો છેડો દાંતે પકડી હાંડા પર ટેસથી બેસી આજુબાજુના દૃશ્યનું વિહંગાવલોકન કરતી જાય. જે હાંડાને કમને સાંભળવું પડે. અંઘોળ કરી યજ્ઞોપવિત સરખું કરતાં સંત શિરોમણિ વૃક્ષો મૃદુ હસતાં રહે ને એ બધું માણતાં માણતાં જીવતર ધન્ય થયેલું ભાસે. સંતોષનો ઓડકાર ખાતો ચકરાવો લઉં ને ફરી પાછી એ જ જૂની ને જાણીતી વાટ પકડું. ■

વિચાર વિમર્શ

# ભારતમાં લગ્નપ્રથા પ્રાચીનથી અર્વાચીન સમય સુધી

• મગનલાલ મોતીચંદ સંઘવી •

પુખ્તવયના સ્ત્રી પુરુષ વચ્ચે સ્વેચ્છાએ બંધાતા યૌન સંબંધો તથા લીવ-ઈન જેવા સંબંધો બાબત હાલમાં જ આવેલ સર્વોચ્ચ અદાલતના ચુકાદાના સમાજમાં તીવ્ર છતાં મિશ્ર પ્રત્યાઘાતો પડ્યા છે. કેટલાકને આમાં ભારતીય સંસ્કૃતિની હાનિ દેખાઈ, જ્યારે અન્ય કેટલાકના મતે આ ચુકાદો યોગ્ય અને સમયસરનો છે.

ભારતીય એટલે કે વૈદિક કે હિંદુ સમાજમાં લગ્ન પ્રથા અને જાતીય સંબંધો બાબત પ્રાચીનકાળથી વર્તમાન સુધી શું પરિસ્થિતિ રહી છે તેનો ઇતિહાસ જોતાં કેટલીય આશ્ચર્યજનક હકીકતો સામે આવશે.

પ્રાચીન સમયમાં, એટલે જ્યારથી કૃષિ અને ગ્રામ્યજીવન શરૂ થયું ત્યારે લગ્ન જેવી પ્રથાનું અસ્તિત્વ જ ન હતું એમ કહીએ તો આંચકો લાગશે, પણ એ હકીકત છે. ત્યારે સ્ત્રી પુરુષ એકબીજા સાથે બંધાઈને રહેતા ન હતા. સંબંધો મુક્ત હતા.

મહાભારતના આદિપર્વમાંની કથા એમ કહે છે કે આજથી લગભગ ૨૮૦૦થી ૩૦૦૦ વર્ષ પહેલાં શ્વેતકેતુ તેની માતા અને પિતા ઉદ્દાલક ઋષિ સાથે રહેતા હતા ત્યારે અન્ય બ્રાહ્મણે તેની માતાને દેહસંબંધ માટે પોતાની સાથે આવવા અનુરોધ કર્યો અને માતાએ એનો સ્વીકાર કર્યો. શ્વેતકેતુએ આ બાબતને અયોગ્ય કહી વિરોધ કર્યો ત્યારે પિતા ઉદ્દાલકે (તે વખતના) સમાજમાં પ્રચલિત પ્રથા અનુસાર એ યોગ્ય હોઈ માતાને જવા દેવાનું કહ્યું! શ્વેતકેતુએ ત્યારે પ્રતિજ્ઞા કરી કે આવી સ્વચ્છંદ પ્રથાનો અંત લાવશે. તેમણે ઋષિપદ પ્રાપ્ત કર્યા બાદ એ પ્રથા વિરુદ્ધ લોકમત જાગૃત કરીને સ્ત્રી પુરુષ એકબીજા સાથે જોડાયેલા રહે એવા નિયમો બનાવ્યા. આ હતી આપણી આદિ લગ્ન પ્રથા.

પરંતુ ત્યારબાદ પણ સહજીવનના બંધનો ઘણા શિથિલ હતા. તેના ઘણા દાખલા પ્રાચીન સાહિત્યમાં મળે છે. ત્યારે લગ્ન બહારના સંબંધો પ્રચલિત હતા અને સમાજમાં સ્વીકાર્ય પણ હતા! એ માટે કોઈની બદનામી થતી ન હતી. દાખલા જોઈએ :

વિશ્વામિત્ર - મેનકા : કથા અનુસાર ઋષિનો તપોભંગ કરવા ઈન્દ્રે અપ્સરાને મોકલી અને એમાં એ સફળ રહી. પુત્રી શકુંતલાના જન્મ સુધી સાથે રહ્યા અને પુત્રીને છોડીને મેનકા ચાલી ગઈ. અહીં વિશ્વામિત્રનું મહર્ષિપદ અને મેનકાનું અપ્સરાપદ યથાવત્ રહે છે!

પુત્રી શકુંતલાની કથા મહાકવિ કાલીદાસે તેમની અમર કૃતિ “અભિજ્ઞાન શાકુન્તલ”માં વર્ણવી છે. કણ્વ ઋષિની પાલક પુત્રી શકુંતલાએ યુવાન વયે મહારાજા દુષ્યંત સાથે ગાંધર્વ વિવાહ કર્યા. સીધેસીધા જ શરીરસંબંધ દ્વારા થતા આ વિવાહ તે વખતે પૂર્ણપણે સ્વીકાર્ય હતા, અને કરનારાની પ્રતિષ્ઠા પણ યથાવત્ રહેતી.

આજ મહાકવિ કાલીદાસની અન્ય કૃતિ “વિક્રમોર્વશીયમ્” પણ આવી જ કથા કહે છે. ઈન્દ્રના શાપથી પૃથ્વી ઉપર આવેલ અપ્સરા ઉર્વશી વિક્રમ (પુરુરવા) સાથે એ શરતે જોડાઈ કે સમય પૂરો થયે એ ચાલી જશે. ૭ પુત્રો થતાં સુધી તે સાથે રહી ને ચાલી ગઈ.

અહીં વિશ્વામિત્ર - મેનકા અને પુરુરવા ઉર્વશીના સંબંધોને ‘લીવ-ઈન’ ન કહી શકાય?

રામાયણમાં અહિલ્યાની પ્રચલિત કથા એવી છે કે ઈન્દ્રે ગૌતમ ઋષિ (અહિલ્યાના પતિ)નું રૂપ ધારણ કરી દગાથી અહિલ્યાને ભોગવ્યા અને ઋષિના શ્રાપથી શિલા થઈ ગયા બાદ રામે તેનો ઉદ્ધાર કર્યો.

વાલ્મિકી રામાયણ સ્પષ્ટપણે કહે છે કે અહિલ્યા ઈન્દ્રને ઓળખી ગયા છતાં પોતાના અતુલ્ય રૂપના ગર્વમાં ભૂલ કરી બેઠા. ઋષિ ગૌતમે તેમને ઉગ્ર તપ કરવાની આજ્ઞા કરી અને રામના આગમન સાથે તપ પૂર્ણ થયા બાદ તેમનો સ્વીકાર કર્યો.

આગળ મહાભારત કથા ઉપર આવીએ તો તેના પાત્રોના સંબંધોનો એવો ગૂંચવાડો છે કે મગજ કામ ન કરે, પણ સાથે એવા તે સમયમાં કેવી કેવી પ્રથાઓ - રિવાજો અસ્તિત્વમાં હતા તેનું વ્યાપક સ્વરૂપ જોવા મળે છે.

આજ સુધીના દુનિયાના સાહિત્યમાં જેનો જોટો નથી એવા આ મહાકાવ્ય તથા સાથે ગીતા તેમજ ભાગવતના રચનાકાર મહર્ષિ વેદવ્યાસ પોતે એક શુદ્ર કહેવાતી માછીમારની કન્યા અને પરાશર ઋષિના સંબંધથી જન્મ્યા હતા. એ કન્યાને પાછું ઋષિએ વરદાન આપ્યું કે આવું થયા બાદ પણ તે અક્ષતયોનિ કુમારિકા જ રહેશે! શ્રીમદ્ ભાગવત અનુસાર વ્યાસજી ભગવાનના ગૌણ અવતારોમાંના એક હતા.

પાંડવ - કૌરવોના દાદા, મહારાજ શાંતનું સાથે ગંગાનું લગ્ન પણ શરતી હતું. ૭ નવજાત પુત્રોને ગંગામાં વહાવી દીધા બાદ કોઈ સવાલ નહિં કરવાની શરતનો રાજાએ ભંગ કરતાં આઠમા પુત્ર દેવવ્રતને સોંપીને ગંગા વિદાય થયા. બાદમાં એજ માછી કન્યા ઉપર મોહીને માગું કરતાં માછી પિતાએ શરત મૂકી કે તેની કન્યાના વંશજોને જ હસ્તિનાપુરની ગાદી મળે. આ શરત પૂરી કરવા દેવવ્રતે આજીવન કુંવારા રહેવાની પ્રતિજ્ઞા કરી. એ બાદ તેઓ ભીષ્મ કહેવાયા.

*જેમ બુદ્ધિ વધે તેમ બળાપો વધતો જાય.*

આમ માછી કન્યા સત્યવતી હસ્તિનાપુરની મહારાણી બની.

દુર્ભાગ્યે સત્યવતીના બંને સંતાનો યુવા વયમાં જ નિઃસંતાન મૃત્યુ પામ્યા. હવે? વંશ આગળ કેમ ચાલે?

એ સમયના રિવાજ મુજબ નિઃસંતાન વિધવા અન્ય કોઈપણ યોગ્ય પુરુષ સાથે દેહસંબંધ બાંધીને સંતાન પ્રાપ્ત કરી શકે. આ પ્રથાને નિયોગ કહેવામાં આવતી. આ માટે ભીષ્મ યોગ્ય વ્યક્તિ હતા, પણ તેમણે પ્રતિજ્ઞાભંગ કરવાની ના કહી, વ્યાસજીનું નામ સૂચવ્યું. સત્યવતીએ પુત્રને ભાઈઓની વિધવાઓને સંતતિદાનની વિનંતી કરતાં તેમણે સ્વીકાર કર્યો અને બંને પુત્રો ધૃતરાષ્ટ્ર અને પાંડુ મળ્યા. વ્યાસજી જેવા સમર્થ પુરુષના પુત્રો આવા કેમ? એક અંધ અને બીજો રોગી? કથા એવી છે કે વ્યાસજી દેખાવે બહુ કુરુપ હતા. નિયોગ વખતે જે રાણીએ આંખો બંધ કરી દીધી તેને અંધ ધૃતરાષ્ટ્ર મળ્યા અને બીજી રાણી વ્યાસજીને જોઈને ફિક્કી પડી ગઈ. તેને પાંડુરોગી પાંડુ મળ્યા. આજ સમયે એક દાસીએ વ્યાસજીને તેમની મહત્તા ઓળખીને ભાવપૂર્વક સંતતિ દાનની વિનંતી કરી તેનો પણ વ્યાસજીએ સ્વીકાર કર્યો અને એ રીતે જન્મેલા દાસીપુત્ર તે જ્ઞાન અને ડહાપણના ભંડાર મહાત્મા વિદૂર!

ઉત્તમ સંતતિ માટે કોઈ વિધિની આવશ્યક્તા નથી એનો આથી સારો દાખલો ક્યાં મળે?

મહાભારતમાં અન્ય એક બાબત પણ ધ્યાન દેવા યોગ્ય છે. થોડું વિષયાંતર કરીને એ જોઈએ. હસ્તિનાપુરનો સમગ્ર રાજવંશ ક્ષુદ્ર માછી કન્યા સત્યવતી અને તેના પુત્ર વ્યાસજીનો છે. અહીં વર્ણવાદ - વંશવાદનો છેદ જ ઊડી ગયો! કોણ ક્ષત્રિય અને કોણ ક્ષુદ્ર?!

મહાભારતમાં લીવ-ઈન જેવા પ્રસંગો બન્યા છે. ભીમ અને હિડંબા ઘટોત્કચના જન્મ સુધી જ સાથે રહ્યા હતા. એજ રીતે અર્જુન મણિપુરની રાજકુમારી ચિત્રાંગદા સાથે ૩ વર્ષ જ રહ્યો હતો.

શ્રીમદ્ ભાગવતના આદિ કથાકાર શુકદેવજી પણ વ્યાસજી સાથે ધૃતામી નામની અપ્સરાના સંબંધથી જનમ્યા હતા. પાંડવ કૌરવોના શસ્ત્રગુરુ દ્રોણાચાર્ય પણ આજ ધૃતામી અને મહર્ષિ ભારદ્વાજના સંબંધથી જન્મ્યા હતા!

આ બધું મહાભારત વાંચવાનો એકમાત્ર ઉદ્દેશ એ જ કહેવાનો છે કે પ્રાચીન ભારતમાં સ્ત્રી પુરુષના સ્વેચ્છાએ થતા શરીર સંબંધોને ક્યારેય પાપરૂપ ગણ્યા નથી. બલકે સ્થળ, સમય અને સંયોગોની જરૂરિયાત મુજબ યોગ્ય પણ ગણ્યા છે. આવા સંબંધો બાંધનારાઓમાં જે જે પ્રતિષ્ઠિત મહાનુભાવો હતા - તેઓની પ્રતિષ્ઠામાં લેશમાત્ર ઘટાડો થયો નથી.

એમ કહી શકાય કે આ બધી પ્રાચીન સાહિત્ય કથાઓ એ રચનાકારની કૃતિઓ છે. આ વાતમાં સત્યાંશ હોઈ શકે, પણ સાહિત્યકારની કૃતિઓમાં પણ એ વખતના રીતરિવાજો, પ્રણાલિકાઓનું પ્રતિબિંબ અનિવાર્યપણે પડતું જ હોય છે.

પ્રાચીન છોડીને વર્તમાનમાં આવીએ. હવે પછી કશુંય કાલ્પનિક નહીં હોય.

ભૂગોળ ભણનારા જાણે છે કે યુરોપ તથા અમેરિકા ખંડના ઉત્તર ભાગમાં ઇનુદત અથવા ઍસ્કિમો વસે છે. અતિ ઠંડા પ્રદેશમાં વર્ષભર બરફના ઈગ્લુમાં તેઓ રહેતા હતા. નિર્વાહ મુખ્યત્વે શિકાર ઉપર જ. પુરુષ વર્ગ શિકારે નીકળે ત્યારે આશ્રય લેવો હોય તો જે નજીકનું ઘર (ઈગ્લુ) હોય એમાં આશ્રય લઈ શકે. ઘરની સ્ત્રી આતિથ્યમાં પોતાની જાતને પણ અર્પણ કરી શકે. આ સહજ રિવાજ હતો. આ બહુ દૂરની વાત થઈ, પણ આવો જ રિવાજ સોએક વર્ષ પહેલાં આપણી નજીકમાં જ હતો!

મહાપંડિત રાહુલ સાંકૃત્યાયન (જન્મ ૧૮૯૩) યુવાન વયમાં બૌદ્ધ ધર્મની દીક્ષા લઈ વીસેક વર્ષ સુધી સમગ્ર ભારત, હિમાલયના દુર્ગમ પ્રદેશો, તિબેટ વગેરે જગ્યાઓએ લગભગ પગપાળા ફર્યા ત્યારે એ દુર્ગમ પ્રદેશો, જ્યાં યાતાયાતની વ્યવસ્થા લગભગ હતી નહિં ત્યાં પણ આવો જ રિવાજ હતો અને સામાજિક રીતે સ્વીકાર્ય હતો. પંડિતજીએ પોતાના પુસ્તક ''વોલ્ગા ટુ ગંગા''માં આ વાત નોંધી છે.

આજથી ૪૦-૫૦ વર્ષ પહેલાં મારી પેઢીની વ્યક્તિઓએ હાલના છત્તીસગઢના બસ્તર જિલ્લાના આદિવાસીઓમાં પ્રચલિત ઘોટુલના રિવાજ વિશે વાંચ્યું હોય કદાચ. પુખ્તવયના કુમાર-કુમારિકાઓ ઘોટુલ નામની જગ્યાએ સામૂહિક રીતે રાત વિતાવે, છૂટથી શરીર સંબંધો બંધાય, બાળકો પણ થાય અને બાદમાં લગ્ન થાય!

આવી પ્રથાઓ બાદમાં સમય અનુસાર નબળી પડી હોય અથવા બંધ પણ થઈ હોય.

કેરળના નાયરોમાં પુત્રીને જ વારસો મળે એવો રિવાજ હોવાના કારણે મામા ભાણેજના લગ્નો પ્રચલિત હતા. પાછળથી પુત્રોને પણ વારસો મળે એવો કાયદો થતાં આવાં લગ્નો બંધ થયાં.

આપણા ગુજરાતમાં જ કોઈ કોઈ જ્ઞાતિમાં દિયરવટાનો રિવાજ નજીકના ભૂતકાળમાં જ હતો. હજુ પણ ક્યાંક હશે.

ભારતના મોટાભાગના હિંદુઓમાં પ્રચલિત શિવલિંગ પૂજા તેમજ ખજુરાહો, કોણાર્ક જેવા અન્ય મંદિરોમાં ખુલ્લેઆમ કંડારાયેલા મૈથુન શિલ્પો, આ બધાંનો શું અર્થ છે? અર્થ એ જ છે કે કામ એ પ્રાણીમાત્રના, સૃષ્ટિના સર્જનનું મૂળ છે, પાપ નથી.

અહીં અતિરેક કે સ્વચ્છંદતાની દલીલ થઈ શકે. નિશ્ચિતપણે એ નુકસાનકારક છે. એના દુષ્પરિણામ ઍઈડ્સ કે એવા અન્ય રોગના સ્વરૂપમાં સમાજમાં દેખાય જ છે. કોઈપણ બાબતમાં અતિરેક અને સ્વચ્છંદપણાથી નુકસાન થાય જ.

આ બધો ભૂતકાળ ઉખેડવાનું પ્રયોજન એ જ બતાવવાનો છે કે ભારતીય સંસ્કૃતિએ ઘણા ઉતાર ચઢાવ જોયા છે, ઘણા અખતરાઓ કર્યા છે અને ભવિષ્યમાં પણ થશે. સતત પરિવર્તનશીલ રહેલી આ સંસ્કૃતિ એટલી નબળી નથી કે લીવ-ઈન જેવા મામૂલી અખતરાને જીરવી ન શકે.

*અહંકારની નિવૃત્તિ, એનું નામ મુક્તિ.*

સર્વોચ્ચ અદાલતના માનનીય જજ સાહેબોએ રાધાકૃષ્ણના પ્રેમનો ઉલ્લેખ કર્યો. એમાં ઘણાને અયોગ્ય લાગ્યું હતું. પણ જ્યાં ભારતભરના સાહિત્ય, સંગીત અને કલાજગત રાધાકૃષ્ણના પ્રેમ પ્રસંગોની કથાઓ, ગીતો, ચિત્રો, શિલ્પો આદિથી ભર્યા પડ્યા હોય ત્યાં જજસાહેબો શું કરે? આપણા સાહિત્ય સ્વામીઓએ ભગવાનને પણ ક્યાં છોડ્યા છે! આ બધામાંથી રાધાને બાદ કરો તો બાકી રહે એ કેટલું ફિક્કું લાગે!

આવી સાહિત્ય કૃતિઓમાં મુખ્ય એવી બે ને જોઈએ.

પહેલી કૃતિ મહાકવિ કાલીદાસની "કુમાર સંભવમ્" છે, જે શિવજીએ ત્રીજું નેત્ર ખોલીને કામદેવને ભસ્મ કર્યો એ પ્રસંગ માટે પ્રખ્યાત છે. પણ એ સિવાય એમાં પાર્વતીજીના સૌંદર્યનું સરસ વર્ણન છે, ઉપરાંત કુમાર કાર્તિકેયના જન્મ સુધીના પ્રસંગોનું શૃંગાર પ્રચૂર વર્ણન છે.

બીજી કૃતિ તે કવિ જયદેવની "ગીત ગોવિન્દમ્". આમાં રાધા કૃષ્ણની ભક્તિ અને શૃંગારનું જબરું મિશ્રણ છે. તેની શરૂની ભક્તિ રચના અષ્ટપદી પ્રખ્યાત છે અને કવિના સમયથી આજ સુધી પૂરીના જગન્નાથ મંદિરમાં દરરોજ પ્રભાતે ગવાય છે. (કવિએ મોટાભાગની જિંદગી પૂરીમાં જગન્નાથની ભક્તિમાં જ વિતાવી હતી.) આ ભક્તિપ્રધાન શૃંગારિક (કે શૃંગાર પ્રધાન ભક્તિયુક્ત) રચનામાં રાધાકૃષ્ણના વિરહ અને મિલનનું વર્ણન એટલું મુખર (બૉલ્ડ) છે કે તેના કેટલાક શ્લોકોના અનુવાદ અહીં લખી પણ ન શકાય!

આવું હોય ત્યાં જજ સાહેબોને ક્યાં દોષ દેવાય? બાકી સંભવતઃ કૃષ્ણ ૧૧ વર્ષની ઉંમરે જ ગોકુળ છોડી ગયા હતા, હંમેશ માટે.

વર્તમાનમાં પાછા ફરીએ તો રજિસ્ટર્ડ વિવાહની પદ્ધતિ અને તેને કાયદાનું સમર્થન મળતાં પારંપરિક વિધિનું પણ અનિવાર્યપણું રહ્યું નથી. સ્ટેમ્પ પેપર ઉપર આજીવન સાથે રહેવાના કરાર કરો એટલે વાત પૂરી. વળી આવા વિવાહ ટકી જાય અને વિધિસર ના તૂટે એવું પણ બનતું રહ્યું છે. આખરે સંસ્કાર કોઈ વિધિમાં નહીં પણ પરણનારના દિલમાં જ હોય છે.

એક વાત નક્કી છે કે જબરદસ્તીથી, અનિચ્છાએ, દબાણપૂર્વક સોદાબાજીથી થયેલા તથા બાળલગ્નો, ભલે વિધિસરના હોય, એનાથી સમજણપૂર્વક થતા લીવ-ઈન કરાર સારા. શક્ય છે કે ભવિષ્યમાં આવા કરારોને આજના રજિસ્ટર વિવાહની જેમ કાયદાનું સમર્થન પણ મળે. માત્ર એમાં 'આજીવન' શબ્દ ન હોય.

કોઈ પદ્ધતિનો પક્ષ લેવાનો હાલ સવાલ નથી. સારું - ખરાબ એ તો ભાવિ જ નક્કી કરશે પણ આવી બાબતોથી ભારતીય સંસ્કૃતિને મોટી હાનિ પહોંચે એ વાતમાં બિલકુલ દમ નથી.

*વિગતોનો આધાર : જે તે જગ્યાએ ઉલ્લેખ કરેલ છે. એ ઉપરાંત પં.રાહુલ સાંકૃત્યાયનના પુસ્તક 'માનવ સમાજ.'*

***ત્રિવેણી બંગલો,***
***એચ.પી. પેટ્રોલ પંપ પાસે,***
***સત્યમાર્ગ, બોડકદેવ,***
***અમદાવાદ-૩૮૦ ૦૧૫.***

# મીઠાશના બે બોલ

• ગુલાબચંદ ધારશી રાંભિયા •

રોજબરોજના જીવનમાં એવા તો કેટલાય પ્રસંગો બનતા હોય છે અને એ સહજ હોય છે, સારા હોય છે, વખાણવાલાયક હોય છે, પ્રશંસાને પાત્ર હોય છે પણ આપણે દિલથી એટલા બધા કંજૂસ થઈ ગયા છીએ કે પ્રશંસાના - મીઠાશના બે બોલ બોલવા આપણને સૂઝતા નથી અને સૂઝે તો તેને ટાળીએ છીએ.

પ્રશંસા અને એ પણ પોતાની હોય ત્યારે આનંદ તો થાય જ અને પ્રશંસા એટલે ખોટા વખાણ એવું થોડું છે? એ તો કોઈના પણ સારા ગુણ બદલ વ્યક્ત કરેલી એક કૃતજ્ઞતા છે, એ ગુણના સ્વીકારની ઉદારતા છે. પ્રશંસા એ તો સૂરજનો તડકો છે, જેને લીધે હૃદયનું ફૂલ ખીલે છે અને ખુશીથી ભરાઈ જાય છે. માણસને પોતાની અંદર એક નવું બળ, નવી સક્રિયતા અનુભવાય છે.

કેટલાક લોકો એમ માને છે કે પ્રશંસા ન કરવી જોઈએ. પ્રશંસા કરીએ તો વિકાસ અટકી પડે. છોકરાઓ કોઈપણ સારું કામ કરે કે ભણવામાં સારું પરિણામ લાવે તો પણ આવા મા-બાપ તેમની પ્રશંસા કરતા નથી. તેઓ એમ માની લે છે કે પ્રશંસા કરીશું તો તે આટલાથી જ સંતોષ માની લેશે અને વધારે મહેનત નહીં કરે.

કેટલાક લોકો પ્રશંસા તો કરે છે પણ જોઈએ ત્યારે ને તેટલીવાર નહીં. મોટાભાગે તો લોકો બીજાની ટીકા જ કરતા હોય છે. આપણે પોતે તો પ્રશંસા સાંભળીને રાજી થતા હોઈએ છીએ પણ બીજાની પ્રશંસા કરવાની આવે ત્યાં સંકોચાઈ જઈએ છીએ. પતિઓની પ્રશંસા કરવી જોઈએ એવા ઘણા પ્રસંગો પત્નીઓ ચૂકી જાય છે. એવી રીતે પતિઓ પણ પત્નીના ગુણો કે સારપ પ્રત્યે અસાવધ બની રહે છે.

યોગ્ય સમયે પ્રશંસાના બે શબ્દો કહેવાની ટેવ આપણને ન હોય તો તે પ્રયત્નપૂર્વક કેળવવી જોઈએ. મીઠાશના આ બે બોલ સાંભળીને સામી વ્યક્તિને જે આનંદ થાય છે તેનો થોડોક અંશ આપણામાં પણ આપણે અનુભવી શકીશું.

પ્રશંસા કરવાની મોટાભાગના લોકોને ટેવ નથી હોતી એનું કારણ કદાચ એ છે કે આપણે પોતે પણ આપણી પ્રશંસા સાંભળીને સંકોચ કે લજ્જાનો અનુભવ કરીએ છીએ. આ કારણે આપણે મોં પર કોઈની પ્રશંસા કરતા અચકાઈએ છીએ પણ પત્ર કે મિત્ર દ્વારા બીજા સુધી આપણી પ્રશંસા પહોંચાડવાનું પસંદ કરીએ છીએ.

અમુક અમુક વખતે પ્રશંસા કરવાનું આપણું કર્તવ્ય આપણે માનીએ છીએ. કોઈના ઘેર જમવા ગયા હોઈએ ત્યારે તેમની રસોઈની કે તેમના સંતાનોની વાત થતી હોય ત્યારે સંતાનોની હોંશિયારીના આપણે વખાણ કરીએ છીએ. કોઈએ કશી મહેનત લઈને કોઈ વસ્તુ બનાવી હોય તો તે આપણને દેખાડે તો તેના વખાણ કરીએ છીએ પણ એવા બીજા અનેક પ્રસંગો ને લોકો છે જેમના સંબંધમાં પ્રશંસા કરવાનો આપણને કદી ખ્યાલ નથી આવતો.

દા.ત. રોજબરોજના જીવનમાં છાપાવાળો મોડો આવે તો આપણે તેને વઢીએ છીએ પણ રોજ તે નિયમિત છાપુ આપી જાય તો તેને આપણે કશું કહેતા નથી. ઈસ્ત્રીવાળાને કદી કહેતા નથી કે તેં ખૂબ સરસ ઈસ્ત્રી કરી છે. ઘરકામ કરનારને કદી કહેતા નથી કે તેં આજે વાસીદું ખૂબ સારું વાળ્યું છે કે લાદીઓને પોતું સારું માર્યું છે.

જે લોકો એક જ પ્રકારનું કંટાળો આપે તેવું એકધારું કામ કરતા હોય તેમના પર પ્રશંસાના બે શબ્દોની ઘણી મીઠી અસર થાય છે. હોટલના વેઈટર, પટાવાળા, બસ કન્ડક્ટર અને ઘરની ચાર દીવાલોમાં કામ કરતી સ્ત્રીઓ.

શેક્સપિયરે કહ્યું છે કે આપણી પ્રશંસા, એ આપણું વળતર છે. કુશળ મા-બાપ પ્રશંસાની મહત્તા સમજે છે. બાળકોને વઢી ધમકાવીને જે કામ નથી કરાવી શકાતા તે કામ પ્રશંસાના બે-ચાર મીઠા શબ્દો દ્વારા કરાવી શકાય છે. જે શિક્ષકો વિદ્યાર્થીઓને ભણાવતી વખતે યોગ્ય સમયે પ્રશંસાનો પ્રયોગ કરે છે તેમની પરીક્ષાનું પરિણામ સારું આવે છે. વિદ્યાર્થીની નોટબુકમાં લાલ શાહીથી ચોકડા કરીને ભૂલ દેખાડવાને બદલે શિક્ષક એની કઈ કઈ બાબતો સારી છે તે તરફ ધ્યાન ખેંચે તો તેની અસર ઘણી સારી થાય છે. વિદ્યાર્થી પણ જ્યારે કોઈ ખાસ મહેનત લઈને કામ કરે છે ત્યારે તે ઈચ્છે છે કે શિક્ષક એ તરફ ધ્યાન આપે અને તેના વખાણ કરે, પ્રશંસા ન મળતાં તેનો ઉત્સાહ મરી જાય છે અને દિલ દઈને મહેનત કરવાની ભાવના તેના દિલમાં ફરી ઉઠતી નથી.

કેટલાક લોકોને પોતાની શક્તિની જાણ નથી હોતી અથવા પોતાની અણઆવડતનો સ્થિર થઈ ગયેલો ખ્યાલ હોય છે તેવે વખતે તેમની પ્રશંસા થતાં તેઓ પોતાની શક્તિને નવા પ્રકાશમાં જુએ છે ને પોતાની આવડત જોઈને નવાઈ પામે છે.

પ્રશંસા કરવામાં કોઈ મોટો ખર્ચ કરવો પડતો નથી. બસ જરા વિચાર કરવો પડે, યાદ રાખવું પડે પણ એનો ઘણો ફાયદો થાય છે. માર્ક ટ્વેઈને કહ્યું હતું કે પ્રશંસાના બે શબ્દો સાંભળી હું બે-ત્રણ મહિના સુધી ખુશ રહી શકું છું.

તો બસ, હવે પછી બીજાઓની યોગ્ય સમયે, યોગ્ય કાર્ય માટે પ્રશંસા કરીને તેમના હૃદયમાં આનંદ અને ઉત્સાહનું અજવાળું ફેલાવો. એ અજવાળું તમારા પોતાના હૃદયને પણ પ્રકાશિત કરશે અને તમને પોતાને પણ ખુશી અને પ્રેરણાનો અનુભવ થશે.

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ,*
*વસંત નગર સોસાયટી, ગોપાલચોક,*
*મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

*મદ વધી જાય ત્યારે લક્ષ્મીજી જવાની તૈયારી કરે.*

# આ પણ આપણો વારસો

• કીર્તિચંદ્ર શાહ •

કોઈપણ જિજ્ઞાસુ કે મુમુક્ષુ જેને નજરઅંદાજ ન કરે — ન કરી શકે — તેવો તત્ત્વજ્ઞાન - તત્ત્વદર્શનનો ભવ્ય વારસો સનાતન પંથ પાસે પણ છે. અને એ ચરમસીમાએ છે. એ દિશામાં ચર્ચા - સંવાદ - વિવાદ ચાલ્યા કરતા હશે. પરંતુ અનેક સદીઓ પહેલાં જે કાંઈ લાધ્યું એમાં કોઈ ઉમેરો થયો નથી. અનેક ઋષિમુનિઓ, સંતોએ કરેલ સાધના અને મંથનનું એ પરિપાક છે. એમનામાં હશે, તટસ્થ નિરીક્ષણ શક્તિ અને સત્યને પામવા / જીરવવાની ક્ષમતા. એમ લાગે છે કે શબ્દરૂપે આનાથી વધુ ગહન કક્ષાએ પહોંચાય નહિં. અનુભૂતિની વાત જુદી છે. અનુભૂતિ જ એમનું ગંતવ્ય સ્થાન હશે.

હાલ પ્રચલિત બધા ધર્મોની પ્રરૂપણા પ્રમાણે કાર્ય, ક્રિયાઓ (મનસા-વચસા-કાયસા) અને એના શુભાશુભ પરિણામો (એટલે કે કર્મબંધન) અનિવાર્ય રીતે જોડાયેલા છે. જ્યારે સનાતન માર્ગમાં અહર્તા ભાવના કર્મોનો ખ્યાલ છે. અહર્તાભાવથી થયેલ કર્મોના કર્મબંધ નથી. તેવું જ સહજ કર્મોનું. દા.ત. ફૂલનું ખીલવું, પાણીનું વહેવું વગેરે વગેરે. અહીં કર્મો સંચિત થતા નથી.

પ્રાણશક્તિની વિચારણા, એનું વિજ્ઞાન (પ્રાણાયામ) એ પણ મૌલિક, વૈજ્ઞાનિક ઢાળવાળું, નિરીક્ષણનું પરિણામ છે. જીવિત જગતને ઊર્જા આપનાર, ચલાયમાન કરનાર, જીવન સંવર્ધક એ પ્રાણવાયુ છે એ તો ખરું. પરંતુ શરીર જીવાત્મા - જગતને સાંકળનાર તત્ત્વ પણ એ જ છે. પ્રાણશક્તિની હસ્તીનું દર્શન એ નોંધપાત્ર છે.

બીજી નોંધપાત્ર વાત છે શરીરને ચેતનનું મંદિર સમજવાની. અહીં દેહ કે ઈન્દ્રિયોની નિર્ભત્સના નથી. દેહદમનને ગુણકારી ગણાતું નથી. એ યાદ રહે કે ચેતન દેહમાં છે અને દેહના ધર્મો ચેતનવશ છે. આપણે આપણી મર્યાદિત દૃષ્ટિથી આનાથી પાર કશું જોઈ શકતા નથી. દેહ અને ચેતન બંને સંપૂર્ણ અસ્તિત્યગત્ છે. એ આપણા સર્જન નથી. એ આપણી ઉપલબ્ધિ છે. જોકે દેહને ઇંદ્રિયોમાં લીંપાયેલા રહેવું એ આડખીલી છે.

વળી જગતના દૃષ્ટિગોચર પંચમહાભૂતો, એના રૂપ રંગ ધ્વનિ અને ત્રિગુણ (સત્ત્વ રજસ તમસ)ની વિસ્તારથી વિચારણા થયેલ છે. આ જ્ઞાનનો ખજાનો સાધક અને સંસારી બંનેને ઉપલબ્ધ છે અને બંનેને પોષે છે.

વ્યક્તિગત જીવનના સ્તરો (બાલ્યાવસ્થા) સમાજકારણ, રાજકાજના પાસાંઓનું ચિંતન થયું. તેમજ જીવનના શક્ય પ્રયોજનો, કામ-અર્થ-ધર્મ-મોક્ષની વિશદ્ છણાવટ થઈ. વ્યક્તિનું જીવન અને સમાજનું જીવન એ રીતે ઘડાયા પણ ખરા.

જીવનને અર્પિતભાવથી, તર્પણરૂપે જીવવાનો આદર્શ વાસ્તવમાં પણ વિકસ્યો.

આપણા સૌના ધાર્મિક સંસ્કારમાં મોક્ષ / નિર્વાણના ખયાલ છે. અતિ સુંદર ખયાલ છે. લક્ષ્ય તરીકે જોઈએ તો ઉત્કૃષ્ટ છે. એથી આગળ, એથી વિશેષ કશું પામવા જેવું નથી. સનાતન માર્ગમાં જીવાત્માનું પરમાત્મા સાથે મિલન કે પરમાત્મામાં વિલીનીકરણની કલ્પના છે. મારી સમજ પ્રમાણે આ બધામાં કોઈ વિરોધાભાસ નથી.

પરંતુ સનાતન માર્ગમાં એક લક્ષ્યાંક છે અમન અવસ્થા / સમાધિભાવમાં પહોંચવાનો. એ રાહનું ખેડાણ પણ થયું છે અને એ આનંદની વાત છે કે આ કલ્પના માત્ર કલ્પના નથી રહી. અનેક સાધક ત્યાં પહોંચ્યા છે. કોઈપણ કાળમાં આવા સિદ્ધયોગી મળશે. કોઈ એકએક સોપાન સિદ્ધ કરીને પહોંચ્યા, તો કોઈએ છલાંગ લગાવી. તો કોઈને અસ્તિત્વે ત્યાં લાવી મૂક્યા. અને કલા - ખાસ કરીને સંગીતની સાધના કરતાં સમાધિભાવમાં પણ પહોંચ્યા છે.

આ ઘટનાક્રમ અદ્ભુત છે.

ધાર્મિકતા - આધ્યાત્મિક્તા એ કોઈ સામાજિક ઘટના નથી. નથી એ સાંપ્રદાયિકતામાં. સૂત્રશ્રવણ - પઠન માર્ગદર્શન આપે. પણ એ ધાર્મિક્તા નથી. સમાજે આપેલ નીતિમત્તા ધાર્મિકતા નથી. આધ્યાત્મિક્તા એ સર્વાંશે નિજી ઘટના છે. જેણે ગોળ ખાધો એને ગળપણનું જ્ઞાન થયું. ગળપણની વાતો બધી ફોકટ છે.

એટલે જ ધાર્મિકતા નિજી મૌલિક પુરુષાર્થથી ખીલે છે. અહીં ગાણિતિક ચોક્સાઈ કે સાંપ્રદાયિક પાઠમાળાનું કંઈ કામ નથી. ધાર્મિકતા એ નિજની અનુભૂતિથી ઓછું કશું નથી.

સમાધિભાવ / અમન અવસ્થા માટે પણ અહમ શૂન્યતા (પોતાની બનાવેલી ઓળખ / માન્યતાઓ / પસંદગીઓ) અનિવાર્ય છે. સાધકોના સ્તર અને ક્ષમતા જુદા જુદા હોય એટલે જ્ઞાનયોગ - કર્મયોગ - ભક્તિયોગનો વિકાસ થયો હશે.

એ જે હોય તે. પણ કોઈપણ લેબલધારી માર્ગને પકડી રાખવાનું હિતકારી નથી.

*હમારી જહાંસે આગે એક જહાં ઓર ભી હૈ*
*હમારા પારિવારિક માર્ગ સે આગે એક માર્ગ ઓર ભી હૈ.*

*૧૩, ઋષભ મહલ,*
*ઑફ હાજીબાપુ રોડ,*
*મલાડ (ઈસ્ટ),*
*મુંબઈ-૪૦૦ ૦૯૭.*

*જ્યાં આગ્રહ ત્યાં પકડ, ને પકડ ત્યાં વ્યથા.*

તંદુરસ્તી

# સ્મૃતિભ્રંશ (DEMENTIA)

• ડૉ. (પ્રો.) મણિલાલ ગડા, ડૉ. દીપ્તિ એસ. શાહ (ગડા) •

- **સ્મૃતિભ્રંશ (ડિમેન્સિયા) :**

સ્મૃતિભ્રંશ એ એક મગજની બીમારી છે. આમાં મનના કાર્યો ખાસ કરીને યાદશક્તિ ઓછી થઈ જાય છે. આથી વ્યક્તિને રોજિંદા કાર્યો કરવામાં મુશ્કેલી પડે છે. વ્યક્તિઓના નામ ભૂલી જવાય છે. ઘણી વખત નજીકના પરિવારની વ્યક્તિઓના નામ પણ ભૂલી જવાય છે. વસ્તુઓ ક્યાં મૂકી છે એ ભૂલી જવાય છે. આથી મુશ્કેલીઓ સર્જાય છે. આ બધું એ વ્યક્તિને પહેલાં આસાનીથી યાદ રહેતું હતું. ઘણી વખત આજુબાજુમાં વ્યક્તિ ન હોવા છતાં આજુબાજુ વ્યક્તિઓ છે, એમની વાતચીત સંભળાય એવા ભાસ થાય છે. નાના જીવજંતુઓ શરીર પર ચાલતા હોય એવો ભાસ થાય છે.

સામાન્ય રીતે પાછલા વર્ષોમાં ૬૦ વર્ષથી વધારે ઉંમરમાં આ બીમારી લાગુ પડે છે. ૫૦ વર્ષથી નીચેની ઉંમરમાં આ બીમારી લગભગ થતી નથી.

સ્મૃતિભ્રંશ થવાના ઘણા કારણો છે. પરંતુ ૭૦% જેટલા સ્મૃતિભ્રંશના દર્દીઓમાં અલ્ઝાઈમર્સ રોગ હોય છે. ૨૦%માં વાસક્યુલર ડિમેન્સિયા હોય છે.

- **અલ્ઝાઈમર્સ રોગ :**

જર્મન ડૉક્ટર એલોઈસ અલ્ઝાઈમરે મગજની બીમારીથી મરણ પામેલ સ્ત્રીના મગજના કોષોમાં થયેલા ફેરફારોની સૌપ્રથમ નોંધ કરેલ. આથી આ રોગનું નામ અલ્ઝાઈમર્સ રોગ (એ.ડી.) નામ અપાયેલ છે. આમાં અસામાન્ય ગાંઠ (એમીલોઈડ પ્લાક) તથા રેષાઓની ગૂંચ અલ્ઝાઈમરે જોઈ હતી તથા એનું વર્ણન કર્યું હતું.

એક મહત્ત્વની સમજવાની વાત એ છે કે એ.ડી. વૃદ્ધાવસ્થાને લીધે થતો રોગ નથી. એટલે કે દરેક વૃદ્ધને આ રોગ થતો નથી. આ એક લાંબાગાળાની (chronic) બીમારી છે. આમાં મનનાં કાર્યો જેવાં કે યાદશક્તિ, એકાગ્રતા, નિર્ણય કરવાની શક્તિ, આયોજન શક્તિ તથા વહીવટીલક્ષી કાર્યો કરવાની શક્તિ ઓછી થઈ જાય છે, ક્ષીણ થતી જાય છે. આ બધાં જ કાર્યો વરિષ્ઠ નાગરિક પહેલાં વ્યવસ્થિત રીતે કરી શકતા હતા.

- **વ્યાપકતા :**

૬૫થી ૭૦ વર્ષની ઉંમરની વ્યક્તિઓમાં લગભગ ૫% વૃદ્ધોમાં આ રોગ જોવા મળે છે. પછી દરેક પાંચ વર્ષે આ ટકાવારી બમણી થતી જાય છે. ૮૫ વર્ષે લગભગ અડધા વૃદ્ધોમાં આ બીમારી જોવા મળે છે.


**ડૉ. (પ્રો.) મણિલાલ ગડા**
એમ.ડી., ડી.પી.એમ., એફ.આઈ.પી.એસ.

મનોચિકિત્સક અને સ્ટ્રેસ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ,
મનોસ્મૃતિ પોલીક્લિનિક, પ્રભુકૃપા,
એલ.બી.એસ. માર્ગ, સર્વોદય હોસ્પિટલની બાજુમાં,
હોટેલ રાધાક્રિષ્ણની બાજુમાં, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૮૬.
ફોન : ૨૫૧૪૮૮૫૯

**ડૉ. દીપ્તિ એસ. શાહ (ગડા)**
*એમ.ડી. (ગોલ્ડ મેડલ), ડી.પી.એમ.,*
*એમ.આઈ.પી.એસ., બાળ મનોચિકિત્સક*

જાગૃતિ પોલીક્લિનિક,
કામદાર હૉસ્પિટલ, કિરણ નિકેતન, ભાટિયાવાડીની
બાજુમાં, તિલક રોડ, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૭૭.
ફોન : ૨૫૧૨૪૪૦૪, મો. ૯૮૨૧૩ ૨૬૨૬૯


- **આનુવંશિકતા** (Genetic) :

કુટુંબમાં એક વ્યક્તિને અલ્ઝાઈમર્સ રોગ હોય તો લોહીનો સંબંધ ધરાવતા પરિવારજનોમાં આ રોગ થવાની શક્યતા વધી જાય છે. ડાયાબિટીસની બીમારીની જેમ એ.ડી. વંશપરંપરાગત બીમારી છે. તાજેતરના સંશોધનોથી જણાયું છે કે ક્રોમોઝોમ નં. ૧, ૧૪, ૨૧ પર આ રોગના જીન્સ (genes) હોય છે.

- **મગજના જ્ઞાનતંતુઓમાં ફેરફારો (Pathology) :**

મગજનું કદ (volume) નાનું થઈ જાય છે. જ્ઞાનતંતુઓની રચનામાં (structure) તથા રસાયણોમાં (neurotransmitters) અગત્યના ફેરફારો થાય છે. જે રોગના વિવિધ લક્ષણો માટે જવાબદાર છે. જ્ઞાનતંતુઓ (grey matter) ઓછા થઈ જાય છે, મરી જાય છે. પ્રવાહી (cerebro spinal fluid) વધી જાય છે. વેન્ટ્રિકલનું કદ વધી જાય છે. જ્ઞાનતંતુઓ ખાસ કરીને કોરટેક્ષ, હિપોકેમ્પસ, સબસ્ટેન્શિયા નાઈગ્રા, એમીગડેલામાં ઓછા થાય છે.

- **સૂક્ષ્મ તપાસ (microscopie examination) :**

એ.ડી.ના જ્ઞાનતંતુની સૂક્ષ્મ તપાસમાં અસામાન્ય ગાંઠા (એમીલોઈડ પ્લાક) અને રેષાઓની ગૂંચ (ન્યુરોફીબ્રીલરી ટેન્ગલ્સ) જોવા મળે છે. આ ફેરફારો નોર્મલ નથી. આ ફેરફારો યાદશક્તિ માટે કાર્ય કરતા મગજના ભાગો હિપોકેમ્પસ તથા કોરટેક્ષમાં જોવા મળે છે. રેષાઓની ગુંચ સબસ્ટેન્શિયા નાઈગ્રા તથા લોકસ સેરયુલસમાં પણ જોવા મળે છે.

- **રસાયણો (neurotransmitters):**

મગજના લિમ્બિક સિસ્ટમના હિપોકેમ્પસ, એમીગડેલા સ્મૃતિ જાળવવાનું કામ કરે છે તથા કોરટેક્ષ વિચારવાનું કામ કરે છે. એ.ડી.માં આ ભાગના જ્ઞાનતંતુઓ મરી જાય છે. આથી રસાયણો એસીટાઈલ કોલીન (Acetyl choline) તથા નોરએપીનેફ્રીન (norepinephrine) ધીમે ધીમે ઓછા થઈ જાય છે. જેને લીધે સ્મરણશક્તિ ધીમે ધીમે ઓછી થઈ જાય છે.

*સત્તાનો દુરુપયોગ એ મહાન પાપ છે.*

ન્યુરોટ્રાન્સમીટર ઘટી જવાથી સંકેતો (સંદેશાઓ)ની આપ-લે માં તકલીફ થાય છે. જેથી વિચારવાની શક્તિ તથા સમજણશક્તિ પણ ઘટતી જાય છે.

- **સ્મરણશક્તિ (memory) :**

આપણે પ્રસંગો, ઘટનાઓ, વ્યક્તિઓને યાદ કરીએ છીએ ત્યારે મગજના જ્ઞાનતંતુઓમાં ત્રણ પ્રક્રિયાઓ થાય છે.

૧. ઘટનાની નોંધ (registration)

૨. કરેલ નોંધની જાળવણી (retention)

૩. જાળવેલ નોંધ પાછી મેળવવી (recall)

આ ત્રણેય પ્રક્રિયા માટે મગજના જ્ઞાનતંતુઓની રચના, રસાયણો તથા કાર્યો નોર્મલ હોવા જરૂરી છે. આમાંની એક પણ પ્રક્રિયા વ્યવસ્થિત રીતે ન થાય તો એ ઘટના / પ્રસંગ વ્યક્તિને યાદ રહેતી નથી. સ્મરણ શક્તિને કોમ્પ્યુટર સાથે સરખાવી શકાય. કોમ્પ્યુટરમાં પણ કોઈ માહિતી પાછી મેળવવી હોય તો ત્રણ પ્રક્રિયા જરૂરી છે.

૧. માહિતી ટાઈપ કરવી (Data entry)

૨. ટાઈપ કરેલી માહિતી સાચવવી (entry saved)

૩. સાચવેલી માહિતી પાછી મેળવવી (retrieve)

ઉપરની ત્રણેય પ્રક્રિયામાંની એક પણ પ્રક્રિયા યોગ્ય રીતે ન થઈ હોય તો માહિતી મળી શકતી નથી.

સ્મૃતિભ્રંશના રોગમાં સ્મરણ શક્તિના બીજા તબક્કામાં (નોંધ જાળવી રાખવામાં) તકલીફ હોય છે. જ્ઞાનતંતુઓ ઘટી જતા હોવાથી ન્યુરોટ્રાન્સમિટરનું પ્રમાણ ઓછું થાય છે. આથી ઘટનાની નોંધ લેવાયા પછી તે જાળવી શકાતી નથી. આથી તાજેતરની ઘટનાઓ (બીમારી શરૂ થયા પછીની) યાદ રહેતી નથી, ભૂલાઈ જવાય છે.

જૂની ઘટનાઓ યાદ રહે છે કારણકે જે વખતે ઘટના બની હતી તે વખતે જ્ઞાનતંતુઓ નોર્મલ હતા. જેથી ઉપરની ત્રણેય પ્રક્રિયા યોગ્ય રીતે થઈ હતી.

બીમારીનું પ્રમાણ વધતાં જૂની ઘટનાઓની જાળવેલી નોંધ પર પણ અસર થાય છે અને ધીમે ધીમે જૂની ઘટનાઓ પણ ભૂલાઈ જવાય છે. પોતાના દીકરા, દીકરીઓ જેમની જોડે વર્ષોથી સાથે રહેતા હોય એ પરિવારજનોને પણ દર્દી ઓળખી શકતા નથી. દીકરા, દીકરીઓ પર આની ઊંડી અસર થાય છે.

- **લક્ષણો :**

યાદશક્તિ ઓછી થવી : વ્યક્તિને વર્તમાન બનાવો, પ્રવૃત્તિ, પરિચિત વ્યક્તિ કે વસ્તુઓના નામ યાદ રહેતા નથી. વસ્તુઓ ક્યાં મૂકી છે, કોનો ફોન આવ્યો હતો, કેટલા પૈસા કોને આપવાના છે વગેરે યાદ રહેતું નથી.

આગળ ચર્ચા કર્યા મુજબ, વર્ષો જૂની વાતો / પ્રસંગો યાદ રહે છે.

★ **વહેમ આવવા :**

વ્યક્તિ પોતાની વસ્તુ ક્યાંક મૂકી દે છે જે પછી યાદ આવતી નથી. એટલે એ વસ્તુ મળતી નથી. વ્યક્તિને લાગે છે કે કોઈએ એ વસ્તુ ચોરી લીધી છે. આ ચોરીનો આરોપ પરિવારની વ્યક્તિ અથવા નોકર પર આવે છે. આને લીધે પરિવારમાં ગેરસમજ થાય છે.

બીમારીની શરૂઆતના તબક્કામાં પરિવારજનોને તથા અન્ય કુટુંબીજનોને ચોરીનો આરોપ સાચો લાગે છે. પરંતુ જ્યારે એ વસ્તુ મળી આવે છે ત્યારે સત્ય હકીકત સમજાય છે.

★ **ભાસ થવું :** ખોટી ભ્રમણાઓ થાય છે. 'શરીર પર જીવજંતુ ચાલે છે', 'બીજા માણસો દર્દીની આજુબાજુમાં છે', 'દર્દી જ્યાં જાય ત્યાં આ માણસો સાથે જાય છે', 'એમના અવાજો સ્પષ્ટ સંભળાય છે' ગમે તેટલું પરિવારજનો સમજાવે છતાં દર્દી પોતાની જ વાત સાચી માને છે.

★ **અમુક ઘટનાઓ જ ભૂલાય છે :** વ્યક્તિને જે ઘટના / પ્રસંગમાં રસ હોય એ પ્રસંગ જોડે લાગણીથી જોડાયેલા હોય એ પ્રસંગો જલદી ભૂલાતા નથી. આથી ઘણા પરિવારજનોને લાગે છે કે દર્દી જાણી જોઈને ભૂલી જાય છે. પરંતુ પરિવારજનોએ સમજવું જરૂરી છે કે આ બીમારીનું લક્ષણ છે તથા દર્દીના કાબૂની બહાર છે.

★ **શબ્દો ભૂલી જવાય છે :** શરૂઆતમાં વ્યક્તિ કે વસ્તુઓના નામ ભૂલી જવાય છે પરંતુ એ વ્યક્તિ જોડેનો સંબંધ કે વસ્તુનો વપરાશ શું છે એ યાદ રહે છે. (nominal aphasia)

★ **યોગ્ય શબ્દો યોગ્ય સમયે યાદ આવતા નથી.** જેથી બોલવાનું તથા પોતાના વિચારો સામેની વ્યક્તિને સમજાવવામાં તકલીફ થાય છે તથા પરિવારજનો સાથે ગેરસમજ થાય છે.

★ **વર્તણૂકમાં ફેરફાર :** ઘણી વખત નજીવી બાબતમાં ગુસ્સો આવે છે, દર્દી સામેની વ્યક્તિને મારવા દોડે છે, અપશબ્દો બોલે છે વગેરે થોડાક સમય પછી દર્દીને આમાંનું કાંઈપણ યાદ રહેતું નથી.

★ **ઊંઘની પ્રક્રિયા બદલાઈ જાય છે.** રાત્રે ઊંઘ આવતી નથી પરંતુ દિવસે ઊંઘ આવે છે.

★ **બહાર ભટકવાનું વધી જાય છે.** દર્દી કોઈને પણ જણાવ્યા વગર બહાર નીકળી જાય છે. ઘણી વખત રસ્તો ભૂલી જાય છે. ઘરે પાછા આવવાનો રસ્તો શોધવામાં તકલીફ થાય છે.

★ **'જમી લીધું હોય છતાં કહેવું જમવા મળ્યું નથી' :** જમી લીધું હોય એ ભૂલી જવાય છે અને વ્યક્તિ એમ કહે છે કે મને જમવા મળ્યું નથી. એ વખતે ફરીથી (બીજી વાર) બરોબર જમી લે છે. આને લીધે પરિવારમાં ખૂબ જ ગેરસમજ થાય છે. કુટુંબીજનોને એમ લાગે છે કે 'વડીલની યોગ્ય સંભાળ લેવાતી નથી.' 'સમયસર જમવા પણ આપતા નથી.'

રોજિંદા કાર્યક્રમમાં બ્રશ કરવું, નહાવું, કપડાં વ્યવસ્થિત પહેરવા વગેરે શરૂઆતમાં દર્દી કરી શકે છે. પરંતુ બીમારી વધતાં ધીમે ધીમે આ કાર્યો વ્યવસ્થિત રીતે કરવા માટે તકલીફ થાય છે, મદદની જરૂર પડે છે.

ઘણી વખત કપડામાં પેશાબ, સંડાસ થઈ જાય છે. દર્દીને આનું ભાન રહેતું નથી.

*વ્યવહાર એટલે આપીને લ્યો ને લઈને આપો.*

- **વૈદ્યકીય તપાસ :**

૧. ***મનોચિકિત્સક દ્વારા મનની તપાસ :*** મિની મેન્ટલ સ્ટેટ (એમ.એમ.એસ.) તથા અન્ય ક્લિનિકલ પદ્ધતિઓ દ્વારા સ્મરણ શક્તિની તપાસ કરશે. સ્મૃતિભ્રંશ છે કે નહીં એ નિદાન કરે છે.

૨. ***સ્મરણ શક્તિ માટેની ટેસ્ટ :*** વેસ્લર મેમરી ટેસ્ટ, બેન્ડર જેસ્ટાલ્ટ ટેસ્ટ વગેરે દ્વારા જાણી શકાય છે કે સ્મૃતિભ્રંશ છે કે નહીં. આ તપાસ ક્લિનિકલ સાઈકોલોજિસ્ટ દ્વારા સ્વતંત્ર રીતે અલગથી થાય છે.

૩. ***લેબોરેટરી તપાસ :***

સી.ટી. સ્કેન, એમ.આર.આઈ. સ્કેન મગજનો કરાવવાથી જાણકારી મળે છે કે કદ નાનું થયું છે, વેન્ટ્રીકલનું કદ મોટું થયું છે.

થાઈરોઈડ, ડાયાબિટીસ, વિટામીન-બી૧૨ નું પ્રમાણ, ક્ષારો (સોડિયમ, પોટેશિયમ વગેરે) માત્રાની તપાસ કરાવવી જરૂરી છે. એબનોર્મલ હોય તો એની સારવાર કરવી જરૂરી છે.

- **સારવાર :**

૧. **દવાઓ :** મગજના જ્ઞાનતંતુમાં એસીટાઈલ કોલીનનું પ્રમાણ વધે એવી દવાઓ આપવામાં આવે છે. આથી સ્મૃતિભ્રંશનું પ્રમાણ વધતું અટકાવવાનો પ્રયત્ન કરાય છે. રોગને નાબૂદ કરી શકાતું નથી. રોગની પ્રક્રિયા શરૂ થાય તો બંધ ન થાય પરંતુ રોગની પ્રક્રિયા આ દવાઓથી ધીમી પડે છે.

૨. **બીજી દવાઓ :** લક્ષણો પ્રમાણે બીજી દવાઓ અપાય છે (symptomatic medicines) જેથી વર્તણૂક કાબૂમાં રાખી શકાય. દર્દીને રાત્રે વ્યવસ્થિત ઊંઘ આવે, ગુસ્સો કાબૂમાં રહે, બહાર ભટકવાનું બંધ થઈ જાય, વહેમ ન આવે, ભાસ ન થાય વગેરે.

૩. **શારીરિક કસરત :** સંશોધનો દ્વારા સાબિત થયું છે કે વરિષ્ઠ નાગરિકો થોડી પણ કસરત કરે તો મગજના જ્ઞાનતંતુઓને ટોનિક મળી રહે છે. ચાલવાની કસરત દરેક વ્યક્તિ કરી શકે છે. વરિષ્ઠ નાગરિક પોતાની ક્ષમતા પ્રમાણે ચાલે એ સારવારનો ભાગ છે. આથી મગજના જ્ઞાનતંતુમાં રસાયણોનું પ્રમાણ ઘટે છે.

૪. **રોજિંદી પ્રવૃત્તિ :** જે કામ દર્દી કરી શકે છે તે કરાવવું જરૂરી છે. આથી દર્દીનો સમય પસાર થાય છે તથા પોતે પરિવારની એક ઉપયોગી વ્યક્તિ છે એવું દર્દીને મહેસૂસ થાય છે. મહિલાઓ ઘરનું કામકાજ કરે તથા પુરુષો ધંધા પર જઈ શકે. આથી દર્દીના આત્મવિશ્વાસમાં વધારો થાય છે.

૫. **સિનિયર સિટિઝન ગ્રૂપ :** વરિષ્ઠ નાગરિકોના મંડળમાં જોડાઈ એની પ્રવૃત્તિઓમાં ભાગ લેવો જોઈએ. હાસ્ય ક્લબમાં જોડાઈ સક્રિય ભાગ લેવો જોઈએ.

આ બધાની હકારાત્મક અસર થાય છે. જ્ઞાનતંતુમાં હકારાત્મક રસાયણો વધે છે. સારવારમાં લાભ મળે છે.

૬. **ભવિષ્યની યોજના :**

(અ) દર્દીએ પોતાના ભવિષ્યની આર્થિક વ્યવસ્થા કરી લેવી જોઈએ. જેથી બીજા ઉપર આધાર રાખવો ન પડે.

(બ) પરિવારના સભ્ય કે પોતાના વિશ્વાસુ મિત્રને આર્થિક અને વ્યક્તિગત નિર્ણયો લેવાની સત્તા આપો તથા પાવર ઑફ એટર્ની આપો.

(ક) વકીલની યોગ્ય સલાહ મુજબ વિલ બનાવી રજિસ્ટર કરો.

- **પરિવારજનો તથા કુટુંબીજનોની સમજદારી, સાથ અને સહકાર :**

૧. બીમારીના લક્ષણો વિશે જાણકારી મેળવો.

૨. દર્દીના વાણી, વિચાર, વર્તણૂકને સહાનુભૂતિપૂર્વક સમજો. મનોચિકિત્સક જોડે ચર્ચા કરો.

૩. પોતાની પ્રતિક્રિયામાં ધીરજપૂર્વકના ફેરફારો કરો. સંયમ જાળવો.

૪. દર્દીની સાથે ઓળખપત્ર (આઈ-કાર્ડ) રાખો. જેમાં દર્દીના ફોટા સાથે નામ, સરનામુ, ફોન નંબર હોવા જરૂરી છે.

૫. રાત્રે સૂતી વખતે મેઈન દરવાજાને અંદરથી તાળું મારો. જેથી દર્દી રાત્રે દરવાજો ખોલી તમારી જાણ વગર, બહાર નીકળી ન જાય.

- **સારાંશ :**

સ્મૃતિભ્રંશ (ડિમેન્શિયા) મગજની બીમારી છે. સામાન્ય રીતે ૬૫ વર્ષથી મોટી ઉંમરની વ્યક્તિઓમાં આ રોગ જોવા મળે છે. ભૂતપૂર્વ અમેરિકન પ્રમુખ રોનાલ્ડ રેગન આ બીમારીથી પીડાતા હતા. આ બીમારીના મુખ્ય લક્ષણો છે : યાદશક્તિ ઓછી થવી, વસ્તુઓ / ઘટનાઓ યાદ ન રહેવી, વહેમ આવવા, ભાસ થવો, ઊંઘમાં ફેરફાર, વર્તણૂકમાં ફેરફારો વગેરે. સારવારમાં દવાઓ, રોજિંદી પ્રવૃત્તિ, ચાલવાની કસરત, કુટુંબીજનોની સમજદારી અગત્યના છે. ■

## આવકવેરા કમિશનર કે. ડી. ધોળકિયા

**(અનુસંધાન : પાના નં.-૯૫ ઉપરથી ચાલુ)**

અને સૌથી નાના અતુલભાઈ (ન્યુજર્સી) અમેરિકા ખાતે વસેલાં છે. સૌ પરિવારજનો એમને પ્રેમાદરથી મોટા ભાઈ તરીકે સંબોધતા.

ઉચ્ચ આવકવેરા અધિકારી તરીકે એમને ભારતના જે વિવિધ સ્થળોએ રહેવાનું બન્યું ત્યાં કેવળ સરકારી વર્તુળમાંજ નહિ, બલકે વિશેષતઃ સ્થાનિક ગુજરાતી સમાજોમાં પણ એમણે વિશિષ્ટ સ્થાન અને માન મેળવ્યું હતું. કચ્છી હોવાના નાતે વતન પ્રત્યે એમને કૂણી લાગણી હતી, સાથે અહીં વધુ સમય રહી ન શકવાનો અફસોસ પણ કરતા. કરવેરા ક્ષેત્રની એક તેજસ્વી પ્રતિભા એવા કે.ડી.ધોળકિયા સાહેબનું ૧૮મી ડિસેમ્બર, ૨૦૦૧ના અવસાન થયું. જન્મ શતાબ્દી વર્ષે આપણી હાર્દિક સ્મરણાંજલિ...

*'શિવમ' ૪૦/બી, વૃંદાવન નગર,*
*વૈશાલી સિનેમા રોડ,*
*અંજાર, કચ્છ-૩૭૦ ૧૧૦.*
*ફોન : (૦૨૮૩૬) ૨૪૦૧૩૯,*
*મો. : ૯૪૨૭૨૨૨૩૫૦*

*દુઃખ ઘટાડે તેનું નામ સમજણ કહેવાય.*

હાસ્ય

## હળવાશની ક્ષણોમાં!
# 'શાલ' મુબારક - અષાઢી બીજે!

• ચિત્રસેન શાહ - ગાંધીનગર •

આ લખનાર 'કચ્છી માડુ'ના સર્વે કચ્છી માડુઓને નૂતન વર્ષના અભિનંદન! આપણે દુનિયાના ગમે તે છેડે હોઇએ પરંતુ અષાઢી બીજને દિવસે કચ્છ અને કચ્છમાં વીતાવેલો ભૂતકાળ યાદ આવી જ જાય! અષાઢી બીજને દિવસે ચાલો આપણે માંડવીના કેસાની દાબેલી, ગાભાના પેંડા, ભુજનો ગુલાબપાક અને ખાવડાના મેસુકનો નાસ્તો કરીને હળવાશની ક્ષણો માણીએ!

અગાઉ એકવાર અષાઢી બીજના દિવસે કચ્છમાં વર્ષોથી રહેલા કલેક્ટર કક્ષાના એક નોન-ગુજરાતી આઇ.એ.એસ. ઓફિસરનું એક સમારંભમાં શાલ ઓઢાડીને સન્માન કરાયું હતું. તેમણે પણ (ઇંટનો જવાબ પથ્થરથી નહીં-પરંતુ) શાલનો જવાબ શાલથી જ આપેલો!

તેમણે કચ્છી માડુઓને નવા વર્ષના અભિનંદન આપતા કહેલું-

'શાલ મુબારક!'

એટલે આટલા પૂરતું જ આજના અષાઢી બીજને દિવસે આ લેખને એવું શીર્ષક અપાયું છે! બાકી તે સિવાય આ લેખને અને શાલને ઓઢવાનો! (નહાવાં નિચોવાનો!) પણ સંબંધ નથી!

હવે વાત જાણે એમ છે કે એક ન્યૂઝ પેપરમાં આવેલ રિપોર્ટ પ્રમાણે અનેક મહિલાઓ સતત કહેતી રહેતી હતી એ વાત તાજેતરમાં એક અભ્યાસમાં સાચી પુરવાર થઇ છે કે પુરુષો સ્ત્રીઓ કરતાં વધારે જૂઠું બોલે છે! વૈજ્ઞાનિકોએ સ્ત્રી પુરુષોની જીવનશૈલીનો અભ્યાસ કરી તારવેલા તથ્યો મુજબ પુરુષો રોજના સરેરાશ ત્રણ વખત એટલે કે વર્ષમાં તેઓ ૧૦૯૫ વખત જૂઠું બોલે છે. જ્યારે સ્ત્રીઓ દરરોજ સરેરાશ બે વખત જ એટલે કે વર્ષમાં ૭૩૦ વખત જૂઠું બોલે છે! (આનો અર્થ અમારા શ્રીમતીજીએ એવો કાઢ્યો કે દરેક મહિલાએ દરરોજ બે વખત તો જૂઠું બોલવું જ કે જેથી સરેરાશ જળવાઇ રહે!) જો કે વાર્ષિક ધોરણે સ્ત્રીઓ કે પુરુષોના જૂઠાણાની ગણતરી કરવી એ સિંહોની ગણતરી કરવા કરતાં પણ કદાચ વધારે મુશ્કેલ કામ બને! યોગાનુયોગ આ લેખ લખાય છે તે અરસામાં ગુજરાતના બ્રાન્ડ એમ્બેસેડર શ્રી અમિતાભ બચ્ચન ગીરના 'સિંહસદન'માં રોકાયા છે અને ગીરના ડાલમથા ગુજરાતના ગૌરવસમા સિંહોને કચકડામાં કંડારવા તેમનો 'સિંહફાળો' આપી રહ્યા છે!

ગુજરાતમાં સિંહોની ગણતરી ચાલતી હતી તેજ અરસામાં નાગરિક વસતી ગણતરી પણ ચાલતી હતી. અમારે ત્યાં જ્યારે વસતી ગણતરી માટે એક ભાઇ આવેલ ત્યારે અમારા એક મિત્ર પણ અમારે ત્યાં આવેલ હતા અને અમારી બાજુમાં જ બેઠા હતા. વસતી ગણતરી કરવા આવનારે એક ફોર્મ કાઢ્યું અને તેમાં દર્શાવેલા પ્રશ્નો અમને પૂછવા માંડ્યા! ફોર્મમાં અનેક જાતના પ્રશ્નો હતા! વ્યક્તિગત અને કૌટુંબિક પ્રશ્નોથી માંડી આર્થિક, સામાજિક, ઐતિહાસિક વગેરે અંગેના અનેક પ્રશ્નો! એક 'તમને ક્યું શાક ભાવે?' તે સિવાયના લગભગ દુનિયાભરના પ્રશ્નો હતા! વળી બધા પ્રશ્નો ફરજિયાત હતા!

એ ૩ કલાકનો પ્રશ્નપત્ર પૂરો થયા પછી આવનાર ભાઇને મારા મિત્રની ઓળખાણ આપતાં મેં કહ્યું - 'આ મારા મિત્ર લાયન મિસ્ટર... છે. તેમનું રેસીડેન્સ પણ અમારા ઘરની નજીક જ છે અને તે પણ કદાચ તમારા કાર્યક્ષેત્રમાં આવતું હશે. હમણાં ઘરમાં તેઓ એકલાજ છે કારણ કે તેમના પત્ની વસતી ગણતરીના કામ અંગે બીજે ગામ ગયા છે! તેથી હાલ તેમનું ઘર મોટેભાગે બંધ જ રહે છે તેથી તેમની ગણતરી પણ અહીં જ કરી લો તો સારું.'

પેલા ગણતરી કરવા આવનાર ભાઇનો એકાદ સ્ક્રૂ ઢીલો લાગ્યો!

તેણે કહ્યું- અમારી નિયુક્તિ ફક્ત નાગરિકોની વસતી ગણતરી માટે જ થઇ છે. 'લાયન'ની ગણતરી અમારાથી ન થાય! તેને માટે બીજી ટીમ છે જે અત્યારે સાસણગીરના વિસ્તારમાં કામ કરી રહી છે!

આ સાંભળી અમારા 'લાયન' મિત્ર કે જે જૉલી છે તે ખડખડાટ હસતા બોલી ઊઠ્યા - 'અમારી સ્થિતિ ધોબીના લાયન જેવી છે! ન ઘરના કે ન ઘાટના! સિંહોની ગણતરી કરનાર અમને સિંહ નથી માનતા અને માણસોની ગણતરી કરનાર અમને 'લાયન' સમજે છે!'

'ફેટ' વાવાઝોડાની માફક જ આપણી વાત પણ બીજે ફંટાઇ ગઇ છે તો ચાલો તેને મૂળ વાત સાથે જોડી દઇએ! પુરુષોની જૂઠ બોલવાની મૂળ વાત હતી. પુરુષો દરરોજ સરેરાશ ત્રણ વાર જૂઠું બોલે છે! હવે જૂઠાણાના પણ પ્રકાર હોય છે! કેટલાક જૂઠ 'સફેદ જૂઠ' પ્રકારના હોય છે તો વળી કેટલાક જૂઠ એવા હોય છે કે આપણને પ્રશ્ન થાય કે આને જૂઠ કહેવું કે અક્કલનું પ્રદર્શન?!

એવા એક અક્કલના પ્રદર્શનને જોવાનો તો નહીં પરંતુ વાંચવાનો લહાવો મળ્યો!

બ્રિટિશ એરવેઝે તેના સ્ટાફ મેગેઝીનના એક અંકમાં દુનિયાને ઊંધા ચશ્માં પહેરાવ્યા!

તે અંકમાં બીજી સેલિબ્રિટીઝના ફોટાઓની સાથે ઓસામા-બિન-લાદેનનો ફોટોપણ પ્રસિદ્ધ કરાયો અને જણાવવામાં આવ્યું કે આ લોકો અમારા રેગ્યુલર પ્રવાસી છે! આ સમાચાર જ્યારે ઓસામા-બિન-લાદેનને મળશે ત્યારે તે પણ લાફિંગ ક્લબના

*ચિંતા કરવા કરતા ઉપાય કરો.*

મેમ્બર્સની માફક જ ખડખડાટ હસી પડશે!

પુરુષોના દરરોજના સરેરાશ ૩ જૂઠાણા સામાન્ય રીતે નિર્દોષ પ્રકારના હોય છે! સામે વાળાને ઘસરકો પણ ન લાગે! (આવું પુરુષોનું માનવું છે!)

**ચાલો જોઇએ કેટલાક ઉદાહરણો :**

★ રસ્તામાં મને એટલા બધા ટ્રાફિક સિગ્નલ નડ્યા કે બધા મને વિલન જેવા લાગ્યા હતા!

વળી 'ટાવર' અને 'સિગ્નલ' ન પકડાવાને કારણે મોબાઇલ પણ ન કરી શક્યો. આ બધું હું ગીતા પર હાથ મૂક્યા સિવાય પણ સત્ય જ કહી રહ્યો છું. છતાં જૂઠું લાગતું હોય તો પૂછી જો તારી બહેનપણી...ને... જે પણ મારી સાથે જ હતી!

★ શાક લેવા ગયેલા પતિને જ્યારે આવતાં મોડું થાય છે અને પત્ની દ્વારા સવાલોનો મારો ચલાવાય છે ત્યારે પતિ જે જવાબ આપે છે તેના પરથી જ સ્માર્ટ પત્ની પતિના જૂઠાણાને પકડી પાડે છે! શાક લેવા જતાં પહેલા પતિ પહોંચે છે શેરબજારમાં કે જ્યાં ન જવા માટેના સોગંદ (ગીતા પર હાથ મૂકાવડાવીને!) પત્નીએ પતિને લેવડાવ્યા હોય છે. પતિ મોડું થવાના કારણમાં જણાવે છે કે- 'આજે તો શાકબજાર કડડભૂસ થઇ ગયું હતું! વાવાઝોડાના ભયને કારણે શાકે શાકના ભાવમાં પેનિક વેચવાલી ફરી વળી હતી! પરંતુ જોકે પાછળથી લોકોએ સસ્તા શાકને કારણે પ્રચંડ લેવાલી કાઢી હતી!'

તેથી શાકબજાર પર હાઉસફૂલના પાટિયા લગાવવા પડ્યા હતા!

લોકો સસ્તા ભાવને કારણે ભાવતા ન હોય તેવા શાક પણ હોંશે હોંશે લઇ જતા હતા!

એટલે બેશુમાર ગિરદીને કારણે મોડું થયું!

પત્ની પામી ગઇ કે ભાઇ (એટલે કે પતિ!) શેરબજારમાં પહોંચ્યા હોવા જોઇએ!

તેથી પત્નીએ તો પતિને 'નાર્કો ટેસ્ટ' લેવડાવવાની ધમકી આપી!

પુરુષો માને છે કે તેમના જૂઠાણા મોટેભાગે બાળ કનૈયાના બાળસહજ જૂઠાણા જેવા એટલે કે-

'મૈયા મોરી મૈં નહીં માખન ખાયો!' ટાઇપના જ હોય!

પરંતુ સ્ત્રીઓ પુરુષોના જૂઠાણા વિશે ઊલટું જ માને છે!

તેઓ માને છે કે પુરુષોના જૂઠાણા હિમશીલા જેવા હોય છે!

દેખાતા હોય તેના કરતાં નવ ગણા મોટા!

બોલો, આને શું કહેવાય?

સ્ત્રીઓનું જૂઠાણું?!

*પ્લોટ નં.-૩૧૪/એ, સેક્ટર-૨૦,*
*રાજશ્રી સિનેમા પાસે,*
*ગાંધીનગર-૩૮૨ ૦૨૦.*
*ફોન : (૦૭૯) ૨૩૨૬૦૫૮૨*

*જીવનમાં બે વસ્તુ કોઈને પણ ક્યારેય સાથે મળતી નથી, યૌવનની મુગ્ધતા અને ઉત્સાહ હોય ત્યારે વૃદ્ધાવસ્થાની પરિપક્વતા નથી હોતી.*



# બાબુડેં જયું ગાલિયું

સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : મડે ડાગધર ને વકીલ હુશિયાર કેની થીંધા?

બચુડો : હી તા મડે હુશિયાર જ આંઇ. આંઇ હેડો કુલા પુછોતા?

અધા : જેર આંઉ ડાગધર કે વકીલ કે પુછાંતો... કે આંઇ કુરો ક્યોતા? તડેં ઇજ જવાબ ડીંએતા ક આંઉ પ્રેક્ટિસ કંઇયાતો. અતરે આંઉ પુછાંતો ક તડે હી હુશિયાર કેની થીંધા!

## ખિલજા મ ભલા

ડાહ્યાલાલ : તમે દિવસમાં કેટલીવાર દાઢી કરો છો?

ગાંડાલાલ : પચ્ચીસ ત્રીસ વાર થતી હશે

ડાહ્યાલાલ : તમે ગાંડા છો કે શું?

ગાંડાલાલ : ના હું વાળંદ છું.

☺ ☺ ☺ ☺ ☺

ગ્રાહક : (પુસ્તક વિક્રેતાને) તમારી પાસે માનવ શરીર વિશેનું કોઇ નવું પુસ્તક નથી? બધા દસ પંદર વર્ષ જૂના છે.

સેલ્સમેન : તમારી વાત ખરી.. પણ દસ પંદર વર્ષમાં માનવ શરીરમાં ક્યાં કશું નવું ઉમેરાયું છે.

☺ ☺ ☺ ☺ ☺

કિશન : તને એવો તે કેવો પ્રશ્ન પૂછ્યો કે તું આમ મૂંઝાયેલો રહે છે.

ક્રિપાલ : મારી બહેનને બે ભાઇ હોય તે મારે એકજ કેમ?

☺ ☺ ☺ ☺ ☺

અપેક્ષા : મારા વાળ ખરી રહ્યા છે એને માટે કાંઇક આપોને!

દુકાનદાર : લો, આ ખાલી ખોખું રાખો.

☺ ☺ ☺ ☺ ☺

એક કેદી : મારે જેલમાં માત્ર પંદર દિવસ જ રહેવું પડશે.

બીજો કેદી : કેમ? ખૂનનો ગુનો પુરવાર થયા છતાં માત્ર પંદર દિવસ?

પહેલો કેદી : હા, સોળમા દિવસે તો મને ફાંસી આપી દેશે.

☺ ☺ ☺ ☺ ☺

મમ્મી : શ્રેય બેટા, તું ત્યાં બેઠો બેઠો શું કરે છે?

શ્રેય : મમ્મી મારી મગફળી માંથી અર્ધોભાગ વાંદરાને આપી દઉં છું.

મમ્મી : એ તો બહુ સારું કહેવાય.

શ્રેય : હા મમ્મી મેં બધા ફોતરા વાંદરાને આપી દીધા.

☺ ☺ ☺ ☺ ☺

પિતા : (દીકરીના પ્રેમીને) હું નથી ચાહતો કે મારી દીકરી આખી જિંદગી એક ગધેડા સાથે વિતાવે.

પ્રેમી : એટલા માટે જ હું એને અહીંથી લઇ જવા માંગું છું.

☺ ☺ ☺ ☺ ☺

સમજુ : યાર આ ખુશી શું ચીજ છે?

બુદ્ધુ : યાર મને શી ખબર પડે... મારા તો નાનપણમાં જ લગ્ન થઇ ગયા હતા.

☺ ☺ ☺ ☺ ☺

મેનેજર : હું તને ડ્રાઇવરની નોકરીએ રાખુ છુ... તારી સ્ટાર્ટીંગ સેલેરી ૨૦૦૦ રૂપિયા રહેશે બરાબરને?

ઉમેદવાર : સ્ટાર્ટીંગ સેલેરી તો બરાબર... પણ ડ્રાઇવિંગ સેલેરી કેટલી?

☺ ☺ ☺ ☺ ☺

શહેરી : તમે આખી જિંદગી આ ગામમાં જ પસાર કરી છે કે?

ગામડિયો : ના..જી હજી ઘણી બાકી છે.

☺ ☺ ☺ ☺ ☺

પુત્ર : હવે જો નાપાસ થઇશ તો આપઘાત કરીશ

પિતા : ખબરદાર જો આપઘાતનું નામ લીધું છે તો જાનથી મારી નાખીશ.

☺ ☺ ☺ ☺ ☺

વેઇટર : સાહેબ, પીઝાના કેટલા ટુકડા કરું... ચાર કે આઠ?

ગ્રાહક : (થોડીવાર વિચારીને) ચાર જ કરને... આઠ તો હું નહીં ખાઇ શકું


☺ ☺ ☺ ☺ ☺

બંટી : બોલ ચીન્ટુ... ભગવાન શંકર અને પાર્વતી કોમ્પ્યુટર પર ગેમ કેમ ન રમી શક્યા?

ચીન્ટુ : ક્યાંથી રમે... ગણેશજી માઉસ પર બેસી ગયા હતા.

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંત નગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

*હેતુ વગર પૈસા ખર્ચવા, એ ગુનો છે.*




## કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ

'મંગલ મંદિર' વાંચીને આનંદ થયો. પ્રયત્નો માટે અભિનંદન.

કચ્છનાં વિકાસ માટે તાલીમ કૌશલ્ય કેન્દ્રો, સોઈલ ટેસ્ટિંગ લેબોરેટરી, તત્કાલ પાસપોર્ટ કેન્દ્ર, નેશનાલાઈઝ્ડ બેંક્સ, એ.ટી.એમ. વગેરે માંગવા જોઈએ. (આ બધું કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ હેઠળ આપવાનું છે.)

*નીલેશ કે. શાહ - મહીજ (જિ. ખેડા)*

• • • • •

## ઓસવાળ જ્ઞાતિના બે ભાગ – દશા અને વીસા

દશા ઓસવાળ અને વીસા ઓસવાળ જ્ઞાતિ વિશેનો લેખ ગુલાબભાઈનો વાંચ્યો. આગે સે ચલી આતી હૈ... એ વાત સાચી. પણ ભેદભાવ ક્યાંથી થયો તે જણાવું.

લગભગ તેરમા સૈકામાં આબુ પર્વત ઉપર જ્યારે વસ્તુપાલ-તેજપાલના દહેરાસરની સ્થાપના થઈ ત્યારે સમસ્ત કચ્છી સમાજના આગેવાનો હાજર હતા. તેમણે લગ્ન, સગપણ, ગોત્ર, વિવાહ, છુટાછેડા, પુનઃલગ્ન સંબંધી રીતરિવાજો ઘડવા માટે ૨૦ નિયમો બનાવ્યા. પરંતુ ઘણાં જૈન ભાઈઓએ વીસ નિયમોને બદલે દસ નિયમો સ્વીકાર્યા. જેથી ૨૦ નિયમો સ્વીકારનારા વીસા ઓસવાળ કહેવાયા અને દસ નિયમો સ્વીકારનારા દશા ઓસવાળ કહેવાયા. ત્યારથી આ દશા, વીસાનો ભેદભાવ ચાલ્યો આવે છે. બહુ ઊંડા ઉતરવાથી ચોક્કસ થાય છે કારણકે દસા વીસાની ઘણી અટકો મળતી આવે છે. દા.ત. સોની, નાગડા, લાપસિયા, ભેદા, ગાલા, અન્ય ઘણી બાબતો. તો વહેલી તકે આ ભેદભાવ દૂર કરીને એક થવામાં બંને પક્ષને ઘણા ફાયદા છે. બંને જ્ઞાતિના અગ્રેસરો વહેલી તકે નીવેડો લાવે તો ખૂબજ સૌને આનંદ થશે. જય જિનેન્દ્ર.

*સંગ્રાહક : દેવજી એચ. સાલિયા - મુલુંડ (વેસ્ટ), મુંબઈ*

• • • • •

## ભદ્રેશ્વર - વસઈ મહાતીર્થની ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ વિશેનો લેખ

મંગલ મંદિરના મે-૨૦૧૦ના અંકમાં શ્રી ભદ્રેશ્વર પ્રતિષ્ઠા મહોત્સવ લેખ માટે અભિનંદન. સંશોધન કરીને ભદ્રેશ્વરનો વિગતવાર ઈતિહાસ, જૂના તથા નવા બાંધકામની સ્ક્વેર ફીટ સહિત માહિતી તેમજ પ્રજા ઉપયોગી અન્ય જરૂરી માહિતી આપી છે. ફરી ખૂબ ખૂબ અભિનંદન.

આપે લખ્યું છે કે પ્રતિમાજીઓમાં અંજનશલાકા વિધિ દ્વારા આચાર્ય ભગવંતશ્રીઓ પ્રાણ પૂરશે. આપશ્રીએ એને વિસ્તૃત કર્યું નથી.

એનો અર્થ એમ કરી શકાય કે એ પ્રતિમાજીઓ (આરસના પથ્થર)માં આચાર્ય ભગવંતો દ્વારા મંત્રજાપ વિધિથી પ્રાણ યાને ચેતન દાખલ થશે. એ અચેતનમાંથી સચેતન બની જશે. એમાં એવું કોઈ જીવ કે તત્ત્વ ઉત્પન્ન થશે કે જેથી એના દર્શન કરવાથી ભક્તોના મનોરથો પૂર્ણ થાય. ભક્તો એમની પાસેથી લાભ મેળવવા પ્રક્ષાલ કરે, ચંદનથી પૂજન કરે, 'નમણ' માથે ચઢાવે, વગેરે વગેરે...

આપણા દેશમાં કુંભમેળાના પ્રસંગે લાખો લોકો, બાળકો સ્ત્રીઓ સહિત, નદીઓના અસ્વચ્છ પાણીમાં સ્નાન કરવા માટે પડાપડી કરે છે. એ ધક્કામુક્કીમાં કેટલીય વખતે સેંકડો માણસો અથડાઈને મરણ પામ્યા છે.

તીરૂપતિ બાલાજીની મૂર્તિના દર્શન માટે હજારો કુટુંબો નાના બાળકો સહિત શબ્દશઃ ૧૨ કે ૧૬ કલાક કે એથીય વધારે સમય માટે માથા પર ખાવાના ટિફિન લઈને લાઈનમાં ઊભા રહે છે.

કુંભમેળો કે તીરૂપતિની લાંબી લાઈનો કે જૈન દહેરાસરની પ્રાણ પ્રતિષ્ઠાની દસેક દિવસની લાંબી મંત્રતંત્રની વિધિ, ક્રિયાકાંડો દરેકની પાછળ એક માનસિક ભ્રમ, અંધશ્રદ્ધા, કાર્યરત છે કે મૂર્તિમાંનું તત્ત્વ દર્શન કરવાથી લાભ આપશે.

શ્રી મહેતા સાહેબ, આપના લેખમાં પ્રાણ પ્રતિષ્ઠાની માન્યતા અંગે થોડીક વાતો જરૂર ઉપયોગી થાત. આપે ફક્ત મૌન જ રાખ્યું છે.

મહેતા સાહેબ, હું મંગલ મંદિરનો ગ્રાહક છું. આપના લેખો ખૂબ જ માનથી વાંચું છું. આપના લેખો અભ્યાસપૂર્ણ હોય છે.

*દામજી સાવલા - મુલુંડ (વેસ્ટ), મુંબઈ.*

**(નોંધ :** ઉપરોક્ત લેખમાં મહોત્સવની વિગતો અને જૈન પરંપરા અનુસાર અંજન શલાકાની જે વિધિઓ કરવામાં આવી રહેલ છે તેની વિગતો આપવામાં આવેલ છે. એ જ રીતે પ્રતિષ્ઠા સમયની પણ જૈન પરંપરા અનુસારની વિધિઓ રાખવામાં આવતી હોય છે.

*– મુખ્યતંત્રી)*

• • • • •

## સમાજ દર્પણ – સાહિત્ય આચમન

જૂન ૨૦૧૦ના મંગલ મંદિરના અંકમાં શ્રી ધનરામપરીઆએ 'સામાન્યતાથી મુઠ્ઠી ઊંચેરી અસામાન્યતા' નામક લેખમાં સ્વ. કનુભાઈ મહેતાની સર્વાંગી સાહિત્ય સેવાની વાત કરતાં તેઓશ્રીની એક સુંદર કૃતિનો પરિચય કરાવ્યો. 'લાગણીથી ભીંજાવા એકવાર તું કલકત્તા આવ' તેમાં ભરેલી કરુણતા વાચકને ભીંજવી જાય છે. લેખના અંતે અપાતા એડ્રેસ અને મોબાઈલ નંબર માટે મંગલમંદિરના મુખ્યતંત્રી શ્રી અશોકભાઈ મહેતા અભિનંદનના અધિકારી છે. આ લેખના લેખક શ્રી ધન રામપરીઆનો સંપર્ક સાધ્યો ત્યારે મારા આશ્ચર્યનો પાર ન રહ્યો.

અનેક સામયિકો, વર્તમાનપત્રોમાં જેમના લેખો પ્રગટ થઇ રહ્યા

*કોઈ કોઈના સ્વભાવ મળે જ નહિ એનું નામ સંસાર.*

છે તેવા સાક્ષર સાડા ત્રણ દાયકા પહેલાંના ભુજના મારા પરમ મિત્ર શ્રી પ્રવીણચંદ્રભાઇ શાહે ઉપરોક્ત નામે લેખ લખ્યો છે તેવું સ્વમુખે સાંભળ્યું અને તેઓ લેખક તરીકે ક્યાંય છવાઇ જવા માગતા નથી તેવી વિનમ્રતા ઘણું બધું સમજાવી ગઇ. સાથે સાથે આજથી પચાસ વર્ષ પહેલાં ભુજની શ્રી રામજી રવજી લાલન કૉલેજ, ભુજના પ્રાગમહેલના નીચેના આવાસોમાં હતી ત્યારે ઇ.સ. ૧૯૫૬થી ૫૯ સુધી શ્રી પ્રવીણચંદ્રભાઇ શાહના નાના બહેન પંકજબહેન શાહ અમારા સહાધ્યાયી હતા. જેઓ સાહિત્યકાર અને કવિશ્રી કનુભાઇ મહેતાના ધર્મપત્ની થાય. આ દંપતીની તસવીર નિહાળી ક્ષણભર વાંચતાં જ થંભી ગયો.

પંકજ બહેનનો કંઠ ખૂબ સુંદર. કૉલેજના કાર્યક્રમોમાં તેમને સાંભળવાનો લહાવો મળતો. ઇ.સ. ૧૯૫૮-૫૯માં અમોએ અમારા ગુજરાતીના પ્રોફેસર શ્રી રમેશભાઇ શુક્લે રચેલું સમૂહ ગીત કે જેના શબ્દો હતા 'ચાલ ભલા જઇએ પેલે પાર...' ગુજરાત કૉલેજના જ્યોર્જ ફીફથ હોલમાં સૌપ્રથમ લાલન કૉલેજના કલાકારોએ રજૂ કરી અને દ્વિતીય પારિતોષિક મેળવ્યું. ગુજ. યુનિ.ની લગભગ ૨૮ કૉલેજોએ સ્પર્ધામાં ઝુકાવેલું. કૉલેજ કાળ બાદ કોઇ જ સંપર્ક ન રહ્યો. ઇ.સ. ૧૯૭૬થી શ્રી કનુભાઇનો સાથ છૂટી ગયો છે જાણી ખૂબ દુ:ખ થયું-છતાં તેમની ત્રણ પુત્રી અને એક પુત્રની પ્રગતિથી સંતોષ થયો.

જૂનના અંકમાં ભુજના જાણીતા અર્થશાસ્ત્રના પ્રા. શ્રી જિતેન્દ્રભાઇ અંતાણીનો પ્રતિભાવ વાંચ્યો. તેઓશ્રી અચાનક આ જગતને છેલ્લી સલામ કરી ગયા. આવા નિર્માની પ્રતિભાશાળી લેખક બંધુને પ્રભુ શાશ્વત ઐહીક સુખ બક્ષે તેવી પ્રાર્થના કરું છું.

*પ્રા. સૂર્યકાંત ભટ્ટ - ભુજ (કચ્છ)*

• • • • •

## નૂતન વર્ષની શુભેચ્છા

'મંગલ મંદિર'નો આગામી અંક વિશેષ અંક બની રહે તેવી નૂતન વર્ષની શુભેચ્છા સ્વીકારશો.

*રક્ષા એમ. વ્યાસ - અમદાવાદ*

• • • • •

## મુખપૃષ્ઠના સર્જકને ધન્યવાદ

વાવાઝોડું, વરસાદ, ધૂળની ડમરીઓ થંભી ને મંગલ મંદિરના મોહક મુખપૃષ્ઠને આકાર આપનારને યાદ કર્યા. વાદળો, લીલા પર્ણો અને મોહક પતંગિયાએ મન મોહી લીધું. સર્જકને ધન્યવાદ.

તંત્રી લેખ 'કચ્છ બ્રાંચ કેનાલ', 'નર્મદાના નીર અને એ નીર વહાવી શકનાર માટે પડકારરૂપ ને પ્રેરક છે. પાણી પીવા ને પાણી પાવા પાણીદાર બનવું જ પડશે.

"સ્વર્ણિમ ગુજરાત"ને "વાંચે ગુજરાત"ની ઉજવણી થઈ રહી છે ત્યારે સલોની લાલકાના "વાંચન અને આપણે" લેખમાંની વિગતો, કાવ્યપંક્તિઓ દ્વારા આ લેખના મર્મ વિશે પણ ટકોર કરી દીધી. ચિ. સલોની વિશે શાંતિલાલભાઈ શાહે 'આંજો કાગર'માં લખેલ વિગત પ્રેરણાદાયી છે. સાનંદ અભિનંદન.

'શ્રેષ્ઠ લેખ', 'શ્રેષ્ઠ આંજો કાગર' જેના માટે લખાયું એ વિધાન બાળકોના માર્ગદર્શક પોતાનું અસ્તિત્વ મૂકી વિરમી ગયા. અદ્‌ભુત વ્યક્તિત્વની યાદ આવી. વંદન.

શશીકાંતભાઈના જણાવ્યા મુજબ પાલડીમાં આવેલ જૈન ભવનના ઉપયોગ અંગેની વાત અગત્યની છે. બધી જ જ્ઞાતિઓએ માનવ જ્ઞાતિ બનવાની જરૂર છે. સમાજની વાડાબંધી ઘણી જગ્યાએ નથી એ બધા રણદ્વીપો ગણાય.

કનુભાઈ મહેતાએ 'તું કલકત્તા આવ' કાવ્યમાં અનેરી લાગણી અનુભવી. એવો સંદર્ભ પણ ઇતિહાસના સુવર્ણાક્ષર 'તને શાતા આપવા ફરી એકવાર આવ' સુષુપ્ત લાગણીથી ભીંજવે છે.

મુઠ્ઠી ઊંચેરા માનવીની વાતો તમામ અહેવાલોમાં જાણવા મળી.

પર્સનાલિટી ડેવલપમેન્ટ ને એપ્ટીટ્યૂડ ટેસ્ટની વિગતો આવકારદાયક અને અભિનંદનીય છે.

વ્યાપક દર્શન આપતા વિવિધ લેખો, વિભાગો, સુવિચારોની ગોઠવણમાં મળી.

વાચકો માટે સમૃદ્ધિનો ખજાનો મંગલ મંદિર આપે છે. તાલીમ ને જાગૃતિ સાથે વાચકો એમાં ડૂબે તો અદ્‌ભુત સૌંદર્યાનુભૂતિ થશે. ધન્યવાદ.

*રમેશ છબીલાલ દવે - ગઢશીશા (કચ્છ)*

• • • • •

## ઉત્તરોત્તર રસમય વિષયો

મંગલ મંદિરમાં ઉત્તરોત્તર રસમય વિષયો આવરી લો છો તે ગમે છે. Wish you all the Best. આપનો આભારી.

*શાંતિલાલ વ. શાહ - અમદાવાદ*

• • • • •

## મંગલ મંદિર વિશેષ અને વિશિષ્ટ હોય છે

માસ જૂનના અંકનું પ્રિન્ટીંગ અતિ સુંદર છે. અંક હાથમાં આવતા સરસ મજાનું સાદું છતાં સુંદર મુખપૃષ્ઠ આંખોને લલચાવનારું લાગે છે. અંકની અંદરના માહિતીપ્રદ લેખો, ખૂબ જ આંખ ઉઘાડનારા જરૂર હોય જ છે. ખાસ કરીને તંત્રીનો અગ્રલેખ અને શ્રી પ્રવીણ શાહની કસાયેલી કલમ મારફતે જે જાણવા મળે છે તે અન્ય માસિક કે દૈનિકો કરતાં ઘણુંબધું વિશેષ અને વિશિષ્ટ હોય છે.

ભૂકંપ કૌભાંડનો શ્રી પ્રવીણભાઈનો લેખ તત્કાલીન મુખ્યમંત્રી શ્રી કેશુભાઈ પટેલની બોગસ બકવાસભરી વાતોને તદ્દન ઉઘાડી પાડી દે છે. કચ્છીયત પર તમાચા "Keshubhai Rejects charges of Corruption in relief work" અને "Greed Rules heart in Gujarat as the mighty corner relief..." ખરેખર કંપાવી

*આ જગતમાં કોઈનીય જોડે વેર બાંધવામાં ફાયદો નથી.*

જાય છે અને સરકારની સર્વાંગ નિષ્ફળતા અને બેજવાબદારી ભરેલું અત્યંત કંગાળ વર્તન નિર્વસ્ત્ર કરી નાખે છે.

અન્ય લેખોમાં વિસ્થાપિતોનાં પુનઃવસન, ૨૦૧૦ની મહિલા શતાબ્દી પ્રતિભાઓ, શ્રી ભરતભાઈ ઠાકરનો લેખ, શાંતિભાઈ સંઘવીનું સભાનું ઔચિત્ય, તંદુરસ્તીને લગતા લેખો દાદ માંગી લે તે પ્રકારના છે.

"સામાન્યતાથી મુઠ્ઠી ઊંચેરી અસામાન્યતા" શ્રી કનુભાઈ મહેતાનો લેખ મને સાંઈઠ વર્ષ પહેલાંના ભૂતકાળમાં લઈ ગયો. શ્રી કનુભાઈ મહેતા અને હું ૧૯૪૯થી ૧૯૫૩ લગી જી.ટી. હાઈસ્કૂલ કચ્છ - માંડવીના ઠેઠ લગી સહાધ્યાયી મિત્રો હતા. ખૂબ જ નજીકની મિત્રતા હતી. પ્રસ્તુત તેમની જે ઓળખ આપેલ છે તે અક્ષરસઃ સત્ય છે. "થોડું જીવ્યા પણ જીવી ગયા" એથી વિશેષ હું શું કહું? શ્રીમતી પંકજબહેન આજની તારીખમાં પણ આ ઘર સાથે અતિ નીકટતમ ઘરોબો ધરાવે છે.

*મુકુંદ કે. મહેતા 'અલ્પ' - આદિપુર (કચ્છ)*

• • • • •

## મહાજને આપેલ અનુભવ વંદનીય રહ્યો

અમારી શાળાના પરિવારના સભ્ય શ્રી જનકભાઈ પંડ્યાનું કેન્સરનું ઑપરેશન સફળતાપૂર્વક પાર પડ્યું. ઑપરેશન પછી કચ્છી વિશ્રામગૃહ - શાહીબાગમાં રોકાયા, જેથી એક સપ્તાહ પછીની સારવાર, ફૉલો અપ બરાબર થાય. સૌએ પુનઃ ખૂબ સારી સેવા આપી, સાચો ધર્મ બજાવ્યો. આ સત્કાર્યની સૌરભ અમારા અંતરે સદા રહેશે.

હાલ એ ગઢશીશા છે. ૨૧-૬થી પુનઃ સારવાર લેવાની છે અને દોઢેક માસ અમદાવાદ જ રોકાવું પડશે. ચાલો, એક પરિવાર સચવાઈ ગયો અને માળો પીંખાતો રહી ગયો.

કેટલા બધા પરિવારોના જીવનના તમે સૌ આશા કિરણ બનતા રહ્યા છો! ભણાવવા અને દર્દીઓને મદદરૂપ થવાના કામ તો દાતા સહયોગથી કર્યે જઈએ છીએ પણ નિવાસ, ભોજન, હોસ્પિટલ માર્ગદર્શનનો મહાજને આપેલ અનુભવ વંદનીય રહ્યો.

સૌનો આભાર.

*રમેશ છબીલાલ દવે - ગઢશીશા (કચ્છ)*

• • • • •

## મને વાત કહેવાની તક મળી

વડીલ વાચકમિત્ર શ્રી પોપટભાઈ ધરોડે મારી સાત લેખોની શ્રેણી 'મજાના અંગ્રેજી શબ્દો'ને જ્ઞાનવર્ધક ગણાવી અને એ શ્રેણી ચાલુ રહે એવી વિનંતી કરી છે. (મંગલ મંદિર, જૂન '૧૦)

ઘણાબધા આભારની લાગણી સાથે હું કહીશ કે તમારા જેવા વડીલ - સક્રિય - વાંચકમિત્રો મને વિનંતી નહીં, આદેશ સુદ્ધાં આપી શકે. પાછું, મને તો લખવાનું મળે તો ભાવતું મળ્યા જેવું જ થાય! કારણ, ઈંગ્લીશ મારો શોખ છે. છેલ્લાં થોડાં વર્ષોમાં, નવરાશ મળતાં ઠીકઠીક અભ્યાસ થઈ શક્યો છે. પણ અભ્યાસ કર્યો, કોઈ મર્યાદા વગર. મને જે ગમ્યું ને ફાવ્યું તે નોંધ્યું. આ નોંધોમાં જાતજાતની વાતો ભેગી થઈ. દા.ત. નીચેના અપભ્રંશો જ જુઓ. પાછું ૨૦૦૦ શબ્દોને ગુજરાતી-હિંદીમાંથી ઊંચકીને પોતાની ભાષામાં પ્રેમથી સમાવી લીધાં, તેમાં આ APABHRAMSH પણ છે.

MAN-OF-WAR નું મનવાર (યુદ્ધ જહાજ), ચંપી-ચાંપના પરથી SHEMPOO, ALL (IS) WELL નું આલબૅલ થયાં. વળી (પૉલિસ) રૉન, રસિદ, ટેસડો પૂરા અંગ્રેજી છે. મિશ્રિત શબ્દો તો અસંખ્ય છે. પણ DOUBLE-TREBLEના BLEને ઉપાડીને આપણે ચૉબલ કર્યું. વળી કહેવતો તો ડઝનબંધ. સાવ ગુજરાતીનું ભાષાંતર લાગે. કુલ છે બે હજારથી વધુ! અંગ્રેજી શીખવા આ વાતો બહુ ઉપયોગી થાય.

વિશાળ ને દીર્ઘ દૃષ્ટિ કેળવવા, પુસ્તક બહારના વિશ્વને જાણવા-માણવા સાવ સહેલાં બે હાથવગાં સ્રોતો છે : (૧) અખબારો અને (૨) જ્ઞાનગોષ્ઠિ, વાર્તાલાપો, ફિલ્મો ને ચર્ચાસભાઓ. ખાસ તો અંગ્રેજીમાં શહેરમાં લગભગ રોજેરોજ ગોઠવાતાં રહે છે, જે FOC હોય છે, ફી નથી હોતી. જ્ઞાનનો દરિયો ઉપલબ્ધ છે, તમારે મફતમાં ફક્ત આચમન જ કરવાનું છે, જ્ઞાન વધારવાનું છે.

કારણો જવા દઈએ, વાસ્તવમાં મા-બાપોને આવી ગોલ્ડન કી ની જાણ જ નથી. હવે દોષ કોનો, વિદ્યાર્થીઓનો કે આ પાલકોનો? એવું નથી કે સંતાનો માટે પ્રેમ નથી. છે. પૈસો, સમય અને પ્રેમ બધું જ છે. (પાંચ-દસ ટકા અપવાદ હોઈ શકે) પણ તેમની દિશા સાચી નથી. રૉનકદાર હોટલો અને સિનેમાગૃહો અથવા કોઈ રિસોર્ટ - વોટર પાર્ક સુધી એ સીમિત છે. આ સ્થિતિ અકળાવનારી છે, ખરેખર.

છેલ્લાં ૫-૬ વર્ષની નાની મોટી જાહેર ખબર પછી, બાળકો આવકારવા તૈયાર છું, આજે પણ. સમાજમાં એક સુદ્ધાં વિદ્યાર્થી કે વાલીએ સંપર્ક કર્યો નથી! એપ્રિલમાં તમે પોતે મંગલ મંદિર દ્વારા સરસ-મોટી જાહેરાત આપી પણ વ્યર્થ ગઈ. મને સૌથી વધુ દયા શિક્ષકોની આવે છે, કે પછી વાંચતા જ નથી?

આ શ્રેણી અંગે વાત નીકળતાં એક મુનિ મહારાજે, શાસ્ત્ર ટાંકીને મને કહ્યું, 'કામ કરે જાવ, ફળની આશા વગર.' સાવ સાચું, પણ ૭૬ની વયે એ અઘરું લાગે છે.

છેલ્લી વાત. વગર જાહેરખબર વાંચે વિદ્યાર્થીઓ અહીં આવે જ છે. ગયે મહિને બે અફઘાનો (થોડું) ભણી ગયા! આજે પણ વર્ગ ૩૬૫ દિવસ ચાલે જ છે, સૌ આવકાર્ય છે.

મુરબ્બી, વહાલા મિત્ર શ્રી પોપટભાઈએ મને ખુલાસાવાર મારી વાત કહેવાની તક આપી, તે માટે ફરીવાર હૃદયપૂર્વક તેમનો આભાર માનું છું અને દરેક પત્ર કે લેખ અક્ષરશઃ છાપવા માટે તંત્રીશ્રીને કેમ ભૂલાય?

*શાંતિલાલ વ. શાહ - અમદાવાદ*

• • • • •

*આ જગતમાં બધુંય જડે પણ પોતાની ભૂલ ના જડે.*

## ભદ્રેશ્વર તીર્થના મહોત્સવ

તાજેતરમાં કચ્છના આપણા મહાતીર્થના દહેરાસરની પ્રતિષ્ઠા મહોત્સવ ખૂબ રંગેચંગે ધામધૂમથી ઉજવાઈ ગયો. ધર્મના ધોધની ધારાએ આપણે સર્વે જૈનો ધર્મના ધોધમાં ડૂબકી મારી પાવન થઈ ગયા. અમે આ પ્રસંગ 'આસ્થા' ચેનલના માધ્યમથી નિહાળ્યો અને ભાવયાત્રાનો લાભ લીધો અને ધન્યતા અનુભવી. સાથે સાથે દિલને ખેદ પણ થયો. આ જીવંત પ્રસારણમાં ધ્યાન ખેંચી લે એવી દુઃખદ અને દર્દ ભરેલા દૃષ્યો જોવા મળ્યા તે જોઈ ખરેખર અરેરાટી થઈ ગઈ. આ પ્રસંગ હતો ભગવાનના વરઘોડાનો. જેમાં ઘોડાની (બગી) વિક્ટોરિયામાં ભગવાનના મા-બાપ બેઠેલા હતા. ઈન્દ્ર ઈન્દ્રાણી પણ બીજી બગીમાં બેઠા હતા અને આનંદવિભોર થઈને બધાનું અભિવાદન ઝીલતા હતા. વરસીદાન પણ કરતા હતા. પરંતુ જ્યારે ઢાળવાળો રસ્તો આવ્યો ત્યારે ઢાળ ચડાવવા માટે હોંશીલા શ્રાવકો ધક્કા મારી વિક્ટોરિયા ઢાળ પર ચડાવતા હતા. તે વખતે બિચારા ઘોડાના પગ પણ લપસી જતા હતા. એને વેદના થતી હશે એનો કોઈને વિચાર પણ ન આવ્યો. અને એ જ વરઘોડામાં ભગવાનના રથના બળદ પણ એજ પીડા - વેદના સહન કરતા હતા. બળદના તો આંખના ડોળા ઊંચા થઈ જતા હતા. એને કેટલી વેદના થતી હશે એ મૂંગુ પ્રાણી જ જાણે. ત્યારે મને માનવીની નિષ્ઠુરતા ઉપર ગુસ્સો આવ્યો. આપણે જૈનો સૂક્ષ્મ જંતુ કે જે આપણે જેને જોઈ શકતા નથી તેની પણ દયા પાળીએ છીએ ત્યાં આવા નરી આંખે દેખાતા અબોલ જીવ માટે આપણી દયા ક્યાં ગઈ? એની વેદના કોઈને ન દેખાણી અને આંખ આડા કાન કર્યા. આમ કેમ?

હવે તો મશીન યુગ આવી ગયો છે. રથમાં કે બગીમાં મોટર બેસાડીને શું ચલાવી ન શકાય? અથવા તો દોરી કે રસ્સો ખેંચીને રથને બધા શ્રાવકો ભેગા થઈ ન ખેંચી શકે? ખેર, મેં તો મારો અભિપ્રાય આપ્યો છે. કંઈ કેટલાય ગુરુ ભગવંતો આપણા સમાજમાં છે. આવા સુધારા માટે કેમ સૂચન નહીં આપતા હોય? જીવદયાના પાઠ ખાલી વ્યાખ્યાનમાં જ આપવા કરતાં પ્રેક્ટિકલ બનશે તો જ જીવદયા પાળી કહેવાશે.

બીજું એક દૃશ્ય. સ્ટેજ ઉપર જ્યારે ભગવાનશ્રીની દીક્ષા મહોત્સવ વખતે જોવા મળ્યું કે ભગવાનશ્રીની દીક્ષા વખતે એમના માતાશ્રી અને પિતાશ્રીને વિલાપ કરતા જોયા. તે જરા અતિશયોક્તિ જેવું લાગ્યું કેમકે મારી જાણ મુજબ ભગવાનશ્રીની દીક્ષા વખતે કદાચ એમના માતા-પિતા હયાત ન હતા. ખેર જે થયું તે થયું. પણ પ્રતિષ્ઠા મહોત્સવના જીવંત પ્રસારણ માટે જેમણે પણ આયોજન કર્યું તે બહુ જ સારી વાત છે. તેમને ધન્ય છે. ૧૬૦ જેટલા દેશ સુધી બધા જ લોકો આવા અમૂલ્ય અવસરને ભાવથી નિહાળી શક્યા અને ભગવાનશ્રીની પ્રતિષ્ઠામાં હાજર જ રહ્યા છીએ એવો અહેસાસ થયો. આપણા ભદ્રેશ્વર તીર્થના આ અમૂલ્ય અવસરને મહા મહેનતથી અને તન-મન-ધનથી જેમણે પણ લાભ લીધો તે ધન્યવાદને પાત્ર છે.

મારાથી કાંઈ પણ નકારાત્મક લાગતા શબ્દો લખાઈ ગયા હોય તો મન, વચન ને કાયાએ મિચ્છામિ દુક્કડમ્. ક્યાંક મારી પણ ગેરસમજ થતી હોય તો માફી માંગું છું.

*અલકા અરવિંદ સંઘવી - અમદાવાદ*

• • • • •

## જીતુભાઈને ભાવભરી શ્રદ્ધાંજલિ

'આંજો કાગર'માં શ્રેષ્ઠ લેખક, શ્રેષ્ઠ આંજો કાગરમાં જુદા જુદા સાહિત્યકારો - લેખકને અભિનંદન આપતી વિગત પ્રા. જિતેન્દ્રભાઈ અંતાણીની વાંચી. જે અંતિમ પુરવાર થશે તેની કોઈને કલ્પના નહીં હોય. પ્રા. જિતુભાઈ નાગરની વંડીમાંથી સ્કૂલ જતા. તેને બાળવયે હું પ્રાણલાલ શાહના પ્રેસમાંથી જોતો. તેઓ કૉલેજના પ્રોફેસર બન્યા ત્યારે તેમના મિત્ર વિનોદભાઈ શાહ સાથે અવારનવાર જોતો. વિનોદભાઈનું અવસાન થયું ત્યારે મેં કહ્યું, 'તમારી જોડી તૂટી.' ત્યારે જિતુભાઈ ભારે હૃદયે આઘાત અનુભવતા. થોડાક મહિના પહેલાં જિતુભાઈના વડીલબંધુ પ્રવીણભાઈનું અવસાન થયું હતું. ત્યાં જિતુભાઈએ ચીરવિદાય લીધી. હું એક નાગરબંધુની પ્રાર્થનાસભામાં ગયો હતો ત્યારે પ્રાર્થના સભા પૂરી થઈ. મેં હાથ મિલાવ્યા. તેઓએ કહ્યું, કચ્છ દર્પણમાં તમારો પરિચય પ્રા. સૂર્યકાંતભાઈ ભટ્ટે આપ્યો છે. તેથી ખુશ થઈ હું બુકસ્ટોલ પરથી ખરીદી લાવ્યો. તેઓનો પણ હૈદ્રાબાદના અગ્રણી ટોકરશી એલ. કાપડિયાનો ફોટો સહિત પરિચય હતો. જિતુભાઈ ગુજરાત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ કુંદનલાલ ધોળકિયા, નાનાજી અને છેલ્લે કચ્છશ્રુતિ શિક્ષણ ક્ષેત્રે રહી ચૂકેલા મનુબહેન મકવાણાનો પરિચય આપ્યો. કચ્છ દર્પણ જિતુભાઈને પુરસ્કાર આપવાના હતા. પણ તેઓ મેળવી ન શક્યા. જો કે કચ્છ દર્પણનું પ્રકાશન હાલ બંધ છે. કચ્છમિત્રમાં 'જ્ઞાતિ ગંગા કચ્છની' કટાર સંભાળતા અને સંપાદક નરેશ અંતાણી સાથે જોડી જમાવી હતી. પણ વધુ ન ટકી. ફૂલશંકર પટ્ટણી સ્મૃતિ ગ્રંથમાં 'ભેખધારી પત્રકાર'નું સંપાદન કર્યું હતું. તેમાં કચ્છમાં શરૂ થયેલ દૈનિક અખબારોની માહિતી રજૂ કરી હતી. સ્મારક સમિતિમાં પ્રમુખપદે જિતુભાઈનું યોગદાન સ્મરણીય હતું. જિતુભાઈને ભાવભરી અંજલિ.

*તુલસીદાસ જે. શાહ - ભુજ (કચ્છ)*

• • • • •

## પ્રાણુભાઈ, પ્રવીણભાઈ, પંકજબહેન — જૂની યાદગીરી

'સ્વ. કનુભાઈ મહેતા — સામાન્યતાથી મુઠ્ઠી ઊંચેરી અસામાન્યતા' એ શીર્ષક હેઠળ પૂર્વ ગૂર્જરીના તંત્રી શ્રી ગિરિરાજ ભારતીય કનુભાઈ વિશે લખતા. તેઓ કલકત્તામાં રહી ઘણા સાહિત્યકારોનો પરિચય મેળવતા. ભુજના પંકજબહેન સાથે લગ્ન કર્યા. તેની વિસ્તૃત ફોટા સહિત માહિતી લેખક ધન રામપરિયાએ રજૂ કરી.

અમારો પરિવાર ભાગલા બાદ કરાંચીથી ભુજના વાયડા ડેલામાં સ્થાયી થયો. ત્યારે પંકજબહેનને બાળવયે સ્કૂલ જતા જોતો. મોટાભાઈ કરાંચીથી પરણ્યા હતા એટલે ભાભી સાથે વધુ ઓળખ ઊભી થઈ. તેના વડીલબંધુ પ્રાણલાલ શાહના પ્રેસમાં હું કામ કરતો. તેનો પરિવાર વાર તહેવારે આવતો. પંકજબહેન રક્ષા બંધનના દિવસે પ્રાણુભાઈને રાખડી બાંધવા આવતા ત્યારે 'છોટી બહેન'નું ભૈયા મેરે છોટી બહેનકો ના ભૂલાના... યાદ આવી જતું. પંકજબહેન સૌથી નાના હતા. પ્રવીણચંદ્ર અખબારમાં સહતંત્રી તરીકે કામ કરતા. તેની લાડલી બહેન

*માયા એટલે પોતાના સ્વરૂપની અજ્ઞાનતા!*

પંકજના નામે લેખો લખતા. પંકજબહેન કલકત્તામાં પરણ્યાનું સાંભળ્યું હતું પણ કનુભાઈ મહેતાનો પરિચય લેખમાં જાણ્યો.

પ્રાણુભાઈ પાસેથી છૂટો થયા બાદ સરદાર ભવન સામે તેમના ભત્રીજાની દુકાને પંકજબહેનને સાદા ડ્રેસમાં જોયા ત્યારે મેં જૂની ઓળખ આપી. ભત્રીજા પાસેથી જાણ્યું કે કનુભાઈએ ચીરવિદાય લીધી ત્યારે મને ઘણું દુઃખ લાગ્યું. પ્રવીણચંદ્ર શાહ ભુજમાં અવારનવાર આવે ત્યારે પંકજબહેનની પૃચ્છા કરી ત્યારે જાણવા મળ્યું કે અમદાવાદ સ્થાયી થયા છે. પ્રાણલાલ શાહના ભુજમાં રહેતા બનેવી જેઓ રંગૂન હતા તેના સાથે તથા મુંબઈ સ્થાયી થયેલા બબીબહેનના પતિ નરોત્તમભાઈ સાથે ઓછો પરિચય થયો. કનુભાઈ મહેતાને કોટી કોટી વંદન.

*તુલસીદાસ જે. શાહ - ભુજ (કચ્છ)*

• • • • •

## ઋણ સ્વીકાર

આ ઋણ સ્વીકાર તો રહી જ ગયો...

જાન્યુઆરી '૧૦ના મંગલ મંદિરમાં ગમી જાય તેવી, અલભ્ય જ કહેવાય તેવી ઑફર મુરબ્બી અને હવે મિત્ર શ્રી શાંતિલાલ સંઘવીએ કરી હતી. એમની વાત હતી ઉત્તમ ગુજરાતી સાહિત્ય - સામયિકોની. તેમણે લખેલું 'મારે ત્યાં ઘણા સામયિકો આવે છે... જેમને રસ હોય તેને એ બધા જ નિયમિત મળી શકશે.' અને એ નામાવલિ તો જુઓ : ભૂમિપુત્ર, નિરીક્ષક, પ્રબુદ્ધ જીવન, નયા માર્ગ, હલચલ, પરિચય પુસ્તિકાઓ... એવા તો બીજા અનેક. વાહ ભૈ વાહ! આ સોનામાં સુગંધ નહિ પણ સોનાની એક લગડી પર બીજી — બંને મફત!

હું તો ૮મીએ જ એમને ઘેર! તેમણે પૂરો ખજાનો ખોલી આપ્યો... અ...ધ...ધ...ધ... મોટો ઢગલો. (ત્યારે) તેમણે ગોઠણનું TKR કરાવેલું તેથી તેમની પૌત્રી ચિ. પારમિતાએ મને મદદ કરી. આ ઢગલાથી મન ને હૃદય બંને છલોછલ થઈ ગયાં.

તે દિવસથી આજ સુધી, ક્યારેક તો ફોન કર્યા વગર, મજેદાર મિજબાની માણી આવું છું. બે કારણોસર આ ઋણ સ્વીકાર મોડો થયો છે. એક, તે જ અરસામાં ત્રણ સપ્તાહ માટે બિછાનાવશ રહ્યો. અને બીજું, પછીથી સતત વિચારો આવતા રહ્યા. પરંપરા અને રૂઢિઓમાં ખોવાઈ ગયેલા ક્રિયાકાંડમાં ગળાડૂબ રહેલા મિત્રો સાથેના મુકાબલાના! પણ વિચારો વિચારો જ રહ્યા, કોઈએ તૈયારી બતાવી નહિ, કદાચ ચિ. સલોનીએ કહ્યું છે તેમ તેમણે વાંચ્યું નહિ હોય!

ધર્મને માટે કાંઈકાંઈ કરતા આ યુવાનોને એક સરસ તક હમણાં જ અમદાવાદમાં મળી હતી. આશા હતી તેઓ ઝડપી લેશે. કૂતરાઓને પકડવામાં નરી ક્રૂરતા - અત્યાચાર કરતા મ્યુનિ.ના અધિકારીઓ સામે એકલે હાથે આ અજૈન જવાંમર્દ સન્નારીએ, રીતસર યુદ્ધ કર્યું. પોલીસ આ જીવદયા પ્રેમીને પકડીને સજા કરવા માંગે છે! જૈનો ચૂપ છે! **શિબિરોમાં સેંકડોની સંખ્યામાં મહામંત્રના જાપ કરનાર ધર્મી લોકો કેમ પોલીસને ત્યાં પલાંઠી વાળીને તેમના અન્યાયી પગલાં સામે જાપ નથી જપતા?** જૈનોનો સત્ય અને અહિંસાપ્રેમ વ્યક્ત કરવાની આવી તકો ભાગ્યે જ આવે. આપણી અત્યંત વિશાળ અને અથાક, સવારથી સાંજ સુધીની ધાર્મિક મથામણો છે તો, આ જૈનત્વ માટે જ ને? મ્યુનિ. અધિકારીઓ અને પોલીસના આવા ગતકડાં સામે જૈનોની શક્તિ, તાકાત, પ્રભાવ કેટલાં બધાં વધુ ગણાય.

વાત આડી ફંટાઈ ગયા પછી, મૂળ વાત. મંગલ મંદિર અને શ્રી શાંતિલાલભાઈ સંઘવીનો ફરીવાર ઋણ સ્વીકાર કરું છું. મંગલ મંદિર તેમાં નિમિત્ત (ઈન્સ્ટ્રુમેન્ટલ) બન્યું તે માટે, તમારો પણ આભાર....

*શાંતિલાલ વ. શાહ - અમદાવાદ*

• • • • •

## શ્રી મુકેશભાઈ ઝવેરીને અભિનંદન

શ્રી મુકેશભાઈ ઝવેરીની નર્મદા નિગમના ડાયરેક્ટર તરીકે નિમણૂક થયેલ હોવાથી, કચ્છ માટે આ એક સારા સમાચાર કહેવાય. સાથે સાથે શ્રી મુકેશભાઈ ઝવેરીને હાર્દિક અભિનંદન.

કચ્છ બ્રાંચ કેનાલનું કામ વર્ષોથી સ્થગિત થયેલ છે. આપણે આશા રાખીએ કે શ્રી મુકેશભાઈ ઝવેરીની નિમણૂક થવાથી કચ્છ બ્રાંચ કેનાલના કામોમાં હવે ગતિ આવશે.

કચ્છ બ્રાંચ કેનાલનું કામ મુખ્યત્વે પમ્પિંગ સ્ટેશનનું કહેવાય કે જેના પર શ્રી મુકેશભાઈએ વિશેષ ધ્યાન આપવું રહેશે.

કચ્છને ફાળવાયેલ વધારાના પાણીના આયોજનો હજુ થયેલ નથી. તે આયોજનો થઈ શકે તો એક તરફ માંડવીથી નારાયણ સરોવર - કોટેશ્વર સુધી, બીજી તરફ બન્ની વિસ્તારમાં અને ત્રીજી તરફ કચ્છના ઊંચાઈવાળા સ્થળે એટલે કે ભુજની આજુબાજુના વિસ્તારોમાં પણ નર્મદા નદીના પાણી સિંચાઈ અર્થે પહોંચાડી શકાય. જો કે આ તેમનો વિષય ન હોવા છતાં તેઓશ્રી પોતાની વગનો ઉપયોગ કરી, એ બાબતે પણ યોગ્ય કાર્યવાહી કરાવે તેવું કચ્છની જનતા ઈચ્છી રહી છે.

શ્રી મુકેશભાઈની ભૂતકાળની જી.એમ.ડી.સી.ની કામગીરીને આજે પણ કચ્છીઓ યાદ કરે છે. અત્યારે તેઓશ્રીની નિમણૂક નવા અને અગત્યના સ્થળે થતાં, તેમની પાસેથી અગાઉની માફક ઉચ્ચ દરજ્જાના કામોની અપેક્ષા રાખવામાં આવે છે.

*મુરજી નરશી શાહ (લોડાયા) - મુંબઈ*

• • • • •

## સારું મેગેઝીન

આજે મંગલ મંદિરને બે પુસ્તકો મોકલ્યા છે. "કચ્છ", લેખક હરેશ ધોળકિયા તથા એક 'ભવોદધિ'નો જૂનનો અંક છે. એમ બે પુસ્તકો સાથે પોસ્ટથી મોકલ્યા છે. મળ્યાથી જણાવશો. આપશ્રીની કુશળતા ઈચ્છું છું. મંગલ મંદિર સારું મેગેઝિન છે. તે માટે મારા હાર્દિક ધન્યવાદ પાઠવું છું.

*મણિલાલ કે. છેડા - મુંબઈ*

*સર્વ દુઃખોથી મુક્ત કરે, તેનું નામ ધર્મ.*

# અન્ય સંસ્થાઓના સમાચાર

## કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદ

### કચ્છનું સર્વાંગપણે ઇતિહાસ આલેખન

કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદની પરામર્શ સમિતિની એક મિટિંગ શનિવાર, તા. ૧૯-૬-૨૦૧૦ના સવારમાં ૯.૩૦ વાગે શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર મળેલ હતી કે જ્યારે નીચેના સભ્યો વિચાર વિમર્શ કરવા એકત્રિત થયેલ હતા.

**કચ્છથી પધારેલ મહાનુભાવો :** ડૉ. કાંતિભાઈ ગોર, શ્રી કીર્તિભાઈ ખત્રી, શ્રી ઉમિયાશંકર અજાણી, શ્રી હરેશ ધોળકિયા, શ્રી દિનકર મહેતા, ડૉ. તુષાર હાથી, શ્રી શશીકાંત ઠક્કર, શ્રી નરેશ અંતાણી, શ્રી દીપક માંકડ તથા શ્રી હસમુખ અબોટી.

**અમદાવાદ સ્થિત મહાનુભાવો :** શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપ દંડ, શ્રી હંસરાજ કંસારા, શ્રી આર.ટી. સાવલિયા, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી હીરજી પાસુ શાહ, શ્રી બી. કે. પટેલ, શ્રી મનસુખભાઈ પટેલ, શ્રી મણિલાલ કું. ગોસર તથા શ્રી નીતિન ધનજી ગાલા.

આ મિટિંગમાં આવેલ લેખોને ફાઈનલ સ્વરૂપ આપવાનું નક્કી કરવામાં આવેલ હતું. તે અંગે એક સમિતિ રચી, એ સમિતિ ભુજ ખાતે દર રવિવારે જે-તે લેખના લેખકશ્રીને બોલાવી, એ લેખકોને જરૂરી સૂચના આપી, તેમના લેખો ફાઈનલ કરી આપે તેવી પદ્ધતિથી આગળ વધવાનું નક્કી કરવામાં આવેલ હતું. પરામર્શ સમિતિના નેજા હેઠળ બનાવવામાં આવેલ આ સમિતિમાં નીચે મુજબના સભ્યોની નિમણૂક કરવામાં આવેલ હતી : (૧) ડૉ. કાંતિભાઈ ગોર - કન્વીનર, (૨) શ્રી કીર્તિભાઈ ખત્રી, (૩) શ્રી ઉમિયાશંકર અજાણી, (૪) શ્રી હરેશ ધોળકિયા, (૫) શ્રી દિનકર મહેતા તથા (૬) શ્રી નરેશભાઈ અંતાણી.

ઈતિહાસ આલેખનનું પ્રથમ ચેપ્ટર, અગાઉ નિમવામાં આવેલ ત્રણ સભ્યોની સમિતિ દ્વારા લગભગ તૈયાર થઈ ગયેલ હોવાથી તેને અંતિમ સ્વરૂપ આપી, શક્ય જલદી સંપાદન સમિતિ પર મોકલી આપવાનું નક્કી કરવામાં આવેલ હતું.

જે લેખકશ્રીના લેખ હજુ લગી આવેલ નથી, તેઓ પોતાના લેખો શક્ય ત્વરાએ મોકલી આપે તેવું જણાવતો પત્ર તેમના પર લખવાનું નક્કી કરવામાં આવેલ હતું.

ઈતિહાસ આલેખન અંગે અન્ય અનેક બાબતે ચર્ચા વિચારણા કરવામાં આવેલ હતી.

બપોરના લંચ વિરામ બાદ સહુએ ભોલાભાઈ જેસીંગ અધ્યયન સંશોધન વિદ્યાભવન (બી.જે. ઈન્સ્ટિટ્યૂટ ઑફ લર્નિંગ એન્ડ રિસર્ચ)ની મુલાકાત લીધેલ હતી. અહીંના મ્યુઝિયમ કે જ્યાં અનેક અલભ્ય પ્રતિકૃતિઓ સાચવી રાખવામાં આવેલ છે તે વિભાગ તથા મુખ્યત્વે તો અહીંની લાઈબ્રેરી કે જ્યાં હજારોની સંખ્યાના અલભ્ય પુસ્તકોનો સંગ્રહાલય છે તેમજ આ પુસ્તકો માહિતી તથા રિસર્ચમાં સારા એવા ઉપયોગી થઈ શકે તે વિગતો જાણી, ઉપસ્થિત સહુ પ્રભાવિત થયેલ હતા.

ત્યારબાદ કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના ઉપરોક્ત ગ્રૂપે ''ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ''ની મુલાકાત લીધેલ હતી. આ મુલાકાતનું આયોજન શ્રી આર.ટી. સાવલિયાએ ગોઠવેલ હતું. અહીં શ્રી કુમારપાળ દેસાઈ તથા શ્રીમતી પ્રીતિબહેન શાહે સહુનું સ્વાગત કરેલ હતું. તેઓએ આ ભવનમાં સહુને લઈ જઈ ''ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ''ની પ્રવૃત્તિઓથી વાકેફ કરેલ હતા. ગુજરાતી વિશ્વકોશના ૨૫ ગ્રંથની રચના તેઓએ સમજાવેલ હતી. એ સિવાય અહીં ચાલતી અનેક સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની વિગતો પણ તેમણે સમજાવેલ હતી.

આ બંને સંસ્થાની મુલાકાતથી ઉપસ્થિત સહુ સભ્યોએ તેમની જિંદગીમાં તેઓએ કંઈક માણ્યું - જાણ્યુંની ભાવના વ્યક્ત કરેલ હતી.

### કચ્છ બ્રાંચ કેનાલ

કચ્છ બ્રાંચ કેનાલના બાંધકામની કાર્યવાહી આગળ વધી રહેલ છે તેવા સમાચાર જાણવા મળેલ છે.

કચ્છ બ્રાંચ કેનાલની ૦.૦૦થી ૮૨.૩૦ કિ.મી.ની રેન્જ પાટણ - બનાસકાંઠા જિલ્લામાં આવે છે અને ત્યાંના કાર્યોના કેટલાંક નાનાં-મોટાં એમાઉન્ટના ટેન્ડરો અવારનવાર બહાર પડી રહેલ છે.

તા. ૨૦-૬-૨૦૧૦ના સ્થાનિક વર્તમાનપત્રોમાં ૮૨.૩૦થી ૧૧૨.૫૦ કિ.મી. (રણ વિસ્તાર)ના રૂા. ૪૩૪ કરોડ ૭૧ લાખની કિંમતના ઈ.પી.સી. પદ્ધતિના ટેન્ડરો બહાર પાડવામાં આવેલ છે, કે જેની ટેક્નિકલ બીડ તા. ૨૦-૭-૨૦૧૦ના ઑપન કરવામાં આવશે અને પ્રાઈઝ બીડ તા. ૨૭-૭-૨૦૧૦ના ઑપન કરવામાં આવશે. કદાચ સપ્ટેમ્બર-૨૦૧૦ સુધીમાં આ કાર્યો ચાલુ થઈ જાય એવી ગણના રાખી શકાય.

એ સમાચાર પણ જાણવા મળેલ છે કે આવતા દિવસોમાં ૧૩૩.૫૧૯ કિ.મી.થી ૧૮૯.૯૭૭ કિ.મી. (ફતેહગઢથી ભચાઉ સુધીનો વિસ્તાર)ની લંબાઈના અંદાજિત રૂા. ૩૪૩ કરોડની કિંમતના ટેન્ડરો પણ ઈ.પી.સી. પદ્ધતિથી બહાર પાડવામાં આવનાર છે.

૧૧૨.૫૦થી ૧૨૨.૨૧૯ કિ.મી. તથા ૧૨૨.૨૧૯થી ૧૩૩.૫૧૯ કિ.મી.ના કામો આજથી ૫ વર્ષ અગાઉ અપાઈ ચૂકેલ છે અને તેના કામો હજુ પણ અધૂરા છે કે જેને પૂરા કરાવવાની કાર્યવાહી અલગથી વિચારવામાં આવી રહેલ છે.

૧૧૨ કિ.મી. વગેરે સ્થળે આવતા પમ્પિંગ સ્ટેશનોની કાર્યવાહી નર્મદા નિગમના મિકેનિકલ વિભાગ તરફથી ચાલી રહેલ છે અને એ ટેન્ડરોની વિગતો પણ શક્ય ત્વરાએ જાણવા મળશે.

ઉપરોક્ત દરેક હકીકત કચ્છીઓ માટે જરૂરથી સારા સમાચાર કહી શકાય.

અષાઢી બીજથી શરૂ થતું કચ્છી નૂતન વર્ષ આ બાબતે કચ્છીઓ માટે શુકનશાળી પુરવાર થાય તેવી અભિલાષાઓ વ્યક્ત કરાઈ રહેલ છે.

*વસ્તુનો લોભ થાય ત્યારથી માણસ અંધ થાય.*

## સપ્લાય કોડ રિવ્યૂ પેનલમાં મૂળ કચ્છના વતની તથા ભાવનગર ડિસ્ટ્રિક્ટ ચેમ્બર ઓફ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન શ્રી મહેન્દ્રભાઈ એસ. શાહની પુનઃ નિયુક્તિ

ઈલેક્ટ્રિસિટી એક્ટ, ૨૦૦૩ અન્વયે ગુજરાત ઈલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન દ્વારા "સપ્લાય કોડ રિવ્યૂ પેનલ"ની પુનઃરચના કરવામાં આવેલ છે. આ કમિટી છેલ્લા છ વર્ષથી કાર્યરત છે અને શ્રી મહેન્દ્રભાઈ એસ. શાહ કે જેઓ મૂળ કચ્છના વતની તથા ભાવનગર ડિસ્ટ્રિક્ટ ચેમ્બર ઓફ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન છે તેઓ આ કમિટીની રચનાથી અત્યાર સુધી સક્રિય રીતે ભાગ લઈ રહ્યા છે. તેઓના ઈલેક્ટ્રિસિટી અંગેના કાયદા તથા નિયમોના બહોળા અનુભવને ધ્યાનમાં રાખી નવી કમિટીમાં તેમની પુનઃ વરણી કરવામાં આવી છે.

શ્રી મહેન્દ્રભાઈ દ્વારા સપ્લાય કોડ રિવ્યૂ પેનલના વિવિધ નિયમોમાં ઘણા સુધારા સુચવીને ઈલેક્ટ્રિસિટી એક્ટ, ૨૦૦૩ સાચા અર્થમાં ગ્રાહકલક્ષી બની રહે તેવો પ્રયાસ તેમના દ્વારા કરવામાં આવેલ છે. સૌરાષ્ટ્ર અને કચ્છમાંથી આ કમિટીમાં માત્ર ભાવનગરને જ પ્રતિનિધિત્વ મળેલ છે તે સંસ્થા માટે ગૌરવની વાત છે.

વિશેષમાં તાજેતરમાં શ્રી મહેન્દ્રભાઈ એસ. શાહની ભાવનગર રેલવે સ્ટેશન કન્સલ્ટેટિવ કમિટીમાં પણ સભ્ય તરીકે નિયુક્તિ થયેલ છે.

## ગુજરાતના કચ્છી જૈનો સંગઠિત થઈ નોંધપાત્ર કાર્યો કરી શકે

રવિવાર, તા. ૧૮-૪-૨૦૧૦ના કચ્છ સિવાયના ગુજરાતભરના વિવિધ શહેરોમાં વસવાટ કરતા કચ્છી જૈનો અમદાવાદ ખાતે એકત્રિત થયેલ હતા કે જ્યારે લગભગ ૧૨૫ જેટલી સંખ્યામાં વિવિધ સ્થળે વસવાટ કરતા કચ્છી જૈનો આ સભામાં ઉપસ્થિત રહેલ હતા.

એ સમયે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની પ્રવૃત્તિઓની વિગતવાર માહિતી આપવામાં આવેલ હતી. ત્યારબાદ ગુજરાતના વિવિધ શહેરોમાં વસવાટ કરતા ઉપસ્થિત કચ્છી જૈનોએ પોતાના વિચારો રજૂ કરેલ હતા. બપોર બાદના સેશનમાં આ અંગે વિગતે ચર્ચા કરવામાં આવેલ હતી. હાલે વડોદરા, સુરત, વાપી, રાજકોટ જેવા અનેક સ્થળે કચ્છી જૈનો વસવાટ કરે છે. પરંતુ દરેક કુટુંબ જે તે ફિરકામાં રહીને કાર્યરત છે. આ રીતે આપણે દરેક શહેરમાં વિવિધ ગ્રૂપોમાં કાર્યરત હોવાથી સંગઠન શક્તિ પ્રમાણમાં નાની થઈ જાય છે કે જેના કારણે પોતાની કર્મભૂમિમાં કદાચ નોંધપાત્ર સામાજિક કાર્ય થઈ શકતા નથી. તેના ઉકેલ સ્વરૂપે દરેક શહેરના કચ્છી જૈનો સંગઠિત થઈ પોતાને ત્યાં "શ્રી કચ્છી જૈન સમાજ"ની સ્થાપના કરે તો એક મોટા સંગઠન સ્વરૂપે ઉભરી આવે અને નોંધપાત્ર સામાજિક કાર્યો હાથ પર લઈ શકે.

**ઉપરોક્ત ચર્ચાના પરિણામો આવવા શરૂ થયા છે અને તેના પ્રથમ પગલાં તરીકે રવિવાર, તા. ૨૭-૬-૨૦૧૦ના સુરત ખાતે દરેક ફીરકાના કચ્છી જૈનો એકત્રિત થઈ પોતાને ત્યાં "શ્રી કચ્છી જૈન સેવા સમાજ"ની સ્થાપના કરવા માટેના આયોજનો ગોઠવી રહેલ છે.**

આપણે ઈચ્છીએ કે સુરત સ્થિત કચ્છી જૈનો તેમના આયોજનોને વ્યવસ્થિતપણે અમલમાં મૂકી, કોઈ નોંધપાત્ર સામાજિક કાર્યો કરવાની પોતાની મહેચ્છામાં સફળ થાય.

**સુરત સમાજના પગલે ગુજરાત સ્થિત અન્ય શહેરોના સમાજો પણ પોતાની કાર્યવાહી ઝડપી બનાવે તેવી અભિલાષા.**

*અહેવાલ, તા. ૨૪-૬-૨૦૧૦*

## ખેતરમાં વધુ અનાજનો પાક મેળવવા 'મરિયા'નો ભોગ અપાતો

બ્રિટિશ જમાનાના સમયમાં દક્ષિણમાં ગોંડવર્ણ જિલ્લામાં ખેતરમાં વધુ અનાજ પાકે એ માટે ખેડૂતો કન્યાનો ભોગ આપતા હતા. આ માટે ગામ પંચ ભેગું થતું. તેઓ નક્કી કરે તે છોકરીને 'મરિયા' નામ અપાતું. તેને કાપી નાખી દેવી સમક્ષ અર્પણ કરાતા યજ્ઞમાં હોમી દેવામાં આવતી. બ્રિટિશ સરકારે આ કૃત્ય માટે ગામના આગેવાનો અને યજ્ઞ કરનારા બ્રાહ્મણોને ગામ નજીક એક વૃક્ષ પર ફાંસીએ લટકાવી દીધા હતા.

આજે 'અફઝલ બેગ' જેવા ગુનેગારનો ગુનો સાબિત થયા પછી પણ તેને ફાંસી આપતાં વર્ષો નીકળી જાય છે.

## ગરીબી અને ન્યાય

ન્યાય સત્યનો સગો ભાઈ છે. ગરીબને સાચો ન્યાય મળે ખરો? સંજય દત્તનો ગુનો સાબિત થયો પરંતુ એને જામીન મળી ગયા. તેથી આજે એ નિરાંતે જીવે છે. નવાબ ઑફ પટોડી કાળા હરણનો શિકાર કરવા બદલ પકડાયા, પરંતુ જામીન મળ્યા તેથી એ મુક્ત છે. સલમાન ખાને નશીલી હાલતમાં કાર ચલાવી અને એક-બે માણસો કચડાઈ મૂઆ. એ અભિનેતા જામીન મળ્યા પછી મુક્ત છે. ગરીબ માણસે આવો કોઈ ગુનો કર્યો હોત તો! ત્રણે મહાનુભાવો પૈસાને જોરે એવા સમર્થ વકીલો રોકી શક્યા, જેઓ રાતને દિવસ તરીકે સાબિત કરી શકે. આવું બને તેમાં 'ન્યાય' ક્યાં રહ્યો? ગાંધીજીએ તેથી કહેલું : 'ગરીબી એ હિંસાનું સૌથી વરવું સ્વરુપ છે!' ઈંદીરા ગાંધીએ કહ્યું હતું : 'ગરીબી એ સૌથી ભૂંડી પ્રદૂષક છે.' — *ગુણવંત શાહ*

## મંગલ મંદિર - પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ

*માસ મે-૨૦૧૦ના ખરા ઉત્તર અને તે લખી મોકલનારના નામઃ*

| | | |
|---|---|---|
| ૧. | સંપ્રતિ રાજા. સંવત ૨૨૩. | પાના-૨૦ |
| ૨. | કોડાય | પાના-૨૬ |
| ૩. | ડૉ. દર્શનાબહેન ધોળકિયા | પાના-૩૦ |
| ૪. | ૬૦,૦૦૦; ૫૦૦ | પાના-૭૯ |
| ૫. | જોરાવરસિંહ, લોક સંસ્કૃતિ સંસ્થા, ઝવેરચંદ મેઘાણી, સુવર્ણચંદ્રક | પાના-૫૮ |
| ૬. | જયપુરના રાજમહેલમાં. | પાના-૧૦૬ |

★

| | | |
|---|---|---|
| ૧. | શ્રીમતી દીપલ તુષાર શાહ | - અમદાવાદ |
| ૨. | શ્રીમતી વર્ષાબહેન રવિલાલ પારેખ | - અમદાવાદ |
| ૩. | શ્રીમતી જ્યોત્સનાબહેન શાહ | - અમદાવાદ |
| ૪. | જ્યોતિબહેન લક્ષ્મીચંદ શાહ | - અમદાવાદ |
| ૫. | નયનાબહેન અલ્પેશ ગાલા | - અમદાવાદ |
| ૬. | અલકા એ. સંઘવી | - અમદાવાદ |
| ૭. | જાગૃતિ અરુણકુમાર જૈની | - અમદાવાદ |
| ૮. | કામિનીબહેન સ્નેહલ શેઠ | - અમદાવાદ |
| ૯. | ભારતીબહેન સુરેન્દ્રભાઈ જૈની | - અમદાવાદ |
| ૧૦. | વિનોદભાઈ કે. મોરબિયા | - મુંદ્રા (કચ્છ) |
| ૧૧. | શ્રીમતી મોનાબેન જિતેન્દ્ર શાહ | - હૈદ્રાબાદ |
| ૧૨. | પ્રતાપભાઈ નારાણજી દંડ | - અમદાવાદ |
| ૧૩. | અમરકુમાર ઉમરશી રાંભિયા | - નડિયાદ |
| ૧૪. | નવીનચંદ્ર શામજી લાલકા | - ગદગ |
| ૧૫. | જયચંદ માણેકજી લોડાયા | - ગદગ |
| ૧૬. | લીલાધર લખમશી વિસરીઆ | - મુંબઈ |

★

માસ એપ્રિલ-૨૦૧૦ના પ્રશ્નોના બધા સાચા જવાબ આપનારની યાદીમાં નીચે મુજબના નામો ઉમેરવામાં આવ્યા છે.

ગીરા રાહુલ નાગડા - અમદાવાદ
જ્યોતિબહેન લક્ષ્મીચંદ શાહ - અમદાવાદ

★ **નવા પ્રશ્નો માટે સંદર્ભ :**
મંગલ મંદિરનો અંક, માસ જૂન, ૨૦૧૦

★ **ઉત્તર સંબંધી વિકલ્પ :**
પ્રશ્નો બધા ફરજિયાત છે.

★ **ખરા ઉત્તર અને નામની પ્રસિદ્ધિ :**
મંગલ મંદિર **ઓગસ્ટ-૨૦૧૦ના અંકમાં**

★ **સરનામું :** રાબેતા મુજબ.

★ **માસ જૂન-૨૦૧૦ના અંકના પ્રશ્નો :**

૧. આર.ટી.આઈ. સિટીઝનનો ઍવૉર્ડ ગુજરાતની કઈ બે વ્યક્તિને આપવામાં આવ્યો છે?

૨. આચાર્ય શ્રી મહાપ્રજ્ઞાજી મહારાજે કેટલા કિ.મી.ની પદયાત્રા જીવનના કયા દસક દરમ્યાન ખેડીને શાનો પયગામ વ્યાપક બનાવેલો?

૩. 'ભુલાભાઈ એન્ડ ધીરજલાલ મેમોરિયલ ટ્રસ્ટ'ની સ્થાપના કોણે કરી હતી?

૪. 'તમારી છાતી પર હાથ મૂકીને કહો જોઉં કોઈને મદદ કરવા માટે સંસ્થા, સભા કે અખબારના ચોપાનિયે ચડવાની જરૂરત ખરી?' આ વાક્યો બોલનાર કોણ?

૫. કચ્છમાં મધ ઉત્પાદનના મુખ્ય ક્ષેત્રો કયા છે?

૬. ફક્ત રાત્રે જ ખૂલ્લું રહેતું હોય તેવું દુનિયાનું એકમાત્ર પ્રાણી સંગ્રહાલય કયા શહેરમાં આવેલું છે?

૭. શ્રી કુમાર ગાંધર્વએ ગાંધીજીની સ્મૃતિમાં કયો રાગ બનાવ્યો?

***નોંધ : જવાબો મોકલવાની છેલ્લી તા. ૨૦-૭-૨૦૧૦ છે. ઉપરના બધા પ્રશ્નો ફરજિયાત છે.***

***ચંદ્રા મહેન્દ્ર શાહ***

*સુધારવા જવા કરતાં સારી ભાવના ભાવો.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની લાઈબ્રેરીને ભેટ મળેલ પુસ્તકો — સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની લાઈબ્રેરીને દર મહિને કોઈને કોઈ મહાનુભા તરફથી પુસ્તકો ભેટ સ્વરૂપે આવતા રહે છે.*

*સામાન્યપણે આ ભેટ પુસ્તકોમાં કાં તો નવા છપાયેલ પુસ્તકો, જે - તે લેખક તરફથી મોકલી આપવામાં આવે અથવા કોઈ વાચક વર્ગને તે પુસ્તક યોગ્ય જણાય તો તેમના તરફથી અન્યોને તે પુસ્તક વંચાવવા માટે ભેટ સ્વરૂપે મોકલી આપવામાં આવે. કોઈ મહાનુભાવના ઘરની લાઈબ્રેરીના પુસ્તકો વધુ લોકોમાં વંચાય તે લાગણીથી પણ તે પુસ્તકો મોકલી આપવામાં આવે.*

*પરંતુ ગાંધીનગર સ્થિત કચ્છ તેરાના શ્રી પૃથ્વી શાહે સ્વખર્ચે બજારમાંથી વિવિધ વિભાગના અનેક યોગ્ય પુસ્તકો ખરીદી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની લાઈબ્રેરીમાં સપ્રેમ ભેટ સ્વરૂપે મોકલી આપેલ છે. આ પુસ્તકોની સંખ્યા લગભગ ૨૦૦ જેટલી થવા જાય છે. "વાંચે ગુજરાત"નું અભિયાન તેઓએ યોગ્ય સ્વરૂપે આદરેલ છે તે જરૂરથી કહી શકાય.*

*શ્રી પૃથ્વી શાહને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની લાઈબ્રેરી સમિતિ તરફથી ખૂબ ખૂબ અભિનંદન.*

*શ્રી પૃથ્વી શાહે તથા અન્ય મહાનુભાવોએ અર્પણ કરેલ પુસ્તકો શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની લાઈબ્રેરર્સમિતિ સહર્ષ સ્વીકારે છે.*

*શ્રી પૃથ્વી શાહનું અનુકરણ કરી અન્ય વાંચનપ્રેમી મહાનુભાવો પણ આ પ્રકારનો શિરસ્તો સ્વીકારી, સમાજની લાઈબ્રેરીને વધુને વધુ સમૃદ્ધ બનાવવા માટે આગળ આવશે તેવી આશા જ નહીં પરંતુ અમને પૂરેપૂરો વિશ્વાસ છે.*

*સમાજનો વાચક વર્ગ અને ખાસ સ્વરૂપે તો વિદ્યાર્થીઓ આ લાઈબ્રેરીનો વધુને વધુ ઉપયોગ કરે તેવી અપેક્ષા.*

**મનુભાઈ શાહ,**
**કન્વીનર - લાઈબ્રેરી સમિતિ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

| ક્રમ | પુસ્તકનું નામ | લેખક |
|---|---|---|
| **(૧)** | **શ્રી પૃથ્વી શાહ - ગાંધીનગર તરફથી પ્રાપ્ત થયેલ પુસ્તકો** | |
| ૧. | મારો ગધેડો ક્યાંય દેખાતો નથી | શાહબુદ્દીન રાઠોડ |
| ૨. | લાખ રૂપિયાની વાત | શાહબુદ્દીન રાઠોડ |
| ૩. | વિનોદી જીવનચરિત્રો | વિનોદ ભટ્ટ |
| ૪. | મન માઈનસથી... પ્લસ | કાજલ ઓઝા વૈદ્ય |
| ૫. | શ્રેષ્ઠ વાર્તાઓ | કુંદનિકા કાપડિયા |
| ૬. | ઓશો | સુરેશ દલાલ |
| ૭. | કીમિયાગર | અવનીશ ભટ્ટ |
| ૮. | આપ મુઆ પછી ડૂબ ગઈ દુનિયા | આદિત્ય વાસુ |
| ૯. | સંબંધનો આકાશ | કાજલ ઓઝા |
| ૧૦. | આલિંગનને કાટ લાગે છે | વિપિન પરીખ |
| ૧૧. | અગનપંખ | અરુણ તિવારી |
| ૧૨. | ઝલક પંચમી | સુરેશ દલાલ |
| ૧૩. | અમર પ્રેમકથાઓ | વર્ષા અડાલજા |
| ૧૪. | ન હન્યતે | નગીનદાસ પારેખ |
| ૧૫. | મોપાસાંની શ્રેષ્ઠ વાર્તાઓ | કિરીટ સી. જોશી |
| ૧૬. | ચમત્કારો આજે પણ બને છે | રમણલાલ સોની |
| ૧૭. | ગીતાંજલિ | ધૂમકેતુ |
| ૧૮. | બોરસલ્લીની પાનખર | સુધા મૂર્તિ |
| ૧૯. | બા નો ભીખુ | ચંદ્રકાંત પંડ્યા |
| ૨૦. | પહેલો અક્ષર | હિમાંશુ શેલત |
| ૨૧. | તમે જ તમારું અજવાળું | સુધા મૂર્તિ |
| ૨૨. | હીરા નો ખજાનો | ડૉ. આઈ.કે. વીજળીવાલા |
| ૨૩. | ગાંઠ છૂટ્યાની વેળા | વર્ષા અડાલજા |
| ૨૪. | સુધા મૂર્તિ | સોનલ મોદી |
| ૨૫. | એની સુગંધનો દરિયો | ડૉ. શરદ ઠાકર |
| ૨૬. | સમયને સથવારે | ડૉ. આઈ.કે. વીજળીવાલા |
| ૨૭. | કોઈ પ્રેમ કરે કોઈ પૂજા | ડૉ. શરદ ઠાકર |
| ૨૮. | તન તુલસી, મન મોગરો | ડૉ. શરદ ઠાકર |
| ૨૯. | ડોલર વહુ | સુધા મહેતા |
| ૩૦. | સંભારણાની સફર | સોનલ મોદી |
| ૩૧. | દ્વંદ્વ | સુધા મહેતા |
| ૩૨. | મહાશ્વેતા | સુધા મૂર્તિ |
| ૩૩. | સાત પગલાં આકાશના | કુંદનિકા કાપડિયા |
| ૩૪. | પૃથ્વી વલ્લભ | ક.મા. મુન્શી |
| ૩૫. | પન્નાલાલની શ્રેષ્ઠ વાર્તાઓ | પન્નાલાલ પટેલ |
| ૩૬. | પહેચાન | જયવદન પટેલ |
| ૩૭. | અશોકના શિલાલેખો | અશોક દવે |

*જેનો વધારે દોષ તે જ આ જગતમાં વધારે માર ખાય છે.*

| ક્રમ | પુસ્તકનું નામ | લેખક |
|---|---|---|
| ૩૮. | આઠમો રંગ | હિમાંશી શેલત |
| ૩૯. | અડધે રસ્તે | કનૈયાલાલ મુન્શી |
| ૪૦. | ગોરો-૧ | ટાગોર ગ્રંથાવલિ |
| ૪૧. | ગોરો-૨ | ટાગોર ગ્રંથાવલિ |
| ૪૨. | એ લોકો | હિમાંશી શેલત |
| ૪૩. | ક્યારીમાં આકાશ પુષ્પ અને કાળા પતંગિયા | હિમાંશી શેલત |
| ૪૪. | સોરઠી બહારવટિયા ભાગ-૧ | ઝવેરચંદ મેઘાણી |
| ૪૫. | સોરઠી બહારવટિયા ભાગ-૨ | ઝવેરચંદ મેઘાણી |
| ૪૬. | સોરઠી બહારવટિયા ભાગ-૩ | ઝવેરચંદ મેઘાણી |
| ૪૭. | પ્લેટફોર્મ નંબર-૪ | હિમાંશી શેલત |
| ૪૮. | સાયલન્સ પ્લીઝ | ડૉ. આઈ.કે. વીજળીવાલા |
| ૪૯. | સોક્રેટિસ | મનુભાઈ પંચોળી |
| ● | **પૌરાણિક પાત્રો** | **વિદ્યાર્થી વાચનમાળા-૧** |
| ૫૦. | શ્રી રામ | ધીરજલાલ ટી. શાહ |
| ૫૧. | શ્રીકૃષ્ણ | જય ભિખ્ખુ |
| ૫૨. | ભગવાન બુદ્ધ | જય ભિખ્ખુ |
| ૫૩. | ભગવાન મહાવીર | ધીરજલાલ ટો. શાહ |
| ૫૪. | વીર હનુમાન | જય ભિખ્ખુ |
| ૫૫. | ભડવીર ભીષ્મ | જય ભિખ્ખુ |
| ૫૬. | સતી દમયંતી | ધીરજલાલ ટો. શાહ |
| ૫૭. | કચ દેવયાની | રમણલાલ સોની |
| ૫૮. | રાજા ભર્તૃહરિ | જય ભિખ્ખુ |
| ૫૯. | આદિકવિ વાલ્મિકી | ધીરજલાલ ટો. શાહ |
| ૬૦. | મહર્ષિ અગસ્ત્ય | ભાલાભાઈ વી. દેસાઈ |
| ૬૧. | શકુંતલા | શ્રીમતી બાલા મઝમુદાર |
| ૬૨. | દાનેશ્વરી કર્ણ | બાલાભાઈ વી. દેસાઈ |
| ૬૩. | મહારથી અર્જુન | ધીરજલાલ ટો. શાહ |
| ૬૪. | વીર અભિમન્યુ | ધીરજલાલ ટો. શાહ |
| ૬૫. | સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર | રમણલાલ એન. શાહ |
| ૬૬. | ભક્ત પ્રહલાદ | શ્રીમતી બાલા મઝમુદાર |
| ૬૭. | પિતૃભક્ત શ્રવણ | ધીરદલાલ ટો. શાહ |
| ૬૮. | ભક્ત ચેલૈયો | ધીરજલાલ ટો. શાહ |
| ૬૯. | રોજયોગી ગોપીચંદ | ચુનીલાલ વર્ધમાન શાહ |
| ● | **પૌરાણિક પાત્રો** | **વિદ્યાર્થી વાચનમાળા-૨** |
| ૭૦. | મહામુનિ વશિષ્ઠ | ધીરજલાલ ટો. શાહ |
| ૭૧. | રાજકુમાર ધ્રુવ | રમણલાલ શાહ |
| ૭૨. | સતી સાવિત્રી | માધવરાવ ભા. કર્ણિક |
| ૭૩. | સતી દ્રૌપદી | ધીરજલાલ ટો. શાહ |
| ૭૪. | ગજાનન ગણપતિ | ધીરજલાલ ટો. શાહ |
| ૭૫. | કાર્તિકેય | ધીરજલાલ ટો. શાહ |
| ૭૬. | સતી પાર્વતી | શ્રીદેવી |
| ૭૭. | સુધન્વા | શ્રીમતી બાલા મજમુદાર |
| ૭૮. | ચંદ્રદાસ | શ્રીમતી બાલા મજમુદાર |
| ૭૯. | મહાદેવી સીતા | ધીરજલાલ શાહ |
| ૮૦. | ભગવાન ઋષભદેવ | રોહિત શાહ |
| ૮૧. | બળવાન ભીમ | યશવંત મહેતા |
| ૮૨. | એકલવ્ય | યશવંત મહેતા |
| ૮૩. | ચક્રવર્તી ભરતદેવ | રોહિત શાહ |
| ૮૪. | ભીમપુત્ર બર્બરીક | યશવંત મહેતા |
| ૮૫. | ત્યાગમૂર્તિ ઊર્મિલા | યશવંત મહેતા |
| ૮૬. | વિદૂષી ગાર્ગી | યશવંત મહેતા |
| ૮૭. | વિશ્વામિત્ર | યશવંત મહેતા |
| ૮૮. | નારદજી | યશવંત મહેતા |
| ● | **વિજ્ઞાન વિભૂતિઓ** | **વિદ્યાર્થી વાચનમાળા-૩** |
| ૮૯. | સી.વી. રામન | સોમાભાઈ પટેલ |
| ૯૦. | સર જગદીશચંદ્ર બોઝ | રમણલાલ પી. સોની |
| ૯૧. | ત્રિભુવનદાસ ગજ્જર | બાલાભાઈ દેસાઈ |
| ૯૨. | રસાયણશાસ્ત્રી નાગાર્જુન | માધવરાવ ભા. કર્ણિક |
| ૯૩. | ઝંડુ ભટ્ટજી | બાલાભાઈ દેસાઈ |
| ૯૪. | વનસ્પતિશાસ્ત્રી જયકૃષ્ણઈન્દ્રજી | જય ભિખ્ખુ |
| ૯૫. | ભગવાનલાલ ઈન્દ્રજી | માધવરાય ભા. કર્ણિક |
| ૯૬. | પ્રફુલ્લચંદ્ર રોય | સોમાભાઈ પટેલ |
| ૯૭. | વિક્રમ સારાભાઈ | યશવંત મહેતા |
| ૯૮. | સુબ્રમણ્યમ ચંદ્રશેખર | યશવંત મહેતા |
| ૯૯. | હોમી ભાભા | યશવંત મહેતા |
| ૧૦૦. | શ્રીનિવાસ રામાનુજન | હસમુખ થાનકી |
| ૧૦૧. | આર્યભટ્ટ | યશવંત મહેતા |
| ૧૦૨. | વરાહ મિહિર | યશવંત મહેતા |
| ૧૦૩. | સુશ્રુત | યશવંત મહેતા |
| ૧૦૪. | હરગોવિંદ ખુરાના | હસમુખ થાનકી |
| ૧૦૬. | મેઘનાદ સહા | હસમુખ થાનકી |
| ૧૦૬. | જયંત નારળીકર | યશવંત મહેતા |
| ૧૦૭. | રાજકુમાર જીવક | યશવંત મહેતા |
| ૧૦૮. | શાંતિ સ્વરૂપ ભટનાગર | યશવંત મહેતા |

*કકળાટ માંડે તો સૂઝ જતી રહે.*

| ક્રમ | પુસ્તકનું નામ | લેખક |
|---|---|---|
| • | **સ્વાતંત્ર્ય જંગના શૂરવીર** | **વિદ્યાર્થી વાચનમાળા-૪** |
| ૧૦૯. | લાલા લજપતરાય | સોમાભાઈ પટેલ |
| ૧૧૦. | બાબુ ચિત્તરંજનદાસ | પ્રહલાદ બ્રહ્મભટ્ટ |
| ૧૧૧. | બાબુ રાજેન્દ્રપ્રસાદ | બાલાભાઈ વી. દેસાઈ |
| ૧૧૨. | રાણી લક્ષ્મીબાઈ | બાલાભાઈ વી. દેસાઈ |
| ૧૧૩. | કેશવચંદ્ર સેન | રમણલાલ પી. સોની |
| ૧૧૪. | ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર | બાલાભાઈ વી. દેસાઈ |
| ૧૧૫. | મહાદેવ ગોવિંદ રાનડે | બાલાભાઈ વી. દેસાઈ |
| ૧૧૬. | દાદા નવરોજી | રમણલાલ સોની |
| ૧૧૭. | ગોપાલકૃષ્ણ ગોખલે | બાલાભાઈ વી. દેસાઈ |
| ૧૧૮. | અરુણા અસફઅલી | યશવંત મહેતા |
| ૧૧૯. | જવાહરલાલ નહેરુ | બાલાભાઈ વી. દેસાઈ |
| ૧૨૦. | સુભાષચંદ્ર બોઝ | રમણલાલ સોની |
| ૧૨૧. | સુરેન્દ્રનાથ બેનરજી | માધવરાય ભા. કાર્તિક |
| ૧૨૨. | વીર સાવરકર | જય ભિખ્ખુ |
| ૧૨૩. | અબ્દુલ ગફારખાન | જય ભિખ્ખુ |
| ૧૨૪. | કસ્તુરબા | જય ભિખ્ખુ |
| ૧૨૫. | મૌલાના અબ્દુલ કલામ આઝાદ | સોમાભાઈ પટેલ |
| ૧૨૬. | રાજ ગોપાલાચારી | ભોગીલાલ ગાંધી |
| ૧૨૭. | રમેશચંદ્ર દત્ત | ભોગીલાલ ગાંધી |
| ૧૨૮. | વિજયાલક્ષ્મી પંડિત | ફૂલચંદ હરિશ્ચંદ્ર દોશી |
| • | **સ્વાતંત્ર્ય જંગના શૂરવીર** | **વિદ્યાર્થી વાચનમાળા-૫** |
| ૧૨૯. | મહાત્મા ગાંધી | રમણલાલ નાનાલાલ શાહ |
| ૧૩૦. | બહાદુરશાહ ઝફર | યશવંત મહેતા |
| ૧૩૧. | તાત્યા ટોપે | યશવંત મહેતા |
| ૧૩૨. | નાના સાહેબ | યશવંત મહેતા |
| ૧૩૩. | વાસુદેવ બળવંત ફડકે | યશવંત મહેતા |
| ૧૩૪. | ચાફેકર બંધુઓ | યશવંત મહેતા |
| ૧૩૫. | શ્યામજી કૃષ્ણવર્મા | યશવંત મહેતા |
| ૧૩૬. | માદામ કામા | યશવંત મહેતા |
| ૧૩૭. | અરવિંદ ઘોષ | રમણલાલ વી. સોની |
| ૧૩૮. | ભગિની નિવેદીતા | યશવંત મહેતા |
| ૧૩૯. | ખુદીરામ બોઝ | યશવંત મહેતા |
| ૧૪૦. | સૂર્યસેન | યશવંત મહેતા |
| ૧૪૧. | લોકમાન્ય ટિળક | જય ભિખ્ખુ |
| ૧૪૨. | શહીદ વીર ભગતસિંહ | યશવંત મહેતા |
| ૧૪૩. | ચંદ્રશેખર આઝાદ | યશવંત મહેતા |
| ૧૪૪. | પ. મદનમોહન માલવિયાજી | યશવંત મહેતા |
| ૧૪૫. | પં. મોતીલાલ નહેરુ | બાલાભાઈ વી. દેસાઈ |
| ૧૪૬. | એની બેસન્ટ | બાલાભાઈ વી. દેસાઈ |
| ૧૪૭. | વીર વિઠ્ઠલભાઈ | બાલાભાઈ વી. દેસાઈ |
| ૧૪૮. | સરદાર વલ્લભભાઈ | રમણલાલ પી. સોની |
| • | **કવિઓ અને કલાકારો** | **વિદ્યાર્થી વાચનમાળા-૬** |
| ૧૪૯. | મહા કવિ કાલીદાસ | ધીરજલાલ શાહ |
| ૧૫૦. | હેમચંદ્રાચાર્ય | નાગકુમાર મકાતી |
| ૧૫૧. | રસકવિ જગન્નાથ | બાલાભાઈ દેસાઈ |
| ૧૫૨. | મહાકવિ પ્રેમાનંદ | સોમાભાઈ પટેલ |
| ૧૫૩. | મહાત્મા આનંદઘન | નાગકુમાર મકાતી |
| ૧૫૪. | કવિ દયારામ | સોમાભાઈ પટેલ |
| ૧૫૫. | કવિ શામળભટ્ટ | રમણલાલ સોની |
| ૧૫૬. | કવિ દલપતરામ | પ્રહલાદ બ્રહ્મભટ્ટ |
| ૧૫૭. | રવીન્દ્રનાથ ઠાકુર | ધીરજલાલ શાહ |
| ૧૫૮. | કવિ ન્હાનાલાલ | જય ભિખ્ખુ |
| ૧૫૯. | કવિ નર્મદ | બાલાભાઈ દેસાઈ |
| ૧૬૦. | કવિ કલાપી | રમણલાલ સોની |
| ૧૬૧. | દ્વિરેન્દ્રલાલ રોય | માધવરાય કર્ણિક |
| ૧૬૨. | પં. વિષ્ણુ દિગંબર | બાલાભાઈ દેસાઈ |
| ૧૬૩. | રાજા રવિવર્મા | બાલાભાઈ દેસાઈ |
| ૧૬૪. | શરદબાબુ | બાલાભાઈ દેસાઈ |
| ૧૬૫. | ગોવર્ધનરામ ત્રિપાઠી | બાલાભાઈ દેસાઈ |
| ૧૬૬. | હાજી મહમ્મદ | બાલાભાઈ દેસાઈ |
| ૧૬૭. | મોતીભાઈ અમીન | બાલાભાઈ દેસાઈ |
| ૧૬૮. | મહાવીર પ્રસાદ દ્વિવેદી | જય ભિખ્ખુ |
| • | **આપણા સંતો** | **વિદ્યાર્થી વાચનમાળા-૭** |
| ૧૬૯. | મહાત્મા કબીર | બાલાભાઈ દેસાઈ |
| ૧૭૦. | ગુરુ નાનક | ધીરજલાલ શાહ |
| ૧૭૧. | ગોરખનાથ | માધવરાવ ભા. કર્ણિક |
| ૧૭૨. | સંત તુલસીદાસ | ધીરજલાલ ટો. શાહ |
| ૧૭૩. | મીરાંબાઈ | જય ભિખ્ખુ |
| ૧૭૪. | નરસિંહ મહેતા | જય ભિખ્ખુ |
| ૧૭૫. | ભક્ત સુરદાસ | જય ભિખ્ખુ |
| ૧૭૬. | મહાત્મા એકનાથ | રમણલાલ પી. સોની |
| ૧૭૭. | શ્રી માધવાચાર્ય | માધવરાય ભા. કર્ણિક |
| ૧૭૮. | શ્રીમદ્ વલ્લભાચાર્ય | બાલા મજમુદાર |
| ૧૭૯. | શ્રી રામાનુજાચાર્ય | માધવરાય કર્ણિક |

*વસ્તુ નડતી નથી પણ મમત્વ બુદ્ધિ નડે છે.*

| ક્રમ | પુસ્તકનું નામ | લેખક |
|---|---|---|
| ૧૮૦. | ગુરુ દત્તાત્રેય | અમરભાઈ ઠાકોરલાલ શાહ |
| ૧૮૧. | સંત જ્ઞાનેશ્વર | રમણલાલ સોની |
| ૧૮૨. | ઉપાધ્યાય યશોવિજયજી | નાગકુમાર મકાતી |
| ૧૮૩. | જે. કૃષ્ણમૂર્તિ | બાલાભાઈ વી. દેસાઈ |
| ૧૮૪. | સંતપુરુષ પઢિયારજી | બાલાભાઈ વી. દેસાઈ |
| ૧૮૫. | શ્રીમદ્ રાજચંદ્ર | ધીરજલાલ શાહ |
| ૧૮૬. | સ્વામી રામતીર્થ | ધીરજલાલ શાહ |
| ૧૮૭. | સંત તુકારામ | ચંદ્રશંકર મ. ભટ્ટ |
| ૧૮૮. | સહજાનંદ સ્વામી | મનુભાઈ જોધાણી |
| ૧૮૯. | સાત રંગનું સરનામુ | રમેશ પુરોહિત |
| ૧૯૦. | જિંદગીનું બીજું નામ | જયવદન પટેલ |
| ૧૯૧. | ફાઈવ પોઈન્ટ સમવન | ચેતન ભગત |
| ૧૯૨. | રેત પંખી | વર્ષા અડાલજા |
| ૧૯૩. | ખભે કોથળો ને દેશ મોકળો | રશ્મિ બંસલ. |

## (૨) એક સદ્ગૃહસ્થ તરફથી પ્રાપ્ત થયેલ પુસ્તકો

| | | |
|---|---|---|
| ૧૯૪. | પુષ્પની પરબ સાધર્મિકની સંગત | આ.વિજયરત્નસુંદર સૂરિ |
| ૧૯૫. | હવે તો હદ થાય છે | આ.વિજયરત્નસુંદર સૂરિ |
| ૧૯૬. | શું આ અમદાવાદ છે? | આ.વિજયરત્નસુંદર સૂરિ |
| ૧૯૭. | તગડે છગડે | આ.વિજયરત્નસુંદર સૂરિ |
| ૧૯૮. | અમૃત જ્યારે આંખમાં પ્રવેશે છે | આ.વિજયરત્નસુંદર સૂરિ |
| ૧૯૯. | હેં...? | આ.વિજયરત્નસુંદર સૂરિ |
| ૨૦૦. | હું જ કેમ? | આ.વિજયરત્નસુંદર સૂરિ |

## (૩) શ્રીમતી અવંતીબહેન દેવેશભાઈ દંડ તરફથી પ્રાપ્ત થયેલ પુસ્તકો

| | | |
|---|---|---|
| ૨૦૧. | Stephen R. Covey | Franklin Covey |
| ૨૦૨. | Making Miracles | Arnold Fox<br>Bany Fox |
| ૨૦૩. | Oscar Wilde | Kiran Books International |
| ૨૦૪. | Men are from Mars Women are from Venus | John Gray |
| ૨૦૫. | The Aladdin Factor | Jack Canfield<br>Mark Victor |

| ક્રમ | પુસ્તકનું નામ | લેખક |
|---|---|---|
| ૨૦૬. | Only better parents have best child | Dr. N.K. Grover |
| ૨૦૭. | You Can Win | Shiv Khera |
| ૨૦૮. | Chicken soup for the womans's soul | Jack Canfield<br>Mark Victor |
| ૨૦૯. | Chicken soup for the Mother & Son soul | Jack Canfield<br>Mark Victor |
| ૨૧૦. | Chicken soup for the soul unlocking the secrets to living your dreams | Jack Canfield<br>Mark Victor |

## (૪) શ્રી કાંતિલાલ વેલજી સાવલા - અમદાવાદ તરફથી પ્રાપ્ત થયેલ પુસ્તકો

| | | |
|---|---|---|
| ૨૧૧. | Kutch People and their handicrafts | Pramod Jethi |
| ૨૧૨. | કચ્છ અચીજા | પ્રમોદ જેઠી |
| ૨૧૩. | સંસ્કૃતિ દર્શન - ભુજ | પ્રમોદ જેઠી |
| ૨૧૪. | જયેષ્ઠીમલ્લ | પ્રમોદ જેઠી |
| ૨૧૫. | કારા ડુંગર કચ્છજા<br>ઈતિહાસ અને લોકકથામાં કચ્છ | શ્રી એલ.એફ. રમ્બ્રૂક વિલિયમ્સ<br>અનુવાદક : શ્રી વસંતરાય પટ્ટણી |

## (૫) શ્રી નિખિલ કનકલાલ મહેતા - અમદાવાદ તરફથી પ્રાપ્ત થયેલ પુસ્તક

| | | |
|---|---|---|
| ૨૧૬. | સારું એટલું મારું (બોધવાક્યો) | મુદ્રક : ફોરમ પ્રિન્ટર્સ - |

## (૬) શ્રી મણિલાલ કે. છેડા - ડોંબીવલી (મુંબઈ) તરફથી પ્રાપ્ત થયેલ પુસ્તક

| | | |
|---|---|---|
| ૨૧૭. | ભવોદધિ | સંપાદક : લઘુ શ્રમણ |

## (૭) શ્રી વાગુભા જખુભા જાડેજા તરફથી પ્રાપ્ત થયેલ પુસ્તક

| | | |
|---|---|---|
| ૨૧૮. | કચ્છ દેશનો ઈતિહાસ | સંપાદક : વાગુભા જખુભા જાડેજા,<br>મહિપતસિંહ વાગુભા જાડેજા |

## ગરીબી નાબૂદ થશે ખરી?

દુનિયામાંથી ગરીબી ક્યારેય નાબૂદ થશે ખરી? સામ્યવાદ, સમાજવાદ અને યુરોપીય મૂડીવાદવાળા કલ્યાણરાજની સંકલ્પના દ્વારા પણ ગરીબી ટળી નથી.

*– ગુણવંત શાહ*

# "મંગલ મંદિર" – પ્રાપ્ત થયેલાં લવાજમ

*મે તથા જૂન -૨૦૧૦ માસ દરમ્યાન નીચે મુજબના મહાનુભાવો તરફથી લવાજમની રકમ પ્રાપ્ત થયેલ છે.*

## રિન્યુ થયેલ લવાજમો

### ૧ વર્ષનું લવાજમ

- **અશ્વિન તલકશી શાહ**
  C/o. જૈન ટ્રાવેલ્સ,
  પાંજરાપોળ શેરી,
  વાણિયાવાડ, ભુજ-૩૭૦ ૦૦૧.
- **અમર ઉમરશી રાંભિયા**
  C/o. રોયલ ફેશન
  બેંક ઓફ બરોડાની સામે, સ્ટેશન રોડ,
  નડિયાદ-૩૮૭ ૦૦૧.
- **કૌશિક કાંતિલાલ ઠક્કર**
  બી/૪૨, આમંત્રણ-૧,
  અર્થી ક્લબ રોડ, બોપલ-ઘૂમા રોડ,
  અમદાવાદ-૩૮૦ ૦૫૮.
- **કેતન દામજી કુરિયા**
  એચ/૪, રૂમ નં.-૩,
  બર્વેનગર, ભટ્ટાવાડી,
  ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૪.

### ૩ વર્ષનું લવાજમ

- **વિનેશ આર. મહેતા**
  C/o. દીપાલી કલર એન્ડ સેલ્સ એજન્સી
  ૪, સિલ્વર પોઈન્ટ,
  નવા સ્ટેશન રોડ,
  ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.
- **હિતેન્દ્ર લીલાધર સંઘવી**
  તળાવ શેરી, વાણિયાવાડ,
  ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.
- **અજિત ઉપેન્દ્રભાઈ શાહ**
  "દીપિકા", ગ્રાઉન્ડ ફ્લોર,
  પ્લોટ નં. ૧૩૮/બી,
  માણેકવાડી સ્ટેશન પાસે,
  ભાવનગર-૩૬૪ ૦૦૧.

## નવાં પ્રાપ્ત થયેલ લવાજમો

### ૧ વર્ષનું લવાજમ

- **કાંતિલાલ કેશરીમલ શાહ**
  લીમડા નીચે,
  જનરલ પોસ્ટ ઓફિસ પાછળ,
  રણછોડવાડી, ભુજ-૩૭૦ ૦૦૧.
- **નાનાલાલ મગનલાલ ગઢેચા**
  ૪થો માળ, વર્ધમાન ટાવર,
  વર્ધમાન નગર, હોસ્પિટલ રોડ,
  ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.
- **રમેશભાઈ ધનજીભાઈ ચંદે**
  ગામ : નાની ખાખર,
  તા. માંડવી, ભુજ, કચ્છ-૩૭૦ ૪૩૫.
- **દામજી માણેક ગડા**
  ૧૬૦૫, શોભા સુમન બિલ્ડિંગ,
  ટેલિફોન ભવનની સામે,
  મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
- **હેમેન હાથીભાઈ મહેતા**
  'આયુષ', એ.આર.એ.-૧૩,
  વર્ધમાનનગર,
  ભુજોડી, કચ્છ-૩૭૦ ૦૨૦.
- **દિલીપકુમાર ડી. સોમેશ્વર**
  ૧૧/૭, જય હિંદ સોસાયટી,
  નયા અંજાર, કચ્છ-૩૭૦ ૧૧૦.
- **બિપિન કે. કુરિયા**
  ઈ-૧૨, કાંજુર એસ્ટેટ,
  સાંઈનાથ હોટેલ પાછળ,
  સ્ટેશન રોડ, કાંજુરમાર્ગ (વેસ્ટ)
  મુંબઈ-૪૦૦ ૦૭૮.

### ૩ વર્ષનું લવાજમ

- **હંસરાજ એચ. બોરિચા**
  ૧/૧૫, નાગપાલ કોલોની,
  એસ.ડી. કૉલેજની સામે,
  શ્રીગંગાનગર, રાજસ્થાન-૩૩૫ ૦૦૧.
- **રશ્મિકાંત એચ. સાવલા**
  એમ-એફ/૬, પ્રણવરાજ એપાર્ટમેન્ટ,
  નિર્મળસિંહની વાડી પાસે,
  મુંદ્રા રોડ, ભુજ-૩૭૦ ૦૦૧.

### આજીવન

- **અરવિંદ કુંવરજી શાહ**
  રાજેશ્વરી મેડિકલ સ્ટોર,
  આઝાદ ચોક,
  માંડવી, કચ્છ-૩૭૦ ૪૬૫.
- **મહેશ ઝવેરીલાલ શાહ**
  ૬/૨૦૯૦, ગુજરાતી રોડ,
  હાજી એસા સ્કૂલ સામે,
  કોચીન-૬૮૨ ૦૦૨.

*તો ટહુકે પંખીઓની ચાંચે-ચાંચે ગુજરાત,*
*તો મહેકને શોધે ખાંચે-ખાંચે ગુજરાત;*
*તો સાચી રંગતમાં રાચે ગુજરાત,*
*જો વાંચવા જેવું વાંચે ગુજરાત!*

*મદનકુમાર અંજારિયા 'ખ્વાબ'*

## વિલંબ સ્વયં એક ગુનો છે

★ આજે જે ન્યાયપ્રથા છે તે વિક્રમાદિત્યની કે જહાંગીરની ન્યાયપ્રથા જેટલી ઝડપી તો નથી જ અને કદાચ એ પરિશુદ્ધ ન્યાય આપનારી હતી. ઈંગ્લેન્ડમાં નવમી સદીમાં કિંગ આલ્ફ્રેડ (મોટો) ન્યાયપ્રીતિ માટે જાણીતો હતો. રાજાશાહી કરતાં લોકશાહીમાં ન્યાય વધારે શુદ્ધ હોવો જોઈએ. એમ થયું છે ખરું? રાજાશાહીની ન્યાયપ્રથા કદાચ ગરીબવિરોધી કે વકીલ કેન્દ્રી ન હતી. આજની ન્યાયપ્રથામાં વણાઈ ગયેલો વિલંબ સ્વયં એક ગુનો છે, જે કોર્ટમાન્ય છે.

*– ગુણવંત શાહ*

# જાણવા જેવું

*સંકલન : સૂરજલાલ મહેતા*

૧. બ્રિટનના પ્રિસ્ટન ખાતે નેશનલ ફૂટબોલ મ્યુઝિયમ આવેલું છે. ફૂટબોલ સાથે જોડાયેલો ઇતિહાસ ત્યાં સંગ્રહવાનો ચાલુ છે. બ્રિટન આધુનિક ફૂટબોલનો જન્મદાતા દેશ ગણાય છે, માટે મ્યુઝિયમ એ દેશમાં છે.

૨. વિશ્વ ફૂટબોલ કપ દર ચાર વર્ષે યોજાય છે. તેની શરૂઆત ૧૯૩૦માં ઉરુગ્વેથી થઈ હતી. ત્યાર પછી ૧૯૪૨ અને ૧૯૪૬ દરમિયાન વિશ્વયુદ્ધના કારણે મેચ રમાઈ ન હતી. પણ ૧૯૩૪માં ઈટાલી, ૧૯૩૮માં ફ્રાન્સ, ૧૯૫૦માં બ્રાઝિલ, ૧૯૫૪માં સ્વીટ્ઝરલેન્ડ, ૧૯૫૮માં સ્વીડન, ૧૯૬૨માં સ્વીડન, ૧૯૬૬માં ઈંગ્લેન્ડ, ૧૯૭૦માં મેક્સિકો, ૧૯૭૪માં વેસ્ટ જર્મની, ૧૯૭૮માં આર્જેન્ટીના, ૧૯૮૨માં સ્પેન, ૧૯૮૬માં મેક્સિકો, ૧૯૯૦માં ઈટાલી, ૧૯૯૪માં અમેરિકા, ૧૯૯૮માં ફ્રાન્સ, ૨૦૦૨માં સાઉથ કોરિયા અને જાપાન સંયુક્તપણે, ૨૦૦૬માં જર્મની અને ૨૦૧૦માં સાઉથ આફ્રિકા.

૩. ખેલાડી પર લગામ લાવવા ફૂટબોલમાં રેફરી પાસે બે કાર્ડ હોય છે : યલો અને રેડ. ખેલાડીના વાણી-વર્તન કે રમતમાં જો કંઈક વાંધાજનક રેફરીને લાગે કે આચારસંહિતા વિરુદ્ધ જણાય તો ખેલાડીને ટપારવા રેફરી યલો કાર્ડ બતાવી ઑફિશિયલ વોર્નિંગ આપી શકે છે. એકવાર યલો કાર્ડ બતાવ્યા પછી પણ જો ખેલાડીના વર્તનમાં કોઈ બદલાવ ન આવે તો રેફરી ફરી વોર્નિંગ આપતા યલોકાર્ડ બતાવે, જેનો મતલબ ખેલાડીએ તરત જ મેદાન છોડી દેવું અને તેની જગ્યાએ સબસ્ટિટ્યૂટને રમવા દેવો કે નહિં તે રેફરી નક્કી કરે. ક્યારેક વધુ ગંભીર મામલે રેફરી રેડ કાર્ડ બતાવે એટલે તરત જ તે ખેલાડી મેદાન છોડી દે અને અવેજીમાં કોઈ ખેલાડી આવી ન શકે. આ ખેલાડી પર એક થી ત્રણ મેચનો બૅન (પ્રતિબંધ) પણ આવી શકે. રેડ કાર્ડ મળવો એ ખેલાડી અને ટીમ માટે પણ નાલેશી ગણાય.

૪. ફૂટબોલ રમનારા દેશોની સંખ્યા ૧૪૨ છે. પરંતુ તેના ૨૦૮ ટીમ વચ્ચેના પ્રાથમિક રાઉન્ડ પછી માત્ર ૩૨ ટીમ જ ક્વોલિફાય થાય છે અને વિશ્વકપમાં આ ટીમ જ રમે છે. દર ચાર વર્ષે માત્ર ૩૨ ટીમ જ હોય છે. **ભારત ક્યારેય ક્વોલિફાઈ થઈ શક્યું નથી.** ભારતમાં બંગાળ - ગોવા - કેરળ વગેરે ટીમો રમે છે પણ તેને દેશમાં ક્રિકેટ જેટલું મહત્ત્વ ક્યારેય મળ્યું નથી.

૫. ફિફાના નિયમ પ્રમાણે યજમાન ટીમ અને છેલ્લા વર્લ્ડકપની વિજેતા ટીમ આપોઆપ ક્વોલિફાય થઈ જાય છે. અન્ય ૩૦ ટીમોએ તનતોડ મહેનત કરીને ક્વોલિફાય થવું પડે છે. આ વખતના એટલે કે ૨૦૧૦ની ૩૨ ટીમમાંથી ૨૧ ટીમ ૨૦૦૬નો વર્લ્ડકપ રમી હતી જ્યારે ૯ ટીમ નવી છે.

૬. ક્રિકેટ વર્લ્ડકપ વિજેતા ટીમને એક કરોડ મળે છે. ૨૦૧૦ વર્લ્ડકપમાં કુલ ૧૫૦૦ કરોડ કરતાં વધુના ઈનામો રખાયા છે. જેમાં વિજેતા ટીમને ૧૨૦ કરોડ રૂપિયા અને ઉપવિજેતા ટીમને ૯૬ કરોડ રૂપિયા મળશે.

૭. ૧૭ વર્ષ અને ૨૫૯ દિવસનો પેલે (બ્રાઝિલ) નામના વિખ્યાત ખેલાડીએ પોતાની પહેલી મેચમાં જ હેટ્રિક ગોલ કર્યા હતા. તે ૧૯૫૮, ૧૯૬૨ અને ૧૯૭૦ની વિજેતા બ્રાઝિલ ટીમનો સભ્ય રહી ચૂક્યો છે.

૮. **ગુજરાત રાજ્યમાં ફૂટબોલની ૫૦થી વધારે ક્લબો છે છતાં ફૂટબોલની રમત લોકપ્રિય થઈ નથી.** તેને જોઈએ તેવું આર્થિક પીઠબળ મળતું નથી. ઉપરાંત રાષ્ટ્રીય કક્ષાનું ફૂટબોલ સ્ટેડિયમ પણ નથી.

૯. ફૂટબોલનું સૌથી મોટું સ્ટેડિયમ ઉત્તર કોરિયાના પાટનગરમાં આવેલું રનગ્રાડો મે ડે સ્ટેડિયમ છે તેમાં દોઢ લાખ પ્રેક્ષકોનો સમાવેશ થઈ શકે છે. બીજા નંબરે ભારતના કોલકત્તામાં સોલ્ટ લેક નામના સ્ટેડિયમમાં એક લાખ વીસ હજાર પ્રેક્ષકો બેસી શકે છે. ભારતમાં ફૂટબોલ રમી શકાય તેવા ૬૨ સ્ટેડિયમ છે. વિશ્વના ૨૨૩ દેશમાં કુલ દસ હજાર સ્ટેડિયમો છે.

૧૦. રિયો-ડી-જાનેરો ખાતે બ્રાઝિલ અને ઉરુગ્વે વચ્ચે ૧૯૫૦માં રમાયેલી વર્લ્ડકપ ફાઈનલમાં ૧,૭૪,૦૦૦ પ્રેક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. જે વર્લ્ડકપની એક મેચમાં સૌથી વધુ પ્રેક્ષકોનો વર્લ્ડ રેકોર્ડ છે.

૧૧. **જગતમાં સૌથી વધુ ફૂટબોલ (લગભગ ૮૦ ટકા) પાકિસ્તાનમાં બને છે.** એમાં સિયાલકોટમાં સૌથી વધુ દડા બને છે. ફૂટબોલની સૌથી ઉપરની સપાટી કૃત્રિમ લેધરની બનેલી છે.

૧૨. દરેક ફૂટબોલ ફિફાએ નક્કી કરેલા છ ટેસ્ટ પસાર કરે પછી જ તેને યોગ્ય ગણાય છે. દર વર્ષે જગતમાં ચાર કરોડ કરતાં વધુ ફૂટબોલ બને છે. ફિફાએ આખા જગતમાં ૯૦ ઉત્પાદકોને ફૂટબોલ બનાવવાનું લાઈસન્સ આપેલ છે.

૧૩. ફૂટબોલ વર્લ્ડકપના વિજેતાને સુવર્ણ ટ્રોફી આપવામાં આવે છે જેનું વજન ૬ કિલો ૧૩૫ ગ્રામ છે અને ૧૮ કેરેટ સોનાની બનેલી છે. એની ઊંચાઈ ૧૪.૨ ઇંચની છે. આ ટ્રોફી જે દેશ વિજેતા બને તે આ ટ્રોફી બીજા વિશ્વકપ સુધી પોતાની પાસે રાખી શકે છે. પરંતુ જો કોઈ દેશ ત્રણ વખત ચેમ્પિયન બને તો તેને એ ટ્રોફી કાયમ માટે આપી દેવાય છે. બ્રાઝિલ પાંચ વખત વિજેતા બન્યું છે અને એ રીતે તે કાયમી માલિક બન્યું છે. ■

## રામસંઘ વાઘેર


દ્વારકાનો રામસંઘ વાઘેર વલંદાના વહાણમાં દરિયાઈ સફરે પકડાઈ ગયો. ત્યાંથી યુરોપ પહોંચ્યો. ત્યાં બુદ્ધિ બળે આગળ વધી અવનવા હુન્નર શીખ્યો. યુક્તિથી કચ્છ ભુજ આવ્યો. રાજવીને મળીને ઘડિયાળ, તોપ, કાચની બનાવટોનો હુન્નર શરૂ કર્યો. કચ્છમાં અનેક હુન્નર દાખલ કરનાર રામસંગ વાઘેરને કચ્છના રાવ લખપતજીએ 'કલ્યાણપર' ગામ ભેટ આપ્યું હતું.

આજે પણ કચ્છમાં રામસંગ જેવા અનેક હુન્નર નિષ્ણાતો સ્વબળે આગળ વધી રહેલ છે.

*સાત્વિક આહાર હોય તો સાત્વિક ગુણમાં રહી શકાય.*

## શબ્દ રમત-૫૦

*સંકલન : સૂરજલાલ મહેતા*



શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૨૪-૭-૨૦૧૦)*

### આડી ચાવીઓ

૧. રોકડ સિલક, ખર્ચ જતાં બાકી વધેલી રકમ (૫)
૫. શાહજહાંએ કરાવેલું પ્રખ્યાત સિંહાસન (૫)
૯. લાલાશ, આછું રાતું (૩)
૧૦. માલ મિલકત, દોલત (૨)
૧૩. ધન, દ્રવ્ય (૨)
૧૪. મારું વૃંદાવન છે.... (૨)
૧૬. હેરાનગતિ, સતામણી (૪)
૧૮. અવાજ (૨)
૧૯. ઘેરા બદામી રંગની ગાય (૩)
૨૧. ભૂલ ભરેલું, જૂઠું (૩)
૨૨. હંમેશાં (૨)
૨૩. પતરાળાંની હાર (૫)
૨૬. દાનવોનો શિલ્પી, શરાબ (૨)
૨૮. પારસીઓનું બેસતું વર્ષ (૪)
૩૧. પ્રધાન, શતરંજનું એક મહોરું (૩)
૩૪. મચકોડ, લચકાતી ચાલ (૩)
૩૬. મોટો ખાટલો (૩)
૩૭. ધોરણ, માપ (૩)
૩૯. અનુકૂળ વખત, લાગ (૨)
૪૧. દાળમાં વપરાતું એક ખાટું ફળ (૩)
૪૩. એક હિંસ્ર પ્રાણી (૨)
૪૪. સૂઝ, શોક (૨)
૪૫. માછલાં પકડવાની જાળી (૨)
૪૭. મનુષ્યનું શરીર (૫)
૫૨. લલાટ (૩)
૫૪. પ્રજાના પ્રતિનિધિની સભા, સંસદ (૪)
૫૭. સો હજાર (૨)
૫૯. શ્રાવણી પૂર્ણિમાને દિવસે ભાઈ તરફથી બહેનને અપાતી ભેટ (૫)
૬૨. સ્થિતિ, હાલત (૨)
૬૩. તૈયાર, સજ્જ (૩)
૬૪. મોર (૩)
૬૫. નફો ચડાવ્યા વિનાનું (૪)
૬૭. તંતુ, દોરો, રેસો (૨)
૬૯. બાગ બગીચો (૨)
૭૦. ચૂંટણીનો મત (અં.) (૨)
૭૩. સંરક્ષણ, ઉગારો (૩)
૭૬. શરણે આવેલું, શરણાર્થી (૫)
૭૭. મહેનત, ફાંફાં (૫)

### ઊભી ચાવીઓ

૧. હાકેમ સાથે ઓળખાણવાળું (૫)
૨. પરિપૂર્ણ, ફલપ્રાપ્તિ (૨)
૩. વાનર (૨)
૪. લૂગડાં ઉપર વેલ-બુટ્ટી ભરવી (૩)
૫. રેશમનું રંગીન કપડું (૩)
૬. મર્મ, ભેદ, રહસ્ય (૨)
૭. બંદગી (૩)
૮. કાચનું નળાકાર પાત્ર (૩)
૧૧. બારીનો કાચ (૪)
૧૨. તંબૂરો (૪)
૧૩. રુદન, આક્રંદ (૩)
૧૫. એક કંદ (૩)
૧૬. બડાઈ (૪)
૧૭. શક, સંદેહ (૩)
૨૦. --- ધોરણ (૨)
૨૪. છૂટાછેડા, ફારગતી (૩)
૨૫. વરસાદ પછી જમીનનું સુકાવું (૩)
૨૭. કમળના ફૂલ જેવી કીર્તિ (૫)
૨૯. ધનદૌલત (૨)
૩૦. ... છાંડી જાને બાળા (૫)
૩૧. મોટાની સાથેનો સંબંધ - ઓથ (૫)
૩૨. સુંદર સ્ત્રી (૨)
૩૩. આબરૂ, વિશ્વાસ (૨)
૩૫. બગીચો, આનંદ (૩)
૩૮. પર્વત (૨)
૪૦. આફત, હાણ (૨)
૪૨. ... માતરમ્ (૨)
૪૬. નસીબ, પ્રારબ્ધ (અં.) (૨)
૪૮. ખેતરમા સારા પાક માટે વપરાતું (૩)
૪૯. કામવાસના (૩)
૫૦. ગંધ, વસવાટ (૨)
૫૧. આવ.... પકડ ગલા (૨)
૫૩. કન્યાને પરણતી વખતે પહેરવાનું સફેદ વસ્ત્ર (૪)
૫૫. મધુર ધ્વનિ (૪)
૫૬. વિક્રમ સંવતનો અગિયારમો મહિનો (૪)
૫૮. જાડા રગડાનો લેપ (૩)
૫૯. શૂરવીરતા, પરાક્રમ (૩)
૬૦. રસ્તો (૨)
૬૧. નાનો લીમડો, એક ગામ (૩)
૬૫. પશ્ચાતાપ, ખેદ (૩)
૬૬. એકદમ મારેલી ઝૂંટ (૩)
૬૮. લખાણ ભૂંસવાનું સાધન (૩)
૬૯. નાની વાવ (૩)
૭૧. બોગદું, ભોંયરું (૩)
૭૨. આસક્તિ, પ્યાર (૨)
૭૪. દીવાની જ્યોત (૨)
૭૫. સોનું (૨)

*અહંકારનું કામ જ એ છે કે પોતે પડે અને સામાને પાડે.*

# સુડોકુ

– હરખચંદ સાવલા

સુડોકુ ક્રમાંક-૧૦૦૭ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને મંગલ મંદિર કાર્યાલય પર તા. ૨૧-૭-૨૦૧૦ સુધીમાં મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે.

સાચા જવાબો મોકલનારના નામ ઓગસ્ટ-૨૦૧૦ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.

## ક્રમાંક - ૧૦૦૭

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | | | | | | | | ૪ |
| ૨ | | | ૩ | | ૬ | | | ૯ |
| | | ૯ | ૪ | ૫ | ૨ | ૩ | | |
| | ૨ | | ૮ | | ૯ | | ૭ | |
| ૬ | | | | | | | | ૮ |
| | ૫ | | ૭ | | ૩ | | ૧ | |
| | | ૩ | ૨ | ૧ | ૮ | ૫ | | |
| ૯ | | | ૬ | | ૫ | | | ૧ |
| ૫ | | | | | | | | ૩ |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |
| ૪ | | | ૫ | | ૭ | | | ૨ |
| ૧ | | ૬ | ૯ | | ૪ | ૩ | | ૮ |
| | ૫ | ૪ | ૮ | | ૧ | ૬ | ૨ | |
| | | | | | | | | |
| | ૩ | ૯ | ૪ | | ૨ | ૭ | ૧ | |
| ૨ | | ૭ | ૩ | | ૮ | ૧ | | ૯ |
| ૫ | | | ૧ | | ૬ | | | ૭ |
| | | | | | | | | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૪ | | ૯ | | | ૩ | | ૭ |
| | | | ૩ | | ૨ | | ૮ | ૪ |
| | | | | | | | ૫ | ૯ |
| ૫ | | | ૨ | ૪ | | | ૭ | |
| ૭ | | | | | | | | ૬ |
| | ૨ | | | ૭ | ૯ | | | ૫ |
| ૨ | ૬ | | | | | | | |
| ૧ | ૮ | | ૪ | | ૫ | | | |
| ૯ | | ૭ | | | ૩ | | ૬ | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૪ | ૬ | | ૮ | | ૯ | ૫ | |
| | | | ૯ | | ૩ | | | |
| ૮ | ૩ | | | | | | ૭ | ૨ |
| ૫ | | | ૩ | ૯ | ૭ | | | ૧ |
| | | | | | | | | |
| ૨ | | | ૪ | ૧ | ૬ | | | ૭ |
| ૪ | ૨ | | | | | | ૩ | ૫ |
| | | | ૨ | | ૮ | | | |
| | ૯ | ૭ | | ૪ | | ૨ | ૮ | |

**શરતો :**

૧. ૧થી ૯ના આંકડા ઊભી-આડી લાઈનમાં ફક્ત એક જ વખત હોવા જોઈએ.

૨. ૧થી ૯ના આંકડા **3 X 3**ના ચોકઠામાં પણ એક જ વખત હોવા જોઈએ.

## ઉકેલ : ક્રમાંક - ૧૦૦૬

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૬ | ૯ | ૫ | ૭ | ૪ | ૩ | ૮ |
| ૩ | ૯ | ૫ | ૮ | ૬ | ૪ | ૧ | ૨ | ૭ |
| ૭ | ૪ | ૮ | ૩ | ૧ | ૨ | ૯ | ૫ | ૬ |
| ૮ | ૩ | ૨ | ૫ | ૪ | ૬ | ૭ | ૯ | ૧ |
| ૯ | ૫ | ૧ | ૨ | ૭ | ૮ | ૬ | ૪ | ૩ |
| ૬ | ૭ | ૪ | ૧ | ૩ | ૯ | ૨ | ૮ | ૫ |
| ૨ | ૧ | ૯ | ૭ | ૮ | ૩ | ૫ | ૬ | ૪ |
| ૫ | ૬ | ૩ | ૪ | ૨ | ૧ | ૮ | ૭ | ૯ |
| ૪ | ૮ | ૭ | ૬ | ૯ | ૫ | ૩ | ૧ | ૨ |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૯ | ૬ | ૨ | ૪ | ૫ | ૮ | ૧ | ૩ |
| ૫ | ૪ | ૩ | ૭ | ૮ | ૧ | ૨ | ૯ | ૬ |
| ૨ | ૧ | ૮ | ૩ | ૬ | ૯ | ૫ | ૭ | ૪ |
| ૩ | ૮ | ૯ | ૧ | ૭ | ૨ | ૪ | ૬ | ૫ |
| ૧ | ૭ | ૫ | ૪ | ૩ | ૬ | ૯ | ૨ | ૮ |
| ૪ | ૬ | ૨ | ૯ | ૫ | ૮ | ૧ | ૩ | ૭ |
| ૬ | ૨ | ૪ | ૫ | ૯ | ૭ | ૩ | ૮ | ૧ |
| ૮ | ૩ | ૧ | ૬ | ૨ | ૪ | ૭ | ૫ | ૯ |
| ૯ | ૫ | ૭ | ૮ | ૧ | ૩ | ૬ | ૪ | ૨ |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૯ | ૪ | ૫ | ૧ | ૭ | ૬ | ૩ | ૨ |
| ૫ | ૩ | ૨ | ૬ | ૮ | ૯ | ૭ | ૪ | ૧ |
| ૬ | ૭ | ૧ | ૩ | ૪ | ૨ | ૯ | ૮ | ૫ |
| ૯ | ૧ | ૭ | ૪ | ૨ | ૬ | ૮ | ૫ | ૩ |
| ૩ | ૨ | ૫ | ૧ | ૯ | ૮ | ૪ | ૬ | ૭ |
| ૪ | ૮ | ૬ | ૭ | ૩ | ૫ | ૧ | ૨ | ૯ |
| ૧ | ૫ | ૯ | ૨ | ૬ | ૪ | ૩ | ૭ | ૮ |
| ૭ | ૬ | ૩ | ૮ | ૫ | ૧ | ૨ | ૯ | ૪ |
| ૨ | ૪ | ૮ | ૯ | ૭ | ૩ | ૫ | ૧ | ૬ |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૭ | ૮ | ૧ | ૪ | ૬ | ૨ | ૩ | ૫ |
| ૪ | ૬ | ૨ | ૯ | ૫ | ૩ | ૭ | ૧ | ૮ |
| ૩ | ૧ | ૫ | ૮ | ૨ | ૭ | ૯ | ૪ | ૬ |
| ૧ | ૨ | ૬ | ૫ | ૭ | ૪ | ૮ | ૯ | ૩ |
| ૮ | ૫ | ૪ | ૬ | ૩ | ૯ | ૧ | ૭ | ૨ |
| ૭ | ૯ | ૩ | ૨ | ૧ | ૮ | ૬ | ૫ | ૪ |
| ૬ | ૩ | ૯ | ૭ | ૮ | ૫ | ૪ | ૨ | ૧ |
| ૫ | ૮ | ૧ | ૪ | ૯ | ૨ | ૩ | ૬ | ૭ |
| ૨ | ૪ | ૭ | ૩ | ૬ | ૧ | ૫ | ૮ | ૯ |

સુડોકુ-૧૦૦૬ના જવાબ મોકલનારની નામાવલી માટે જુઓ પાના નં. ૧૩૪

## શબ્દ રમત-૪૯નો ઉકેલ

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ચા | ર | | પા | બં | દ | | શી | શ | મ | | દા | ઉ | દી | |
| દ | | સં | યો | ગ | | સ | | ક | હા | ર | | દ | | એ |
| દા | વ | ત | | ભં | | મા | સ | | ર | | કા | ર | ત | ક |
| સ્ત | ર | | તા | ગ | ડ | ધિ | જ્ઞા | | થી | | લ | | મા | તા |
| | ઘો | લ | કી | | મી | | રી | તે | | અ | ને | | ચો | ર |
| ઘો | ડો | | દ | | દો | | | જી | | સ | મિ | તિ | | |
| | | લા | | આ | ડ | ખી | લી | | કો | ર | | | ક | ળી |
| ઋ | ષ | ભ | | ખ | | સા | વ | ર | ણી | | પા | દ | ર | |
| | | દા | ખ | લો | | ખ | ર | | | | રે | | મ | ર્મ |
| વિ | લ | ય | | | મા | ર્ચ | | સુ | | એ | ખ | લા | સ | |
| | ચ | ક | ચૂ | ર | | | વિ | ધા | ય | ક | | | દ | મ |
| નો | ક | | ટ | | દાં | તિ | યો | | જ | ર | દા | લુ | | હા |
| કા | | વ | કી | લા | ત | | ગ | હ | ન | | દી | | ફ | ન |
| ર | મ | લ | | ગ | | ર | ણ | | | ધા | મા | | ડ | ગ |
| શી | ત | | વા | ત | ચી | ત | | આ | ધા | ર | | નો | ક | ર |

જૂન-૨૦૧૦ના અંકમાં છપાયેલ શબ્દ રમત-૪૯ના ઉકેલમાં નીચે મુજબના સભ્યોએ પોતાના ઉકેલ લખીને મોકલાવ્યા છે.

| | | | |
|---|---|---|---|
| ૧. | પ્રભા મહેન્દ્ર શેઠિયા | - વલસાડ | બધા સાચા |
| ૨. | ચંદ્રા મહેન્દ્ર શાહ | - અમદાવાદ | બધા સાચા |
| ૩. | નલીન શામજી લાલકા | - ગદગ | ૧ ભૂલ |
| ૪. | શ્રીમતી મોના જિતેન્દ્ર શાહ | - હૈદ્રાબાદ | ૧ ભૂલ |
| ૫. | સરોજબહેન અનુપભાઈ ચંદુરા | - સુરત | ૧ ભૂલ |
| ૬. | જયચંદ માણેકજી લોડાયા | - ગદગ | ૧ ભૂલ |
| ૭. | પ્રતાપ નારાણજી દંડ | - અમદાવાદ | ૨ ભૂલ |
| ૮. | અરવિંદ જયંતીલાલ ભટ્ટ | - અમદાવાદ | ૨ ભૂલ |
| ૯. | અરવિંદ જયંતીલાલ ભટ્ટ | - અમદાવાદ | ૨ ભૂલ |
| ૧૦. | લીલાધર વિસરિયા | - મુંબઈ | ૨ ભૂલ |

## સુડોકુ-૧૦૦૬

*જૂન-૨૦૧૦ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૦૬નો ઉકેલ મોકલનારની નામાવલિ*

| | | | |
|---|---|---|---|
| ૧. | સરલાબહેન ચંદ્રકાંત શાહ | - અમદાવાદ | બધા સાચા |
| ૨. | પ્રતાપ નારાણજી દંડ | - અમદાવાદ | બધા સાચા |
| ૩. | ભક્તિબહેન કિરણભાઈ ત્રેવાડિયા | - અમદાવાદ | બધા સાચા |
| ૪. | નિરાલી ડી. શાહ | - અમદાવાદ | બધા સાચા |
| ૫. | રૂપલ કેયૂર લોડાયા | - વડોદરા | બધા સાચા |
| ૬. | ઉષ્મા વિશાલ શાહ | - અમદાવાદ | બધા સાચા |
| ૭. | સ્મિતા વિશાલ શાહ | - અમદાવાદ | બધા સાચા |
| ૮. | નીના અશોક ગોરજી | - અમદાવાદ | બધા સાચા |
| ૯. | યોગિની ચેતન શાહ | - અમદાવાદ | બધા સાચા |
| ૧૦. | દિલીપભાઈ મોમાયા | - અમદાવાદ | બધા સાચા |
| ૧૧. | કામિની સ્નેહલ શેઠ | - અમદાવાદ | બધા સાચા |
| ૧૨. | નવીનચંદ્ર શામજી લાલકા | - ગદગ | બધા સાચા |
| ૧૩. | લીના શાહ | - અમદાવાદ | બધા સાચા |
| ૧૪. | લહેરચંદ ટોકરશી લોડાયા | - હૈદ્રાબાદ | બધા સાચા |
| ૧૫. | પ્રભા મહેન્દ્ર શેઠિયા | - અમદાવાદ | બધા સાચા |
| ૧૬. | બકુલ એચ. શાહ | - અમદાવાદ | બધા સાચા |
| ૧૭. | સરલા ખીમજી છેડા | - અમદાવાદ | બધા સાચા |
| ૧૮. | સરોજબહેન ચંદુરા | - સુરત | બધા સાચા |
| ૧૯. | ઉષા નીતિન હરિયા | - વડોદરા | બધા સાચા |
| ૨૦. | ભારતી મનીષ વોરા | - અમદાવાદ | ૧ ભૂલ |
| ૨૧. | અરવિંદ જે. ભટ્ટ | - અમદાવાદ | ૧ ભૂલ |
| ૨૨. | વર્ષા રવિલાલ પારેખ | - અમદાવાદ | ૧ ભૂલ |
| ૨૩. | કિરણ ઉમરશી રાંભિયા | - નડિયાદ | ૧ ભૂલ |
| ૨૪. | જ્યોતિબહેન લક્ષ્મીચંદ શાહ | - અમદાવાદ | ૧ ભૂલ |


## કોઠારા જૈન મંદિર



કોઠારા દહેરાસરમાં શાંતિનાથ પ્રભુજીની પ્રતિમા આવેલ છે. આ મંદિરનું બાંધકામ સંવત ૧૯૧૪ના થયેલું. મંદિરના પથ્થરો પર અતિ બારીક કોતરકામ થયેલ છે. ચાંદી જેવો કલર લગાવવાથી મંદિર ચમકે છે. દેરાણી / જેઠાણીના ગોખલાં તથા ૨૦૦ કિલો વજનનો ઘંટ વિશિષ્ટ આકર્ષણ છે. આ મંદિર બાંધકામમાં ૧૬ લાખ કોરીનો ખર્ચ થયેલ છે.

કોઠારા ગામમાં મસ્જિદની સામે ભીંત પર તામ્રપત્ર જડેલ છે. જે મહત્ત્વનો ઐતિહાસિક દસ્તાવેજ છે.

## સુથરી જૈન મંદિર



સુથરી પંચતીર્થીના નામે પ્રસિદ્ધ છે. સંવત ૧૭૨૯માં શ્રી મેઘજી ઉડિયાએ મંદિરના ઉત્સવની તૈયારી કરેલ. સર્વે શ્રાવકોએ આનંદથી ઉત્સવ મનાવ્યો. આ મૂર્તિને ઘીના પાત્રમાં મૂકેલ હોતાં ધૃતકલ્લોલ પાર્શ્વનાથ તરીકે ઓળખાય છે. આ જિનાલયમાં ૯૭ જિનમૂર્તિઓ તથા ૧૦૯ સિદ્ધચક્રો છે.

મંદિરની બાંધણી મનમોહક છે.

ગુજરાતનાં મુખ્યપ્રધાન સ્વ. બળવંતરાય મહેતાના પ્લેનનો અકસ્માત આ જગ્યાએ થતા તેમની સમાધિ આ ગામમાં આવેલ છે.

*કોઈનેય દુઃખ આપ્યું એ જ આપણા દુઃખનું કારણ છે.*

# ધરતીવતન

**સંકલન : પોપટલાલ નેણશી ધરોડ**

★ ગુજરાતના જાફરાબાદી, સુરતી અને મહેસાણી ભેંસની ત્રણ ઓલાદને અગાઉ રાષ્ટ્રીય માન્યતા પ્રાપ્ત થઈ છે. હવે તેમાં બન્ની પ્રદેશની બન્ની ઓલાદને પણ રાષ્ટ્રીય ઓળખની માન્યતા આપવામાં આવી છે. ભારતની આ ૧૧મી અનન્ય ઓલાદની ભેંસ તરીકે ઓળખ આપવામાં આવી છે.

★ જૂનાગઢ ખાતે બાગાયતી વિભાગ દ્વારા કેરી પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. જેમાં કચ્છ - સૌરાષ્ટ્રમાંથી ૪૦૮ ખેડૂતોએ હરીફાઈમાં ભાગ લીધો હતો. **આ પ્રદર્શનમાં ખેડોઈ (તા. અંજાર)ની મહિલા ખેડૂત રસિકબા દાનુભા જાડેજાની વાડીની રાજાપુરી કેરીએ સમગ્ર રાજ્યમાં પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો હતો.**

★ ગુજરાત ટુરિઝમ દ્વારા યોજાયેલી કચ્છ વિશેની ફોટોગ્રાફી સ્પર્ધા - ૨૦૦૯માં જાણીતા તસવીરકાર અરવિંદ નાથાણીની માંડવી બીચ પર રેતી શિલ્પની ઝડપાયેલી તસવીરને ગુજરાત કક્ષાએ રૂા. ૧ લાખનું પ્રથમ ઈનામ પ્રાપ્ત થયું હતું.

★ તુલસી એન્કાઉન્ટર કેસના મુખ્ય આરોપી મનાતા પોલીસ ઈન્સ્પેક્ટર આશિષ પંડ્યાની સી.આઈ.ડી. ક્રાઈમે રાજકોટથી ધરપકડ કરી હતી. **આશિષ પંડ્યા મૂળ કચ્છના છે અને સદર એન્કાઉન્ટર વખતે બનાસકાંઠામાં પોલીસ સબ ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા હતા.**

★ જન શિક્ષણ સંસ્થાન - ઈન્દ્રપ્રસ્થ - દૂધઈ (તા. અંજાર)ના નેજા હેઠળ દૂધઈની સરકારી હાઈસ્કૂલ આ સંસ્થાને ૨૦૦૬માં મળ્યા બાદ સરકાર તરફથી પાકું મકાન ન બનાવી અપાતાં તથા શિક્ષકોની પૂરતી ભરતી ન થવાથી સરકારના અપૂરતા સહયોગે આ શાળા સરકારને પરત કરવાનો નિર્ણય લેવાયો હતો.

★ લીંબડી અજરામર સંપ્રદાયના ગાદીપતિ પૂ. લાભચંદ્રજી સ્વામી ૮૬ વર્ષની વયે, ૬૪ વર્ષનો દીક્ષાપર્યાય પાળી, લીંબડી ખાતે કાળધર્મ પામતાં શોકની લાગણી ફેલાઈ હતી. તેઓ લાકડિયા (તા. ભચાઉ) ગામે જન્મ્યા હતા.

★ **ડોંબીવલી (મુંબઈ)માં રહેતી અને રુઇયા કોલેજમાં અભ્યાસ કરતી કચ્છી મહિલા ખેલાડી કાદંબરી છેડા બેડમિન્ટન ક્ષેત્રે ઝળકી ઊઠી છે. ૨૦૦૮ના વર્ષ દરમ્યાન નેશનલ રાષ્ટ્રીય રેન્કિંગ પ્રમાણે તે પ્રથમ ક્રમાંકે હતી.** બૃહદ્ મુંબઈ ગુજરાતી સમાજ તરફથી તેને રમતગમત ક્ષેત્રે ઉત્કૃષ્ટ દેખાવ બદલ "ગિરનાર ઍવૉર્ડ" પણ પ્રાપ્ત થયેલ છે.

★ ભુજમાં કચ્છ યુનિવર્સિટી દ્વારા વરિષ્ઠ નાગરિકો તથા ગૃહિણીઓ માટે ચાર દિવસીય કોમ્પ્યુટર જાગૃતિ તાલીમ શિબિર યોજવામાં આવી હતી. તેમાં ૫૫ જેટલી વ્યક્તિઓએ તાલીમ લીધી હતી.

★ માંડવી તાલુકાના મોટા ભાડિયા નજીક આવેલા ટુંડા ગામ પાસે કાર્યરત ટાટા પાવર કંપનીને દેશની જાણીતી ઔદ્યોગિક સંસ્થા 'ફિક્કી'નો સામાજિક જવાબદારીનો ઍવૉર્ડ પ્રાપ્ત થયો હતો. **ટાટા પાવર કંપનીએ ટુંડા વાંઢ, મોટા કાંડાગરા સહિતના ગામોમાં સાર્વજનિક વિકાસ કાર્યો ઉપરાંત અબોલ જીવ ગાયોની સેવાના ઉમદા કાર્યો કર્યા છે.** સમગ્ર દેશમાં કાર્યરત મોટા ઉદ્યોગ ગૃહમાંથી છ કંપનીઓને આ ઍવૉર્ડનું વિતરણ કરાયું હતું.

★ **સંજુ બાબા તરીકે ઓળખાતા બોલીવુડના અગ્રીમ સીતારા સંજય દત્તે કચ્છમાં ફિલ્મ સિટીના નિર્માણ માટે અભ્યાસ હાથ ધરવા તૈયારી દર્શાવી હતી.** આ અંગે તેમણે રાજ્યના મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદીની મુલાકાત પણ લીધી હતી. આ અગાઉ ફિલ્મી દુનિયા સાથે સંકળાયેલા પરેશ રાવલ, અનુપમ ખેર અને જેકી શ્રોફે પણ ફિલ્મ સિટી તથા ફિલ્મ ઈન્સ્ટિટ્યૂટ સ્થાપવાની દરખાસ્ત કરેલી છે.

★ **જાણીતા ચિત્રકાર નવીન સોનીની રાગમાલા શ્રેણીના ચિત્રોને લીમકા બુક ઓફ રેકોર્ડઝમાં સ્થાન મળ્યું છે.** તેમણે દોરેલા રાગમાલાના ચિત્રો રિયાલિટીઝ બેઝમાં પ્રથમ વખત તૈયાર થયા છે. આ અગાઉ સમ્રાટ અકબરના દરબારમાં સંગીત સમ્રાટ તાનસેને આવા ચિત્રો તૈયાર કરાવ્યા હતા. નવીનભાઈ સોની હાલ બે દાયકાથી કચ્છમિત્ર સાથે સંકળાયેલા છે.

★ માંડવીના ઉદ્યોગપતિ નીલેશ નારાણજી સંઘવીને દિલ્હી સ્થિત ઈન્ડિયન ઓર્ગેનાઈઝેશન ફોર બિઝનેસ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ (આઈ.ઓ.બી.આર.ડી.) દ્વારા સને ૨૦૧૦ના વર્ષનો 'રાષ્ટ્રીય ઉદ્યોગરત્ન' ઍવૉર્ડ જાહેર થયો હતો.

★ **ધોરણ-૧૨, હાયર સેકન્ડરી વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં ભુજની વી.ડી. હાઈસ્કૂલનો વિદ્યાર્થી ગવેન્દ્ર પ્રભુલાલ દવે ૯૬.૬૦ ટકા માર્ક સાથે બોર્ડમાં નવમું સ્થાન હાંસલ કર્યું હતું.** આ વર્ષે કચ્છમાં ત્રણ કેન્દ્રો પરથી ૧૦૦૦ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી. તેમાંથી ૭૪૦ પાસ થતાં કચ્છનું ૭૪ ટકા પરિણામ આવ્યું હતું. જે ગત વર્ષે ૭૩.૨ ટકા હતું.

★ ભુજની માનવજ્યોત સંસ્થાના પ્રબોધ મુનવરના જણાવ્યા અનુસાર લગ્નવાડીઓમાં ભોજન સમારંભોની વધી પડેલી રસોઈને ગરીબોના ઝૂંપડા સુધી આ સંસ્થા પહોંચાડે છે. આ સંસ્થાના આવા માનવતાવાદી કાર્યોથી પ્રભાવિત થઈ માધાપરના દાતાઓ તરફથી સંસ્થાને આવા કાર્યો માટે જરૂરી ૧૬ મોટા વાસણો

*જે અસંગ ના થવા દે, તે બધાં કુસંગ કહેવાય.*

અર્પણ કરાયા હતા.

★ રેલવેમાં યાત્રી સુવિધાને સૌથી વધુ મહત્ત્વ અપાય છે અને આ સુનિશ્ચિત કરવા થોડાં દિવસ પહેલાં કચ્છ આવતી એક ટ્રેનમાં મૉક-ડ્રીલ યોજાઈ હતી. જેમાં ધ્રાંગધ્રાથી આતંકવાદી ઘુસ્યા હોવાની એક્સરસાઈઝ કરવામાં આવી હતી. આ મૉક ડ્રીલ સફળ રહી હતી અને કચ્છ વિભાગ 'પાસ' થયો હતો.

★ ગરીબ લોકોને નિઃશુલ્ક કાયદાકીય માર્ગદર્શન આપનાર સેવાભાવી વકીલ હસમુખ મોહનલાલ આચાર્ય (વય ૫૫ વર્ષ)નું ભુજમાં અવસાન થયું હતું. તેઓ મૂળ લાખાપર (તા. મુંદ્રા)ના હતા.

★ ભુજના ભુજિયા ડુંગર પર ઊભા થયેલા દબાણોને હટાવવા ચાલતી કામગીરીમાં વિક્ષેપ પડ્યો હતો. આ કામગીરી અટકાવવા લોકોના ટોળા દ્વારા પોલીસ પર પથ્થરમારો થતાં પોલીસે લાઠીમાર અને અશ્રુવાયુનો આશ્રય લીધો હતો.

★ **ભારતભરની ૨૦૦૦થી પણ વધુ સહકારી બેંકોમાંથી બેસ્ટ પરફોર્મિંગ બેંકનો પ્રથમ નંબરનો એવૉર્ડ ધી ભુજ મર્કેન્ટાઈલ કો.ઓ. બેંકે સતત બીજી વખત બીજા જ વર્ષે મેળવ્યો હતો.** સર્વાંગી કામગીરીમાં ટોટલ માર્કસ ૧૦૦માંથી ભુજ મર્કેન્ટાઈલ બેંક ૯૬ ટકા માર્ક મેળવી પ્રથમ રહી હતી.

★ ભુજની પાલારા ખાતેની જેલના કેદીઓને મનોરંજન મળી રહે તે માટે મનોરંજનના જુદાં જુદાં સાધનો જેવાં કે ઈન્ડોર - આઉટડોર રમતોનાં સાધનો, પુસ્તકો, તદ્દુપરાંત સાડી, ચંપલ વગેરે આપવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ દરમ્યાન ભુજની જુદી જુદી સામાજિક સંસ્થાઓના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

★ બન્નીના ગોરેવાલી ગામે ભૂલા પડેલા પેલીકન પક્ષી અંગે જાગૃત નાગરિકોએ વન વિભાગને જાણ કરતાં તંત્રની ટુકડીએ તાત્કાલિક ત્યાં પહોંચી જઈને પંખીને વાહનમાં ભુજ લઈ આવી સુશ્રૂષા કરીને હમીરસરમાં છોડી દેતાં તેનો જીવ બચી ગયો હતો. આ પંખી ડાલમેશિયન પેલીકન એટલે કે 'ચોટીલી પૅણ' હતું. પુખ્ત વયનું આ પક્ષી જળાશય સૂકાઈ જવાથી ગરમીથી ત્રસ્ત બન્યું હતું.

★ પશ્ચિમ કચ્છ વિસ્તારના ગામડાંઓમાં પીવાના પાણીની સમસ્યા ઉકેલવા ખાસ અંગભૂત અને મરંમત પ્લાન હેઠળ એક ડઝન ગામોમાં ૧૪ નવા બોરનું નિર્માણ કરાતાં આ વિસ્તારમાં પીવાના પાણીની સુવ્યવસ્થા ઉનાળા દરમ્યાન જળવાઈ રહી હતી.

★ સોનગઢ (જિ. ભાવનગર) ખાતે સ્થાપના માટે ભારતના બીજા ક્રમની સૌથી મોટી બાહુબલીની મૂર્તિ બેંગ્લોરથી રવાના થઈ હતી. લગભગ ૪૦૦ ટનના વજનવાળા ગ્રેનાઈટના એક જ મોટા પથ્થરમાંથી આ મૂર્તિને ઘડવામાં ૧૪ માસનો સમય લાગ્યો હતો. શ્રવણ બૅલગોડા ખાતે દેશની સૌથી મૂર્તિ બાદ આ બીજા ક્રમની સૌથી મોટી મૂર્તિ છે.

★ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર થયેલા ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષામાં કચ્છની ટકાવારી ૮૫.૮૨ જેટલી રહી હતી. કોઈ વિદ્યાર્થી બોર્ડમાં સ્થાન મેળવી શક્યો ન હતો.

★ કચ્છના અખાતમાં દરિયાઈ પર્યાવરણ સુધારણાના આશયથી ગુજરાત ઈકોલોજી કમિશન કોરલ ટ્રાન્સપ્લાન્ટેશન એટલે કે મન્નારના અખાતમાં ઉગતા પરવાળા મૂળસોતાં લાવીને કચ્છના અખાતમાં રોપાશે. આ કામગીરી પાંચ વર્ષના ગાળા માટે પ્રાયોગિક ધોરણે કરાશે.

★ માંડવીમાં જૈનપુરીના પટાંગણમાં રૂા. ૩૦ લાખના ખર્ચે નિર્મિત શાહ મૂલચંદ ડુંગરશી વિવિધલક્ષી હોલનું ઉદ્દ્ઘાટન કરાયું હતું. આ પ્રસંગે અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

★ અખિલ ભારતીય ગાંધર્વ મહાવિદ્યાલય - મુંબઈ દ્વારા આ વર્ષે લેવાયેલી શિક્ષા પારંગત (શાસ્ત્રીય ગાયન) **એમ.એડ. ઈન મ્યુઝિકની પરીક્ષામાં ભુજના શ્રીમતી હયાતી આદિત્ય મહાભાઈ વોરા રાષ્ટ્રીય સ્તરે પ્રથમ આવ્યા હતા.**

★ ચોથી જૂનની વહેલી સવારે કચ્છને ૨.૯ મેગ્નિટ્યૂડની તીવ્રતા સાથે ભૂકંપનો આંચકો લાગ્યો હતો અને લોકો થરથરી ગયા હતા. આ ભૂકંપ ૨૩.૮ ઉત્તર અક્ષાંશ અને ૬૯.૭ પૂર્વીય રેખાંશ પર કેન્દ્રબિંદુ ધરાવતો હતો. આ ભૂકંપની અસર ખાવડા વિસ્તારમાં વધુ થઈ હતી.

★ કચ્છના પૂર્વ સાંસદ કિશોરભાઈ મહેતાએ જણાવ્યું હતું તેમ કચ્છનો અમુક ભાગ સિંધુ બેઝીનનો ભાગ હોવાથી આ પ્રદેશ સિંધુના જળ મેળવવા હક્કદાર છે અને તેવી રજૂઆત પાકિસ્તાન સમક્ષ કરવી જોઈએ.

★ મૂળ માંડવીના અને હાલ અમેરિકામાં વસતા નીલેશ કાંતિલાલ તારાચંદ શાહની અમેરિકામાં ઉત્તર આયર્લેન્ડમાં વાઈસ કોન્સ્યુલેટ તરીકે નિમણૂક થઈ હતી.

★ મૂળ કચ્છના બાંભડાઈ (તા. અબડાસા)ના વતની અને ડોંબીવલી (મુંબઈ પાસે)માં બેંક ઓફ મહારાષ્ટ્રમાં ફરજ બજાવતા અશોક અર્જુન ગોરીને મહારાષ્ટ્ર રાજ્ય તરફથી અપાતા જાહેર ક્ષેત્રના વિકલાંગ કેટેગરીના રાજ્ય પુરસ્કારના પ્રથમ નંબરનો પુરસ્કાર એનાયત થયો હતો.

★ એન્ટેના સાથેના બાજપક્ષી કે પક્ષીના પગમાં બંધાયેલાં ટ્રાન્સમિશન મળવાની ઘટનાઓ કચ્છમાં ભૂતકાળમાં નોંધાઈ ચૂકી છે. હવે લખપત તાલુકાના સીમાવર્તી મુધાન ગામની સીમમાં એક વાડીમાં ફાંસલામાં ફસાઈ જવાથી મોતને ભેટેલા જંગલી જાનવર જરખના ગળામાંથી ટ્રાન્સમિશન બંધાયેલું મળી આવતાં સુરક્ષા એજન્સીઓએ તેની ચકાસણી કરી હતી.

★ હાવડા - ગાંધીધામ - હાવડાના ત્રણ દિવસ નકામા પડી રહેલા કૉચનો ઉપયોગ કરવાની કાર્યકરોની સતત માંગણી પછી રેલવેએ જૂન માસમાં સાપ્તાહિક ટ્રેન મુંબઈ - ગાંધીધામ વચ્ચે દોડાવી હતી.

★ ધોરણ-૧૦ એસ.એસ.સી.નું પરિણામ આ વર્ષે ૬૬.૬ ટકા છે

*આ દેહ તે "હું" અને "હું કર્તા" એ જ દેહાધ્યાસ.*

જ્યારે બોર્ડનું પરિણામ ૬૧ ટકા આવ્યું છે.

★ કચ્છ સૌરાષ્ટ્રને પ્રવાસન ક્ષેત્રે ચમકાવવાના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના વિચારને પગલે ગુજરાતના બ્રાન્ડ એમ્બેસેડર બનેલા બોલીવુડના શહેનશાહ બીગ-બી અમિતાભ બચ્ચન કચ્છની મુલાકાતે આવ્યા હતા અને 'ખુશબૂ ગુજરાત કી' નામની ડોક્યુમેન્ટરીના શૂટિંગ માટે કચ્છના વિવિધ જોવાલાયક માણવાલાયક સ્થળોની મુલાકાત લીધી હતી. **તેઓ કચ્છથી બહુ પ્રભાવિત થયા હતા અને 'કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા' વાક્ય આ મહાનાયકે ઉચ્ચાર્યા હતા.**

★ 'ફેટ' નામના વાવાઝોડાની અસરમાંથી કચ્છ ઉગરી ગયું હતું. પણ તેની પુંછ અસરના લીધે કચ્છ પલળ્યું હતું અને મોટાભાગમાં ઝરમર ઝાપટા પડ્યા હતા. આથી ગરમીથી શેકાતા કચ્છમાં ઠંડક પ્રસરી હતી.

★ કચ્છ આઠકોટિ નાની પક્ષ સ્થાનકવાસી જૈન સંઘના સાધુ - સાધ્વીઓના આગામી ચાતુર્માસ જાહેર થયા હતા. જે મુજબ આચાર્ય રાઘવજી સ્વામી ઠાણા-૫ નું ચાતુર્માસ બિદડા (તા. માંડવી) ખાતે નક્કી થયું હતું.

***(નોંધ : આ વિભાગમાં તા. ૧૦ જૂન, ૨૦૧૦ સુધી પ્રાપ્ત થયેલા સમાચાર લેવામાં આવ્યા છે. — સં.)***

*સી/૮૧, કર્મચારી નગર, વિભાગ-૧, રત્ના પાર્કની સામે, ઘાટલોડિયા, અમદાવાદ-૬૧. ફોન : (૦૭૯) ૨૭૪૮૫૮૧૨*

GULABBHAI JAIN
M. : 98240 97078, 93761 75358

PRITESH ROADLINES
FLEET OWNERS &
TRANSPORT CONTRACTORS

• H.O. •
143/1, KABUTARKHANA, KALUPUR,
AHMEDABAD-380 002.
PH. : 22122794, 32902242
TELEFAX : 079-22122242
E-MAIL : PRITESH2585@GMAIL.COM

• SARKHEJ OFFICE
NR. KHODAL HOTEL, BAWLA ROAD,
SANATHAL CHOKDI, AHMEDABAD.
TEL. : 93277 17915

# પુસ્તક સમીક્ષા

## 'તનકતારા'

'તનકતારા' એટલે તારામંડળ. તારામંડળ તો નિર્દોષ અને મોજીલી. એમાં સુતળીબોમ્બ કે મિરચી બોમ્બ જેવા ધડાકા નથી કે હવાઈ અને રોકેટ જેવી સુસવાટા મારતી ઘાતક ઉડાન નથી. તારામંડળ તો ખીલેલા ફૂલની તાજગી! અલબત્ત, એમાં તણખો તો છે જ. તે દઝાડે ખરો પણ બાળીને ભસ્મીભૂત કરતો નથી. પુસ્તકનું શીર્ષક એ રીતે સાર્થક છે. એમાંના પાંત્રીસ લેખોમાં વિચારોના તણખા વાક્યે વાક્યે ઊડી રહ્યાં છે. એ વિચારતણખા વાચકને દઝાડીને જાગૃત કરે છે. પણ સાથે સાથે તેમાંથી ઊડતી ફૂલઝરના સૌંદર્યનો આનંદ પણ આપે છે. આ નિબંધો વાચકને પોતાની ભીતર ડોકિયું કરાવે છે. રોજબરોજના પ્રસંગો અને રોજિંદી ઘટમાળ સાથે જોડાયેલી બાબતોની સરળ શૈલીમાં થતી છણાવટ અને સમજાવટ વાચકને સતત પોતાની વૃત્તિઓ અને વર્તણૂકો પ્રત્યે નવેસરથી જોવા-વિચારવા પ્રેરિત કરે છે.

કર્મકાંડો પાછળ છૂટથી નાણાં ખર્ચનારને પોતાની માંદગીમાં પૈસાના સાંસા પડે છે. આ વાતને સૂત્રાત્મક રીતે મૂકે છે : 'પરમેશ્વરને પેન્શન અને માણસને ટેન્શન!'

પૈસો પ્રતિષ્ઠાની સુગંધવાળો હોવો જોઈએ અને એનો ઉપયોગ બુદ્ધિપૂર્વક કરવો જોઈએ. છેલ્લે, સોનેરી સલાહ આપે છે : **'ઈશ્વર પાસે પૈસો નહીં, બુદ્ધિ માંગજો. બુદ્ધિથી માણસ પૈસાદાર થઈ શકે છે, પૈસા વડે બુદ્ધિશાળી થઈ શકાતું નથી.'**

સામાજિક અરાજકતાનો અંગૂલીનિર્દેશ કરતા કહે છે : 'અહીં અંધકારનું ક્ષેત્રફળ મોટું છે અને અજવાળા માટે નાના કોડિયા પર આધાર રાખવો પડે છે.'

સાહિત્યિક ગોષ્ઠિઓનું મહત્ત્વ સૂચવતા કહે છે : 'દરેક શહેરમાં જકાતનાકાની જેમ ચિંતનચોક હોવાં જોઈએ.'

સમાજમાં પ્રચલિત ધાર્મિકતાનો આંધળો (વિવેકબુદ્ધિ વિનાનો) અતિરેક લેખકના આકરા આક્રોશનું કેન્દ્ર બને છે. પોકળ, દંભી અને દેખાડો કરતા ધાર્મિક વિધિવિધાનો અને ધાંધલ ધમાલો (યાત્રા, ગણેશ વિસર્જન, નવરાત્રિ જેવા)ને બદલે સામાજિક ઉત્કર્ષ અને પરસ્પર પ્રેમભાવનું સંવર્ધન થાય એ માટેની સાચી નિસબત તેમના હૃદયમાંથી અને કલમમાંથી પ્રગટ થાય છે.

કેટલીક મીઠી મજાકો કે તીખા વ્યંગબાણ છોડવા લેખક 'બચુભાઈ'ના પાત્રનો ઉપયોગ કરે છે : 'મંદિરમાં પ્રસાદની થાળીમાં પડેલ તુલસીપત્ર કરતાં જાજરૂમાં પડેલી ૧૦૦૦/-ની નોટ માણસને વધુ પવિત્ર લાગે છે!' 'એક જીભ મન જોડે મળી, આતંકવાદીની જેમ ઠેકઠેકાણે બ્લાસ્ટ કરે છે.'

સમગ્રતયા જોતાં, સામાજિક અને અંગત જીવનના પ્રશ્નોની છણાવટમાં લેખકનો વાસ્તવવાદી અને રેશનલ અભિગમ ઉપસી આવે છે.

***— રજનીકાંત પારેખ***

*ક્રોધનો અભાવ, તેનું નામ ક્ષમા.*

## મારી આકાંક્ષા

*હું સાચું જ બોલીશ*
*કેમકે કેટલાક લોકો મારા ઉપર વિશ્વાસ રાખે છે.*
*હું પવિત્ર બનીશ*
*કેમકે મારે માટે કેટલાકને પ્રેમ છે.*
*હું બળવાન બનીશ*
*કેમકે મારે સહન કરવાનું છે.*
*હું બહાદુર બનીશ*
*કેમકે મારે આગળ વધવાનું છે.*
*હું સદા નમ્ર રહીશ*
*કેમકે મારી મર્યાદાની મને ખબર છે.*
*અને તો જ....*
*નજર ઊંચે રાખી*
*ઉન્નત શિરે*
*હું હસતો રહી*
*સૌને સ્નેહ કરતો*
*સૌનો સ્નેહ પામતો રહીશ.*

***(મૂળ લે. : આર્નોલ્ડ વોલ્ટર)***
***સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા***

***ખરાબ સોબતથી ચેતવું જોઈએ. તેનાથી શક્ય એટલા દૂર રહેવું જોઈએ કારણકે સોબત એવી અસર થાય છે.***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

**માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય - સુપ્રીમવાલા) શ્રી કચ્છી જૈન ભવન**

*૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી - એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬. ફોન : (૦૭૯) ૨૬૫૭ ૭૪૬૮, ૨૬૫૭૮૮૯૨*


## પરિપત્ર

*તા. ૨૧-૦૬-૨૦૧૦*

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની **૨૩મી વાર્ષિક સામાન્ય સભા, રવિવાર, તા. ૨૨-૮-૨૦૧૦ ના રોજ સવારે ૯.૩૦ કલાકે** "શ્રી કચ્છી જૈન ભવન", પાલડી ખાતે સંસ્થાના કાર્યાલયમાં મળશે. આ સભામાં સંસ્થાના ***ફક્ત નોંધાયેલા*** સભ્યોને અચૂક પધારવાનું હાર્દિક આમંત્રણ છે.

### કાર્યસૂચિ

૧. ગત તા. ૧૩-૯-૨૦૦૯ના રોજ મળેલ સામાન્ય સભાની કાર્યવાહીની નોંધનું વાંચન અને બહાલી.

૨. બંધારણની કલમ ૬(ખ)(૨) મુજબ નિવૃત્ત થતા ૩ (ત્રણ) દાતા ટ્રસ્ટીઓની તથા કલમ-૬(ખ)(૩) મુજબ નિવૃત્ત થતા ૨ (બે) માનદ્ ટ્રસ્ટીઓની તથા ૧ (એક) સ્વજન ટ્રસ્ટીની ખાલી પડેલી જગ્યા ઉપર ચૂંટણી / વરણી કરવા બાબત. તથા બંધારણની કલમ-૫(ગ) મુજબ કારોબારી સમિતિના નિવૃત્ત થતા ૬ (છ) સભ્યોની ખાલી પડેલી જગ્યા માટે ચૂંટણી/વરણી કરવા બાબત.

૩. ગત વર્ષ દરમિયાન થયેલ કાર્યવાહીનો અહેવાલ અને તે અંગે ચર્ચા - વિચારણા કરવા બાબત.

૪. વર્ષ ૨૦૦૯-૨૦૧૦ના ઓડિટ થયેલ હિસાબો અંગે ચર્ચા-વિચારણા કરી બહાલી આપવા બાબત.

૫. વર્ષ ૨૦૧૦-૨૦૧૧ માટે ઓડિટરશ્રીની નિમણૂક કરવા બાબત.

૬. આ સાથે સામેલ "બંધારણીય સુધારા" પર ચર્ચા-વિચારણા કરી યોગ્ય નિર્ણય લેવા બાબત.

૭. પ્રમુખશ્રીની સંમતિથી રજૂ થનાર અન્ય બાબતો અંગે ચર્ચા વિચારણા કરવા બાબત.

**પ્રતાપ નારાણજી દંડ - *માનદ્ મંત્રી***

**તા.ક. :** *(૧) કોરમના અભાવે મુલતવી રહેલ સભા અડધા કલાક બાદ ફરી તે જ સ્થળે મળશે ત્યારે નિયમાનુસાર કોરમનો બાધ રહેશે નહીં. (૨) વર્ષ ૨૦૦૯-૨૦૧૦ના ઓડિટ થયેલ હિસાબો અંગે જેમણે જે કંઈ પૂછવાનું હોય તેમણે પોતાનાં સૂચનો, પત્ર દ્વારા તા. ૧૫-૮-૨૦૧૦ સુધીમાં પાલડી ઓફિસે સાંજના ૧૭.૦૦ કલાક સુધી મોકલી આપવા. વર્ષ ૨૦૦૯-૨૦૧૦ના હિસાબો લખેલ ચોપડા જેમણે નિરીક્ષણ કરવાના હોય તેઓએ અગાઉથી જાણ કરી, ઓફિસ સમય દરમ્યાન (રવિવાર તથા જાહેર રજાના દિવસ સિવાય) પાલડી ભવન પરની ઓફિસે, એકાઉન્ટન્ટ પાસેથી મેળવીને નિરીક્ષણ કરી શકશે તથા ખુલાસો મેળવી શકશે. (૩) વાર્ષિક સામાન્ય સભા પૂરી થયા બાદ સમૂહભોજનનો સહુ સભ્યોએ લાભ લેવા વિનંતી છે. આ અંગે પોતાની હાજરીની નોંધ હાજર રહેનાર સભ્યોએ તા. ૧૫-૮-૨૦૧૦ સુધી પાલડી ઓફિસે જણાવવા વિનંતી છે. (૪) તા. ૨૩-૨-૧૦ બાદ નોંધાયેલ સભ્યો સભામાં હાજરી આપી શકશે, પરંતુ ઉમેદવારી કે મતદાન કરી શકશે નહીં.*

## ઓડિટ રિપોર્ટ

*(બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટ, ૧૯૫૦ની કલમ-૩૩, ૩૪ તથા કાનૂન-૧૯ મુજબ)*

સાર્વજનિક ટ્રસ્ટનું નામ : **શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

• નોંધણી નંબર : એ/૨૮૯૧, અમદાવાદ • ઠે. : પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

અમો ઉપરોક્ત ટ્રસ્ટના તા. ૩૧-૩-૨૦૧૦ના રોજ પૂરા થતાં વર્ષના હિસાબ તપાસ્યા છે અને તેનો અમે રિપોર્ટ કરીએ છીએ.

૧. સદરહુ ટ્રસ્ટના હિસાબો ટ્રસ્ટ એક્ટ અને નિયમો અનુસાર રાખવામાં આવ્યા છે.

૨. સદરહુ ટ્રસ્ટની આવક અને ખર્ચનો હિસાબ યોગ્ય અને સાચી રીતે રાખવામાં આવ્યો છે.

૩. ઓડિટની તારીખે મેનેજરના હાથમાં જે રોકડ સિલક તથા વાઉચર હતા તે હિસાબ સાથે મળતા આવ્યા છે.

૪. અમોને જરૂરી એવા સઘળા ચોપડા, પહોંચો, વાઉચર તથા અન્ય જરૂરી દસ્તાવેજો અમારી સમક્ષ રજૂ કરવામાં આવ્યા છે.

૫. ટ્રસ્ટની સ્થાવર તથા જંગમ મિલકતની સહીવાળી યાદી રાખવામાં આવી છે.

૬. ઓડિટ વખતે મેનેજરે હાજર રહી અમોને જોઈતી સઘળી માહિતી તથા ખુલાસાઓ સંતોષકારક રીતે આપ્યા છે.

૭. ટ્રસ્ટની મિલકત તથા ફંડોનો ઉપયોગ ટ્રસ્ટના હેતુ માટે થયો છે. તે સિવાય બીજા હેતુ માટે ઉપયોગ થયો નથી.

૮. એક વર્ષની મુદત ઉપરાંતનું લેણું રૂા. NIL પડે છે. જ્યારે રૂા. NILનું લેણું વર્ષ દરમ્યાન માંડી વાળવામાં આવ્યું છે.

૯. રૂા. ૫,૦૦૦/-થી વધુ રકમનું બાંધકામ તથા મરામત ખર્ચ નિયમ મુજબ કરવામાં આવ્યું છે.

૧૦. ટ્રસ્ટનાં નાણાં, કલમ-૩૫ના ઠરાવો વિરુધ્ધ રોકવામાં આવ્યા નથી.

૧૧. અમારી જાણ મુજબ ટ્રસ્ટની સ્થાવર મિલકત કલમ-૩૬ના ઠરાવોની વિરુદ્ધ બીજાને નામે કરી આપવામાં આવી નથી.

*નોંધ :* (૧) સંસ્થા વેપારી પધ્ધતિથી હિસાબો રાખે છે અને વ્યાજ રોકડ પદ્ધતિથી જમા કરે છે. (૨) રોકાણો ખરીદ કિંમતે દર્શાવેલા છે. (૩) દેવાં લેણાંના કબૂલાતપત્રો અમોને જોવા મળેલ નથી.

સ્થળ : અમદાવાદ, તા. ૧૬-૬-૨૦૧૦

**નૌતમ આર. વકીલ એન્ડ કાં.** - ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ

*સહી/-*

પાર્ટનર — નૌતમ આર. વકીલ (મે.નં. ૧૩૧૪૪)

૧૬, ન્યુ આશિષ ફ્લેટ્સ, એલિસબ્રિજ, અમદાવાદ-૬.

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## (પરિશિષ્ટ : ૮) તા. ૩૧-૩-૨૦૧૦ના રોજનું પાકું સરવૈયું (નો.નં. એ-૨૮૯૧, અમદાવાદ)

| ફંડો તથા જવાબદારીઓ | રકમ | મિલકત તથા લેણાં | | રકમ |
|---|---|---|---|---|
| **શ્રી ટ્રસ્ટ ફંડ તથા સ્થાપિત મિલકત ફંડ** | ૫૩૩૨૩૭૬૩.૦૦ | **શ્રી સ્થાવર મિલકત ખાતે** | | ૫૦૭૦૧૨૫૩.૩૭ |
| **શ્રી બીજા અંકિત કરેલા ફંડો** | ૩૧૯૬૩૧૨૭.૦૦ | **શ્રી રોકાણો** | | ૧૪૦૭૦૧૮૭.૬૭ |
| **શ્રી જવાબદારીઓ** | ૪૮૫૦૯૪૩.૦૦ | **શ્રી ડેડ સ્ટોક ફર્નિચર / મશીનરી ખાતે** | | ૭૬૬૬૦૯૪.૦૦ |
| **શ્રી લોન ખાતે** | — | **શ્રી લેણાં** | | ૪૮૪૬૮૯૨.૬૦ |
| | | **શ્રી એડવાન્સીઝ** | | — |
| | | **શ્રી રોકડ તથા અવેજ** | | ૨૭૦૭૮૬૧.૬૬ |
| | | **શ્રી ઊપજ ખર્ચ ખાતે** | | |
| | | શરૂની બાકી | ૧૧૯૪૪૪૭૪.૦૪ | |
| | | બાદ : ચાલુ સાલે વધારો | ૧૭૯૮૯૩૦.૩૪ | ૧૦૧૪૫૫૪૩.૭૦ |
| | **૯૦૧૩૭૮૩૩.૦૦** | | | **૯૦૧૩૭૮૩૩.૦૦** |

## (પરિશિષ્ટ : ૯) તા. ૩૧-૩-૨૦૧૦ના રોજ પૂરા થતા વર્ષનું ઊપજ ખર્ચ ખાતું

| ઊપજ | | રકમ | ખર્ચ | રકમ |
|---|---|---|---|---|
| **શ્રી ભાડા ખાતે** | | — | **શ્રી મિલકત અંગેના ખર્ચ ખાતે** | ૬૫૬૭૩૭.૦૦ |
| **શ્રી વ્યાજ ખાતે** | | ૧૧૮૯૨૦૯.૭૩ | **શ્રી વહીવટી ખર્ચ ખાતે** | ૩૫૬૭૬૦૧.૧૦ |
| **શ્રી દાન ખાતે** | | | **શ્રી ટ્રસ્ટીઓના મહેનતાણાં :** | |
| રોકડ તથા વસ્તુરૂપે મળેલ દાન | | | શ્રી ઓડિટ ફી | ૨૩૨૦૦.૦૦ |
| | | | શ્રી વકીલ ફી | — |
| ચાલુ : | ૨૦૯૫૯૮૮૭.૦૦ | | શ્રી ફાળો અને ફી | ૧૫૦૦૦૦.૦૦ |
| કાયમી દાન : | ૪૯૦૩૬.૦૦ | ૨૧૦૦૮૯૨૩.૦૦ | શ્રી કોર્ટ ફી | — |
| | | | શ્રી પરચૂરણ ખર્ચ ખાતે | ૧૦૪૯૫૬.૦૦ |
| **શ્રી ગ્રાન્ટ ખાતે** | | — | **શ્રી માંડી વાળેલ રકમો** | |
| | | | ઘસારો | ૧૯૩૩૭૫૧.૦૦ |
| **શ્રી ડિવિડન્ડ ખાતે** | | — | **શ્રી રિઝર્વ ફંડ ખાતે** | |
| | | | સામે મુજબ કાયમી દાન | ૪૯૦૩૬.૦૦ |
| **શ્રી અન્ય આવક ખાતે** | | ૧૫૬૬૦૬૬૮.૮૧ | **શ્રી ટ્રસ્ટના હેતુઓ અંગેનું ખર્ચ** | ૧૭૦૨૧૮૭૫.૧૦ |
| | | | **શ્રી વધારો** | ૧૪૩૫૧૬૪૫.૩૪ |
| | | **૩૭૮૫૮૮૦૧.૫૪** | | **૩૭૮૫૮૮૦૧.૫૪** |

*ઉપરનું સરવૈયું અમારી જાણ તથા માન્યતા મુજબ ટ્રસ્ટના ફંડો તથા જવાબદારીઓ તેમજ મિલકત તથા લેણાંનો સાચો અને ખરો અહેવાલ રજૂ કરે છે.*

| સહી/- | સહી/- | સહી/- |
|---|---|---|
| ખજાનચી | મંત્રી | પ્રમુખ |
| (ચંદ્રકાંત દામજી શાહ) | (પ્રતાપ નારાણજી દંડ) | (અશોક મહેતા) |

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ,*
*૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, અમદાવાદ-૬.*
*તા. : ૧૬-૬-૧૦*

*અમારા આજ તારીખના આ સાથેના રિપોર્ટ મુજબ*

*સહી/-*
**નૌતમ આર. વકીલ એન્ડ કું.**
*ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ*
મેમ્બરશિપ નં. ૧૩૧૪૪

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## ચૂંટણી પંચની રચના

ગત **તા. ૧૦-૫-૨૦૦૯** ના રોજ સામાન્ય સભાએ નક્કી કરેલ ચૂંટણીના નિયમ-૧ મુજબ વર્ષ ૨૦૧૦-૧૧ માટે ટ્રસ્ટ મંડળના નિવૃત્ત થતા ૬ તેમજ કારોબારી સમિતિના નિવૃત્ત થતા ૬ સભ્યોની ચૂંટણીનું કાર્ય નિયમ મુજબ ચલાવવા માટે નીચેના બે સભ્યોની ચૂંટણી પંચ તરીકે નિમણૂક કરવામાં આવેલ છે.

- **શ્રી પોપટલાલ નેણશી ધરોડ**
  સી/૮૧, કર્મચારી નગર, વિભાગ-૧, રન્ના પાર્કની સામે, ઘાટલોડિયા, અમદાવાદ-૬૧. ફોન : ૨૭૪૮૫૮૧૨
- **શ્રી આણંદજી વેલજી વીરા**
  ૧૦૧, પ્રાંગણ, સાધના સ્કૂલ પાસે, પ્રીતમ નગર, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
  ફોન : (રહે.) ૨૬૫૭૫૩૪૨, (વ્ય) ૨૬૫૭૫૩૮૪

*ટ્રસ્ટ મંડળ વતી,*
**અશોક મહેતા**
*મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ*
*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટ મંડળ અને કારોબારી સમિતિ માટે ચૂંટણી પંચ દ્વારા ચૂંટણીની જાહેરાત

સંસ્થાના બંધારણ અનુસાર આ વર્ષે નિવૃત્ત થતા ૬ ટ્રસ્ટીઓ તેમજ ૬ કારોબારી સભ્યોની ચૂંટણી વર્ષ ૨૦૧૦-૧૧ માટે કરવાની નીચે પ્રમાણે અમો જાહેરાત કરીએ છીએ.

- **વિભાગ-૧ દાતા ટ્રસ્ટીઓ (૩ જગ્યા)**

બંધારણની કલમ-૬(ખ)(૨) મુજબ આ વિભાગમાં મુરબ્બી અને પેટ્રન સભ્યો ઉમેદવારી કરી શકશે. આ વિભાગમાં નીચેના ટ્રસ્ટીઓ નિવૃત્ત થાય છે :

૧. શ્રી હીરજી પાસુ શાહ

૨. શ્રી નરેન્દ્ર છગનલાલ શાહ

૩. શ્રી હસમુખ ઉગરચંદ ગઢેચા

- **વિભાગ-૨ સામાન્ય ટ્રસ્ટીઓ (માનદ્ ગ્રૂપ) - (૨ જગ્યા)**

બંધારણની કલમ-૬(ખ)(૩) મુજબ આ વિભાગમાં માનદ્ સભ્યો ઉમેદવારી કરી શકશે. આ વિભાગમાં નીચેના ટ્રસ્ટીઓ નિવૃત્ત થાય છે :

૧. શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી

૨. શ્રી કાંતિલાલ રામજી શાહ

- **વિભાગ-૩ સામાન્ય ટ્રસ્ટીઓ (સ્વજન ગ્રૂપ) (૧ જગ્યા)**

આ વિભાગમાં સ્વજન તેમજ જૂના બંધારણ મુજબના આજીવન સભ્યો ઉમેદવારી કરી શકશે. આ વિભાગમાં નીચેના ટ્રસ્ટી નિવૃત્ત થાય છે.

૧. શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર

- **નિવૃત્ત થતા કારોબારી સભ્યો (૭ જગ્યા)**

૧. શ્રી લક્ષ્મીચંદ શામજી વીરા

૨. શ્રી પદમશી ચત્રભુજ ડાઘા

૩. શ્રી પ્રદીપ સૂરજલાલ મહેતા

૪. શ્રી હીરેન કુંવરજી શાહ

૫. શ્રી કિશોર મૂળજી લાલકા

૬. શ્રી પંકજ મેઘજી ગોગરી

ઉપર મુજબ ૬ ટ્રસ્ટીઓ અને ૬ કારોબારીના સભ્યોની ચૂંટણી કરવાની છે અને તે માટે ઉમેદવારી પત્રકો મંગાવવામાં આવે છે.

- **નોંધ :**

૧. નિવૃત્ત થતા સભ્યો ફરીથી ઉમેદવારી કરી શકશે.
૨. ટ્રસ્ટી તરીકે સામાન્ય સભ્યો તેમજ ૩૫ વર્ષથી નીચેની ઉંમરના સભ્યો ઉમેદવારી કરી શકશે નહીં.
૩. કોઈપણ સભ્ય એકથી વધારે જગ્યા ઉપર તેમજ એક જગ્યાએ ચાલુ રહીને અન્ય જગ્યા ઉપર ઉમેદવારી કરી શકશે નહીં. એક જગ્યાએ રાજીનામું આપીને જ અન્ય જગ્યા માટે ઉમેદવારી કરી શકશે.
૪. સભ્યોએ અધિકૃત ફોર્મમાં માંગવામાં આવેલ પૂરી વિગત સાથે ઉમેદવારી પત્ર ભરીને આપવાનું રહેશે. અધૂરી વિગતવાળું પત્રક રદ થવાને પાત્ર ગણાશે.
૫. જે તે કેટેગરીના સભ્યો, ટ્રસ્ટીપદ માટે તે જ કેટેગરીમાં ઉમેદવારી કરી શકશે.

- **ચૂંટણી પ્રક્રિયાનો કાર્યક્રમ**

૧. ઉમેદવારી પત્રો સમાજની ઓફિસેથી તા. ૧૨-૭-૧૦થી સવારના ૧૦થી સાંજના ૬ વાગ્યા સુધી મળશે.
૨. પૂરેપૂરા ભરેલા ઉમેદવારી પત્રકો બંધ કવરમાં તા. ૨૫-૭-૧૦ના સાંજના ૬ વાગ્યા સુધી સ્વીકારવામાં આવશે.
૩. ઉમેદવારી પત્રકોની ચકાસણી કરી ઉમેદવારોના નામ તા. ૨૭-૭-૧૦, મંગળવારના સવારે ઓફિસના નોટિસ બોર્ડ ઉપર જાહેર કરવામાં આવશે.
૪. તા. ૯-૮-૧૦, સોમવારના સાંજના ૫ વાગ્યા સુધી ઉમેદવારો પોતાના ઉમેદવારી પત્રકો પાછા ખેંચી શકશે.
૫. ઉમેદવારોની છેલ્લી પરિસ્થિતિની વિગતો તા. ૧૦-૮-૧૦, મંગળવારથી સમાજની ઓફિસે નોટિસ બોર્ડ ઉપર જાહેર કરવામાં આવશે.
૬. જરૂર પડ્યે ચૂંટણી તા. ૨૨-૮-૧૦ની સામાન્ય સભામાં કરવામાં આવશે અથવા બિનહરીફ ચૂંટાયેલ ઉમેદવારના નામો જાહેર કરવામાં આવશે.
૭. સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી. (સમય : ચૂંટણી અંગેના એજન્ડાના સમયે હાજર રહેલા સભ્યો મતદાન કરી લે ત્યાં સુધી / ચૂંટણી પંચ મતદાન પૂરું થયેલ જાહેર કરે ત્યાં સુધીનો રહેશે.)
૮. કોઈપણ ઉમેદવાર સ્વેચ્છાએ ચૂંટણી પંચ સમક્ષ જાતે હાજર થઈને અથવા પત્ર દ્વારા છેલ્લા દિવસે ઉમેદવારી પાછી ખેંચી શકશે. એ કારણે જો કોઈ અન્ય ઉમેદવાર બિનહરીફ થાય તો ચૂંટણીની જરૂરત નહીં રહે.

- **નોંધ :**

૧. તા. ૨૩-૨-૧૦ સુધી નોંધાયેલા સમાજના સભ્યો જ ઉમેદવારી કરી શકશે તેમજ મત આપી શકશે.
૨. ચૂંટણી અંગેની કોઈ કાર્યવાહી અંગે મતભેદ - વાદવિવાદ થાય તો તે અંગે ચૂંટણી પંચનો નિર્ણય આખરી અને બંધનકર્તા ગણાશે.

**એજ લિ.**

**પોપટલાલ નેણશી ધરોડ**
**સભ્ય**
**ચૂંટણી પંચ**

**આણંદજી વેલજી વીરા**
**સભ્ય**
**ચૂંટણી પંચ**

## તા. ૧૩-૬-૧૦ની ટ્રસ્ટ મંડળની મિટિંગમાં સર્વાનુમતે ભલામણ કરેલ બંધારણીય સુધારો

### જૂની કલમ

**કલમ-૪(ગ)(૧૪)**

દાન આપનાર વ્યક્તિ કે સંસ્થાને આ સંસ્થાની જાહેર થયેલ કોઈ નકરાની યોજના સામે સભ્યપદનો લાભ લેવાનો હોય તો તે યોજના અનુસાર જે તે દાનની રકમ સામે એક જ સભ્યપદનો લાભ મળી શકશે. અને તે લાભ દાન આપ્યાની તારીખથી એક વર્ષની અંદર મેળવી લેવાનો રહેશે.

(સામાન્ય સભા : ૨૧-૧૦-૨૦૦૧)

### નવી સુધારેલી કલમ

**સૂચિત નવી કલમ-૪(ગ)(૧૪)**

દાન આપનાર વ્યક્તિ કે સંસ્થાને આ સંસ્થાની જાહેર થયેલ કોઈ નકરાની યોજના સામે સભ્યપદનો લાભ લેવાનો હોય તો તે યોજના અનુસાર જે તે દાનની રકમ સામે એક જ સભ્યપદનો લાભ, અરજી કર્યાના સમયે બંધારણીય જોગવાઈ મુજબ મળી શકશે.

# સમાજ દર્પણ

## સરનામા ફેરફાર

- **ખુશાલ ખેરાજ ગાલા**
  ૪૦૪, સોનેટ ફ્લેટ, ૬, જૈન સોસાયટી,
  પ્રીતમનગર અખાડા સામે, એલિસબ્રિજ,
  અમદાવાદ-૩૮૦ ૦૦૬. ફોન : (રહે.) ૨૬૫૭૫૯૧૭
- **નવીન એમ. ગરમાણિયા**
  ૧૩, નેમ રાજુલ એપાર્ટમેન્ટ, જૈન મર્ચન્ટ સોસાયટી,
  મહાલક્ષ્મી, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
  ફોન : ૬૫૧૨૨૨૩૩
  મોબાઈલ : ૮૦૦૦૧ ૭૧૯૪૨, ૯૮૯૮૦ ૦૬૩૭૪
- **કાંતિલાલ દલીચંદ લોદરિયા**
  ૧૧, શાશ્વત ફ્લેટ, પ્રીતમનગર સોસાયટી,
  સાધના સ્કૂલ પાછળ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

## ફોન નંબર ફેરફાર

- **કિશોર કુંવરજી છેડા (પુનડી - અમદાવાદ)**
  (રહે.) ૨૬૮૫૭૯૧૦, મો. (રહે.) ૯૦૧૬૪ ૫૮૩૦૩
  મોબાઈલ : (કિશોર) ૯૮૭૯૭ ૬૯૫૬૯,
  (ભાવના) ૯૯૦૪૦ ૪૫૦૫૯, (પીનાંક) ૯૮૭૯૬ ૯૬૩૧૩
  (ટ્વીંકલ) ૯૪૨૬૮ ૮૯૬૫૪
  (ઓ) : ૦૨૭૫૩-૨૬૦૦૦૯ / ૨૬૨૮૭૮ (લીંબડી)
- **પ્રફુલ સંઘવી**
  મોબાઈલ : ૯૮૨૪૫ ૫૫૨૭૧
- **દિના સંઘવી**
  મોબાઈલ : ૯૯૨૪૪ ૪૧૨૭૦

## સગપણ

- **બુધવાર, તા. ૨-૬-૨૦૧૦**
  **હાર્દિક ધનસુખલાલ પટવા, સી.એ. (માંડવી - અમદાવાદ)**
  **ધ્વનિ સુરેશભાઈ શાહ (રામપુરા) (ઝાલાવાડ - અમદાવાદ)**

## અવસાન નોંધ

- **નવીનચંદ્ર લહેરચંદ સંઘવી** (ઉ.વ.-૬૦) (સાંતલપુર - ગાંધીધામ / અમદાવાદ)નું શનિવાર, તા. ૧૯-૬-૨૦૧૦ના અમદાવાદ મધ્યે દુઃખદ અવસાન થયેલ છે.

  સદ્‌ગતના આત્માના શ્રેયાર્થે પ્રાર્થના.

## સાભાર સ્વીકાર

- **શ્રી ધનસુખલાલ નાનાલાલ પટવા (માંડવી - અમદાવાદ)** તરફથી તેમના સુપુત્ર **ચિ. હાર્દિક**ની શુભ સગાઈ નિમિત્તે મંગલ મંદિરને રૂા. ૧૫૧/- સપ્રેમ ભેટ મળેલ છે.
- **શ્રી હર્ષદભાઈ રવજીભાઈ વોરા (અમદાવાદ)** તરફથી તેમના સુપુત્ર **ચિ. કૃપેશ** માર્ચ-૨૦૧૦માં લેવાયેલ ધોરણ-૧૦ એસ.એસ.સી.ની પરીક્ષામાં ૮૦% માર્કસ સાથે ઉત્તીર્ણ થયા તેની ખુશાલીમાં મંગલ મંદિરને રૂા. ૨૦૧/-ની સપ્રેમ ભેટ મળેલ છે.

ઉપરોક્ત સર્વે ભેટોનો સાભાર સ્વીકાર કરવામાં આવેલ છે.

## ચિંતન

*"Happiness is like a Butterfly, you run after it, it keeps flying away. You stand still, it comes and sit on your shoulder."*

સુખને પતંગિયાની ઉપમા આપી છે. પતંગિયું સુંદર છે, વિવિધ રંગસભર છે, મનભાવક છે, સુખનું પણ એવું જ છે. પરંતુ આપણે પતંગિયાને પકડવા દોડીએ તો એ દૂર દૂર ભાગે છે, આપણા હાથમાં આવતું નથી. સુખની પાછળ દોટ મૂકીએ તો એ ક્ષિતિજની જેમ દૂર દૂર ચાલી જાય છે.

પરંતુ આપણે સ્થિર ઊભા રહીએ તો પતંગિયું ઊડતું ઊડતું આવીને આપણા ખભા ઉપર બેસી જાય છે. એના રંગોને આપણે નયનમાં સમાવી દઈ શકીએ. એજ રીતે જીવનમાં પણ સ્થિરતા જરૂરી છે, માત્ર શરીર જ નહીં, પરંતુ મન પણ સ્થિર થવું જોઈએ. તળાવના પાણીમાં પથ્થરો પડે અને તરંગો ફેલાઈ જાય તેમ કોઈ નાનો મોટો પ્રસંગ બને અને મન ડહોળાઈ જાય તેમ થવું ન જોઈએ. તેમ થાય તો સુખનો આસ્વાદ માણી શકાય નહીં.

ગીતા સ્થિતપ્રજ્ઞ શબ્દ પ્રયોજે છે, હર્ષ અને શોક, લાભ અને ગેરલાભ, જય અને પરાજય, દરેક પરિસ્થિતિમાં સ્થિર રહેવાની કળા શીખવી જોઈએ. તોજ સુખનો સ્પર્શ થઈ શકશે.

પતંગિયું, એ કુદરતની અદ્‌ભુત રચના છે. એ ફૂલોને પસંદ કરે છે, જે કોમળ છે, સુહાસિત છે. સુખ એ પણ કુદરતની ઈશ્વરની અદ્‌ભુત ભેટ છે. એ એવા મનુષ્યને પસંદ કરે છે, જે સ્થિર છે, સંતોષી છે.

આવો, આપણા ખભા પર પતંગિયાને બેસાડી દઈએ!

*સંકલન : મુકુંદ કે. મહેતા 'અલ્પ' - આદિપુર (કચ્છ)*

*આ જગતમાં જે બાબતમાં ભય રહે, તે અધર્મ.*

# પડકારોને પડકારે તે યુવાન

પૃથ્વીનો ઉદ્‌ભવ થયો અને આપણી આ સૃષ્ટિ પર મનુષ્ય નામક સામાજિક પ્રાણીનું અસ્તિત્વ આવ્યું. મનુષ્યના જીવનના ત્રણ તબક્કા : (૧) બાલ્યાવસ્થા, (૨) યુવાવસ્થા અને (૩) વૃદ્ધાવસ્થા. આ ત્રણેયમાંથી મનુષ્યની યુવાવસ્થા તેના જીવનમાં ખૂબ જ મહત્ત્વ ધરાવે છે. યુવાવસ્થા એટલે યુવાની અને યુવાનીમાં જીવતો માનવી એટલે "યુવાન."

પોતાની શક્તિને બતાવવા તત્પર રહે કંઈક કરવાની ધગશ બતાવે, એક જોશ સાથે જીવે અને પડકારોનો સામનો કરે તે ખરો યુવાન. યુવાનીમાં પગપેસારો કરતાં જ માનવી પોતાના ભવિષ્યને ઉજ્જવળ બનાવવા, સપના જોવા માંડે છે. તે જાણતો હોય છે કે પોતે જોયેલા દરેક સ્વપ્ન સરળતાથી પૂરા થાય તેવા નથી પરંતુ તેમના મનમાં એક અડગ નિર્ણય થઈ જાય છે. પોતાનું સ્વપ્ન જેને પૂરું કરવું અધરું છે, તેને તે પૂરી ધગશ અને મહેનતથી પૂર્ણ કરે છે.

બાળપણમાં બાળક શારીરિક અને માનસિક બંને રીતે વિકસેલું નથી હોતું. સમય જતાં તે યુવાન બને છે અને માનસિક તેમજ શારીરિક બંને રીતે તંદુરસ્ત, મજબૂત અને સક્ષમ બને છે. પોતાનાં સપનાં સાકાર કરવાની, મુસીબતો સામે લડવાની તાકાત તેનામાં આવી જાય છે. ગુલાબનું ફૂલ પણ ખૂબ જ સુંદર હોય છે પણ તેની ડાળી પર કાંટા હોય છે. યુવાનોના ધ્યેય પણ કંઈક આવા જ હોય છે. યુવાનોના ધ્યેય ગુલાબના ફૂલ જેવા હોય છે અને તે ધ્યેય સુધી પહોંચવાનો માર્ગ ગુલાબની ડાળીની જેમ કાંટાઓથી એટલે કે વિઘ્નોથી ભરેલો હોય છે. યુવાન આ દરેક કાંટાઓને, દરેક મુશ્કેલીઓને, દરેક અવરોધોને પોતાના માટેનો પડકાર માનીને હસતે ચહેરે તેમનો સામનો કરે છે. એટલે જ યુવાનો માટે આ પંક્તિ ખૂબ જ બંધબેસતી છેઃ

*"રસ્તો નહીં જડે તો રસ્તો કરી જવાના,*
*અમે મુંઝાઈને મનમાં થોડા મરી જવાના??*
*હે કાળ, કાંઈ નથી ભય, તું થાય તે કરી લે,*
*ઈશ્વર સમો ધણી છે, હિંમત અમારા દિલમાં છે,*
*અમે કંઈ તારાથી થોડા ડરી જવાના???"*

ફક્ત આજે જ નહીં પરંતુ સદીઓથી આ યુવાન પડકારોનો સામનો કરતો આવ્યો છે. સ્વામી વિવેકાનંદ કે જેઓ શિકાગોની ધર્મસભામાં વગર આમંત્રણે ગયા. ધર્મસભાની આગલી રાત એક અજાણ્યા શહેરમાં તેમણે રસ્તા પર વીતાવી. બીજા દિવસે જ્યારે તેઓ ધર્મસભામાં ગયા ત્યારે તેઓને અંદર આવવા ન દીધા. સ્વામી વિવેકાનંદની સચોટ રજૂઆતને કારણે માત્ર બે જ મિનિટ માટે પ્રવચન આપવાની પરવાનગી તેમને મળી. અને આપણા આ યુવાન સ્વામી વિવેકાનંદે પોતાના પ્રવચનની શરૂઆત 'ભાઈઓ અને બહેનો' જેવા સંબોધનથી કરી અને પોતાની વાણીથી સર્વે શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી નાખ્યા. શ્રોતાઓને પણ સમયનું ભાન ન રહ્યું. તેઓ સ્વામી વિવેકાનંદની વાણીમાં એટલા બધા ઓતપ્રોત થઈ ગયા. ભારત દેશની આબરૂ માટે સ્વામીજીએ ઝીલેલા પડકારને પૂરો કર્યો.

યુવાન કાળમાં જમશેદજી તાતા જ્યારે ગોરાઓની હોટલમાં ગયા ત્યારે ગોરાઓએ તેમને અપમાનિત કરીને કાઢી મૂક્યા. ત્યારે તેઓ ગોરાઓ સામે પડકાર ફેંકીને આવ્યા હતા કે તેઓ તેમનાથી વધારે આલીશાન હોટલ બનાવશે અને તેમાં ગોરાઓને પ્રવેશ આપવામાં નહીં આવે. જમશેદજી તાતાએ આ પડકાર ઝીલ્યો અને તેઓ મંજીલ સુધી પહોંચ્યા પણ ખરા. મુંબઈની તાજ હોટલ જમશેદજી તાતાએ ઝીલેલા પડકારનું જ પરિણામ છે.

સફળતા મેળવવા પડકારોને ઝીલતા યુવાનો માટે એક મહાન વ્યક્તિ જોન વ્હીટલરે કહ્યું છે 'સફળતાના શિખરે પહોંચેલા યુવાન લોકો કૂદકો મારી ત્યાં પહોંચી ગયા નથી પણ જ્યારે લોકો ઊંઘે છે ત્યારે પણ તેઓ આગેકૂચ કરતા હોય છે.'

ગઈકાલના અને આજના યુવાનમાં વડીલ વર્ગ ઘણો ફરક જોઈ રહ્યા છે. અને હું પોતે પણ આજના અને ગઈકાલનાં યુવાનમાં ફરક મહેસૂસ કરી રહી છું. આજે મોટાભાગનાં યુવાનો પાનના ગલ્લા કે ચાની કિટલી પર બેસી વ્યસનોનાં બંધાણી બની રહ્યા છે. પોતાનો કિંમતી સમય ટોળટપ્પા અને ખોટી આદતોમાં વેડફી રહ્યા છે. આજનો યુવા માનસ રચનાત્મક કાર્યોમાં ઓછો પણ ખંડનાત્મક કાર્યોમાં વધારે રચ્યોપચ્યો રહે છે. જે જૂજ યુવાનો સામાજિક કે વિદ્યાભ્યાસના ક્ષેત્રે સુંદર કાર્યો કરીને યુવાનોની વ્યાખ્યાને સાર્થક કરે છે, તેઓને પણ આ વિઘ્નસંતોષી લોકો ક્યાંકને ક્યાંક, કોઈને કોઈ રીતે ખલેલ પહોંચાડે છે. તેની આ જ કુટેવો તેને પડકારોનો સામનો કરતાં રોકી રહી છે. આજનો યુવાન પશ્ચિમી સંસ્કૃતિનું આંધળું અનુકરણ કરી રહ્યો છે અને આપણી ભવ્યાતિભવ્ય સંસ્કૃતિને, તેના મૂળને, તેના વજૂદને મિટાવી રહ્યો છે. આજનો યુવાન જ્યાં સુધી પોતે જ જાગૃત નહીં થાય, હકારાત્મક વલણ, સર્જનાત્મક માનસ નહીં ધરાવે ત્યાં સુધી તેની યુવાની સાર્થક નહીં ગણાય. માટે હે મારા યુવા મિત્રો! સ્વામી વિવેકાનંદના આ શબ્દોને અપનાવો અને પોતાની યુવાનીને ખરા અર્થમાં સાર્થક કરો.

"ઊઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો..."

અંતમાં આજના યુવાનને અર્પણ આ ચાર શબ્દો :

"તારા કદને તું ન માપ,
સામે ક્ષિતિજ પડી છે અફાટ,
તારી શક્તિ છે અમાપ,
તારી તાકાત છે અખૂટ,
જુવાન, જુવાન તું ના કર ગુમાન,
કામ કર એવા, મેળવ સહુનું માન,
યુવાન સામે ન થાય પડકાર,
પડકારોની સામે થાય તે જ યુવાન."

***સલોની નવીનભાઈ લાલકા (મો. ૯૩૭૫૯ ૨૭૨૫૨)***

*પ્રપંચ એટલે લોકોના દુરુપયોગ કરવા.*

# "આવાસ યોજના"

## બાકી રહેતા ૪ લાભાર્થીઓને ડ્રો પદ્ધતિ દ્વારા ફ્લેટની ફાળવણી

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટ મંડળની એક મિટિંગ રવિવાર તા. ૧૩-૬-૨૦૧૦ના સવારમાં ૧૦ વાગે શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી. આ મિટિંગ અગાઉ જે ૪ સભ્યોને આવાસ યોજનાના મંગળવાર, તા. ૨૬-૧-૨૦૧૦ના ઉદ્‌ઘાટન બાદ ફ્લેટ્સ ફાળવવામાં આવેલ હતા એ ચાર સભ્યોની પરિવાર સહિતની ઉપસ્થિતિમાં વિવિધ ટ્રસ્ટીશ્રીઓના વરદ્ હસ્તે ડ્રો કરાવડાવી તેઓને ફ્લેટ્સ નંબરની ફાળવણી કરવામાં આવેલ હતી.

આ ડ્રો પદ્ધતિ દ્વારા બાકી રહેતા ૪ સભ્યોને નીચે મુજબના ફ્લેટ્સની ફાળવણી કરવામાં આવેલ હતી.

| આવાસ યોજનાના 'નવનીત ભવન'ના ફ્લેટ નંબર | સભ્યશ્રીનું નામ | કચ્છમાં ગામ |
|---|---|---|
| ૧૦૧ | શ્રી અરવિંદ ખોડીલાલ કુબડિયા | દાત્રાણી (સાંતલપુર) |
| ૧૦૪ | શ્રી રમણિકલાલ દામજી સાવલા | મોથાળા (અબડાસા) |
| ૧૦૫ | શ્રી સોમચંદ લક્ષ્મીચંદ લોડાયા | લાલા (અબડાસા) |
| ૪૦૩ | શ્રી રવીન્દ્ર પ્રકાશ સૈયા | ગેલડા (મુંદ્રા) |

ઉપરોક્ત ડ્રો સંપન્ન થયે આવાસ યોજનાના "નવનીત ભવન"ના બધા જ ફ્લેટ્સની ફાળવણી કરી દેવામાં આવેલ છે.

"નવનીત ભવન"ના ૪૦ ફ્લેટ્સમાંથી ૩૬ ફ્લેટ્સ લાભાર્થીઓને, ૨ ફ્લેટ્સ સમાજના નબળા પરિવારોને માત્ર રહેવાના ધોરણે અને ૨ ફ્લેટ્સ સમાજના જરૂરિયાતવાળા સભ્યોને ગૃહઉદ્યોગની પ્રવૃત્તિઓ કરવા માટે ફાળવી આ આવાસ યોજનાની ફાળવણી પૂર્ણ કરવામાં આવેલ છે.

## "આવાસ યોજના"ના લાભાર્થીઓને "નવનીત ભવન"ની ચાવી સુપરત કરવામાં આવી

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની આવાસ યોજનાના કેટલાક લાભાર્થીઓ કે જેઓએ પોતાને ફાળે આવેલ રકમની પૂરેપૂરી ભરપાઈ કરી દીધેલ છે, તેઓને બાનાખત વગેરે કાયદાકીય વિધિ પૂરી કરી, તેઓને "નવનીત ભવન"ના ફ્લેટ્સની ચાવી શનિવાર, તા. ૧૨-૬-૨૦૧૦ના સવારમાં ૧૦.૩૦થી ૧૨.૩૦ના સમય દરમ્યાન સુપરત કરી દેવામાં આવેલ હતી.

આ પ્રસંગે શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી કે.ડી. શાહ, શ્રી નવીનભાઈ પોલડિયા, શ્રી હીરજી પાસુ શાહ, શ્રી મણિલાલ કુંવરજી ગોસર તથા શ્રી કે.આર. શાહ ઉપસ્થિત રહેલ હતા.

જે ઉપસ્થિત લાભાર્થીઓને તેમના ફ્લેટ્સની ચાવી સુપરત કરવામાં આવેલ છે તેઓની વિગત નીચે મુજબ રહેવા પામેલ છે.

| ક્રમ | લાભાર્થીનું નામ | લાભાર્થીના ગામનું નામ | આવાસ યોજનાના 'નવનીત ભવન'ના ફ્લેટ નંબર |
|---|---|---|---|
| ૧. | શ્રી દિનેશ લખમશી શાહ (મૈશેરી) | મોટી સિંધોડી (અબડાસા) | ૩૦૬ |
| ૨. | શ્રી નવીનચંદ્ર ભવાનજી મૈશેરી | કુવાપદ્ધર (અબડાસા) | ૩ |
| ૩. | શ્રી ચંદ્રકાંત ભવાનજી મૈશેરી | કુવાપદ્ધર (અબડાસા) | ૪૦૪ |
| ૪. | શ્રી શૈલેષ શામજી નાગડા | નલિયા (અબડાસા) | ૨૦૨ |
| ૫. | શ્રીમતી રીટા યોગેશ દેઢિયા | ભુજપુર (મુંદ્રા) | ૨૦૧ |
| ૬. | શ્રી દિનેશ પ્રેમજી દેઢિયા | ભુજપુર (મુંદ્રા) | ૪૦૭ |
| ૭. | શ્રી ભાણજી લીલાધર હેનિયા | બારોઈ (મુંદ્રા) | ૨૦૪ |
| ૮. | શ્રી પ્રવીણ દામજી નાગડા | પરજાઉ (અબડાસા) | ૪૦૫ |
| ૯. | શ્રી ધીરજલાલ ભાઈચંદ શાહ | પલાંસવા (રાપર) | ૪ |

*ખાતી વખતે ખોડ કાઢવી એ ભયંકર ગુનો છે.*

| | | | |
|---|---|---|---|
| ૧૦. | શ્રી હસમુખ કાંતિલાલ મહેતા | ભુટકિયા (રાપર) | ૧૦૩ |
| ૧૧. | શ્રી મોનીષ ભૂપેન્દ્ર વોરા | અંજાર (અંજાર) | ૨૦૮ |
| ૧૨. | શ્રી રમેશચંદ્ર ભીમશી દેઢિયા | સમાઘોઘા (મુંદ્રા) | ૮ |
| ૧૩. | શ્રી ખુશાલ પદમશી ગોસર | બાયઠ (માંડવી) | ૧૦૬ |
| ૧૪. | શ્રી મિલન પદમશી ગોસર | બાયઠ (માંડવી) | ૩૦૨ |
| ૧૫. | શ્રી મનીષ કે. દેઢિયા | ભુજપુર (મુંદ્રા) | ૨૦૭ |
| ૧૬. | શ્રી જિતેન કાંતિલાલ મોમાયા (શાહ) | સાંયરા (અબડાસા) | ૪૦૧ |

**નોંધ :** ક્રમ નં.-૧૨ના શ્રી રમેશચંદ્ર ભીમશી દેઢિયાને માત્ર રહેવાના ધોરણે ફ્લેટ નં.-૮ ફાળવવામાં આવેલ છે.

ઉપરોક્ત લાભાર્થીઓને આ સમયે ઉપસ્થિત ટ્રસ્ટીશ્રીઓ તરફથી શુભેચ્છા વ્યક્ત કરવામાં આવેલ હતી.

લગભગ લાભાર્થીઓ ''આવાસ યોજના''ના ''નવનીત ભવન''માં રહેવા આવી ગયા બાદ ગૃહ ઉદ્યોગની પ્રવૃત્તિને વેગ આપવામાં આવશે.

## આવાસ યોજનાના અન્ય લાભાર્થીઓને પણ સોંપવામાં આવેલ ફ્લેટ્સની ચાવીઓ

આવાસ યોજનાના લાભાર્થીઓ કે જેઓએ નક્કી થયા મુજબ પોતાના ફાળે આવતી રકમ ભરી દીધેલ છે અને અન્ય જરૂરી વિધિઓ પૂરી કરેલ છે, તેઓને તા. ૧૨-૬-૨૦૧૦ના રોજ તેમના ફ્લેટની ચાવી સુપરત કરવામાં આવેલ હતી. જેઓની સંખ્યા ૧૬ જેટલી હતી.

ત્યારબાદ તા. ૨૪-૬-૨૦૧૦ સુધી નીચે મુજબના અન્ય લાભાર્થીઓને પણ તેમના ફ્લેટ્સની ચાવી સુપરત કરવામાં આવેલ છે.

| ક્રમ | લાભાર્થીનું નામ | લાભાર્થીના ગામનું નામ | આવાસ યોજનાના 'નવનીત ભવન'ના ફ્લેટ નંબર |
|---|---|---|---|
| ૧. | શ્રી નરેશકુમાર મણિલાલ ગરમાણિયા | પલાંસવા (રાપર) | ૧૦૮ |
| ૨. | શ્રી કુલીન ખેતશી ધરમશી | જસાપર (અબડાસા) | ૩૦૪ |
| ૩. | શ્રી ધર્મેન્દ્ર બાબુલાલ ગાંધી | લાખાપર (મુંદ્રા) | ૩૦૮ |
| ૪. | શ્રી નિરંજન હરખચંદ સંઘવી | આડેસર (રાપર) | ૦૦૭ |
| ૫. | શ્રી રજનીકાંત બાબુભાઈ ત્રેવડિયા | સણવા (રાપર) | ૨૦૬ |
| ૬. | શ્રી રવીન્દ્ર પ્રકાશભાઈ સૈયા | ગેલડા (મુંદ્રા) | ૪૦૩ |
| ૭. | શ્રી રમણિકલાલ દામજી સાવલા | મોથારા (અબડાસા) | ૧૦૪ |
| ૮. | શ્રી અલ્કેશ કાંતિલાલ શાહ | માંડવી | ૨૦૩ |
| ૯. | શ્રી ભાવેશ હીરજી ગડા | કપાયા (મુંદ્રા) | ૪૦૬ |
| ૧૦. | શ્રી ધીરજલાલ ખીમજી સંઘોઈ | નાગલપુર (માંડવી) | ૦૦૬ |

**નોંધ :** ક્રમ નં.-૪ના શ્રી નિરંજન હરખચંદ સંઘવીને માત્ર રહેવાના ધોરણે ફ્લેટ નં.-૭ ફાળવવામાં આવેલ છે.

અત્યાર સુધી ૨૬ કુટુંબોને તેમના ફ્લેટ્સનો કબજો સોંપી દેવામાં આવેલ છે કે જેમાંથી તા. ૨૪-૬-૨૦૧૦ સુધી ૧૬ કુટુંબો રહેવા આવી ગયેલ છે. બાકીના કુટુંબો પણ તરતમાં રહેવા આવી જવાના છે.

---

બાબુભાઈ જશભાઈ પટેલ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે એકવાર મજૂર મહાજનના કાર્યક્રમમાં તેઓ થોડા વહેલા આવી ગયા. મજૂર મહાજનના પ્રમુખ મણિભાઈ પટેલની નોંધ મુજબ તેમણે બાબુભાઈને કહ્યું કે, 'આપ થોડા વહેલા છો.'

બાબુભાઈ કહે, 'મારે હજી ખાવાનું બાકી છે. ત્યાં સુધીમાં સમય થઈ જશે.'

મણિભાઈ મૂંઝાયા કે અત્યારે બાબુભાઈને શું ખવડાવવું?

પણ ત્યાં તો એમણે પોતાની થેલીમાંથી ડબ્બો કાઢીને ભાખરી ખાવા માંડી.

***'નયા માર્ગ', તા. ૧-૫-૧૦***

*હવે આવા મુખ્યમંત્રી ક્યાંથી કાઢવા?*

***– શાંતિલાલ સંઘવી***

*જે હક્કનું ભોગવે, એને ચિંતા ના થાય.*

# આવાસ યોજનાના લાભાર્થીઓને નવનીત ભવનના ફ્લેટ્સની ચાવી વિતરણ સમયે.....



ચાવી વિતરણ અગાઉ ગ્રૂપ ફોટો. ડાબેથી શ્રી મણિલાલ કું. ગોસર, શ્રી હીરજી પાસુ શાહ, શ્રી પ્રતાપ ના. દંડ, શ્રી અશોક મહેતા, શ્રી કાંતિલાલ વે. સાવલા, શ્રી રમણિકલાલ કું. ગોસર તથી શ્રી કે. આર. શાહ



શ્રી દિનેશ લખમશી મૈશેરી (મોટી સિંધોડી)ને ચાવી અર્પણ કરતા શ્રી અશોક મહેતા (ડાબે)



શ્રી નવીનચંદ્ર ભવાનજી મૈશેરી (કુવાપદ્ધર)ને ચાવી અર્પણ કરતા શ્રી કાંતિલાલ વેલજી સાવલા (ડાબે)



શ્રી શૈલેષ શામજી નાગડા (નલિયા)ને ચાવી અર્પણ કરતા શ્રી હીરજી પાસુ શાહ (જમણે)



શ્રી ચંદ્રકાંત ભવાનજી મૈશેરી (કુવાપદ્ધર)ને ચાવી અર્પણ કરતા શ્રી રમણિકલાલ કું. ગોસર (ડાબે)



શ્રીમતી રીટા યોગેશ દેઢિયા (ભુજપુર)ને ચાવી અર્પણ કરતા શ્રી મણિલાલભાઈ કુંવરજી ગોસર (જમણે)

*'સિક્રેટ' (ખાનગી) રાખનારો ભટકવાનો છે.*



શ્રી દિનેશ પ્રેમજી દેઢિયા (ભુજપુર)ને ચાવી અર્પણ કરતા
શ્રી કે. ડી. શાહ (ડાબે)



શ્રી ભાણજીભાઈ લીલાધર કેનિયા (બારોઈ)ને ચાવી અર્પણ કરતા
શ્રી અશોક મહેતા (ડાબે)



શ્રી પ્રવીણ દામજી નાગડા (પરજાઉ)ને ચાવી અર્પણ કરતા
શ્રી કાંતિલાલ વેલજી સાવલા (ડાબે)



શ્રી ધીરજલાલ ભાઈચંદ શાહ (પલાંસવા)ને ચાવી અર્પણ કરતા
શ્રી હીરજી પાસુ શાહ (જમણે)



શ્રી હસમુખ કાંતિલાલ મહેતા (ભુટકિયા)ને ચાવી અર્પણ કરતા
શ્રી નવીનભાઈ પોલડિયા (જમણે)



શ્રી મોનીશ ભૂપેન્દ્ર વોરા (અંજાર)ને ચાવી અર્પણ કરતા
શ્રી નવીનભાઈ પોલડિયા (જમણે)

*અહંકાર એ જ અધૂરાપણું છે.*



શ્રી રમેશચંદ્ર ભીમશી દેઢિયા (સમાઘોઘા)ને ચાવી અર્પણ કરતા
શ્રી હીરજી પાસુ શાહ (જમણે)



શ્રી ખુશાલ પદમશી ગોસર (બાયઠ)ને ચાવી અર્પણ કરતા
શ્રી મણિલાલભાઈ ગોસર (ડાબે)



શ્રી મિલન પદમશી ગોસર (બાયઠ)ને ચાવી અર્પણ કરતા
શ્રી કાંતિભાઈ સાવલા (ડાબે)



શ્રી મનીષ કે. દેઢિયા (ભુજપુર)ને ચાવી અર્પણ કરતા
શ્રી નવીનભાઈ પોલડિયા (જમણે)



શ્રી જિતેન કાંતિલાલ મોમાયા (સાંયરા)ને ચાવી અર્પણ કરતા
શ્રી નવીનભાઈ પોલડિયા (જમણે)



ચાવી વિતરણ બાદ ગ્રૂપ ફોટો. ડાબેથી શ્રી પરાશર વ્યાસ, શ્રી નવીનભાઈ પોલડિયા, શ્રી હીરજી પાસુ શાહ, શ્રી અશોક મહેતા, શ્રી કાંતિલાલ વે. સાવલા, શ્રી મણિલાલ કું. ગોસર, શ્રી અશ્વિનભાઈ સાવલા

*આ જગતમાં ટટ્ટાર થયા તે માર્યા ગયા ને માફી માંગી તે છૂટ્યા.*

# યુવા વિકાસ સમિતિ

## ભૂલ સુધાર

**સુધારો-૧ :**

યુવા વિકાસ સમિતિ દ્વારા યોજાયેલ પબ્લિક સ્પીકિંગ અને પર્સનાલિટી ડેવલપમેન્ટનો વર્કશોપનો અહેવાલ જૂન માસના 'મંગલ મંદિર'માં આવેલ છે. જેમાં સરતચૂકથી ભાગ લીધેલ બાળકોની યાદીમાં નિરાલી મૈશેરીના તથા ભાગ્યેશ શાહના નામ લખવાના રહી ગયેલ છે.

એ યાદીમાં નિરાલી મૈશેરી તથા ભાગ્યેશ શાહના નામ પણ વાંચવા.

**સુધારો-૨ :**

મંગલ મંદિર એપ્રિલના અંકમાં પાના નં.-૧૨૫ પર કાવ્ય હરીફાઈના તૃતીય પુરસ્કારના વિજેતાનું નામ 'વાડીલાલ શાહ' છપાયેલ છે, જે સુધારીને 'અશોક વાડીલાલ શાહ' વાંચવું.

## યુવા વિકાસ સમિતિ યોજે છે....
## સુજાકો સંગીત હરીફાઈ (નૃત્ય) - ૨૦૧૦

આગામી તા. ૧-૮-૨૦૧૦ના રોજ સુજાકો સંગીત હરીફાઈ (નૃત્ય)નું આયોજન કરવામાં આવેલ છે. આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા સ્પર્ધકે પોતાના નામ નીચે જણાવેલ કાર્યકરોને તા. ૨૨-૭-૨૦૧૦ સુધીમાં લખાવવાના રહેશે. નામ લખાવતી વખતે સ્પર્ધકે તેનું નામ, ઉંમર, ફોન નંબર અને કયા પ્રકારનું નૃત્ય કરવાના છે તે લખાવવું જરૂરી છે. દા.ત. ક્લાસિકલ, ફોક કે ફિલ્મી.

*વિશાલ શાહ : ૯૪૨૮૩ ૫૦૦૩૮, ૨૬૭૬૩૬૪૮*

*વિમેશ શાહ : ૯૮૭૯૧ ૧૦૪૬૭*

*હરીફાઈની તારીખ : ૧-૮-૨૦૧૦*

*હરીફાઈનો સમય : બપોરે ૩ થી ૬ દરમ્યાન.*

*સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી.*

**સ્પર્ધા માટેના નિયમો :**

૧. સ્પર્ધકે પોતાના નામ નિયત તારીખ સુધીમાં લખાવવા જરૂરી છે.
૨. આ સ્પર્ધામાં અમદાવાદ - ગાંધીનગર જિલ્લામાં વસતા ફક્ત કચ્છી જૈન સભ્યોના ૧૦ વર્ષથી ઉપરની ઉંમરના પરિવારજનો જ ભાગ લઈ શકશે.
૩. સ્પર્ધકે ડાન્સ માટેનાં પોતાના ગીતની અલગથી સી.ડી., ઓડિયો કેસેટ લાવવાની રહેશે. જેમાં માત્ર તમારું એક જ ગીત હોવું જોઈએ.
૪. નૃત્ય માટેના જે તે કોસ્ચ્યુમની વ્યવસ્થા સ્પર્ધકે પોતે જ સ્વખર્ચે કરવાની રહેશે.
૫. દરેક સ્પર્ધકને પોતાની રજૂઆત માટે ૩ (ત્રણ) મિનિટ આપવામાં આવશે.
૬. આ સ્પર્ધામાં સોલો ડાન્સ અથવા ડ્યુએટ ડાન્સ રજૂ કરી શકાશે. ગ્રૂપ ડાન્સ માટેની એન્ટ્રી સ્વીકારવામાં આવશે નહીં.
૭. નિર્ણાયકોનો નિર્ણય આખરી ગણાશે.
૮. ઉપરોક્ત સ્પર્ધામાં સમય, તારીખમાં સંજોગો પ્રમાણે જરૂરી ફેરફાર કરવાની સત્તા યુવા વિકાસ સમિતિ પાસે રહેશે.

## યુવા વિકાસ સમિતિ યોજે છે....
## ગૂર્જર પરિવાર સંગીત હરીફાઈ (વાદ્ય) - ૨૦૧૦

આગામી તા. ૧-૮-૨૦૧૦નાં રોજ ગૂર્જર પરિવાર સંગીત હરીફાઈ (વાદ્ય)નું આયોજન કરવામાં આવેલ છે. આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા સભ્યોએ પોતાના નામ નીચે જણાવેલ કાર્યકરોને તા. ૨૨-૭-૨૦૧૦ સુધીમાં લખાવવાના રહેશે. નામ લખાવતી વખતે સ્પર્ધકે તેનું નામ, ઉંમર, ફોન નંબર અને કયા પ્રકારનું વાદ્ય વગાડવાના છે તે લખાવવું જરૂરી છે. દા.ત. તબલા, હાર્મોનિયમ, ગીટાર વગેરે.

*વિશાલ શાહ : ૯૪૨૮૩ ૫૦૦૩૮, ૨૬૭૬૩૬૪૮*

*વિમેશ શાહ : ૯૮૭૯૧ ૧૦૪૬૭*

*હરીફાઈની તારીખ : ૧-૮-૨૦૧૦*

*હરીફાઈનો સમય : બપોરે ૩ થી ૬ દરમ્યાન.*

*સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી.*

**સ્પર્ધા માટેના નિયમો :**

૧. સ્પર્ધકે પોતાના નામ નિયત તારીખ સુધીમાં લખાવવા જરૂરી છે.
૨. આ સ્પર્ધામાં અમદાવાદ - ગાંધીનગર જિલ્લામાં વસતા ફક્ત કચ્છી જૈન સભ્યોના ૧૦ વર્ષથી ઉપરની ઉંમરના પરિવારજનો જ ભાગ લઈ શકશે.
૩. સ્પર્ધક પોતે જે તે વાદ્ય વગાડવાના હોય તેની વ્યવસ્થા તેમણે પોતે જ કરવાની રહેશે.
૪. દરેક સ્પર્ધકને પોતાની રજૂઆત માટે ૩ (ત્રણ) મિનિટ આપવામાં આવશે.
૫. નિર્ણાયકોનો નિર્ણય આખરી ગણાશે.
૬. ઉપરોક્ત સ્પર્ધામાં સમય, તારીખમાં સંજોગો પ્રમાણે જરૂરી ફેરફાર કરવાની સત્તા યુવા વિકાસ સમિતિ પાસે રહેશે.

## યુવા વિકાસ સમિતિ યોજે છે....
## શ્રીમતી તરુબહેન નરેન્દ્ર છગનલાલ શાહ સંગીત હરીફાઈ (કંઠ્ય)

આગામી તા. ૧-૮-૨૦૧૦નાં રોજ શ્રીમતી તરુબહેન નરેન્દ્ર છગનલાલ શાહ સંગીત હરીફાઈ (કંઠ્ય)નું આયોજન કરવામાં આવેલ છે. આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા દરેક સભ્યોએ પોતાના નામ નીચે જણાવેલ કાર્યકરોને તા. ૨૨-૭-૨૦૧૦ સુધીમાં લખાવવાના

*સભ્યતામાં રહેવું જોઈએ, 'એટિકેટ'માં નહિ.*

રહેશે. નામ લખાવતી વખતે સ્પર્ધકે તેનું નામ, ઉંમર, ફોન નંબર અને કયા પ્રકારનું ગીત ગાવાના છે તે લખાવવું જરૂરી છે. દા.ત. ફિલ્મી, નોન ફિલ્મી, ગુજરાતી, હિંદી.

*વિશાલ શાહ : ૯૪૨૮૩ ૫૦૦૩૮, ૨૬૭૬૩૬૪૮*

*વિમેશ શાહ : ૯૮૭૯૧ ૧૦૪૬૭*

*હરીફાઈની તારીખ : ૧-૮-૨૦૧૦*

*હરીફાઈનો સમય : બપોરે ૩ થી ૬ દરમ્યાન.*

*સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી.*

**સ્પર્ધા માટેના નિયમો :**

૧. સ્પર્ધકે પોતાના નામ નિયત તારીખ સુધીમાં લખાવવા જરૂરી છે.
૨. આ સ્પર્ધામાં અમદાવાદ - ગાંધીનગર જિલ્લામાં વસતા ફક્ત કચ્છી જૈન સભ્યોના ૧૦ વર્ષથી ઉપરની ઉંમરના પરિવારજનો જ ભાગ લઈ શકશે.
૩. દરેક સ્પર્ધકને પોતાની રજૂઆત માટે ૩ (ત્રણ) મિનિટ આપવામાં આવશે.
૪. નિર્ણાયકોનો નિર્ણય આખરી ગણાશે.
૫. ઉપરોક્ત સ્પર્ધામાં સમય, તારીખમાં સંજોગો પ્રમાણે જરૂરી ફેરફાર કરવાની સત્તા યુવા વિકાસ સમિતિ પાસે રહેશે.

***નવીન જે. લાલકા, કન્વીનર - યુવા વિકાસ સમિતિ***

## યુવા વિકાસ સમિતિ આયોજિત
## શ્રીમતી મંજુલાબહેન હરખચંદ સાવલા કાવ્ય હરીફાઈ

### ગ્રૂપ-એ : પ્રથમ વિજેતા કૃતિ

### મૂંઝવણ

*મારા મનમાં છે મોટી મૂંઝવણ,*
*સમજુ ને શાણા તમે આપો થોડી સમજણ.*
*વાતો કરું છું હું ખૂબ મજાની,*
*ઘરમાં છું હું સૌથી નાની.*
*પપ્પા કહે, તું છે મારી દાદી,*
*ને મમ્મીને લાગું હું તેની નાની.*
*કરું જો થોડી ધમાલ મસ્તી તો કહે,*
*સમજ હવે તું થઈ છે મોટી.*
*ને મોટાઓની ચર્ચામાં વાત કરું ડાહી,*
*તો કહે, 'ચૂપ, તું હજી છે બહુ નાની.'*
*ક્લાસમાં ભણતા ભણતા મોકો જોઈને,*
*બહેનપણીઓની બાંધી દઉં છું ચોટી.*
*માસ્તર જો જોઈ જાય તો,*
*હાથ પર પડે છે ચમ ચમ સોટી.*
*મારા મનમાં છે.....*

*1, 2, 3; ક, ખ, ગ; A, B, Cમાં ન પડે મને ખબર ખાસ,*
*મનરૂપી પાંખથી ઊડવા ચાહુ ઊંચે આકાશ.*
*પુસ્તકોના ભાર તળે અમારું બચપન ગયું છે દટાઈ*
*કોમ્પ્યુટરના સી.પી.યુ.માં મેમરી ગઈ છે અમારી કટાઈ.*
*ભૂગોળ, વિજ્ઞાન, ગણિતની છે ગરબડ ગોટાળાવાળી વાત,*
*વર્તમાન, ભવિષ્યને ભૂલીને યાદ રાખવી પડે છે ઈતિહાસની વાત.*
*મારા મનમાં છે....*

*હો જો તમે સમજુ ને શાણા તો બતાવો મને હલ,*
*આજ લાગે ભારીખમ, ને લાગે કાલ ખાલીખમ.*
*મારા મનમાં છે મોટી મૂંઝવણ,*
*સમજુ ને શાણા તમે આપો થોડી સમજણ.*

***મોક્ષા નવીનભાઈ લાલકા.***

## યુવા વિકાસ સમિતિ આયોજિત
## શ્રીમતી મંજુલાબહેન હરખચંદ સાવલા વાર્તા હરીફાઈ

### પ્રથમ વિજેતા કૃતિ

### નાલાયક

***– ચિરાગ લહેરચંદ મૈશેરી***

દરેક માતા-પિતાની જેમ ભવરભાઈ અને નીમાબહેને પણ સ્વપ્નો જોયા હતા કે પુત્ર ભણીગણીને કમાતો થશે પછી પોતાને નિરાંત થશે... અને ભણીને પલાશને સારી નોકરી મળી જતાં તેમણે શાંતિ અનુભવી. પલાશની પત્ની વન્યા સુંદર ને સાથે સંસ્કારી પણ હતી. જો કે લગ્નના થોડા જ સમયમાં પુત્રની બદલી મોટા શહેરમાં થતાં તેને જુદા રહેવાનું થયું. પરંતુ તેનો કોઈ ઉપાય નહોતો. નોકરી કરવી હોય તો ગમે ત્યાં જવું તો પડે જ ને? આમ વન્યા અને પલાશ શહેરમાં ગયા.

ભવરભાઈની પુત્રી પ્રાચી પણ હવે યુવાન થઈ હતી. તે કૉલેજના છેલ્લા વરસમાં હતી. ભવરભાઈ નોકરીમાંથી રિટાયર થઈ ગયા હતા. પેન્શનમાંથી ઘર આરામથી ચાલતું હતું. જો કે પૈસાની બાબતમાં ભવરભાઈનો હાથ પહેલેથી જ બહુ છૂટો હતો. પૈસાની બહુ દરકાર તેમણે જીવનમાં ક્યારેય નહોતી કરી. અને સદ્નસીબે તેમની જરૂરિયાત ગમે તે રીતે હંમેશાં પૂરી થઈ જતી. વળી, દીકરીના લગ્ન માટે તો ભાઈ સારું કમાતો જ હતો ને? તેથી નીમાબહેન કે ભવરભાઈને બહુ ચિંતા નહોતી. સદ્નસીબે વહુ પણ સારી મળી હતી. દર મહિને પુત્ર પૈસા મોકલવાનું ચૂકતો નહીં. બહેન પ્રાચી માટે ભાઈને ખૂબ લાગણી - પ્રેમ હતા. ભાઈ-બહેન વચ્ચે લાગણીનું ઝરણું વહેતું રહેતું. વાર તહેવારે કે જ્યારે પણ રજા મળે ત્યારે પલાશ અને વન્યા ઘેર જરૂર આવતા અને ઘર બધાના સંયુક્ત હાસ્યથી ગુંજી રહેતું. કુટુંબમેળાના અમીછાંટણાથી ઘરની દીવાલો પણ જાણે રંગીન બની જતી. આમ, સુખી પરિવાર પોતાના નાનકડા માળામાં કિલ્લોલ કરતો હતો. પૈસાની રેલમછેલ ભલે નહોતી, પરંતુ પ્રેમની રેલમછેલ જરૂર હતી. શું સુખી થવા માટે એ પૂરતું નથી? વન્યા પણ પરિવારમાં દૂધમાં સાકરની જેમ ભળી ગઈ હતી.

પરિવારમાં નાનકડી જલશ્રીના જન્મ પછી તો પલાશ અને વન્યા સાથે દાદા-દાદી બનેલ નીમાબહેન અને ભવરભાઈના હરખનો પણ પાર નહોતો. પ્રાચી પછી આજે બાવીસ વરસે ઘરમાં થયેલ શિશુના

આગમનને કારણે સ્વાભાવિક રીતે જ ખુશહાલી લાવી દીધેલ. ભવરભાઈએ તો પોતાની આદત મુજબ ગજા બહારનો ખર્ચો કરી પુત્રી જન્મને વધાવ્યો હતો. નીમાબહેને જ વહુની ડિલીવરી હોંશથી કરી હતી કેમકે વહુના પિયરમાં મા-બાપ કે એવું નજીકનું કોઈ સગું નહોતું. જલશ્રી બે મહિનાની થઈ ત્યાં સુધી વન્યા ત્યાં જ રહી હતી. ઘરમાં રમકડાં, કપડાં કે બાળક માટે જાતજાતની વસ્તુઓ લાવવામાં દાદા કંજૂસાઈ કરે તેમ ક્યાં હતા? વન્યા ઘણીવાર બે મહિનાની છોકરી માટે આવા ખોટા ખર્ચા કરવાની ના પાડતી. પરંતુ ભવરભાઈની એક જ દલીલ રહેતી : 'ભગવાને અત્યાર સુધી આપ્યું છે. એ હવે પણ આપી જ રહેશે.' આ ઉપરાંત તેમને બીજો શોખ હતો મિત્રોને ખવડાવવાનો, પાર્ટીઓ આપવાનો. રોજ રાત્રે તેમને ત્યાં દરબાર ભરાતો અને મહેફિલ જામતી. નીમાબહેન અચૂક કંઈ ને કંઈ બનાવી બધાને ખવડાવતા અને બધા મિત્રોને પણ અહીં ભવરભાઈને ઘેર જ વધુ ફાવતું!

બે મહિના પછી વન્યા જ્યારે પુત્રીને લઈ પાછી શહેરમાં ગઈ ત્યારે શિશુની કિલકારી વિના ઘરઆંગણા જાણે સૂના થઈ ગયા. એક નાનકડું શિશુ આખા ઘરને કેવું જીવંત બનાવી દે છે! એ સુખદ, સુંદર અહેસાસની ખોટ ઘરમાં બધાને સાલી રહી. પણ એનો કોઈ ઉપાય ક્યાં હતો? પ્રાચીનું ભણવાનું આ છેલ્લું વરસ હતું. તેની સગાઈ થઈ ગઈ હતી. હવે તેના લગ્ન સારી રીતે થઈ જાય એટલે ભવરભાઈની જવાબદારી પૂરી થાય.

વન્યાના ગયા પછી એકાદ-બે વાર તો હંમેશની જેમ પલાશના પૈસા આવ્યા. પરંતુ ધીમે ધીમે પૈસા આવવાના અનિયમિત થઈ ગયા અને છેવટે બંધ પણ થઈ ગયા. 'હવે જવાબદારી વધવાથી પહોંચી શકાતું નથી' એમ પલાશનો જવાબ આવી ગયો. સ્વમાની ભવરભાઈને દીકરાનો જવાબ આકરો તો લાગ્યો પણ બીજો ઉપાય ક્યાં હતો? અંતે વહુ-દીકરાએ ઘર ઘરકી કહાનીની જેમ પોત પ્રકાશ્યું જ. એમ માની માતા-પિતાએ મન મનાવવું જ રહ્યું ને? બાપે તો દીકરાને 'નાલાયક' ગણી તેની સાથે લગભગ બધો વહેવાર બંધ કરી દીધો. ક્યારેક પલાશ ફોન કરતો તો પણ તેઓ વાત ન જ કરતા. જે દીકરાને આટલી હોંશથી ભણાવ્યો, પરણાવ્યો, પ્રેમ આપવામાં પોતાના ગજા ઉપરના ખર્ચા કરવામાંયે પાછું વાળીને ન જોયું... તે દીકરો... આજે સગવડ નથી... એમ કહી દે?

ભવરભાઈને દીકરાનું એટલું ખરાબ લાગી ગયું કે તેની સાથે વાત કરવા પણ તૈયાર નહોતા. 'દીકરીના લગ્ન બાકી છે પણ વાંધો નહીં ગમે તેની પાસેથી ઉધાર લઈશ પરંતુ એ નાલાયક પાસે તો હવે ક્યારેય હાથ લાંબો નહીં જ કરું. એ એના મનમાં સમજે છે શું? એના પૈસા વિના બાપ ભૂખે મરશે? અમે તો ક્યારેય તેને કહ્યું નહીં કે સગવડ નથી. બાપ ઉપર ઉપકાર કરે છે, પૈસા ફેંકીને? — મનોમન ભવરભાઈ આવું વિચારી રહેતા. પલાશ બહેન કે મા સાથે નિયમિત વાતો કરતો રહેતો. 'સગવડ થશે એટલે પૈસા મોકલશે' એમ આશ્વાસન પણ આપતો રહેતો. નીમાબહેને પણ મન મનાવી લીધું હતું. બીજું શું થાય? અને એક દિવસ પ્રાચીના લગ્નની તૈયારીઓ ચાલુ થઈ ગઈ. વન્યાએ વહેલું આવવાનું નક્કી કરેલ. પરંતુ ભવરભાઈએ ચોખ્ખી ના પાડી દીધી - 'મહેમાન આટલા બધા આગોતરા ન આવે. ટાઈમે જ આવજો.'

જો કે લગ્નના ખર્ચની ચિંતા હતી જ. થોડા ઉડાઉ સ્વભાવને લીધે પોતે ક્યારેય કોઈ બચત તો કરી જ નહોતી. હવે? દીકરીના લગ્નમાં કોઈ કમી રહે એવું ભવરભાઈ થવા દે જ નહીં. અત્યાર સુધી દીકરા પર બધો મદાર રાખીને બેઠા હતા. હવે દીકરો જ નાલાયક નીકળતા એ દરવાજો તેમણે બંધ જ કરી દીધો હતો. 'એકવાર પણ દીકરાએ પૂછ્યું નહીં કે પપ્પા, બહેનના લગ્ન માટે કંઈ જરૂર છે? પોતે સામેથી માંગે તેમ નહોતા જ. આવા નાલાયક દીકરા પાસે હાથ લાંબો કરવો તેના કરતાં બીજા ઘણાં મિત્રો છે જેને વરસો સુધી ખવડાવ્યું છે એમાંથી કોઈ તો કામ જરૂર લાગશે. હવે તો દીકરો આપે તો પણ વટથી ના પાડી દેવી છે.' એવું મનોમન તેઓ વિચારતા રહેતા. પણ મિત્રોને પૂછતાં દરેકને કોઈને કોઈ અગવડ હતી. બધાએ વધુ મદદ કરી શકવા પોતાની અસમર્થતા બતાવી. હવે? હવે વ્યાજે લીધા સિવાય ક્યાં છૂટકો હતો? સદનસીબે પૈસા વ્યાજે લેવાની કે કોઈ પાસે માંગવાની જરૂર પડી નહીં. પલાશના નાનપણના બે ખાસ મિત્રો અહીં ગામમાં જ રહેતા હતા. તેઓ સામે ચાલીને આવીને કહી ગયા, 'અંકલ, જરાયે મુંઝાતા નહીં હોં! અમેય પલાશની જેમ જ તમારા દીકરા છીએને?' કહી બંનેએ પૈસાની સગવડ પણ કરી દીધી અને લગ્નની બધી જવાબદારી હોંશે હોંશે ઉપાડી લીધી. ભવરભાઈને થયું 'નાલાયક' દીકરા કરતાં તો તેના મિત્રો સારા.

લગ્નના દસ દિવસ પહેલાં દીકરો-વહુ આવી ગયા. પોતે તો છેલ્લે દિવસે જ આવવાનું કહ્યું હતું. હવે બધી જવાબદારી પલાશના મિત્રોએ સરસ રીતે સંભાળી લીધી હોવાથી ભવરભાઈને ભાગે બહુ ચિંતા નહોતી રહી. પૈસાની ચિંતા જરાયે ન કરવાનું તેમણે કહી દીધું હતું. ભવરભાઇ તો મિત્રોનો આવો પ્રેમ જોઈ ગળગળા થઈ જતા. તેમણે કહ્યું હતું કે એકવાર પ્રસંગ પૂરો થઈ જાય પછી તમારા પૈસા હું થોડા થોડા કરીને આપી દઈશ અને આમેય અત્યારે તો પ્રસંગ સારી રીતે ઉકેલાઈ જાય તેટલું જ જોવાનું હતું ને! પલાશ આવ્યો તો ખરો, પણ પિતાએ તો તેની સાથે કામ પૂરતી જ વાત કરવાનો સંબંધ રાખ્યો હતો. પલાશ કે વન્યાના વર્તનમાં કોઈ ફરક નહોતો દેખાતો. તેમનું વર્તન તો એકદમ સહજ હતું. આવીને વન્યાએ ઘરની બધી જવાબદારી કોઈના કહ્યા સિવાય ઉપાડી લીધી હતી. છતાં ઘરમાં એક તંગ વાતાવરણ જરૂર હતું. ખાસ કરીને ભવરભાઈના રુક્ષ વર્તનને લીધે... તેમના અતડા રહેવાથી... જાણે કંઈ જામતું નહોતું. તેઓ નાનકડી જલશ્રીને રમાડતા. બાકી આખો દિવસ મૌન બનીને કામ કરતા રહેતા. હવે મહેમાનો આવવાના ચાલુ થઈ જશે. વાતાવરણમાં આમ ભાર રહે એ કેમ ચાલે?

તે દિવસે રાત્રે બધા જાનના સ્વાગત માટે શું કરવું તેની ચર્ચા કરી રહ્યા હતા. પલાશના બંને ખાસ મિત્રો પણ હાજર હતા.

*સમજથી સુખિયા થવાય, પૈસાથી નહિ.*

ભવરભાઈ પલાશને બદલે તેના મિત્રો સાથે જ બધી ચર્ચા કરીને નક્કી કરી રહ્યા હતા. પલાશના બંને મિત્રો જોતા હતા... સમજતા હતા. બંનેએ ઘણા પ્રયત્નો કરી જોયા હતા અંકલનો ગુસ્સો ઉતારવાના... પણ નાકામ રહ્યા હતા. અચાનક પલાશના મિત્રો 'પલાશનું કામ છે' કહી તેને બહાર લઈ ગયા. ભવરભાઈને થયું કે આ 'નાલાયક' પોતાના મિત્રોને પણ જરૂર કંઈક ચડાવશે જ. તેથી તે પણ શું વાત કરે છે તે જાણવાના કુતુહલથી છાનામાના પાછળ ગયા. ફળિયામાં પલાશના મિત્રો પલાશને સમજાવતા હતા.

'પલાશ, અમને લાગે છે કે હવે અંકલને બધી સાચી વાત કહી દેવી જોઈએ. તારી સાથે આવી રીતે વર્તે છે એ અમને નથી ગમતું. વિના કારણ તારી ઉપેક્ષા થાય છે. પૈસા બધા તેં આપ્યા છે અને અંકલને સારા અમે લાગીએ છીએ!'

પલાશ કહેતો હતો : 'ના, મેં પૈસા આપ્યા છે એમ ખબર પડશે તો બની શકે પપ્પા ગુસ્સામાં એને હાથ પણ ન લગાડે. હું મારા પપ્પાને ઓળખું છું. એ બહુ સ્વામાની છે.'

'પણ આમાં તેં ક્યાં કંઈ ખોટું કે ખરાબ કર્યું છે? અંકલનો સ્વભાવ અને હાથ વધુ પડતા છૂટા હોવાથી પૈસા દર મહિને મોકલવાનું બંધ કરીને તેં એકી સાથે જમા કર્યા અને આજે એ કેવા કામ આવે છે! અંકલને એમ છે કે અમે આ બધો ખર્ચો કરીએ છીએ. હવે અમે બધી સાચી વાત અંકલને કહી દેવાના છીએ. તારી સાથે તેમનું આ વર્તન અમારાથી સહન નથી થતું...'

'ના, ના, એવું ન કરતા... પ્લીઝ... મને પપ્પાનું કંઈ ખોટું કે ખરાબ નથી લાગતું. મેં તો નાનપણમાં કેટલીયે ભૂલો કરી હતી. પપ્પાએ ક્યારેય મારું ખોટું લગાડ્યું છે? બાકી આજે તેમને ખબર પડે ને ભૂલથી પણ એ કંઈ ઊલટું સમજે તો વધુ પ્રશ્નો ઊભા થાય. એના કરતાં આ લગ્ન શાંતિથી પૂરા થવા દો...'

પલાશ તો આગળ કંઈક બોલતો હતો પણ છૂપાઈને સાંભળતા ભવરભાઈ તેમના દીકરાની વાતો આગળ સાંભળી ન શક્યા. તેમની આંખમાંથી ગંગા-જમનાની ધારા વહેતી હતી. ધૂંધળી બનેલ આંખો 'નાલાયક' દીકરાને સ્નેહથી તાકી રહી હતી.

***ચિરાગ લહેરચંદભાઈ મૈશેરી***
***મો. ૯૯૭૮૮ ૭૭૭૬૬***

***અદ્યતન શસ્ત્રો તેમજ પરમાણુ શસ્ત્રોની બાબતમાં આજે ચીન અને પાકિસ્તાન ભારત કરતાં ખૂબજ આગળ છે. ભારતનો ભૂતકાળ કહે છે કે અદ્યતન શસ્ત્રોના અભાવે એલેકઝાંડરે પોરસને અને બાબરે ઈબ્રાહીમ લોદીને હરાવ્યા હતા. ભારત તેના ભૂતકાળના ઈતિહાસ પરથી બોધ લઈ શકશે!***

# શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ

## એપ્ટિટ્યૂડ ટેસ્ટનો અહેવાલ

એપ્રિલ-મે, ૨૦૧૦ દરમ્યાન સમાજના નીચે મુજબના બાળકોએ જેમણે માર્ચમાં ધોરણ-૧૦ની પરીક્ષા આપી હતી, તેઓએ 'ટાનગ્રામ' સંસ્થામાં એપ્ટિટ્યૂડ ટેસ્ટ આપેલ.

*ક્રમ વિદ્યાર્થીનું નામ*

૧. ખુશ્બુ ભરત લક્ષ્મીચંદ ભેદા
૨. હેમ વિજય ભવાનજી દેઢિયા
૩. ★જિગર સુધીર ચીમનલાલ શાહ
૪. મિહિર સોમચંદ ભાણજી મૈશેરી
૫. નિશિ નિમિષ ચમનલાલ વોરા
૬. મૈત્રી અનિશ અરવિંદ દોશી
૭. એકતા નિખિલ નવીનચંદ્ર શાહ
૮. ધરતી હેમેન્દ્ર ભોગીલાલ કોરડિયા
૯. ★ફોરમ જયસુખભાઈ સંઘવી
૧૦. ★નીરાલી રતિલાલ અમુલખ મહેતા
૧૧. મૈત્રી દીપક ધીરજલાલ ગડા
૧૨. સાગર કિશોરભાઈ ગોરધનદાસ શાહ
૧૩. ઉર્વશ ચેતન છેડા
૧૪. દીપ જગદીશ મહેતા
૧૫. કૃપેશ હર્ષદ રવજી વોરા
૧૬. રીંકી લહેરચંદ મૈશેરી
૧૭. કરણ મનીષ રવલાલ વોરા
૧૮. ★સ્નેહા રાજેશ છેડા
૧૯. પ્રિયાંક સુરેશકુમાર જગજીવન મહેતા
૨૦. વૈશાખી જગદીશ ત્રેવાડિયા
૨૧. સિદ્ધાર્થ અજય છેડા
૨૨. વિપુલ સુરેશ નાગડા
૨૩. ★કાજલ સુરેશ નાગડા
૨૪. નીરલ નીતિન નવીનચંદ્ર વસા
૨૫. વિનીત પ્રવીણ દોશી

ઉપરના લિસ્ટમાં '★' નિશાની કરેલ બાળકોએ તેમના વાલી સાથે હાજર રહી કાઉન્સેલિંગ કરેલ નથી. તો વહેલી તકે રિઝલ્ટ મેળવી કાઉન્સેલિંગ કરવા વિનંતી. તેઓએ એપ્ટિટ્યૂડ ટેસ્ટ તો આપેલ છે પરંતુ તેના પરિણામ અને કાઉન્સેલિંગ વગર વૈજ્ઞાનિક રીતે કઈ લાઈનમાં આગળ વધવું તેનો ખ્યાલ આવી નહીં શકે.

## શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ

### APTITUDE TEST
### WHAT, WHY, WHEN, HOW, WHERE...?

Recently lot of talks have been going around about 'Aptitude Test'. 25 students of Shri KJSS, Ahmedabad who have given S.S.C. exams in March, 2010, appeared for the test during last vacation. In spite of all efforts some students missed. While interacting with them and their parents it was felt that there were a lot of questions which needed to be answered to make it more simple. We are making below an attempt in a question-answer series to make the things clear.

**Q** : My son is studying in Gujarati Medium so How can he give test in English ?

**A** : We have made arrangements where student from Gujarati medium is able to give aptitude test in Gujarati.

**Q** : My daughter will give Aptitude Test but I am not educated or not highly educated so How can I understand the results ?

**A** : The results are made available in English / Hindi and could be discussed across the table for understanding till satisfaction.

**Q** : The counselors while counseling would use very difficult language to be understood and I can not communicate in any language other than Gujarati so practically there will not be any dialogue.

**A** : The counselors are available in English / Hindi / Gujarati and they speak in a manner which is lucid and could be understood by all.

**Q** : I do not know what to ask during counseling?

**A** : Counselors are well trained psychologists capable of making you feel comfortable & able to talk and that to on a proper track.

**Q** : Why give the Aptitude Test early in life, we will need to make selections after giving exam for class 12$^{th}$ or graduation so why not give it later?

**A** : At every stage the person is not required to give aptitude test. The results of the aptitude test given when a child is studying in school can be used for making choices or selections even during higher studies. For next 8-10 years you can discuss and avail counseling without giving test.

**Q** : I have decided to become pilot because I want to become & that's all so where is the need for an aptitude test ?

**A** : I would like to become like Sachin Tendulakar but I may be or may not be. You select science, successfully become aeronautical engineer but the company for which you work finds that you are more suitable for aircraft maintenance than actually flying it then you have no other option but to compromise. You could have avoided it by giving aptitude test at right time, periodically assessing various choices and keeping other options of your interest open. Remember time that is gone is gone.

**Q** : Aptitude Test might confuse me so I do not want to give.

**A** : Today you are in a fixed frame of mind. Aptitude test would put before you various options with logical analysis. Once you understand the logic, it solves the dilemma rather than creating confusion.

**Q** : I do not know what is the process, how much time it takes, what is the cost ?

**A** : The student has to go to the place of test and be there for almost 6-7 hours. After 8-10 days the results are prepared. Then student along with parents has to collect result, & understand the same through counseling. Shri KJSS, Ahmedabad is bearing the cost for students studying in class 8$^{th}$ to 12$^{th}$.

*સંસાર ભુલાડે તે 'જ્ઞાની.'*

**Q** : My husband is busy or my wife can not come for counseling so will it be alright if one of us comes ?

**A** : Are you going to raise the same question when your child gets married & you have to attend marriage ? It is the question of career of our own child whom you expect to fulfill your dreams so do you think you should really ask such question ? It is better to reschedule your other priorities and advisable if both parents participate in counseling.

**Q** : Is aptitude test a final and conclusive answer for a successful career ?

**A** : It is a guiding tool. It suggests where and how you can comparatively grow with ease. Success does not follow merely by selecting path shown by aptitude test. e.g. both Sachin Tendulkar and Vinod Kambli have an aptitude for- cricket, Kambli might had better technique but Sachin's dedication made the difference.

**Q** : Can aptitude test be misguiding ?

**A** : Baring exceptional cases, it has been world wide experienced that aptitude test can be a good guide.

**Q** : I want my child to give the test but how to go ahead ?

**A** : Please check with your postman as to why are you not getting Mangal Mandir ? Last two issues provide the desired details. Perhaps you are missing this and other important information about various activities of Shri KJSS, Ahmedabad. For aptitude test of your child studying in standard 8th to 12th Simply register your name with any one of the following.

1. HirenShah - MobileNo. 98250 13715
2. Vishal Shah - Mobile No. 94283 50038
3. Vimesh Shah - MobileNo. 98791 10467

they will remain in touch with you. Please do not forget to inform other fellow members.

***Vimesh Shah***
***Member - Education & Extra Development Committee.***

***Note :*** *Now that the results are declared, all of you are back from holidays please fill in and submit students information forms published in Mangal Mandir of April, 2010 and submit the same to the office of Shri KJSS, Ahmedabad as it would help us serve you quicker and better.*

## એપ્ટિટ્યૂડ ટેસ્ટ : ક્યાં? ક્યારે? શું કામ? કોણે? શા માટે...?

આજકાલ એપ્ટિટ્યૂડ ટેસ્ટ વિશે બહુ ચર્ચા થઈ રહી છે. સમાજના દસમા ધોરણની પરીક્ષા જેમણે માર્ચ-૨૦૧૦માં આપેલી, તેવા ૨૫ બાળકોએ વેકેશનમાં આ ટેસ્ટ આપેલ. ઘણા પ્રયત્નો છતાં કેટલાક બાળકો રહી ગયા. આ બાળકો તથા તેમના વાલીઓ સાથેની વાતચીત પરથી લાગ્યું કે હજી આ વિશેની ઘણા માહિતી તેમની પાસે નથી. તેથી આ વિષયની સરળ સમજ આપવાનો નીચેની પ્રશ્નોત્તરી દ્વારા પ્રયત્ન કરેલ છે.

*પ્રશ્ન* : મારું બાળક ગુજરાતી માધ્યમમાં ભણે છે. તે અંગ્રેજીમાં ટેસ્ટ કેવી રીતે આપી શકશે?

*ઉત્તર* : ગુજરાતી માધ્યમમાં ભણતું બાળક ગુજરાતીમાં ટેસ્ટ આપી શકે તેની વ્યવસ્થા કરવામાં આવેલી છે.

*પ્રશ્ન* : મારી બેબી 'એપ્ટિટ્યૂડ ટેસ્ટ' આપી આવશે. પણ હું બહુ ભણેલો નથી. તો મને પરિણામ કેવી રીતે સમજાશે?

*ઉત્તર* : પરિણામ હિંદીમાં પણ આપવામાં આવે છે અને તમને સમજ પડે ત્યાં સુધી તમારી સાથે ચર્ચા કરવામાં આવે છે.

*પ્રશ્ન* : મને ગુજરાતી સિવાય બીજી ભાષા આવડતી નથી. કાઉન્સેલિંગ દરમ્યાન કાઉન્સેલરો બહુ અઘરી ભાષાનો પ્રયોગ કરશે તો અમારી વચ્ચે કોઈ વાતચીત કેવી રીતે થઈ શકશે?

*ઉત્તર* : કાઉન્સેલિંગ ગુજરાતીમાં પણ થઈ શકે છે અને તેમાં વપરાતી ભાષા સરળ અને દરેકને સમજ પડે તેવી હોય છે.

*પ્રશ્ન* : કાઉન્સેલિંગમાં શું પૂછવું તેનો મને કોઈ ખ્યાલ નથી.

*ઉત્તર* : કાઉન્સેલરો પ્રશિક્ષિત માનસશાસ્ત્રીઓ હોય છે. જે વાતચીત દરમ્યાન તમને સહજતા અનુભવતા કરી, તમે વિષયને અનુરૂપ પ્રશ્નોની સરળતાથી ચર્ચા કરી શકો તેવો માહોલ સર્જવામાં નિષ્ણાત હોય છે.

*પ્રશ્ન* : એપ્ટિટ્યૂડ ટેસ્ટ વહેલી શું કામ આપવી જોઈએ? બારમા ધોરણ પછી તેમજ ગ્રેજ્યુએશન વખતે પણ પસંદગી

*લોક શાનાથી સુધરે? તો કે પ્રભાવથી સુધરે.*

કરવાની આવે ત્યારે કેમ નહીં આપવી?

*ઉત્તર* : અભ્યાસના દરેક તબક્કે વ્યક્તિએ એપ્ટિટ્યૂડ ટેસ્ટ આપવી જરૂરી નથી. શાળાકીય અભ્યાસ દરમ્યાન આપેલી ટેસ્ટનો ઉપયોગ ત્યારપછીના ૮-૧૦ વર્ષ દરમ્યાન કારકિર્દીના માર્ગદર્શનમાં ચર્ચા તથા કાઉન્સેલિંગ દ્વારા કરી શકાય તેને માટે ફરી ટેસ્ટ આપવાની જરૂરી નથી.

*પ્રશ્ન* : મેં પાઈલોટ બનવાનું નક્કી કર્યું છે કારણકે મારે પાઈલોટ બનવું છે તો મારે શું કામ આ ટેસ્ટ આપવી જોઈએ?

*ઉત્તર* : મારે સચીન તેંડુલકર બનવું છે. પણ કદાચ બની શકું અથવા નહીં પણ. તમે વિજ્ઞાન શાખામાં ભણી ઍરોનોટિકલ ઈજનેર થાઓ છો પણ જે કંપનીમાં તમે કામ કરવા જોડાઓ છો તે કંપનીને તમારી ક્ષમતા વિમાન ઉડાડવા કરતાં તેની જાળવણી - દેખરેખમાં વધારે દેખાય છે અને તમને એરક્રાફ્ટ મેઈન્ટેનન્સની જવાબદારી સોંપે છે. તો શું તમે એ સમયે જતું કરવા તૈયાર થશો? જો તમે સમયસર એપ્ટિટ્યૂડ ટેસ્ટ આપી, સમયે સમયે તમારી પસંદગી તથા ક્ષમતાને ધ્યાનમાં લઈને વિવિધ વિકલ્પો ખુલ્લા રાખીને માર્ગ પસંદ કર્યો હોય તો કંઈક ગુમાવવાની / જતું કરવાની જરૂર ન પડત. વીતેલો સમય ફરી આવતો નથી.

*પ્રશ્ન* : એપ્ટિટ્યૂડ ટેસ્ટ આપવાથી ગૂંચવણ વધે છે. માટે મારે નથી આપવી.

*ઉત્તર* : અત્યારે તમે પૂર્વગ્રહને લીધે મનમાં ગાંઠ બાંધીને બેઠા છો. એપ્ટિટ્યૂડ ટેસ્ટ દ્વારા તમને તર્કબદ્ધ રીતે વિવિધ વિકલ્પો વિશે સમજ મળશે. જેથી તમારી ગૂંચો ઉકેલાશે.

*પ્રશ્ન* : મને ખબર નથી ટેસ્ટની પ્રક્રિયા શું છે. કેટલો સમય લાગે? કેટલો ખર્ચ થાય?

*ઉત્તર* : વિદ્યાર્થીએ સેન્ટર ઉપર જઈને ૬-૭ કલાકની ટેસ્ટ આપવાની હોય છે. ૮-૧૦ દિવસ પછી રિઝલ્ટ તૈયાર થયા બાદ વાલીને સાથે રાખીને ચર્ચા - કાઉન્સેલિંગ માટે જવાનું હોય છે. ધોરણ-૮થી ૧૨માં ભણતાં સમાજના સર્વે બાળકોનો એપ્ટિટ્યૂડ ટેસ્ટનો ખર્ચ સમાજ ભોગવે છે.

*પ્રશ્ન* : મારા પતિ અથવા પત્ની ચર્ચા / કાઉન્સેલિંગ દરમ્યાન આવી શકે તેમ નથી. તો કોઈ એક હાજર રહીએ તો ચાલે?

*ઉત્તર* : તમારા બાળકના લગ્ન લેશો ત્યારે આવો સવાલ પૂછશો? તમારું બાળક જે તમારા સ્વપ્નો સાકાર કરવા જઈ રહ્યું છે, તેની કારકિર્દીનો સવાલ છે ત્યારે આવો પ્રશ્ન ઊભો થવો જોઈએ? તમારી વ્યસ્તતામાંથી થોડો સમય કાઢી બંને જણ ચર્ચા કરી / કાઉન્સેલિંગમાં ભાગ લો એ ઈચ્છનીય છે.

*પ્રશ્ન* : સફળ કારકિર્દી માટે શું એપ્ટિટ્યૂડ ટેસ્ટ એ સચોટ અને અંતિમ ઉપાય છે?

*ઉત્તર* : એપ્ટિટ્યૂડ ટેસ્ટ તમને માર્ગદર્શન આપે છે. તમે ક્યાં અને કેવી રીતે સહેલાઈથી પ્રગતિ કરી શકો. ટેસ્ટમાં દર્શાવેલ કારકિર્દી નક્કી કરવા માત્રથી સફળ નથી થઈ જવાતું. સચીન તેંડુલકર તથા વિનોદ કાંબલી બંનેનો ક્રિકેટ માટેનો એપ્ટિટ્યૂડ છે. વિનોદ કાંબલી પાસે કદાચ વધારે સારી ટેક્નિક પણ હશે પણ સચીનના સમર્પણે જબરદસ્ત ફરક પાડી દીધો.

*પ્રશ્ન* : એપ્ટિટ્યૂડ ટેસ્ટના પરિણામો ગેરમાર્ગે દોરે તેવું બને?

*ઉત્તર* : અપવાદરૂપ કિસ્સાઓ સિવાય આજકાલ બધે એપ્ટિટ્યૂડ ટેસ્ટનો ઉપયોગ કારકિર્દીની પસંદગી કરવામાં થાય છે.

*પ્રશ્ન* : મારે પણ મારા બાળકને એપ્ટિટ્યૂડ ટેસ્ટ અપાવવી છે તો શું કરવું?

*ઉત્તર* : તમારા પોસ્ટમેન જોડે તપાસ કરાવો. તમને કેમ **'મંગલ મંદિર'** મળતું નથી. પાછલા બંને અંકોમાં જરૂરી વિગતો આપવામાં આવી છે. બની શકે, આના લીધે તમે અગત્યની માહિતી તેમજ **શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ પ્રવૃત્તિઓ વિશેની જાણકારીથી વંચિત રહી જતા હો.** ધોરણ-૮થી ૧૨માં અભ્યાસ કરતા તમારા બાળકનું નામ નીચેના ત્રણ પૈકી કોઈ એકને લખાવી દો. એ લોકો આગળની કાર્યવાહી માટે તમારો સંપર્ક કરશે. સમાજના બીજા સભ્યોને આ અંગે જાણ કરવાનું ભૂલતા નહીં.

હીરેન શાહ : મો. ૯૮૨૫૦ ૧૩૭૧૫

વિશાલ શાહ : મો. ૯૪૨૮૩ ૫૦૦૩૮

વિમેશ શાહ : મો. ૯૮૭૯૧ ૧૦૪૬૭

***વિમેશ શાહ, સદસ્ય - શિક્ષણ તથા ઇતર વિકાસ સમિતિ***

*નોંધ : હવે જ્યારે પાછલા વર્ષના પરિણામો જાહેર થઈ ગયા છે / થઈ રહ્યા છે, આપ સૌ વેકેશન માણીને પાછા આવી ગયા હશો. વહેલી તકે મંગલ મંદિરના એપ્રિલ-૨૦૧૦ના અંકમાં પ્રકાશિત થયેલ વિદ્યાર્થી વિશેની વિવિધ માહિતી એકત્રિત કરવાનું ફોર્મ ભરીને શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદની ઓફિસે પહોંચાડવા વિનંતી. જરૂરી માહિતી સાથેનો ડેટાબેઝ તૈયાર થવાથી અને વિદ્યાર્થીઓનું ઘડતર / કારકિર્દી વિશેની વિવિધ યોજનાઓ, કાર્યક્રમો સાથે વધારે સારી રીતે અને ઝડપથી આપની સેવા કરી શકીશું.*

*સાહિત્ય વિના સંસ્કૃતિ નહીં, સંસ્કૃતિ વિના સાહિત્ય નહીં. શરીર નબળું હશે તો સુધારી શકાશે, સંસ્કાર નબળા હશે તો સુધારવા મુશ્કેલ છે. સારા સાહિત્યનું વાંચન હર દિન રહેવું જોઈએ.*

*દોષનો સ્વીકાર કરવાથી દોષ ધોવાઈ જાય.*

# તબીબી સહાય સમિતિ

## શું તમે તમારા સ્વજનનું દીર્ઘ આયુ ઈચ્છો છો?

કોઈપણ વ્યક્તિ જ્યારે વડીલો કે મહાત્માને પગે લાગે છે ત્યારે શત-આયુના આશીર્વાદથી નવાજે છે. દરેક પુત્ર-પુત્રી તેમના વડીલો લાંબું જીવે અને તેમની છત્રછાયા હંમેશાં તેમના પર રહે તેવું ઈચ્છતા હોય છે.

એક ડૉક્ટર તરીકે અને એક સમાજની જવાબદાર વ્યક્તિ તરીકે આ બાબતની વિચારણા કરવા પ્રેરાયો હતો ત્યારે જ થોડા ડૉક્ટર મિત્ર સાથે ચર્ચા નીકળી. જેમાં કાર્ડિયોલોજિસ્ટ, ફિઝિશિયન, ઓર્થોપેડિક ડૉક્ટર હતા. વાતચીતમાં જ્યારે જાણ્યું કે અત્યારના જમાનામાં લોકોની વિવિધ રોગોમાં સપડાવવાની એવરેજ વય ઘટી રહી છે. જેમકે ૩૦-૩૫ વર્ષે હાર્ટ એટેક આવે અથવા હાર્ટના બીજા રોગ થવા. નાની ઉંમરે બ્લડ પ્રેશર, કોલેસ્ટેરોલ, ડાયાબિટીસ જેવા જટીલ રોગોમાં સપડાવું. સ્થૂળતા અને ઢીંચણનો / સાંધાનો દુઃખાવો તો સામાન્ય થઈ પડ્યો છે.

આ બધા પ્રોબ્લેમના અનેક કારણોમાં સ્ટ્રેસ, લાઈફ સ્ટાઈલ, ખોરાક તથા જિનેટિક કારણો કદાચ મહત્ત્વના છે.

આપણી ફરજ અને હક્ક છે કે આપણે અને આપણા સ્વજનો દીર્ઘાયુ અને નીરોગી જીવન જીવે. આ વાત ધ્યાનમાં રાખી આપણા સમાજના સભ્યો માટે આ અંગે સમજણ પાડતો અને નીરોગી રહેવા માટે આપણે શું કરી શકીએ તેના માટે ૨ કલાકનો ઓડિયો-વિઝ્યુઅલ (મલ્ટી મિડિયા પર) ગોઠવવાનું નક્કી કર્યું છે.

આ વખતે ઈમરજન્સીમાં કેવાં પગલાં ભરવાં જોઈએ અને ઈમરજન્સી ન ઉદ્‌ભવે તેના માટે કેવા પ્રયત્નો કરવા, તેની સવિસ્તર જાણકારી હાજર રહેલા કાર્ડિયોલોજિસ્ટ અને ફિઝિશિયન આપશે.

મારી વિનંતી છે કે સમાજના દરેક સભ્યે અને સમજણ પડતા હોય તેવા ૧૨ વર્ષથી ઉપરના બાળક અને ખાસ કુટુંબની વિવિધ સ્તરે સંભાળ લઈ શકે તેવી બહેનોએ હાજર રહેવું.

ડૉક્ટર મિત્ર સાથે ચર્ચા કરી સમય અને તારીખ નક્કી થતા આપ સર્વેને જાણ કરવા કોશિશ કરીશું. આ પ્રોગ્રામમાં આવી, તંદુરસ્તીનો રાઝ જાણવા માટે : (૧) નામ અને (૨) કેટલા સભ્યોની હાજરી – SMS અથવા કૉલ કરી જણાવવા વિનંતી.

*ડૉ. હિતેન્દ્ર શાહ મો. : ૯૮૯૮૧ ૯૮૬૧૬*

## ન્યાયમાં કાળો દાગ ન જોઈએ

ગુજરાતના સુલતાન અહમદ બાદશાહે ન્યાયને ખાતર પોતાના જમાઈને ફાંસીને માંચડે લટકાવી દીધો હતો. તેની પર ખૂનનો આરોપ હતો. કાઝીએ લાગવગ વાપરી ત્યારે સુલતાને કહ્યું, 'દીકરી ભલે વિધવા થાય પણ ન્યાયમાં કાળો દાગ ન જોઈએ.'

આજના ન્યાયતંત્રના ન્યાયાધીશો પર તથા રાજકારણીઓ પર આ કિસ્સો મોકલી આપવો જોઈએ.

# "સંકલ્પ"

## શ્રી કચ્છી જૈન યુથ એસોસિએશન - અમદાવાદ

વાતાવરણમાંથી ધીમે ધીમે ગરમીનું પ્રમાણ ઘટી રહ્યું છે અને ભેજનું પ્રમાણ વધી રહ્યું છે. એટલે કે વર્ષાઋતુના આગમનની છડી પોકારાઈ રહી છે. આ અંક આપના હાથમાં આવશે ત્યારે વર્ષાઋતુએ પૂર બહારમાં તેની રંગત જમાવી દીધી હશે. કંઈક આવું જ આપણા જીવનમાં પણ બની રહ્યું છે. પરીક્ષાઓ રૂપી ગરમીનું વાતાવરણ પૂરું થયું ને પરિણામો રૂપી વર્ષાઋતુ આવી ગઈ. પરીક્ષાઓમાં સફળતા મેળવવા બદલ આપ સૌને "સંકલ્પ"ના ખૂબ ખૂબ અભિનંદન. જુલાઈ માસમાં "સંકલ્પ" દ્વારા નીચે મુજબ બે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. આપ સૌને ભાગ લેવા આમંત્રણ છે.

### HERITAGE WALK

ફેશન શો માં રેમ્પ પર વૉક કરવામાં આવે છે. પરંતુ આપણે જે વૉક કરવા જઈ રહ્યા છીએ તે તમારા, અમારા, આપણા સૌના માનીતા અમદાવાદ શહેરની ધરા રૂપી સ્ટેજ ઉપર વૉક કરી આપણા શહેરની અસલ ઓળખને ઓળખવાની છે, જાણવાની છે. અમદાવાદ શહેરની પોળો, તેમાં બંધાયેલી જાજરમાન, ઐતિહાસિક હવેલીઓ અને તેની અંદરની અદ્‌ભુત કોતરણીઓ વિવિધ રચનાઓને જોવાનો અને સમજવાનો પ્રયાસ આપણે સૌ આ વૉક દ્વારા કરીશું. તે પણ ફક્ત ૨૦-૩૦ રૂપિયાના નજીવા ખર્ચમાં.

કાર્યક્રમની વિગત નીચે મુજબ છે.

*તારીખ : તા. ૧૮-૭-૨૦૧૦, રવિવાર*
*સ્થળ : સ્વામિનારાયણ મંદિર, કાલુપુર.*
*સમય : સવારે ૭.૪૫ કલાકે.*

સ્થળ પર આપે નિયત સમય સુધીમાં ડાયરેક્ટ પહોંચવાનું રહેશે. આપ આ વૉક માટે પધારવાના છો તેની જાણ ફોન દ્વારા શ્રીમતી સ્મિતા વિશાલ શાહને કરવા વિનંતી.

*સ્મિતા વિશાલ શાહ : ફોન : ૦૭૯-૨૬૭૬૩૬૪૮*

### FANCY DRESS COMPETITION *and* MAGIC SHOW

*તારીખ : તા. ૨૫-૭-૨૦૧૦, રવિવાર*
*સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી.*
*સમય : બપોરે ૩ કલાકથી.*

ફેન્સી ડાન્સ માટેના એજ ગ્રૂપ નીચે મુજબ છે :

- ❑ વર્ષ ૦ થી ૮ : કાર્ટૂન, ફ્રૂટ, વેજિટેબલ
- ❑ વર્ષ ૯ થી ૧૮ : પબ્લિક હેલ્પર્સ, વેન્ડર્સ
- ❑ વર્ષ ૧૯ થી ૨૫ : સેલિબ્રિટી
  દા.ત. બચ્ચન, સચીન, રાજકીય હસ્તી, વૈજ્ઞાનિક વગેરે.
- ❑ વર્ષ ૨૬થી ઉપર : ટ્રેડિશનલ, રિલિજિયન વેર
  દા.ત. પંજાબી, ગુજરાતી....

*વ્યથા દૂર કરે તે કથા, બાકી બધો થાક.*

આ કોમ્પિટિશનમાં ભાગ લેવા ઈચ્છુક વ્યક્તિએ પોતાના નામ તા. ૨૦-૭-૨૦૧૦ સુધીમાં નીચેના કાર્યકરો પાસે લખાવવાના રહેશે.

*કેતન લોડાયા : ૨૫૪૩ ૩૮૧૩*
*સ્મિતા શાહ : ૨૬૭૬ ૩૬૪૮*
*અમિ શાહ : ૯૦૯૯૩ ૪૬૬૯૫*

કાર્યક્રમ સમયસર શરૂ થઈ શકે તે માટે આપ સર્વેને ૨.૪૫ કલાક સુધી પહોંચી જવા વિનંતી. ફેન્સી ડ્રેસનો કાર્યક્રમ પત્યા બાદ મેજિક શો રાખવામાં આવેલ છે, જેની નાના બાળકોએ ખાસ નોંધ લેવી. કાર્યક્રમ પત્યા બાદ અલ્પાહાર લઈ છૂટા પડીશું.

*સ્મિતા વિશાલ શાહ – મંત્રી, સંકલ્પ*

## રણછોડની ઘોર ખોદાય છે

ઈ.સ. ૧૮૮૪માં અમદાવાદમાં શેઠ રણછોડલાલે પાણી માટેની યોજના અમલમાં મૂકી. નળના પાઈપો માટે રસ્તા ખોદાવા માંડ્યા ત્યારે જૂના વિચારના લોકો વિરોધ કરીને કહેતા, 'આ તો રણછોડની ઘોર ખોદાય છે.'

ભારતમાં આઝાદી દાખલ થઈ ત્યારે આ જ પ્રકારના પ્રત્યાઘાત હતા. ત્યારબાદ રેડિયો, ઈલેક્ટ્રિસિટી, ટી.વી., મોબાઈલ વગેરે આવ્યા. એ સમયે પણ આજ પ્રકારના પ્રત્યાઘાતો ચાલુ રહેવા પામેલ. **દરેક કાળમાં જૂનવાણી લોકોનું અસ્તિત્વ રહે જ છે.**

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

### અષાઢી બીજ - કચ્છી નૂતન વર્ષ નિમિત્તે ફિલ્મ મહોત્સવનું આયોજન

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા દર વર્ષે કચ્છી નૂતન વર્ષ - અષાઢી બીજની ઉજવણીરૂપે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. આગામી અષાઢી બીજ નિમિત્તે એક ફિલ્મ મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે. આ ફિલ્મ મહોત્સવમાં મૂળ કચ્છ તેરાના વતની શ્રી વિનોદ ગણાત્રા નિર્મિત અને નિર્દેશિત કચ્છની ધીંગી ધરાના ધબકાર રજૂ કરતી આંતરરાષ્ટ્રીય એવોર્ડ વિજેતા બે ફિલ્મો પ્રદર્શિત કરવામાં આવશે.

શ્રી વિનોદભાઈ ગણાત્રા દ્વારા સૌપ્રથમ નિર્મિત ફિલ્મ "હેડાં-હુડાં"ને વર્લ્ડવાઈડ અનેક ફિલ્મ ફેસ્ટિવલ એવોર્ડ મળેલ. અગાઉ ૨૦૦૪માં કચ્છી સમાજ દ્વારા આ ફિલ્મનો ખાસ શો અમદાવાદમાં રાખવામાં આવેલ. ત્યારે બહોળી સંખ્યામાં કચ્છી પરિવારજનોએ તે માણી હતી અને ફરીથી તે રજૂ થાય તેવી લાગણી અવારનવાર રજૂ થતી હતી. શ્રી વિનોદભાઈ ગણાત્રાની બીજી ફિલ્મ "હારૂન-અરૂન" એક ગુજરાતી ફિલ્મ છે જે ભારત - પાકિસ્તાન બોર્ડર - કચ્છમાં ફિલ્માવવામાં આવેલ છે. આ ફિલ્મને ૨૬મા શીકાગો ઈન્ટરનેશનલ ચિલ્ડ્રન્સ ફેસ્ટિવલમાં સ્પેશિયલ જ્યુરી એવોર્ડ "LIV Ullman Peace Prize" મળેલ છે.

આગામી તા. ૧૧-૭-૨૦૧૦ના રોજ અમદાવાદના અપ્સરા થિયેટર (કાંકરિયા)માં ઉપરોક્ત બંને ફિલ્મોનો ખાસ શો કચ્છી પરિવારજનો માટે રાખવામાં આવેલ છે. કચ્છી નૂતન વર્ષની ઉજવણી નિમિત્તે યોજાનાર આ ફિલ્મ મહોત્સવ સર્વે કચ્છીજનોને કચ્છની ધીંગી ધરાની યાદ અપાવશે.

સર્વે કચ્છી પરિવારજનોને આ ફિલ્મ મહોત્સવનો લાભ લેવા સહર્ષ નિમંત્રણ છે.

**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા પ્રસ્તુત ફિલ્મ મહોત્સવમાં બે ફિલ્મો "હેડાં-હુડાં" તથા "હારૂન-અરૂન" રજૂ થશે.**

★ **સ્થળ : અપ્સરા થિયેટર, કાંકરિયા, અમદાવાદ.**

★ **તારીખ : રવિવાર, તા. ૧૧-૭-૨૦૧૦**

★ **સમય : સવારે ૯ થી ૧૨**

★ **પ્રવેશ પાસ મેળવવાનું સ્થળ :**
**શ્રી કચ્છી સમાજ – અમદાવાદ કાર્યાલય**
**૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમ સામે, એલિસબ્રિજ,**
**અમદાવાદ-૩૮૦ ૦૦૬. ફોન : ૨૬૫૭૬૧૮૪**
**(સમય : બપોરે ૧૨.૦૦થી સાંજે ૫.૦૦)**

## રસ્તાની સાઈડમાં વૃક્ષો

રસ્તાઓની આજુબાજુ ધારેધાર વૃક્ષો રોપાવવાની શરૂઆત હિંદમાં બાદશાહ શહેનશાહે કરી. એ માટે શાહી ફરમાન જાહેર કર્યું હતું.

આજે પણ આ પ્રકારની પ્રથા લોકો માટે આશીર્વાદરૂપ છે.

*અકળાય તે બધાં નબળા છે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ

## મે / જૂન - ૨૦૧૦

● **રવિવાર, તા. ૨૩-૫-૨૦૧૦**

✰ આજરોજ સાંજે ૫.૦૦ કલાકે બંધારણ સમિતિની એક બેઠક મળેલ. જેમાં બંધારણમાં જરૂરી સુધારા વધારાની ચર્ચા કરવામાં આવેલ. આ બેઠકમાં શ્રી મગનલાલભાઈ સંઘવી, શ્રી આણંદજીભાઈ વીરા તથા શ્રી પોપટલાલ ધરોડ હાજર રહેલ હતા.

● **શુક્રવાર, તા. ૨૮-૫-૨૦૧૦**

✰ આજે શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી કે.ડી. શાહ, શ્રી હસમુખભાઈ ખાંડવાલા, શ્રી હીરજી પાસુ શાહ તથા શ્રી રજનીભાઈ પારેખે શ્રી કચ્છી જૈન ભવન પર સાથે બેસીને ચર્ચા કરેલ હતી અને મુંબઈના અતિથિ ભવન અંગે શ્રી શરદભાઈ દંડ આપણને જે સહકાર આપી રહેલ છે તે બાબતે વિગતે ચર્ચા કરેલ હતી. સહુ ઉપસ્થિતને વિગતે માહિતગાર કરવામાં આવેલ હતા. શ્રી શરદભાઈ દંડે માંગ્યા મુજબના બે પત્રો (૧) એસ.આર.એ. ઉપર તથા (૨) મહારાષ્ટ્રના ચીફ મિનિસ્ટર પર લખીને મોકલી આપવાનું નક્કી કરેલ હતું.

✰ મંગલ મંદિરનો જુલાઈ-૨૦૧૦નો અંક "અષાઢી બીજ વિશેષાંક" તરીકે બહાર પાડવાનો હોવાથી તે અંગે કેટલાક વિદ્વાન લેખકોને, તેઓના લેખો મોકલી આપવા આમંત્રિત કરતા પત્રો લખીને મોકલી આપવામાં આવેલ હતા.

✰ મંગલ મંદિર, વર્ષ ૨૦૦૯-૨૦૧૦ના "શ્રેષ્ઠ લેખ"ના લેખકશ્રીઓને તથા શ્રેષ્ઠ "આંજો કાગર" મોકલનારને અભિનંદન આપતા પત્રો લખીને મોકલી આપવામાં આવેલ હતા.

● **શનિવાર, તા. ૨૯-૫-૨૦૧૦**

✰ શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી નવીનભાઈ હરિયા, શ્રી હસમુખભાઈ ખાંડવાલા, શ્રી શાંતિલાલ મૂળજી સાવલા, શ્રી નરેન્દ્ર છગનલાલ શાહ તથા શ્રી કે.આર. શાહ આજે ભદ્રેશ્વર ગયેલ હતા અને શ્રી નરેન્દ્રભાઈ છ. શાહે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને ડોનેશનમાં આપેલ અંદાજિત ૭ એકર જમીન પ્રત્યક્ષ નિહાળી, તેની ભાવિ કાર્યવાહી અંગે ચર્ચા-વિચારણા કરેલ હતી. સાથે સાથે તેઓએ ભદ્રેશ્વર દેરાસરના પ્રતિષ્ઠા મહોત્સવના સ્થળની પણ મુલાકાત લીધેલ હતી કે જ્યાં તેઓ શ્રી રવિલાલ ઠાકરશી સંગોઈ, શ્રી પ્રવીણચંદ્ર સાકરચંદ શાહ, શ્રી પદમશીભાઈ લાલકા, શ્રી સુબોધભાઈ શાહ, શ્રી ચંદ્રકાંત દામજી શાહ (ગઢશીશા - ઘાટકોપર), શ્રી રસિકભાઈ નાનજી શાહ, શ્રી દીપકભાઈ ભેદા વગેરેને મળેલ હતા. મુંબઈ સ્થિત શ્રી બંસીલાલ મગનલાલ ગડા (નાના ભાડિયા) સાથે રહેલ હતા. તેઓ સાથે આચાર્ય મહારાજ સાહેબના દર્શન કરેલ હતા. તાજેતરમાં જ્યાં પ્રતિષ્ઠા કરવામાં આવી, તે ડોણના કાચના નયનરમ્ય દેરાસરની પણ તેઓએ મુલાકાત લીધેલ હતી.

● **રવિવાર, તા. ૩૦-૫-૨૦૧૦**

✰ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર "કચ્છ આર્ટ ગેલેરી" સ્થાપવાના આયોજનના અનુસંધાને આજે ભુજમાં શ્રી પ્રમોદ જેઠીની સાથે રહી "આઈના મહેલ"ની તથા શ્રી સતીષ સદાશિવનની સાથે રહી "કચ્છ મ્યુઝિયમ"ની પણ મુલાકાત લઈ કેટલીક જરૂરી ચર્ચાઓ ઉપરોક્ત ટીમે કરેલ હતી. ભુજમાં શ્રી વીરેન શાહ સાથે રહેલ હતા. ત્યારબાદ આ ટીમ ભુજથી રવાના થઈ અમદાવાદ પરત આવેલ હતી.

● **ગુરુવાર, તા. ૩-૬-૨૦૧૦**

✰ આજરોજ બપોરના ૪.૦૦ કલાકે એકાઉન્ટ સમિતિની એક બેઠક મળેલ. જેમાં ત્રણે ભવનના વર્ષ ૨૦૦૯-૧૦ના વાર્ષિક હિસાબ અંગેના ઓડિટ રિપોર્ટ બાબત ચર્ચા વિચારણા કરવામાં આવેલ. આ મિટિંગમાં શ્રી કે.ડી. શાહ, શ્રી મગનલાલ સંઘવી, શ્રી હસમુખભાઈ ખાંડવાલા હાજર રહેલ હતા.

● **શુક્રવાર, તા. ૪-૬-૨૦૧૦**

✰ શ્રી કચ્છી જૈન ભવન પર આજરોજ રાત્રે ૯ વાગે મેડિકલ સમિતિની એક મિટિંગ મળેલ હતી કે જ્યારે શ્રી કાંતિલાલ વેલજી સાવલા, શ્રી અશ્વિનભાઈ સાવલા, ડૉ. હિતેન્દ્ર શાહ, શ્રી કે.આર. શાહ, શ્રી લક્ષ્મીચંદભાઈ વીરા, શ્રી નરેન્દ્રભાઈ ખોના, શ્રી દક્ષાબહેન રામાવત તથા ડૉ. દેવલ શાહ ઉપસ્થિત રહેલ હતા. ડાયાબિટીસ તથા હાઈ બ્લડ પ્રેશરવાળી વ્યક્તિઓને દર ત્રણ મહિને જે સર્ટિફિકેટ આપવામાં આવે છે તેના ચાર્જ બાબત તથા ફિઝિયોથેરાપી વિભાગની કેટલીક કસરતોના ચાર્જ વધારવા નિર્ણયો લેવામાં આવેલ હતા. અન્ય અનેક રુટીન બાબતોએ પણ જરૂરી નિર્ણયો લેવામાં આવેલ હતા.

● **શનિવાર, તા. ૫-૬-૨૦૧૦**

✰ શ્રી આણંદજી કલ્યાણજી ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી અશોકભાઈ ગાંધી સાથે શ્રી અશોકભાઈ મહેતાએ ફોન દ્વારા જણાવેલ હતું કે તા. ૧૪-૬-૨૦૧૦થી અમદાવાદમાં શાળાઓનું નવું સત્ર ચાલુ થતું હોવાથી અમે એ અગાઉ આવાસ યોજનાના લાભાર્થીઓને આવાસ યોજનાના જે તે ફ્લેટમાં રહેવા પરમિશન આપવા માંગીએ છીએ. જો કે હજુ મ્યુનિસિપાલિટીમાં રિવાઈઝ્ડ પ્લાન રજૂ કરવાની વિધિ ચાલુ છે. ત્યારબાદ બી.યુ. પરમિશન આપવાની બાકી રહે છે અને ચેરિટી કમિશનરશ્રીની જરૂરી પરવાનગી પણ બાકી રહે છે કે જેના જરૂરી પત્રો પેઢીએ પૂરા પાડવાના રહે છે.

*'એડજસ્ટ' એટલે નરમ થઈને ચાલ્યો જા, નિવેડો લાવ.*

- **ગુરુવાર, તા. ૧૦-૬-૨૦૧૦**

☆ આજરોજ બપોરના ચાર કલાકે ફરીથી એકાઉન્ટ સમિતિની એક બેઠક મળેલ. જેમાં વર્ષ ૨૦૦૯-૧૦ના ત્રણે ભવનના ઑડિટ થયેલા હિસાબો ટ્રસ્ટ બોર્ડ સમક્ષ રજૂ કરવા અંગે નિર્ણય લઈ જરૂરી ચર્ચા કરવામાં આવેલ. જેમાં શ્રી કે.ડી. શાહ, શ્રી રમણિકલાલ ગોસર, શ્રી હસમુખભાઈ ખાંડવાલા, શ્રી મગનભાઈ સંઘવી હાજર રહેલ હતા.

- **શુક્રવાર, તા. ૧૧-૬-૨૦૧૦**

☆ આજરોજ સવારના ૧૧.૦૦ કલાકે સમાજના ત્રણે ભવન તથા આવાસ યોજનાના ફ્લેટો માટે વીમાકરણ કરવા અંગે ધી ન્યુ ઇન્ડિયા ઈન્સ્યુરન્સ કં.લિ.ના નૃપેનભાઈ સાથે જરૂરી ચર્ચા વિચારણા કરી, તે બાબતે માર્ગદર્શન મેળવેલ હતું. જેમાં શ્રી કે.ડી. શાહ, શ્રી રમણિકભાઈ ગોસર તથા મેનેજર શ્રી પરાસરભાઈ વ્યાસ હાજર રહેલ હતા.

☆ 'સંકલ્પ'ના વર્ષ ૨૦૦૯-૨૦૧૦ના બાકી રહેતા હિસાબો અને તેના વાઉચર્સ માટે જરૂરી ચર્ચા કરવા આજરોજ શ્રી કેતન લોડાયા, શ્રી રાજેશ ધરમશી, શ્રી નવીનભાઈ લાલકા તથા શ્રી વિશાલ શાહ શ્રી કચ્છી જૈન ભવન પર આવેલ હતા અને શ્રી અશોક મહેતા તથા શ્રી કે.ડી. શાહ સાથે કેટલીક જરૂરી ચર્ચાઓ કરેલ હતી.

- **શનિવાર, તા. ૧૨-૬-૨૦૧૦**

☆ આવાસ યોજનાના જે લાભાર્થીઓએ નક્કી કર્યા મુજબના પોતાના ફાળે આવતા પૈસા ભરી દીધેલ છે તેવા ૧૫ લાભાર્થીઓને આજે તેઓના ફ્લેટની ચાવી સુપરત કરી દેવામાં આવેલ હતી. જેમને ફ્લેટ માત્ર રહેવાના ધોરણે ફાળવવામાં આવેલ છે તેમાંના બેમાંથી એક લાભાર્થીને પણ તેમના ફ્લેટની ચાવી સુપરત કરી દેવામાં આવેલ હતી. આ સમયે શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી નવીનભાઈ પોલડિયા, શ્રી કે.ડી. શાહ, શ્રી હીરજી પાસુ શાહ, શ્રી મણિલાલ કુંવરજી ગોસર તથા શ્રી કે.આર. શાહ ઉપસ્થિત રહેલ હતા. ઉપરોક્ત લાભાર્થીઓ હવે પછી તેઓના અનુકૂળ સમયે આવાસ યોજનાના પોતાને ફાળવવામાં આવેલ ફ્લેટમાં રહેવા જઈ શકશે.

- **રવિવાર, તા. ૧૩-૬-૨૦૧૦**

☆ આજરોજ ટ્રસ્ટમંડળની એક મિટિંગ શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી કે જ્યારે લગભગ ૧૭ ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહેલ હતા. આ મિટિંગમાં વર્ષ ૨૦૦૯-૨૦૧૦ના ઓડિટેડ રિપોર્ટ મંજૂર કરવામાં આવેલ હતા. વાર્ષિક સામાન્ય સભા તા. ૨૨-૮-૧૦ના મળે તેવું નક્કી કરવામાં આવેલ હતું. બંધારણની કલમ-૪(ગ)૧૪નો સુધારો મંજૂર કરવામાં આવેલ હતો. ભદ્રેશ્વર પ્રોજેક્ટ તથા સમાજવાડી પ્રોજેક્ટ અંગે જરૂરી ચર્ચા કરી યોગ્ય નિર્ણયો લેવામાં આવેલ હતા. તે સાથે શ્રી શશીકાંતભાઈ ઠક્કરના આવેલ પત્ર બાબતે ચર્ચા કરી જરૂરી નિર્ણયો લેવામાં આવેલ હતા.

☆ ટ્રસ્ટ મંડળની મિટિંગ અગાઉ આવાસ યોજનાના બાકી રહેતા ૪ લાભાર્થીને ફ્લેટ્સ ફાળવવા બાબતે હાજર રહેલ ટ્રસ્ટીશ્રીઓ તથા બાકી રહેતા આ ચાર ફ્લેટ્સના લાભાર્થીઓની ઉપસ્થિતિમાં ડ્રો પદ્ધતિ દ્વારા ચારે-ચાર લાભાર્થીને ફ્લેટ્સ ફાળવાયેલ હતા અને એ બાબતે જરૂરી નોંધ કરી લેવામાં આવેલ હતી.

☆ આવાસ યોજનાના ૫ લાભાર્થીઓએ આજે ફ્લેટ્સનો કબજો લઈ પોતાનો સામાન મૂકી ત્યાં રહેવાનું શરૂ કરેલ હતું.

- **ગુરુવાર, તા. ૧૭-૬-૨૦૧૦**

☆ આજે રાત્રે ૯.૦૦ વાગે મેડિકલ સમિતિની એક મિટિંગ શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી કે જેમાં ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી અશ્વિનભાઈ સાવલા, ડૉ. હિતેન્દ્ર શાહ, શ્રી નરેન્દ્રભાઈ ખોના, શ્રી લક્ષ્મીચંદભાઈ વીરા, ડૉ. દેવિન્દ્રાબહેન શાહ તથા શ્રીમતી દક્ષાબહેન રામાવત ઉપસ્થિત રહેલ હતા. આ મિટિંગમાં શ્રી કચ્છી જૈન ભવન પર "ક્લિનિકલ રિસર્ચ સેન્ટર" સ્થાપવા અંગે ચર્ચા કરવામાં આવેલ હતી. તે અંગે પ્રથમ ડૉ. ધીરેન શાહ અને ત્યારબાદ ડૉ. દેવલ શાહ સાથે ચર્ચા કરવાનું નક્કી કરવામાં આવેલ હતું. અન્ય જરૂરી એડમિનિસ્ટ્રેટિવ નિર્ણયો પણ લેવામાં આવેલ હતા.

- **શુક્રવાર, તા. ૧૮-૬-૨૦૧૦**

☆ આજે સવારના ૧૧.૦૦ વાગે શ્રી ભદ્રેશ્વર પ્રોજેક્ટ સમિતિની એક મિટિંગ શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી કે જેમાં શ્રી અશોક મહેતા, શ્રી નરેન્દ્ર છ. શાહ, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી હસમુખભાઈ ખાંડવાલા તથા શ્રી કે.આર. શાહ ઉપસ્થિત રહેલ હતા. આ મિટિંગમાં નીચે મુજબના નિર્ણયો લેવામાં આવેલ હતા. (૧) સિટી સિવિલ વિભાગ દ્વારા જમીનનું સર્વે કરાવી, ચારે દિશાના ખૂંટ લગાવવા. (૨) જમીન એન.એ. કરાવવા અંગે ઘંટાકર્ણ મહાવીરનું મંદિર, ઑલ્ડ ઍજ રેસીડન્સી તથા શૈક્ષણિક સંકુલની વિગત આર્કિટેક્ટને આપી તેના પ્લાન તૈયાર કરાવવા. (૩) ત્રણ તરફ વાયર ફેન્સિંગ તથા આગળના ભાગે ૨ ફૂટ ઊંચાઈની દીવાલ બનાવવાના ક્વોટેશન્સ મેળવવા. ઉપરોક્ત કાર્યોની જવાબદારી સમિતિના કન્વીનર શ્રી નરેન્દ્ર છ. શાહને સુપરત કરવામાં આવેલ હતી. ઉપરોક્ત વિગત તૈયાર થયે ફરી મળવાનું નક્કી કરવામાં આવેલ હતું.

- **રવિવાર, તા. ૨૦-૬-૨૦૧૦**

☆ આજરોજ સવારમાં શ્રી કચ્છી જૈન ભવન પર શ્રી કાંતિલાલ વેલજી સાવલા, શ્રી અશ્વિન સાવલા, ડૉ. ધીરેન શાહ, ડૉ. હિતુભાઈ શાહ વગેરે મળેલ હતા અને 'ક્લિનિકલ રિસર્ચ સેન્ટર" સ્થાપવા અંગે જરૂરી ચર્ચા વિચારણા કરેલ હતી. ચર્ચાના અંતે આ બાબતે આગળ વધવાનો નિર્ણય લેવામાં આવેલ હતો. હાર્ટ ચેક-અપ તથા અન્ય વિષયે પણ જરૂરી ચર્ચાઓ કરવામાં આવેલ હતી.

- **મંગળવાર, તા. ૨૨-૬-૨૦૧૦**

☆ રવિવાર, તા. ૨૭-૬-૨૦૧૦ના યોજવામાં આવેલ વિવિધ હરીફાઈઓના

*આજના ઉપરથી ભવિષ્યનો હિસાબ કદી જ ના કાઢશો.*

કાર્યો અંગેનું આયોજન કરવા આજે રાત્રે ૯.૦૦ વાગે યુવા વિકાસ સમિતિના શ્રી નવીન લાલકા, શ્રી વિશાલ શાહ, શ્રી હીરેન શાહ તથા શ્રી વિમેશ શાહ શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતા અને વિગતવાર આયોજનો, ચર્ચા-વિચારણા કરી, નક્કી કરેલ હતા.

- **બુધવાર, તા. ૨૩-૬-૨૦૧૦**

☆ શ્રી કચ્છી જૈન ભવન પરના મેડિકલ સેન્ટરમાં 'ક્લિનિકલ રિસર્ચ સેન્ટર' સ્થાપવા અંગે ડૉ. દેવલ શાહના ક્લિનિક પર આજે ડૉ. દેવલ શાહ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી અશ્વિન સાવલા તથા ડૉ. હિતુભાઈ મળેલ હતા અને કેટલાક અગત્યના મુદ્દાઓ વિશે ચર્ચા-વિચારણા કરેલ હતી.

- **ગુરુવાર, તા. ૨૪-૬-૨૦૧૦**

☆ અમદાવાદમાં સ્થાપવામાં આવનાર ગર્લ્સ હોસ્ટેલ અંગેની જમીન કે તૈયાર મકાન જોવા, આજરોજ શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી હીરજી પાસુ શાહ, શ્રી મણિલાલભાઈ ગોસર તથા શ્રી રજનીભાઈ પારેખે વી. એસ. હોસ્પિટલની સામેની એક બંધ હોટલ તથા મહાલક્ષ્મી પાંચ રસ્તા પરનો એક બંગલાનો પ્લોટ નિહાળેલ હોત. બંધ હોટેલના જરૂરી પેપર્સ મંગાવવામાં આવેલ છે. ■

## ઊડતી નજરે....

*મે-૨૦૧૦ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ*

| ક્રમ | | પ્રવૃત્તિ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા<br>શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ. | |
| | (અ) | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ..........<br>કે જેમાંથી | **૭,૪૧૪** |
| | (બ) | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ .......... **૩૯૯** | |
| | (ક) | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો .......... **૮૯** | |
| | (ખ) | મોતિયા - આંખના ઓપરેશન .......... **૭** | |
| | (ગ) | સોનોગ્રાફી .......... **૫૧૨** | |
| | (ઘ) | ટી.એમ.ટી. .......... **૧૬** | |
| | (ચ) | બોડી ચેક-અપ .......... **૨૧૧** | |
| | (છ) | અન્ય .......... **૬,૧૮૦** | |
| ૨. | | જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ..........<br>રૂમોનો ઓક્યુપન્સી રેશિયો .......... **૭૪.૧૪%** | **૧,૮૭૧** |
| ૩. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન,<br>પાલડી, અમદાવાદ | |
| | (અ) | કુલ લાભ લેનાર વ્યક્તિઓ .......... | **૯૯૪** |
| | (બ) | રૂમોનો ઓક્યુપન્સી રેશિયો .......... **૮૫.૬૮%** | |
| ૪. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન,<br>ગીતા મંદિર, અમદાવાદ | |
| | (અ) | કુલ લાભ લેનાર વ્યક્તિઓ .......... | **૫૬૦** |
| | (બ) | રૂમોનો ઓક્યુપન્સી રેશિયો .......... **૪૭.૧૧%** | |
| ૫. | | મે-૨૦૧૦ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ .......... | **૧૦,૮૩૯** |

*કોઈ ટીકા કરે તે સહન કરશો તો જ્ઞાન વધશે.*